
# શુદ્ધાત્મ-સ્વરૂપ-ચિંતન





-: સંપાદક :-

**જિતુભાઈ નાગરદાસ મોદી, સોનગઢ**

(સંપાદક—ગુજરાતી આત્મધર્મ)



: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
**પાર્લા-મુંબઈ**

सर्वज्ञ वीतरागाय नमः।

સુગમ-દૃષ્ટાંત—ગહન-સિદ્ધાંત

વડે

# શુદ્ધાત્મ-સ્વરૂપ-ચિંતન


-: સંપાદક :-

**જિતુભાઈ નાગરદાસ મોદી, સોનગઢ**

(સંપાદક—ગુજરાતી આત્મધર્મ)



-: પ્રકાશક :-

**શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**

**પાર્લા-મુંબઈ**

(2)

ચોથી આવૃત્તિ

વિક્રમ સંવત ૨૦૭૨ વીર સંવત ૨૫૪૨ ઈ.સ. ૨૦૧૫

: પ્રકાશન તિથિ :
સ્વ. શ્રી નાગરદાસ બી. મોદીની આઠમી પુણ્યતિથિ
તા.૨૮–૧૨–૨૦૧૫


## : પ્રાપ્તિસ્થાન :

**(૧) શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
૩૦૨, કૃષ્ણકુંજ,
વી.એલ. મહેતા માર્ગ,
**વિલે-પાર્લે (વેસ્ટ)**
**મુંબઈ-૪૦૦૦૫૬**
**ફોન નં. : ૦૨૨-૨૬૧૩૦૮૨૦**
**૦૨૨-૨૬૧૦૪૯૧૨**

**(૨) ચિંતન જિતુભાઈ મોદી**
ક્રમબદ્ધ નિવાસ,
૪૫, કહાનનગર સોસાયટી
**સોનગઢ-૩૬૪૨૫૦(સૌરાષ્ટ્ર)**
**જિ. ભાવનગર**
**M : ૦૯૯૨૫૮૬૨૫૬૮**
**M : ૦૯૭૨૨૮૩૩૧૪૩**

## મૂલ્ય : સ્વાધ્યાય

**મુદ્રક :**
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**મો. ૦૯૮૨૪૯ ૪૪૪૦૧**



પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય
સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અર્પણ

વર્તમાનયુગના મહા સમર્થ અનેક ભાવલિંગી આચાર્ય-સંતોના પરમ પૂજ્ય ગુરુવર ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ભગવાન શ્રી સીમંધરસ્વામીના સમવસરણમાં જઈને દિવ્યધ્વનિનું સાક્ષાત્ શ્રવણ-પાન કરીને ભવ્યોના ઉદ્ધાર-અર્થે ગ્રંથાધિરાજ શ્રી સમયસાર આદિ પરમ અધ્યાત્મના ગ્રંથોની રચના કરીને ભવ્યો પર મહાન મહાન ઉપકાર કર્યો છે; તેવી રીતે ભગવાન શ્રી સીમંધરસ્વામીની દિવ્યધ્વનિનું સાક્ષાત્ શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા કલ્યાણમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ, ભવ્યોની યોગ્યતાથી આકર્ષાઈને ભરતક્ષેત્રે પધારીને, સમયસાર-સ્વાધ્યાય-યુગના સર્જન વડે ભવ્યોને ભવસમુદ્રનો કિનારો બતાવીને મહાન મહાન ઉપકાર કર્યો છે. મારા જીવનની શરૂઆતથી લઈને ૩૩ વર્ષો સુધી આપશ્રીની વાત્સલ્યતાભરી છત્રછાયામાં પ્રાપ્ત અગણિત કૃપાની નિરંતર સ્મૃતિ અર્થે તેમ જ આપશ્રીની કૃપાપૂર્ણ મંગલ ઉપસ્થિતિમાં આપશ્રી પ્રતિ અર્પણતામાં જે કાંઈ અધૂરાશ રહેવા પામી તેની તથા આપશ્રીનો સર્વાંગીય લાભ લેવામાં જે કાંઈ ક્ષતિ રહેવા પામી તેની ક્ષમાપના અર્થે, આ **'સુગમ દૃષ્ટાંત, ગહન સિદ્ધાંત વડે શુદ્ધાત્મ-સ્વરૂપ-ચિંતન'** આપશ્રીના કરકમળમાં અર્પણ કરતાં અત્યંત પ્રમોદ અનુભવું છું.

—સંપાદક

# અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
# (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ ક્હાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે.

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે—તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો !

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય—'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'—ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે– 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮મા મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગલકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા – 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે—'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહા વીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧મા ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫મા વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬મા વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭મા દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ—ઐસા હમે લગતા હૈ'—અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩) થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે....! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩મા બંધાયેલ ‘ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ’ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે ‘આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.’

વિ.સં. ૨૦૦૩મા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, ‘ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ’નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે “....ભગવાન કુંદકુંદની વાણી સમજીને મહારાજશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે.....”

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતા તેમણે લખેલ કે કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં. એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના આવાસ માટે ‘શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ’નું વિ.સં. ૨૦૦૮મા નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦મા સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)મા—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)મા—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુઝે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં. બંસીધરજી (ઇન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '.....આપકી વાણીમેં તીર્થંકરોંકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ. જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામાં આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં—વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઇત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપરીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો

મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં CD યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહના પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ—રાજધાની દિલ્હીમાં—વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા/છે. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગ્રતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડૉ. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ટોડરમલ સ્મારક ભવનનું ઈ.સ. ૧૯૬૭મા નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. નવા પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવીરસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩મા ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે—પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો ! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ ઓહોહો....! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી ! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા

કરેલી કે તમો આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગરનિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય—ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા જ દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઇત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઇત્યાદિ ક્ષેત્રોમાં—સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતા ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને

સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યાં સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં—એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસ્રષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧મા વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય

ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ.....શરમ..... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ.....ભૂલી જાઓ.... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન–સત્‌સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતાં કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા ! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો !!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યૂઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી–નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારેય બે ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાના માટે બનેલો આહાર–ઉદ્દિષ્ટ ભોજન–પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય ? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો

માગણ—વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫મા રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે ?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય—ચાહે તે પોતાનો શિષ્ય ભલે હોય તોપણ—તેની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટિની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વપ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું હતું. "સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે"—એ "ક્રમબદ્ધપર્યાય"ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ "ક્રમબદ્ધપર્યાય" શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

"તું પરમાત્મા છો—એમ નક્કી કર ! તું પરમાત્મા છો—એમ નક્કી કર !"—એવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો !

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનાર સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો !

હે જ્ઞાનપોષક સુમેઘ તને નમું હું,<br>
આ દાસના જીવનશિલ્પી તને નમું હું.

—સંપાદક : ગુજરાતી આત્મધર્મ

# સંપાદકીય

તીર્થંકરદેવનો જન્મ જગતના કલ્યાણ માટે થતો હોય છે, તેમ અનંત અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ, આ નિકૃષ્ટકાળે અહીં જન્મેલા અને ભવિષ્યમાં અહીં જન્મ લેનારા અલ્પસંસારી ભવ્ય જીવોને ભવસમુદ્રમાંથી ઉગારવા માટે થયો હતો. છેલ્લા સેંકડો વર્ષોનો જૈન ઈતિહાસ કહે છે કે ભવ્ય જીવોના તારણહાર એવા મહાન સંતો જે કોઈ થયા હોય, કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી પણ તેમાંના એક છે.

પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ સીમંધરસ્વામીની દિવ્યધ્વનિનું વર્ષો સુધી પ્રત્યક્ષ શ્રવણ કરીને, તેમ જ તેમના સમવસરણમાં પધારેલાં શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવના પ્રત્યક્ષ દર્શન કરીને, સ્વયં અહીં ભરતમાં પધારીને, ૪૫-૪૫ વર્ષો સુધી અધ્યાત્મની ગંગા વહેવડાવી તેમાં અનેક આચાર્ય-સંતોના શાસ્ત્રો દ્વારા દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મના ગહન રહસ્યોનો મર્મ પ્રકાશ્યો હતો. તેઓશ્રી અનેક શાસ્ત્રો ઉપર જીવનભર પ્રવચનો આપતાં રહેલાં તેમાં પ્રધાનપણે શ્રી કુંદકુંદસ્વામીના અધ્યાત્મ-ગ્રંથોમાં પણ ગ્રંથાધિરાજ શ્રી સમયસાર ઉપર સર્વાધિક પ્રવચનો કર્યા હતા. તેઓએ અંગત રીતે તો શ્રી સમયસારનું શતાધિક વખત વિશેષ અધ્યયન કરેલું પરંતુ જાહેરમાં શ્રોતાગણ સમક્ષ ૧૯ વાર (એટલે કે ૩૮ વર્ષ) આ મહાન ગ્રંથ ઉપર પ્રવચનો આપ્યા હતા. તેઓશ્રીના હાથમાં પ્રથમવાર જ્યારે આ ગ્રંથ આવ્યો ત્યારે તેના અધ્યયનથી અંતરમાં એવી સ્ફુરણા થયેલી કે 'આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'

પૂજ્ય ગુરુદેવશ્રીએ ગ્રંથાધિરાજ શ્રી સમયસારના અધ્યાત્મના ઊંડા ભાવો જાણે કે આચાર્ય કુંદકુંદસ્વામી અને આચાર્ય અમૃતચંદ્રસ્વામીના હાર્દનો તાગ લઈને ખોલ્યા હોય એટલી છણાવટ કરી છે. જૈન જગતનો ઈતિહાસ કહે છે કે જો પૂજ્ય ગુરુદેવશ્રીએ અહીં જન્મ ન લીધો હોત તો આ ગ્રંથાધિરાજ માત્ર દર્શનરૂપ જ રહેવા પામ્યું હોત; એટલે જ આજે તેઓની અનુપસ્થિતિમાં પણ શ્રી સમયસાર શાસ્ત્રનું નામ પણ જૈનો યાદ કરે છે ત્યાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્મરણ થયા વિના રહેતું નથી. પૂજ્ય કાનજીસ્વામી અને શ્રી સમયસાર જાણે કે એક સિક્કાની બે બાજુ હોય તેવું થઈ ગયું છે. જેઓ મહાભાગ્યશાળી હતા એવા શ્રોતાઓને તો તેઓશ્રીની અધ્યાત્મસભર દેશના સાક્ષાત્ મળી તે જીવનનો એક લહાવો હતો; તેમાં પણ જ્યારે તેઓશ્રી આ ગ્રંથાધિરાજના અધ્યાત્મના રહસ્યો ખોલતાં તે વખતની તેમની અધ્યાત્મમસ્તીનું શ્રવણપાન પામનારા મુમુક્ષુઓ પોતાને ધન્ય અનુભવતાં હતા.

આજે તેઓની અનુપસ્થિતિમાં પણ અધ્યાત્મનો સૂર્ય જૈન-ગગનમંડળમાં મધ્યાન્હે તપી રહ્યો

છે તેનું કારણ છે તેમની શ્રી સમયસાર આધારિત અધ્યાત્મ-પ્રરૂપણા. તેથી જ કોઈ કવિએ કહ્યું છે કે **'ગુરુ કહાન જો ન હોતે તો ક્યા હોતા? અધ્યાત્મકા સૂર્ય અસ્ત હો ગયા હોતા.'** જોકે જેમને તેઓશ્રીના સાક્ષાત્ દર્શન-શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું નથી તેમને શ્રી શાંતિલાલ રતિલાલ શાહ--પરિવારે તૈયાર કરાવેલ પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૨૦૦ કલાકના રેકોર્ડેડ પ્રવચનોની **CD/DVD** વડે પોતાની તત્ત્વપિપાસા છીપાવવી સુલભ બની છે; તોપણ નવા નવા જિજ્ઞાસુ જીવો આ અધ્યાત્મરસગંભીર ગ્રંથાધિરાજમાં ભરેલાં અધ્યાત્મના સૂક્ષ્મ ભાવો સ્વતંત્ર સ્વાધ્યાય વડે સમજવા માગે તો ટેક્સબુકની સાથે જેમ ગાઈડબુક હોય તેમ તેવું કાંઈક હોય તો નવા જિજ્ઞાસુઓને સમજવામાં સરળતા બની રહે ને પરિણામે તત્ત્વરસિકતા વૃદ્ધિગત્ થવા પામે.

મારા એક મિત્ર શ્રી નેમિષભાઈને ઉપર મુજબ ભાવના રહ્યા કરવાથી તે મને વારંવાર કહેતા કે શ્રી સમયસારમાં મોટાભાગની ગાથાઓમાં–ટીકાઓમાં ને કળશોમાં આચાર્યદેવે સરળ દૃષ્ટાંતો આપીને ગહન સિદ્ધાંતો સમજાવ્યા છે; માટે તમે જો એ બધા દૃષ્ટાંતોને તથા તેના સિદ્ધાંતોને શાસ્ત્રભાષા ઉપરાંત આપણી ભાષામાં લખીને, તે તે ગાથામાં આચાર્યદેવના તાત્પર્ય વિશે પૂજ્ય ગુરુદેવશ્રી તેમાં વિશેષ શું કહેવા માગે છે તેનું લખાણ તૈયાર કરો તો મારા જેવા મારા અનેક મિત્રોને–પરિવારના સભ્યોને બહુ ઉપયોગી થઈ પડે. તેમની આ ભાવનાના કારણે 'સુગમ દૃષ્ટાંત–ગહન સિદ્ધાંત વડે શુદ્ધાત્મ-સ્વરૂપ-ચિંતન'નું કાર્ય સંપન્ન થવા પામ્યું.

સમયસાર-સ્વાધ્યાય–યુગ-સર્જક પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રતાપે ગ્રંથાધિરાજ શ્રી સમયસાર આદિ અધ્યાત્મગ્રંથોના નિયમિત સ્વાધ્યાય કરનારા જિજ્ઞાસુને પૂજ્ય ગુરુદેવશ્રીના સેંકડો શાસ્ત્રોના મંથનના નિચોડરૂપ ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતમાં પુરુષાર્થનો કોયડો ખડો ન થાય તે માટે પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલો ક્રમબદ્ધપર્યાયનો મહા સિદ્ધાંત અકર્તૃત્વરૂપ સમ્યક્ પુરુષાર્થનો દ્યોતક છે ને કર્તૃત્વરૂપ મિથ્યા પુરુષાર્થનો ઘાતક છે અર્થાત્ ક્રમબદ્ધના સિદ્ધાંતમાં પુરુષાર્થ છૂટી જતો નથી બલ્કે સહજ પુરુષાર્થ ઊપડે છે ને કાર્યસિદ્ધ થઈ જાય છે–એ વાત સમજાવવા ખૂબ ખૂબ કરુણા કરી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના દીક્ષાકાળ દરમ્યાન જોયું કે દરેક જૈન સંપ્રદાયમાં 'સર્વજ્ઞએ દીઠું છે તેમ થશે; આપણે શું કરી શકીએ'–એવું પુરુષાર્થહીનતાનું સામ્રાજ્ય વ્યાપેલું હતું, તેથી તેની સામે તેઓશ્રીએ સિંહગર્જના કરી કે પુરુષાર્થ કરવો એ જીવનો સ્વતંત્ર અધિકાર છે. જે જીવ પુરુષાર્થ કરે છે તેના ભવ સર્વજ્ઞએ દીઠા જ નથી. એ રીતે વર્ષો સુધી પુરુષાર્થવાદની પ્રરૂપણા વડે પુરુષાર્થહીનતા, શુષ્કતા ને સ્વચ્છંદતાને ઊખેડી નાખીને ફરીથી તેઓશ્રીએ ક્રમબદ્ધપર્યાયનો સિંહનાદ ફૂંક્યો.

જિજ્ઞાસુ ભૂમિકામાં પુરુષાર્થની પ્રબળ ભાવના હોવાથી, ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતની ગહન ચર્ચા-વાર્તા ને પ્રરૂપણા વડે પર્યાયના કર્તૃત્વના મિથ્યા પુરુષાર્થનું ખંડન કરીને, પર્યાયમાત્રના જ્ઞાતાપણામાં છૂપાયેલ યથાર્થ પુરુષાર્થને તેઓશ્રીએ સચોટ સમજાવ્યો.

આમ, પર્યાયથી લઈને સારાય વિશ્વનો હું અકર્તા છું, તેમનો કર્તા નથી પણ તેમનો જાણનાર જ્ઞાયક છું–એવું જિજ્ઞાસુને સમજાતાં, હું પરદ્રવ્યનો કર્તા નથી પણ જાણનાર છું–એમ પરના જાણપણામાં ઊભો ન રહી જાય તેથી સ્વપરપ્રકાશકસ્વભાવના સૂક્ષ્મ રહસ્યની અત્યંત માર્મિક પ્રરૂપણા વડે જાણનારો જણાઈ રહ્યો છે તે તું છો–એવા જ્ઞાયકના અંતઃસ્થળમાં જિજ્ઞાસુને પહોંચાડીને તેઓશ્રીએ પરમ પરમ ઉપકાર કર્યો છે.

ઉપરોક્ત, ક્રમબદ્ધ તથા સ્વપરપ્રકાશકસ્વભાવના પ્રયોજનભૂત ગહન સિદ્ધાંતના મર્મને વિશેષ સમજવા પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રરૂપણાના આધારે કેટલીક ચર્ચા અહીં પ્રસ્તુત કરવામાં આવી છે.

જોકે આ લખાણ માત્ર તત્ત્વભાવનાની મુખ્યતા પૂર્વક તૈયાર કર્યું છે. તેમ છતાં આમાં જે કોઈ ક્ષતિ રહેવા પામી હોય તેને તત્ત્વમર્મજ્ઞ જિજ્ઞાસુ પાઠકો સુધારી લ્યે અને મને પણ અવગત કરાવે.

'સુગમ દૃષ્ટાંત : ગહન સિદ્ધાંત' તૈયાર કરવાની જેમણે મને પ્રેરણા કરી તે શ્રી નેમિષભાઈ શાહનો વિશેષરૂપે તેમ જ આ લખાણ વાંચીને જરૂરી સુધારા-વધારા કરાવનાર ગુજરાતી આત્મધર્મના સંપાદક સ્વ. શ્રી નાગરભાઈ મોદીનો તથા પં. બ્ર. શ્રી હેમચંદજીનો, પં. શ્રી દેવેન્દ્રજી બિજોલીયાનો, પં. શ્રી પ્રદીપજી ઝાંઝરીનો કે જેઓએ બધું લખાણ વાંચીને મને પ્રોત્સાહિત કર્યો તેમનો તેમ જ પ્રકાશક શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, (પાર્લા-મુંબઈ)નો આભાર વ્યક્ત કરતા પ્રમોદ અનુભવું છું.

દૃષ્ટાંત-સિદ્ધાંત સંબંધી, ક્રમબદ્ધ અને પુરુષાર્થ સંબંધી તથા સ્વપરપ્રકાશક સ્વભાવ સંબંધી વિચારણા કરવા અર્થે ભાવનાપ્રધાનતાથી મારા માટે લખેલ વિચારોને, માત્ર અંગત સ્નેહી-સ્વજનો અને નવા નવા ઉત્સાહી જિજ્ઞાસુ સાધર્મી મિત્રો માટે પ્રકાશકે પ્રકાશિત કરેલ 'શુદ્ધાત્મ-સ્વરૂપ-ચિંતન'ના સ્વાધ્યાય-મનન-ચિંતન અને ચર્ચા વડે શુદ્ધાત્માના સ્વરૂપનું અનુસંધાન કરવામાં આપણે સૌ સફળતા ઉપલબ્ધ કરીએ એવી વિનમ્ર ભાવભીની ભાવના સહ...

—સંપાદક

❀

# અનુક્રમણિકા


- સુગમ-દૃષ્ટાંત—ગહન-સિદ્ધાંત ........ ૧-૯૪
- એક ચિંતન : ક્રમબદ્ધ અને પુરુષાર્થ ........ ૯૫-૧૨૩
- ક્રમબદ્ધના સંદર્ભમાં પુરુષાર્થ અને નિમિત્ત ........ ૧૨૪-૧૨૯
- ક્રમબદ્ધની કમાલ ........ ૧૩૦-૧૩૫
- અકર્તૃત્વરૂપ પુરુષાર્થ અને કર્તૃત્વરૂપ પુરુષાર્થ ........ ૧૩૬
- સમજાણું કાંઈ !! ........ ૧૩૭-૧૩૯
- જ્ઞાયકસ્વભાવ ........ ૧૪૦-૧૫૧
- પૂજ્ય ગુરુદેવ જો ન હોતે તો ક્યા હોતા? તત્ત્વકા સૂર્ય અસ્ત હો ગયા હોતા. .... ૧૫૨-૧૬૨
- સ્વપરપ્રકાશક છતાં પરનો અપ્રકાશક ........ ૧૬૩-૧૭૧
- નિર્વિવાદ સિદ્ધાંત ........ ૧૭૨-૧૭૩
- હાથીની અંબાડીએ ફૂલ લઈ જવા જેટલું સુલભ કાર્ય ........ ૧૭૪-૧૭૮
- પરદ્રવ્યો મને દેખાય છે પ્રત્યક્ષ અને મારે માનવું કે પર મને જણાતું નથી !! ..... ૧૭૯-૧૮૨
- જ્ઞાન-સ્વભાવ ........ ૧૮૩-૧૯૧
- સર્વત્ર કાર્યકરણક્ષમ ઇસ યોગ્યતાકા હી સામ્રાજ્ય દિખલાઈ દેતા હૈ. ........ ૧૯૨-૧૯૪
- પર્યાયના પરિણમનના પરિપ્રેક્ષ્યમાં : ક્રમબદ્ધપર્યાય = કાળલબ્ધિ + ભવિતવ્ય.... ૧૯૫-૨૦૭
- કારણશુદ્ધપર્યાય : કાર્યનું વર્તમાન મોજૂદ કારણ ........ ૨૦૮-૨૧૦
- આત્માર્થની કસોટી ........ ૨૧૧-૨૨૦
- સામર્થ્યની બલિહારી છે ........ ૨૨૧-૨૨૪
- રાગાદિ રહિત ભગવાન આત્મા ........ ૨૨૫-૨૩૪
- તું પરમાત્મા છો ........ ૨૩૫-૨૩૭
- હે જીવો નિઃસંદેહપણે જાણો ! ........ ૨૩૮-૨૪૦
- જ્ઞાની સંતોની બોણી . ........ ૨૪૧-૨૪૩
- એક ચિંતન : જ્ઞાની સંતોની બોણીના સંદર્ભમાં— ........ ૨૪૪-૨૪૭
- લૌકિક પ્રમાણિકતાના અભાવમાં આત્મા જ્ઞાનમાં પ્રમાણ થઈ શકે નહીં. ........ ૨૪૮-૨૫૪


❀

ૐ

શ્રી સર્વજ્ઞ વીતરાગાય નમઃ
શ્રી કુંદકુંદાદિ આચાર્યદેવાય નમઃ
શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ
શ્રી ભગવતી જિનવાણીમાતાય નમઃ
શ્રી સમયસાર–વાચક–વાચ્ય–ને વંદન.

## સુગમ-દૃષ્ટાંત—ગહન-સિદ્ધાંત
## વડે
# શુદ્ધાત્મ-સ્વરૂપ-ચિંતન

[ગ્રંથાધિરાજ શ્રી સમયસારજીમાંથી સંકલિત]

જેવી રીતે કોઈ મશહૂર ઝવેરીના શો-રૂમના શો-કેસમાં સ્થિત સુંદર શો-પીસ—ડબ્બી જોતાં જ, શો-પીસની અંદર રહેલાં અતિ સુંદર અણમોલ આભૂષણને જોયા વિના જ, તેમાં અતિ મૂલ્યવાન આભૂષણ હોવાનો ગ્રાહકને સહજપણે વિશ્વાસ ઊપજી આવે છે; તેવી રીતે આ ગ્રંથાધિરાજના રચયિતા તથા ટીકાકાર ઉભય આચાર્યદેવોએ, અતિ દુઃખદ પંચ-પરાવર્તનોથી મુક્તિ અપાવવા, સુખદ સ્વચતુષ્ટયમાં સદાય સ્થિત સમયસારસ્વરૂપ શુદ્ધાત્માની જિજ્ઞાસુ ભવ્ય જીવોને પ્રતીતિ કરાવવા અર્થે, સુંદર અને સુગમ દૃષ્ટાંતોના નિરૂપણ વડે, સર્વોત્કૃષ્ટ એવા ભગવાન આત્માના દર્શન થયા પહેલાં જ, પોતે અતિ મહિમાવંત પરમ પદાર્થ હોવાનો જિજ્ઞાસુને વિશ્વાસ ઉપજાવ્યો છે. ફળસ્વરૂપે એ સુગમ દૃષ્ટાંતો વડે ભવ્યજીવો, આત્મસાક્ષાત્કાર માટે અતિ આવશ્યક એવા ગહન સિદ્ધાંતોના મર્મને સહજપણે–સરળપણે સમજીને, નિજ-આત્મદર્શનની સફળ સાધનાને પહોંચી વળે છે.

પહેલાંના જમાનામાં 'સાત સાત સમુંદર ખેડીને' વરસોના વરસો બાદ નિજઘરે પાછા ફરેલાં વેપારીપિતા, પોતાના પુત્ર-પરિવાર સ્વજનોને મળીને, પહેલાં તો બધાના ક્ષેમ-કુશળ-સમાચારની વાતચીત કર્યા બાદ, પોતાના વ્હાલા પુત્ર-પરિજન માટે લાવેલ અનેક અતિ સુંદર વસ્તુઓ આપવાની શરૂઆત કરતી વખતે સૌ પ્રથમ તો એવી કોઈ અદ્‌ભુત વસ્તુ આપે છે કે જેનો સ્વીકાર કરતાં જ સ્વજનોને એટલો પ્રમોદ થાય છે કે બીજી વસ્તુઓ પણ અત્યંત રુચિકર જ હશે તેવો અંદરમાં ઉલ્લાસ ઉછળે છે.

તેવી જ રીતે આ મનુષ્યદેહે જ્યાં જવું દુર્લભ હોય છે એવા મહાવિદેહમાં, ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે, ચારણઋદ્ધિ વડે અથવા તો મિત્ર દેવની સહાય વડે સાક્ષાત્ શ્રી સીમંધરપ્રભુના દરબારમાં જઈને દિવ્યધ્વનિનું દિવસો સુધી અમૃતપાન કરીને, અનેક આચાર્ય-મુનિભગવંતો સાથે તત્ત્વચર્ચાનો અપૂર્વ લાભ લઈને, પોતે ભરતક્ષેત્રે પાછા પધારીને, અત્રેના ભવ્ય ભક્તજીવો પ્રત્યેના અત્યંત કારુણ્યભાવથી સૌ પ્રથમ તો પ્રવચનસારની રચના વડે સ્વરૂપ સમજાવીને આચાર્યદેવે ગ્રંથાધિરાજ શ્રી સમયસારની રચાનાની પ્રતિજ્ઞા કરતાં, નિકટ ભવ્ય જિજ્ઞાસુ અપ્રતિબુદ્ધ શ્રોતાને આદેશ કર્યો કે અમે સીમંધર-સભામાં દિવ્યધ્વનિમાં જે શ્રવણ કર્યું છે તે તને કહીયે છીએ કે હે ભવ્યશ્રોતા! તું અનંતા સિદ્ધોને સૌ પ્રથમ તો તારામાં સ્થાપીને અમારી વાત સાંભળજે એટલે કે હે શ્રોતા! અમે ભગવાનના ભવ્ય ખજાનામાંથી જે લાવ્યા છીએ તેમાંથી એક સર્વોત્કૃષ્ટ ચીજ તને આપીયે છીએ કે તું અત્યારે જ સિદ્ધ છો; સિદ્ધથી જરાય ઓછો અધૂરો તને આકીશ નહીં, અમે તારામાં અનંતા સિદ્ધોની સ્થાપના કરીને કહીએ છીએ કે તું વર્તમાનમાં જ સિદ્ધ છો એવા નિઃસંદેહ સ્વીકાર પૂર્વક તું અમારી વાતને સાંભળજે; અમે કોલકરાર કરીયે છીએ કે અમારા આ આદેશના પાલન પૂર્વક જો તું અમને સાંભળશે તો અમે જ્યારે સિદ્ધગતિને પામીશું ત્યારે તું પણ અમારી સાથે શ્રોતાની ટોળીમાં સિદ્ધગતિને પામશે.....પામશે જ....માટે તું અનંતા સિદ્ધોને સૌ પ્રથમ તો તારામાં સ્થાપીને પછી આગળની અમારી વાત સાંભળજે.

આહાહા! જે શ્રોતાને પોતે જોયા જ નથી એવા અપ્રતિબુદ્ધ છતાં જિજ્ઞાસુ ભવ્ય શ્રોતામાં આચાર્યદેવે કેટલા વિશ્વાસપૂર્વક કેટલી નિઃશંકતાપૂર્વક અનંતા સિદ્ધોની સ્થાપના કરી છે! આદેશ પણ કેવો અલૌકિક! કે જે શ્રોતાને સમજાવવા શાસ્ત્ર-રચના કરવી છે તે શ્રોતામાં જ સિદ્ધોની સ્થાપના કરવાનો શ્રોતાને આદેશ!! શ્રોતા તો અપ્રતિબુદ્ધ છે એટલે તેને કહે છે કે આ જે સિદ્ધ પરમાત્મા લોકાગ્રે બિરાજે છે ને! તે સિદ્ધભગવંતો, સાધ્ય આત્માના

પ્રતિચ્છંદના સ્થાને છે એટલે કે અમે તને જે કહીયે છીએ કે 'તું વર્તમાનમાં જ સિદ્ધ છો', તો એ સિદ્ધપણું તારે જોવું હોય તો તું લોકાગ્રે બિરાજિત સિદ્ધભગવંતોના સ્વરૂપને ધ્યાવજે-ચિંતવજે-અનુભવજે. અર્થાત્ મોઢું કેવું છે તે જોવા માટે અરીસામાં જોવાય છે તેમ અમે તને સિદ્ધપણે સ્થાપીયે છે તે સિદ્ધપણું જોવા માટે લોકાગ્રે બિરાજિત સિદ્ધભગવંતોના સ્વરૂપને તું આરાધજે; તેમ કરવાથી તને તારું સિદ્ધપણું જરૂર સમજાશે, અનુભવાશે. જેમ જ્યાં પ્રતિચ્છંદ-પડઘો પડતો હોય છે ત્યાં જેવી ભાષા બોલાય તેવો જ પડઘો હોય છે તેમ એ સિદ્ધભગવંતો પ્રતિચ્છંદના સ્થાને છે એટલે કે જેવા તે છે એવો તું છો.

એ રીતે ગ્રંથાધિરાજની રચનાની પ્રતિજ્ઞા કરતાં જ, પ્રતિજ્ઞામાં જિજ્ઞાસુ ભવ્ય જીવોને સિદ્ધપણાના આશીર્વાદ અને સિદ્ધગતિની પ્રાપ્તિનો માર્ગ સમજાવતાં, 'સાત-સમુંદર ખેડીને' આવેલાં ધર્મપિતાના એ આશીર્વચનોથી અત્યંત ઉલ્લસિત વીર્યથી સમયસારસ્વરૂપ નિજ શુદ્ધાત્મને સમજવા કટીબદ્ધ બનેલાં જિજ્ઞાસુ-પરિવારને—ભવ્ય જીવોને ઉભય આચાર્યદેવ અનેક સ્વાનુભૂત સુગમ સરળ દૃષ્ટાંતો વડે ગહન સિદ્ધાંતો સમજાવવાની કરુણા કરે છે.

આચાર્યદેવને ખબર છે કે જિજ્ઞાસુ શ્રોતા અપ્રતિબુદ્ધ છે; તેથી હું જ્યાં તેનામાં સિદ્ધપણાની સ્થાપનાનો આદેશ આપીશ ત્યાં તે ભવ્ય જીવને ગુરુપ્રત્યે ભક્તિવંત બનીને એટલી બધી અર્પણતા આવી જશે કે કદાચિત્ એવી નિઃશંકતા આવી જશે કે ગુરુથી મને સમ્યક્‌બોધિબીજની પ્રાપ્તિ થઈ જશે. આથી શુદ્ધાત્માનું સ્વરૂપ સુગમ દૃષ્ટાંતો દ્વારા સમજાવતાં પહેલાં જ આચાર્યદેવ જિજ્ઞાસુને ત્રીજી ગાથા દ્વારા એક મહાસિદ્ધાંત સમજાવે છે કે અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહે રહેલાં એવા દ્રવ્યો એકબીજાને જ્યાં સ્પર્શતા જ નથી ત્યાં એકબીજાને ઉપકૃત કરવું તો ક્યાંય દૂર રહ્યું! અર્થાત્ હે શ્રોતા! બધા પદાર્થો પોતાના અનંતા ધર્મોમાં સ્થિત રહ્યા થકા એક પદાર્થ અન્ય પદાર્થને સ્પર્શતો પણ નથી માટે એક દ્રવ્ય અન્ય દ્રવ્યનું કાંઈ કરે તેવી ભ્રમજાળમાં ભૂલો ન પડતો. એ રીતે શુદ્ધાત્માના સ્વરૂપને સમજાવતાં પહેલાં જ આચાર્યદેવે વસ્તુ-સ્વતંત્રતાનો મહાસિદ્ધાંત શ્રોતા સમક્ષ રજુ કર્યો છે.

જેવી રીતે જેલમાં પડેલો જીવ બંધનથી છૂટવાનો કામી છે તેથી જેલમાં પડેલા જીવને બંધનથી છૂટવા પ્રથમ ઉત્સાહિત કરવામાં આવે છે કે તારામાં આટલી બધી શક્તિ-સામર્થ્ય હોવાથી તું અવશ્ય બંધનમુક્ત થઈ શકે તેમ છો. ત્યાર બાદ તેને બંધનમાં રહેવાથી કેવી કેવી યાતનાઓ વેઠવી પડે છે તે સમજવામાં આવે છે. એ રીતે પ્રથમ તેનામાં શક્તિ-સામર્થ્યનો વિશ્વાસ જગાડવામાં આવે છે અને પછી તેને બંધનના દુઃખોથી છૂટવા માટે ઉત્સાહિત કરવામાં આવે છે. તેવી રીતે આચાર્યદેવે પ્રથમ ગાથા દ્વારા જિજ્ઞાસુને, તેના સદાય

મુક્તસ્વરૂપ એવા સિદ્ધપણાનો વિશ્વાસ જગાડ્યા બાદ ચોથી ગાથા દ્વારા સિદ્ધસ્વરૂપી ભગવાન આત્માને પંચપરાવર્તનરૂપી દુઃખની પરિપાટી શા કારણથી છે તે સમજાવતાં કહે છે કે જેમ ભૂત-પ્રેત જીવને અનેક પ્રકારે મનુષ્યને ન શોભે એવા નાચ નચાવે છે તેમ અનાદિથી પોતે પોતાના સિદ્ધસ્વરૂપી ભગવાન આત્માને ભૂલીને પરમાં મમત્વરૂપી મોહભૂત વડે પાંચ પરાવર્તનોમાં અનંતકાળથી જીવને ન શોભે એવા નાચથી નાચતો થકો બળદની જેમ દુઃખનો ભાર વહેતો રહ્યો છે. ફળસ્વરૂપે, જેમ ઉકળતાં તેલમાં પડેલો અર્ધદગ્ધ સર્પ અત્યંત આકુળ-વ્યાકુળ થયો થકો શીતળતા પામવા હડહડતી અગ્નિમાં ઝંપલાવે છે, તેમ પાંચ પરાવર્તનોના દુઃખથી ફાટી નીકળેલી તૃષ્ણારૂપી રોગની જ્વાળા વડે અંતરંગમાં એટલી પીડા ઊપજે છે કે તે પીડાને શાંત કરવા, અગ્નિથી શીતળતા પામવા જેમ અર્ધદગ્ધ સર્પ અગ્નિમાં બળી મરે છે તેમ, આ જીવ મૃગજળ જેવા અર્થાત્ માત્ર ભ્રામક એવા ઇન્દ્રિય વિષયોમાં ઝંપલાવીને અનંત જન્મ-મરણ કરતો રહે છે.

એ રીતે આચાર્યદેવ જિજ્ઞાસુને પ્રથમ શક્તિ-સામર્થ્યનો વિશ્વાસ જગાડીને પછી અનંત દુઃખની પરિપાટી સમજાવીને તેનાથી છૂટવા માટે ઉત્સાહિત કરે છે. તેથી જિજ્ઞાસુને ઉત્સાહ જાગે છે કે પ્રભુ! એવો સદાય મુક્તસ્વરૂપી ભગવાન આત્મા છે કોણ કે જેને જાણવાથી એ અનંતા દુઃખની પરિપાટીથી અમે છૂટી શકીયે?

આચાર્યદેવ જિજ્ઞાસુને છટ્ઠી ગાથા દ્વારા સમજાવે છે કે જે અનંત દુઃખની પરિપાટી છે તે મોહ-રાગ-દ્વેષ વડે ઉપજાવવામાં આવેલી છે તોપણ તું જે સિદ્ધસદૃશ જ્ઞાયક છો તે તો સદાય એ મોહ-રાગ-દ્વેષ ભાવોથી અલિપ્ત રહ્યો હોવાથી, મોહ-રાગ-દ્વેષરૂપ કષાયચક્રને વશ ઉત્પન્ન થતાં જે શુભ-અશુભ ભાવો તે-રૂપે જ્ઞાયકભાવ નહીં પરિણમતો હોવાથી, જેમ અગ્નિને ઉદ્ધઈ લાગતી નથી, સુવર્ણને કાટ લાગતો નથી, સૂર્યને અંધકાર સ્પર્શતો નથી, તેમ સઘળીય પરિણતિથી નહીં આલિંગિત એવો તું શુદ્ધ જ્ઞાયકભાવ છો; અને જ્યારે તને આવો જ્ઞાયકભાવ હું પોતે જ છું એવી પ્રતીતિ ઊપજશે ત્યારે તું ખરેખર શુદ્ધ હોવાની સ્વાનુભૂતિ વડે પાંચ પરાવર્તનોના અનંત દુઃખની પરિપાટીથી છૂટશે.

આચાર્યદેવ પાસેથી જ્ઞાયક શબ્દ સાંભળતાં જિજ્ઞાસુને જ્ઞેય—જણાવા યોગ્ય પદાર્થો અને તેને જાણનારો હું જ્ઞાયક - એવું છે? એમ આશંકા ન ઊપજે તેથી વધુ સમજાવે છે કે જેવી રીતે જ્ઞાયકને જાણવાની અવસ્થામાં તું જ્ઞાયક જ છો તેવી રીતે પરજ્ઞેયોને જાણવાની અવસ્થામાં પણ તું તો જ્ઞાયક જ છો અર્થાત્ સ્વને જાણવાકાળે જેમ તું જ્ઞાયકપણે જ જણાય છો તેમ પરપ્રકાશનકાળે પણ પરસંબંધી પોતાની જ્ઞાન-અવસ્થામાં તું તન્મય હોવાથી તે કાળે

પણ તું જ્ઞાયક જ છો. તે વાત દૃષ્ટાંતથી સમજાવતાં કહે છે કે અગ્નિનો સહજ સ્વભાવ અગ્નિરૂપ રહેવાનો હોવાથી અગ્નિમાં જે કોઈ બળવા યોગ્ય લાકડાં–છાણા–અડાયા આદિ વિવિધ પદાર્થો બળે છે તે વખતે લાકડાંનો અગ્નિ, છાણાનો અગ્નિ આદિ કહેવાતા છતાં જે અગ્નિ છે તેમાં લાકડાં-છાણા આદિની અશુદ્ધતા પેસતી નથી, અગ્નિ તો દરેક વખતે અગ્નિ જ છે. તેવી રીતે જે શુદ્ધ જ્ઞાયકભાવ છે તે સ્વ-સ્વરૂપના પ્રકાશનકાળે જેવો જ્ઞાયક છે તેવો જ જ્ઞાયક પરપ્રકાશનકાળે પણ છે જ. જેમ છાણાદિની અશુદ્ધતા જડ અગ્નિને અશુદ્ધ કરવા સમર્થ નથી તેમ પરને જાણવાકાળે પરની અશુદ્ધતા જ્ઞાયકને નથી.

બહુ ઊંડાણથી વિચારીયે તો અહીં એવું કહેવા માંગે છે કે ખરેખર તો જ્યાં સુધી અગ્નિમાં છાણા આદિનો આકાર દૃષ્ટિગોચર છે ત્યાં સુધી તેટલો ભાગ અગ્નિરૂપ બન્યો નથી; જ્યારે છાણા આદિ હળહળતી અગ્નિ બને છે ત્યારે ત્યાં માત્ર અગ્નિ જ પ્રજ્વલિત હોવાથી, છાણાનું અસ્તિત્વ જ વિસર્જિત થયું હોવાથી, છાણાની અશુદ્ધતા અગ્નિને લાગવાનો સંભવ જ રહેતો નથી. તેવી રીતે જ્ઞાયક કહેતાં જેમ સ્વ-સ્વરૂપ પ્રકાશનકાળે જ્ઞાન સ્વયં જ્ઞાનાકારે પરિણમતું થકું માત્ર જ્ઞાયકપણે જ અનુભવાય છે, તેમ પર જ્ઞેયોને જાણતાં તે જ્ઞેયો દૃષ્ટિગોચર થવાને બદલે તે જ્ઞેયોનું લક્ષ છૂટીને, જ્ઞેયાકારરૂપ પ્રવર્તેલું જ્ઞાન, જ્ઞાનાકારરૂપે જ પરિણમતું પ્રતિભાસિત થતાં સ્વયં જ્ઞાયકપણે જ જણાય છે. પરંતુ અજ્ઞાની જેમ છાણાના આકારને જ દૃષ્ટિમાં રાખતો થકો છાણાનો આકાર અદૃશ્ય થઈને હળાહળ અગ્નિરૂપે પ્રજ્વલિત થવા છતાં તેને માત્ર અગ્નિરૂપ નહીં જાણતો થકો 'છાણાનો અગ્નિ' એમ જાણે છે, તેમ ખરેખર તો પર-પ્રકાશનકાળે જ્ઞાનનો સ્વભાવ તો પર-જ્ઞેયાકારને અદૃશ્ય કરતો થકો જ્ઞાનાકારે જ પરિણમવાનો હોવા છતાં અજ્ઞાની જ્ઞેયાકારને લક્ષગત્ રાખીને જ્ઞાનાકારને નહીં સ્વીકારતો થકો જ્ઞાયકને જાણવાને બદલે પરજ્ઞેયનો પોતે પ્રકાશક હોવાનું અજ્ઞાન ઊભું કરે છે. તોપણ અગ્નિની માફક, સ્વને જાણવાકાળે તેમ જ પરને જાણવાકાળે જ્ઞાયક તો જ્ઞાયક જ છે.

અહીં આચાર્યદેવે "જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો"...એમ શબ્દો મૂક્યા છે; જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેયો જણાયા તેમ નથી કહ્યું પણ 'જ્ઞાયકપણે જણાયો' તેમ કહીને જિજ્ઞાસુને કહે છે કે તારે તારો આત્મા ક્યાંય શોધવા જવો નથી, જે કાંઈ જણાય છે તેને જાણવાકાળે ખરેખર તે જણાતા નથી પણ જાણનારો જ જણાય છે અને તે જ તું પોતે છો— એમ કહીને અપ્રતિબુદ્ધ શ્રોતાને હથેળીમાં આંબળાવત્ આત્મા બતાવી દીધો છે.

એ જ વાતને પં. જયચંદજી દીપકના દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે કે ઘટપટાદિને પ્રકાશિત કરવા કાળે પણ જે દીપક છે તે પોતાને પ્રકાશવાકાળે પણ દીપક જ છે. આ દૃષ્ટાંતને વિશેષ વિચારીયે તો દીવો પોતાની દ્વિરૂપતાને પ્રકાશે છે, દીવાનો પ્રકાશ દીવાને પ્રકાશે છે અને સ્વયં પ્રકાશને પ્રકાશે છે. એથી વધુ વિચારીયે તો દીવાનો પ્રકાશ ઘટપટાદિને પ્રકાશે છે તેમ સ્થૂળપણે લાગે છે પણ સૂક્ષ્મપણે તો ઘટપટાદિ દીવાના પ્રકાશ-સામર્થ્યને જાહેર કરે છે, પ્રગટ કરે છે. એવી રીતે જ્ઞાન પરજ્ઞેયને જાણવાકાળે ખરેખર તો જ્ઞાનની દ્વિરૂપતાને પ્રકાશે છે એટલે કે પ્રગટ જ્ઞાન જ્ઞાયકને પ્રકાશે છે—જાહેર કરે છે અને સ્વયં જ્ઞાનને જાહેર કરે છે. વળી, પરજ્ઞેયો પણ ખરેખર તો જ્ઞાન-સામર્થ્યને જાહેર કરે છે, પરંતુ જ્યાં સુધી ઘટપટાદિનું લક્ષ છે ત્યાં સુધી ઘટપટાદિ દીવાના પ્રકાશ-સામર્થ્યને જાહેર કરે છે તેમ લક્ષમાં આવતું નથી. તેવી રીતે પરજ્ઞેયોને જાણવાકાળે પરજ્ઞેય લક્ષગત્ હોવાથી, જ્ઞેયાકાર અવસ્થા જ્ઞાનાકારને જ પ્રસિદ્ધ કરે છે તેમ લક્ષમાં આવતું નથી. તેથી સદાકાળ સર્વ અવસ્થામાં જ્ઞાયક જ જણાતો થકો જ્ઞાયક તો જ્ઞાયક જ છે એવો વિશ્વાસ આવતો નથી. માટે અહીં બન્ને દૃષ્ટાંતોથી એમ સમજાવ્યું છે કે સર્વ અવસ્થાઓમાં તું તો સદા જ્ઞાયકપણે જ રહ્યો છે.

આટલી વાત કરીને આચાર્યદેવ શ્રોતાને તેની પાત્રતા કેવી હોય તે પણ એક નાનકડા ઉદાહરણ દ્વારા સમજાવી દ્યે છે કે જેમ ઘેટું એટલું સરળ પ્રાણી છે કે તેને તેનો ચરાવવાવાળો કાંઈ ઈશારો કરે તે ન સમજાય તો આંખો ફાડી-ફાડીને ટગટગ જોયા કરે એટલે તેને સમજાય તેવા ઈશારાથી ચરાવવાવાળો સમજાવે છે. તેમ શ્રોતા પણ એવો પાત્ર હોય કે શુદ્ધાત્માની વાત સાંભળતાં ન સમજાય તો કંટાળે નહીં પણ આંખો ફાડી-ફાડીને ટગટગ જોયા કરે એટલે કે સમજવાની જિજ્ઞાસા વધારતો જાય એવો પાત્ર શ્રોતા હોય છે.

૧૧મી ગાથામાં દૃષ્ટાંતમાં એમ કહેવું છે કે જળ હંમેશા નિર્મળ જ જોવા મળે એવો કોઈ પ્રતિબંધ નથી–નિયમ નથી. ઘણીવાર જળ મલિન પણ જોવા મળે, કાદવવાળું જળ પણ જોવા મળે. આવું મલિન જળ જોતાં કેટલાકને તો એમ જ લાગે કે જાણે જળ હંમેશા આવું જ હોતું હશે! જ્યારે કેટલાક ડાહ્યા માણસો જાણતા હોય છે કે જળ મલિન હોતું જ નથી; જે મલિનતા છે તે જળકૃત નથી–જળની નથી પણ જળ સાથે આવી મળેલી મલિનતા છે; અને તે મલિનતા જળથી જુદી પાડી શકાય છે, નિર્મળ જળ અનુભવી શકાય છે. પરંતુ તેનો ઉપાય સ્વયમેવ કરવા જેવો છે. તેથી તે પુરુષ પોતાના હાથે કતકફળી ઔષધિ તે મલિન જળમાં નાખે છે. જળ જેટલું મલિન હોય તેટલા પ્રમાણમાં નિર્મળી–ઔષધિ નાખવામાં આવતાં, મલિનતા નીચે બેસી જાય છે અને સ્વચ્છ નિર્મળ જળ પ્રાપ્ત થાય છે; કેમ કે

મલિનતા એ જળથી સદાય ભિન્ન જ રહેલી છે; એકક્ષેત્રાવગાહ રહેવા છતાં મલિનતામાં કોઈ તાકાત નથી કે તે જળને સ્પર્શી પણ શકે! જળને અંશમાત્ર પણ મલિન કરી શકે! જળ સ્વભાવે સદાય નિર્મળ હોવાથી જગતમાં એવી કોઈ સામગ્રી નથી કે જે જળના સ્વભાવને હાનિ પહોંચાડી શકે!

અહીં દૃષ્ટાંત દ્વારા એમ કહે છે કે જળ જેવા જડ પદાર્થને તેના સ્વભાવને હાનિ પહોંચાડવા ત્રણ લોકના કોઈ પદાર્થમાં સામર્થ્ય નથી તો અમે તને છઠ્ઠી ગાથામાં જે જ્ઞાયકભાવ બતાવ્યો–સમજાવ્યો તે જ્ઞાયક તો સદાય જ્ઞાયક જ રહ્યો છે; તેના જ્ઞાયકપણાને વિચલિત કરવા ત્રણ લોકમાં કોઈ સમર્થ ન હોય તેમાં શું આશ્ચર્ય! ભલે અજ્ઞાનપણે તને, રાગાદિ કર્મમળ સાથે એકક્ષેત્રાવગાહ રહેલો હોવાને કારણે, અશુદ્ધપણે જણાયો હોવા છતાં જ્ઞાયક તો સદાય જ્ઞાયક જ છે. તેથી જ્યારે પણ તું રાગાદિ-કર્માદિથી સંયુક્ત જણાતા જ્ઞાયકને ભેદવિજ્ઞાનના પુરુષાર્થપૂર્વક જાણવા જશે ત્યારે રાગાદિ હોવા છતાં તને જ્ઞાયકભાવ જ્ઞાયકપણે જ અનુભવાશે. કેમ કે નિગોદથી માંડીને આજ પર્યંત ભગવાન આત્મા જ્ઞાયકપણે જ રહ્યો છે, તેને કોઈ પણ પ્રકારના તીવ્ર ભાવોની કદીય આંચ પણ લાગી નથી. તેથી તારે ક્યારેય આત્માને શુદ્ધ કરવાનો પુરુષાર્થ કરવો પડે તેમ નથી. હું તો સદાય સિદ્ધ સમાન જ છું, પરંતુ મેં અજ્ઞાનતાથી મને રાગી-દ્વેષી-મોહી કલ્પીને અશુદ્ધ માની લીધો હતો તેથી હવે શુદ્ધનયનો આશ્રય ગ્રહણ કરતાં એટલે કે હું તો સદાય શુદ્ધપણે રહ્યો થકો નિતાંત શુદ્ધ જ છું એવો સ્વીકાર કરતાં સ્વાનુભૂતિ પ્રગટ થાય છે અર્થાત્ જેવો જ્ઞાયક છે તેવો અનુભવાય છે.

૧૧મી ગાથા જૈનદર્શનનો પ્રાણ છે એમ પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવતાં હતા, કેમ કે અહીં સઘળોય વ્યવહાર અભૂતાર્થ બતાવીને માત્ર એક શુદ્ધનય જ ગ્રહણ કરવા લાયક છે તેમ આચાર્યદેવે કહ્યું છે, કારણ કે શુદ્ધનયના વિષયભૂત શુદ્ધાત્માના અવલંબનથી જ મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટ થાય છે. સઘળોય વ્યવહાર હેય કહેતાં વ્યવહાર હોય તો છે પરંતુ હોવા છતાં હેય છે. તેના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટવો તો દૂર રહ્યો ઉલટાનો બંધમાર્ગ પ્રગટે છે. ત્યારે શિષ્યને પ્રશ્ન થવો સંભવે છે કે તો પછી વ્યવહારનો ઉપદેશ જિનવાણીમાં શા માટે છે? પં. જયચંદજી સમજાવે છે કે વ્યવહારનયને શુદ્ધનયનો હસ્તાવલંબ જાણીને એટલે પગથિયા ચઢાય છે તો પોતાના પગની તાકાતથી જ પરંતુ તે વખતે કઠોડો હસ્તાવલંબ–સહાયક છે; કઠોડાને વળગી રહેવાથી પગથિયા ચઢવાનું અશક્ય બને છે, કઠોડાનું આલંબન લેતો-છોડતો-લેતો-છોડતો ઉપર ચઢી જાય છે; કઠોડાનું આલંબન છોડવા માટે હોય છે. તેમ શુદ્ધનયનો એકદમ પૂરો આશ્રય ગ્રહણ નહીં કરી શકનારને વ્યવહારનય હસ્તાવલંબ જાણીને

જિનવાણીમાં તેનો ઉપદેશ બહુ કર્યો છે તોપણ તે સઘળાય વ્યવહારનું એકમાત્ર ફળ સંસાર જ છે. અર્થાત્ વ્યવહાર હોવા છતાં તે માત્ર છોડવા માટે જ છે, તેને બદલે 'હોય તો છે ને' એવો જેને પક્ષ રહે છે તેને તેનું ફળ સંસાર જ છે. તેથી ઉપકારી શ્રીગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને શુદ્ધનયને જ ગ્રહણ કરવાનો અર્થાત્ શુદ્ધનયના વિષયભૂત શુદ્ધાત્મતત્ત્વનો જ આશ્રય કરવાનો મુખ્યપણે ઉપદેશ કર્યો છે.

આચાર્યદેવ સમજે છે કે હજુ શ્રોતાને સમાધાન નહીં થયું હોય કે જેના ગ્રહણનું ફળ સંસાર જ છે અને જે હોવા છતાં છોડવા લાયક જ છે તો એવા વ્યવહારનયનો ઉપદેશ જિનવાણીમાં શા માટે હોય છે? તેથી તેનું સમાધાન કરાવવા ૧૨મી ગાથામાં એ વ્યવહારનય કોઈ કોઈને કોઈ વખતે કઈ રીતે પ્રયોજનવાન છે એ વાત દૃષ્ટાંતપૂર્વક સમજાવે છે કે—

જેને સોળવલું શુદ્ધ સુવર્ણ પ્રાપ્ત થઈ ગયું છે તેને તો ૮વલું-૧૨વલું એવા અશુદ્ધ સુવર્ણને ભોગવવાનો પ્રશ્ન પણ ઉપસ્થિત થતો નથી. પરંતુ જેને ૧૬વલું શુદ્ધ સુવર્ણ પ્રાપ્ત કરવું છે અને તેની પાસે ૮-૧૦-૧૨-૧૪વલું અશુદ્ધ સુવર્ણ પ્રાપ્ત પણ થયેલું છે તે જીવ પૂર્ણ શુદ્ધ સુવર્ણની પ્રાપ્તિ અર્થે અશુદ્ધ સુવર્ણને અગ્નિની આંચ આપવાની પ્રક્રિયા દ્વારા પૂર્ણ શુદ્ધ પ્રાપ્ત કરી લ્યે છે. તે જીવને શુદ્ધતાની પ્રક્રિયા વખતે પૂર્ણ શુદ્ધતા જ લક્ષ્યભૂત હોવાથી તે જીવને કાંઈ વારંવાર કેટલા વલું શુદ્ધ થયું એમ જાણ્યા કરવું કાંઈ જરૂરી નથી. તોપણ કોઈ જીવને ક્યારેક ક્યારેક અગ્નિની આંચ દેવાની પ્રક્રિયા વખતે સુવર્ણ કેટલા વલું શુદ્ધ થયું છે એમ જાણવાનો વિકલ્પ ઊઠે તો તે વખતે ૮વલું-૧૦વલું આદિ અપૂર્ણતા જાણવા પૂરતી પ્રયોજનવાન છે કે જેથી આ સુવર્ણ અત્યારે ૧૦વલું શુદ્ધ છે કે ૧૨ વલું શુદ્ધ છે તે જાણી શકાય. તોપણ, અશુદ્ધતા જાણવા પૂરતું પ્રયોજનકારી હોવા છતાં લક્ષ્યભૂત તો માત્ર પૂર્ણ શુદ્ધ સુવર્ણ જ હોય છે. તેવી રીતે જે જીવે શુદ્ધનયનો સંપૂર્ણ આશ્રય ગ્રહણ કરી લીધો છે તેને તો પોતાનામાં કેટલી શુદ્ધિ છે ને કેટલી વૃદ્ધિ થઈ રહી છે ઇત્યાદિનો પ્રશ્ન પણ ઉપસ્થિત થતો નથી કેમ કે પૂર્ણ શુદ્ધતાનો ભોગવટો થઈ રહ્યો છે. પરંતુ નીચલી ભૂમિકાવાળાને કે જેને આત્માની અનુભૂતિ તો પ્રગટ થઈ છે પરંતુ તેને સંપૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત કરવી છે તેથી તે શુદ્ધનયના વિષયના ગ્રહણનું વિશેષ વિશેષ આલંબન લેવારૂપ પુરુષાર્થની પ્રક્રિયા કરતો થકો પૂર્ણ શુદ્ધતા પ્રગટ કરી લ્યે છે. જોકે તે જીવના પુરુષાર્થની પ્રક્રિયા વખતે અપૂર્ણદશાના અવલંબનનો—વ્યવહારનયના આશ્રયનો—તો પ્રશ્ન જ નથી પરંતુ તે જીવને કોઈ વખતે પોતાની શુદ્ધિ વૃદ્ધિ આદિ જાણવાના કાળે જુદા જુદા પ્રકારની અપૂર્ણ શુદ્ધિ વખતે બાકી રહેલી અશુદ્ધિનું જ્ઞાન હોવું અર્થાત્ તેટલા વ્યવહારનું જાણપણું હોવું 'જાણલો પ્રયોજનવાન છે.'

વ્યવહારનયનું જાણપણું હોવું ભલે 'જાણેલો પ્રયોજનવાન' હો તોપણ વ્યવહારનય 'પ્રયોજનવાન' નથી; કેમ કે તે જીવે તો શુદ્ધનય જ આદરેલો–ઉપાદેય કરેલો હોય છે. વળી વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન પણ ખરેખરે કોને હોય છે? જેને હજુ અશુદ્ધ સુવર્ણ પણ પ્રાપ્ત થયું નથી તેને કેટલા વલું સુવર્ણ છે એ જાણપણાની પણ ક્યાં જરૂર છે? પણ જેને અશુદ્ધ સુવર્ણ પ્રાપ્ત થયું છે ને પૂર્ણ શુદ્ધ સુવર્ણનો ભોગવટો કરવો છે તેને અગ્નિની આંચ દેવાની પ્રક્રિયા વખતે કેટલા વલું સુવર્ણ થયું—એ જાણપણું પ્રયોજનવાન છે. તેમ જેને સમ્યગ્દર્શન થયું છે ને પૂર્ણ શુદ્ધતાનો ભોગવટો કરવા માટે શુદ્ધનયના અવલંબનરૂપ પુરુષાર્થની પ્રક્રિયા કરી રહ્યો છે તેવા સમ્યગ્દૃષ્ટિ જીવને નીચલી ભૂમિકામાં જાણવા પૂરતો પ્રયોજનવાન હોવા છતાં વ્યવહારનય છોડેલો પ્રયોજનવાન છે, આદરેલો પ્રયોજનવાન નથી. વધુ ઊંડાણમાં જઈએ તો સાધકને સ્વપરપ્રકાશકપણામાં સ્વ જણાતા સાથોસાથ પરસંબંધી પોતાનું જ્ઞાન જણાય જાય છે એટલે કે સાધકને સ્વને જાણતા વ્યવહારસંબંધી જ્ઞાન જણાય જાય છે અર્થાત્ સાધકને વ્યવહાર જાણેલો પ્રયોજનવાન હોવા કરતાં વ્યવહાર જણાયેલો પ્રયોજનવાન છે—'જાણેલો' નહીં પણ 'જણાયો થકો' પ્રયોજનવાન છે.

વ્યવહારનયને શુદ્ધનયનો હસ્તાવલંબ કહ્યા પછી કળશમાં આચાર્યદેવ જાણે કે ખેદ વ્યક્ત કરે છે કે અરેરે! વ્યવહારનયને નીચલી ભૂમિકામાં હસ્તાલંબ તુલ્ય કહ્યો છે! (કળશ-૬) પરંતુ જે જીવ શુદ્ધનયના વિષયભૂત એકમાત્ર ભગવાન આત્માને અવલોકે છે, શ્રદ્ધે છે તથા તદ્રૂપ લીન થઈ ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે એટલે કે શ્રેણિ-આરુઢ થાય છે તેમને એ વ્યવહારનય કાંઈ પણ પ્રયોજનકારી નથી.

એ રીતે શુદ્ધનયનાં ગ્રહણનું ફળ મોક્ષ છે અને વ્યવહારનય શુદ્ધનયનો હસ્તાવલંબ હોવા છતાં તેના ગ્રહણનું ફળ માત્ર સંસાર જ હોવાથી, નીચલી ભૂમિકામાં જાણેલો-જણાયેલો પ્રયોજનવાન હોવા છતાં એકમાત્ર શુદ્ધનયના વિષયભૂત જે સમયસારસ્વરૂપ શુદ્ધાત્મા તે એક જ ઉપાદેય છે એમ કહીને કળશ-૭મા આચાર્યદેવ કહે છે કે વ્યવહારનયના વિષયભૂત જીવાદિ નવ તત્ત્વોની પરિપાટીને છોડીને આ ત્રિકાળી શુદ્ધ પરમાત્મા જ સૌને પ્રાપ્ત હો.

અહીં સુધી આચાર્યદેવે જે શુદ્ધનયનો મહિમા વારંવાર બતાવ્યો છે તે શુદ્ધનય શું છે? અર્થાત્ શુદ્ધનયનો વિષય શું છે એ વાત ૧૪મી ગાથામાં બતાવતાં કહે છે કે નિશ્ચયથી અબદ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા આત્માની જે અનુભૂતિ છે તેને હે શિષ્ય! તું શુદ્ધનય જાણ. આચાર્યદેવે શિષ્યને આજ્ઞા કરી કે એવા પાંચ ભાવરૂપ આત્માની અનુભૂતિ કર! એટલે પાત્ર શિષ્યની જિજ્ઞાસા વધુ તીવ્ર થઈ કે પ્રભુ! આપે જે

પાંચ ભાવરૂપ આત્માની અનુભૂતિ કરવા કહ્યું તે પાંચ ભાવોથી વિપરીત એવા પાંચેય ભાવોનો તો અમને અનુભવ થઈ રહ્યો છે તેથી તે અનુભવાય રહેલા પાંચેય ભાવોની હયાતીમાં તેનાથી રહિતપણારૂપ આત્માની અનુભૂતિ થાય શી રીતે? જેમકે ઉકળતાં પાણીમાં ઉષ્ણપણાની અમને અનુભૂતિ થઈ રહી હોય તે જ વખતે પાણીની ઉષ્ણપણાથી રહિત શીતળતારૂપ અનુભૂતિ થાય શી રીતે? તેમ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ પ્રગટ પાંચેય ભાવો જે વખતે અનુભવાય છે તે જ વખતે તેનાથી રહિત અબદ્ધસ્પૃષ્ટત્વ આદિરૂપ આત્માની અનુભૂતિ થાય ખરી? શી રીતે થાય?

જિજ્ઞાસુ શ્રોતાની મુંઝવણ સમજીને આચાર્યદેવ એ પાંચેય ભાવો માટે જુદા જુદા પાંચ દૃષ્ટાંતોથી મુંઝવણનું સમાધાન કરાવતાં કહે છે કે :—(૧) પંકજ— પંક એટલે કાદવ, 'જ' એટલે જન્મનારું અર્થાત્ કાદવમાં જેનો જન્મ સંભવે છે, કાદવ વિના નહીં એવા પંકજ—કમળ–ના પાંદડા જળથી સ્પર્શાયેલાં જ હોય એટલે જ્યારે પણ જુઓ ત્યારે કમળ જળથી સ્પર્શાયેલું જ હોય છે, માટે કમળને જળનું સ્પૃષ્ટત્વ સત્યાર્થ છે. કાદવ થકી જ જેનો જન્મ સંભવે છે એવું પંકજ કઈ અવસ્થામાં જળથી અસ્પૃશ્ય સંભવી શકે? સઘળીય અવસ્થામાં જળથી સ્પર્શિત હોવાનું પ્રગટ હોવાથી સ્પૃષ્ટત્વ ભૂતાર્થ છે, સત્યાર્થ છે. તેવી રીતે અનાદિથી જે જીવ સંસારમાં જ છે, હજુ પંચમગતિને પામ્યો નથી તે જીવની અનાદિની જે સંસાર-પરિપાટી છે તેમાં કારણભૂત તો કર્મ સાથેનું બદ્ધત્વ-સ્પૃષ્ટત્વ જ છે; કેમકે જીવના આશ્રયે તો સંસાર-પરિપાટી સંભવિત જ નથી, મોક્ષ જ સંભવે; માટે અનાદિથી જીવને કર્મ સાથે જે સ્પૃષ્ટત્વ-બદ્ધત્વ છે તે સત્યાર્થ છે, ભૂતાર્થ છે. કર્મોદય વિના એકલા જીવની સંસારમાં હયાતી જ અસંભવિત હોવાથી જીવનું કર્મ સાથે બદ્ધસ્પૃષ્ટત્વ અનુભવાય છે માટે બદ્ધસ્પૃષ્ટત્વ ભૂતાર્થ છે, સત્યાર્થ છે.

હે શિષ્ય! આવી અનુભૂતિ તો તને સદાય અનુભવાય છે જ; તેમ છતાં અમે તને એવા અનુભવથી વિપરીત અનુભૂતિ કરવાનું કહીયે છીએ ત્યારે તેમાં કોઈ ગૂઢ મર્મ સમાહિત હશે ને! જે તને અનાદિથી અનુભૂત હોય તેટલું જ જો સત્યાર્થ હોત અને તેનાથી વિપરીત કાંઈ સત્યાર્થ ન જ હોત તો તારો અનાદિનો જે અનુભવ છે તે જ સમ્યગ્દર્શન અર્થાત્ આત્માનુભૂતિ નામ પામેત! માટે તારો અનાદિનો બદ્ધત્વ-સ્પૃષ્ટત્વનો અનુભવ સત્યાર્થ–ભૂતાર્થ જેવો ભાસવા છતાં અસત્યાર્થ છે, અભૂતાર્થ છે. કારણ કે તું પંકજને જળ સાથે જે સ્પર્શાવારૂપ દેખે છે તેથી તને ભ્રમ ઊભો થાય છે કે પંકજ જળથી આલિંગિત-સ્પર્શિત છે! પરંતુ પંકજના સ્વભાવની સમીપ જઈને જોશે તો તેના પાંદડા ઉપર એક એવી રૂંવાટી હોય છે કે તે ક્યારેય પાંદડાને ભીનું જ થવા દેતું નથી, તે રૂંવાટી હંમેશા પાંદડાને જળથી

અસ્પર્શિત જ રાખે છે. તેથી તું જ્યારે પણ કમળના સ્વભાવની સમીપ જઈને કમળને અનુભવશે ત્યારે કમળ સદાય જળથી અબદ્ધસ્પૃષ્ટત્વરૂપ અનુભવાશે. એ રીતે બદ્ધસ્પૃષ્ટત્વ વખતે જ કમળ અબદ્ધસ્પૃષ્ટત્વ હોવાની અનુભૂતિ થાય છે. તેવી જ રીતે, તું સદાય જીવને કર્મના બંધનપણાથી જ જોતો રહ્યો હોવાથી તને જે બદ્ધસ્પૃષ્ટત્વ અનુભવાય છે તે તારી સંયોગદૃષ્ટિના દોષના કારણે છે. તેં ક્યારેય એકક્ષેત્રાવગાહે રહેલાં જીવ અને કર્મપુદ્‌ગલો સદાય બેપણે–ભિન્ન ભિન્ન હયાતી ધારણ કરીને રહેલાં જોવાની દૃષ્ટિ કરી નથી અર્થાત્ જીવ અને કર્મના સ્વભાવની સમીપ જઈને જોયા જ નથી એટલે તને ભ્રમ ઊપજ્યો છે કે જીવને કર્મ સાથે બદ્ધસ્પૃષ્ટત્વ છે. એકક્ષેત્રાવગાહ તો છ દ્રવ્યો રહ્યા હોવા છતાં પોતપોતાના સ્વભાવમાં જ રહ્યા હોવાથી જો સ્વભાવદૃષ્ટિથી તું દેખે તો અનાદિથી જીવ અબદ્ધસ્પૃષ્ટત્વરૂપ હોવાની અનુભૂતિ થાય છે. જ્યારે તું સ્વભાવ-સમીપ જઈને દેખશે ત્યારે ઉલટાનું તને બદ્ધસ્પૃષ્ટત્વ અસત્યાર્થ હોવાનું અનુભવાશે. એ રીતે, સ્વભાવ-સમીપ જઈને દેખવાથી અબદ્ધસ્પૃષ્ટ આત્માની અનુભૂતિ થાય છે એમ એક દૃષ્ટાંતથી આચાર્યદેવે સમજાવ્યું. અહીં આચાર્યદેવે સ્વભાવ-સમીપતા ઉપર એટલું બધું જોર આપ્યું છે કે સંયોગદૃષ્ટિથી અગોચર એવી આત્મ-અનુભૂતિ જરૂર થઈ શકે તેવી નિઃશંકતા ઊપજે છે.

(૨) પ્રથમ બોલમાં જીવનું કર્મ સાથે એકક્ષેત્રાવગાહ રહેવું હોવા છતાં શુદ્ધનયના વિષયભૂત જે આત્મસ્વભાવ છે તે સ્વભાવની દૃષ્ટિએ જોતાં જીવને કર્મ સાથે બદ્ધસ્પૃષ્ટત્વ અભૂતાર્થપણે હોવાથી અબદ્ધસ્પૃષ્ટ આત્માની અનુભૂતિ થઈ શકે છે તે વાત સમજાવીને હવે કહે છે કે જીવને કર્મના નિમિત્તે થતાં નર-નારક-તિર્યંચ-દેવરૂપ પર્યાયભેદો ભૂતાર્થપણે તને અનુભવાય છે ને! છતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. જેમ માટીનો ઘડો, તે જ માટીની તાવડી, તે જ માટીનું કૂંડું આદિ પાત્રો જોતાં તે તે પાત્રો સત્યાર્થ છે, ભૂતાર્થ છે. ઘડો, તાવડી, કૂંડું આદિ ભિન્ન ભિન્ન પાત્રો છે ખરા, તેથી અન્યત્વ–ભિન્ન ભિન્નપણું–સત્યાર્થ છે, માટે તેમનું ભિન્નત્વ–અન્ય-અન્યપણું અનુભવી શકાય છે, સમજી શકાય છે. તેવી રીતે કર્મના નિમિત્તે થતાં જીવના નર-નારકાદિ પર્યાયો છે ખરા, ચાર ગતિમાં જીવનું ભ્રમણ છે ને! તેથી તે તે ગતિમાં જીવને તે તે જુદા પર્યાયોનું હોવાપણું સત્યાર્થ છે, ભૂતાર્થ છે માટે જીવનું અન્યત્વ અનુભવી શકાય છે. પરંતુ માટીના જુદા જુદા પાત્રોની હયાતી વખતે જ તે બધા પાત્રો તેની તે જ માટીમય છે, માટીથી અન્ય કોઈ પદાર્થરૂપ નથી એમ માટીપણે દેખતાં જુદા જુદા પાત્રોનું ભિન્નત્વ-અન્યત્વ અસત્યાર્થ છે, કેમ કે તે તે પાત્રોના સ્વભાવ-સમીપે જઈને દેખતાં માત્ર માટીપણું જ અનુભવી શકાય છે. તેથી જુદા જુદા પાત્રોમાં અન-અન્યત્વ—અનન્યત્વ ભૂતાર્થ છે, સત્યાર્થ છે. તે રીતે નર-નારક આદિ વિવિધ પર્યાયોની

હયાતી વખતે જ તે બધા પર્યાયો એક જીવના જ છે, જીવથી અન્ય કોઈના નથી એમ, પર્યાયભેદો હોવા છતાં, સ્વભાવ-સમીપે જઈને દેખતાં અર્થાત્ સ્વભાવદષ્ટિને જ મુખ્ય કરીને દેખતાં એકમાત્ર જીવપણું જ અનુભવાતું હોવાથી જીવનું અનન્યત્વ સત્યાર્થ છે, ભૂતાર્થ છે. એ રીતે બીજા બોલથી શ્રોતાને સમજાવ્યું છે કે તું મનુષ્ય છો, તું દેવ છો ઇત્યાદિ પર્યાયોરૂપ તને માનવો તે પર્યાયદષ્ટિ હોવાથી તે માન્યતા છોડવા લાયક છે. તું તો કોઈ પણ ગતિમાં એકમાત્ર જીવપણે જ રહ્યો હોવાથી તારું અનન્યત્વ અનુભવી શકાય છે.

(૩) હવે આચાર્યદેવ આત્માનું નિયતપણું સત્યાર્થ કઈ રીતે છે તે સમજાવવા સમુદ્રનું દૃષ્ટાંત આપે છે કે સમુદ્રમાં થતી ભરતી-ઓટરૂપ અવસ્થાને દૃષ્ટિમાં લઈને સમુદ્રને દેખતાં હાનિવૃદ્ધિરૂપ અનિશ્ચિતપણું–અનિયતપણું સત્યાર્થ છે. સમુદ્રની ઉછળતી ક્ષણિક અવસ્થાદૃષ્ટિએ જોતાં તેમાં વધઘટપણાને લીધે અનિયતપણું ભૂતાર્થ છે, સત્યાર્થ છે. તોપણ, ક્ષણિક વધઘટ અવસ્થાના કાળે જ સમુદ્રનું નિયતપણું અનુભવી શકાય છે, કેમ કે એ તો જગપ્રસિદ્ધ હકીકત છે કે સમુદ્ર માઝા મૂકતો નથી, લાખો કરોડો નદીઓના પાણી ઉમેરાય તોપણ સમુદ્ર ક્યારેય છલકાતો નથી કે ૧૨-૧૨ વર્ષના દુષ્કાળ પડે તોપણ સમુદ્ર ક્યારેય તળાવની જેમ સૂકાઈ જતો નથી. સમુદ્રના એ અગાધ સ્વભાવની સમીપ જઈને સમુદ્રને દેખતાં એકમાત્ર નિયતપણું જ સત્યાર્થ છે, અનિયતપણું ભ્રામક ભાસવાથી અભૂતાર્થ છે. તેવી રીતે જીવની શક્તિઓના અવિભાગ-પ્રતિચ્છેદની અપેક્ષાએ વિચારતાં જીવનું અનિયતપણું–વધઘટપણું-અનિશ્ચિતપણું ભૂતાર્થ છે, સત્યાર્થ છે. તોપણ, અવિભાગપ્રતિચ્છેદના વધઘટપણા વખતે જ પૂરણ પૂરણ પૂરણ એકરૂપ આત્મસ્વભાવને લક્ષમાં લઈને જોતાં એકમાત્ર નિયતપણું જ સત્યાર્થ છે, અનિયતપણું અસત્યાર્થ છે.

(૪) હવે આચાર્યદેવ જીવને ગુણભેદ હોવાનું શુદ્ધનય નિષેધે છે તે વાત સુવર્ણના દૃષ્ટાંતથી સમજાવે છે કે સુવર્ણમાં રહેલા પીળાશ, ચીકાશ, ભારેપણું આદિને લક્ષગત્ કરીને સુવર્ણને દેખવામાં આવે તો ગુણરૂપ ભેદોથી જે વિશેષપણું અનુભવાય છે તે ભૂતાર્થ છે, સત્યાર્થ છે. તોપણ જેને સુવર્ણનો ભોગવટો કરવો છે તે સુવર્ણને તેના ગુણભેદોથી નહીં દેખતાં એકલા સુવર્ણને તેના સ્વભાવની સમીપ જઈને જ દેખતો હોવાથી અવિશેષપણું જ અનુભવાતું હોવાથી અવિશેષપણું સત્યાર્થ છે, ભૂતાર્થ છે અને તે જ કાળે ગુણભેદરૂપ વિશેષપણું અસત્યાર્થ છે. તેવી રીતે આત્માને તેના જ્ઞાન, દર્શન આદિ અનેક ગુણોથી દેખવા જતાં આત્માનું વિશેષત્વ ભૂતાર્થ છે, તોપણ તે અનંતા ગુણો જેમાં એકરૂપપણે અભેદ થઈ ગયા છે એવા આત્મસ્વભાવની સમીપ જઈને એટલે કે એકરૂપ ચૈતન્યસ્વભાવને લક્ષગત્ કરીને દેખતા

એકમાત્ર અવિશેષપણું સત્યાર્થ હોવાની અનુભૂતિ થાય છે અને તેથી તે કાળે ગુણભેદરૂપ વિશેષપણું અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

(૫) શુદ્ધનયના વિષયભૂત શુદ્ધાત્માને અસંયુક્તપણું કઈ રીતે છે તે સમજાવતાં પાણીનું દૃષ્ટાંત આપે છે કે અગ્નિનું નિમિત્તપણું જેને છે એવા પાણીને ઉષ્ણપણાની દૃષ્ટિથી દેખવાથી ઉષ્ણપણું ભૂતાર્થ છે, કેમ કે પાણીમાં ઉષ્ણપણાનો અનુભવ થાય છે. તોપણ, એકાંત શીતળતારૂપ જળના સ્વભાવની સમીપ જઈને અનુભવતાં એકલું શીતળપણું સત્યાર્થ છે, ઉષ્ણપણું અસત્યાર્થ છે. ઉષ્ણ જળના કાળે જળના સ્વભાવને લક્ષગત્ કરીને જોતાં જળ શીતળતારૂપ અનુભવાય છે માટે શીતળપણું જ ભૂતાર્થ છે, ઉષ્ણપણું અભૂતાર્થ છે. ઉષ્ણ જળના ઉષ્ણપણાના અનુભવકાળે પણ જળનો શીતળસ્વભાવ સદાય હયાત જ રહે છે, શીતળપણું ક્યારેય વિલય પામતું જ નથી. એકલા ઉષ્ણપણાની દૃષ્ટિથી જોતાં, જળનો સ્વભાવ સદાય શીતળ હોવા છતાં, જળ જાણે કે ઉષ્ણરૂપ જ હોય તેવો ભ્રમ ઊભો થાય છે. પરંતુ ઉષ્ણ જળને અગ્નિ ઉપર રેડતાં અગ્નિની ઉષ્ણતામાં વધારો થવાને બદલે અગ્નિ શાંત થઈ જાય છે; અગ્નિનું નિમિત્તપણું દૂર થતાં જળનું ઉષ્ણપણું ટકી રહેતું નથી; કારણ કે ઉષ્ણતા વખતે પણ જળનો સ્વભાવ તો શીતળ જ રહ્યો છે. તેથી અગ્નિના નિમિત્તે જળમાં સંયુકત થયેલું ઉષ્ણુપણું અભૂતાર્થ છે, અસંયુક્તપણું સત્યાર્થ છે. તેવી રીતે કર્મના નિમિત્તે થતાં રાગ-દ્વેષ-મોહાદિ પરિણામો સહિત આત્મા સુખદુઃખરૂપ દેખાય છે. તેથી આત્માને મોહાદિથી સંયુક્તપણું સત્યાર્થ છે. તોપણ, જે પોતે એકાંત બોધિબીજરૂપ સ્વભાવ છે એટલે કે જે પોતે સદાય જ્ઞાનઘન ચૈતન્યપિંડરૂપ સ્વભાવ છે તેની સમીપ જઈને જોતાં અર્થાત્ સ્વભાવને લક્ષગત્ કરીને આત્માને દેખતાં મોહાદિથી અસંયુક્તપણું અનુભવી શકાય છે માટે આત્માનું અસંયુક્તપણું સત્યાર્થ છે.

અહીં આત્માનું જે પાંચ પ્રકારે અનેકપણું હોવાનું અભૂતાર્થ કહીને, અસત્યાર્થ કહીને નિષેધ્યું છે તે અનેકપણું પર્યાયદૃષ્ટિથી જોતાં છે ખરું, કાંઈ ગધેડાના શિંગડાની જેમ અસત્યાર્થ નથી. તોપણ અનાદિ અજ્ઞાનથી અપ્રતિબુદ્ધ જીવ પોતાને માત્ર અનેકપણારૂપ જ માની રહ્યો હોવાથી તેને શુદ્ધનયના વિષયભૂત શુદ્ધાત્માની અનુભૂતિ થતી નથી. વળી શુદ્ધાત્માના સ્વભાવની સમીપ જઈને દેખતાં સ્વભાવમાં તે પાંચેય પ્રકારનું અનેકાકારપણું સર્વથા જણાતું જ નથી. એ રીતે શુદ્ધાત્માની અનુભૂતિ કરાવવાના પ્રયોજનથી તેમ જ આત્મ-સ્વભાવમાં તે અનેકાકારપણું સર્વથા ન જ જણાતું હોવાથી તે પાંચેય પ્રકારના અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ વ્યવહારનયના વિષયને અહીં અભૂતાર્થ અને અસત્યાર્થ કહીને એકાકાર શુદ્ધાત્મસ્વભાવને

બતાવ્યો છે કે જેનો અનુભવ કરવાથી જિજ્ઞાસુ શ્રોતાનું અપ્રતિબુદ્ધપણું ટળી જાય છે.

વિસ્તારથી વિચારીયે તો અજ્ઞાનીને નિરંતરપણે ૧. હું કર્મથી બંધાયેલો હોવાથી સંસારી છું. ૨. હું મનુષ્ય છું, દેવ છું ઇત્યાદિ. ૩. હું રાગી-દ્વેષી-મોહી, સુખી-દુઃખી છું— એવી એકમાત્ર અનુભૂતિ વર્તતી હોય છે. તેથી અહીં આચાર્યદેવે જુદા જુદા સરળ ને સુગમ દૃષ્ટાંત દ્વારા સમજાવ્યું છે કે તારું એવું અનુભવવું અસત્યાર્થ છે, જૂઠું છે. તું ક્યારેય કર્મથી સ્પર્શાયેલો પણ નથી તો કર્મથી બંધાયો ક્યાંથી હોય? તું તો અનાદિ મુક્તસ્વરૂપી છો. બંધાયેલો હોય તેને મુક્ત થવાનું કહેવાય. તું તો સદાય મુક્તસ્વરૂપી જ છો, માટે હું મુક્તસ્વરૂપી જ છું એટલો જ સ્વીકાર કરવાનો તારે પુરુષાર્થ કરવાનો છે. કર્મને છોડવા-મૂકવા આદિ માટેનો તારે કોઈ પુરુષાર્થ કરવાનો જ નથી ને! કેમ કે કર્મ તો છૂટા જ રહ્યા છે. વળી હું દેવ, હું મનુષ્ય એમ ગતિની યોગ્યતારૂપ પર્યાય જેટલો જ તને માની રહ્યો છો પણ એ જુદી જુદી પર્યાયોના ભેદોથી ક્યારેય નહીં ભેદાયેલો એવો એક ચૈતન્યાકાર સદાય હોવાથી, હું નથી મનુષ્ય કે નથી દેવ, હું કોઈ ગતિમાં જ નથી ને! વળી હું સુખી-દુઃખી, હું રાગી-દ્વેષી-મોહી એવી મિથ્યા માન્યતાના કારણે—સ્વભાવમાં જે સદાય છે જ નહીં તેવો માનવારૂપ મિથ્યા માન્યતાના કારણે તો આ અનંત સંસારની પરિપાટી છે. તેથી કહે છે કે જે તારો સ્વભાવ છે તે જ તું છો, જે તારો સ્વભાવ નથી તે તું છો જ નહીં; પર્યાય અપેક્ષાએ કે સંયોગદૃષ્ટિએ જે હોય તે ભલે ને હો! સ્વભાવ-સમીપે જઈને તને દેખતાં જે દેખાય છે તે જ તું છો એમ હે શિષ્ય તું અનુભવ કર! એમ આચાર્યદેવે અહીં પાત્ર શ્રોતાને આદેશ દીધો છે. હે ભવ્ય! હું રાગી-દ્વેષી, હું મનુષ્ય આદિ કે હું સંસારી આદિ એ બધુંય તારા માટે અભૂતાર્થ છે, અસત્યાર્થ છે એટલે કે જેને અમે અનંતા સિદ્ધોને પોતામાં સ્થાપવાનું કહીને, હું વર્તમાનમાં સિદ્ધ જ છું એ વાત પાકી કરીને સાંભળવાનું કહેલું એવા હે શ્રોતા! બદ્ધસ્પૃષ્ટ આદિ પર્યાયગત્ પાંચેય ભાવો તારા સ્વભાવની અડખે-પડખે પણ ક્યારેય ચઢ્યા જ ન હોવાથી તે બધાય અભૂતાર્થ છે ને એકમાત્ર શુદ્ધનયના વિષયભૂત શુદ્ધાત્મા જ ભૂતાર્થ હોવાથી તેનો જ આશ્રય કર—એમ અહીં આચાર્યદેવ શ્રોતાને કહે છે.

જેના સંસાર-સાગરનો કિનારો સમીપવર્તી છે એવા જિજ્ઞાસુ માટે ૧૪મી ગાથા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. કેમ કે તેને આત્માની અનુભૂતિ—સમ્યક્ અનુભૂતિ પ્રગટ કરવાની જિજ્ઞાસા જાગી છે ને આચાર્યદેવ આત્માની અનુભૂતિની વિધિ અહીં સમજાવી રહ્યા છે. જીવને એમ રહ્યા કરે છે કે અમને તો પ્રગટપણે પ્રત્યક્ષરૂપે આત્મા સંબંધી એવો જ અનુભવ થઈ રહ્યો છે કે હું સંસારી છું, હું મનુષ્ય છું, હું રાગી-દ્વેષી-મોહી છું. તેથી આવા પ્રત્યક્ષ અનુભવ

વખતે જ હું તે બધાથી રહિતપણારૂપ છું એવો અનુભવ શી રીતે થઈ શકે? જેનો મને જે સમયે અનુભવ થઈ જ રહ્યો છે તે જ સમયે તેનાથી રહિતપણે હું હોવાનો અનુભવ શું થઈ શકે ખરો? થઈ શકે તો કેવી રીતે? ત્યારે આચાર્યદેવ અત્યંત સરળ, સુગમ અને અનુભાવ્ય એવા પાંચ દૃષ્ટાંતોથી અબદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોરૂપ વર્તમાનમાં જ હોવાની જીવને પ્રતીતિ ઊપજાવે છે.

અંગત રીતે બીજા દૃષ્ટાંતથી પણ વિચારીયે તો : કોઈ પુરુષ સ્ટેજ-શોમાં સ્ત્રીનો રોલ ભજવી રહ્યો હોય ત્યારે તેનો પહેરવેશ, વેશભૂષા, કૃત્રિમ અંગોપાંગ આદિ આબેહૂબ સ્ત્રી જેવા હોય છે. અરે! અરીસામાં પ્રતિબિંબ જોતાં તેને પણ ભ્રમ પડી જાય કે પોતે સ્ત્રી જ છે! અને સ્ટેજ-શોમાં કોઈ બીજા પુરુષ સાથે સ્ત્રીને યોગ્ય હાવભાવ, હાસ્યવિલાસ આદિ કરતાં તે બીજા પુરુષને પણ વાસના-વિકૃતિનો અહેસાસ થઈ જાય છે અને પ્રેક્ષકોને પણ તેવો અહેસાસ થઈ જાય છે. આટલી હદે તેનામાં સ્ત્રીપણું પ્રગટપણે પ્રત્યક્ષરૂપે હયાત હોવા છતાં તે જ વખતે તે પોતાના પુરુષગત્ સ્વભાવને લક્ષમાં લઈને પોતા વિશે વિચારે છે તો, અરે! વગર વિચાર્યે પણ, પુરુષત્વનો જ તેને અનુભવ થાય છે. પ્રત્યક્ષરૂપે સ્ત્રીપણારૂપ લાગવા છતાં તેને સતત પુરુષત્વ જ અનુભવાય છે. કારણ કે પ્રત્યક્ષ જણાતું સ્ત્રીપણું એ તો માત્ર ભ્રામક છે, દૃષ્ટિનો દોષ છે. પોતે તો સદાય પુરુષપણે જ અનુભવાઈ રહ્યો છે. તેવી રીતે બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચેય પ્રકાર જીવના સ્વાંગ છે, જીવનું મૂળભૂત સ્વરૂપ નથી. અશુદ્ધતાજન્ય એ પ્રકારો 'આબેહૂબ સ્ત્રી'ની માફક અનુભવાતા હોવા છતાં તેમાં જીવનું જીવપણું નથી. કેમ કે જેમ આબેહૂબ સ્ત્રીના બધા સ્વાંગો હોવા છતાં તેને બધા સ્વાંગો રહિતપણે જોતાં માત્ર પુરુષપણે જ જણાય છે, તેમ જે પાંચેય ભાવો જીવને અનાદિથી અનુભવાય રહ્યા છે તે ભાવોની હયાતીમાં જ જીવના મૂળભૂત સ્વભાવની દૃષ્ટિએ જોતાં અબદ્ધસ્પૃષ્ટત્વ આદિ પાંચેય ભાવોના એકાકારરૂપ જીવ હોવાનો વિશ્વાસ ઊપજે છે, ઊપજી શકે છે. તેથી સંસાર અવસ્થામાં, મનુષ્યપણામાં, રાગ-દ્વેષ આદિના અનુભવ વખતે જ તે સઘળાય ભાવોથી રહિત એવા આત્માની પ્રતીતિ થઈ શકે છે, એવા આત્માની અનુભૂતિ કરી શકાય છે. પૂજ્ય ગુરુદેવશ્રી પણ, બકરાંપણે પોતાને અનુભવી રહેલું બકરાંના ટોળામાં ભળી ગયેલું સિંહનું બચ્ચું, સિંહના સ્વભાવનું લક્ષ કરતાં તે જ વખતે સિંહપણે પોતાને અનુભવે છે—એ દૃષ્ટાંતથી બહુ સરસ રીતે જીવનું પરમાર્થ સ્વરૂપ સમજાવતાં હતા.

'સ્વભાવ-સમીપ જઈને જોતાં' – એ વાત પર આચાર્યદેવે ખૂબ જોર આપ્યું છે. છતાં અજ્ઞાનીને સ્વભાવ-સમીપ એટલે જાણે કે સિદ્ધાંતિક વાત હોવાથી સ્વીકારવું પડે પરંતુ તેનું ભાવભાસન કાંઈ ન આવે, જ્યારે સંયોગ-સમીપ જઈને અનાદિથી જે અનુભવી રહ્યો

છે-બદ્ધસ્પૃષ્ટત્વ આદિરૂપ તે જાણે કે પ્રત્યક્ષ-પ્રેકટીકલી-અનુભવ પૂર્વકનું યથાર્થ ભાવભાસન થઈ રહ્યાનો તેને અભિપ્રાય ઘૂંટાતો હોય છે. સ્વભાવ-સમીપ એટલે કે ૧૦૦ પેઢી પહેલાંના દાદાને બહુમાનથી જોવા જેવું અભિપ્રાયમાં અનુભવાતું હોય છે; ૧૦૦ પેઢી પહેલાં મારે દાદા ખરેખર હતા જ, તેમાં કોઈ શંકાને સ્થાન નથી છતાં તેનો સ્વીકાર એ તો માત્ર કાલ્પનિક કાર્ય થઈ જાય છે. તેમ, સ્વભાવ-સમીપમાં પણ જાણે એવું જ હોય તેમ અજ્ઞાનીને ભાસે છે. પણ ભાઈ! સ્વભાવ-સમીપ એટલે વર્તમાનમાં તને જેનું શિરછત્ર હયાત છે પણ તું પુત્ર-પત્નીના મોહે ભૂલી ગયો છે એવા વર્તમાનમાં હયાત દાદાનું બહુમાન કરવા જેવી વાત છે. અર્થાત્ સ્વભાવ-સમીપ એટલે બદ્ધસ્પૃષ્ટ આદિ ક્ષણિક ભાવોમય તને માનીને તું જેને ભૂલી ગયો છે એવો સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન રહેલો જે અબદ્ધસ્પૃષ્ટ આદિરૂપ ત્રિકાળી વસ્તુસ્વભાવ છે તે રૂપ તને જોવો. પરંતુ તને સંયોગદૃષ્ટિથી જ જોવાની એટલી ગહન આદત પડી ગઈ છે કે કાગડો ડાળી ઉપર બેઠો ને ડાળી તૂટી એ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થયું માટે કાગડાના વજનથી ડાળી તૂટી છે—એવું સંયોગદૃષ્ટિની આદતથી તને સમજાય રહ્યું છે. તેથી, ડાળ તૂટું-તૂટું થઈ રહી હતી તે તૂટવાનો કાળ પાકી ગયો ત્યારે કાગડો તો શું નાનકડી ચકલી બેસત તોપણ તૂટી પડવાની હતી એ વાત વસ્તુસ્થિતિના સ્વીકાર વિના—સ્વભાવ-સમીપ જઈને જોયા વિના—સમજી શકાતી નથી. સંયોગદૃષ્ટિથી જ જોવાની અનાદિની ભયંકર કૂટેવના કારણે, ડાળી તૂટવાનું વાસ્તવિક કારણ કાગડા સિવાય કાંઈક અન્ય હોવું જોઈએ એવો વિચાર પણ તને ઉદ્ભવતો નથી. તેથી આચાર્યદેવે ગહન દૃષ્ટાંત વડે સુગમ સિદ્ધાંત સમજાવતાં શ્રોતાને ફરમાન કર્યું કે સ્વભાવ-સમીપ જઈને જોવું! કમળપત્ર ચોવીશે કલાક જળથી ભીંજાયેલું દેખે છો ને! પણ જરા ઊંડાણથી જો ને! ચોવીશે કલાક પાંદડા ઉપર પડેલું પાણી, જમીન ઉપર પડેલાં પારાની જેમ, આમ-તેમ દડતું રહ્યું છે પરંતુ પાણીનો એક અંશમાત્ર પણ પાંદડામાં શોષાયો નથી! એટલે કે સંયોગદૃષ્ટિથી ભીંજાયેલું દેખાતું પાંદડું સતત જળથી અસ્પર્શાયેલું જ રહ્યું માલુમ પડે છે. સ્વભાવ-સમીપનો અર્થ ૧૦૦ પેઢી પહેલાંના દાદાનો સ્વીકાર કરવા જેવો નથી પરંતુ સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન રહેલો વસ્તુસ્વભાવ જોવો તેવો તેનો ગહન અર્થ છે. સ્વભાવ-સમીપ જઈને જોતાં આવડશે ત્યારે સંયોગદૃષ્ટિ કેટલી ભ્રામક હતી તે સમજાશે.

પ્રથમ ગાથા દ્વારા આચાર્યદેવે પાત્ર જિજ્ઞાસુ શ્રોતાને સિદ્ધત્વના આશીર્વચન આપીને સમયસાર-સ્વરૂપ શુદ્ધ આત્માનો ઉપદેશ આપવો શરૂ કરતાં, શ્રોતાએ જિજ્ઞાસાભાવે પ્રશ્ન કર્યો કે એવો શુદ્ધ આત્મા કોણ છે કે જે મારે જાણવો જરૂરી છે? ત્યારે આચાર્યદેવે કર્મસાપેક્ષ સમસ્ત અનેકાકારરૂપ પર્યાયોથી રહિત એકાકાર અભેદરૂપ એક જ્ઞાયકભાવ તું છો એ

વિસ્તારથી સમજાવતાં, શિષ્યે તેને અનુરૂપ પ્રશ્નો પૂછ્યા; જેના ઉત્તરથી શિષ્યની પાત્રતા અને જિજ્ઞાસા એટલે સુધી પહોંચી કે તેણે આચાર્યદેવને પ્રશ્ન કર્યો કે પ્રભુ! અમને કર્મથી બંધાયેલો, સંસારમાં રખડતો, રાગ-દ્વેષ-મોહથી સુખદુઃખ ભોગવતો આત્મા તો નિરંતર અનુભવાય રહ્યો જ છે, પરંતુ આપ હવે, એવા આત્માની અનુભૂતિ કઈ રીતે થાય કે જેનાથી અમારું અપ્રતિબુદ્ધપણું ટળે! તે બતાવો.

શ્રોતાના પ્રશ્નથી એટલું તો સ્પષ્ટ થઈ ગયું કે શ્રોતાને એ સમજાવવાની હવે જરૂર નથી કે પહેલાં તું નક્કી કર કે તું રાગ-દ્વેષ-મોહવાળો છો, રાગ તારામાં થાય છે, તારા લઈને થાય છે, તારે રાગ ટાળવાનો છે ઇત્યાદિ. સમર્થ આચાર્યદેવનો પાત્ર શ્રોતા એવો ન હોય કે તેને એવું સમજાવવું પડે કે રાગ તારો છે, તારામાં થાય છે!

સંસારથી ખરેખર થાકેલાં એવા પાત્ર શ્રોતાએ અંતરની નાભિમાંથી—હૃદયના ઊંડાણથી રુચિપૂર્વક પ્રશ્ન પૂછ્યો છે કે પ્રભુ! અમને એવા આત્માની—આપ કહેવા માગો છો, સમજાવવા માગો છો એવા આત્માની—અનુભૂતિ કઈ રીતે થાય? તે સમજાવો. શ્રોતાએ એમ નથી પૂછ્યું કે મારે કઈ રીતે રાગ ઘટાડવો? કઈ રીતે રાગ ટાળવો? રાગના નાશનો ઉપાય શું? એમ નાસ્તિથી શ્રોતાનો ઉપાડ નથી પરંતુ જે આત્માની અનુભૂતિ વિના હું અનાદિથી અજ્ઞાની રહ્યો છું તે આત્માની મને અનુભૂતિ કેવી રીતે થાય? એમ અસ્તિના ઉપાડથી પ્રશ્ન કર્યો છે.

શિષ્યની આટલી હદે તૈયારી દેખીને આચાર્યદેવે પાંચ દૃષ્ટાંતો વડે કેટલું અદ્ભુત સમજાવ્યું છે! કે ભાઈ! તને જે બદ્ધસ્પૃષ્ટત્વ આદિ પાંચેય ભાવોની અનાદિની અનુભૂતિ છે તે કાંઈ મૃગજળ જેવી કાલ્પનિક નથી, તે તે અપેક્ષાએ સત્યાર્થ છે, કેમ કે તે ભાવો છે ખરા, તેથી પાંચેય દૃષ્ટાંતોમાં પહેલાં શ્રોતાને અનુભૂતભાવોની અસ્તિ બતાવીને પછી શ્રોતાના મૂળભૂત પ્રશ્નનો ઉત્તર આપ્યો છે. અબદ્ધસ્પૃષ્ટત્વાદિરૂપ પાંચેય ભાવોના એકાકાર અભેદરૂપ શુદ્ધાત્માની અનુભૂતિ કેમ થાય! તે, પહેલાં જ સુગમ દૃષ્ટાંતને ઊંડાણથી સમજીને તેના સિદ્ધાંતનું એટલે કે સ્વરૂપનું ભાવભાસન કરે ત્યાં શુદ્ધાત્મ-અનુભૂતિ થઈ જાય તેવો સચોટ ઉપદેશ આચાર્યદેવનો છે.

જળ વિનાનું કમળ ક્યારેય ન હોવા છતાં, જળથી સદાય આલિંગિત કમળપત્ર હોવા છતાં, એ કમળપત્ર ઉપર રહેલું પાણી, જમીન ઉપર પડેલાં પારાની જેમ જ સદાય રહ્યું છે, ક્યારેય અંશમાત્ર પાણી પાંદડામાં શોષાયું નથી. બસ, આવી જ રીતે આ જીવ અનાદિથી ચતુર્ગતિની મધ્યમાં પંચ પરાવર્તનનું પરિભ્રમણ કરતો રહ્યો હોવા છતાં, ક્યારેય

ઔદયિક ભાવો વિના રહ્યો ન હોવા છતાં એટલે કે ઔદયિકભાવોની મધ્યમાં રહ્યો હોવા છતાં, પાણીમાં તેલનાં ટીપાંની જેમ, જમીન ઉપર પડેલાં પારાની જેમ, પંકજપત્ર ઉપર રહેલાં જળબિંદુની જેમ, સદાય તેનાથી ભિન્નત્વ ધારણ કરીને જ રહ્યો છે. તે તે ઔદયિકભાવોની ઉપસ્થિતિમાં તે તે ભાવોથી સર્વાંગપણે ભિન્નત્વભાવે જ જે રહ્યો છે તે તું જ છો. કષાય આદિ ભાવો વખતે જ તે તે ભાવોથી ભિન્નપણે જે અનુભવાય છે તે જ્ઞાયક જ તું છો. આમ, પહેલાં દૃષ્ટાંતમાં જ શુદ્ધાત્માની અનુભૂતિ થઈ શકે છે તેવી પ્રતીતિ ઊપજાવી છે.

જેવી રીતે દોરીમાં રહેલી સરકણી ગાંઠને જોતા દોરી ગાંઠ સહિત ભાસે છે, પરંતુ દોરીના યથાર્થ સ્વરૂપને દેખવું હોય તો દોરીના બંને છેડા ખેંચતા સરકણી ગાંઠ ક્યાં અદૃશ્ય થઈ જાય છે તે પણ માલૂમ પડતું નથી એટલે કે દોરીના મૂળ સ્વરૂપમાં ગાંઠની હયાતી જ નથી તેમ જણાય છે. તેવી રીતે બદ્ધસ્પૃષ્ટ આદિ વર્તમાન અવસ્થારૂપ પાંચ ભાવોને દેખતા તે ભાવો ભલે જણાય છે, તોપણ તે ક્ષણિક નાશવાન એક સમયની પર્યાયરૂપ ભાવો ત્રિકાળ એકરૂપ ચૈતન્યસ્વભાવની સમીપ જઈને જોતાં તેમાં દોરીની સરકણી ગાંઠની માફક જણાતા નથી માટે બદ્ધસ્પૃષ્ટ આદિ રહિત અબદ્ધસ્પૃષ્ટ આદિ ભાવોથી એકરૂપ આત્માની અનુભૂતિ થઈ શકે છે. જેમ દોરીની સરકણી ગાંઠનું કોઈ ઠોસ–મજબૂત સ્વરૂપ જ નથી, તેમ જીવમાં જણાતા આ ક્ષણિક પાંચેય ભાવોનું ઠોસ કાયમી સ્વરૂપ જ નથી, તેથી કાયમી એકરૂપ આત્મસ્વભાવની સમીપ જઈને જોતાં એ ભાવો જણાતા જ નથી, માટે અબદ્ધસ્પૃષ્ટ આદિ ભાવોરૂપ આત્માની અનુભૂતિ થઈ શકે છે.

એ રીતે અહીં ગાથામાં આચાર્યદેવ દ્વારા પ્રતિપાદિત વસ્તુવિષય મુમુક્ષુ માટે અત્યંત ઊંડા-ગંભીર મંથનનો વિષય છે. કેમ કે અહીં સમયસારસ્વરૂપ શુદ્ધાત્માની અનુભૂતિની વિધિ સમજાવવામાં આવી છે. આ વસ્તુવિષયનું જેટલું ઊંડાણથી મંથન કરવામાં આવે તેટલી સ્વભાવની સમીપતા થતી થતી આત્માનુભૂતિ પ્રગટ થઈ જાય તેવો આ ગહન–ગંભીર ને મૂળભૂત ઉપદેશ છે.

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત આ ૧૪મી ગાથાની અત્યંત મહત્તા સમજાવતાં ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે પાંચ સુગમ દૃષ્ટાંતો દ્વારા વિસ્તારથી એ વસ્તુવિષય શ્રોતાને હૃદયંગમ કરાવ્યા બાદ સ્વયં કળશ ૧૧મા શ્રોતાને પ્રેરણા કરતાં કહે છે કે "જગતના પ્રાણીઓ એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે જ્યાં આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે તોપણ (તેમાં) પ્રતિષ્ઠા પામતા નથી, કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે અને આ ભાવો અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ

કરતાં નથી, ઉપર જ રહે છે. આ શુદ્ધ સ્વભાવ સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે. એવા શુદ્ધ સ્વભાવનો, મોહ રહિત થઈને જગત અનુભવ કરો...'' અહીં જાણે કે વિસ્તૃત ગાથા-ટીકાનો મર્મ ટીકાકારે મૂકી દીધો છે કે હે શ્રોતા! બદ્ધસ્પૃષ્ટત્વ આદિ જે ભાવોની અનાદિથી તને અનુભૂતિ હોવાથી તું તને એ ભાવોમય જ માની રહ્યો છો, એ ભાવો જેટલો જ તને માની રહ્યો છો તે તારું અજ્ઞાન છે. કેમ કે એ ભાવો આજ પર્યંત કદીય તારામાં પ્રવેશ જ પામ્યા નથી ને! જેમ જળમાં તેલનું ટીપું સદાય ઉપર ઉપર તરે છે, કદીય જળમાં પ્રવેશ પામતું નથી, તેમ તારા દ્રવ્યસ્વભાવમાં એટલે કે તારા અસ્તિત્વમાં એટલે કે તારામાં એ પાંચેય ભાવો–પર્યાયો કદીય પ્રવેશ પામ્યા જ નથી ને! તેઓ તો તારા દ્રવ્યસ્વભાવની ઉપર ઉપર જ તરે છે. એવો તારો શુદ્ધ દ્રવ્યસ્વભાવ સદાય સર્વ અવસ્થાઓમાં એટલે કે બદ્ધસ્પૃષ્ટત્વાદિ ભાવોની હયાતિમાં પણ તારો શુદ્ધ દ્રવ્યસ્વભાવ સદાય પ્રકાશમાન રહ્યો હોવાથી હે શ્રોતાજનો! તમે આજે જ એ દ્રવ્યસ્વભાવનો અનુભવ કરો.

હવે, ૧૫મી ગાથામાં લવણનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે કે કોઈ ભોજનનો રસિયો જુદા જુદા પ્રકારના શાક, દાળ, કઠોળ, ચટણી આદિ ખાવાની લોલુપતાના કારણે, જુદી જુદી વાનગીમાં નાખવામાં આવેલ મીઠું એક સમાન ક્ષારરસરૂપ હોવા છતાં, તે તે વાનગીના સંબંધ સહિતના ભિન્ન ભિન્ન સ્વાદયુક્ત મીઠું હોવાનો તેને સ્વાદ આવે છે પરંતુ ભિન્ન ભિન્ન વાનગીઓના ભિન્ન ભિન્ન સ્વાદ વખતે, વાનગીઓના સંબંધ રહિત મૂળભૂત જે મીઠું સર્વ વાનગીઓમાં નાખેલું છે તેનો એક સમાન ક્ષારરસ હોવાનો તેને આસ્વાદ આવતો નથી. કેમ કે તેને ભોજનની એટલી બધી ગૃદ્ધિ છે—ખાવાની એટલી લોલુપતા છે કે જુદી જુદી વાનગીઓના જુદા જુદા સ્વાદ વખતે પણ તે સર્વમાં રહેલ મીઠું તો એક સમાન ક્ષારરસયુક્ત છે તેવો તેને સ્વાદ આવતો નથી, પરંતુ જુદી જુદી વાનગીઓના જુદા જુદા સ્વાદયુક્ત મીઠાનો જુદો જુદો સ્વાદ આવે છે. તોપણ ખરેખર વિચારીયે તો જુદી જુદી વાનગીઓના જુદા જુદા સ્વાદથી અનુભવમાં આવતું જે મીઠું છે તે જ સામાન્યરૂપે ખારાપણે અનુભવમાં આવતું મીઠું છે. એટલે કે સ્વાદની લોલુપતાથી અનુભવમાં આવતું જે મીઠું છે તે અને લોલુપતા વિના વાનગીમાં રહેલ ક્ષારરસને ભિન્નપણે અનુભવમાં લેવામાં આવતું મીઠું તે બન્ને એક જ છે.

તેવી રીતે જ્ઞેય-લુબ્ધ જીવોને એટલે કે પરને જાણવાના લોલુપી જીવોને જ્ઞેયોને જાણવાકાળે જ્ઞેયોના ભેદોના કારણે ઊપજતાં ભિન્ન ભિન્ન જ્ઞેયાકારોમાં રહેલું સામાન્ય એકરૂપ જ્ઞાન અજ્ઞાનીને અનુભવાતું નથી, પરંતુ તે તે જ્ઞેયોથી ભિન્ન ભિન્નપણે ઊપજતું જ્ઞેયાકારરૂપ અનેકરૂપ જ્ઞાન તેનો જ તેને અનુભવ થાય છે. જેવી રીતે જુદી જુદી વાનગીઓના

સ્વાદયુક્ત અનુભવાતો ક્ષારરસ જાણે કે વાનગીઓના સ્વાદફેરે મીઠાની ખારાશમાં પણ ફેર હોવાનું ભોજનલોલુપીઓને અનુભવાતું હોવા છતાં ખરેખર તો દરેક વાનગીઓના સ્વાદફેરમાં રહેલ મીઠાનું ખારાપણું તો એક સમાન જેવું ને તેવું જ રહ્યું છે. તેવી રીતે જુદા જુદા જ્ઞેયોને જાણવાકાળે જ્ઞેયલુબ્ધ જીવોને જાણે કે જુદું જુદું જ્ઞાન જણાતું હોય તેમ ભાસે છે તોપણ ભિન્ન ભિન્ન જ્ઞેયાકારોમાં પ્રવર્તતું જ્ઞાન તો એકાકાર અભેદરૂપ જ રહ્યું છે. ખરેખર તો ભિન્ન ભિન્ન જ્ઞેયોને જાણવાકાળે ઊપજતાં જ્ઞેયાકારરૂપ ભિન્ન ભિન્ન જ્ઞાનાકારોમાં જે જ્ઞાન..જ્ઞાન..જ્ઞાનરૂપ એક જ્ઞાન અનુભવમાં આવે છે તે જ્ઞાન અને જ્ઞેયોના લક્ષરહિતપણાથી ઊપજતું જ્ઞાન એક જ છે. એટલે કે જ્ઞેયોના લક્ષ સહિત ઊપજતાં જ્ઞેયાકાર વખતે પણ ખરેખર તો એકાકાર જ્ઞાન જ અનુભવાય છે અને જ્ઞેયોના લક્ષ રહિત ઊપજતાં જ્ઞાનાકારો વખતે પ્રવાહરૂપ એકાકાર જ્ઞાન જ જણાઈ રહ્યું છે. અર્થાત્ જ્ઞેયસન્મુખના જ્ઞાન વખતે અને જ્ઞાનસન્મુખના જ્ઞાન વખતે એકધારાપ્રવાહરૂપ એકાકાર જ્ઞાન જ જણાઈ રહ્યું છે. તોપણ જ્ઞેયલુબ્ધ અજ્ઞાનીને એમ લાગે છે કે જુદા જુદા જ્ઞેયોને જાણવાકાળે ઊપજતાં જુદા જુદા જ્ઞેયાકારોના કારણે જુદા જુદા જ્ઞાનનો અનુભવ થઈ રહ્યો છે. જ્યારે જ્ઞેય-અલુબ્ધ જ્ઞાનીઓને તો પરજ્ઞેયોનું લક્ષ છોડીને જાણવામાં આવતા જ્ઞાનાકારોમાં એકરૂપ જ્ઞાન..જ્ઞાન..જ્ઞાનનો જ અનુભવ થાય છે.

અહીં આપવામાં આવેલું લવણનું દૃષ્ટાંત જરા અટપટું છે. અહીં દૃષ્ટાંતમાં એમ સમજાવ્યું છે કે ભોજનલુબ્ધ જીવો વાનગીઓના સ્વાદના ભેદે મીઠાને જુદા જુદા સ્વાદરૂપ અનુભવે છે. જેમ કે કારેલાંના સ્વાદવાળું લવણ જુદું લાગે, મરચાંના સ્વાદવાળું લવણ જુદું લાગે, ટમેટાના સ્વાદવાળું લવણ જુદું લાગે. જોકે ભોજનલુબ્ધ જીવો પ્રગટરૂપ એવું વિચારતા ન હોવા છતાં અવ્યક્તપણે તેને ભિન્ન ભિન્ન સ્વાદવાળું લવણ હોવાનું મનાય છે. તેવી રીતે જ્ઞેયલુબ્ધ અજ્ઞાનીઓને જુદા જુદા જ્ઞેયોને જાણવાકાળે આ શાસ્ત્રનું જ્ઞાન, આ પુત્રનું જ્ઞાન, આ ગુરુનું જ્ઞાન એમ જાણે કે જ્ઞાન તેનાથી ઊપજતું હોય તેમ જ્ઞેયભેદે અનેકાકારરૂપ જ્ઞાન અનુભવાતું હોવાથી, જ્ઞેયભેદે ઊપજતાં ભિન્ન ભિન્ન જ્ઞેયાકારોમાં પ્રવર્તતું જે એકધારાપ્રવાહરૂપ જ્ઞાન તે અજ્ઞાનીને અનુભવાતું નથી. પરંતુ જ્ઞાનીને તો જ્ઞેયોનું લક્ષ છોડીને, જ્ઞેયોની એકતા છોડીને અનુભવાતું જ્ઞાન એકાકારરૂપ અનુભવાય છે.

એ રીતે ભિન્ન ભિન્ન જ્ઞેયોને જાણવાકાળે ઊપજતાં જ્ઞેયાકારો વખતે, જ્ઞેયોનું લક્ષ છોડીને જોતાં તે તે જ્ઞેયાકારો માત્ર જ્ઞાનાકારો હોવાથી એકાકાર અભેદરૂપ એક જ્ઞાન જ અનુભવાય રહ્યું છે. તેથી આવી પ્રતીતિ જેને વર્તે છે એવા જ્ઞાનીને સર્વત્ર એક જ્ઞાનઘનપણાનો

જ આસ્વાદ આવે છે. અજ્ઞાનીને જ્ઞેયોમાં એકત્વબુદ્ધિ હોવાથી તથા જ્ઞેયના કારણે જ્ઞાન થતું હોવાની મિથ્યા માન્યતા હોવાથી તેને જ્ઞેયાકારરૂપ જ્ઞાન હોવાનો અનુભવ થાય છે.

બીજી રીતે વિચારીયે તો આબાળ-ગોપાળ—બાળકથી માંડીને ભગવાનને—સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં અજ્ઞાનીને પર સાથે એકતાબુદ્ધિ હોવાથી પર જણાઈ રહ્યું છે, પરંતુ હું જણાઈ રહ્યો છું એવું જ્ઞાન ઉદિત થતું નથી—એ વાત આગળ કહેવાશે—તેનો આ ગાથા સાથે મેળ કરીએ તો, અજ્ઞાની-જ્ઞાની સૌને સદાકાળ આત્મા જણાઈ રહ્યો છે–શી રીતે? કે પરજ્ઞેયોને જાણવાકાળે જે જ્ઞેયાકાર પરિણમન છે તે ખરેખર તો પર સંબંધીના જ્ઞાનનું જ્ઞાનાકાર પરિણમન છે. તેથી પરને જાણવાકાળે પણ એ જ્ઞેયાકાર જ્ઞાન જ્ઞાનાકારરૂપ હોવાથી જ્ઞાનાકાર જ્ઞાનનું જ અનુભવન થઈ રહ્યું છે. પરંતુ જ્ઞેયલુબ્ધતાને કારણે મને જ્ઞેય જણાઈ રહ્યા છે એમ જ્ઞેય તરફના લક્ષના કારણે, મારું જ્ઞાનાકાર જ્ઞાન જ પરિણમી રહ્યું છે, જ્ઞાનાકાર જ્ઞાન જ જણાઈ રહ્યું છે એમ સ્વજ્ઞેય તરફ લક્ષ થતું ન હોવાથી, જ્ઞાનાકાર જ્ઞાનનું અનુભવન હોવા છતાં અજ્ઞાનીને જ્ઞેય જણાઈ રહ્યા હોય એમ અનુભવાય છે. તેથી જાણનારો જણાઈ રહ્યો છે એવું જ્ઞાન અજ્ઞાનીને ઉદિત થતું નથી.

ત્યારબાદ ૧૭-૧૮ ગાથામાં આચાર્યદેવ દૃષ્ટાંતથી સમજાવે છે કે ધનની પ્રાપ્તિ એ જેનું પ્રયોજન છે એવો ધનાર્થી પુરુષ સૌ પ્રથમ તો બહુ પ્રયત્નપૂર્વક જાણે છે કે આ રાજા છે, વિશાળ ધન-સંપત્તિનો માલિક મહાદાની આ રાજા છે. એમ જાણીને પછી તે વાતનું પાકું શ્રદ્ધાન કરે છે, વિશ્વાસ કરે છે કે મેં જે આ રાજા વિશે જાણ્યું છે તે યથાર્થ જ છે માટે તેની સેવા કરવાથી મને જરૂર ધનની પ્રાપ્તિ થશે. એ રીતે બહુ પ્રયત્નો વડે સૌ પ્રથમ તો કોણ રાજા છે ને કેવો રાજા છે એ જાણ્યા બાદ વિશ્વાસ ઊભો કરે છે કે જરૂર આ રાજાની સેવા કરવાથી મને ધનની પ્રાપ્તિ થશે જ. આવો વિશ્વાસ આવવાથી તે ધનાર્થી પુરુષ રાજાની સેવા-ઉપાસના કરવા લાગે છે અને ત્યારે તેની સેવાથી પ્રસન્ન થયેલા રાજા પાસેથી ધનની પ્રાપ્તિ સંભવે છે. તે રીતે મોક્ષ જેનું પ્રયોજન છે એવા હે મોક્ષાર્થી પુરુષ! તારે જો મોક્ષની પ્રાપ્તિ કરવી હોય તો સ્વયં તું ગુરુગમે કે જિનવાણી થકી બહુ પ્રયત્ન પૂર્વક સૌ પ્રથમ તો આત્માને જાણ કે આત્મા સદાય મુક્તસ્વરૂપ હોવાથી તેની ઉપાસના કરવાથી મને મુક્તિ પ્રાપ્ત થશે. આવું જાણ્યા પછી આત્મા સંબંધી જાણેલાનું શ્રદ્ધાન કરજે, પ્રતીતિ કરજે કે હું ખરેખર સદાય મુક્તસ્વરૂપી જ આત્મા છું માટે તેની ઉપાસના કરવાથી મુક્તિ જરૂર થશે. આવી પાકી શ્રદ્ધા થયા બાદ તું એ આત્માની જ આરાધના–ઉપાસના કરજે. એ રીતે અપ્રતિબુદ્ધ શ્રોતાને સૌ પ્રથમ શું કરવું એ દૃષ્ટાંત વડે અહીં સમજાવ્યું છે.

હવે, ક્યાં સુધી જીવ અપ્રતિબુદ્ધ છે અને ક્યારે પ્રતિબુદ્ધ થાય તે વાત ૧૯મી ગાથામાં સુગમ દૃષ્ટાંતથી સમજાવતાં કહે છે કે જેવી રીતે 'આ ઘડો છે' એમ કહતાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણ તેમજ તેનું પહોળું પેટાળ, તળિયું આદિ આકારવાળી માટીથી બનેલો ઘડો છે એમ પુદ્‌ગલ સ્કંધરૂપ માત્ર અને તેના ગુણો ને આકારની એકપણારૂપ અનુભૂતિ થાય છે; 'ઘડો' કહેતાં જ માટી અને તેના ગુણો ને આકાર બધું જુદું-જુદું હોવાનું ભાસતું નથી પરંતુ બધું એકરૂપ ભાસે છે; તેવી રીતે 'આ હું છું' એમ કહેતાં દ્રવ્યકર્મ-નોકર્મ અને ભાવકર્મ કે જેઓ બધા પુદ્‌ગલના પરિણામ હોવાથી આત્માનો તિરસ્કાર કરનારા છે, તેમનામાં 'આ હું છું' એમ હુંપણાનો અનુભવ થાય છે અર્થાત્ જેઓ આત્માનો તિરસ્કાર કરનારા પુદ્‌ગલ-પરિણામ અને હું જુદા જુદા છીએ એમ ભાસતું નથી પણ તે જ 'હું છું' એમ ભાસે છે, માને છે, અનુભવે છે ત્યાં સુધી જીવ અપ્રતિબુદ્ધ છે એમ સમજવું.

અહીં એકદમ સુગમ દૃષ્ટાંત વડે એટલું બધું સચોટ સમજાવી દીધું છે કે જેમ 'ઘડો' કહેતાં જ તને માટીમાંથી બનેલો, તેના રંગ-રૂપને આકાર સહિતનો હોવાનું અનુભવાય છે તેમ 'જીવ' કહેતાં દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ કે જેઓ પુદ્‌ગલના પરિણામ છે, આત્માનો તિરસ્કાર કરનારા પરિણામ છે અર્થાત્ અત્યંત જુદા છે છતાં તેમનામાં તને હુંપણાનો અનુભવ થતો હોય તો ત્યાં સુધી તું અજ્ઞાની છો તેમ સમજજે; કેમ કે દ્રવ્યકર્મ-નોકર્મ અને તેના લક્ષે થતાં ભાવકર્મ તે બધા આત્માનો તિરસ્કાર કરનારા હોવાથી તેમનામાં તને હુંપણાની અનુભૂતિ થતી હોય તો તું ચોક્કસપણે અજ્ઞાની જ છો એમ સમજજે. એ રીતે અપ્રતિબુદ્ધની ઓળખાણમાં પણ, આત્મા અને આત્મ-તિરસ્કારીભાવોની ભિન્નતા વડે પ્રતિબુદ્ધ થવાય છે એ વાત પણ ગર્ભિતપણે સમજાવી દીધી.

ત્યારબાદ ક્યારે પ્રતિબુદ્ધ થાય તે વાત બીજા દૃષ્ટાંતથી સમજાવતાં કહે છે કે દર્પણમાં સ્વ અને પરને પ્રતિબિંબિત કરવા એ તેની સ્વચ્છતાનો સ્વભાવ છે. અરીસા સમક્ષ જેવું બિંબ—બરફ, અગ્નિ, મયૂર કે માણસ—હોય છે તેવું જ પ્રતિબિંબ પડે છે તે બિંબના કારણે પડતું નથી પણ અરીસાની સ્વચ્છતાના કારણે તેવું જ પ્રતિબિંબ અરીસામાં પ્રતિભાસે છે. ત્યારે પ્રશ્ન થાય કે જો સ્વચ્છતાના કારણે પ્રતિબિંબ પ્રતિભાસે છે, બિંબના કારણે નહીં, તો પછી જેવું બિંબ હોય તેવું જ પ્રતિબિંબ શા માટે? ભાઈ! અરીસાની સ્વચ્છતા કોને કહેવાય! જે ન હોય તે પ્રતિબિંબિત કરે તેને અરીસાની સ્વચ્છતા કહેવાય કે જે હોય તેવું પ્રતિબિંબિત કરે તેને અરીસાની સ્વચ્છતા કહેવાય! જેવું બિંબ હોય તેવું પ્રતિબિંબિત કરવું એમાં કાંઈ પરાધીનતા પણ નથી ને કાંઈ દોષ પણ નથી, એ તો અરીસાની સ્વચ્છતાનું જ

સ્વતંત્ર સામર્થ્ય છે. તેથી અરીસામાં પ્રતિભાસિત થતી અગ્નિ અને જ્વાળા એ અરીસાની સ્વચ્છતાનું જ સામર્થ્ય છે અને જે બિંબરૂપ અગ્નિ તથા જ્વાળા છે તે અગ્નિ જ છે; અરીસામાં એ અગ્નિની ઉષ્ણતા કે જ્વાળા પેઠા નથી, સ્પર્શ્યા પણ નથી.

તેવી રીતે જ્યારે અપ્રતિબુદ્ધ શ્રોતા સ્વયમેવ અથવા ગુરુ-ઉપદેશ વડે એવું જાણે છે કે સ્વ અને પરને જાણનારી જ્ઞાતૃતા એટલે કે જ્ઞાતાપણું પોતાનું જ છે અર્થાત્ સ્વનું જ્ઞાન અને દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મને જાણતું જ્ઞાન એ તો મારું જ જ્ઞાતાપણું છે, મારા જ જ્ઞાનનો સહજ સ્વતંત્ર સ્વભાવ છે. મારા જ્ઞાતાપણામાં જે ભાવકર્મો-દ્રવ્યકર્મો-નોકર્મો જણાયા તે, અરીસો અને અગ્નિની માફક, અત્યંત જુદા જ છે. ભાવકર્મ આદિને જાણતું જે જ્ઞાન છે તે જ્ઞાન તો મારો સ્વભાવ છે અને તેમાં જ્ઞેયરૂપ જે ભાવકર્માદિ છે તે મારાથી અત્યંત જુદા જ છે. એ રીતે જ્ઞેયોથી અત્યંત ભિન્ન એવો હું તો એક જ્ઞાયક જ છું એવા ભેદજ્ઞાન પૂર્વક જ્યારે આત્મ-અનુભૂતિ પ્રગટ થાય છે ત્યારે તે પ્રતિબુદ્ધ થાય છે, જ્ઞાની થાય છે.

આ રીતે, પ્રતિબુદ્ધ કઈ રીતે થવાય તે મૂળભૂત પ્રયોજન સુધી પહોંચ્યા પછી હવે ફરીથી સળંગ એક-એક દૃષ્ટાંત-સિદ્ધાંત વડે તેનું તાત્પર્ય શું છે તે વિશેષરૂપે સમજીએ :—

## પૂર્વરંગ

### [ગાથા : ૧]

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે જ્યાં પડઘો પડતો હોય ત્યાં જેવું વાક્ય બોલાય તેવો પ્રતિધ્વનિ (પડઘો) સંભળાય છે. જેમકે ‘તું પરમાત્મા છો’–એવું વાક્ય બોલતા ‘તું પરમાત્મા છો’–એમ પડઘો પડે છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે પંચમગતિને પ્રાપ્ત જે સિદ્ધભગવંતો છે તે નિકટભવ્ય શ્રોતાને માટે પ્રતિચ્છંદ–પ્રતિધ્વનિ–પડઘાના સ્થાને છે. સિદ્ધપણાના કારણે એ સિદ્ધ ભગવંતો, શ્રોતાને જે સાધ્ય આત્મા છે તેના પ્રતિચ્છંદના સ્થાને હોવાથી સિદ્ધભગવંતોના સિદ્ધત્વને લક્ષગત્ કરતાં, પોતે પણ એવો જ સિદ્ધ પરમાત્મા વર્તમાનમાં છે એવો અનુભવ થાય છે.

**તાત્પર્ય** :—જેમ કોઈને પોતાનું મોઢું કેવું છે એ જોવાની જિજ્ઞાસા જાગે તો અરીસામાં જોવાથી પોતાનું મોઢું જણાય છે. તેમ જે પાત્ર જિજ્ઞાસુ શિષ્યને ‘હું વર્તમાનમાં કેવો છું?’–એ જાણવાની જિજ્ઞાસા જાગે તો સિદ્ધ પરમાત્માનું સ્મરણ કરતાં–તેમનું સ્વરૂપ સમજતાં, પોતે વર્તમાનમાં તેવો જ પરમાત્મા હોવાની પ્રતીતિ થાય છે.

**વિશેષ** :—પ્રથમ ગાથામાં જ આચાર્યદેવે પાત્ર જિજ્ઞાસુને આદેશ કર્યો છે કે જો તું 'મારો આત્મા કેવો છે' એ જાણવાની જિજ્ઞાસાથી અમારી પાસે આવ્યો હો તો અમે તને કહીયે છીએ કે તું અનંતા સિદ્ધોને તારામાં સ્થાપીને અમારી વાત સાંભળજે એટલે કે અમારી વાત સાંભળીને તું જે સિદ્ધપણું પ્રગટ કરવાનો છો જ તે સિદ્ધપણું એ સિદ્ધભગવંતોમાં વર્તમાનમાં પ્રગટ હોવાથી તેની તારામાં સ્થાપના કરીને 'હું વર્તમાનમાં જ સિદ્ધ છું' એવા દૃઢ વિશ્વાસ પૂર્વક તું અમારી વાત સાંભળજે. કારણ કે જેને પ્રથમ ચોંટે જ 'હું સિદ્ધ જ છું' એવો સ્વીકાર આવે છે તે જ સિદ્ધ થવાને લાયક હોય છે. 'અરેરે! હું સંસારી છું, હું રાગી છું' એવો પામર જીવ પરમાત્મા થવાને લાયક પણ નથી.

## [ગાથા : ૪]

**દૃષ્ટાંત-સિદ્ધાંત (ગાથામાંથી)** :—જેવી રીતે કોઈ સતત ઘૂમતા ચક્રમાં કોઈ વસ્તુ સ્થિત હોય તો તે વસ્તુ નિરંતર તેના તે માર્ગે ભ્રમણ કરતી રહે છે. તેવી રીતે આ જીવલોક સંસાર-ચક્રમાં સ્થિત રહ્યો થકો નિરંતરપણે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ ને ભાવરૂપ અનંત પરાવર્તનોને લીધે ભ્રમણ કરતો રહ્યો છે.

વળી, જેવી રીતે કોઈ ભૂત આખા રાજ્ય ઉપર સત્તા જમાવીને લોકો પાસે બળદની જેમ અનેક પ્રકારના દુઃખ-ભાર વહેવરાવે છે, તેવી રીતે મોહરૂપી ભૂત સમસ્ત વિશ્વ ઉપર સત્તા જમાવીને અજ્ઞાની જીવો પાસે અનેક પ્રકારની આકૂળતા-વ્યાકૂળતારૂપી ભાર વહેવડાવે છે જેથી એ દુઃખદ ભારથી તેનામાં તૃષ્ણારૂપી રોગ ફાટી નીકળતાં અંતરંગમાં જે અસહ્ય પીડા ઊપજે છે તે સહન ન થતાં, તે બળતરાને સમાવવા, મૃગજળને જળ માની લેવાની જેમ, પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં શીતળતા માનીને ઇન્દ્રિયવિષયસમૂહમાં ઝંપલાવતો થકો રાગ-દ્વેષ-મોહરૂપ પોતાને અનુભવતો રહે છે અને પરસ્પર તેનો જ ઉપદેશ કરતો રહે છે. તેથી કષાયભાવોથી ભિન્નરૂપે જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે એવા આત્માને સ્વયં નહીં જાણતો હોવાથી તેમજ આત્મજ્ઞ સંતોનો પરિચય નહીં કર્યો હોવાથી શુદ્ધાત્માની ઉપલબ્ધિ અત્યંત દુર્લભ રહી છે.

**તાત્પર્ય** :—બંધનના કારણભૂત કામ-વિષયોની ઇચ્છા અને ભોગ—ભોગવવાનો ભાવ-એ બેની કથા તો આ જીવ અનંતકાળથી સાંભળતો-અનુભવતો-પરિચય કરતો આવ્યો હોવાથી અત્યંત સુલભ છે. પરંતુ બંધનથી મુક્ત થવાના કારણભૂત પોતાના શુદ્ધ આત્માને જાણવાની કે શુદ્ધાત્માની અનુભૂતિરૂપ અતીન્દ્રિય આનંદને ભોગવવાની કથાનું જ્ઞાન ન તો

પોતે સ્વયં કર્યું છે કે ન તો ગુરુગમે જાણ્યું છે માટે પરદ્રવ્યોથી ભિન્ન શુદ્ધાત્માનું એકત્વપણું અત્યંત દુર્લભ છે.

**વિશેષ** :—શ્રીમદ્ ભગવત્ કુંદકુંદ આદિ અનેક આચાર્યોના મહા કારુણ્યભાવ થકી રચાયેલાં અનેક જિનાગમોના માધ્યમથી, આ કાળે જગતના આશ્ચર્ય સમા કૃપાળુ ગુરુ કહાનના ધર્મપ્રતાપે, બંધન-મુક્તિના કારણભૂત પોતાના શુદ્ધાત્માનું સ્વરૂપ તથા શુદ્ધાત્માની અનુભૂતિની વિધિ સમજવી જિજ્ઞાસુઓને અતિ સુલભ બની છે અર્થાત્ શુદ્ધાત્માના એકત્વની જે કથા દુર્લભ છે તે કથા, શ્રીગુરુના પરમ પ્રસાદથી સાંભળવી તથા સમજવી તો જિજ્ઞાસુઓને સુલભ બની છે; માત્ર તે કથા પરિચિત કરવી એટલે કે શુદ્ધાત્માની અનુભૂતિ કરવી દુર્લભ રહી છે; હવે ભવ્ય શ્રોતા તે દુર્લભતા સુલભ બનાવી લેશે.

## [ગાથા : ૬]

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે બળવાયોગ્ય પદાર્થના આકારે થવાથી અગ્નિને બાળનાર કહેવાય છે તોપણ દાહ્યકૃત–બળવાયોગ્ય–પદાર્થની તેને અશુદ્ધતા નથી. અર્થાત્ છાણા-લાકડા-અડાયા આદિને અગ્નિ બાળતી હોવાથી, છાણાનો અગ્નિ ઇત્યાદિ નામ પામવા છતાં છાણા આદિની અશુદ્ધતા અગ્નિને નથી, કેમ કે દાહ્યપદાર્થોનું દહન કરતી અગ્નિ દાહ્યપદાર્થપણે નહીં પરિણમતી થકી અગ્નિરૂપ જ પરિણમતી રહે છે તેથી અગ્નિને દાહ્યકૃત અશુદ્ધતા સંભવતી નથી.

**સિદ્ધાંત** :—તેવી રીતે જણાવાયોગ્ય પદાર્થોના જ્ઞેયાકારે થવાથી તે ભાવને–જાણનારને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. ભિન્ન ભિન્ન જ્ઞેયોને જાણવારૂપે પરિણમતા જ્ઞાનને જ્ઞેયાકાર નામ પડવા છતાં તે જ્ઞાન પોતાના જ્ઞાનાકારરૂપ જ પરિણમતું રહ્યું હોવાથી, પરમાં તન્મય થવારૂપ અશુદ્ધતા જ્ઞાનમાં વ્યાપતી નથી કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં પણ,—જે રીતે સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં જ્ઞાયક તો જ્ઞાયક જ છે તેમ,—જ્ઞાયક તો જ્ઞાયકપણે જ જણાયો છે.

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે ઘટપટાદિને પ્રકાશવાકાળે દીવો તો દીવો જ છે અને પોતાને–પોતાની જ્યોતિરૂપ શિખાને–પ્રકાશવાની અવસ્થામાં પણ દીવો તો દીવો જ છે. ઘટપટાદિ પ્રકાશવાથી દીવો ઘટપટાદિકૃત અશુદ્ધતા પામતો નથી.

**સિદ્ધાંત** :—તેવી રીતે જ્ઞેયોને પ્રકાશવાકાળે જ્ઞાયક તો જ્ઞાયક જ છે અને સ્વરૂપપ્રકાશનની અવસ્થાકાળે પણ જ્ઞાયક તો જ્ઞાયક જ છે. પર-પ્રકાશનથી જ્ઞાયક જ્ઞેયકૃત અશુદ્ધતા પામતો નથી. જ્ઞાયક તો સર્વ અવસ્થામાં જ્ઞાયક જ છે.

**તાત્પર્ય** :—પર જ્ઞેયોને જાણવાકાળે જ્ઞેયની સાપેક્ષતાથી કથન કરવામાં આવે તો તે જ્ઞાનને જ્ઞેયાકાર એવું નામ અપાતું હોવા છતાં ખરેખર તો તે જ્ઞાન જ્ઞાનાકારરૂપ જ પરિણમી રહ્યું હોવાથી, જ્ઞેયોનો જ્ઞાનમાં પ્રતિભાસ થવાકાળે 'આ હું જાણનારો છું તે હું જ છું, અન્ય કોઈ નથી'–એમ જ્ઞાયક જ જણાઈ રહ્યો હોવાથી જ્ઞેયકૃત અશુદ્ધતા ઉદ્‌ભવતી નથી, કેમ કે પરપ્રકાશનકાળે અને સ્વપ્રકાશનકાળે જ્ઞાન તો જ્ઞાનાકાર જ પરિણમતું થકું, બન્ને અવસ્થામાં 'આ હું જાણનારો છું એ જ હું છું'–એમ જ્ઞાનાકાર વડે જ્ઞાયકનો અભેદપણે અનુભવ કરતાં જ્ઞાયક તો સદાય જ્ઞાયક જ છે.

**વિશેષ** :—જ્ઞેયાકારરૂપ પરિણમી રહેલું જ્ઞાન પણ, સ્વજ્ઞાનાકારરૂપ પરિણમી રહેલા જ્ઞાનની જેમ, જ્ઞાયકને જ પ્રસિદ્ધ કરે છે. તેથી જ અહીં કહ્યું કે "જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપ-પ્રકાશન અવસ્થામાં પણ જ્ઞાયક જ છે." બહુ વિચારીયે તો જ્ઞેયાકાર અવસ્થા વખતે ખરેખર તો જ્ઞાનમાં તે જ્ઞેય સંબંધીનું જ્ઞાન પોતે જ જણાઈ રહ્યુ છે; પરંતુ જ્ઞાનના વિવિધ જ્ઞાનાકારોને ભેદ પાડીને સમજવા માટે જ્ઞેયોની સાપેક્ષતાથી જોવામાં આવે છે કે કેવા પ્રકારનો જ્ઞાનાકાર છે. જ્ઞાનાકારના વિવિધ ભેદોનું લક્ષ ન કરવામાં આવે તો એકાકાર ધારાપ્રવાહરૂપ પરિણમતું જ્ઞાન માત્ર જ્ઞાયકને જ પ્રસિદ્ધ કરે છે. અર્થાત્ જ્ઞાનાકારના વિવિધ ભેદોને લક્ષમાં ન લેતાં, એકાકાર જ્ઞાનને જ ગ્રહણ કરતાં, એકાકાર જ્ઞાનમાં અભેદપણે જ્ઞાયક જ જણાતો હોવાનું અનુભવાય છે. એ રીતે જ્ઞેયાકાર વખતે પણ 'હું તો એકાકાર જ્ઞાનરૂપ જ્ઞાયક જ છું' એવું અસ્તિનું જોર આવતાં, અસ્તિના લક્ષમાં–એકાગ્રતામાં અનુભૂતિ થઈ જાય છે.

## [ગાથા : ૮]

**દૃષ્ટાંત (ગાથામાંથી)** :—જેમ કોઈ મ્લેચ્છને કોઈ બ્રાહ્મણ 'સ્વસ્તિ' શબ્દ કહે તો મ્લેચ્છની તે ભાષા ન હોવાથી કૂતુહલતાથી ટગટગ જોયા કરતો હોય ત્યારે બન્ને ભાષા જાણનારો બીજો કોઈ તે મ્લેચ્છને સમજાવે કે તારું અવિનાશી કલ્યાણ થાઓ–એમ કહેવાય છે, ત્યારે 'સ્વસ્તિ'નો ભાવ સમજતાં તે મ્લેચ્છ અત્યંત આનંદિત થતાં તેના નેત્રો આંસૂથી ઉભરાય જાય છે. એ રીતે મ્લેચ્છભાષા બ્રાહ્મણની ભાષાને સમજાવનાર હોવાથી મ્લેચ્છભાષા જાણવાયોગ્ય હોવા છતાં મ્લેચ્છ થવું યોગ્ય નથી.

**સિદ્ધાંત** :—તેમ કોઈ વ્યવહારીજનને 'આત્મા' શબ્દ કહેતાં તે આત્માના સ્વરૂપને સમજતો ન હોવાથી જિજ્ઞાસાપૂર્વક ટગટગ આંખો ફાડીને જોયા કરે છે ત્યારે કહેનાર અથવા બીજો કે જેઓ વ્યવહાર અને નિશ્ચય બન્નેના જાણકાર છે તેઓ, દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત

હોય તે આત્મા–એમ આત્માનું સ્વરૂપ સમજાવતાં, તે વ્યવહારીજન 'આત્મા' શબ્દના મર્મને પામી જતાં અત્યંત આનંદના તરંગો ઉછળવા લાગે છે. એ રીતે વ્યવહારીજનને સમજાવવા માટે વ્યવહારનય સ્થાપવા યોગ્ય હોવા છતાં, જેમ બ્રાહ્મણે મ્લેચ્છ થવું યોગ્ય નથી, તેમ વ્યવહારનય આદરવા યોગ્ય નથી; ભલે તે પરમાર્થનો પ્રતિપાદક હો!

## [ગાથા : ૧૧]

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ ઢંકાઈ ગયો છે તેવા જળનો અનુભવ કરનારા પુરુષોમાંથી, ઘણાને તો જળ અને કાદવની ભિન્નતાનો વિવેક નહીં હોવાથી તેઓ તો જળને મલિન જ અનુભવે છે; પણ કેટલાક પુરુષો પોતાના હાથથી નાખેલી નિર્મળી ઔષધીના પડવામાત્રથી, જળ અને કાદવની ભિન્નતાનો વિવેક ઊપજતાં, પોતાના પુરુષાર્થ વડે પ્રગટ કરવામાં આવેલા સહજ એક નિર્મળભાવપણાને લીધે, જળને નિર્મળ જ અનુભવે છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે તેવા આત્માનો અનુભવ કરનાર પુરુષોમાંથી, ઘણા તો આત્મા અને કર્મની જુદાઈનો વિવેક નહીં કરનારા, વ્યવહારથી વિમોહિત હૃદયવાળા, આત્માને જેમાં ભાવોનું અનેકરૂપપણું પ્રગટ છે એવો અનુભવે છે; પણ ભૂતાર્થદર્શીઓ પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી ઊપજેલા આત્મા અને કર્મના ભિન્નપણાને લીધે આત્માને જ્ઞાયકરૂપ અનુભવે છે.

**તાત્પર્ય** :—અનાદિના મિથ્યાત્વને લઈને જેનો સહજ એક જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે એવા અશુદ્ધ આત્માને અનુભવનારા અજ્ઞાનીઓ, આત્મા અને રાગાદિની ભિન્નતાના અવિવેકને લઈને, વ્યવહારથી વિમોહિત થયા થકા આત્માને અશુદ્ધ અનુભવે છે, પરંતુ ભૂતાર્થદર્શીઓ પોતાના પુરુષાર્થ વડે શુદ્ધનયનો આશ્રય કરતા થકા આત્માને રાગાદિથી ભિન્ન એક સહજ જ્ઞાયકભાવરૂપ અનુભવે છે. માટે શુદ્ધનય આશ્રય કરવાયોગ્ય છે અને વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી છોડવા લાયક છે, આશ્રય કરવાયોગ્ય નથી.

## [ગાથા : ૧૨]

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે કોઈ પુરુષ સોળવલું (૨૪ કેરેટ) સુવર્ણ ભોગવે છે તેમને અશુદ્ધ સુવર્ણનો અનુભવ નહીં હોવાથી સુવર્ણની અશુદ્ધતા જાણવાનું કાંઈ પ્રયોજન રહ્યું નથી. પરંતુ જેમને સોળવલું સુવર્ણ પ્રાપ્ત થયું નથી ત્યાં સુધી અગ્નિની આંચ આપતો થકો સુવર્ણને ક્રમશઃ શુદ્ધ કરતો જાય છે તેને તો તે પ્રક્રિયા વખતે કેટલી શુદ્ધતા

પ્રગટી ને કેટલી અશુદ્ધતા સુવર્ણમાંથી ટળી એ જાણવા પૂરતું, ૧૨વલું-૧૪વલું એવા ભેદોનું જાણપણું તે પ્રક્રિયા વખતે પ્રયોજનભૂત છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે જેમને શુદ્ધનયનો પૂરો આશ્રય પ્રગટવાથી પૂરણ શુદ્ધાત્માનો અનુભવ થઈ રહ્યો છે તેમને નીચલી ભૂમિકામાં રહેલા અશુદ્ધતાના ભેદો જાણવાનું કાંઈ પ્રયોજન રહ્યું નથી. પરંતુ જેઓને પૂરણ શુદ્ધાત્માનો અનુભવ પ્રાપ્ત થયો નથી તેવા નીચલી ભૂમિકાવાળા જીવો શુદ્ધનયના વિશેષ વિશેષ આલંબન પૂર્વક શુદ્ધિની વૃદ્ધિ કરતા જાય છે તેમને પ્રગટેલી શુદ્ધિ અને બાકી રહેલી અશુદ્ધિના જાણવાના વિકલ્પ પૂરતો અપૂરણદશાના ભેદોરૂપ વ્યવહારનય, તે ભેદોને જાણવાના વિકલ્પ વખતે જાણેલો પ્રયોજનવાન છે. તોપણ શુદ્ધનયના આશ્રયથી જ અપૂરણદશાના ભેદોને ઓળંગતો જતો હોવાથી, વ્યવહારનય નીચલી ભૂમિકામાં 'કોઈ કોઈને કોઈ વખતે' જાણવા પૂરતો પ્રયોજનવાન છે. 'કોઈ કોઈને કોઈ વખતે' એમ કહેવામાં બહુ વજન છે. ભરતચક્રીએ સવારે દીક્ષા લીધી ને સાંજ પહેલાં કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું; ગજસુકુમારે દીક્ષા લીધી, સ્મશાનમાં જઈને ધ્યાન કર્યું ને તરત જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, તેમને શુદ્ધિ-વૃદ્ધિ આદિ જાણવાનું પ્રયોજન ન રહ્યું. તેથી વ્યવહારનય નીચલી ભૂમિકામાં પણ કોઈ કોઈને તે કાળે જાણવા પૂરતો પ્રયોજનવાન હોવા છતાં, માત્ર શુદ્ધનય જ અંગીકાર કરવાયોગ્ય છે, વ્યવહારનય છોડવા યોગ્ય છે.

## [ગાથા : ૧૪]

[હવે, શુદ્ધ આત્માની અનુભૂતિ કેમ થાય? તે પાંચ દૃષ્ટાંતોથી સમજાવે છે :—]

**દૃષ્ટાંત-૧ (ટીકામાંથી)** :—જેવી રીતે કમળનું પત્ર જળમાં ડૂબેલું હોવાથી તેનો જળ સાથે સ્પર્શાવારૂપ અવસ્થાથી દેખતાં કમળપત્રને જળનું સ્પર્શાવાપણું ભૂતાર્થ છે, સત્યાર્થ છે, તોપણ કમળપત્રના સ્વભાવની સમીપ જઈને દેખતાં જળથી નહીં સ્પર્શાયેલાં કમળપત્રને જળથી સ્પર્શાવાપણું અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે અનાદિકાળથી એકક્ષેત્રાવગાહે રહેલાં કર્મપુદ્ગલથી બંધાયેલા આત્માનો પુદ્ગલકર્મથી બંધાવા-સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટત્વ ભૂતાર્થ છે, સત્યાર્થ છે, તોપણ પુદ્ગલકર્મથી જરાય નહીં બંધવા-સ્પર્શાવારૂપ આત્મસ્વભાવની સમીપ જઈને આત્માનો અનુભવ કરતાં, બદ્ધસ્પૃષ્ટત્વ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

**તાત્પર્ય** :—જેમ સંયોગદૃષ્ટિથી દેખતાં કમળપત્ર ભીંજાયેલું દેખાય છે, તોપણ તેના સ્વભાવ-સમીપ જઈને દેખતાં, કમળપત્ર ઉપર રહેલ જળબિંદુ, પારાની જેમ આમતેમ

દડતું રહ્યું થકું અંશમાત્ર પણ કમળપત્રમાં શોષાવું અશક્ય હોવાથી, જળથી ભીંજાયેલું દેખવું અસત્ય ભાસે છે; તેમ અનાદિથી કર્મની સાથે એકક્ષેત્રાવગાહે રહેલા આત્માને સંયોગદૃષ્ટિથી દેખતાં આત્મા કર્મથી બંધાયેલો--સ્પર્શાયેલો દેખાવા છતાં, કર્મપુદ્‌ગલોથી નહીં બંધાવારૂપ--સ્પર્શાવારૂપ આત્મસ્વભાવની સમીપ જઈને દેખતાં આત્માનું કર્મપુદ્‌ગલોથી બંધાવું-સ્પર્શાવું અશક્ય હોવાથી બદ્ધસ્પૃષ્ટત્વ અસત્યાર્થ છે; અબદ્ધસ્પૃષ્ટત્વ સત્યાર્થ છે તેમ અનુભવાય છે.

**દૃષ્ટાંત–૨ :—**જેવી રીતે માટીનો ઘડો, તે જ માટીનું રામપાત્ર, તે જ માટીનું કૂંડુ– એમ જુદા જુદા પાત્રોની અપેક્ષાથી જોતાં જુદા જુદા પાત્રોપણે–અન્યપણે અનુભવ કરવો સત્યાર્થ છે. તોપણ દરેક પાત્રોમાં રહેલી એક માટીના અસ્ખલિત (નહીં ભેદાતા એવા) સ્વભાવની સમીપ જઈને માટીનો અનુભવ કરતાં અન્ય-અન્યપણું અસત્યાર્થ છે, અનન્યપણું સત્યાર્થ છે.

**સિદ્ધાંત :—**તેવી રીતે એક આત્માનો મનુષ્ય-દેવ આદિ ભિન્ન ભિન્ન પર્યાયોથી અનુભવ કરતાં આત્માનું અન્ય-અન્યપણું સત્યાર્થ છે. તોપણ એક આત્માના અસ્ખલિત સ્વભાવની સમીપ જઈને આત્માનો અનુભવ કરતાં, આત્માનું અન્ય-અન્યપણું અસત્યાર્થ છે, અનન્યપણું સત્યાર્થ છે.

**તાત્પર્ય :—**એક આત્માને મનુષ્ય-દેવ આદિ ભિન્ન ભિન્ન પર્યાયોને લક્ષગત્ કરીને અનુભવતાં પર્યાયદૃષ્ટિએ આત્માનું અન્ય-અન્યપણું સત્યાર્થ હોવા છતાં ભિન્ન ભિન્ન પર્યાયોમાં સર્વતઃ અસ્ખલિત એક ચૈતન્યાકાર સ્વભાવની સમીપને જઈને આત્માનો અનુભવ કરતાં આત્માનો એકપણે સર્વ પર્યાયોમાં અનુભવ થતો હોવાથી અનન્યત્વ સત્યાર્થ છે, પર્યાયરૂપ અન્ય-અન્યપણું અસત્યાર્થ છે.

**દૃષ્ટાંત–૩ :—**જેવી રીતે સમુદ્રનો ભરતીઓટરૂપ-વૃદ્ધિહાનિરૂપ અવસ્થાથી અનુભવ કરતાં સમુદ્રનું અનિયતપણું (અનિશ્ચિતપણું) અનુભવાતું હોવાથી અનિયતત્વ સત્યાર્થ છે. તોપણ નિત્ય-સ્થિર એવા સમુદ્રસ્વભાવની સમીપ જઈને દેખતાં સમુદ્ર નિયતપણે અનુભવાતો હોવાથી, વૃદ્ધિ-હાનિરૂપ અવસ્થા અસત્યાર્થ છે, સમુદ્રનું નિયતપણું સત્યાર્થ અનુભવાય છે.

**સિદ્ધાંત :—**તેવી રીતે આત્માનો તેની શક્તિના અવિભાગ-પ્રતિચ્છેદના વધઘટપણે અનુભવ કરતાં આત્માનું અનિયતપણું સત્યાર્થ છે. તોપણ નિત્ય-સ્થિર એવા આત્મસ્વભાવની સમીપ જઈને આત્માનો અનુભવ કરતાં વૃદ્ધિહાનિ રહિત–ચળાચળતા રહિત નિયતપણું અનુભવાતું હોવાથી નિયતત્વ સત્યાર્થ છે, અનિયતત્વ અસત્યાર્થ છે.

**દૃષ્ટાંત–૪** :—જેવી રીતે સુવર્ણનો, તેના પીળાશ, ચીકાશ, ભારેપણું આદિ ગુણભેદોને લક્ષગત્ કરીને અનુભવ કરતાં સુવર્ણનું વિશેષપણું સત્યાર્થ અનુભવાય છે. તોપણ સર્વ ગુણો જેમાં અભેદપણે અંતર્નિમગ્ન થઈને રહ્યા છે એવા સુવર્ણસ્વભાવની સમીપ જઈને સુવર્ણનો અનુભવ કરતાં અવિશેષપણું સત્યાર્થ અનુભવાય છે, વિશેષત્વ અસત્યાર્થ છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે આત્માનો, તેના જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણભેદોને લક્ષગત્ કરીને અનુભવ કરતાં આત્માનું વિશેષપણું સત્યાર્થ અનુભવાય છે. તોપણ દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ સર્વ ગુણો જેમાં અભેદપણે વિલિન થઈ ગયા છે એવા અભેદ એકરૂપ આત્માના સ્વભાવની સમીપ જઈને આત્માનો અનુભવ કરતાં ગુણભેદરૂપ વિશેષપણું અસત્યાર્થ છે, આત્માનું અવિશેષપણું સત્યાર્થ છે.

**તાત્પર્ય** :—દ્રવ્યદૃષ્ટિ થવામાં બાધક એવા ગુણભેદનું અહીં લક્ષ છોડાવી, અભેદ એકરૂપ આત્મસ્વભાવની અનુભૂતિ કરાવી છે.

**દૃષ્ટાંત–૫** :—જેવી રીતે જળનો, અગ્નિ જેનું નિમિત્ત છે એવી ઉષ્ણતા સાથે સંયુક્તપણારૂપ અવસ્થાથી અનુભવ કરતાં જળને ઉષ્ણપણારૂપ સંયક્તપણું સત્યાર્થ છે. તોપણ એકાંત શીતળતારૂપ જળસ્વભાવની સમીપ જઈને જળનો અનુભવ કરતાં ઉષ્ણતા સાથે સંયુક્તપણું અસત્યાર્થ છે, અસંયુક્તપણું સત્યાર્થ છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે આત્માનો, કર્મના નિમિત્તે પર્યાયમાં થતાં મોહ-રાગ-દ્વેષ આદિ પરિણામો સહિત સુખ-દુઃખરૂપ અવસ્થાથી અનુભવ કરતાં મોહ સાથે સંયુક્તપણું સત્યાર્થ છે. તોપણ એકાંત જ્ઞાનરૂપ આત્મસ્વભાવની સમીપ જઈને આત્માનો અનુભવ કરતાં મોહાદિ સાથે સંયુક્તપણું અસત્યાર્થ છે, અસંયક્તપણું સત્યાર્થ છે.

**વિશેષ** :—અજ્ઞાન અવસ્થામાં જીવને હું કર્મથી બંધાયો થકો સંસારમાં રખડું છું, હું નર-નારક ઈત્યાદિ છું, હું રાગી-દ્વેષી-મોહી છું એવા પ્રકારે પર્યાયબુદ્ધિરૂપ આત્માનો અનુભવ રહેતો હોવાથી, વર્તમાનમાં તેનાથી રહિત એટલે કે અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ તથા અસંયુક્ત એવા આત્માનો અનુભવ શી રીતે થઈ શકે? તેમ રહેતું હોવાથી, શ્રીગુરુએ પાંચેય ભાવોના દૃષ્ટાંતથી અબદ્ધસ્પૃષ્ટ આદિ પાંચેય ભાવોથી અભેદ એકરૂપ આત્માની અનુભૂતિ, સંયોગદૃષ્ટિ છોડીને, સ્વભાવ-સમીપ જઈને અનુભવ કરવાથી, થઈ શકે છે તેમ અહીં સમજાવ્યું છે. સંયોગદૃષ્ટિના દોષે અજ્ઞાની પર્યાયમૂઢ થઈ રહ્યો છે. તેથી સ્વભાવ-સમીપ જઈને સ્વભાવદૃષ્ટિ કરે તો શુદ્ધ આત્માની અનુભૂતિ થાય છે. એ રીતે શુદ્ધ આત્માની અનુભૂતિની વિધિ અહીં સમજાવી છે.

## [ગાથા : ૧૫]

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે જુદી જુદી જાતના અનેક શાક-દાળ-કઠોળ-ચટણી આદિ ભોજનના સંબંધથી ઊપજેલ, સામાન્ય એકરૂપ ખારાપણાના તિરોભાવરૂપ અને વિશેષ અનેકરૂપ ખારાપણાના આવિર્ભાવરૂપ મીઠાનો સ્વાદ ભોજનના લોલુપીઓને અનુભવાય છે એટલે કે જુદા જુદા ભોજનના સ્વાદરૂપે–કારેલાંના સ્વાદયુક્ત મીઠું, તીખી ચટણીના સ્વાદયુક્ત મીઠું ઈત્યાદિ સ્વાદરૂપે–ભોજનના લોલુપીઓને મીઠું આસ્વાદમાં આવે છે. પરંતુ જુદા જુદા ભોજનના સંબંધરહિત એકરૂપ સામાન્ય લવણનો સ્વાદ તેને આવતો નથી. જોકે પરમાર્થથી જોતા વિશેષપણે અનેકરસરૂપ–કડવાશયુક્ત, તીખાશયુક્ત અનુભવમાં આવતું જે લવણ છે તે જ સામાન્યપણે એકરસરૂપ ખારાશપણે અનુભવમાં આવતું લવણ છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે જ્ઞેયલુબ્ધ જીવોને, જુદા જુદા જ્ઞેયોને જાણવાકાળે, જુદા જુદા જ્ઞેયોના સંબંધથી ઊપજેલ, સામાન્ય એકાકાર જ્ઞાનપણાના તિરોભાવરૂપ અને વિશેષપણે અનેકાકારરૂપ જ્ઞાનપણાના આવિર્ભાવરૂપ જ્ઞાન અનુભવાય છે એટલે કે જ્ઞેયલુબ્ધ જીવોને જ્ઞેયોના સંબંધથી ઊપજેલ અનેકાકાર જ્ઞાન અનુભવાય છે પરંતુ તેને અન્યજ્ઞેયોના સંબંધથી રહિત સામાન્ય એકાકાર જ્ઞાનપણાના આવિર્ભાવરૂપ અને વિશેષપણે અનેકાકારરૂપ જ્ઞાનપણાના તિરોભાવરૂપ જ્ઞાન અનુભવાતું નથી. જોકે પરમાર્થથી વિચારીએ તો જે જ્ઞાનપણું વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાનપણું સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે એટલે કે પરમાર્થદૃષ્ટિથી વસ્તુસ્વરૂપ વિચારતાં બધા જીવોને જ્ઞેયોના સંબંધથી ઊપજતા જ્ઞાન વખતે પણ જ્ઞાનપણું જ અનુભવમાં આવે છે અને જ્ઞેયોના સંબંધથી રહિતપણે ઊપજતા જ્ઞાન વખતે પણ જ્ઞાનપણું જ અનુભવમાં છે. (મીઠાની ગાંગડીનું બીજું દૃષ્ટાંત નીચે તાત્પર્યમાં સમાવી લીધું છે.)

**તાત્પર્ય** :—જેવી રીતે ભોજનના લોલુપીઓને જુદા જુદા શાકાદિ ભોજનના સ્વાદ સાથે મીઠાનો આસ્વાદ જુદા જુદા મીઠારૂપ અનુભવમાં આવે છે. તેવી રીતે અજ્ઞાનીને જ્ઞેયમાં એકતાબુદ્ધિના કારણે જુદા જુદા જ્ઞેયોસંબંધી જ્ઞાન ઊપજવા વખતે ભિન્ન ભિન્ન જ્ઞેયાકારરૂપ અનેકરૂપ જ્ઞાનનો અનુભવ થાય છે. પરંતુ ખરેખર તો ભિન્ન ભિન્ન જ્ઞેયાકારોમાં એકધારારૂપ પ્રવર્તતું જ્ઞાનપણું અને જ્ઞાનાકારરૂપ એકધારારૂપ પ્રવર્તતું જ્ઞાનપણું એક જ જ્ઞાનરૂપ અનુભવાય રહ્યું છે. વધુ વિચારીયે તો જ્ઞાનનું નિરંતર એકધારાપ્રવાહપણે એકરૂપ જ્ઞાનાકાર પરિણમન જ થઈ રહ્યું છે; પરંતુ જેવી રીતે ભોજન લોલુપીઓને એકરસરૂપ મીઠાનો સ્વાદ ભોજન-લુબ્ધતાને કારણે ભોજનના સ્વાદફેરે અનેકરસરૂપ લાગે છે અર્થાત્ મીઠાનો સ્વાદ કદીય ખારાપણું છોડીને

અનેકરૂપ ન થવા છતાં ભોજનલોલુપતાના કારણે તેને અનેકરસરૂપ મીઠાનો સ્વાદ આવે છે; તેવી રીતે જ્ઞેયલુબ્ધ અર્થાત્ જ્ઞેયમાં એકતાબુદ્ધિવાળા અજ્ઞાનીને જ્ઞેયસંબંધી ઊપજેલા એકરૂપ ધારાપ્રવાહી જ્ઞાનાકાર જ્ઞાનનો અન્ય અન્ય જ્ઞેયસંબંધી જ્ઞેયાકારરૂપ જ્ઞાનપણે અનુભવ થાય છે. તોપણ જ્ઞેયાકારપણે અનુભવાતું જ્ઞાન છે તે જ જ્ઞાનાકાર અનુભવાતું જ્ઞાન છે. અર્થાત્ જેવી રીતે જુદા જુદા ભોજનનો સંબંધ છોડીને—લક્ષ છોડીને—માત્ર મીઠાનો જ અનુભવ કરવામાં આવતાં એકલા ક્ષારરસપણાને લીધે લવણ માત્ર ખારાપણે જ અનુભવાય છે; તેવી રીતે અન્ય-અન્ય જ્ઞેયોનો સંબંધ છોડીને-લક્ષ છોડીને માત્ર એકાકારરૂપ જ્ઞાનનો અનુભવ કરવામાં આવતાં એકરૂપ જ્ઞાનાકારપણાને લીધે ઊપજેલું જ્ઞાન માત્ર જ્ઞાનપણે જ અનુભવાય છે.

**વિશેષ** :—પરને જાણવાકાળે ઊપજતું જ્ઞેયસંબંધી જ્ઞાન, જ્ઞેયની અપેક્ષાએ જ્ઞેયાકાર જ્ઞાન નામ પામવા છતાં તે જ્ઞાનાકાર જ્ઞાન જ હોવાથી, જેવી રીતે સ્વજ્ઞેયને પ્રકાશવાકાળે પરિણમતું જ્ઞાનાકાર જ્ઞાન જ્ઞાયકને જ જાણે છે-પ્રસિદ્ધિ કરે છે, તેવી રીતે પરજ્ઞેયોને પ્રકાશવાકાળે પરિણમતું જ્ઞાનાકાર જ્ઞાન જ્ઞાયકની જ પ્રસિદ્ધ કરે છે. તોપણ અજ્ઞાનીને જ્ઞેયલુબ્ધતાને કારણે, જ્ઞેયાકાર જ્ઞાન પણ જ્ઞાનાકાર જ્ઞાન હોવાથી જાણનારો જ જણાઈ રહ્યો છે એવું જ્ઞાન ઉદિત થવાને બદલે, જ્ઞેય જણાઈ રહ્યા છે એવું અજ્ઞાન તેને ઉદિત થાય છે; પરંતુ જ્ઞેયની એકતાબુદ્ધિથી રહિત એવા જ્ઞાની પરજ્ઞેયોના જાણવાકાળે પરિણમતાં જ્ઞાનને જ્ઞાનાકારરૂપ અનુભવતા થકા તે જ્ઞાનાકારને જ્ઞાયકના પ્રકાશક જ્ઞાનરૂપે જ અનુભવે છે અર્થાત્ જ્ઞેયસંબંધીના જ્ઞાનાકાર જ્ઞાન વખતે જાણનારો જ જણાઈ રહ્યો છે એવું જ્ઞાન જ્ઞાનીને ઉદિત થાય છે. ટૂંકમાં, બહુ ભાવભાસનપૂર્વક વિચારીયે તો પરને જાણવાકાળે પણ જાણનારો જ જણાઈ રહ્યો છે એવા આ અદ્ભુત રહસ્યમય પ્રયોજનભૂત પરમ સત્યનો જેને પ્રસન્નતાપૂર્વક સ્વીકાર આવે છે તે મહાભાગ્યશાળી છે.

## [ગાથા : ૧૭-૧૮]

**દ્દષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે કોઈ ધન-પ્રાપ્તિની લોલુપતાવાળો પુરુષ પ્રથમ તો બહુ પ્રયત્નો વડે રાજાને જાણે કે આ રાજા બહુ સંપત્તિવાન અને મહાદાની છે. પછી તેનું જ શ્રદ્ધાન કરે કે આ રાજા બહુ રાજ્યસંપત્તિવાન દાનવીર છે અને તેની સેવા-ઉપાસના કરવાથી-તેને પ્રસન્ન કરવાથી ધનની પ્રાપ્તિ અવશ્ય થશે. ત્યાર બાદ તે પુરુષ તે રાજાને પ્રસન્ન કરવા તેની સેવા-ઉપાસનારૂપ પોતાનું આચરણ કરે છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે મુક્તિની પ્રાપ્તિના તીવ્ર જિજ્ઞાસુ પુરુષે સૌ પ્રથમ તો ગુરુગમે

અથવા તો સત્સમાગમે શાસ્ત્રસ્વાધ્યાય આદિ બહુ પ્રયત્નો વડે આત્માને જાણવો. પછી તે આત્માનું જ શ્રદ્ધાન કરવું કે આ આત્મા અનંતી ચૈતન્યસંપત્તિવાન અતીન્દ્રિય આનંદનો દાતાર છે, તેની સેવા-ઉપાસના કરવાથી–તેમાં લીનતારૂપ આચરણ કરવાથી સાધ્ય જે મુક્તિ અર્થાત્ સાધ્ય જે પરિપૂર્ણ શુદ્ધ આત્મા તેની જરૂર પ્રાપ્તિ થશે. એ રીતે શ્રધેલા સાધ્ય આત્માનું ત્યાર પછી આચરણ કરવું, તેમાં લીનતા કરવી. આમ કરવાથી તે મોક્ષાર્થીને સાધ્ય આત્માની જરૂર સિદ્ધિ થશે.

## [ગાથા : ૧૯]

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે સ્પર્શ, રસ, આદિ ભાવોમાં તથા પહોળું તળિયું, પેટાળ આદિ આકારે પરિણમેલ પુદ્‌ગલ સ્કંધોમાં—માટીમાં 'આ ઘડો છે' એમ અને ઘડામાં સ્પર્શાદિ ભાવો તથા પહોળું તળિયું, પેટાળ આદિ આકારે પરિણમેલ પુદ્‌ગલ સ્કંધો–માટી છે' એમ જાણી શકાય છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે મોહ, રાગ, દ્વેષ આદિરૂપ પરિણત દ્રવ્યકર્મોમાં, શરીરાદિ સંયોગરૂપ નોકર્મમાં અને આત્માનો તિરસ્કાર કરનારા જીવના વિકારી પરિણામોમાં એટલે કે દ્રવ્યકર્મ-નોકર્મ તથા ભાવકર્મમાં 'આ હું છું અને મારામાં તેઓ છે' એવો અભેદપણે–એકપણે જ્યાં સુધી અનુભવ કરવામાં આવે છે ત્યાં સુધી તે જીવ અપ્રતિબુદ્ધ છે. અર્થાત્ જેમ ઘડાને તેના ગુણો ને આકાર વડે ઘડો માનવામાં આવે છે તેમ આત્માનો તિરસ્કાર કરનારા ભાવોમાં હુંપણું કરવામાં આવે છે ત્યાં સુધી તે અપ્રતિબુદ્ધ છે.

**તાત્પર્ય** :—અહીં, અપ્રતિબુદ્ધ ક્યાં સુધી રહે છે તે સમજાવવા માટે, જેમ સાચાને સાચું જાણે તેમ ખોટાને જ સાચું જાણે ત્યાં સુધી તે જીવ અજ્ઞાની છે એમ કહ્યું છે. ઘડાને તેના સ્પર્શાદિ માટીમય ગુણો વડે તથા તેના આકાર વડે જાણે છે તે તો યથાર્થ છે, પરંતુ અન્યના ગુણો વડે કે અન્યના આકાર વડે ઘડાને જાણે તો તે તેનું અજ્ઞાન છે અર્થાત્ શરીરના ગુણો વડે કે તેના આકાર વડે પોતાને જાણે કે તે હું છું તથા જે ભાવો પારકાના છે, આત્માનો તિરસ્કાર કરનારા છે તે ભાવોમાં હુંપણું કરે છે ત્યાં સુધી તે અપ્રતિબુદ્ધ છે. એ રીતે, આત્મા ક્યારેય દ્રવ્યકર્મ-ભાવકર્મ કે નોકર્મરૂપ થયો જ ન હોવા છતાં, જ્યાં સુધી પોતાને દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપ જાણે છે ત્યાં સુધી તે અપ્રતિબુદ્ધ રહે છે તેમ સમજાવ્યું છે.

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે અને ઉષ્ણતા તથા જ્વાળા અગ્નિની છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે અરૂપી આત્માની તો પોતાને ને પરને જાણનારી જ્ઞાતૃતા જ (જ્ઞાતાપણું જ) છે અને દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મ પુદ્‌ગલના છે. જ્યારે આવી અનુભૂતિ થશે ત્યારે તે પ્રતિબુદ્ધ થાય છે.

**તાત્પર્ય** :—દર્પણમાં પ્રતિભાસિત થતાં મયૂર, માણસ, બરફ, અગ્નિ આદિ આકારો ખરેખર તો અરીસાની સ્વચ્છતાને–નિર્મળતાને જ પ્રસિદ્ધ કરે છે, કેમ કે તેમાં પ્રતિબિંબિત થતા તે તે આકારો માત્ર દર્પણની જ અવસ્થા છે; તે અવસ્થા દર્પણનો સ્વતઃ સ્વતંત્ર સ્વભાવ પ્રસિદ્ધ કરે છે કારણ કે મયૂર આદિના કારણે પ્રતિબિંબ ઊપજ્યું નથી અને ઊપજેલું પ્રતિબિંબ મયૂરમય નથી, તે તો દર્પણના સ્વ-પરપ્રકાશક શક્તિના કારણે ઊપજેલાં દર્પણની સ્વચ્છતાના આકારોરૂપ પ્રતિબિંબો છે.

તેવી રીતે પોતાને અને પરને જાણનારી જ્ઞાતૃતા જ્ઞાયકને જ પ્રસિદ્ધ કરે છે, કેમ કે પરને પ્રકાશવાકાળે ઊપજેલું જ્ઞેયાકાર જ્ઞાન પરના કારણે ઊપજ્યું નથી તેમ જ તે ઊપજેલું જ્ઞાન પરરૂપ થયું નથી, તે તો પોતાના સ્વપરપ્રકાશકસ્વભાવના કારણે ઊપજેલું એકાકાર અભેદ જ્ઞાનાકારરૂપ જ્ઞાન છે. તેથી તે જ્ઞાનાકાર જ્ઞાન સ્વપરપ્રકાશકસ્વભાવી જ્ઞાયકને જ પ્રસિદ્ધ કરે છે. રાગાદિને જાણતું જ્ઞાન રાગના લઈને થયું નથી, તેમ જ રાગમય થયું નથી, તેથી રાગસંબંધીનું જ્ઞાન જ્ઞાનમય હોવાથી તે જ્ઞાન પોતાની જ્ઞાતૃતાને જ પ્રસિદ્ધ કરે છે અર્થાત્ તે જ્ઞાન પણ પોતાના જ્ઞાયકને અવલંબતુ થકું જ્ઞાયકને જ પ્રસિદ્ધ કરે છે. આવો જ્યારે અનુભવ થાય છે ત્યારે તે આત્મા અપ્રતિબુદ્ધ મટીને પ્રતિબુદ્ધ થાય છે.

**વિશેષ** :—પ્રતિબિંબો વડે દર્પણના સ્વરૂપને જોતાં કે એકલી સ્વચ્છતા વડે દર્પણના સ્વરૂપને જોતાં બધી જ અવસ્થામાં દર્પણ તો દર્પણરૂપ જ જણાય છે; તેમાં અગ્નિની ઉષ્ણતા કે પરાધીનતા લેશમાત્ર જણાતા નથી. તેવી રીતે કર્મ-નોકર્મરૂપ પુદ્‌ગલાદિ કે રાગાદિ જ્ઞેયોને પ્રકાશતા જ્ઞેયાકાર જ્ઞાન વડે અથવા તો એકલા જ્ઞાનાકાર જ્ઞાન વડે–કોઈપણ પ્રકારના જ્ઞાનના પરિણમન વડે જ્ઞાયકનું લક્ષ કરતાં જ્ઞાયક જ જણાઈ રહ્યાનું પ્રતિભાસિત થાય છે. પરંતુ અપ્રતિબુદ્ધપણે જ્ઞેયોના પ્રકાશવાકાળે—રાગાદિને જાણવાકાળે એ રાગાદિ જ્ઞેયોને જાણવાની લોલુપતાના કારણે, જણાઈ રહેલા રાગાદિ જ્ઞેયો તે જ હું એમ જ્ઞેયોમાં એકત્વ કરતો રહે છે. હવે જ્યારે રાગાદિ જ્ઞેયોના જાણવાકાળે તે રાગાદિથી અત્યંત ભિન્નપણે જાણનારો જ જણાઈ રહ્યો છે એમ લક્ષ ફેરવીને જાણતા, રાગાદિ જ્ઞેયો તે જ હું એવો ભ્રમ નહીં ઊપજતાં, જે જાણનારો જણાઈ રહ્યો છે તે જ હું એમ સ્વમાં એકત્વ કરતો થકો આત્મા પ્રતિબુદ્ધ થાય છે.

## [ગાથા : ૨૦-૨૧-૨૨]

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેમ કોઈ પુરુષ ઈંધન અને અગ્નિને મળેલાં દેખી 'અગ્નિ છે તે ઈંધન છે, ઈંધન છે તે અગ્નિ છે; અગ્નિનું ઈંધન વર્તમાનમાં છે, ભૂતકાળમાં હતું ને ભવિષ્યમાં હશે તથા ઈંધનનો અગ્નિ વર્તમાનકાળમાં છે, ભૂતકાળમાં હતો અને ભવિષ્યકાળમાં થશે'—આવો જુઠો વિકલ્પ કરે તો તે અપ્રતિબુદ્ધ છે તેમ ઓળખાય છે.

**સિદ્ધાંત** :—તેમ કોઈ જીવ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપ પરદ્રવ્યોને દેખી 'હું આ પરદ્રવ્ય છું ને પરદ્રવ્યો મુજ સ્વરૂપે છે; મારું આ પરદ્રવ્ય વર્તમાનમાં છે, ભૂતકાળમાં હતું ને ભવિષ્યમાં હશે તથા હું પરદ્રવ્યનો વર્તમાનમાં છું, ભૂતકાળમાં હતો અને ભવિષ્યમાં થઈશ'—એમ રાગાદિ પરદ્રવ્યોમાં હુંપણાની તેમજ મારાપણાની મિથ્યા માન્યતા કરે તો તે અપ્રતિબુદ્ધ છે તેમ ઓળખાય છે.

**તાત્પર્ય** :—અપ્રતિબુદ્ધની ઓળખાણ શું?—એવા પ્રશ્નના ઉત્તર દ્વારા પ્રતિબુદ્ધ થવાની વિધિ પણ સમજાવી છે કે તું અનાદિથી તારા જ્ઞાનોપયોગમાં જાણવામાં આવતા રાગાદિ કષાયભાવથી માંડીને સમસ્ત પરદ્રવ્યોને ભિન્નપણે રહેલાં પરજ્ઞેયોરૂપ માનવાને બદલે ભ્રમથી તે તે પરદ્રવ્યોને તારા માની રહ્યો હોવાથી તું અપ્રતિબુદ્ધ રહ્યો છો; પરંતુ તારાથી ભિન્નપણે રહેલા તે પરદ્રવ્યો જેમાં જણાઈ રહ્યા છે એવો જ્ઞાનસ્વરૂપી જ્ઞાયક તે હું છું—એમ, રાગાદિ સઘળાય પરદ્રવ્યના ભેદજ્ઞાનપૂર્વક જ્ઞાયકમાં હુંપણું કરવાથી પ્રતિબુદ્ધ થવાય છે.

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—વળી, અગ્નિ છે તે ઈંધન નથી, ઈંધન છે તે અગ્નિ નથી,—અગ્નિ છે તે અગ્નિ જ છે, ઈંધન છે તે ઈંધન જ છે; અગ્નિનું ઈંધન વર્તમાનમાં છે નહીં, ભૂતકાળમાં હતું નહીં ને ભવિષ્યમાં હશે નહીં—અગ્નિનો જ અગ્નિ છે, હતો ને રહેશે; ઈંધનનો વર્તમાનમાં અગ્નિ છે નહીં, ભૂતકાળમાં હતી નહીં ને ભવિષ્યમાં હશે નહીં—ઈંધનનું ઈંધન જ છે, હતું ને રહેશે;—આમ, અગ્નિમાં ઈંધનથી અત્યંત ભિન્નરૂપે અગ્નિપણું જાણનારો પુરુષ પ્રતિબુદ્ધ છે તેમ ઓળખાય છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે 'હું આ પરદ્રવ્ય નથી, આ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી,—હું તો હું જ છું ને પરદ્રવ્ય છે તે પરદ્રવ્ય જ છે; મારું આ પરદ્રવ્ય નથી ને આ પરદ્રવ્યનો હું નથી,—વર્તમાનમાં, ભૂતકાળમાં ને ભવિષ્યમાં મારો જ હું છું, હતો ને રહીશ તથા પરદ્રવ્યનું પરદ્રવ્ય જ છે, હતું ને રહેશે;—આમ સ્વદ્રવ્યમાં પરદ્રવ્યથી અત્યંત ભિન્નરૂપે સ્વપણું માનનારો પ્રતિબુદ્ધ છે તેમ ઓળખાય છે.

**તાત્પર્ય** :—૧૯મી ગાથામાં અપ્રતિબુદ્ધપણું ક્યાં સુધી રહે છે તે સમજાવ્યું ત્યારે શિષ્યને પ્રશ્ન થયો કે અપ્રતિબુદ્ધને ઓળખવાનું ચિહ્ન-લક્ષણ શું? ૭૫મી ગાથામાં જ્ઞાનીનું લક્ષણ શું તે સમજાવશે, અહીં અજ્ઞાનીનું લક્ષણ સમજાવતા કહ્યું કે જે જીવ પોતાને પરદ્રવ્યરૂપ માને એટલે કે પરદ્રવ્યમાં એકત્વ કરે અને પરદ્રવ્ય મારા છે એમ પરદ્રવ્યમાં મમત્વ કરે તે અપ્રતિબુદ્ધ છે. અર્થાત્ પરદ્રવ્યમાં જેની એકત્વબુદ્ધિ અને મમત્વબુદ્ધિ વર્તે છે તે અપ્રતિબુદ્ધ અજ્ઞાની છે તેમ સરળ અને વિસ્તારપૂર્ણ દૃષ્ટાંત વડે સમજાવ્યું છે.

**વિશેષ** :—અહીં દૃષ્ટાંત ઘણું સરળ હોવા છતાં તેનો ત્રણ કાળ સંબંધી વિસ્તાર કરીને આચાર્યદેવે સમજાવ્યું છે, કારણ કે સમયસારનો નવો શ્રોતા જિજ્ઞાસુ હશે છતાં અપ્રતિબુદ્ધ હશે તેથી પોતાની અજ્ઞાનતાને ઊંડાણથી સમજે તેવો આશય રહેલો છે. જીવ શાતા-અશાતાના ઉદયમાં સમભાવપણે જાગૃત રહે તે માટે જિનવાણીમાં ઉપદેશ-કથન દ્વારા સમજાવવામાં આવે કે હે જીવ! તેં પૂર્વે જે ભાવો કરીને કર્મોને બાંધ્યા હતા તેનો અત્યારે ઉદય વર્તે છે માટે તેમાં સમભાવ ધારણ કર અને ભવિષ્યમાં તેવા કર્મોદયને ભોગવવા ન પડે તે માટે વર્તમાનમાં ખોટા ભાવો કરતો નહીં. વળી જિજ્ઞાસુ ભૂમિકામાં જીવ પોતાના અશાતાજન્ય કર્મોદય વખતે વારંવાર વિચારતો રહે છે કે મેં અજ્ઞાનવશ ખોટાભાવો પૂર્વે કર્યા હતા, મેં પૂર્વભવમાં અશાતાકર્મ બાંધ્યું હતું તેથી અત્યારે તેનો ઉદય આવ્યો છે તેને મારે સમભાવે ભોગવવા જોઈએ જેથી નવું અશાતાકર્મ હું બાંધુ નહીં અને ભવિષ્યમાં ફરીથી મારે અશાતા ભોગવવી પડે નહીં—એમ સમાધાન કરતો રહે છે. અહીં આચાર્યદેવ એ વાત સમજાવવા માગે છે કે મેં ભૂતકાળમાં ખોટા ભાવો કર્યા હતા ને તેથી મેં અશાતાકર્મ બાંધ્યું હતું તેમ જે માને છે તે અપ્રતિબુદ્ધ છે. વર્તમાનમાં હું ભક્તિ-પૂજા-વ્રત આદિ શુભભાવો કરું છું ને તેથી શાતાકર્મ બાંધું છુ તેમ જે માને છે તે અપ્રતિબુદ્ધ-અજ્ઞાની છે. અત્યારે મેં શુભભાવો કરીને જે શાતાકર્મો બાંધ્યા છે તેના ફળમાં હું ભવિષ્યમાં સ્વર્ગાદિમાં જઈશ ને ત્યાં શાતાકર્મના ભોગ ભોગવીશ તેમ જે માને છે તે અપ્રતિબુદ્ધ અજ્ઞાની છે.

અહીં જિજ્ઞાસુ જીવ માટે બહુ જ ગંભીર વિચારણીય માર્મિક વાત કરી છે કે હે જીવ! તેં ભૂતકાળમાં શુભાશુભ કર્યા જ નહોતાં; તું ભૂતકાળમાં રાગાદિનો કર્તા હતો જ નહીં! તેં ભૂતકાળમાં કર્મો બાંધ્યા જ ન હતા; તું ભૂતકાળમાં કર્મનો કર્તા હતો જ નહીં! તેવી જ રીતે વર્તમાનમાં પણ દયા-દાન-વ્રત-ભક્તિ આદિ શુભભાવોનો કે હિંસા-ચોરી-જૂઠું આદિ અશુભભાવોનો તું કર્તા છો જ નહીં; તેથી તું વર્તમાનમાં નવા કર્મોને બાંધતો જ નથી. એટલે કે તું ભવિષ્યમાં થનારા શાતા-અશાતાકર્મના ઉદયને ભોગવનારો પણ તું નથી. આમ માનવાને

બદલે જો તું ભૂત-વર્તમાન-ભવિષ્ય સંબંધી રાગાદિ ભાવોને કર્યા હતા ને તેના કારણે મેં કર્મ બાંધ્યા હતા એમ માનીશ તો તારું અપ્રતિબુદ્ધપણું ક્યારેય ટળશે નહીં.

સામાન્યપણે જિજ્ઞાસુ જીવ અશાતાજન્ય કર્મોદયમાં આકુળતાથી બચવા એમ વિચારતો રહે છે કે અરેરે! મેં પૂર્વે ખોટા ભાવો કરીને અશાતાકર્મ બાંધ્યું હતું તો હવે ઉદય વખતે ઉચાટ શું કરવો! સમતાભાવે અશાતા ભોગવવી જ રહી! અત્યારે હું જે વ્રત-ભક્તિ-પૂજા આદિ શુભભાવો કરીને શાતાકર્મ બાંધું છું તેના ફળમાં ભવિષ્યમાં હું અનુકૂળતા પામીશ ત્યારે તેને ભોગવવામાં આસક્ત થઈને નવા અશાતાકર્મ ન બંધાય જાય તે માટે હું જાગૃત રહીશ—એમ, કર્મોદયમાં સમભાવે રહેવાની ભાવના વડે જીવ ભાવકર્મ-દ્રવ્યકર્મમાં કર્તા-ભોક્તાબુદ્ધિને જ ઘૂંટતો રહે છે અને તે જ અપ્રતિબુદ્ધનું લક્ષણ છે. અર્થાત્ આકૂળતાથી બચવા–સમભાવે રહેવાની ભાવનાની ઓથમાં જીવ પરદ્રવ્યમાં એકત્વ-મમત્વ-કર્તૃત્વ-ભોક્તૃત્વને જ ઘૂંટતો રહે છે—મિથ્યાત્વ જ ગાઢ કરતો રહેતો હોય છે તેમ અહીં અપ્રતિબુદ્ધના લક્ષણ દ્વારા જિજ્ઞાસુને મિથ્યાત્વ દૃઢ ન કરવા સાવધાન કર્યો છે.

ત્યારે પ્રશ્ન થઈ શકે કે બંધ સમયે જીવ ચેતીયે, ઉદય સમયે શા ઉચાટ તથા પૂર્વે બાંધેલા કર્મના ઉદયકાળે તેને સમભાવે ભોગવવા...ઈત્યાદિ ઉપદેશ શા માટે?—કે પ્રતિકૂળ કર્મોદયકાળે અજ્ઞાની જીવ પ્રતિકૂળ સંયોગ પ્રત્યે દ્વેષ કરીને ક્રોધભાવે પરિણમે છે તથા અનુકૂળ કર્મોદયકાળે ભોગમાં આસક્તિ કરીને પર સંયોગોમાં તીવ્ર મોહભાવે પરિણમે છે; તેને તેમ કરતો અટકાવવા માટે એટલે કે નોકર્મ પ્રત્યે ક્રોધ કે મોહરૂપે ન પરિણમે તે માટે તેં જેવા કર્મો બાંધ્યા હતા તે સમતાભાવે ભોગવ એમ તીવ્ર કષાયથી બચવા માટે ઉપદેશ-કથન કરાય છે. તેમ છતાં વાસ્તવિકતા તો એ જ છે કે ભૂત-વર્તમાન-ભવિષ્ય સંબંધી દ્રવ્યકર્મ-ભાવકર્મ કે નોકર્મનો સ્વામી થઈને કર્તા-ભોક્તા થાય છે તે મિથ્યાત્વને જ ગાઢ કરતો હોવાથી અપ્રતિબુદ્ધ અજ્ઞાની છે. માટે, વિચિત્ર કર્મોદયકાળે, ઉપદેશકથનને જ્ઞાનમાં રાખીને પરદ્રવ્યની ભિન્નતાના વિશેષ અભ્યાસપૂર્વક અપ્રતિબુદ્ધપણું ટાળવા પુરુષાર્થ કરવાની અહીં પ્રેરણા કરી છે.

આ રીતે આ ગાથામાં સરળ દૃષ્ટાંત દ્વારા ખૂબ માર્મિક વાત આચાર્યદેવે અહીં કરી છે.

## [ગાથા : ૨૩-૨૪-૨૫]

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે સ્ફટિકની આજુબાજુમાં રખાયેલાં અનેકવિધ રંગીન પુષ્પોના કારણે સામાન્યજનને સ્ફટિક રંગીન દેખાય છે; સ્ફટિકનો નિર્મળ સ્વચ્છ સ્વભાવ તેને દેખાતો નથી.

**સિદ્ધાંત** :—તેવી રીતે કર્મોની ઉપાધિથી આચ્છાદિત એવો આત્મા કે જે સદાય શુદ્ધ હોવા છતાં અજ્ઞાનીને પુદ્‌ગલજનિત દેખાતો હોવાથી અજ્ઞાની પુદ્‌ગલદ્રવ્યને મારું માને છે.

**દૃષ્ટાંત** :—જેવી રીતે પરમ અવિવેકથી ખાનાર હાથી મીઠાં કોઠીંબડા તથા સૂકું ઘાસ ભેગા કરીને ખાતો હોવાથી, સદાય પરિચિત એવા સૂકા ઘાસનો જ સ્વાદ અનુભવે છે, અપરિચિત એવા મીઠાં કોઠીંબડાની મીઠાશને માણી શકતો નથી.

**સિદ્ધાંત** :—તેવી રીતે પોતાના શુદ્ધાત્મદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્યની ભિન્નતાનું જેને ભાન નથી એવો અપ્રતિબુદ્ધ કર્મની ઉપાધિથી આવી મળેલાં અને અનાદિ-પરિચિત એવા પુદ્‌ગલદ્રવ્યનો એકનો જ સ્વાદ માણે છે અર્થાત્ પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે.

**તાત્પર્ય** :—આચાર્યદેવ અપ્રતિબુદ્ધને કહે છે કે પશુની જેમ ખાવાનું તું છોડી દે! કર્મના નિમિત્તે તારી આજુબાજુ આવી પડેલાં–પથરાઈને પડેલાં નોકર્મો અને તે જેમાં જણાઈ રહ્યા છે એવા ઉપયોગ સ્વરૂપી આત્માને તું પશુની જેમ એકમેક માનીને ગ્રહણ કરવાનું છોડી દે અર્થાત્ એ પરદ્રવ્યોને તું તારા ન માન.

**દૃષ્ટાંત** :—જેવી રીતે ખારાશ જેનું લક્ષણ છે એવું મીઠું અને પ્રવાહીપણું જેનું લક્ષણ છે એવું પાણી એકમેક થઈને રહેતું દેખાય છે, કેમ કે પ્રકાશ અને અંધકારના વિરોધની માફક ખારાપણાને અને પ્રવાહીપણાને ભેગા રહેવામાં કાંઈ વિરોધ નથી; ભેગા રહી શકે છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે નિત્ય ઉપયોગવાળું જીવદ્રવ્ય અને જડ લક્ષણવાળું પુદ્‌ગલદ્રવ્ય કદીય એકમેક થઈને રહેલાં જોવામાં આવતા નથી; કેમ કે ઉપયોગ લક્ષણ ચૈતન્યપ્રકાશરૂપ છે અને જડ લક્ષણ અંધકારસ્વરૂપ છે તેથી તે બેને એકમેક થઈને સાથે રહેવામાં વિરોધ છે, સાથે રહેવું અશક્ય છે.

**તાત્પર્ય** :—પુદ્‌ગલદ્રવ્યના સંગમાં રહેલો જણાતો તારો ચૈતનયદેવ કદીય જડરૂપતા પામ્યો ન હોવાથી તું સર્વપ્રકારે પ્રસન્નતાપૂર્વક આ સ્વદ્રવ્ય જ મારું છે એમ અનુભવ કર.

**વિશેષ** :—નિગોદથી માંડીને સિદ્ધદશા પર્યંત અર્થાત્ અનાદિ અનંત માત્ર જાણવું ને જાણવું એવું નિત્ય-ઉપયોગ લક્ષણવાળું જીવદ્રવ્ય છે અને પરના સંગે, પરના લક્ષે, પરના નિમિત્તે જેની અસ્થાયી ઉત્પત્તિ સંભવે છે તથા જેનામાં ચૈતન્યનો અંશમાત્ર નથી એવા પુદ્‌ગલસ્વરૂપી રાગાદિ છે. તેથી, જેમ પ્રકાશસ્વરૂપ સૂર્ય અંધકારનો કર્તા ક્યારેય બનતો નથી, કર્તા બનવો સંભવતો પણ નથી, તેમ આ જીવદ્રવ્ય રાગાદિનો ક્યારેય કર્તા બનતો નથી,

કર્તા બનવો સંભવતો પણ નથી. માટે, પુદ્‌ગલ જેનો સ્વામી છે એવા રાગાદિથી સદાય ભિન્ન નિત્ય-ઉપયોગ લક્ષણવાળો ચૈતન્યસૂર્ય જ હું છું. એ રીતે રાગાદિનું સ્વામીત્વ છોડ! છોડ!

## [ગાથા : ૨૭]

**દષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે સોનું તથા ચાંદીને ગાળીને એકપિંડરૂપ બનાવવાનો વ્યવહાર છે તોપણ પીળાશ આદિ ગુણો જેનું લક્ષણ છે એવું સોનું તથા સફેદપણું આદિ જેનું લક્ષણ છે એવી ચાંદી પોતપોતાના સ્વધર્મોથી ક્યારેય ચ્યુત ન થયા થકા તેઓ કદી એકપદાર્થરૂપ બનતા નથી; એકપિંડરૂપ થવા છતાં પરસ્પર અત્યંત ભિન્નપણે રહે છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે આત્મા અને શરીરને એકક્ષેત્રાવગાહ રહેવાની યોગ્યતા હોવાથી એકપણે રહેલા જેવા દેખાય છે તોપણ ઉપયોગ જેનું લક્ષણ છે એવો આત્મા અને સ્પર્શ-રસ આદિ જડપણું જેનું લક્ષણ છે એવું શરીર પોતપોતાના સ્વધર્મોને ધારતાં થકા ક્યારેય એકરૂપ થતા નથી. એકક્ષેત્રાવગાહ રહેવા છતાં ક્યારેય એકરૂપ બનતા નથી.

**તાત્પર્ય** :—આત્મા અને શરીર એકક્ષેત્રે એકપિંડરૂપ રહ્યા હોવાથી શરીરના સ્તવન વડે ભગવાનના આત્માની સ્તુતિ કરવાનો વ્યવહાર છે; પરંતુ તે સાચી સ્તુતિ નથી.

## [ગાથા : ૨૮]

**દષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે સોનું અને ચાંદી ભેગા ગાળીને કરવામાં આવેલ એકપિંડરૂપ જે સોનું તેને ચાંદીના સફેદપણાને લક્ષમાં લઈને 'શ્વેત-સુવર્ણ' કહેવાનો વ્યવહાર છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે તીર્થંકર ભગવાનના શરીરના વિશેષ ગુણોને લક્ષમાં લઈને શરીરમાં એકક્ષેત્રે રહેલાં ભગવાનનું શરીરના ગુણો વડે સ્તવન કરવાનો વ્યવહાર છે.

**તાત્પર્ય** :—ભગવાનની સ્તુતિ વ્યવહારરૂપ હોવાથી ભગવાનના સાતિશય પુણ્યોદયના સ્મરણ-કીર્તન વડે વ્યવહાર-સ્તુતિ કરવાનો વ્યવહાર હોવા છતાં તે સ્તુતિ ભગવાનની સાચી સ્તુતિ નથી અને જો આ સ્તુતિને જ સાચી સ્તુતિ માનવામાં આવે તો પછી વ્યવહાર-સ્તુતિ કોને કહીશું! તેમ છતાં છદ્મસ્થને પોતાનો કે ભગવાનનો આત્મા સાક્ષાત્ દેખાતો ન હોવાથી, જિનેન્દ્રદેવની શાંત મુદ્રા દેખતાં પોતાને પણ શાંતભાવનું નિમિત્તપણું હોવાથી શરીરના ગુણોના સ્મરણ વડે ભગવાનની ભક્તિનો વ્યવહાર હોય છે.

## [ગાથા : ૨૯]

**દ્દષ્ટાંત (ટીકામાંથી) :**—જેવી રીતે એકપિંડરૂપ રહેલા સુવર્ણ અને ચાંદીના ટૂકડાને શ્વેત-સુવર્ણ એવું નામ ચાંદીની સફેદાયને લઈને અપાતું હોવા છતાં સફેદપણાને લઈને સુવર્ણ નામ બન્યું નથી પરંતુ પીળાશ આદિ ગુણો થકી સુવર્ણ નામ બન્યું છે.

**સિદ્ધાંત :**—તેવી રીતે તીર્થંકરદેવના શરીરના વિશેષણો વડે સ્તુતિ કરવા છતાં શરીરના ગુણો વડે તીર્થંકરપણું ન હોવાથી તીર્થંકરની સાચી સ્તુતિ બનતી નથી, પરંતુ તીર્થંકરના આત્માના ગુણો વડે સાચી સ્તુતિ થઈ શકે છે.

## [ગાથા : ૩૦]

**દ્દષ્ટાંત (ગાથામાંથી) :**—જેવી રીતે કોઈ રાજાના ગુણગાન કરતાં તેના રાજ્યનું વર્ણન કરવામાં આવે કે ગઢ તો એટલા ઊંચા કે જાણે આકાશને આંબી ગયા! ગઢ ફરતી ખાઈ એટલી ઊંડી કે જાણે પાતાળમાં પહોંચી ગઈ! ઇત્યાદિ પ્રશંસા છતાં તે કાંઈ જે રાજા છે તેના ગુણોનું ખરેખર ગુણગાન નથી.

**સિદ્ધાંત :**—તેવી રીતે તીર્થંકરદેવના સાતિશય પુણ્યોદયનું સ્મરણ કરવામાં આવે કે તેમની શાંત મુદ્રાના પ્રભાવથી જન્મજાત વેરી એવા સર્પ-નોળીયો આદિ મિત્રવત્ સાથે બેસીને દિવ્યધ્વનિ સાંભળે છે, જેના ભામંડલમાં જોતાં જોનારના ૭ ભવો દેખાય છે ઇત્યાદિ સ્તવન કરવા છતાં તે કાંઈ જે તીર્થંકરદેવ છે તેના ગુણોનું ખરેખર ગુણગાન નથી.

**તાત્પર્ય :**—તીર્થંકરદેવના સાતિશય પ્રભાવના સ્મરણ વડે, જેનો આવો બહારનો પુણ્યભાવ છે તે જેનું નિમિત્તપણું પામીને થયો છે તે પવિત્રતાનું તો શું કહેવું! એમ તેમની પવિત્રદશાના સ્મરણ દ્વારા પોતાને તેવી પવિત્ર શુદ્ધિની પ્રાપ્તિ હો એવી ભાવના ઘૂંટવા માટેનો આવો વ્યવહાર હોય છે.

## [ગાથા : ૩૫]

**દ્દષ્ટાંત (ટીકામાંથી) :**—જેવી રીતે કોઈ પુરુષ ધોબીને ત્યાંથી ભ્રમથી બીજાની ચાદરને પોતાની માની બીજાની ચાદર લઈ આવીને, આ ચાદર બીજાની છે એવા જ્ઞાન વિનાનો અજ્ઞાની થયો થકો, ચાદર ઓઢીને સૂઈ રહ્યો છે; ત્યારે ચાદરનો માલિક આવીને ચાદર ખેંચીને તેને જગાડતો થકો વારંવાર કહે છે કે ભાઈ! આ ચાદર તારી નથી, તું ભૂલથી લઈ આવ્યો છે માટે મને પાછી આપી દે. તેથી પોતાની માનીને ઓઢીને સૂતો હતો તે

ચાદરના ચિન્હો જાણીને, ચાદર મારી નથી એવા જ્ઞાનત્વ વડે શીઘ્ર ચાદરનો ત્યાગ કરે છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે આ જીવ ભ્રમથી પરદ્રવ્યોને પોતાના માની, એ પરદ્રવ્યો મારાથી ભિન્ન છે એવા જ્ઞાન વિના અજ્ઞાની થયો થકો પરદ્રવ્યોમાં એકત્વ કરી રહ્યો છે; ત્યારે શ્રીગુરુ તેને પરદ્રવ્યોના ભેદજ્ઞાન દ્વારા આત્મભાવરૂપ કરાવતા થકા સાવધાન કરે છે કે એ પરદ્રવ્યો તારા નથી, તું તો ખરેખર જ્ઞાનમાત્ર જ આત્મા છે; આવું વારંવાર સાંભળતો થકો તે સ્વ-પરના ભેદવિજ્ઞાનપૂર્વક પરીક્ષા વડે એ પરદ્રવ્યો મારા નથી, હું તો એક જ્ઞાનમાત્ર જ છું એવા જ્ઞાનત્વ વડે જ્ઞાની થયો થકો શીઘ્રમેવ પરદ્રવ્યોના મમત્વને ત્યાગે છે.

**તાત્પર્ય** :—સ્વ-પરના ભેદજ્ઞાનપૂર્વક જે સમયે સમ્યગ્જ્ઞાની થાય છે તે જ સમયે પરદ્રવ્યના મમત્વનો ત્યાગ થઈ જાય છે. જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે અર્થાત્ સમ્યગ્જ્ઞાનને અને પરદ્રવ્યના મમત્વના ત્યાગને કાળભેદ–આંતરો–હોતો નથી. જ્ઞાન તે જ ત્યાગ છે.

**વિશેષ** :—અનાદિથી અજ્ઞાની કર્મકૃત શરીરાદિને તેમ જ રાગાદિને, પોતે ઉપયોગ સ્વરૂપ ભગવાન આત્મા છે અને તેઓ જડસ્વરૂપી પરદ્રવ્યો છે એવા ભેદવિજ્ઞાનના અભાવને લીધે રાગાદિમાં એકત્વ-મમત્વ કરતો થકો ઘોર નિંદ્રામાં સૂતો છે. મેરૂ જેટલાં પુણ્યોદયથી જ્ઞાની ગુરુનો સત્સમાગમ થતાં, તેઓશ્રીની દેશના વડે જ્યારે તે જીવ સ્વ-પરની ભેદજ્ઞાનજ્યોતિ વડે હું તો એક જ્ઞાયકભાવ છું અને આ રાગાદિ સઘળાય ભાવોથી હું સદાય ભિન્ન છું એવું જે સમયે જ્ઞાન ઉદિત થાય છે તે જ સમયે રાગાદિના મમત્વનો અભાવ થઈ જાય છે અર્થાત્ તેને ત્યાગે છે. એ રીતે જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે.

## [ગાથા : ૩૬]

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે દહીં અને ખાંડને ભેગા કરતાં શિખંડ થાય છે તેમાં દહીં ને ખાંડ એક જેવા માલૂમ પડે છે—જાણે કે શિખંડનો સ્વાદ જુદો જ હોય તેમ બન્ને એકરૂપ અનુભવાય છે તોપણ વિવેકીને ખાટા અને મીઠા સ્વાદભેદે શિખંડમાં રહેલ દહીં અને ખાંડ જુદા જુદા હોવાનું માલૂમ પડે છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે સમસ્ત દ્રવ્યોના પરસ્પર એકક્ષેત્રાવગાહનું નિવારણ કરવું અશક્ય હોવાથી અર્થાત્ આકાશના એકક્ષેત્રે ભિન્ન ભિન્ન દ્રવ્યોનું સાથે રહેવાપણું અનિવાર્ય હોવાથી, મારો આત્મા અને પરદ્રવ્યો, શિખંડની માફક, એકમેક થઈને રહ્યા હોવાનું માલૂમ પડવા છતાં, શિખંડમાં રહેલાં દહીં અને ખાંડના સ્વાદભેદની જેમ જ્ઞાનીને હું સદાય ઉપયોગ સ્વરૂપી ચેતન છું અને જડ સ્વરૂપી આ પરદ્રવ્યો સદાય મારાથી ભિન્નપણે અનુભવાય છે.

**તાત્પર્ય** :—જેવી રીતે શિખંડમાં દહીં અને ખાંડ એકમેક જેવા માલૂમ પડે છે તોપણ બન્ને ભિન્ન હોવાનું અનુભવી શકાય છે. તેવી રીતે ઉપયોગ સ્વરૂપી આત્માનું અને જડ સ્વરૂપી રાગાદિનું એકક્ષેત્રાવગાહપણું નિવારણ કરવું અશક્ય હોવાથી, આત્મા અને રાગ એકમેક જેવા માલૂમ પડવાથી અર્થાત્ રાગ મારો છે એવું લાગવા છતાં પ્રગટ ભિન્ન ભિન્ન સ્વલક્ષણોથી પરમાર્થે હું તો એક જ્ઞાયકભાવ છું અને પુદ્ગલ જેનો સ્વામી છે એવા આ રાગાદિ મારાથી અત્યંત જુદા છે એવું ભેદજ્ઞાન થતાં તે રાગાદિ પ્રત્યે નિર્મમત્વ થાય છે.

**[ગાથા : ૩૮]**

**દૃષ્ટાંત** :—જેવી રીતે કોઈની પાસે સુવર્ણ તો છે જ પરંતુ તે પોતાની મૂઠીમાં રાખેલું હોવા છતાં ભૂલી ગયો હોવાથી બહારમાં ચારેબાજુ ફાંફા મારતાં મારતાં એકાએક યાદ આવી જતાં મૂઠી ખોલીને સુવર્ણને દેખી લે છે અથવા કોઈએ યાદ કરાવતાં મૂઠી ખોલીને સુવર્ણને દેખી લે છે. સુવર્ણને દેખતાં જ અરે! આ તો મારી પાસે જ હતું ને હું તો તેને બહાર શોધી રહ્યો હતો! એમ આશ્ચર્યભાવે પ્રસન્ન થાય છે અને ફરી હવે ભૂલીશ નહિ એવો દૃઢ વિશ્વાસ ઊપજે છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાનદર્શનસ્વભાવી આત્મા પોતે હોવા છતાં પોતે જ પોતાને ભૂલી ગયો હતો, તેથી પોતાને શોધવા બહારના રાગાદિ ભાવોમાં કે એકલા પરલક્ષી ક્ષયોપશમભાવમાં અનાદિથી ફાંફાં મારતાં મારતાં જ્યારે પોતાની કાળલબ્ધિ પાકે છે ત્યારે પોતાની મેળે અથવા ઉપકારી શ્રીગુરુના ઉપદેશ વડે, મૂઠીમાં રહેલાં સુવર્ણને દેખાવાની જેમ, અત્યંત પ્રસન્નતા પૂર્વક સદાય ચૈતન્યજ્યોતિસ્વરૂપ આત્માને અનુભવતો થકો, હવે મૂળથી ઉખાડી નાખેલા મોહના અભાવને લીધે, ફરીથી ક્યારેય અમારી આ આત્મ-અનુભૂતિ ચ્યુત થશે નહીં એવી પ્રતીતિ ઊપજે છે.

**તાત્પર્ય** :—વર્તમાન પંચમકાળના સર્વજ્ઞસમા કુંદકુંદાચાર્યદેવ અને તેની સર્વોત્કૃષ્ટ રચના સમાન સમયસારના ટીકાકાર અધ્યાત્મ-અમૃતના સાગર અમૃતચંદ્રાચાર્યદેવના શ્રોતાઓ પણ એટલી ઊંચી યોગ્યતાવાળા હોય ને! કે જે અપ્રતિબુદ્ધ હોવા છતાં એની અધ્યાત્મપિપાસા એટલી તીવ્ર હોય છે કે જ્યાં વીતરાગ વિજ્ઞાનઘનના રસિલા શ્રીગુરુ શુદ્ધાત્મ-અનુભૂતિની વિધિ સમજાવે છે ત્યાં તે જિજ્ઞાસુ શ્રોતા વારંવાર તેનું ઘોલન-મનન-ચિંતન કરતો થકો, મૂઠીમાં રાખેલા સુવર્ણને દેખવાની સહજતાની જેમ સદા અરૂપી ચૈતન્યસાગરમાં એવી તો ડૂબકી મારે છે કે તે શ્રોતા સ્વયં પ્રતિબુદ્ધ થયો થકો એવો અનુભવ

કરે છે કે જે આ અમને આત્મ-અનુભૂતિ પ્રગટ થઈ છે તે હવે અપ્રતિહતભાવે સિદ્ધત્વને પામશે.....પામશે.....ને પામશે જ.

**વિશેષ** :—અહીં દૃષ્ટાંત દ્વારા વિશેષ વાત એ સમજાવી છે કે સૌ પ્રથમ 'હું સિદ્ધ છું' એવા વિશ્વાસપૂર્વક સાંભળવાનું કહેલ; કારણ કે મૂઠીમાં રાખેલ સુવર્ણ અર્થાત્ સોળવલું શુદ્ધ ભોગ્ય સુવર્ણ તો તારી પાસે મૌજૂદ જ છે પરંતુ તેં મૂઠી બંધ કરી દીધી હતી અને તું સ્વયં ભૂલી ગયો હતો, તેથી શ્રીગુરુ જ્યાં યાદ અપાવે છે અને તું મૂઠી ખોલે છો ત્યાં તારું સિદ્ધત્વ તને પ્રત્યક્ષ અનુભવગમ્ય થવા લાગ્યું! જેમ મૂઠી ખોલતાં દેખવામાં આવતાં સુવર્ણને શુદ્ધ કરવા કે ઘાટઘડવા જવું પડતું નથી પણ દેખતાંની સાથે જ સુવર્ણમાં મમત્વરૂપ ભોગવટો ચાલુ થઈ જાય છે. તેમ કાળલબ્ધિ પાકતાં શ્રીગુરુનો બોધ પામતાં, જે જ્ઞાન બિડાઈ ગયું હતું તે જ્ઞાન સ્વસન્મુખતારૂપે ઉઘડી જતાં સદાય એકાકાર શુદ્ધસ્વરૂપી ભગવાન આત્માની પ્રતીતિ થતાં, હું વર્તમાનમાં સિદ્ધ જ છું એવી આત્મ-અનુભૂતિ સહજમાત્રમાં પ્રગટ થઈ જાય છે. બીજી રીતે, સુવર્ણ ક્યાંય ખોવાય ગયું જ નહોતું કે જેથી તેને ક્યાંય શોધવા જવું પડે! સુવર્ણ તો પોતાની પાસે જ રહ્યું છે પણ સુવર્ણ તરફનું લક્ષ કરવામાં ભૂલ્યો છે અને તેમાં બાહ્યકારણરૂપ મૂઠી બિડાયેલી હોવાથી તે દેખાયું નથી. પરંતુ જ્યાં યાદ આવે છે કે કોઈ યાદ અપાવે છે ત્યાં મૂઠી તો સહજપણે ઉઘડી જાય છે–ઉઘાડવી પડતી નથી–અને સુવર્ણનો મમત્વરૂપ ભોગવટો શરૂ થઈ જાય છે; તેમ સિદ્ધસદૃશ ભગવાન આત્મા તો અનાદિથી હાજરાહજૂર જ રહ્યો છે, પોતાની જાણવાની પર્યાયમાં સદાય જણાઈ રહ્યો જ છે તોપણ લક્ષ જ્ઞેય તરફ હોવાથી જણાવા છતાં તેને જાણતો નથી. કાળલબ્ધિ પાકતાં શ્રીગુરુનો બોધ પામતાં, જે લક્ષ જ્ઞેય તરફ હતું તે લક્ષ ત્યાંથી છૂટી જતાં, લક્ષ જાણનાર તરફ પાછું ફરે છે ત્યાં જે સદાય જણાઈ રહ્યો હતો તે લક્ષ પૂર્વક જણાવા લાગે છે કે હું તો એક જ્ઞાયકભાવ છું–એમ અહીં 'મૂઠીમાં રહેલ સુવર્ણ' કહીને શુદ્ધાત્મા સદાય સહજ પ્રત્યક્ષ અનુભાવ્ય છે તેમ સમજાવ્યું છે.

## [કળશ : ૩૨]

**દૃષ્ટાંત** :—જેવી રીતે અગાધ સમુદ્રની સામે ઊભેલ પુરુષ પોતાની આંખ આગળ ચાર હાથનું કપડું રાખે તો સમુદ્ર દેખાતો નથી પરંતુ જ્યાં કપડું દૂર કરે છે ત્યાં અગાધ સમુદ્ર ઉછાળા મારતો દેખવામાં આવે છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા તો આ રહ્યો! પણ અજ્ઞાનરૂપ નાનકડું કપડું આડું ધરેલ હતું. હવે જ્યારે પ્રતિબુદ્ધપણે અજ્ઞાનરૂપી કપડાને સર્વાંગે દૂર કરે

છે ત્યારે આનંદના ઉછાળા મારતો જ્ઞાનસાગર ભગવાન આત્મા અનુભવાય છે.

**તાત્પર્ય** :—આનંદના હિલોળા મારતો ભગવાન અનુભવાય છે તેથી આચાર્યદેવ પ્રેરણા કરે છે કે જગતના સમસ્ત જીવો એ શાંતરસમાં નિમગ્ન થાઓ–આનંદસાગરમાં સર્વે જીવો ડૂબકી મારો.

**[ગાથા : ૩૯-૪૩, ૪૪]**

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે કાળાપણાથી જુદો કોઈ કોલસો જોવામાં આવતો નથી.

**સિદ્ધાંત** :—તેવી રીતે મિથ્યાત્વ સહિતના મોહ-રાગ-દ્વેષથી જુદો કોઈ જીવ નથી એમ અજ્ઞાની માને છે.

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે કાળાપણાથી જુદું સુવર્ણ હોય છે; જેવી રીતે ખાટલામાં સૂતેલો ખાટલાથી જુદો માણસ હોય છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે અધ્યવસાનથી જુદો, આઠ કર્મના સંયોગથી ભિન્ન આત્મા છે તેમ અજ્ઞાનીને આચાર્યદેવ સમજાવે છે.

**તાત્પર્ય** :—જીવ અને અજીવ અનાદિથી એકક્ષેત્રાવગાહરૂપ સંયોગે રહેલાં છે અને અનાદિથી જ જીવની અજીવના સંગે અનેક વિકારી અવસ્થા થઈ રહી છે. તેથી વેદાંતી, બૌધ આદિ આઠ મતો–અનેક નાના-મોટા મતોવાળા અધ્યવાસન જેટલો જ, કર્મના સંયોગ જેટલો જ જીવને માને છે. તેથી અહીં આચાર્યદેવે એ માન્યતાનું ખંડન કરતાં સમજાવ્યું છે કે કર્મના સંયોગથી જુદો, મિથ્યા અધ્યવસાન રહિત શુદ્ધ ચૈતન્ય આત્મા ભેદજ્ઞાનીઓને અનુભવગોચર હોવાથી અન્યમતોવાળા માને છે તેવો જીવ નથી.

**[ગાથા : ૪૭-૪૮]**

**દૃષ્ટાંત (ગાથામાંથી)** :—જેવી રીતે આ રાજા પાંચ યોજનના ફેલાવથી નીકળી રહ્યો છે એમ સેનાસમુદાયના ફેલાવાની અપેક્ષાએ રાજાનું વર્ણન કરવાનો લોક-વ્યવહાર હોવા છતાં, એક રાજાનું સેનાસમુદાયરૂપ પાંચ યોજનમાં ફેલાવું અશક્ય હોવાથી અન્યમતોવાળા માને છે તેવો જીવ નથી.

**સિદ્ધાંત** :—તેવી રીતે રાગવાળો જીવ, દ્વેષવાળો જીવ, મોહી જીવ એમ અનેક

પ્રકારના રાગના સ્થાનવાળો-ગુણસ્થાનોવાળો, માર્ગણાસ્થાનોવાળો ઇત્યાદિ પ્રકારે જીવને વર્ણવવાનો વ્યવહાર છે. તોપણ પરમાર્થે જોતાં એક આતમરામનું અનેકપ્રકારના રાગ સમુદાયમાં વ્યાપવું અશક્ય હોવાથી આતમરામ તો એક જ્ઞાયક જ છે, રાગરૂપ નથી; રાગાદિ જીવ નથી.

**તાત્પર્ય :**—વ્યવહારનયના વિષયભૂત અધ્યવસાનાદિભાવરૂપ પરભાવો તે જીવ એમ કહેવારૂપ વ્યવહાર છે તોપણ નિશ્ચયનયના વિષયભૂત એકાકાર શુદ્ધ આતમરામને પરમાર્થદૃષ્ટિથી જોતાં જીવ ક્યારેય રાગાદિરૂપ થયો જ ન હોવાથી જીવ તો સદાય એક જ્ઞાયકભાવ છે અને આ અધ્યવસાનાદિ ભાવો કદીય જીવરૂપ નથી. એ રીતે ચૈતન્યશક્તિથી વ્યાપ્ત એટલો જ આ જીવ છે અને ચૈતન્યશક્તિથી શૂન્ય જે કોઈ પરભાવો છે તે પુદ્‌ગલજન્ય છે, પુદ્‌ગલના જ છે એમ પરમાર્થદૃષ્ટિ કરો.

## [ગાથા :૫૬]

**દૃષ્ટાંત-સિદ્ધાંત : (ટીકામાંથી)** :—જેવી રીતે સફેદ રૂનું બનેલું વસ્ત્ર કે જે લાલ રંગ વડે (ઔપાધિકભાવ વડે) રંગાયેલું હોવાથી લાલવસ્ત્ર કહેવાનો વ્યવહાર છે. તેવી રીતે પુદ્‌ગલના સંયોગવશે અનાદિકાળથી જેનો બંધપર્યાય પ્રસિદ્ધ છે એવા જીવના વર્ણથી માંડીને ગુણસ્થાન સુધીના ભાવો (ઔપાધિકભાવો) હોવાનું કહેવાનો વ્યવહાર છે. તેથી સૂત્રમાં વર્ણથી માંડીને ગુણસ્થાનપર્યંતના ભાવો વ્યવહારથી જીવના કહ્યા છે.

**તાત્પર્ય :**—'નિશ્ચયનય પોતાના ભાવોને પોતાનો કહેતો હોવાથી શાહુકાર છે અને વ્યવહારનય બીજાના ભાવોને બીજાનો (–પોતાનો) કહેતો હોવાથી ચોર સમાન છે''—ભગવાનની ભક્તિ, ૨૮ મૂળગુણનો રાગ એ બધા પુદ્‌ગલના ભાવો છે, છતાં વ્યવહારનય તેને જીવના ભાવો કહે છે. એ રીતે ૧૪ ગુણસ્થાનપર્યંતના ભાવોને વ્યવહારનય જીવના ભાવો કહે છે. તોપણ આ બધાય ભાવો એક પુદ્‌ગલની રચના હોવાથી તેઓ પુદ્‌ગલના છે, આત્માના તે ભાવો નથી એમ નિશ્ચયનય કહે છે.

## [ગાથા : ૫૭]

**દૃષ્ટાંત (ગાથામાંથી) :**—જેમ દૂધ અને જળને એકક્ષેત્રાવગાહરૂપ સંયોગસંબંધ છે ખરો; દૂધ અને જળમાં એકસાથે રહેવારૂપ યોગ્યતા હોવા છતાં, દૂધ અને જળના પોતપોતાના ગુણો વડે જળથી અધિકપણે–ભિન્નપણે દૂધ હોવાની પ્રતીતિ થાય છે. કારણ કે અગ્નિ અને

ઉષ્ણતાને જે રીતે તાદાત્મ્ય સંબંધ છે તેવી રીતે દૂધ અને જળને તાદાત્મ્ય સંબંધનો અભાવ હોવાથી જળ અને દૂધ જુદા જુદા છે.

**સિદ્ધાંત** :—તેમ વર્ણાદિ અને જીવને એકક્ષેત્રાવગાહસંબંધરૂપ રહેવાની યોગ્યતાથી એકસાથે રહ્યા હોવા છતાં, નિત્ય ઉપયોગલક્ષણથી લક્ષિત આત્મા વર્ણાદિથી અધિકપણે હોવાની પ્રતીતિ થાય છે. કારણ કે જેવો અગ્નિને ઉષ્ણતા સાથે તાદાત્મ્યસંબંધ છે તેવો જીવને વર્ણાદિ સાથે તાદાત્મ્યસંબંધનો અભાવ હોવાથી વર્ણાદિ જીવના નથી.

**તાત્પર્ય** :—જ્યાં રાગ હોય ત્યાં જીવ હોય જ; એવું હોવા છતાં રાગાદિ જીવ નથી કેમ કે બન્નેના સ્વલક્ષણો જુદા જુદા છે. રાગાદિ પરિણામ પુદ્‌ગલના લક્ષે ઉત્પન્ન થતી સંતતિ છે. તેથી રાગાદિ અનુપયોગ લક્ષણથી લક્ષિત છે જ્યારે જીવ તો સદાય ઉપયોગ લક્ષણથી લક્ષિત છે. એ રીતે પ્રગટપણે પ્રત્યક્ષ ભિન્ન ભિન્ન પરસ્પર વિરોધી એવા સ્વલક્ષણોવાળા જીવ અને રાગાદિની ભિન્નતા અનુભવગમ્ય હોવાથી રાગાદિ તે જીવ નથી, જીવના નથી, જીવથી ઊપજેલા નથી, તેથી પુદ્‌ગલના સંગે, પુદ્‌ગલના લક્ષે ઊપજેલા રાગાદિ પુદ્‌ગલપરિણામો આત્માના નથી.

## [ગાથા : ૫૮-૫૯-૬૦]

**દૃષ્ટાંત (ગાથામાંથી)** :—જેવી રીતે કોઈ માર્ગે ચાલનાર કોઈને કોઈ પથિક માર્ગના કોઈ હિસ્સામાં લૂંટાતો માલૂમ પડતા લોકો કહે છે કે તે માર્ગ લૂંટાય છે. આવું કહેવાનો વ્યવહાર એટલા માટે છે કે તે માર્ગના એટલા હિસ્સામાં પથિક લૂંટાતો હોય છે. પરમાર્થદૃષ્ટિએ વિચારીયે તો રસ્તાનો એટલો હિસ્સો તો ક્યારેય કોઈથી લૂંટાતો નથી, માત્ર તેટલા હિસ્સામાં વિહરતો મુસાફર જ ખરેખર લૂંટાય છે. તોપણ પથિકના લૂંટાવા વખતે તેટલા પંથમાં તે પથિકની ઉપસ્થિતિ હોવાથી તેનો ઉપચાર માર્ગમાં કરીને 'આ માર્ગ લૂંટાય છે' તેમ વ્યવહારીજનોનો કહેવામાત્ર વ્યવહાર હોય છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે સંસારમાર્ગમાં મુસાફરી કરી રહેલ જીવમાં બંધપર્યાયથી વર્ણ સાથે એકક્ષેત્રાવગાહરૂપ ઉપસ્થિતિ દેખીને તેનો ઉપચાર કરીને આ વર્ણ જીવનો છે એમ વ્યવહારથી જિનાગમમાં કહ્યું છે. એ રીતે વર્ણથી માંડીને ગુણસ્થાન સુધીના બધાંય ભાવોની સંસારમાં રહેલા જીવમાં ઉપસ્થિતિ દેખીને તેનો ઉપચાર કરીને વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત ભાવોને વ્યવહારથી અર્હંતદેવોએ જીવના કહ્યા છે. તોપણ પરમાર્થદૃષ્ટિએ જોતાં, જેમ માર્ગના તે હિસ્સાનું લૂંટાવું અશક્ય છે તેમ, નિત્ય-ઉપયોગસ્વરૂપી અમૂર્ત જીવના તે સર્વ ભાવો નથી કેમ કે તેમના વચ્ચે તાદાત્મ્યભાવ હોવાનો નિષેધ છે.

**તાત્પર્ય :**—માર્ગ લૂંટાય તો છે ને! અરે ભાઈ! માર્ગ કદીય લૂંટાવો શક્ય જ નથી; તેમ છતાં માર્ગના જે હિસ્સામાં પથિક લૂંટાય છે તે હિસ્સામાં લૂંટાઈ રહેલા પથિકની ઉપસ્થિતિ હોવાથી લૂંટાવાનો ઉપચાર માર્ગમાં કરાય છે. તેવી રીતે સંસારમાર્ગના પર્યટનમાં જીવમાં બંધપર્યાયથી એકક્ષેત્રાવગાહરૂપ કર્માદિની સ્થિતિ દેખીને કર્માદિનો ઉપચાર જીવમાં કરીને કહેવાય છે કે કર્માદિ જીવના છે. સંસારદશામાં જીવમાં બંધપર્યાયથી રાગાદિની ઉપસ્થિતિ દેખીને રાગાદિનો જીવમાં ઉપચાર કરીને રાગાદિ જીવના છે તેમ જિનાગમમાં સર્વજ્ઞદેવે વ્યવહારથી કહ્યું ભલે હોય, તોપણ જેમ લૂંટાઈ રહેલા પથિકની ઉપસ્થિતિથી તેટલા માર્ગને 'માર્ગ લૂંટાય છે' તેમ કહેવાનો વ્યવહાર હોવા છતાં માર્ગ કદી લૂંટાતો નથી તેમ, પરમાર્થદૃષ્ટિએ જોતાં રાગાદિ-ગુણસ્થાન પર્યંતના તે સર્વ ભાવો સાથે જીવને તાદાત્મ્ય સંબંધનો અભાવ હોવાથી ઉપચારથી જીવના કહેવાતા તે સર્વ ભાવો જીવના છે જ નહીં, તે સર્વ ભાવો પરમાર્થદૃષ્ટિએ જોતાં કદીય જીવના હોતા જ નથી.

**વિશેષ :**—'માર્ગ લૂંટાય છે' એ સચોટ દૃષ્ટાંતથી રાગાદિ જીવના છે જ નહીં એ પરમાર્થદૃષ્ટિની આચાર્યદેવે અદ્ભુત માર્મિક છણાવટ કરી છે. વારંવાર લૂંટાતા કોઈને કોઈ વટેમાર્ગુની ઉપસ્થિતિ જે માર્ગના જે હિસ્સામાં સંભવે છે તે માર્ગને, લૂંટાનાર વટેમાર્ગુની ઉપસ્થિતિથી, લૂંટાવાનો ઉપચાર માર્ગમાં કરીને, 'માર્ગ લૂંટાય છે' તેમ કહેવાનો લોકવ્યવહાર છે; તોપણ તેવું કહેનાર અને તેવું સાંભળનાર સમજે છે કે માર્ગ કદી લૂંટાતો જ ન હોય, લૂંટાનાર પથિકની તે માર્ગમાં હાજરી દેખીને, લૂંટાવાનો આરોપ-ઉપચાર માર્ગમાં કરવામાં આવતો હોય છે. તેવી રીતે રાગાદિ જીવના છે, રાગાદિનો કર્તા જીવ છે, રાગાદિનો સ્વામી જીવ છે એવું વ્યવહારવચન જિનવાણીમાં ઠેરઠેર જોવા મળે છે તોપણ તે કથન કરનાર સંતો અને સાંભળનાર લાયક જીવો જાણે છે કે જીવનો રાગ ન હોય, જીવ રાગાદિનો કર્તા ન હોય, જીવ રાગનો સ્વામી ન હોય, પરંતુ જીવમાં બંધપર્યાયથી-પર્યાય સાથેના ક્ષણિક સંબંધથી સ્થિતિ પામેલા તે તે ભાવોની ઉપસ્થિતિનો ઉપચાર કરીને જીવને રાગી કહેવાનો વ્યવહાર છે તોપણ જે સમયસારસ્વરૂપ શુદ્ધાત્મા છે તેમાં રાગાદિ હોવાનું, માર્ગ લૂંટાવા જેવું અશક્ય છે, કેમ કે તે તે ભાવોનો—કર્મસાપેક્ષભાવોનો જીવ સાથે તાદાત્મ્યભાવનો સદાય અભાવ વર્તે છે. કારણ કે રાગાદિભાવો પુદ્ગલના લક્ષે, પુદ્ગલના સંગે ઉત્પન્ન થયેલા હોવાથી પુદ્ગલ તેનો સ્વામી છે માટે તે સર્વ ભાવો જીવના નથી. માર્ગનો એ ભાગ તો એનો એ જ છે અને જુદા જુદા વટેમાર્ગુ ત્યાં લૂંટાય છે તેથી માર્ગ લૂંટાય છે તેવું નામ પડે છે, તેમ જીવ તો એનો એ જ છે પણ તે બંધપર્યાયમાં વર્ણથી માંડીને ગુણસ્થાન સુધીના

કોઈને કોઈ જુદા જુદા ભાવોની ઉપસ્થિતિ દેખીને જીવના તે ભાવ એવું નામ પડે છે—એવું વ્યવહારકથન બને છે, જેમ લૂંટાતા પથિકને લક્ષમાં લેવાથી 'માર્ગ લૂંટાય છે' એમ કહો તો ભલે કહો, માર્ગ કદી લૂંટાય શકે જ નહીં, તેમ રાગાદિની હયાતીને લક્ષમાં લેવાથી જીવના કહો તો ભલે કહો, રાગાદિ જીવના હોઈ શકે જ નહીં એમ અહીં દૃષ્ટાંત દ્વારા જોરદાર પરમાર્થદૃષ્ટિ કરાવી છે. લૂંટાતા પથિકનું લક્ષ છોડી દે તો માર્ગ તો માર્ગ જ હોઈ શકે, તેમ રાગાદિનું લક્ષ છોડી દે તો જ્ઞાયક તો સદાય જ્ઞાયક જ હોઈ શકે. એ રીતે અહીં રાગાદિની ભિન્નતા સચોટપણે સમજાવી છે. હજુ આગળ તો કહેશે કે ચૈતન્ય જેવા દેખાતા રાગાદિ વિકારો જીવ નથી પણ વર્ણાદિની જેમ પુદ્‌ગલ છે.

એ તો સુવિદિત છે કે એકલું લોખંડ કદીય કાટ ઉત્પન્ન કરતું જ નથી, કરી શકતું જ નથી, કરવાની કોઈ શક્તિ પણ નથી. જો એકલું લોખંડ કાટ ઉત્પન્ન કરતું હોત તો (૧) કાં તો કાટથી લોખંડ ખવાતું જ નહોત, અથવા (૨) એકલું લોખંડ કાટ ઉત્પન્ન કરે ને કાટથી લોખંડ ખવાતું જાય એ રીતે લોખંડનું અસ્તિત્વ જ સંભવિત ન રહેત. પરંતુ કાટથી જ લોખંડ ખવાતું જાય છે માટે એકલું લોખંડ કાટનો ઉત્પાદક સંભવતું જ નથી. તેમ છતાં લોખંડ વિના કાટનું જ અસ્તિત્વ હોતું નથી. જ્યાં જ્યાં જ્યારે જ્યારે કાટ ઉત્પન્ન થાય ત્યાં લોખંડ અવશ્યંભાવી હોવાનું જ અને જે લોખંડની હાજરી વિના કાટ ઉત્પન્ન થતું નથી તે જ લોખંડને કાટ ખાઈ જાય છે, નાશ કરે છે. તો પછી કાટનો ઉત્પાદક કોણ? કે વસ્તુતઃ વિચારવામાં આવે તો પાણીનો સંગ જ કાટને ઉત્પન્ન કરનાર છે.''**पर संग एव**'' એ સચોટ વસ્તુસ્થિતિ પ્રસિદ્ધ કરતું સૂત્ર છે. પરના સંગે જ—પાણીના સંગે જ કાટ ઉત્પન્ન થાય છે, થઈ શકે છે, થઈ રહ્યો છે તોપણ લોખંડની હાજરી-ઉપસ્થિતિથી લોખંડમાં કાટને કરવાનો ઉપચાર કરવામાં આવે છે. એ રીતે કાટની ઉત્પત્તિમાં ''**पर संग एव**'' પાણીનો સંગ કારણ છે ને તે વખતે લોખંડની હાજરી-ઉપસ્થિતિ જ માત્ર હોય છે.

એ પણ જગપ્રસિદ્ધ સત્ય છે કે એકલી સ્ત્રી કદીય સંતાન ઉત્પત્તિનું કારણ બની શકતી જ નથી. કેમ કે જો એકલી સ્ત્રી પુત્ર-ઉત્પત્તિનું કારણ હોત તો વિના લગ્ને બ્રહ્મચારી સ્ત્રીને માતૃત્વ ધારણ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાત. પરંતુ પુરુષના સંગ થકી જ પુત્ર-ઉત્પત્તિ સંભવે છે. અને જેના સંગે ઉત્પન્ન થાય તેનો તે હોવાનું સરકારમાન્ય છે, સમાજમાન્ય છે. તેથી જ પુત્રનું ગોત્ર આદિ પિતાના ગોત્રરૂપ મનાય છે. પુત્ર પાછળ પિતાનું નામ લખાય છે. પિતાનો વારસો પુત્રને મળે છે, કારણ કે પુત્રની ઉત્પત્તિમાં પિતાનો સંગ જ કારણભૂત મનાય છે.

ક્યારેય એકદમ પેક રાખવામાં આવેલી પાણીની ટાંકીમાં સેવાળ ઉત્પન્ન થતો જ નથી. બંધીયાર પાણીને હવાનો સંગ મળે તો જ લીલફુગ-સેવાળ ઉત્પન્ન થાય છે. પાણી કદીય લીલફુગ ઉત્પન્ન કરતું જ નથી.

આમ હોવાથી અર્થાત્ અનેક દૃષ્ટાંત મુજબ, એકલો જીવ ક્યારેય રાગાદિ ઉત્પન્ન કરતો જ નથી, કરી શકતો જ નથી, કરવાની શક્તિ પણ નથી. પરંતુ પરના સંગે રાગાદિની ઉત્પત્તિ થાય છે. તેથી જેનાં સંગે ક્ષણિક પર્યાયમાં વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંતના સઘળાય ભાવો ઉત્પન્ન થાય છે તે સંગ–પુદ્‌ગલ–જ તેનો કર્તા, તેનો સ્વામી બને છે. તેથી તે બધાય ભાવો પુદ્‌ગલમય અજીવ છે, જીવ નથી. જે રીતે લોખંડની હાજરી, પાણીની હાજરી, સ્ત્રીની હાજરી અનુક્રમે કાટ, સેવાળ અને પુત્રની ઉત્પત્તિમાં હોય છે અને તેના કર્તા 'પર સંગ એવ'—પર સંગરૂપ અનુક્રમે પાણી, હવા અને પુરુષ હોવાથી તેઓ જ છે. તેમ જીવની માત્ર હાજરીમાં પુદ્‌ગલના લક્ષે—પરના સંગે—રાગાદિની ઉત્પત્તિ થવાથી પુદ્‌ગલ તેનો કર્તા છે પણ તે ભાવોનો જીવ કર્તા નથી, સ્વામી નથી. તેથી અહીં ગાથા ૫૮ થી શરૂ કરીને ગાથા ૬૮ સુધી અનેક પ્રકારે દૃષ્ટાંતો વડે રાગાદિ પુદ્‌ગલ જ છે એવી સચોટ પરમાર્થદૃષ્ટિ કરાવી છે અને તેથી જ પૂજ્ય ગુરુદેવશ્રીએ રાગાદિને પુદ્‌ગલ પુદ્‌ગલ કહી કહીને પરમાર્થદૃષ્ટિ કરાવવા કાંઈ બાકી રાખ્યું નથી!

## [ગાથા : ૬૫-૬૬]

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેમ સુવર્ણનું પાનું સુવર્ણ વડે કરાતું હોવાથી સુવર્ણ જ છે, અન્ય કાંઈ નથી.

**સિદ્ધાંત** :—તેમ એકેંદ્રિય, દ્વીંદ્રિય આદિ બધા જીવસ્થાનો પુદ્‌ગલમયી નામકર્મની પ્રકૃતિઓ વડે કરાતાં હોવાથી પુદ્‌ગલ જ છે, જીવ નથી.

**તાત્પર્ય** :—જેના વડે જે કરાય છે તે તે જ છે. અર્થાત્ પુદ્‌ગલ વડે કરાતાં સઘળાય ભાવો પુદ્‌ગલ જ છે, જીવ નથી.

## [કળશ : ૩૮]

**દૃષ્ટાંત** :—જેમ જગતમાં સોનાથી બનેલા મ્યાનને લોકો સોનું જ દેખે છે, કોઈ રીતે તરવાર દેખતા નથી.

**સિદ્ધાંત** :—તેમ વર્ણાદિક સઘળાય ભાવો પુદ્‌ગલથી બનેલા હોવાથી પુદ્‌ગલ જ છે, તેઓ જીવ નથી.

**તાત્પર્ય** :—આચાર્યદેવ દાંડી પીટીને જિજ્ઞાસુ શ્રોતાઓને કહે છે કે આ વર્ણાદિક ગુણસ્થાન પર્યંત ભાવો છે તે ભલે વ્યવહારથી શાસ્ત્રોમાં જીવના કહ્યા તોપણ તે બધાય ભાવો એક પુદ્ગલની જ રચના જાણો; કારણ કે આ વર્ણાદિક ભાવો પુદ્ગલ જ છે, આત્મા નથી.

## [ગાથા : ૬૭]

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેમ કોઈએ ખાલી ઘડો—માત્ર માટીનો ઘડો જોયો જ ન હોય અને ઘીનો જ ઘડો જોયો હોય તો તેને સમજાવવા માટે સમજાવનાર દ્વારા એમ કહેવામાં આવે કે આ જે ઘીનો ઘડો છે તે માટીમય છે, ઘીમય નથી. એ રીતે ઘીનો ઘડો કહીને ઘીમય નથી પરંતુ માટીમય છે એમ સમજાવવું પડે છે; કારણ કે તેણે ઘી વગરનો કોઈ ઘડો જોયેલો જ નથી.

**સિદ્ધાંત** :—તેમ અજ્ઞાનીજનોને અનાદિથી અશુદ્ધ જીવ જ પ્રસિદ્ધ છે, અશુદ્ધ જીવને જ જીવ તરીકે માન્યો છે, અશુદ્ધતા સિવાયના જીવને તેઓ જાણતા ન હોવાથી તેઓને સમજાવવા શાસ્ત્રમાં, જે આ વર્ણાદિવાળો જીવ છે તે જ્ઞાનમય છે, વર્ણાદિમય નથી—એ રીતે જીવમાં વર્ણાદિપણાનો વ્યવહાર કરવામાં આવ્યો છે; કારણ કે અજ્ઞાનીએ અશુદ્ધ જીવને જ—વર્ણાદિયુક્ત જીવને જ જોયો છે.

**તાત્પર્ય** :—શુદ્ધ જીવનો જેને સ્વિકાર જ નથી એવા અજ્ઞાનીઓને રાગવાળો જીવ છે તે જ્ઞાનમય છે, રાગમય નથી-એમ, જ્ઞાનમય આત્મા સમજાવવા, શાસ્ત્રોમાં રાગવાળો જીવ કહેવામાં આવ્યો છે તોપણ જીવ તો સદાય જ્ઞાનમય હોવાથી રાગમય નથી તેમ સમજવું.

## [ગાથા : ૬૮]

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેમ જવ પૂર્વક જે જવ થાય તે જવ જ હોય છે, તેઓ ઘંઉ આદિ અન્ય ધાન્ય હોતા નથી.

**સિદ્ધાંત** :—તેમ મિથ્યાત્વ આદિ સઘળાય ગુણસ્થાનો પૌદ્ગલિક મોહકર્મની પ્રકૃતિના ઉદય પૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી, પુદ્ગલ જ છે, જીવ નથી.

**તાત્પર્ય** :—અહીં સરળ દૃષ્ટાંત આપ્યું છે કે જેવા દાણા વાવે તેવું જ ધાન્ય-અનાજ થાય, જવ વાવે ને ઘઉં પાકે તેમ ન બને. એ ન્યાયે, ગુણસ્થાનની પરિપાટી મોહકર્મની પ્રકૃતિના ઉદય પૂર્વક થતી હોવાથી તેઓ સદાય અચેતનપણાને લીધે પુદ્ગલ જ છે, જીવ

નથી—એમ કહીને અહીં બાકી બધા ભાવો જે કર્મસાપેક્ષપણાથી ઊપજતા હોઈને તેઓ અજીવ છે, જીવ નથી એમ જીવ-અજીવની સર્વાંગી ભિન્નતા બતાવીને એકલા શુદ્ધ જીવનો પૂરો અધિકાર પ્રસિદ્ધ કર્યો છે.

**વિશેષ :**—એ રીતે અહીં બન્ને આચાર્યદેવોએ સ્પષ્ટ પ્રસિદ્ધ કર્યું કે જેમ વર્ણાદિભાવો જીવ નથી, પુદ્‌ગલ જ છે તેમ રાગાદિ ચૈતન્યવિકારો, જોકે ચૈતન્ય જેવા દેખાય છે તોપણ તેઓ જીવ નથી પણ અજીવ જ છે, પુદ્‌ગલ જ છે. પંડિત જયચંદજીએ પણ એ વાત સ્પષ્ટ કરતાં કહ્યું કે રાગાદિ ચિદ્‌વિકારને દેખીને એવો ભ્રમ ન કરશો કે રાગાદિ ચૈતન્ય છે; તેઓ અચેતન જડ જ છે એમ તમે જાણો. નિશ્ચયથી તો એ ભાવો પુદ્‌ગલ જ છે, પરંતુ વ્યવહારથી તેને જીવના માનતાં અવ્યાપ્તિ નામનો દોષ આવે છે કેમ કે સિદ્ધમાં તે ભાવો વ્યવહારથી પણ વ્યાપતા નથી.

❀ નિશ્ચયથી, વિદ્યમાન ગુણસ્થાન, માર્ગણાસ્થાન, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ઈત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે તે બધાય એકલા પુદ્‌ગલદ્રવ્યનું કાર્ય છે અર્થાત્ પુદ્‌ગલદ્રવ્યના ચિતરામણ જેવા છે એમ હે જીવો! નિઃસંદેહપણે જાણો

*(–શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૩૯)*

❀ શરીર અને આત્મા બન્નેને એક માનનાર મોહી જીવો દ્વારા આ ગુણસ્થાનોને જીવ કહેવામાં આવે છે. પરંતુ ભેદવિજ્ઞાનમાં નિપુણ વિવેકીજનો દ્વારા નહીં—વિવેકી જીવ તેમને પુદ્‌ગલરૂપ અજીવ બતાવે છે.

❀ જીવના કષાયાદિક જેટલા પરિણામ છે તે બધા ચેતનાને નિમિત્તભૂત કરીને કર્મ દ્વારા ઉપજાવવામાં આવે છે, જેમ કુંભારનું નિમિત્ત પામીને માટીના પિંડ દ્વારા ઘટકાદિક ઉપજાવવામાં આવે છે.

❀ જેવી રીતે સહકારિતા સાથે ઘડો કરાતો હોવા છતાં પણ કુંભાર કદી ઘડારૂપ થતો નથી, તેવી જ રીતે સહકારિતા સાથે કષાયાદિ કરવા છતાં પણ આ જીવ કદી કષાયાદિરૂપ થતો નથી.

*(—શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર-પ્રાભૃત, અધિ-૨, શ્લોક ૩૮, ૩૯, ૫૭-૫૮)*

❀ આ ચૈતન્ય આત્માનું સ્વરૂપ ખરેખર જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મથી ભિન્ન, રાગાદિ ભાવકર્મોથી રહિત અને શરીરાદિ નોકર્મથી રહિત છે, તેને યથાર્થપણે જાણવું જોઈએ. *(—પરમાનંદસ્તોત્ર, શ્લોક ૮)*

❀ 'શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી'—આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે તે અતિ અપૂર્વસિદ્ધિને પામે છે.

*(—શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર, કળશ-૭૪)*

એ રીતે અહીં, રાગાદિ ભાવો જીવ છે જ નહીં, જીવમાં છે જ નહીં છતાં અજ્ઞાની જીવો કેમ અજ્ઞાનપણું છોડતાં નથી! તેથી કરુણાભાવે કહ્યું છે કે મોહીજનોનો મોહ નાચે છે તો નાચો! પરંતુ આ અનાદિના મોટા અવિવેકના નાટકમાં એકલું પુદ્‌ગલ જ નાચે છે, જીવ નાચતો નથી. માટે હે ભવ્યો! જીવ અને અજીવરૂપ રાગાદિના ભેદના અભ્યાસ વડે તમે આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરો!

## કર્તાકર્મ–અધિકાર

### [ગાથા : ૭૪]

**દૃષ્ટાંત (૧) (ટીકામાંથી) :**—જેવી રીતે લાખ હંમેશા પીપળો આદિ વૃક્ષમાં જ થાય; ક્યારેય પીપળો આદિ વૃક્ષના અભાવમાં લાખની ઉત્પત્તિ સંભવતી નથી. તેમ છતાં લાખનો સ્વભાવ પીપળાનો ઘાત કરવાનો હોય છે અને પીપળાનો સ્વભાવ ઘાત થવાનો હોય છે. જેના આધારે પોતાની ઉત્પત્તિ સંભવે છે, જેના વિના હયાતી હોતી નથી એવો લાખ તેના આધારનો જ ઘાતક હોય છે કારણ કે બન્નેના સ્વભાવો એકબીજાથી વિરુદ્ધ હોય છે.

**સિદ્ધાંત :**—તેવી રીતે રાગાદિ આસ્રવભાવો ઘાતકસ્વભાવી છે અને જીવમાં ઘાત થવાની યોગ્યતા છે. જે રાગાદિ આસ્રવો જીવની હયાતી વિના ઊપજતાં નથી અર્થાત્ જેનું અસ્તિત્વ જીવની હયાતી વિના અસંભવિત છે એવો આસ્રવભાવ જીવનો જ ઘાત કરે છે કેમ કે બન્નેના સ્વભાવો એકબીજાથી પરસ્પર વિરુદ્ધ છે.

**દૃષ્ટાંત (૨) :**—જેમ વાઈનો વેગ વધતો–ઘટતો હોવાથી અધ્રુવ છે. વાઈનો વેગ ઘડીકમાં એકદમ વધી જાય ને ઘડીકમાં એકદમ ઘટી જાય; સ્થિર નથી હોતો, અસ્થિર–અધ્રુવ હોય છે.

**સિદ્ધાંત :**—તેમ આસ્રવો પણ સ્થિર નથી હોતા. ઘડીકમાં પાંચ લાખ રૂપિયા

ધર્માદામાં ખર્ચવાનો પુણ્યાસ્રવ થાય ને ઘડીકમાં પાંચ હજાર રૂપિયા ધર્માદામાં દેવાનો મંદ પુણ્યાસ્રવ થઈ જાય. એકધારા સરખો સ્થિર પુણ્ય કે પાપ આસ્રવ ટકતો ન હોવાથી તેઓ અધ્રુવ છે. જ્યારે જીવ તો સદાય જ્ઞાયકભાવરૂપ એક સરખો ધ્રુવ છે.

**દૃષ્ટાંત (૩)** :—જેવી રીતે ટાઢીયો તાવ અને તાવ વારાફરતી હોય છે; ખૂબ ઠંડી લાગીને શીતજ્વર–ટાઢીયો તાવ આવે છે અને ઉષ્ણજ્વરમાં અર્થાત્ તાવમાં એકદમ ગરમી ચઢે છે–ઠંડી લાગ્યા વિના. એ રીતે બંને પ્રકારના તાવ વારાફરતી હોવાથી, એક હોય ત્યારે બીજો ન હોય તેથી તેઓ અનિત્ય છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે આસ્રવો અનિત્ય છે. પુણ્યાસ્રવ હોય ત્યારે પાપાસ્રવ ન હોય; બન્ને વારાફરતી હોવાથી, એકની હયાતીમાં બીજાનો અભાવ હોવાથી, તેઓ સ્વયં અનિત્ય છે. જ્યારે વિજ્ઞાનઘન સ્વરૂપ જીવ સદાય નિત્ય છે. જ્ઞાનઘનપિંડ સદાય જ્ઞાનસ્વરૂપ નિત્ય છે.

**દૃષ્ટાંત (૪)** :—જેવી રીતે ગમે તેટલી તીવ્ર વાસના હોવા છતાં જ્યાં વીર્ય સ્ખલિત થઈ જાય ત્યાં વાસનાનો વેગ છૂટી જાય છે; કોઈથી રોકાયો રોકી શકાતો નથી.

**સિદ્ધાંત** :—તેવી રીતે કર્મનો ઉદય ખરી જતાં આસ્રવો નાશ પામતા હોવાથી તેઓ સ્વયં અશરણ છે. જ્યારે સહજ સદાય ચિત્શક્તિથી પોતાની મેળે જ રક્ષિત એવો ભગવાન આત્મા સ્વયં શરણરૂપ છે.

**તાત્પર્ય** :—પ્રથમ અધિકારમાં, જીવનો સ્વાંગ સજીને નાચી રહેલા રાગાદિ અજીવનું ભેદજ્ઞાન કરાવ્યું. હવે આ કર્તાકર્મ–અધિકારમાં, ક્રોધાદિ આસ્રવભાવો કર્મ અને જીવ તેનો કર્તા એવા કર્તા–કર્મપણાના સ્વાંગનું ભેદજ્ઞાન કરાવીને ક્રોધાદિનો જીવ સદાય અકર્તા જ છે તેમ જ્ઞાતાપણાને પ્રગટ કર્યો છે. રાગાદિ આસ્રવભાવો–ચાહે તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ શુભભાવ હો—પણ તેઓ જળમાં શેવાળની માફક અશુચિરૂપ છે, જ્ઞાતાપણાથી વિપરીત એવા જડ સ્વભાવી છે, સ્વયં દુઃખરૂપ–આકુળતારૂપ છે અને ભવિષ્યમાં દુઃખફળ–આકુળતા દેનારા છે એમ ૭૨મી ગાથામાં સમજાવીને, ફરીથી એ આસ્રવભાવોની ભિન્નતા ઘૂંટાવતા આચાર્યદેવ ઉપરોક્ત ચાર સચોટ છતાં સહજતાથી સમજી શકાય તેવા દૃષ્ટાંતો વડે, આસ્રવભાવો જીવ નથી પરંતુ જીવનો ઘાત કરનારા, અધ્રુવ, અશરણ અને અનિત્ય હોવા ઉપરાંત દુઃખરૂપ તથા દુઃખફળ દેનાર હોવાથી, જીવથી અત્યંત ભિન્ન છે અને જ્યાં અત્યંત ભિન્નતા હોય ત્યાં કર્તાકર્મપણું અસંભવિત છે. એ રીતે જીવ ક્રોધાદિનો સદાય અકર્તારૂપ જ્ઞાતા જ છે એવું ભેદજ્ઞાન કરાવ્યું છે.

## [ગાથા : ૭૫]

**દૃષ્ટાંત (૧) (ટીકામાંથી) :**—જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકપણાનો સદ્ભાવ હોવાથી ઘડો કર્મ અને માટી કર્તા એવું કર્તાકર્મપણું છે.

**સિદ્ધાંત :**—તેમ પુદ્ગલપરિણામને અને પુદ્ગલને વ્યાપ્યવ્યાપકપણાનો સદ્ભાવ હોવાથી પુદ્ગલપરિણામ કર્મ અને પુદ્ગલ કર્તા એવું કર્તાકર્મપણું છે.

**તાત્પર્ય :**—જીવ-અજીવ અધિકારમાં એ સ્પષ્ટ કર્યું જ હતું કે વર્ણાદિથી લઈને ગુણસ્થાનપર્યંતના સઘળાય ભાવો કે જેઓ જીવનો સ્વાંગ ધરીને અજ્ઞાન સમક્ષ ભલે નાચી રહ્યા હો, તોપણ પરમાર્થે તે સઘળાય ભાવો, પુદ્ગલપૂર્વક થતાં હોઈને, જવપૂર્વક જવ જ થાય એ ન્યાયે, તેઓ એકમાત્ર પુદ્ગલ જ છે, જીવ છે જ નહીં. અહીં, પુદ્ગલના તે સઘળાય ભાવોને પુદ્ગલના પરિણામ કહીને, તેને પુદ્ગલનું કર્મ અને પુદ્ગલ તેનો કર્તા—એ રીતે ક્રોધાદિ સઘળાય ભાવાનો જીવ માત્ર અકર્તા છે એ વિશેષપણે સમજાવતાં કહ્યું કે જેમ કુંભારને અને ઘડાને કર્તાકર્મપણાનો અસંભવ છે તેમ સઘળાય આસ્રવભાવોને અને જ્ઞાતા એવા જીવને કર્તાકર્મપણાનો અસંભવ છે. એ રીતે પરમાર્થે જે આસ્રવોને કરતો નથી પરંતુ એ પુદ્ગલપરિણામસંબંધી જ્ઞાન જેનું કર્મ છે એવા જ્ઞાન-પરિણામના કર્તા આત્માને—પોતાના જ્ઞાતારૂપ આત્માને જે જાણે છે તે જ્ઞાની છે.

**વિશેષ :**—અહીં, પુદ્ગલપરિણામને અકર્તાપણે જાણે છે તે જ્ઞાની એમ કહ્યું નથી, પરંતુ પુદ્ગલપરિણામને જાણતું જ્ઞાન એ જેનું કર્મ છે એવા પોતાના આત્માને જાણે છે તે જ્ઞાની છે એમ 'પોતાના આત્માને જાણે છે' તે વાત ઉપર જોર આપ્યું છે. એકલા પુદ્ગલપરિણામને જાણનાર રહે તે પણ જ્ઞાની નથી, કેમ કે તે તો પુદ્ગલપરિણામનો જ્ઞાતા થઈને રહ્યો છું—એમ પરસન્મુખ લક્ષ રહ્યું છે ત્યાં સુધી જ્ઞાની થયો નથી. પુદ્ગલપરિણામને અને તેને જાણનાર આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં, તે જ્ઞેયને માત્ર જાણનારો પોતાનો આત્મા એમ નહીં પરંતુ એ જ્ઞેયનો જાણનારો એવો જે પોતાનો આત્મા તે આત્માને જે જાણે છે તે જ્ઞાની છે-એમ બહુ માર્મિક વાત સમજાવી છે. જ્યાં સુધી પુદ્ગલપરિણામ તે મારા જ્ઞાનનું જ્ઞેય અને હું પુદ્ગલપરિણામનો જ્ઞાતા તેમ લક્ષ રહે છે ત્યાં સુધી પુદ્ગલપરિણામથી અત્યંત ભિન્નતા સાધી શકતો નથી; માટે પુદ્ગલપરિણામના જ્ઞાનને નહીં પણ તે જ્ઞાન જેનું કર્મ છે એવા પોતાના જ્ઞાયકભાવને જ્ઞાન જાણે છે ત્યારે જ પુદ્ગલપરિણામથી અત્યંત ભિન્નતારૂપ સમ્યગ્જ્ઞાન ઉદ્યોત થવાથી તે જ્ઞાની થાય છે-તેમ અહીં જ્ઞાનીની ઓળખાણ કરાવી છે. અહીં માત્ર નોકર્મ ને દ્રવ્યકર્મના અકર્તાપણાની વાત

નથી સમજાવવી, કેમ કે અહીં તો જ્ઞાનીનું લક્ષણ સમજાવવું છે. અને એ વાત તો સર્વને સુવિદિત છે જ કે જિનવાણીમાં ઠેરઠેર કહ્યું છે કે નોકર્મ-દ્રવ્યકર્મ અને ભાવકર્મથી સદાય ભિન્ન ભગવાન આત્મા છે. તેથી અહીં ભાવકર્મના અકર્તાપણે જે ભાવકર્મથી અત્યંત ભિન્ન પડીને પોતાના આત્માને જાણે તે જ્ઞાની એમ સિદ્ધ કર્યું છે.

બીજી રીતે વિચારીયે તો તીવ્ર આત્માર્થીને સમ્યગ્જ્ઞાન-પ્રાપ્તિની વિધિ અહીં સમજાવી છે કે જ્યાં સુધી હું રાગાદિનો કર્તા છું, રાગાદિનો સ્વામી છું, મારા ચારિત્રગુણનું વિપરીત પરિણમન હોવાથી હું તેનો અધિષ્ઠાતા છું ઈત્યાદિ પ્રકારે જેને રાગાદિમાં મારાપણું વર્તતું હોય તે જીવ તો હજુ ઘણો જ દૂર છે-ઘણો જ અપાત્ર છે અન્યમતિની માફક; પરંતુ જે જીવને પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના પ્રતાપે એટલો તો વિકલ્પાત્મક નિર્ણય થયો છે કે એક સમયની પર્યાયમાં અદ્ધરથી ઉત્પન્ન થતાં રાગાદિનો હું અકર્તા-જ્ઞાતામાત્ર છું—એ જીવ પણ, માર્ગ પામીને માર્ગમાં ઊભો રહી ગયો છે. માર્ગ પામીને માર્ગે આગળ વધવાનું છે તેને બદલે, રાગાદિના જ્ઞાતાપણે રહીને રાગાદિનું જ જે જ્ઞાન કર્યા કરે છે તે માર્ગ પામીને માર્ગમાં ઊભો રહી ગયો છે. ખરેખર તો રાગાદિનો અકર્તા-જ્ઞાતા એવો જે જ્ઞાયક તે જ હું—એમ જ્ઞાનમાં જ્ઞાયકનું લક્ષ બાંધતો-બાંધતો માર્ગે આગળ વધતો-વધતો, 'આ જ્ઞાયક તે જ હું'—એવું જ્ઞાન ઉદિત થાય ત્યારે તે જ્ઞાની થાય છે એમ અહીં તીવ્ર આત્માર્થીને માર્મિકભાવ સમજાવ્યો છે.

## [ગાથા : ૮૩]

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે સમુદ્રમાં તરંગ થવામાં પવનનું વાવું (હોવું) નિમિત્ત છે અને તરંગ વિનાની સ્થિતિમાં પવનનું ન વાવું (ન હોવું) નિમિત્ત છે; છતાં પણ પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકપણાના અભાવને લીધે કર્તાકર્મપણું સંભવતું નહીં હોવાથી, સમુદ્રની બન્ને પ્રકારની અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે, અન્ય કોઈને નહીં.

વળી, તે સમુદ્રને પવન સાથે ભાવ્યભાવકપણના અભાવને લીધે પવનનું અનુભવવું અશક્ય હોવાથી, પોતાની તે તે અવસ્થાને અનુભવતો થકો પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસે છે પરંતુ અન્યને-પવનને અનુભવતો પ્રતિભાસતો નથી.

એ રીતે, સમુદ્રની તરંગ કે નિસ્તરંગ અવસ્થામાં પવનનો સદ્ભાવ કે અભાવ નિમિત્ત તરીકે હોવા છતાં, સમુદ્ર પોતાની તે તે અવસ્થાનો કર્તા-ભોક્તા પ્રતિભાસે છે; અન્ય કોઈનો નહીં.

**સિદ્ધાંત :**—તેવી રીતે જીવની સંસાર-અવસ્થામાં કે મોક્ષ-અવસ્થામાં પુદ્‌ગલકર્મના વિપાકની ઉત્પત્તિ કે અણ–ઉત્પત્તિ નિમિત્ત છે, છતાં પણ કર્મને અને જીવને વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ હોવાથી, જીવની અવસ્થામાં કર્મનું કર્તાપણું નહીં સંભવતું હોવાથી, સંસાર–મોક્ષ બન્ને અવસ્થાને વિષે આદિ–મધ્ય–અંતમાં વ્યાપીને સંસાર–મોક્ષ અવસ્થારૂપ પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસો, પરંતુ અન્યને કરતો ન પ્રતિભાસો.

વળી, આ જ જીવ, કર્મ સાથે ભાવ્યભાવકપણાના અભાવને લીધે, કર્મનું જીવ વડે અનુભવાવું અશક્ય હોવાથી, પોતાની સંસાર–મોક્ષ અવસ્થારૂપ પોતાને અનુભવતો થકો, પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો, પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો.

એ રીતે જીવની સંસાર કે મોક્ષ અવસ્થામાં કર્મના વિપાકનો સદ્‌ભાવ કે અભાવ નિમિત્ત તરીકે હોવા છતાં, જીવની તે તે અવસ્થારૂપ પોતાને કરતો થકો અને અનુભવતો થકો, પોતાને એકને જ કરતો–અનુભવતો પ્રતિભાસો, પરંતુ અન્યનો કર્તા–ભોક્તા થતો ન પ્રતિભાસો.

**તાત્પર્ય :**—કર્મના ઉદયના સદ્‌ભાવ–અસદ્‌ભાવનું જેમાં નિમિત્તપણું છે એવી જીવની સંસાર–મોક્ષ અવસ્થારૂપ પોતાને કરતો થકો–ભોગવતો થકો, જીવ પોતાને એકને જ કરે છે– એકને જ ભોગવે છે એમ પોતામાં કર્તાભોક્તા હોવાપણું પ્રતિભાસો, પરંતુ પોતાનો કર્તાભોક્તા હોવાથી અન્યનો પણ કર્તાભોક્તા હોઈ શકે એમ ન પ્રતિભાસો. જીવ પોતે પોતાની અવસ્થારૂપ પરિણમતો થકો પોતાનો કર્તાભોક્તા થાય, પરંતુ અન્યરૂપે પરિણમતો નહીં હોવાથી અન્યનો કર્તાભોક્તા કદી થતો નથી–એમ અહીં સમજાવ્યું છે.

## [ગાથા : ૮૭]

**દૃષ્ટાંત (ટીકામાંથી) :** જેમ ઘેરો વાદળી, લીલો, પીળો આદિ વર્ણરૂપ ભાવો કે જેઓ મોરના પોતાના સ્વભાવથી મોર વડે થાય છે તેઓ મોર જ છે અને દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતા ઘેરો વાદળી, લીલો, પીળો ઇત્યાદિ રંગો કે જેઓ દર્પણની સ્વચ્છતાના વિકારમાત્રથી દર્પણ વડે કરાયા હોવાથી તેઓ દર્પણ જ છે.

**સિદ્ધાંત :**—તેમ મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ ભાવો કે જેઓ અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી અજીવ વડે ભાવવામાં આવે છે તેઓ અજીવ જ છે અને જીવમાં જણાતા મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ ભાવો કે જેઓ ચૈતન્યના વિકારમાત્રથી જીવ વડે જ કરાયા છે તેથી તેઓ જીવ જ છે.

**તાત્પર્ય** :—મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ બે પ્રકારના છે. પુદ્‌ગલના પરમાણુઓ પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિ કર્મરૂપ પરિણમે છે તેથી તે અજીવ છે અને તે કર્મનો ઉદય થતાં, જેમ મયૂરના રંગો દર્પણ સમક્ષ આવતાં દર્પણની સ્વચ્છતાના કારણે મયૂરના રંગોરૂપ–વિકારરૂપ પ્રતિબિંબ દર્પણમાં ઊપજે છે અને તે દર્પણ જ છે; તેમ કર્મના વિપાકકાળે તેના મિથ્યાત્વાદિ સ્વાદરૂપ ઉપયોગ પરિણમે છે તેથી, જેમ દર્પણના મયૂરના રંગો અને વાસ્તવિક મયૂરના રંગો અત્યંત ભિન્ન છે તોપણ બાળક દર્પણના મયૂરને જ વાસ્તવિક મયૂર માની બેસે છે, તેમ કર્મના ઉદયનો જે મિથ્યાત્વ આદિરૂપ સ્વાદ અને તે સ્વાદના આકારે પરિણમતો ઉપયોગ બન્ને અત્યંત ભિન્ન હોવા છતાં અજ્ઞાનીને તે બેની ભિન્નતાનું ભેદજ્ઞાન ન હોવાથી કર્મના મિથ્યાત્વાદિરૂપ સ્વાદને જ પોતાનો માની બેસે છે. જેમ મીઠી-તીખી-ખાટી વાનગીનો જીભને સ્પર્શ થતાં ઉપયોગ વડે તે તે પ્રકારના રસનું જ્ઞાન થવાકાળે પુદ્‌ગલનો રસ અને ઉપયોગ ભિન્ન-ભિન્ન હોવા છતાં, ભોજનલોલુપી જીવને ઉપયોગ જ પુદ્‌ગલના તે રસરૂપ અનુભવાતો હોવાનું ભાસે છે, તેમ કર્મના મિથ્યાત્વાદિ રસના ઉદયકાળે જીવનો ઉપયોગ તે તે પ્રકારના સ્વાદના આધારે પરિણમતો થકો તેને જાણે છે ત્યારે અજ્ઞાનીને બેની ભિન્નતાનું ભેદજ્ઞાન ન હોવાથી ઉપયોગ મિથ્યાત્વાદિરૂપ પરિણમતો હોવાનું ભાસે છે તેથી પોતે મિથ્યાત્વાદિરૂપ થઈ ગયાનું માનતો થકો તે ભાવે પરિણમે છે. ખરેખર તો ઉપયોગની સ્વચ્છતામાં અજીવના મિથ્યાત્વાદિ જણાય છે પરંતુ અજ્ઞાનવશ જીવ પોતાને મિથ્યાત્વાદિ ભાવરૂપ માની બેસતો થકો મિથ્યાત્વાદિભાવે પરિણમે છે; તોપણ જીવનો દ્રવ્યસ્વભાવ કદીય મિથ્યાત્વાદિરૂપ થતો જ નથી. તેથી જ આગળ ગાથા–૧૦૯મા કહેશે કે તેર ગુણસ્થાનો કર્મનો વિપાક હોવાથી કર્મ જ તેનો કર્તા છે, તેમાં જીવને શું! એમ જીવના સ્વભાવ–સામર્થ્ય પાસે મિથ્યાત્વાદિની તુચ્છતા બતાવીને જીવનો મહિમા સમજાવ્યો છે.

અહીં પણ જેમ વાસ્તવિક મયૂરનું નિમિત્તપણું પામીને દર્પણની સ્વચ્છતાના વિકારમાત્રથી ઊપજેલું રંગબેરંગીપણું વાસ્તવિક સ્વભાવ ન હોવાથી તુચ્છ છે અને સ્વચ્છતામય દર્પણ આશ્ચર્યકારી છે કે જેણે રંગબેરંગીપણા વખતે પણ પોતાની સ્વચ્છત્વશક્તિને આંચ આવવા દીધી નથી, તેમ કર્મના નિમિત્તથી જીવમાં થતાં મિથ્યાત્વાદિ વિકારો વાસ્તવિક સ્વભાવ ન હોવાથી જીવના ઉપયોગસ્વભાવ પાસે તેઓ તુચ્છ છે અને ઉપયોગસ્વરૂપી જીવ આશ્ચર્યકારી છે કે જેણે મિથ્યાત્વાદિ વિકારીપણા વખતે પણ પોતાના મહિમાવંત સ્વભાવને આંચ આવવા દીધી નથી. સ્વાધીન એવા સ્વભાવના સામર્થ્ય આગળ

નિમિત્તના સંગે ઊપજેલાં પરાધીન એવા મિથ્યાત્વાદિ કેટલા નિર્માલ્ય–તુચ્છ છે તેમ દર્પણના મયૂરનો વિચાર કરતા સમજાય છે.

**વિશેષ** :—અહીં દર્પણ અને મયૂરના દૃષ્ટાંત દ્વારા આચાર્યદેવે દ્રવ્યસ્વભાવના અગાધ સામર્થ્ય પાસે મિથ્યાત્વ તદ્દન શક્તિવિહિન છે તે મૂળ વાતને ખૂબ સરળતાથી સમજાવી દીધી છે. જેમ સમવસરણમાં બિરાજમાન ભગવાનનો એટલો બધો અદ્ભુત પ્રભાવ વર્તતો હોય છે કે અભવિ ત્યાં પ્રવેશ જ પામી શકતો નથી, તેમ શાશ્વત શુદ્ધ દ્રવ્યસ્વભાવમાં મિથ્યાત્વનો પ્રવેશ તો ક્યાંય દૂર રહ્યો, તેનો પડછાયો પણ પડી શકતો નથી એ વાત અહીં સમજાવી છે.

જીવના મિથ્યાત્વરૂપી વૃક્ષને મૂળિયું જ હોતું નથી, તે તો માત્ર અજીવના મિથ્યાત્વનું પ્રતિબિંબ એટલે કે અજીવના મિથ્યાત્વની હયાતી પ્રસિદ્ધ કરવા પૂરતું જ હોય છે તે વાત દર્પણ અને તેની સામે રહેલા કાળા પડદાના દૃષ્ટાંતથી વિચારતા વધુ સ્પષ્ટ સમજાશે. દર્પણની સામે કાળો પડદો આવતા કાળું પ્રતિબિંબ પડે છે. હવે, દર્પણની આ કાળાશને દૂર કરવા શું કરવું?—-કે કાળા પડદાને દૂર કરો એટલે દર્પણની કાળાશ દૂર! દેખીતી રીતે સહજ સત્ય લાગતી આ માન્યતા કેટલી ભ્રમપૂર્ણ છે તે વિચારવા જેવું છે.

(૧) પ્રથમ તો દર્પણની કાળાશને દૂર કરવી છે એનો અર્થ એ કે દર્પણ કાળો થઈ ગયાનું સ્વીકારી લીધું છે અને એટલે જ કાળાશ દૂર કરવાની વૃત્તિ ઊઠી! પણ દર્પણ તો સદાય સ્વચ્છત્વનો પિંડ જ છે; તેમાં કાળાશ થવાની વાત તો ક્યાંય દૂર રહી પણ કાળાશનો પડછાયો પણ દર્પણના દળ ઉપર પડતો નથી એટલે કે દર્પણના સ્વચ્છત્વ સ્વભાવ સંબંધી ભ્રમ ઊભો કર્યો.

(૨) દર્પણમાં જે કાળાશનું પ્રતિબિંબ દેખાયું તેને દૂર કરવાનો પ્રશ્ન જ ક્યાં છે? જો દર્પણની સ્વચ્છતા કાળી થઈ હોત તો તો પ્રતિબિંબ જ ન દેખાત! જેમ બ્લેકબોર્ડની સામે રાખેલ વસ્તુનું પ્રતિબિંબ જ ન દેખાય તેમ. એટલે કે દર્પણની પ્રગટ સ્વચ્છતા પણ કાળાશના પ્રતિબિંબ વખતે સ્વચ્છપણે જ પ્રગટ રહેતી હોવા છતાં તેની કાળાશ દૂર કરવાની વૃત્તિ ઊઠી ત્યાં વર્તમાન પ્રગટ સ્વચ્છતા સંબંધી પણ ભ્રમણા ઊભી થઈ.

(૩) વળી પડદાને લઈને દર્પણમાં કાળાશરૂપ પ્રતિબિંબ ઊપજતું જ નથી. પરંતુ દર્પણની વર્તમાન સ્વચ્છતાના કારણે પ્રતિબિંબ ઊપજે છે તે વાત માનવાને બદલે પડદાના કારણે પ્રતિબિંબ થયું એવો ભ્રમ ઊભો થયો.

એ રીતે દર્પણના સ્વચ્છત્વ દળ સંબંધી, વર્તમાન સ્વચ્છ પ્રગટ પર્યાય સંબંધી તથા પ્રતિબિંબની સ્વતંત્રતા સંબંધી એમ ત્રણ ભ્રમણા ઊભી થાય છે.

આ દૃષ્ટાંતના આધારે સિદ્ધાંત વિચારીયે કે મિથ્યાત્વને ટાળવાનું લક્ષ રહે છે તો તેનો અર્થ કે (૧) જ્ઞાયકભાવમાં મિથ્યાત્વ પ્રવેશી ગયો છે તેને દૂર કરું એમ જ્ઞાયકસ્વભાવ સંબંધી ભ્રમ ઊભો કર્યો. (૨) વર્તમાન ઉપયોગ તો માત્ર જાણવા-દેખવારૂપ વર્તે છે તેમાં મિથ્યાત્વનો પ્રવેશ જ નથી તો તેને ટાળું તો ઉપયોગ સ્વચ્છતારૂપ–જ્ઞાતાદૃષ્ટારૂપ પરિણમશે એવો ભ્રમ ઊભો કર્યો. (૩) અજીવના મિથ્યાત્વના કારણે જીવના વર્તમાન ઉપયોગમાં મિથ્યાત્વ ઊભું થયું છે માટે અજીવનો મિથ્યાત્વ ખરી જાય તો જીવનો મિથ્યાત્વ દૂર થાય એમ ભ્રમણા ઊભી થતાં જીવ-અજીવનો કર્તા-કર્મસંબંધ માનવા લાગ્યો. આમ ત્રણ ભ્રમણા ઊભી કરી તેનું નામ મિથ્યાત્વરૂપ પોતાને માનવા લાગ્યો. તેથી અહીં વાસ્તવિક મયૂર અને દર્પણના મયૂર વચ્ચેની અત્યંત ભિન્નતાના દૃષ્ટાંત વડે એમ સમજાવ્યું છે કે અજીવના મિથ્યાત્વના સંગમાં જીવમાં જણાતા મિથ્યાત્વનું મૂળ ન તો દ્રવ્યસ્વભાવ સુધી ઊંડું ઊતર્યું છે કે ન તો વર્તમાન ઉપયોગના સામર્થ્યમાં પ્રવેશ પામી શક્યું છે એવી જ્યાં પ્રતીતિ ઊપજે છે ત્યાં જીવનો મિથ્યાત્વ ક્યાં અદૃશ્ય થઈ જાય છે તે પણ ખબર પડતી નથી! અર્થાત્ અનાદિથી જીવના વર્તમાન ઉપયોગમાં જણાતા મિથ્યાત્વરૂપી વૃક્ષને મૂળિયું જ છે નહીં એવા નિર્ણયપૂર્વક દ્રવ્યસ્વભાવનું લક્ષ કરતાં મિથ્યાત્વ ટળી જાય છે.

## [ગાથા : ૮૯]

**દૃષ્ટાંત (ટીકામાંથી) :**—જેમ સ્ફટિકની સ્વચ્છતાનું પોતાની ઉજ્જ્વળતારૂપ સ્વરૂપે પ્રકાશવામાં સમર્થપણું છે તેમ છતાં, કાળા, લીલા અને પીળા એવા તમાલ, કેળ અને સુવર્ણના પાત્રરૂપી આધારનો સંયોગ હોવાથી સ્ફટિકની સ્વચ્છતાનો કાળો, લીલો અને પીળો એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે. અર્થાત્ પોતાની ઉજ્જ્વળતા પ્રકાશવામાં સક્ષમ એવો સ્ફટિક જે પાત્રના આધારના સંગે રહ્યો છે તે પાત્રના રંગની ઝાંયરૂપે પ્રકાશતો દેખાય છે.

**સિદ્ધાંત :**—તેમ આત્માનું પોતાના સ્વભાવભૂત સ્વરૂપ–પરિણમનમાં સમર્થપણું છે તેમ છતાં, અનાદિથી મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ જેનો સ્વભાવ છે એવા મોહકર્મનો સંયોગ હોવાથી, આત્માનો સ્વભાવભૂત ઉપયોગ મિથ્યાત્વ–અજ્ઞાન–અવિરતિ એમ ત્રણ પ્રકારના વિકારરૂપે દેખાય છે. અર્થાત્ પોતાના સ્વભાવરૂપ પ્રકાશવામાં સમર્થ એવો આત્માનો ઉપયોગ, મોહકર્મના સંગે, મોહના સ્વભાવની જેમ ત્રણ પ્રકારના પરિણામવિકારરૂપ દેખાય છે.

**તાત્પર્ય :**—મિથ્યાત્વ–અજ્ઞાન–અવિરતિ એ મોહકર્મનો સ્વભાવ છે અને ઉપયોગ

જીવનો સ્વભાવ છે, તોપણ અનાદિથી મોહકર્મનો સંગ હોવાથી, પોતાના સ્વભાવપણે પ્રકાશવામાં સમર્થ એવો ઉપયોગ પોતાને પ્રકાશવાના બદલે, સંગ એવો રંગ એ ઉક્તિ અનુસાર, મોહકર્મના ત્રણ પ્રકારના સ્વભાવના સંગે ઉપયોગ પણ મિથ્યાત્વાદિ ત્રણ પ્રકારના પરિણામવિકારરૂપ દેખાય છે. 'દેખાય છે' અર્થાત્ મોહકર્મના ત્રણ પ્રકારના મિથ્યાત્વાદિ સ્વભાવનો સંગ કરવા છતાં આત્માના ઉપયોગનો સ્વભાવ મિથ્યાત્વાદિ ત્રણ પ્રકારનો કદીય થતો નથી. જેથી ઉપયોગ ત્રણ પ્રકારના પરિણામવિકારરૂપ દેખાય છે તેમ કહીને, મિથ્યાત્વાદિકાળે પણ સ્વભાવસામર્થ્ય તો અનાદિથી એવું ને એવું જ આશ્ચર્યકારી રહ્યું છે કે તે સ્વભાવનું લક્ષ કરે ત્યાં મિથ્યાત્વાદિ ક્યાં વિલય જાય છે તેની ખબર પડતી નથી અર્થાત્ જાણે કે કદી હતા જ નહીં એમ નાશને પામી જાય એવું તારા સ્વભાવનું સામર્થ્ય છે.

## [ગાથા : ૯૨]

**દૃષ્ટાંત (ટીકામાંથી) :**—જેવી રીતે શીત–ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી પુદ્‌ગલપરિણામની શીત–ઉષ્ણ અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન હોવાથી આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો શીત–ઉષ્ણરૂપ અનુભવ(જ્ઞાન) આત્માથી અભિન્ન હોવાથી પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે.

**સિદ્ધાંત :**—તેવી રીતે રાગદ્વેષ–સુખ-દુઃખાદિનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ–દ્વેષ–સુખ-દુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામોની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન હોવાથી, આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો રાગ–દ્વેષ–સુખ-દુઃખાદિરૂપ અનુભવ(જ્ઞાન) આત્માથી અભિન્ન હોવાથી પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે.

**તાત્પર્ય :**—જેમ શીત–ઉષ્ણરૂપ પુદ્‌ગલની અવસ્થાના નિમિત્તે જીવમાં તે પ્રકારનો અનુભવ થવા છતાં, જીવ શીત–ઉષ્ણરૂપ પુદ્‌ગલપરિણામરૂપ કદીય થતો નથી, તેમ પુદ્‌ગલકર્મના ઉદયના સ્વાદરૂપ રાગ–દ્વેષ–સુખ-દુઃખાદિ અવસ્થા, જીવના જ્ઞાનની સ્વચ્છતાના સ્વભાવને લઈને જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે–જ્ઞાનમાં જણાય છે તોપણ તે કર્મના ઉદયના સ્વાદરૂપ જીવ કદી પરિણમતો નથી. આમ હોવા છતાં, અજ્ઞાનીને જ્ઞાનમાં જ્યાં કર્મના ઉદયના સ્વાદરૂપ રાગાદિ ભાવો જણાય છે ત્યાં, જેમ જીવનું શીત–ઉષ્ણરૂપે થવું અશક્ય છે તેની જેમ રાગાદિરૂપ થવું અશક્ય છે તોપણ, અજ્ઞાનથી એમ માને છે કે મારું જ્ઞાન જ કર્મના ઉદયના સ્વાદરૂપ થઈ ગયું છે. તેથી અજ્ઞાની પોતાને 'હું રાગી છું' ઈત્યાદિરૂપે રાગાદિનો કર્તા થાય છે.

**વિશેષ** :—અહીં એ વાત બહુ સરસ સમજાવી છે કે જેમ શીત–ઉષ્ણરૂપ પુદ્‌ગલ–અવસ્થાને જાણતું જ્ઞાન કદીય શીત–ઉષ્ણરૂપ થતું નથી, તેમ પુદ્‌ગલકર્મના ઉદયના સ્વાદરૂપ રાગ–દ્વેષ–સુખ–દુઃખાદિ કે જે જ્ઞાનની સ્વચ્છતાના સ્વભાવને લઈને જ્ઞાનમાં ઝળકે છે તોપણ જીવનું શીતાદિરૂપ થવું અશક્ય હોવાની જેમ, જ્ઞાનમાં ઝળકતા રાગાદિરૂપ થવું અશક્ય છે. તો પછી હું રાગી છું–એ ક્યાં રહ્યું? પરંતુ અજ્ઞાનનો કોઈ એવો જ સ્વભાવ છે કે જેવું ન હોય તેવું પ્રતિભાસવું અને એ રીતે જ્ઞાનમાં ઝળકતા જ્ઞેયરૂપ પુદ્‌ગલકર્મના ઉદયના સ્વાદને ભિન્નપણે જાણનાર હોવાનું ભાસવાને બદલે જ્ઞેયરૂપ થઈ ગયાનું પ્રતિભાસતા 'હું રાગી છું' ઇત્યાદિ પ્રકારે અજ્ઞાની રાગાદિનો કર્તા થાય છે.

## [ગાથા : ૯૩]

**તાત્પર્ય** :—ગાથા–૯૨ના દૃષ્ટાંતથી જે સમજાવ્યું છે કે જેમ અજ્ઞાનથી શીત–ઉષ્ણરૂપ અવસ્થાને ને તેને જાણતી જ્ઞાનની અવસ્થાને અત્યંત ભિન્ન જાણતો નહોતો તેથી રાગાદિનો કર્તા પ્રતિભાસતો હતો, તેમ અહીં ૯૩મી ગાથામાં એ જ દૃષ્ટાંતથી એમ સમજાવ્યું છે કે જેમ જ્ઞાન વડે શીત–ઉષ્ણતાને જાણતી જ્ઞાન-અવસ્થા તેનાથી અત્યંત ભિન્ન હોવાનું પ્રતિભાસે છે તેમ, જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં પુદ્‌ગલકર્મના ઉદયના સ્વાદરૂપ રાગાદિને ને જ્ઞાનની અવસ્થાને જ્ઞાન વડે અત્યંત ભિન્ન જાણતાં તે જ્ઞેયરૂપ રાગાદિનો હું જાણનાર છું, રાગાદિ તો પુદ્‌ગલના છે એમ સમસ્ત રાગાદિનો અકર્તા ભાસે છે. એ રીતે જ્ઞાન વડે રાગાદિનો અકર્તા–જ્ઞાતા રહે છે.

## [ગાથા : ૯૬]

**દૃષ્ટાંત (૧) (ટીકામાંથી)** :—જેમ પોતાના શરીરમાં ભૂત પ્રવેશ્યું હોવાનું માનતો ભૂતાવિષ્ટ પુરુષ અજ્ઞાનને લીધે ભૂતને અને પોતાને એક કરતો થકો અર્થાત્ પોતાને ભૂતરૂપે માનતો થકો, મનુષ્યને અનુચિત એવી ભૂત–પ્રેત જેવી ભયંકર અમાનુષ ચેષ્ટા કરતો થકો તે ચેષ્ટાઓનો કર્તા પ્રતિભાસે છે.

**સિદ્ધાંત** :—તેમ અજ્ઞાનથી આ આત્મા પુદ્‌ગલકર્મનું ભાવ્ય જે ક્રોધાદિભાવો તેને અને ચેતનરૂપ ભાવક એવા પોતાને એકરૂપ કરતો થકો, ચેતન ભાવકને ઉચિત એવા અવિકાર પરિણામને બદલે કર્મના ભાવ્યરૂપ જે ક્રોધાદિરૂપ અનુચિત પરિણામવિકારવાળો હોવાથી તે પ્રકારના ભાવોનો કર્તા પ્રતિભાસે છે.

**દૃષ્ટાંત (૨) (ટીકામાંથી)** :—જેમ કોઈ પાખંડીના ઉપદેશથી કોઈ ભોળો પુરુષ

મહિષનું (પાડાનું) ધ્યાન કરતો થકો, અજ્ઞાનને લીધે પોતાને અને પાડાને એક કરતો થકો, હું ગગનચુંબી મોટા શિંગડાવાળો મહિષ છું એવા મિથ્યા અધ્યાસથી ઓરડાના બારણામાંથી બહાર નીકળવાની મનુષ્યની સહજ ક્રિયાથી ચ્યુત થયો થકો, નીચો નમીને બહાર નીકળવાની ક્રિયા કરતો થકો, તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.

**સિદ્ધાંત :**—તેમ આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ્ઞેયરૂપ ધર્માદિ છ દ્રવ્યોને અને જ્ઞાયક એવા પોતાને એકરૂપ કરતો થકો, 'હું પરદ્રવ્ય છું' એવા અધ્યાસને લીધે મનના વિષયભૂત ધર્માદિ છ દ્રવ્યો વડે તથા ઇન્દ્રિયના વિષયભૂત રૂપી પદાર્થ વડે પોતાનું જ્ઞાન બીડાઈ ગયું હોવાથી પોતાનો વિજ્ઞાનઘન આત્મા મૃતક–કલેવર વડે મૂર્ચ્છિત થયો થકો તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.

**તાત્પર્ય :**—ક્રોધાદિ કર્મના ઉદયનો સ્વાદ એ ભાવકકર્મનું ભાવ્ય છે પરંતુ અજ્ઞાની તે ભાવ્યને અને ચેતનરૂપ પોતાના ભાવકને એકરૂપ માને છે. જેમ કોઈ પુરુષ પોતાને ભૂત વળગ્યું માનીને વિચિત્ર ચેષ્ટાઓ કરે છે તેમ અજ્ઞાનીને જ્ઞાનમાં જણાતા કર્મના ક્રોધાદિ ભાવો જાણે પોતામાં ઘૂસી ગયા હોય તેમ એકાકારપણું માનીને, ક્રોધાદિરૂપ પરિણમતો થકો તે ભાવોનો કર્તા પ્રતિભાસે છે. પરંતુ ભૂત–પ્રેતનું પોતામાં પેસી જવું એ માત્ર પાગલપણાને લઈને છે. તેમ ક્રોધાદિ કર્મના ભાવો ચેતનભાવકમાં પેસી જતાં ન હોવા છતાં પોતાને તે ભાવો સાથે એકરૂપ માનવું તે અજ્ઞાનના કારણે છે. તેથી અજ્ઞાનને લીધે સવિકારરૂપ પરિણમતો જીવ તે ભાવોનો કર્તા પ્રતિભાસે છે; ખરેખર જીવ ક્રોધાદિરૂપ થતો જ નથી તોપણ અજ્ઞાનથી ક્રોધાદિરૂપ ભાવોનો કર્તા પ્રતિભાસે છે.

વળી ધર્માદિ છ પરદ્રવ્યોના વિકલ્પો કે જેઓ પરજ્ઞેય છે તેને અજ્ઞાની જ્ઞાનમાં જાણતાં પોતે અને પરજ્ઞેય એકરૂપ થઈ ગયાના અધ્યાસથી, જેમ પાડાના ધ્યાનથી પોતાને મોટા શિંગડાવાળો માનીને એને અનુરૂપ ચેષ્ટા કરે છે તેમ, પોતાને ધર્માદિ પરદ્રવ્યરૂપ માને છે. ધર્માદિ પરદ્રવ્યરૂપ પોતાને કઈ રીતે માને છે?—કે શરીરાદિ પુદ્ગલ પરદ્રવ્યરૂપ તો પોતાને માની શકે કેમ કે તે રૂપી દ્રવ્ય છે; પરંતુ ધર્માદિ તો અરૂપી દ્રવ્ય છે, તો તેરૂપ પોતાને કઈ રીતે માની શકે?—કે મેં દીકરાને અમેરિકા મોકલ્યો; પુત્રનું અમેરિકા જવાનું કાર્ય તો ધર્માસ્તિકાયનું છે તેને બદલે ધર્માસ્તિકાયનું કાર્ય મેં કર્યું એમ ધર્માસ્તિકાયરૂપ પોતાને માન્યો. મેં કોઈ એક સાધર્મીને મારા ઘરમાં રહેવાની વ્યવસ્થા કરી દીધી; ઘરમાં સાધર્મીને રહેવાનું થયું તે કાર્ય તો આકાશદ્રવ્યનું છે તેને બદલે અવગાહન દેવાનું કાર્ય મેં કર્યું એમ આકાશદ્રવ્યરૂપ પોતાને માન્યો. એ રીતે ધર્માદિના વિકલ્પમાં એકાકાર થઈ જવું તે પોતાને

ધર્માદિરૂપ માનવું છે. વિશેષ વાત એ કે પાડાના ધ્યાનથી ભોળો પુરુષ ભલે પોતાને મોટા શિંગડાવાળો પાડો ભ્રમથી માને, તોપણ તે મનુષ્યપણાને કિંચિત્‌માત્ર છોડતો નથી ને તિર્યંચપણાને કિંચિત્ ધારણ કરતો નથી, તેમ પરજ્ઞેયરૂપ છ દ્રવ્યાદિના વિકલ્પમાં એકાકાર થયેલો અજ્ઞાની ભ્રમથી પોતાને પરદ્રવ્યરૂપ માને છે તોપણ તે પોતાના જ્ઞાયકપણાને કિંચિત્‌માત્ર છોડતો નથી ને પરદ્રવ્યરૂપ કિંચિત્‌માત્ર થતો નથી. આમ, પોતાનો એક અસ્ખલિત જ્ઞાયકસ્વભાવ તો સદાય એવો ને એવો મૌજુદ જ છે એમ જ્ઞાનમાં જ્ઞાયકપણાનો નિર્ણય કરતાં ભાવ્યભાવકની ને જ્ઞેયજ્ઞાયકની એકતાનો ભ્રમ છૂટી જાય છે.

## [કળશ : ૫૭]

**દૃષ્ટાંત અને સિદ્ધાંત** :—જેમ ઘાસ અને લાડવાદિ સુંદર આહારને ભેગા ખાનાર હાથી આદિ પશુઓને બન્નેના ભિન્ન સ્વાદનું ભાન હોતું નથી, તેમ પોતે સદાય જ્ઞાનસ્વરૂપ હોવા છતાં અજ્ઞાનને લીધે રાગાદિનો ને પોતાનો ભેળસેળ સ્વાદ લેતો હોવાથી, શિખંડના સ્વાદની અતિલોલુપતાથી શિખંડને ખાનાર દહીં અને ખાંડના ખાટા–મીઠા સ્વાદની ભિન્નતાને નહીં જાણતો થકો ગાયના દૂધને પીવાનું અનુભવતા પુરુષની જેમ, અજ્ઞાનીને પોતાના ને રાગના ભિન્ન સ્વાદનો અનુભવ થતો નથી.

**તાત્પર્ય** :—જેમ શિખંડના સ્વાદની અતિલોલુપતાથી ખાનારને તેમાં રહેલાં દહીં ને ખાંડના ભિન્ન ભિન્ન સ્વાદ અનુભવાતા નથી. તેમ પોતે સદાય જ્ઞાનસ્વરૂપ હોવા છતાં, પોતાનાથી ભિન્ન એવા રાગાદિના સ્વાદમાં એકાકારપણાને લઈને, લાડવાદિ સુંદર આહાર સાથે ઘાસને ભેગા કરીને ખાનાર હાથી આદિ પશુઓની માફક, અજ્ઞાનીને પોતાનો ને રાગનો ભિન્ન સ્વાદ અનુભવાતો નથી.

## [કળશ : ૫૮]

**દૃષ્ટાંત** :—જેમ અજ્ઞાનને લીધે ભ્રમથી હરણો મૃગજળને જળ માનીને તે પીવા દોડે છે, અજ્ઞાનને લીધે ભ્રમથી અંધારામાં પડેલી દોરડીને સર્પ માનીને લોકો ભયથી ભાગે છે.

**સિદ્ધાંત** :—તેમ અજ્ઞાનને લીધે, પવનથી તરંગવાળા સમુદ્રની માફક વિકલ્પોના સમૂહને કરતા થકા, પોતે જ્ઞાનસ્વરૂપ હોવા છતાં તેનું ભાન નહીં હોવાથી, આકુળ–વ્યાકુળ બનતા થકા, જીવો પોતાની મેળે વિકલ્પોના–રાગાદિના સ્વયમેવ કર્તા થાય છે.

**તાત્પર્ય** :—જીવ પોતે જ્ઞાનસ્વરૂપી હોવા છતાં તેના અજ્ઞાને લીધે, સમુદ્ર જેમ પવનથી

ક્ષુબ્ધ બની તરંગો પેદા કરે છે તેમ પોતે વિકલ્પોનો સમૂહ પેદા કરતો થકો પોતે સ્વયમેવ તેનો કર્તા થાય છે—એ રીતે અહીં 'અજ્ઞાન'થી શું શું નથી થતું?'—એ સમજાવ્યું છે.

## [કળશ : ૫૯]

**દૃષ્ટાંત તથા સિદ્ધાંત** :—જેમ હંસ દૂધના અને પાણીના તફાવતને જાણતો હોવાથી મિશ્રિત થયેલાં દૂધ-જળને જુદા જુદા કરી દૂધને ગ્રહણ કરે છે, તેમ જે જીવ જ્ઞાન વડે ભેદવિજ્ઞાની થયો છે તે ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકના અને રાગાદિ પરના ભેદજ્ઞાનને લીધે સદાય જ્ઞાયકનો આશ્રય ગ્રહણ કરતો થકો રાગાદિનો જ્ઞાતા જ રહે છે, કર્તા થતો નથી.

**તાત્પર્ય** :—ચૈતન્યસ્વરૂપ તે સ્વ અને રાગાદિથી માંડી સમસ્ત વિશ્વ તે પર એવું જ્યાં ભેદજ્ઞાન ઉદિત થયું ત્યાં તે જીવ પોતાના શુદ્ધસ્વરૂપમાં અપનત્વ કરતો થકો પરનો માત્ર જ્ઞાતા જ રહે છે, રાગાદિના નાશનું પણ કર્તૃત્વ કરતો નથી. જે કાંઈ હોય તે સમસ્ત પરનો જ્ઞાતા થઈ જાય છે, એકલા અકર્તૃત્વભાવે જ્ઞાયકમાં વિરામ પામે છે. જેમ સૂર્યનો ઉદય કરવા માટે કે અસ્ત કરવા માટે કોઈ કર્તૃત્વભાવ કરતા નથી, તેમ ભેદવિજ્ઞાન થતાં રાગાદિનો કર્તૃત્વભાવ જ ઊપજતો નથી, એકલા જ્ઞાતૃત્વભાવે જ જ્ઞાયકમાં વિરામ પામે છે.

## [કળશ : ૬૦]

**દૃષ્ટાંત તથા સિદ્ધાંત** :—અહીં જ્ઞાનનો મહિમા સમજાવતાં કહે છે કે જેમ ગરમ પાણીમાં ઉષ્ણતાનો ને શીતળતાનો ભેદ જ્ઞાન વડે નક્કી થાય છે એટલે કે ગરમ પાણીનો સ્પર્શ કરતાં ઉષ્ણ લાગે છતાં ઉષ્ણતા વખતે જ પાણી સ્વભાવે શીતળ છે એમ જ્ઞાનથી જાણે છે; કેમ કે ઉષ્ણ પાણી હોવા છતાં અગ્નિ ઉપર રેડતાં અગ્નિમાં ઉષ્ણતા વધતી નથી પરંતુ બુઝાઈ જાય છે તે પાણીના કાયમી શીતળસ્વભાવની સિદ્ધિ કરે છે. માટે જ્ઞાનથી ઉષ્ણ પાણીમાં શીતળતા હોવાનું જાણી શકાય છે.

વળી શાકનો સ્વાદ અને મીઠાનો સ્વાદ જ્ઞાનથી જ નક્કી થાય છે. શાકને ચાખતા શાક સ્વયં ખારારૂપ લાગશે પરંતુ જ્ઞાનથી જાણી શકાય છે કે ખારાશ મીઠાની છે અને શાકનો પોતાનો સ્વાદ ખારાશ રહિત છે—એમ બન્નેના સ્વાદની ભિન્નતા જ્ઞાન વડે જાણી શકાય છે.

તેવી રીતે વર્તમાન ઉદયભાવમાં વર્તતા ક્રોધાદિ પરિણમન વખતે પ્રગટપણે ક્રોધાદિ જણાવા છતાં, આ ક્રોધાદિભાવો કર્મકૃત કર્મનો સ્વાંગ છે અને હું તો તેનાથી ભિન્ન જ્ઞાનસ્વરૂપી જ્ઞાયક છું એમ બન્નેની ભિન્નતાને જ્ઞાન વડે જાણી શકાય છે.

## [ગાથા : ૧૦૧]

**દૃષ્ટાંત (ટીકામાંથી) :**—જેવી રીતે દહીં–દૂધમાં ગોરસ વ્યાપેલું હોવાથી ખાટો–મીઠો સ્વાદ તે ગોરસનો જ સ્વાદ છે ને ગોરસને તટસ્થપણે જોનાર પુરુષ તે ખાટા–મીઠા સ્વાદને કરતો નથી; પરંતુ ગોરસને જોનાર પુરુષ માત્ર પોતાના જ્ઞાનમાં વ્યાપીને ગોરસને જુએ છે.

**સિદ્ધાંત :**—તેવી રીતે જ્ઞાનાવરણ ઇત્યાદિ આઠેય કર્મોમાં પુદ્ગલદ્રવ્ય વ્યાપેલું હોવાથી જ્ઞાનાવરણાદિ પુદ્ગલના જ પરિણામ છે અને તેમને જ્ઞાની કરતો નથી; પરંતુ જ્ઞાની તો જ્ઞાનાવરણાદિ જે જ્ઞાનમાં નિમિત્ત છે તે જ્ઞાનમાં વ્યાપીને જ્ઞાનાવરણાદિને માત્ર જાણે જ છે.

**નોંધ :**—મૂળ ગાથામાં જે જ્ઞાનાવરણીને કરતો નથી પણ જાણે છે તે જ્ઞાની છે એમ જ્ઞાનીનું લક્ષણ કહ્યું. ટીકાકારે, જ્ઞાનાવરણીને જ્ઞાની કરતો નથી પણ જ્ઞાનાવરણી જેમાં નિમિત્ત છે એવા જ્ઞાનનો જ કર્તા જ્ઞાની છે એમ જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે એમ સમજાવ્યું અર્થાત્ જે જ્ઞાનનો જ કર્તા હોય તે જ્ઞાની એમ ફલિત થયું.

## [ગાથા : ૧૦૪]

**દૃષ્ટાંત (ટીકામાંથી) :**—જેવી રીતે માટીમય ઘડારૂપી કાર્ય માટીરૂપી દ્રવ્યમાં અને માટીના ગુણમાં પોતાના રસથી જ વર્તી રહે છે અર્થાત્ માટીનો ઘડો માટીના દ્રવ્ય–ગુણમાં વર્તી જ રહ્યો હોવાથી કુંભાર પોતાના દ્રવ્યને કે ગુણને ઘડારૂપી કાર્યમાં નાખતો–મૂકતો–ભેળસેળ કરતો નથી. અને જે કાર્યમાં પોતાના દ્રવ્ય–ગુણને ભેળવાય નહીં તે કાર્યનો કર્તા તે હોઈ શકે નહીં એટલે કે ઘડારૂપી કાર્યમાં કુંભારના દ્રવ્ય–ગુણ ભેળવી શકાતા ન હોવાથી કુંભાર ઘડારૂપી કાર્યનો કર્તા હોઈ શકે નહીં.

**સિદ્ધાંત :**—તેવી રીતે પુદ્ગલમય જ્ઞાનાવરણાદિ કર્મ કે જે પુદ્ગલના દ્રવ્યમાં અને ગુણમાં પોતાના રસથી જ વર્તી રહ્યા છે તે કર્મમાં આત્મા પોતાના દ્રવ્ય કે ગુણને ભેળવી શકતો ન હોવાથી અને જે કાર્યમાં પોતાના દ્રવ્ય–ગુણને ભેળવી શકાય નહીં તે કાર્યનો તે કર્તા હોઈ શકે નહીં તેથી જ્ઞાનાવરણાદિ કર્મનો આત્મા કર્તા હોઈ શકે નહીં. એ રીતે પરમાર્થે આત્મા જ્ઞાનાવરણાદિનો અકર્તા જ છે એમ સિદ્ધ થયું.

**તાત્પર્ય :**—જે કોઈ કાર્ય થાય તેમાં તેના કર્તાના દ્રવ્ય–ગુણ વ્યાપે તો જ તે તેનો કર્તા હોઈ શકે. વળી અન્ય વસ્તુ વડે અન્ય દ્રવ્યનું દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપ સંક્રમણવું અશક્ય

છે. એ રીતે પોતાના દ્રવ્ય-ગુણને આત્મા જ્ઞાનાવરણાદિમાં નહીં નાખતો હોઈને તે કર્મોનો કર્તા થઈ શકે નહીં. આમ, પરમાર્થે આત્મા જ્ઞાનાવરણાદિનો અકર્તા જ જાણો.

## [ગાથા : ૧૦૬]

**દૃષ્ટાંત-(ગાથામાંથી) :**—જેવી રીતે લડાઈમાં યુદ્ધ તો સૈનિકો કરે છે છતાં રાજાએ યુદ્ધ કર્યું એમ કહેવાનો લોકવ્યવહાર છે તોપણ પરમાર્થે રાજા લડતો ન હોવાથી તેમ કહેવું તે ઉપચાર છે, પરમાર્થ નથી.

**સિદ્ધાંત :**—તેવી રીતે જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય છે કેમ કે પુદ્‌ગલ સ્વયં જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણામે પરિણમે છે તોપણ જીવે જ્ઞાનાવરણાદિ કર્મ બાંધ્યા એમ કહેવારૂપ વ્યવહાર છે તેથી તે ઉપચારમાત્ર છે, પરમાર્થ નથી. એ રીતે આત્મા પરમાર્થે પુદ્‌ગલકર્મને ગ્રહતો નથી, પરિણમાવતો નથી, ઉપજાવતો નથી કે બાંધતો નથી છતાં કર્મને આત્મા ગ્રહે છે, પરિણમાવે છે, ઉપજાવે છે કે બાંધે છે તેમ કહેવું તે ખરેખર ઉપચાર છે, પરમાર્થ નથી.

**તાત્પર્ય :**—પૂર્વે મેં જેવા કર્મ બાંધ્યા હતા તેના તેવા ફળને હું ભોગવું છું ઇત્યાદિ ભૂત-વર્તમાન-ભાવિ સંબંધી કર્મ કે કર્મફળનો પરમાર્થે જીવને સન્યાસ(-ત્યાગ) જ વર્તે છે; તે બધામાં એકલું પુદ્‌ગલ જ નાચે છે તો નાચો! હું તો સદાયે તેનાથી ભિન્ન એક જ્ઞાયકભાવ જ છું.

## [ગાથા : ૧૦૮]

**દૃષ્ટાંત-(ગાથામાંથી) :**—જેવી રીતે જે રાજ્યની પ્રજાનો જેવો લોકવ્યવહાર હોય, જીવનવ્યવહાર હોય તે બધા ગુણદોષો પ્રજાના પોતાના હોવા છતાં, જેવો રાજા તેવી પ્રજા— એવી ઉક્તિ અનુસાર એ બધા ગુણદોષો રાજાના કહેવાનો ઉપચાર છે.

**સિદ્ધાંત :**—તેવી રીતે પુદ્‌ગલદ્રવ્યના ગુણદોષોમાં ખરેખર તો પુદ્‌ગલદ્રવ્ય વ્યાપીને તેનો કર્તા થાય છે. જેવા જેવા કર્મ બંધાય ને વિપાકકાળે જેવા જેવા કર્મફળનો ઉદય આવે તે બધુંય પરિણમન એકલા પુદ્‌ગલદ્રવ્યનું જ હોવાથી પુદ્‌ગલદ્રવ્ય જ તેનો કર્તા છે તોપણ જીવને તેમનો ઉત્પાદક કહેવાનો અર્થાત્ જીવે કર્મ બાંધ્યા, જીવ કર્મફળને ભોગવે છે ઇત્યાદિ કહેવાનો ઉપચાર છે. પરમાર્થદૃષ્ટિએ જોતાં જીવ માત્ર અકર્તા જ રહ્યો છે.

**તાત્પર્ય :**—પુદ્‌ગલદ્રવ્યના બધા જ પરિણામોનો માત્ર એક પુદ્‌ગલ જ કર્તા છે.

શરીરની ક્રિયાથી માંડીને સ્થૂળ પુદ્‌ગલસ્કંધનું સઘળુંય પરિણમન એક માત્ર પુદ્‌ગલનું જ કાર્ય હોવાથી જીવ તો સદાય ઉદાસીન જ્ઞાતા જ રહ્યો છે. એ રીતે આગળ વિચારીયે તો દ્રવ્યદૃષ્ટિથી જોતાં પુદ્‌ગલ જેનું નિમિત્ત છે એવા સઘળાય રાગાદિ–મિથ્યાત્વાદિનો પણ પુદ્‌ગલ એક જ કર્તા છે, જીવ તો સદાય ઉદાસીન જ્ઞાતારૂપ અકર્તા જ્ઞાયક જ છે એમ જાણ! તેથી જ આગળની ગાથા ૧૦૯–૧૧૨મા કહે છે કે આ તેર ગુણસ્થાનો એ અત્યંત અચેતન હોવાથી પુદ્‌ગલદ્રવ્ય–પુદ્‌ગલકર્મ જો કરે તો ભલે કરો! તેમાં જીવને શું આવ્યું?–એમ, તેરે ગુણસ્થાનથી પરમાર્થજીવને અત્યંત જુદો પાડીને જ્ઞાયકભાવને સમજાવ્યો છે.

## [ગાથા : ૧૩૦–૧૩૧]

**દૃષ્ટાંત (ગાથામાંથી)** :—જેમ સોનામાંથી અનેક પ્રકારના દાગીનાઓ બને છે તે સઘળાય સુવર્ણપણું રાખીને સુવર્ણમય જ બને છે; અન્ય લોખંડ આદિપણે બનતા નથી. વળી લોખંડમાંથી અનેક પ્રકારના ઘાટ ઘડવાથી તેઓ લોખંડપણું રાખીને લોખંડમય જ બને છે, અન્ય સુવર્ણાદિપણે બનતા નથી.

**સિદ્ધાંત** :—તેમ જ્ઞાનીના જે કોઈ પ્રકારના અનેકભાવો થાય છે તેઓ, જેવું કારણ હોય તેવું જ કાર્ય થાય—એ ન્યાયે, જ્ઞાનમય હોય છે. વળી અજ્ઞાનીના જે કોઈ પ્રકારના અનેકભાવો થાય તેઓ, કારણ જેવું કાર્ય હોવાથી અજ્ઞાનમય જ હોય છે.

**તાત્પર્ય** :—જ્ઞાનીને સઘળાય પરભાવોમાં આત્મબુદ્ધિનો અભાવ હોવાથી, ચાહે તેવો અશુભભાવ–ક્રોધાદિરૂપ હો કે ઉત્કૃષ્ટ શુભભાવ હો, પરંતુ તેમાં આત્મબુદ્ધિ ન હોવાથી સમસ્ત ભાવોમાં જ્ઞેયરૂપ જ્ઞાતાપણું જ વર્તે છે, કર્તાપણું વર્તતું નથી. તેથી તેના બધા ભાવો જ્ઞાનમય હોય છે. જ્યારે અજ્ઞાનીને ગમે તેવો શુભભાવ હો તોપણ તેમાં નિરંતર આત્મબુદ્ધિ પ્રવર્તતી હોવાથી તે સઘળાય ભાવોનો કર્તા થતો હોવાથી તેના બધા જ ભાવો અજ્ઞાનમય હોય છે.

## [કળશ : ૯૪]

**દૃષ્ટાંત** :—જેવી રીતે વન–જંગલમાં વહેતાં પાણીના વિશાળ સમુદાયમાંથી પાણીનો કેટલોક સમૂહ તેના મૂળ પ્રવાહથી છૂટો પડીને વન–જંગલમાં ક્યાંક ને ક્યાંક ભમતું થકું વહેવા લાગે ત્યારે કોઈ ઢાળવાળા માર્ગે પાણીના તે સમૂહને વાળતાં, પાણી પોતાના સમૂહને ખેંચતું પ્રવાહરૂપ થઈને પોતાના મૂળ સમૂહમાં આવીને ભળી જાય છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે આ આત્મા પોતાના વિશાળ વિજ્ઞાનઘનસ્વભાવથી ચ્યુત થયો થકો અર્થાત્ આ આત્મા વિજ્ઞાનઘન સ્વભાવી હોવા છતાં તેનાથી ચ્યુત થઈને અજ્ઞાનરૂપે

પરિણમતો થકો, પ્રચુર વિકલ્પોના ગાઢ વન-જંગલરૂપી પરના કર્તૃત્વપણામાં આમ-તેમ ભટકતો હતો ત્યારે તેને વિવેકરૂપી ઢાળવાળા માર્ગે વાળતાં અર્થાત્ પરદ્રવ્યના કર્તૃત્વભાવથી જ્ઞાન વડે પાછો વાળીને પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ પુરુષાર્થપૂર્વક વાળવામાં આવતાં, જ્ઞાનને જ્ઞાનમાં ખેંચતો અર્થાત્ એકરૂપ જ્ઞાનધારાએ પરિણમતો થકો તે આત્મા વિજ્ઞાનઘન સ્વભાવમાં આવી મળે છે.

**તાત્પર્ય :**—આ આત્મા વિજ્ઞાનઘન સ્વરૂપી હોવા છતાં પરભાવોના કર્તાકર્મપણાથી પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ખસીને, કર્મકૃત રાગાદિમાં કર્તૃત્વભાવે ભટકતો હતો તેને હવે જ્ઞાન વડે દૂરથી જ અર્થાત્ કર્તાકર્મપણાને ત્યજીને જ્યારે પોતાના મહિમાવંત અકર્તાસ્વભાવ તરફ ખેંચવામાં આવે છે એટલે કે જ્ઞાન વડે પરભાવોના કર્તૃત્વના અભાવ વડે જ્ઞાતાપણા સન્મુખ જ્ઞાન થવા લાગે છે ત્યારે જ્ઞાનમાં જ્ઞાતાપણાની પરિણમનધારા વડે આ આત્મા વિજ્ઞાનઘનસ્વભાવમાં એકત્વપણે બિરાજમાન થાય છે.

એ રીતે, જીવ અને પુદ્‌ગલકૃત રાગાદિના કર્તાકર્મપણાના ખંડન વડે જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે અને કર્મ સદા કર્મમાં જ છે એવી વસ્તુસ્થિતિ સમજાવીને આચાર્યદેવે ખેદપૂર્વક આશ્ચર્ય કર્યું કે આવી વસ્તુસ્થિતિ પ્રગટ છે તોપણ અરે! જીવોનો આ મોહ કેમ અત્યંત જોરથી નાચી રહ્યો છે? અને પછી કહ્યું કે જો મોહ નાચે છે તો ભલે નાચો; તથાપિ વસ્તુસ્વરૂપ તો જેવું છે તેવું જ છે અર્થાત્ જેવું કહ્યું તેવું જ વસ્તુસ્વરૂપ છે.—આમ કર્તાકર્મ અધિકાર પૂરો કર્યો.

## પુણ્ય-પાપ-અધિકાર

### [કળશ-૧૦૧]

**દૃષ્ટાંત :**—એક શૂદ્રાણી સ્ત્રીએ એકીસાથે બે પુત્રોને જન્મ આપ્યો, તેમાંથી એક પુત્ર જન્મતાં જ કોઈ એક બ્રાહ્મણને ત્યાં ઉછેર પામ્યો અને બીજો પુત્ર શૂદ્રાણીના ઘરે જ ઉછર્યો. મોટા થતાં બ્રાહ્મણને ત્યાં ઉછરેલ પુત્ર બ્રાહ્મણત્વના ગર્વથી મદિરાને સ્પર્શતો પણ નથી અને શૂદ્રાણીને ત્યાં ઉછરેલ પુત્ર પોતે શૂદ્ર હોવાથી અમને તો મદિરા ખપે—એમ મદિરાપાન કરવા લાગ્યો. આ બન્ને પુત્રો એક જ શૂદ્રાણીના ઉદરથી જન્મેલા હોવાથી બન્નેના જાતિ-કૂળ-ગોત્ર એક શૂદ્રપણે જ હોવા છતાં બ્રાહ્મણને ત્યાં ઉછરેલ પુત્ર પોતાને ભ્રમથી ઉચ્ચજાતિવાળો

માનીને આચરણ કરે છે તોપણ તેઓ ખરેખર એક સમાન જ છે, ભેદ નથી.

**સિદ્ધાંત** :—તેવી રીતે પુણ્ય અને પાપ બન્ને વિભાવપરિણતિથી ઊપજેલાં હોવાથી પરમાર્થે તેમાં ભેદ નથી. જેની ઉત્પત્તિના કારણો સમાન હોય તે બન્નેમાં ભેદ કઈ રીતે હોય! વળી બન્ને બંધરૂપ જ છે; પાપ જેવી રીતે જીવને સંસારમાં રખડાવે છે તેવી જ રીતે પુણ્ય પણ જીવને સંસારમાં રખડાવે છે. તેથી, વ્યવહારદૃષ્ટિએ ભ્રમના લીધે બન્નેની પ્રવૃત્તિ જુદી જુદી દેખાવા છતાં બન્નેની ઉત્પત્તિના કારણ અને બન્નેના ફળમાં સમાન સંસારબંધન હોવાથી પરમાર્થદૃષ્ટિએ તેઓ સમાન જ છે અને સમાનપણે જ ખરાબ છે.

**તાત્પર્ય** :—મદિરાપાન કરનાર કરતાં મદિરાત્યાગી સારો તો ગણાય ને! અરે ભાઈ! વ્યવહારદૃષ્ટિથી જોતાં ભ્રમ ઊપજે કે બન્નેમાં ફેર ગણાય; એક સારું ને એક ખરાબ! પરંતુ જેના કૂળ–જાતિ–ગોત્ર એક જ હોય તેની કોઈ બાહ્ય પ્રવૃત્તિ જુદી જુદી હોવાથી કાંઈ જાતિ–કૂળ–ગોત્રનું સમાનપણું મટી જતું નથી; તેથી બન્ને સમાન જ છે, બન્ને સમાનપણે ખરાબ જ છે. અહીં પરમાર્થદૃષ્ટિ સમજાવી છે. શ્રી પ્રવચનસારની ગાથા–૭૭મા તો ત્યાં સુધી કહ્યું છે કે જે પુણ્યપાપમાં ભેદ માનશે તે ઘોર અપાર સંસારમાં રખડશે. બહુ ગંભીરતાથી આ વિષયમાં ઊંડા ઊતરીયે તો ભગવાનની ભક્તિનો શુભરાગ હો કે સ્ત્રી–પુત્ર–પરિવાર સાથેની ગોષ્ઠીરૂપ અશુભભાવ હો; જો તું બેમાંથી એકને ઠીક માનીશ, સારું માનીશ તો ઘોર સંસારમાં રખડીશ. કેમ કે બન્ને સંસારવર્ધક ભાવો છે, તેમાંથી એકને સારો માનતા જાણે તે મોક્ષમાર્ગે પ્રયાણ કરાવનારો હોય તેમ તેમાં લાભબુદ્ધિ ઊભી થવાથી મિથ્યાત્વ જ ગાઢું થાય છે, તેથી ઘોર સંસારમાં રખડવું પડશે. ગમે તેવો ઉત્કૃષ્ટ શુભભાવ હો કે ગમે તેવો આકરો અશુભભાવ હો, બન્ને વડે માત્ર જ્ઞાનાવરણાદિ કર્મોનો જ બંધ પડે છે, અને જેના વડે કર્મનો બંધ થાય એવા શુભને સારો કેમ મનાય! ખરેખર તો બન્ને પાપ જ છે. પુણ્ય ને પાપ એવા બે નામ વ્યવહારથી કહેવા છતાં બન્ને ઘાતિ–અઘાતિકર્મના જ કારણરૂપ હોવાથી બન્ને પાપરૂપ જ છે, કેમ કે જે જીવને ઘાતનારાં કર્મોનું બંધન કરાવે તે પુણ્ય કેમ કહેવાય? તે શુભ–સારું કેમ કહેવાય? તે તો પાપ જ કહેવાય, અશુભ જ કહેવાય. માટે તેમનામાં ભેદબુદ્ધિએ સારું–ખરાબ માનનારને ઘોર અપાર સંસારમાં ભમવું પડે છે. જેમ કોઈ એક તદ્દન પાગલ માણસ ખૂબ તોફાન કરતો હોય અને બીજો એક તદ્દન પાગલ માણસ સૂનમૂન શાંત બેઠો રહેતો હોય—એમ બન્નેની પ્રવૃત્તિમાં ભેદ દેખાવા છતાં બન્ને સમાનપણે જ પાગલ છે; તેમ મદિરાપાન અને મદિરાત્યાગ એવી પ્રવૃત્તિભેદ છતાં બન્ને સમાનપણે જ ખરાબ છે તેમ જાણવું.

કોઈ એક સુંદર સ્ત્રી એક માર્ગે જઈ રહી હતી, ત્યાં બે બદમાશ આવી ચઢ્યા ને પેલી સ્ત્રીને પરેશાન કરવા લાગ્યા. તેવામાં એક મોટર ત્યાંથી નીકળી, તેમાં બેઠેલા બે ભાઈઓએ નીચે ઊતરી, બદમાશોને ધમકાવી કાઢી મૂક્યા. તેટલી વારમાં એક પોલીસ પણ આવી ચઢ્યો. પરંતુ પેલી સ્ત્રીએ કહ્યું કે તે બદમાશોથી આ ભાઈઓએ મને બચાવી છે. આ ભાઈઓ બહુ જ સજ્જન છે. તેથી પોલીસે ગાડીવાળા ભાઈઓની કાંઈ પૂછપરછ પણ ન કરી. પેલા ભાઈઓએ સ્ત્રીને કહ્યું કે ફરીથી પેલા બદમાશો તમને હેરાન ન કરે તેથી તમે અમારી ગાડીમાં બેસી જાઓ; અમે તમને તમારા ઘરે મૂકી જઈએ. સ્ત્રી સંમત થઈ, ગાડીમાં બેસી ગઈ.

આગળ જતાં ગાડી ઘર તરફ જવાને બદલે નિર્જન માર્ગે ચલાવવામાં આવી ને સ્ત્રી કોઈની મદદ પણ ન માગી શકે એવા સ્થાને ગાડી ઊભી રાખી. ત્યાં તો પેલા બે બદમાશો પણ આવી ગયા ને ચારેય બદમાશોએ સ્ત્રી સાથે ન કરવાયોગ્ય વ્યવહાર આચર્યો. જુઓ! પેલા બે બદમાશોથી બચાવવા પોલીસ પણ આવેલો; પરંતુ સફેદ ઠગ—સજ્જનનો ઢોંગ કરતા બદમાશોથી તો કોઈને બચાવવાનું જરૂરી પણ ન લાગેલ!! પેલા બે બદમાશોથી સ્ત્રી પણ છેતરાઈ ન હતી પણ સફેદ ઠગથી તો સ્ત્રી પણ ઠગાઈ ગઈ ને પોલીસ પણ ઠગાઈ ગયો.

આવી જ રીતે પાપથી તો પોતે પણ સાવતચેત થઈને પાછો વળશે અથવા બીજા પણ પાપથી બચવા સાવધાન કરાવશે. પરંતુ પુણ્યથી તો પોતે પણ છેતરાઈ જાય છે કે હું કાંઈક સારું કરું છું, ધર્મના માર્ગે આગળ વધું છું...... અને બીજાઓ પણ કહશે કે બહુ સારું કરો છો...... અને પુણ્યનું ફળ પેલા પાપની જેમ ઘોર સંસારભ્રમણ જ છે એવું પોતાને પણ લાગતું નથી ને બીજાને પણ લાગતું નથી. એ રીતે પાપ કરતાં પુણ્ય વધુ ખતરનાક છે. તો પછી પાપ કરતાં પુણ્ય ભલું શી રીતે હોય? માટે જ અહીં કહ્યું છે કે પુણ્ય ને પાપ બંને સમાનરૂપે જ ખરાબ છે.

## [ગાથા : ૧૪૬]

**દ્રષ્ટાંત (ગાથામાંથી) :**—જેમ સુવર્ણની બેડી પણ પુરુષને બાંધે છે અને લોખંડની બેડી પણ પુરુષને સમાનપણે બાંધે છે; કારણ કે બંધન અપેક્ષાએ કાંઈ તફાવત નથી.

**સિદ્ધાંત :**—તેમ શુભકર્મ અને અશુભકર્મ બન્ને તફાવત વિના સમાનપણે જીવને બાંધે છે; બંધન અપેક્ષાએ બન્નેમાં કાંઈ તફાવત નથી.

**તાત્પર્ય** :—કોઈ જીવને બેડીથી બંધનમાં રાખવો હોય તો બંધન પામનારને શું સોનાની બેડી કે શું લોખંડની બેડી! કદાચ સોનાની બેડી વધુ વજનદાર હોવાથી વધુ કષ્ટદાયી હોઈ શકે. તેમ જીવને સંસાર–કારાવાસમાંથી જે છૂટવા જ ન દે, બંધનથી બાંધી રાખે તેવું શુભકર્મ હો કે અશુભકર્મ હો, બન્નેમાં શું ભેદ? કેમ કે બન્ને સમાનપણે જીવને બાંધે છે. કદાચિત્ અશુભકર્મના બંધનમાં જીવને મુક્તિના ઉપાયની ભાવના સંભવી શકે પરંતુ શુભકર્મના બંધનમાં જીવ એટલો બધો લેપાય જાય કે તેને બંધન પણ મુક્તિરૂપ વ્હાલું લાગવાથી મુક્તિના ઉપાયની ભાવના જાગ્રત થવાનો પણ અવકાશ ન બને. માટે શુભકર્મનું બંધન જીવને છેતરામણીપૂર્વક બાંધી રાખનારું છે.

## [ગાથા : ૧૪૭]

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેમ કુશીલ–ખરાબ એવી મનોરમ–સુંદર કે અમનોરમ–કદરૂપી હાથણી પ્રત્યે રાગ કરીને સંસર્ગ કરવા જતાં હાથી બંધનમાં આવી પડે છે. હાથીને પકડવા મોટા ઊંડા ખાડાને લીલા ઘાસ–ડાળા–પાંદડાથી ઢાંકી રાખીને હાથણીને બીજી તરફ રાખવામાં આવે છે. હાથી હાથણીના સંસર્ગ માટે હાથણીને મળવા દોડતો આવે ને ખાડામાં પડતાં તેને બાંધી લેવામાં આવે છે.

**સિદ્ધાંત** :—તેમ રીતે શુભ (મનોરમ) કર્મ હો કે અશુભ (અમનોરમ) કર્મ હો, બન્ને જીવને સંસારરૂપી ખાડામાં નાખીને બંધન કરે છે. તેથી બન્ને ત્યાજ્ય છે.

**તાત્પર્ય** :—પં. રાજમલ્લજીએ તો કળશટીકામાં ત્યાં સુધી કહ્યું છે કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ, અનિષ્ટ અને ઘાતક હોવાથી ત્યાજ્ય છે. અહીં એ જ વાતને સમજાવી છે કે કુશીલ હાથણી ચાહે સુંદર હો કે કદરૂપી હો, બન્ને હાથીને બંધનમાં નાખે છે. તેવી રીતે ચાહે તેવાં શુભકર્મ હો કે અશુભકર્મ હો, તેઓ કુશીલ હાથણી જેવા જ હોવાથી, જીવને બંધનમાં નાખનાર હોવાથી તેનો રાગ કે સંસર્ગ કરવા જેવો નથી. બીજી રીતે, મોહરાજાએ જીવને સંસારબંધનમાં બાંધી રાખવા માટે કુશીલ હાથણી જેવા શુભ ને અશુભકર્મ ઊભા કર્યા હોવાથી તેનો રાગ કે સંસર્ગ કરવાનો અહીં નિષેધ કર્યો છે.

## [ગાથા : ૧૪૮–૧૪૯]

**દૃષ્ટાંત અને સિદ્ધાંત (ગાથામાંથી)** :—જેવી રીતે સજ્જન પુરુષ બીજા કોઈ દુર્જન પુરુષને ખરાબ સ્વભાવવાળો જાણીને તેનો પરિચય કરવો છોડી દ્યે છે, તેવી રીતે નિજ

સ્વભાવમાં રત એવા જ્ઞાનીપુરુષ કર્મપ્રકૃતિના સ્વભાવને ખરાબ જાણીને તેની સાથેનો સંસર્ગ તથા રાગ છોડી દે છે.

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે કુશળ વનહસ્તી–હાથી, પોતાને બંધનમાં નાખવા માટે રાખવામાં આવેલી કુશીલ, સુંદર કે કદરૂપી હાથણીને પોતાની નિકટ આવતી દેખીને પણ તેના પ્રત્યે રાગ કે સંસર્ગ કરતો નથી કેમ કે તે કુશળ હાથી જાણે છે કે તે હાથણી ખરેખર ખરાબ છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે પોતાને બંધનમાં નાખવા ઉદયમાં આવતી શુભ કે અશુભ બધીય કર્મપ્રકૃત્તિને પરમાર્થે ખરાબ જાણીને જ્ઞાની જીવ તેનો રાગ કે સંસર્ગ કરતા નથી.

**તાત્પર્ય** :—જ્ઞાની જાણે છે કે શુભકર્મ હો કે અશુભકર્મ હો, તેના પ્રત્યે એકત્વબુદ્ધિ કરવાથી જીવ મિથ્યાત્વી થયો થકો સંસારબંધનમાં બંધાય છે. તેમ જ તેનો સંસર્ગ–પરિણમન કરવાથી પણ અસ્થિરતાજન્ય સંસારબંધનથી બંધાય છે; તેથી જ્ઞાની શુભાશુભનો માત્ર જ્ઞાતા જ રહે છે.

## [ગાથા : ૧૫૭–૧૫૯]

**દૃષ્ટાંત (ગાથામાંથી)** :—જેમ વસ્ત્રોનું શ્વેતપણું કે જે સ્વભાવરૂપ હોય છે તે મેલના મળવાથી ઢંકાઈ જાય છે–નાશ પામે છે. જ્યાં સુધી મેલ લાગેલો છે ત્યાં સુધી સફેદાય નાશ પામવાની જેમ અદૃશ્ય થઈ જાય છે–ઢંકાઈ જાય છે.

**સિદ્ધાંત** :—તેમ જ્ઞાનસ્વરૂપી આત્માનું સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે, પરંતુ પરભાવરૂપ કર્મના ઉદયના નિમિત્તે અજ્ઞાન વડે—મિથ્યાત્વ–અજ્ઞાન–અચારિત્ર કે જે મેલરૂપ છે તેના વડે—જીવ વ્યાપ્ત થવાથી આત્માનો સમ્યક્ત્વ–જ્ઞાન–ચારિત્રરૂપ સ્વભાવ નાશ પામે છે–ઢંકાઈ જાય છે–ઉત્પન્ન થતો નથી. માટે તે સઘળાય કર્મ અને કર્મના વિપાકના નિમિત્તે થયેલાં મિથ્યાત્વાદિ ભાવો નિષેધવામાં આવે છે.

**તાત્પર્ય** :—અહીં, મિથ્યાત્વાદિકર્મમળથી સમ્યક્ત્વાદિ નિર્મળતા નાશ થતી હોવાથી—પ્રગટ થતી ન હોવાથી સઘળાય કર્મને નિષેધ્યું છે એટલે કે તે કર્મો જેમાં નિમિત્તપણું પામે છે એવા અજ્ઞાનરૂપ મિથ્યાત્વાદિ નિષેધવા યોગ્ય છે, કેમ કે જીવના નિર્મળ પરિણામનો ઘાતક–બાધક તો અજ્ઞાનરૂપ મિથ્યાત્વાદિ ભાવો છે માટે તે ભાવો ત્યાજ્ય છે અને તે ભાવોનો નિષેધ થતાં, તે ભાવોમાં જે નિમિત્તરૂપ થતા હતા તે કર્મભાવો પણ નિષેધ પામી જાય છે.

એ રીતે અહીં, પુણ્ય–પાપ સમાન છે, સમાનપણે ખરાબ છે એમ સમજાવતાં સઘળાયકર્મો નિષેધવા યોગ્ય છે એ વાત કહીને પુણ્ય–પાપ અધિકાર પૂરો કર્યો છે.

## આસ્રવ–અધિકાર

### [ગાથા : ૧૬૭]

**દૃષ્ટાંત (ટીકામાંથી) :**—જેમ લોહચુંબકના સંસર્ગથી લોખંડની સોયમાં ઉત્પન્ન થયેલો ભાવ લોખંડની સોયને સ્થળાંતર–હેરફેર–ગતિ કરાવવા પ્રેરે છે. વળી જેમ લોહચુંબકનો સંસર્ગ નહીં કરેલ લોખંડની સોયમાં ઉત્પન્ન થયેલો ભાવ લોખંડની સોયને ખેંચાવામાં–સ્થળાંતર કે હેરફેર કરાવવા પ્રેરતી નથી.

**સિદ્ધાંત :**—તેમ રાગદ્વેષમોહરૂપ ભાવાસ્રવ સાથે ભેળસેળપણાથી–પોતાપણાથી, આત્મામાં ઉત્પન્ન થયેલો જે અજ્ઞાન ભાવ તે જ આત્માને કર્મ કરાવે છે–નવા કર્મ સાથે બંધ કરવા પ્રેરે છે. વળી રાગદ્વેષમોહરૂપ ભાવાસ્રવ સાથે ભેળસેળપણાથી રહિત–પોતાપણાથી રહિત, આત્મામાં ઉત્પન્ન થયેલો જે જ્ઞાનભાવ તે કર્મબંધન જેનો સ્વભાવ નથી એવા આત્માને સ્વભાવમાં સ્થાપે છે. આમ, અજ્ઞાનભાવ જ આત્માને કર્તૃત્વમાં પ્રેરતો હોવાથી–કર્મબંધનમાં પ્રેરતો હોવાથી અજ્ઞાનભાવ જ બંધક છે અને રાગાદિક સાથે અમિશ્રિત–એકત્વ નહીં કરતો એવો જ્ઞાનભાવ આત્મસ્વભાવનો પ્રકાશક હોવાથી કેવળ જ્ઞાયક જ છે, જરા પણ બંધક નથી.

**તાત્પર્ય :**—અજ્ઞાનભાવ આત્માને રાગાદિ ભાવાસ્રવના કર્તૃત્વમાં પ્રેરતો હોવાથી અજ્ઞાનભાવ આત્માને નવા કર્મનો બંધ કરનાર કહેવામાં આવ્યો છે. રાગાદિ ભાવાસ્રવનું કર્તૃત્વ અજ્ઞાનના કારણે ઊભું થયું છે અને તે કર્તૃત્વના કારણે આત્મા કર્મબંધન પામે છે. આત્મા ખરેખર કર્મબંધનનો ઉત્સુક નથી અર્થાત્ કર્મબંધન આત્માનો સ્વભાવ નથી તેથી જ્યાં રાગાદિના કર્તૃત્વના અભાવરૂપ જ્ઞાન પ્રગટ થાય છે ત્યાં આત્મા પોતાના અકર્તા સ્વભાવમાં જ સ્થિર થાય છે તેથી તેને કર્મબંધન થતું નથી. આમ, જ્ઞાનભાવ કેવળ જ્ઞાયક જ છે, આત્માને કર્તૃત્વમાં પ્રેરતો ન હોવાથી જરાપણ બંધક નથી.

## [ગાથા : ૧૬૮]

**દ્રષ્ટાંત (ગાથા તથા ટીકામાંથી)** :—જેમ વૃક્ષ ઉપર પાકી ગયેલું ફળ એકવાર તેના ડીંટામાંથી છૂટું પડીને ખરી પડે પછી ફરીથી તે ફળ ડીંટા સાથે જોડાતું નથી, સંબંધ પામતું નથી.

**સિદ્ધાંત** :—તેમ અજ્ઞાનમય ભાવના કારણે જે રાગાદિ ભાવાસ્રવ સાથે જીવને એકત્વ હતું તે જ્યાં જ્ઞાનમય ભાવના કારણે રાગાદિ ભાવાસ્રવોથી ભિન્નતાને પામે છે ત્યાં ફરી કદી પણ જીવ ભાવાસ્રવો સાથે એકપણું પામતો નથી.

**તાત્પર્ય** :—ડીંટાથી છૂટું પડેલું ફળ ફરીથી ડીંટા સાથે જોડાતું નથી આવું તો જડનું સ્વરૂપ છે. વળી તે ફળ તો ડીંટાના આધારે ફળીભૂત થયેલું છતાં તેને ચોંટતું નથી તો રાગાદિ ભાવાસ્રવ તો જીવના સ્વભાવ વડે ફલિત થયેલા ભાવો ન હતા તેથી જ્યાં તે ભાવાસ્રવો જીવભાવથી ભિન્નપણું પામ્યા તે ફરીથી જીવભાવ સાથે એકપણું પામે જ શી રીતે? જડનો એવો સ્વભાવ હોય કે ડીંટાથી છૂટો પડ્યો તો ફરી ન ચોંટે; તો જીવભાવ સાથે ફરીથી ભાવાસ્રવો કેમ એકપણું પામે?

## [ગાથા : ૧૭૩-૧૭૬]

**દ્રષ્ટાંત (ગાથા તથા ટીકામાંથી)** :—જેવી રીતે કોઈ બાળ સ્ત્રીને પરણવા છતાં પુરુષને માટે તે ઉપભોગ્ય હોતી નથી. તે જ બાળસ્ત્રી યુવાન સ્ત્રી થતાં તે પુરુષને માટે ઉપભોગ્ય બને છે. અને જે રીતે ભોગવે તે અનુસારે, પુરુષના રાગભાવને લઈને, તે પુરુષને વશ કરે છે-બંધન કરે છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે જે પુદ્ગલકર્મો સત્તા-અવસ્થામાં જીવ સાથે માત્ર બંધાયેલા છે, તેઓ અનુપભોગ્ય અર્થાત્ ફળ દેવાને અસમર્થ છે. પરંતુ તે જ દ્રવ્યકર્મો જ્યારે વિપાક-અવસ્થામાં આવે છે અર્થાત્ તે કર્મોનો ઉદય થતાં, તેમાં જેટલા પ્રમાણમાં જીવનો ઉપયોગ જોડાણ કરે તેટલા પ્રમાણમાં, જીવના રાગભાવ અનુસારે, તે જૂનાં કર્મોનો ઉદય જીવને નવા કર્મોનું બંધન કરે છે. આમ, દ્રવ્ય-આસ્રવના ઉદયમાં જેટલા પ્રમાણમાં ઉપયોગ જોડાણ કરે તેટલા પ્રમાણમાં અર્થાત્ જીવના ભાવ-આસ્રવના પ્રમાણમાં તે કર્મો નવું કર્મબંધન કરે છે.

**તાત્પર્ય** :—પૂર્વના કર્મોનું બંધન સત્તામાં હોય ત્યારે જીવને નવું બંધન કરવા તદ્દન અસમર્થ છે, જેમ પરણેલી બાળ સ્ત્રી પુરુષને માટે તદ્દન અનુપભોગ્ય હોવાથી પુરુષને વશ

કરવા અસમર્થ છે તેમ. પરંતુ જ્યારે તે કર્મો વિપાક-અવસ્થામાં આવે છે ત્યારે તે જીવને રસ દેવા સમર્થ બને છે, જેમ યુવાન સ્ત્રી પુરુષને ઉપભોગ્ય બને છે તેમ. પરંતુ તે સ્ત્રી તે પુરુષને એટલો જ વશ કરી શકે જેટલી આસક્તિથી તે સ્ત્રીને તે પુરુષ ભોગવે. તેવી રીતે કર્મના વિપાક સમયે તે જીવનો ઉપયોગ જેટલા પ્રમાણમાં તેમાં જોડાણ કરે તેટલા જ પ્રમાણમાં, જીવના રાગભાવ અનુસાર, તે કર્મો જીવને નવું કર્મબંધન કરી શકે. અર્થાત્ બાળસ્ત્રી યુવાન બનવા છતાં જો તે પુરુષ તે યુવાન સ્ત્રીને ભોગવે નહીં તો તે સ્ત્રી તે પુરુષને વશ કરવા સમર્થ નથી, તેમ કર્મના વિપાક સમયે જીવ તેમાં જોડાણ ન કરે અર્થાત્ ભાવ–આસ્રવ ન કરે તો જૂના કર્મો ઉદયમાં આવીને ખરી જાય પણ જીવને નવું કર્મબંધન કરવા સમર્થ નથી. આમ, જૂના કર્મોનો ઉદય જીવને બળજબરી પૂર્વક નવું કર્મબંધન કરવા સમર્થ નથી. જો જીવ ભાવ–આસ્રવ સર્વથા ન કરે તો જૂના કર્મ ઉદયમાં આવીને સર્વથા છૂટી જાય ને નવા કર્મનું બંધન ન થાય—એ રીતે મુક્તદશા પામે. નીચલી ભૂમિકામાં જીવ રાગાદિ ભાવ–આસ્રવની ભિન્નતાના ભાન સહિત અસ્થિરતાના રાગપૂર્વક જેટલું જોડાણ કરે તેટલા પ્રમાણમાં નવા અલ્પ કર્મોનું બંધન થાય છે. તેથી કર્મબંધનથી છૂટવું એ જીવના અધિકારમાં છે, કર્મની બળજોરીથી જીવે લાચારીપૂર્વક બંધાવું પડે તેમ નથી. કર્મોદય વખતે પણ જીવ સર્વ પ્રકારે સ્વાધીનતાપૂર્વક સ્વતંત્રતા ભોગવે છે.

## [ગાથા : ૧૭૯–૧૮૦]

**દૃષ્ટાંત (ગાથામાંથી)** :—જેવી રીતે પુરુષે ગ્રહેલો આહાર ઉદરાગ્નિથી સંયુક્ત થયો થકો અર્થાત્ ગ્રહણ કરેલો આહાર ઉદરમાં જઈને પાચન થયો થકો પોતાની મેળે અનેક પ્રકારે માંસ–રુધિર–વીર્ય આદિરૂપ પરિણમે છે. તેથી ઉદરાગ્નિ આહારને માંસ–રુધિરાદિરૂપ પરિણમાવે છે એમ જોવામાં આવે છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે જ્ઞાની જો શુદ્ધનયથી ચ્યૂત થઈને અજ્ઞાની બને છે તો રાગાદિ ભાવાસ્રવોમાં એકત્વને કરતો થકો, ઉદયમાં આવેલા કર્મોમાં જોડાણ કરવાના કારણે જૂના કર્મો નવા કર્મબંધનું કારણ બનતાં કાર્મણવર્ગણા બંધરૂપ પરિણમે છે. તેથી જૂના કર્મો પુદ્‌ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે એમ કહેવામાં આવે છે.

**તાત્પર્ય** :—આગળ કહેલ કે જ્ઞાનીને ઉદયમાં આવેલા કર્મો નવા કર્મોનું બંધન કરતા નથી. તે સિદ્ધાંત રાખીને કહ્યું છે કે જ્યારે તે જ્ઞાની પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયથી છૂટીને અજ્ઞાનપણે પરિણમતો થકો ભાવાસ્રવનો કર્તા બને છે ત્યારે ઉદયમાં આવેલા કર્મો

કાર્મણવર્ગણાને બંધરૂપે પરિણમાવે છે અર્થાત્ નવા કર્મનો બંધ થાય છે. માટે શુદ્ધનયનો આશ્રય છોડવાયોગ્ય નથી.

એ રીતે આસ્રવ અધિકાર પૂરો થયો.

# સંવર અધિકાર

## [ગાથા : ૧૮૪-૧૮૫]

**દૃષ્ટાંત (ગાથામાંથી) :**—જેમ ગમે તેટલી પ્રચંડ અગ્નિની આંચ દેવા છતાં સુવર્ણ સુવર્ણપણાને છોડતું નથી.

**સિદ્ધાંત :**—તેમ જેને રાગાદિ ભાવોથી અત્યંત ભિન્નતા વર્તે છે એવો જ્ઞાની પ્રચંડ કર્મોદય વડે ઘેરાય તોપણ પોતાના જ્ઞાનત્વને છોડતો નથી, તેથી તે રાગી, દ્વેષી, મોહી થતો નથી પરંતુ શુદ્ધ આત્માને જ અનુભવે છે, એ ભેદવિજ્ઞાનનો પ્રતાપ છે.

**તાત્પર્ય :**—પ્રચંડ વિજળી પડવાથી પર્વતના બે ટૂકડા થયા પછી તેઓ બે કદી એકરૂપ થતાં નથી, તેમ હું અનાદિ-અનંત જ્ઞાનસ્વભાવી ચૈતન્ય છું અને આ સાદિ-શાંતરૂપ રાગાદિભાવો જડસ્વરૂપ હોઈને મારાથી અત્યંત ભિન્ન છે એવું જેને ભેદવિજ્ઞાન પ્રવર્તે છે એવો જ્ઞાની સાતમી નરકના ભીષણ કર્મોદયમાં ઘેરાયેલો દેખાવા છતાં તે કદીય પોતાના જ્ઞાનત્વને છોડતો નથી કારણ કે હજાર કારણો મળવા છતાં સ્વભાવને છોડવો અશક્ય હોઈને જ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવને કદી પણ નહીં છોડતો થકો શુદ્ધ આત્માને જ અનુભવે છે. પરંતુ જેને જ્ઞાનસ્વભાવ અને રાગાદિ પરભાવોની ભિન્નતાનું ભેદજ્ઞાન ઉદિત થયું નથી એવો અજ્ઞાની અજ્ઞાન-અંધકાર વડે આચ્છાદિત હોવાથી પોતાના જ્ઞાનસ્વભાવને નહીં જાણતો થકો, અજ્ઞાન અંધકારમાં જણાતા રાગાદિ પરભાવોને પોતાના જાણતો-માનતો થકો, હું રાગી, હું દ્વેષી, હું મોહી એમ અનુભવે છે. એ રીતે ભેદવિજ્ઞાનના જ પ્રતાપે જ્ઞાની ગમે તેવા આકરા કર્મોદયની મધ્યે પણ જ્ઞાનત્વને કદી છોડતો નથી. આમ, ભાવાસ્રવના ભેદવિજ્ઞાન વડે જ્ઞાનીને નિરંતર સંવરભાવ વર્તે છે.

# નિર્જરા-અધિકાર

## [ગાથા : ૧૯૫]

**દૃષ્ટાંત (ગાથામાંથી) :**—જેવી રીતે કોઈ વૈદ્ય પુરુષ, લોકોનું જેનાથી મરણ થાય એવા ઝેરને ખાવા છતાં, મંત્ર–તંત્ર–ઔષધ આદિરૂપ અમોઘ–રામબાણ વિદ્યાના બળથી, તે ઝેરના મારણશક્તિનો નાશ કરતો હોવાથી, ઝેર ખાવાથી મરતો નથી.

**સિદ્ધાંત :**—તેવી રીતે જ્ઞાની પુરુષ, અજ્ઞાનીને રાગાદિમાં એકત્વબુદ્ધિના કારણે જેનાથી કર્મનો બંધ થાય છે એવા પુદ્ગલકર્મના ઉદયને જ્ઞાની ભોગવે છતાં, પોતાના ભેદજ્ઞાનરૂપી અમોઘ–રામબાણ વિદ્યાના–જ્ઞાનના સામર્થ્યથી રાગાદિના એકત્વભાવનો અભાવ કરતો થકો કર્મના ઉદયની બંધનની શક્તિને નાશ કરી હોવાથી, નવા કર્મોથી બંધાતો નથી.

**તાત્પર્ય :**—જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે, કેમ કે ઉદયમાં આવેલા કર્મો ફળ દઈને નવીન–કર્મોના બંધન વિના ખરી જાય છે. કારણ કે જ્ઞાનીને કર્મોદયમાં જોડાવા છતાં કર્મોદયથી તથા રાગાદિથી નિરંતર ભેદજ્ઞાન પ્રવર્તતું હોવાથી, રાગાદિના એકત્વબુદ્ધિના અભાવના કારણે જૂના કર્મના ઉદયમાં નવા કર્મબંધનનું નિમિત્ત બનવાની શક્તિ હણાઈ ગઈ હોવાથી, કાર્મણવર્ગણા બંધરૂપ પરિણમતિ નથી. એ રીતે જ્ઞાની ભોગ ભોગવવા છતાં બંધન પામતો નથી, કર્મનો ઉદય નિર્જરી જાય છે–ખરી જાય છે–છૂટી જાય છે.

## [ગાથા : ૧૯૬]

**દૃષ્ટાંત (ગાથામાંથી) :**—જેમ કોઈ પુરુષને મદિરા પ્રત્યે તીવ્ર ઘૃણા હોવા છતાં કોઈ બળજોરીથી તેને મદિરા પીવરાવે તો, મદિરા પ્રત્યેની તીવ્ર ઘૃણા–દુર્ગંચ્છાના કારણે તેને મદિરાથી નશો ચઢતો નથી.

**સિદ્ધાંત :**—તેમ જ્ઞાનીને રાગાદિ ભાવોમાં એકત્વના અભાવને લીધે સર્વ ભોગ્ય પદાર્થને ભોગવવા પ્રત્યે તીવ્ર અણગમો વર્તતો હોવાથી, પૂર્વ કર્મના ઉદયની બળજોરીથી વિષયોને ભોગવતાં છતાં તેમના પ્રત્યે રાગાદિના અભાવરૂપ વૈરાગ્યભાવના સામર્થ્યથી જ્ઞાની નવા કર્મોથી બંધાતો નથી.

**તાત્પર્ય :**—જ્ઞાનીને સ્વભાવના અતીન્દ્રિય આનંદના ભોગવટાના કારણે પરદ્રવ્યોના ભોગમાં બિલકુલ આસક્તિ હોતી નથી. તેથી કર્મોદયવશ વિષયોના સેવન છતાં તેના પ્રત્યે

ઉદાસીનભાવ વર્તતો હોવાથી તે ભોગ નવા કર્મબંધનો હેતુ થવા અસમર્થ હોતો થકો, કર્મોદય નિર્જરી જાય છે-ખરી જાય છે.

## [ગાથા : ૧૯૭]

**દૃષ્ટાંત (ગાથામાંથી) :**—જેમ કોઈ નોકર પોતાના શેઠની દુકાનનો સંપૂર્ણ કારોભાર સંભાળવા છતાં દુકાનના નફા-નુકશાનનો તે સ્વામી નથી, તેથી તેને હરખ-શોક થતો નથી. પણ તે શેઠ પોતાની દુકાનનો કારોભાર બિલકુલ ન સંભાળતો હોવા છતાં, દુકાનના સ્વામીપણાના કારણે નફાનુકશાનનો તે સ્વામી હોવાથી હરખ-શોકને ભોગવે છે.

**સિદ્ધાંત :**—તેમ જ્ઞાની પણ રાગાદિના સ્વામીપણાના અભાવના કારણે, પૂર્વકૃત ભોગને ભોગવતો થકો, વિષયસેવનના ફળનું તેને સ્વામીપણું નહીં હોવાથી, વિષયોનો અસેવક જ છે. પરંતુ મિથ્યાદૃષ્ટિ રાગાદિમાં મીઠાશબુદ્ધિના કારણે વિષયસેવનનો ત્યાગી બનવા છતાં વિષયસેવનના ફળનું સ્વામીપણું હોવાથી તે વિષયનો સેવક જ છે.

**તાત્પર્ય :**—જ્ઞાનીને નિરંતર કર્મ અને કર્મફળના સંન્યાસની-ત્યાગની ભાવના વર્તતી હોય છે. તેથી તે પૂર્વના કર્મકૃત વિષયોને ભોગવતો દેખાવા છતાં, વર્તમાન કર્મના ઉદયનું તથા અસ્થિરતાજન્ય કર્મબંધનના ફળનું તેને સ્વામિત્વ ન થવાથી તે વિષયોનો અસેવક જ છે. પરંતુ અજ્ઞાનીને રાગાદિમાં એકત્વબુદ્ધિના સદ્‌ભાવને કારણે, તેને વિષયોનો ત્યાગ વર્તતો દેખાવા છતાં, તે કર્મોદયનું તથા તેના કર્મફળનું સ્વામિત્વ કરતો થકો વિષયોનો સેવક જ છે.

## [કળશ : ૧૪૮]

**દૃષ્ટાંત :**—જેમ લોધર ફટકડી વગેરેથી કષાયિત ન કરવામાં આવ્યું હોય એવું વસ્ત્ર અર્થાત્ લોધર ફટકડીમાં પલાળ્યા વિનાના વસ્ત્રને રંગવામાં આવે તો તે વસ્ત્રને પાકો રંગ ચઢતો નથી, ઉપરછલ્લો કાચો રંગ જ લાગે છે.

**સિદ્ધાંત :**—તેમ જ્ઞાની રાગાદિ રસથી રંજિત નહીં થયો થકો અર્થાત્ રાગાદિમાં એકત્વ નહીં કરતો થકો તેના સંયોગમાં આવેલો કર્મના ઉદયનો ભોગ, પરિગ્રહપણાને પામતો નથી. જ્ઞાનીને રાગાદિના સ્વામીપણાના અભાવમાં, ભોગ ઉપરછલ્લો જ રહેતો હોવાથી મારાપણારૂપ પરિગ્રહપણું પામતો નથી.

**તાત્પર્ય :**—છન્નુ હજાર રાણીઓના વૃંદમાં ઘેરાયેલો દેખાતો જ્ઞાની ચક્રવર્તી, રાગાદિના સ્વામીપણાના અસદ્‌ભાવને લીધે, સંયોગો દેખાવા છતાં સંયોગોનું પરિગ્રહપણું

પામતો નથી. અજ્ઞાનીને ફુટલી હાંડલીમાત્રનો સંયોગ હોવા છતાં, રાગાદિના સ્વામીપણાના સદ્‌ભાવને લીધે, ફુટલી હાંડલીના સંયોગમાં અજ્ઞાની ત્રણ લોકના પદાર્થોનું પરિગ્રહપણું પામે છે.

## [ગાથા : ૨૧૮–૨૧૯]

**દૃષ્ટાંત (ગાથામાંથી) :—**જેમ ખરેખર સુવર્ણ કાદવની મધ્યે પડ્યું હોય તોપણ કાદવથી લેપાતું નથી અર્થાત્ કંચનને કાટ લાગતો નથી, કારણ કે સુવર્ણ કાદવથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળું છે. વળી જેમ લોખંડ કાદવની મધ્યમાં પડ્યું હોય તો કાદવથી લેપાય છે અર્થાત્ કાટ લાગે છે, કારણ કે તે કાદવથી લેપાવાના સ્વભાવવાળું છે.

**સિદ્ધાંત :—**તેમ જેને રાગના સ્વામિત્વના અભાવરૂપ સ્વભાવ છે એવા જ્ઞાની સર્વ કર્મોની મધ્યમાં વર્તતા હોવા છતાં કર્મોથી લેપાતા નથી, કારણ કે તેને પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતા રાગના ત્યાગરૂપ સ્વભાવ વર્તે છે. જ્યારે અજ્ઞાનીને રાગાદિમાં સ્વામીપણાનો સ્વભાવ હોવાથી સર્વ કર્મની મધ્યમાં રહ્યો થકો કર્મોથી લેપાય છે, કેમ કે તેને પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતા રાગના ગ્રહણરૂપ સ્વભાવ વર્તે છે.

**તાત્પર્ય :—**ઈન્દ્રપદ ને ચક્રવર્તીપદમાં વર્તવા છતાં જ્ઞાનીને પરદ્રવ્યો—પર સંયોગો પ્રત્યે કરવામાં આવતા રાગના ત્યાગરૂપ સ્વભાવ વર્તતો હોવાથી કર્મોથી અલિપ્ત રહે છે અર્થાત્ કંચનને કાટ ન લાગે તેમ જ્ઞાનીને કર્મનું બંધન થતું નથી. જ્યારે અજ્ઞાની પરદ્રવ્યો પ્રત્યે કરવામાં આવતા રાગના ગ્રહણરૂપ સ્વભાવવાળો હોવાથી, તે તૂટીફૂટી ઝૂંપડીમાં બેઠો બેઠો કદરૂપી સ્ત્રી–પુત્ર સાથે સૂકો રોટલો ને મીઠું ખાતો હોય ને પોતાને ચક્રવર્તીની સંપદામાં મશગૂલ થયેલો અનુભવતો થકો કર્મોથી લેપાયા વિના રહેતો નથી.

## [ગાથા : ૨૨૦–૨૨૩]

**દૃષ્ટાંત (ગાથામાંથી) :—**જેવી રીતે સમુદ્રમાં રહેલો જીવતો શંખ અનેક પ્રકારનાં સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યો ખાય છે તોપણ તેનું શ્વેતપણું કોઈથી કાળું કરી શકાતું નથી.

જ્યારે તે જ શંખ સચિત્ત, અચિત્ત કે મિશ્ર દ્રવ્યો ખાય કે ન ખાય પરંતુ પોતાના શ્વેત સ્વભાવને છોડીને કાળાપણે પરિણમે છે ત્યારે તે શ્વેત શંખ કાળો બને છે.

**સિદ્ધાંત :—**તેવી રીતે જ્ઞાની પણ અનેક પ્રકારના સચિત્ત, અચિત્ત કે મિશ્ર દ્રવ્યોને

ભોગવે તોપણ તેનું જ્ઞાન કોઈથી અજ્ઞાનરૂપ કરી શકાતું નથી. પરંતુ તે પરને ભોગવતો થકો કે ન ભોગવતો થકો જ્યારે પોતાની મેળે જ જ્ઞાનને છોડીને અજ્ઞાનરૂપ પરિણમે ત્યારે તેનું જ્ઞાન સ્વયંકૃત અજ્ઞાન થાય છે.

**તાત્પર્ય** :—જ્ઞાની પરદ્રવ્યોના ભોગવટાથી અજ્ઞાની થઈ જતો નથી પરંતુ જ્યારે તે સ્વયં, પરદ્રવ્યોને ભોગવતો ન હોવા છતાં, અજ્ઞાનરૂપ પરિણમે છે ત્યારે અજ્ઞાની થાય છે. અર્થાત્ જ્ઞાનીના જ્ઞાનસ્વભાવને ત્રણ લોકનો ભોગવટો અજ્ઞાનરૂપ કરવા સમર્થ નથી અને બધું ત્યાગવા છતાં જો તે સ્વયં જ્ઞાનસ્વભાવને છોડીને અજ્ઞાનરૂપ પરિણમે તો અજ્ઞાની થયા વિના રહેતો નથી. આમ, પરદ્રવ્યોનો ભોગવટો હો કે ન હો, તેઓ જ્ઞાનસામર્થ્યને નુકશાન કે લાભ કરવા કિંચિત્‌માત્ર પણ સમર્થ નથી.

## [ગાથા : ૨૨૪-૨૨૭]

**દૃષ્ટાંત (ગાથામાંથી)** :—જેવી રીતે કોઈ પુરુષ આજીવિકા અર્થે રાજાને સેવે છે તો તે રાજા પણ તેને સુખ આપનારા અનેક પ્રકારના ભોગો આપે છે. વળી તે જ પુરુષ જો આજીવિકા અર્થે રાજાને નથી સેવતો તો તે રાજા પણ તેને સુખ ઉત્પન્ન કરનારા અનેક પ્રકારના ભોગો આપતો નથી.

**સિદ્ધાંત** :—તેવી રીતે અજ્ઞાની વિષયસુખ અર્થે અર્થાત્ રંજિત પરિણામ અર્થે ઉદયમાં આવેલા કર્મને સેવે છે તો તે કર્મ તેને રંજિત પરિણામ આપે છે એટલે કે અજ્ઞાની જીવ કર્મના ઉદય વખતે રાગમાં રંજિત થયો થકો વિષયસુખને ભોગવે છે તો કર્મનો ઉદય તેને રાગમાં રંજિત પરિણામ આપે છે—રાગમાં સુખબુદ્ધિ કરાવે છે. પરંતુ જ્ઞાની તો કર્મના ઉદય વખતે જ્ઞાતાભાવે તેમાં જોડાતો હોવાથી કર્મનો ઉદય તેને રાગથી રંજિત કરતો નથી.

પં. જયચંદજીએ આ સિવાય આ ગાથાનો બીજો આશય પણ કહ્યો છે કે અજ્ઞાની ભવિષ્યમાં સુખ (-રાગાદિપરિણામ) ઉત્પન્ન કરનારા ભોગોની અભિલાષાથી અજ્ઞાનપૂર્વક વ્રત-તપ આદિ કરે છે તો તે શુભ કર્મ ભવિષ્યમાં રાગાદિ પરિણામ ઉત્પન્ન કરનારા ભોગ આપે છે. પરંતુ જ્ઞાનીની બાબતમાં આથી વિપરીત સમજવું.

**તાત્પર્ય** :—અજ્ઞાની રાગાદિમાં મીઠાશબુદ્ધિ પૂર્વક વર્તમાન કર્મોદય વખતે તેમાં જોડાતો હોવાથી તેને કર્મો રાગથી રંજિત પરિણામવાળા ભોગ આપે છે. પરંતુ જ્ઞાનીને તો પોતાના સ્વભાવમાં મીઠાશબુદ્ધિ વર્તતી હોવાથી, વર્તમાન કર્મોદય વખતે તેમાં જ્ઞાતાદૃષ્ટિ પૂર્વક જોડતો હોવાથી, તેને કર્મો રાગથી રંજિત પરિણામવાળા ફળ દેવા સમર્થ નથી.

# બંધ અધિકાર

## [ગાથા : ૨૩૭-૨૪૬]

**દૃષ્ટાંત (ગાથા તથા ટીકામાંથી) :**—જેવી રીતે કોઈ પુરુષ પોતાના શરીર ઉપર તેલ ચોપડીને માટી-ધૂળવાળા અખાડામાં અનેક પ્રકારના શસ્ત્રો વડે વ્યાયામ કરે, અનેક પ્રકારના વૃક્ષોને છેદે, સચેત-અચેત પદાર્થોનો ઘાત કરે ત્યારે તેના શરીર પર માટી-ધૂળ ચોંટે છે અને તે ચોંટવાનું એક માત્ર કારણ પોતાના શરીર ઉપર લગાડેલ તેલની ચીકાશ જ છે.

વળી તે જ પુરુષ પોતાના શરીર ઉપર તેલ ચોપડતો નથી અને ઉપરની બધી જ ક્રિયા કરે છે—માટીવાળા અખાડામાં અનેક શસ્ત્રો વડે વ્યાયામ કરે, અનેક વૃક્ષોનો નાશ અને સચેત-અચેત પદાર્થોનો ઘાત કરે છે—તોપણ તે પુરુષના શરીર ઉપર માટી-ધૂળ ચોંટતી નથી તેનું કારણ માત્ર તેલની ચીકાશનો અભાવ જ છે.

**સિદ્ધાન્ત :**—તેવી જ રીતે જે જીવ પોતાના ઉપયોગ-સ્વભાવ સાથે રાગાદિનું એકપણું કરીને કર્મયોગ્ય પુદ્‌ગલોથી વ્યાપેલા લોકમાં મન-વચન-કાયાના યોગની ક્રિયા કરે, અનેક કરણો વડે સચિત્ત-અચિત્ત પદાર્થોનો ઘાત કરે, ત્યારે તે જીવને કર્મરજનું બંધન અવશ્ય થાય છે, આમ કર્મબંધનું એકમાત્ર કારણ ઉપયોગ-સ્વભાવમાં રાગાદિ સાથે એકપણું કરવું તે જ છે.

વળી જે જીવ પોતાના ઉપયોગ-સ્વભાવમાં રાગાદિનું એકપણું કરતો નથી, રાગાદિનો સ્વામી થતો નથી તે જીવ કર્મયોગ્ય પુદ્‌ગલોથી વ્યાપેલા લોકમાં ઉપરની બધી ક્રિયા કરવા છતાં કર્મરજથી લેપાતો નથી—કર્મનો બંધ પામતો નથી, કારણ કે તે જીવને ઉપયોગસ્વભાવમાં રાગાદિથી ભિન્નપણું નિરંતર વર્તે છે.

**વિશેષ :**—જો કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક કર્મબંધનું કારણ હોય તો લોકાગ્રે રહેલા સિદ્ધોને કર્મબંધ થવો જોઈએ! પણ તેમને તો કર્મબંધ થતો નથી. મન-વચન-કાયાની ક્રિયાનો યોગ કર્મબંધનું કારણ હોય તો યથાખ્યાત-સંયમીઓને પણ કર્મબંધનનો પ્રસંગ આવી પડે! પણ તેમને તો કર્મબંધ થતો નથી. જો અનેક પ્રકારના કરણોથી કર્મબંધ થતો હોય તો કેવળજ્ઞાનીઓને પણ કર્મબંધનો પ્રસંગ આવી પડે! પણ તેમને તો કર્મબંધ થતો નથી. વળી જો સચિત્ત-અચિત્ત પદાર્થોના ઘાતથી કર્મબંધ થતો હોય તો ઈર્યાસમિતિ પાળતા ભાવલિંગી મુનિરાજને પણ કર્મબંધનો પ્રસંગ આવી પડે! પણ તેમને તો કર્મબંધ થતો નથી!

એ રીતે, અહીં આચાર્યદેવ સમજાવે છે કે નવા નવા કર્મોનો બંધ થવો તેમાં કોઈ ક્રિયા, કરણો કે પદાર્થોનો ઘાત થવો તે કોઈ કારણ નથી, પરંતુ જ્યારે જીવ અજ્ઞાનપણે રાગાદિકનો સ્વામી થયો થકો અર્થાત્ ભાવકર્મનો સ્વામી થયો થકો ભાવકર્મનો કર્તા થાય છે ત્યારે તેને માત્ર રાગાદિ ભાવકર્મની એકતાબુદ્ધિના કારણે જ નવા નવા દ્રવ્યકર્મનો બંધ થાય છે. અને જ્યારે જીવ રાગાદિ ભાવકર્મોના ભેદજ્ઞાન વડે જ્ઞાની થાય છે ત્યારે તે ક્રિયાઓનો સદ્ભાવ હો કે ન હો પરંતુ તે જીવ નવા કર્મોથી બંધન પામતો નથી.

આમ, અહીં સમ્યગ્દષ્ટિનું અદ્ભુત માહાત્મ્ય જ સમજાવ્યું છે કે અજ્ઞાની અનંતવાર દ્રવ્યલિંગ ધારણ કરીને પણ કર્મબંધનથી છૂટી શક્યો નથી અને રાગાદિની હયાતી હોવા છતાં—ચક્રવર્તી કે ઈન્દ્રપદ હોવા છતાં—રાગાદિની ભિન્નતાના ભેદજ્ઞાનના બળે સમ્યગ્દષ્ટિ નવા કર્મબંધનને પામતો નથી.

## [ગાથા : ૨૬૫]

**દૃષ્ટાન્ત તથા સિદ્ધાન્ત (ટીકામાંથી) :**—જેવી રીતે કોઈ શૂરવીરપુત્રની જનેતાનો જે શૂરવીરપુત્ર તેને હું હણું છું એવો કોઈ અભિપ્રાય કરવા માગે તો થઈ શકે છે, પરંતુ તેવી જ રીતે કોઈ વાંજણીના પુત્રને હું હણું છું એવો અભિપ્રાય કોઈને ઊપજી શકતો નથી કારણ કે કોઈ પણ પ્રકારના અભિપ્રાય માટે તેના નિમિત્તભૂત સામે કોઈ પદાર્થ હોવો અનિવાર્ય છે. શૂરવીરપુત્રની હયાતી હોવાથી તેને નિમિત્ત બનાવીને તેને મારવાનો અભિપ્રાય કરી શકાય છે. પરંતુ વાંજણીને પુત્ર હોતો જ નથી તેથી હું વાંજણીના પુત્રને હણું છું એવો કોઈને પણ અભિપ્રાય ઊપજવો અશક્ય છે.

તેવી રીતે જીવને કર્મબંધનું કારણ અધ્યવસાન જ છે. જીવના અધ્યવસાનના કારણે બંધ થાય છે. પરંતુ તે અધ્યવસાન ઊપજવામાં સામે કોઈ નિમિત્તભૂત પદાર્થ હોય છે. અધ્યવસાનમાં નિમિત્તભૂત પદાર્થના અભાવમાં અધ્યવસાન જ ઊપજતા નથી તો નવો બંધ શી રીતે પડે? તેથી બંધના કારણરૂપ અધ્યવસાનનો અભાવ કરવા માટે અધ્યવસાન જેના આશ્રયે-અવલંબને-લક્ષે-નિમિત્તે ઊપજે છે તે બાહ્યવસ્તુનો પ્રસંગ ન કરો, ત્યાગ કરો એમ ઉપદેશ-કથનમાં કહેવામાં આવે છે. તોપણ કાંઈ બાહ્યવસ્તુથી જીવને બંધ થતો જ નથી, બંધ તો માત્ર જીવના અધ્યવસાનથી જ—જૂઠી માન્યાતથી જ–મિથ્યા અભિપ્રાયથી જ થાય છે, પરંતુ તે મિથ્યા અભિપ્રાયમાં નિમિત્તરૂપે બાહ્યવસ્તુનો સંગ હોવાથી અધ્યવસાનની ઉત્પત્તિ ન થવા દેવા માટે બાહ્યવસ્તુના ત્યાગનો ઉપદેશ હોય છે. પરમાર્થે અધ્યવસાન એકમાત્ર બંધનું કારણ હોવાથી અધ્યવસાન છોડવાનો છે.

દા. ત. જે પુરુષને કામવાસના ઉપર વિજય મેળવવો છે તેને સ્ત્રીના સંગ-પ્રસંગના ત્યાગનો ઉપદેશ છે. કામ તો પોતાનો વિકારી પરિણામ છે અને વિજય મેળવવાનો છે પોતાના પરિણામ ઉપર, છતાં સ્ત્રીનો સંગ કેમ છોડાવ્યો? કે—કામ-વિકાર જેના લક્ષે થાય છે, જેના આશ્રયે થાય છે તેના સંગનો ત્યાગ કરતાં, આશ્રય વિના કામની ઉત્પત્તિ થતી અટકી જાય છે તેથી નિમિત્તના ત્યાગનો ઉપદેશ છે. તેવી રીતે અધ્યવસાનની ઉત્પત્તિને અટકાવવા, તેને આશ્રયભૂત પરવસ્તુના ત્યાગનો ઉપદેશ છે. એ રીતે, અધ્યવસાન છોડાવવાના પ્રયોજનસર બાહ્યવસ્તુના ત્યાગને ઉપદેશ્યો છે.

## [ગાથા : ૨૭૮-૨૭૯]

[બહુ ચર્તિત આ ગાથામાં જીવનો સ્વભાવ સમજાવવાનું પ્રયોજન છે; પરદ્રવ્ય જીવને વિકારરૂપ પરિણમાવે છે એમ કહેવાનું બિલકુલ તાત્પર્ય નથી. પરંતુ જીવનો સ્વભાવ તો ત્રિકાળ શુદ્ધ છે તો અશુદ્ધ પરિણમન થયું કેમ!–શુદ્ધ જીવ સ્વયં તો વિકાર થવામાં નિમિત્ત થતો નથી તો વિકાર કોના નિમિત્તપણામાં થયું?—એ બતાવીને જીવ તો સદાય શુદ્ધ જ છે—એમ સ્વભાવનો મહિમા સમજાવ્યો છે.]

શિષ્યનો પ્રશ્ન છે કે રાગાદિકને બંધનું કારણ કહ્યું ને વળી શુદ્ધ ચૈતન્યમાત્ર આત્માથી રાગાદિકનું ભિન્નપણું સમજાવ્યું તો પછી રાગાદિ થવામાં આત્મા નિમિત્ત છે કે બીજું કાંઈ?—તેના ઉત્તરરૂપે આચાર્યદેવ સ્ફટિકમણિના દૃષ્ટાંતથી સમજાવે છે.

**દૃષ્ટાંત(ગાથા તથા ટીકામાંથી)** :—સ્ફટિકમણિ સ્વભાવે શુદ્ધ હોવાથી પોતે પોતાને રતાશાદિરૂપ પરિણામવામાં નિમિત્ત બનતો નથી અર્થાત્ સ્ફટિકમણિ સ્વયં રતાશાદિરૂપ પરિણમતો નથી. પરંતુ જે પદાર્થો સ્વયં રતાશાદિરૂપ પરિણમે છે તેનું નિમિત્તપણું પામીને સ્ફટિકમણિ રતાશાદિરૂપ પરિણમે છે. આમ, સ્ફટિકમણિ રતાશાદિરૂપ પરિણમવામાં સ્વયં તો કારણભૂત નથી જ પરંતુ જે પદાર્થો રતાશાદિરૂપ પરિણમિત હોય છે તેનો સંગ થવાથી–પરસંગ એવ–તેના નિમિત્તપણા વડે સ્ફટિકમણિને રતાશાદિરૂપ કરાય છે અર્થાત્ થાય છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે શુદ્ધ ચૈતન્યમાત્ર જ્યોતિસ્વરૂપ આત્મા કેવળ શુદ્ધ સ્વભાવી હોવાથી, પોતે પોતાને રાગાદિરૂપ પરિણમન થવામાં નિમિત્ત થતો નથી અર્થાત્ આત્મા સ્વયં રાગાદિરૂપ પરિણમન કરતો નથી. પરંતુ જે દ્રવ્યો રાગાદિરૂપ પરિણમિત થયા હોય છે તેના સંગે તેના નિમિત્તપણા વડે આત્માને રાગાદિરૂપ પરિણમાવાય છે એટલે કે સ્વયં રાગાદિકરૂપ

નહીં પરિણમતો એવો શુદ્ધ આત્મા અન્ય દ્રવ્યોના સંગના નિમિત્તપણા વડે રાગાદિકરૂપ પરિણમન પામે છે.

**વિશેષ :**—અહીં, એકલો આત્મા રાગાદિરૂપ પરિણમન પામતો ન હોવાથી, સ્વભાવથી ચ્યુત થયો થકો, પરનો સંગ કરવાથી, પરના સંગ વડે રાગાદિરૂપ પરિણમતો હોવાથી, પરદ્રવ્યો વડે રાગાદિરૂપ પરિણમાવાય છે એમ પર ઉપર આરોપ કરીને, જે રાગાદિરૂપ પરિણમન છે તેમાં જીવસ્વભાવ નિમિત્ત નથી પણ પરદ્રવ્ય નિમિત્ત છે તે વાત સમજાવી છે.

અહીં, પરદ્રવ્ય વડે જ રાગાદિરૂપ પરિણમાવાય છે-એવી કથનશૈલી પાછળ બહુ વજનીય રહસ્ય એ છે કે એકલો જીવ તો સદાય શુદ્ધ સ્વરૂપે જ પરિણમન કરે છે. રાગાદિરૂપ પરિણમન એ જીવનો સ્વભાવ જ નથી. છતાં રાગાદિરૂપ પરિણમન કેમ? કે—પરનો સંગ કરતો હોવાથી અર્થાત્ સ્વભાવથી ચ્યુત થતો હોવાથી, રાગાદિ પરિણમન જીવનો સ્વભાવ ન હોવા છતાં બળજોરીથી, રાગાદિરૂપ પરિણમાવાય છે એમ કહીને જીવ રાગાદિરૂપ સ્વયં પરિણમતો પણ નથી એમ સ્વભાવની અધિકતા મુખ્ય કરવી છે; નહીં કે નિમિત્તનું જોર સ્થાપવું છે કે જેવું નિમિત્ત આવે તેવું પરિણમવું પડે!!

સ્વભાવથી ચ્યુત થઈને જ્યારે જીવ પરનો સંગ કરે છે ત્યારે પરના સંગે—લક્ષે સ્વયમ્ જીવ રાગાદિરૂપ પરિણમતો હોવાથી, તે રાગાદિ પરિણમનનો જીવ કર્તા છે જ નહીં તે સિદ્ધ કરવા, પરદ્રવ્ય વડે કરાય છે તેમ કહ્યું છે.

એ રીતે, રાગાદિરૂપ કદીય નહીં પરિણમવાનો જીવનો સ્વભાવ છે તે મૂળ વસ્તુસ્થિતિ અહીં પ્રસિદ્ધ કરેલ છે. આ વાતને વિશેષ દૃઢ કરવા અમૃતચંદ્રાચાર્યદેવ કળશ કહે છે.

## (કળશ : ૧૭૫)

**દૃષ્ટાન્ત :**—જેવી રીતે સૂર્યકાંતમણિ સ્વયં પોતાની મેળે કદીય અગ્નિરૂપ પરિણમતો નથી; તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે.

**સિદ્ધાંત :**—તેવી રીતે આત્મા સ્વયં કદીય રાગાદિરૂપ પરિણમતો તો નથી પણ રાગાદિરૂપ પરિણમનમાં આત્મા નિમિત્ત પણ થતો નથી; પરંતુ રાગાદિરૂપ પરિણમનમાં પરસંગ જ-પરદ્રવ્યનો સંગ જ નિમિત્ત છે.

**તાત્પર્ય :**—જીવ સ્વભાવે શુદ્ધ સ્ફટિકમણિ જેવો હોવાથી, સૂર્યકાંતમણિની જેમ સ્વયં રાગાદિરૂપ કદીય પરિણમતો નથી તેમજ તે રાગાદિરૂપ પરિણમનમાં આત્મા કદીય નિમિત્ત પણ થતો નથી. એવો આત્માનો અદ્‌ભુત સ્વભાવ હોવાથી જે રાગાદિરૂપ પરિણમન થાય છે તેમાં પર-સંગ જ—પરદ્રવ્યનો સંગ જ નિમિત્તભૂત થાય છે. આવો વસ્તુનો સ્વભાવ સદાય પ્રકાશમાન છે.

## સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકાર

### [ગાથા : ૩૧૭]

**દૃષ્ટાંત (ગાથામાંથી) :**—જેમ આ જગતમાં સર્પ પોતાની મેળે પોતાનું ઝેર છોડતો નથી–ઝેર ઉત્પન્ન કરવાનું બંધ કરતો નથી અને ઝેરને મટાડવામાં સમર્થ એવું સાકરવાળું દૂધ પીવા છતાં પણ ઝેર ઉત્પન્ન કરવાનું છોડતો નથી.

**સિદ્ધાંત :**—તેમ અભવ્ય જીવ પોતાની મેળે પ્રકૃતિસ્વભાવને—કર્મના ઉદયના સ્વભાવને છોડતો નથી અને કર્મના ઉદયના સ્વભાવમાંથી 'હું'પણું છોડાવવા સમર્થ એવા દ્રવ્યશ્રુતનું જ્ઞાન આદિ બાહ્ય કારણો મળવા છતાં પણ તે કર્મના ઉદયને ભોગવવાનો સ્વભાવ છોડતો નથી. એ રીતે જ્યાં સુધી અજ્ઞાનીપણું છે ત્યાં સુધી તે કર્મનો ભોક્તા જ છે એવો નિયમ બતાવ્યો છે.

**વિશેષ :**—અહીં અભવ્યનું દૃષ્ટાંત લઈને જે કોઈ અજ્ઞાની જીવ છે તે જ્યાં સુધી અજ્ઞાનીપણું છોડતો નથી ત્યાં સુધી કર્મનો ભોક્તા જ છે એમ સમજાવ્યું છે. વળી અભવ્યજીવને દ્રવ્યશ્રુતનું જ્ઞાન થાય છે, 'આદિ બાહ્ય કારણો' કહેતાં વીતરાગી ગુરુનો ઉપદેશ આદિ પામે છે તોપણ સર્પની માફક, કર્મના ઉદયને ભોગવવાનો સ્વભાવ છોડતો નથી, કેમ કે તેને પરદ્રવ્યમાં હુંપણાને નહીં છોડવાની યોગ્યતા પડી છે.

### [ગાથા : ૩૨૦]

**દૃષ્ટાંત (ગાથા તથા ટીકામાંથી) :**—જેવી રીતે ચક્ષુ દૃશ્યમાન પદાર્થને દેખવા છતાં, જેમ દીવાસળી અગ્નિને કરે છે અને જેમ લોખંડનો ગોળો ઉષ્ણતાને અનુભવે છે, તેમ ચક્ષુ દૃશ્યમાન પદાર્થનું કાંઈ કરતી નથી કે દૃશ્યમાન પદાર્થનો કાંઈ અનુભવ કરતી

નથી. જો ચક્ષુ દેખવામાં આવતા પદાર્થોનું કાંઈ કરતી હોય કે કાંઈ વેદન અનુભવતી હોય તો ચક્ષુ વડે દીવાસળીની જેમ અગ્નિ પ્રગટવી જોઈએ તથા લોખંડના ગોળાની જેમ ચક્ષુને ઉષ્ણતાનું વેદન થવું જોઈએ. પરંતુ ચક્ષુ તો દેખવામાં આવતા પદાર્થોને માત્ર દેખે જ છે, તેમનું કાંઈ કરવાપણું કે વેદવાપણું ચક્ષુને નથી. એકમાત્ર દેખવાપણું જ ચક્ષુને હોય છે.

**સિદ્ધાન્ત** :—તેવી રીતે જ્ઞાન પણ જાણવામાં આવતાં પદાર્થોનો અકારક ને અવેદક છે અને તે કર્મોદયને, નિર્જરાને બંધ તેમ જ મોક્ષને માત્ર જાણે છે. જ્ઞાનનો સ્વભાવ ચક્ષુની માફક જ્ઞેયને દૂરથી માત્ર જાણવારૂપ જ છે, કરવારૂપ કે ભોગવવારૂપ ન હોવાથી અકારક ને અવેદક જ છે.

**વિશેષ** :—શ્રી જયસેનાચાર્યદેવની ટીકામાં ખૂબ વિસ્તારપૂર્વક સમજાવતા કહ્યું છે કે જેમ જ્ઞાન અકારક ને અવેદક છે તેમ શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ માત્ર અકારક અને અવેદક જ છે. કોનો?—કે જાણવામાં આવતાં કર્મોદયનો, નિર્જરા-બંધ-મોક્ષનો અકારક ને અવેદક જ છે. જેમ ક્ષાયિકજ્ઞાન અર્થાત્ કેવળીને રાગાદિનો અભાવ હોવાથી તેઓ રાગાદિના અકારક ને અવેદક જ છે તેમ જ્ઞાનપરિણત જ્ઞાની પણ રાગાદિ હોવા છતાં રાગાદિના અકારક ને અવેદક છે, માત્ર જ્ઞાતા જ છે. તેઓ કર્મોદયને, નિર્જરા-બંધ-મોક્ષને કરતા પણ નથી ને ભોગવતા પણ નથી, માત્ર જાણે જ છે.

વધુ રહસ્ય ખૂલ્લું કરતાં શ્રી જયસેનાચાર્યદેવ કહે છે કે પરમાર્થસ્વરૂપ જીવ તો ખરેખર કર્તૃત્વ-ભોક્તૃત્વથી તથા બંધ-મોક્ષના કારણથી ને બંધ-મોક્ષના પરિણામથી પણ શૂન્ય છે.

અહીં, પહેલાં ચક્ષુના દૃષ્ટાંતથી જ્ઞાનનો સ્વભાવ અકારક-અવેદક હોવાનું સમજાવે છે પછી કેવળીના દૃષ્ટાંતે ક્ષાયિકજ્ઞાન—કેવળીની જેમ જ્ઞાની રાગાદિનો–કર્મોદયનો-નિર્જરા-બંધ-મોક્ષનો અકારક-અવેદક હોવાનું સમજાવ્યું છે અને શ્રી જયસેનાચાર્યદેવે એ વાત સમજાવ્યા પછી દૃષ્ટિના વિષયભૂત પરમાર્થજીવ અકારક-અવેદક તો છે જ પણ બંધ-મોક્ષના કારણથી ને પરિણામથી પણ તે શૂન્ય છે તેમ સમજાવીને દૃષ્ટિના વિષયભૂત જીવનું સ્વરૂપ સમજાવ્યું છે કે જે "સકલ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ-પ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિક-પરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું."

પૂજ્ય ગુરુદેવશ્રીએ અમૃતચંદ્રાચાર્યદેવની આ ગાથાની ટીકાના પ્રવચનમાં કહ્યું છે કે ખરેખર તો જેમ પરમાર્થજીવ રાગાદિને-કર્મોદય-નિર્જરા-બંધ-મોક્ષને જાણે છે તેમ જાણનારની

જાણવાની પર્યાયને પણ જાણે જ છે, જાણવાની પર્યાયનો પણ જીવ કર્તા નથી, જ્ઞાતા જ છે! રાગાદિનો તો જીવ જ્ઞાતા—અકર્તા છે જ પણ જાણવાની પર્યાયનો પણ જ્ઞાતા—અકર્તા છે એવો જે જીવ તે જ તું છો!—એમ દૃષ્ટિ કર!–એમાં અહમ્‌પણું કર!

એ રીતે, ચક્ષુના દૃષ્ટાંતથી અકર્તાપણાની ચરમસીમા સુધી સંતોએ જિજ્ઞાસુને પહોંચાડી દીધા છે!

બીજી રીતે વિચારીએ તો શ્રી પરમાત્મપ્રકાશની ગાથા ૬૮મા જે કહ્યું છે કે જીવ ઊપજતો-વિણસતો નથી, બંધ-મોક્ષને કરતો નથી—એવો જીવ જિનવરદેવે જોયો છે અર્થાત્ ઉત્પાદ-વ્યય વિનાના જીવને જિનવરદેવે જીવ કહ્યો છે. તેથી તે જીવ ન તો કર્તા છે, ન ભોક્તા છે, માત્ર કર્મોદય-નિર્જરા-બંધ-મોક્ષનો જાણનાર જ્ઞાતા છે. તેવી જ રીતે જાણનાર જ્ઞાયક જાણવાની પર્યાયનો પણ કર્તા નથી, માત્ર જ્ઞાતા જ છે!—એમ જ્ઞાયકનો અદ્‌ભુત મહિમા બતાવ્યો છે.

ચક્ષુના દૃષ્ટાંતે, અકારક-અવેદક હોવાથી માત્ર જાણનાર છો એમ સમજાવ્યું ત્યાં જિજ્ઞાસુને એમ થાય કે જાણવાની પર્યાયનો કર્તા છું ને? કેમકે જાણું તો છું ને! એ રીતે રાગાદિથી માંડીને મોક્ષ સુધીનો અકર્તા કહ્યો ત્યાં જાણવાના કાર્યનો બોજો લઈને બેઠો! જાણું તો છું ને! માટે જાણવાની પર્યાયનો કર્તા છું! અરે ભાઈ! જાણવાની તે તે સમયની પર્યાય તે તે કાળે હોય જ છે તો તેને કરવી શું? જાણવાની પર્યાય પણ કરવી નથી, માટે તેનો પણ જાણનાર–અકર્તા જ છો—એમ એકલા શુદ્ધ અકર્તા જ્ઞાયકની દૃષ્ટિ કર, લક્ષ કર, તેમાં અહમ્ કર.—એમ અહીં છેક મૂળ પ્રયોજન સુધી સંતોએ પહોંચાડેલ છે.

## [ગાથા : ૩૪૯–૩૫૫]

**દૃષ્ટાંત (ગાથા તથા ટીકામાંથી) :**—જેવી રીતે શિલ્પી અર્થાત્ કોઈ કારીગર હથોડા આદિ સાધનો ગ્રહણ કરીને કુંડળ આદિ કર્મને કરે છે તેમ જ કુંડળ આદિ કર્મના ફળને ભોગવે છે, તોપણ શિલ્પી તે કુંડળ, હથોડા કે તેના ફળરૂપ કર્મ સાથે તન્મય—તે-મય થઈ જતો નથી. માટે શિલ્પીને ને કુંડળને નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી ત્યાં કર્તા-કર્મપણાનો તેમ જ ભોક્તાભોગ્યપણાનો વ્યવહાર છે.

**સિદ્ધાંત :**—તેવી રીતે આત્મા પણ પુદ્‌ગલના મન, વચન, કાયારૂપ સાધનોને ગ્રહણ કરીને તે વડે પુણ્ય-પાપરૂપ પુદ્‌ગલના પરિણામને કરે છે તેમ જ પુણ્ય-પાપરૂપ પુદ્‌ગલપરિણામના ફળરૂપ સુખદુઃખ આદિને ભોગવે છે; તોપણ ભિન્ન ભિન્ન દ્રવ્યપણાને

લીધે આત્મા પુદ્‌ગલ સાથે તન્મય—તે–મય થઈ જતો નથી. માટે આત્માને ને પુદ્‌ગલના પરિણામને નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી ત્યાં કર્તાકર્મપણાનો અને ભોક્તાભોગ્યપણાનો વ્યવહાર છે.

અહીં, આત્માને ને પુદ્‌ગલના પરિણામને નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી કર્તાકર્મપણું ને ભોક્તાભોગ્યપણું કહેવાનો વ્યવહાર હોય છે તેમ સમજાવ્યું છે.

**દૃષ્ટાંત** :—જેવી રીતે શિલ્પી, કરવાની ઇચ્છાએ વર્તતો થકો, કુંડળ આદિ કરવાના પોતાના પરિણામરૂપ અને હસ્ત આદિના વ્યાપારરૂપ પોતાના પરિણામને કરે છે અને તે ચેષ્ટારૂપ કર્મનું પોતાના પરિણામરૂપ ફળ તેને ભોગવે છે. શિલ્પીને ને તે પરિણામરૂપ કર્મ-કર્મફળને એકપણું હોવાથી તન્મય–તે-મય હોવાથી ત્યાં કર્તાકર્મપણું અને ભોકતાભોગ્યપણું નિશ્ચયથી છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે આત્મા પણ કરવાની ઇચ્છાએ વર્તતો થકો, પોતાના રાગાદિપરિણામરૂપ અને પ્રદેશોના વ્યાપારરૂપ કર્મ તેને કરે છે અને દુઃખરૂપ તે કર્મના ફળને ભોગવે છે. વળી તે આત્માને ને રાગાદિપરિણામરૂપ કર્મ તથા દુઃખરૂપ કર્મફળને એકદ્રવ્યપણાને લીધે તન્મયપણું હોવાથી ત્યાં કર્તાકર્મપણું અને ભોક્તાભોગ્યપણું નિશ્ચયથી છે.

અહીં, જીવને અને જીવમાં થતાં રાગાદિભાવને એકદ્રવ્યપણાને લીધે કર્તાકર્મપણું નિશ્ચયથી છે, તેમ જ જીવને અને દુઃખપરિણામને એકદ્રવ્યપણાને લીધે ભોક્તાભોગ્યપણું નિશ્ચયથી છે—એમ સમજાવ્યું છે. એ રીતે એક દ્રવ્યના પરિણામનો કર્તાભોક્તા અન્યદ્રવ્ય નથી પરંતુ તે દ્રવ્ય પોતે જ છે; અન્ય વસ્તુ અન્ય વસ્તુમાં પ્રવેશ પામતી જ નથી.—આવો વસ્તુનો સહજ સ્વભાવ છે તોપણ અરેરે! મોહિત જીવો, પોતાના સ્વભાવને છોડી શા માટે પરના કર્તા-ભોક્તાપણા વડે કલેશને પામતા હશે? એમ કહ્યું છે.

## [ગાથા : ૩૫૬–૩૬૫]

**દૃષ્ટાંત (ગાથા તથા ટીકામાંથી)** :—જેવી રીતે શ્વેત સ્વભાવવાળી ખડી એક દ્રવ્ય છે, તેના વડે શ્વેત કરવામાં આવતી ભીંત આદિ અન્ય દ્રવ્ય છે. ખડી પોતાના શ્વેત સ્વભાવ વડે ભીંતને શ્વેત કરે છે એમ વ્યયવહાર-કથન હોવા છતાં નિશ્ચયથી જોઈએ તો બંને દ્રવ્ય ભિન્ન-ભિન્ન હોવાથી ખડી ભીંત આદિરૂપ નથી, ખડી તો ખડી જ છે. વળી ખડી અને

શ્વેતપણું એ પણ સ્વ-સ્વામીરૂપ અંશો જ છે, પરંતુ અંશરૂપી વ્યવહારથી કાંઈ સાધ્ય નથી. માટે ખડી તો ખડી જ છે એટલો નિશ્ચય છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે જીવ છે તે જ્ઞાનસ્વભાવવાળું દ્રવ્ય છે અને પુદ્ગલાદિ પરદ્રવ્ય જીવનું જ્ઞેય છે—જ્ઞાયકનું જ્ઞેય છે. જ્ઞાયક પોતાના જ્ઞાનસ્વભાવ વડે પરદ્રવ્યોને જાણે છે એમ વ્યવહાર-કથન હોવા છતાં જીવ જ્ઞાયક અને પુદ્ગલ જ્ઞેય તે બન્ને ભિન્ન-ભિન્ન દ્રવ્યો હોવાથી જ્ઞેયરૂપ પરદ્રવ્યને જાણતો જ્ઞાયક જ્ઞેયરૂપ થતો જ નથી, જ્ઞાયક તો જ્ઞાયક જ છે એ નિશ્ચય છે. જો જ્ઞાયકનું જ્ઞેય નિશ્ચયથી પરદ્રવ્યને માનવામાં આવે તો જ્ઞાયક પરદ્રવ્યરૂપ થઈ જતાં જ્ઞાયકનો નાશ થઈ જાય, પણ એમ તો સંભવતું નથી. વળી જ્ઞાયક અને તેનો જ્ઞાનસ્વભાવ એ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે પણ સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી કાંઈ સાધ્ય નથી, માટે જ્ઞાયક તો જ્ઞાયક જ છે એ નિશ્ચય છે.

**વિશેષ** :—અહીં બહુ પ્રયોજનભૂત વાત આચાર્યદેવે સમજાવી છે કે ખડી ભીંતને સફેદ કરે છે એમ વ્યવહારે કહેવાય છે છતાં પરમાર્થથી વિચારતાં ખડી ભીંતને સ્પર્શતી જ નથી ત્યાં સફેદ કરે શી રીતે? ભીંત ભીંતમાં છે ને સફેદાય તો ખડીમય છે. ત્યાં સ્વ-સ્વામીરૂપ અંશોના ભેદનું લક્ષ છોડી દ્યો તો ખડી ખડી જ છે.

આ દૃષ્ટાંતથી એમ સમજાવાયું છે કે જ્ઞાયક પરજ્ઞેયને જાણે છે એમ વ્યવહારે કહેવાય છે તોપણ પરમાર્થે વિચારતાં જ્ઞાયક પરજ્ઞેયને જાણતો જ નથી ને! પરજ્ઞેય તો પરજ્ઞેયમાં છે ને તેને જાણતું જ્ઞાન તો જ્ઞાયકમય છે એટલે કે પરસંબંધીનું જે જ્ઞેયાકાર જ્ઞાન છે તે ખરેખર તો જ્ઞાનાકાર જ્ઞાન છે તે જ્ઞાયકનું જ જ્ઞાન છે. અર્થાત્ જ્ઞાયક પરજ્ઞેયને જાણે છે તેમ કહેવાનો વ્યવહાર હોવા છતાં ખરેખર જ્ઞાયક પરદ્રવ્યને જાણતો જ નથી. જેમ ખડી ભીંતને સફેદ કરતી જ નથી, સફેદાય તો ખડીરૂપ જ છે, તેમ પરજ્ઞેય સંબંધી જ્ઞેયાકાર જ્ઞાન પરને જાણતું જ નથી, તે જ્ઞેયાકાર જ્ઞાન વાસ્તવમાં જ્ઞાનાકાર જ્ઞાનરૂપ હોવાથી જ્ઞાયકનું જ જ્ઞાન છે અને એ બે અંશોના ભેદરૂપ વ્યવહારનું લક્ષ છોડી દ્યો તો જ્ઞાયક તો જ્ઞાયક જ છે એ નિશ્ચય છે; પરમાર્થ છે.

ખડીની સફેદાય વડે સફેદરૂપે દેખવામાં આવતી ભીંત અને સફેદાય બન્ને ભિન્ન-ભિન્ન પદાર્થો હોવાથી, સફેદાય કદી ભીંતરૂપ થતી જ નથી, સફેદાય તો હંમેશા ખડીરૂપ જ રહેલ છે. તેથી જાણકાર પુરુષોને સફેદાય દેખતાં ખડી જ જણાય છે, ભીંત નહીં. તેવી રીતે જ્ઞાન વડે જાણવામાં આવતા પરજ્ઞેયો અને જ્ઞાન બંને ભિન્ન-ભિન્ન તત્ત્વો હોવાથી, જ્ઞાન કદી

પરજ્ઞેયરૂપ થતું જ નથી. જ્ઞાન તો હંમેશા જ્ઞાયકરૂપ જ રહેલ છે. તેથી જ્ઞેયાકાર જ્ઞાનને જાણતાં તે જ્ઞાનાકાર જ્ઞાન જ્ઞાયકમય હોવાથી જ્ઞાયકની પ્રસિદ્ધિ કરતું પ્રગટ થાય છે, નહીં કે પરદ્રવ્યની પ્રસિદ્ધિ કરે છે! જેમ ઘટપટાદિ દીવાને જાહેર કરે છે તેમ જ્ઞેયાકાર કહેવાતું જ્ઞાનાકાર જ્ઞાન જ્ઞાયકને જાહેર કરે છે.

એ રીતે અહીં આચાર્યદેવે સ્પષ્ટ કર્યું છે કે આત્મા પરદ્રવ્યને જાણે છે એ વ્યવહારકથન છે, આત્મા પોતાને જાણે છે–એમ કહેવામાં પણ સ્વ-સ્વામી અંશરૂપ વ્યવહાર છે; જ્ઞાયક જ્ઞાયક જ છે એ નિશ્ચય છે.

વધુ વિચારતાં, આત્મા પોતાને જાણે છે—એમ લક્ષ કરતાં પણ ભેદ ઊભો થતાં અભેદનું લક્ષ થતું જ ન હોય ત્યાં પરને જાણું છું—એ વાતથી શું સિદ્ધિ? આત્મા પોતાને જાણે છે એટલો ભેદ પણ અભેદના લક્ષમાં બાધક છે ત્યાં હું પરને જાણું છું, પરને જાણવું એ મારો સ્વભાવ છે—એમ પરને જાણવાનો જે લોભ છે તે જીવને અભેદનું લક્ષ થવામાં સ્થૂળ બાધકપણું છે તેમ આ ગાથાઓથી સમજી શકાય છે.

વળી સફેદ ભીંતને દેખતાં ખરેખર તો ભીંત જણાઈ જ નથી, સફેદાય જ જણાય છે; તોપણ તે સફેદાયની વર્તમાન સ્થિતિ ભીંતરૂપે છે? દરવાજારૂપે છે? કે મોટરગાડીરૂપે છે? તેમ જાણવું હોય તો સફેદાય ભીંતરૂપે છે તેમ વ્યવહારકથન હોય છે. ખરેખર તો તે વખતે પણ સફેદાય ભીંતરૂપે હોતી જ નથી, સફેદાય તો ખડીરૂપ જ હોય છે, તેથી તેમ લક્ષ કરવા જતાં સફેદાયને દેખતાં ખડી જ લક્ષમાં આવે છે અને ભીંત દેખવામાં જ નથી આવતી. તેવી રીતે પરને જાણવાના કાળે ખરેખર તો પર જણાતું જ નથી, પરસંબંધી જે જ્ઞાન છે તે જ્ઞાન જ જણાય છે; તોપણ તે જ્ઞાનની વર્તમાન સ્થિતિ શું છે? જ્ઞાનનો વર્તમાન આકાર શું છે? તે જાણવું હોય તો તે જ્ઞાનને જ્ઞેયાકાર વડે કહેવાનો વ્યવહાર છે. ખરેખર તો તે વખતે પણ જ્ઞાન જ્ઞેયાકાર થયું જ નથી, જ્ઞાનાકારરૂપ જ રહ્યું થકું જ્ઞાનમય જ છે તેમ લક્ષ કરવા જતાં જ્ઞાનાકાર જ્ઞાન વડે જ્ઞાયક તરફ જ લક્ષ જાય છે. આમ, તે જ્ઞાયકને પ્રસિદ્ધ કરતું જ્ઞાનાકાર જ્ઞાન છે, નહીં કે પરને જાણતું જ્ઞેયાકાર જ્ઞાન છે! તેમ છતાં અજ્ઞાનીને જ્ઞેય-જ્ઞાયકના ભેદજ્ઞાનના અભાવને લીધે, જ્ઞેયાકાર જ્ઞાનને જાણતાં જ્ઞાનને જ્ઞેયરૂપ માનતો થકો પરજ્ઞેય જણાય છે એવી ભ્રાંતિ ઊભી થાય છે.

શ્રી કળશટીકામાં ૨૭૧મા કળશમાં પણ કહ્યું છે કે પરજ્ઞેય અને હું જ્ઞાતા એવી અનાદિની જીવને ભ્રાંતિ છે; પોતે જ જ્ઞેય, પોતે જ જ્ઞાન ને પોતે જ જ્ઞાતા છે. એ સિદ્ધાંત અહીં આચાર્યદેવે ખડીના દૃષ્ટાંતથી સમજાવ્યો છે. સફેદાઈ દેખતાં એવો ભ્રમ ન કરો કે ભીંત

દેખાય છે; સફેદાઈ દેખતાં ખડીને દેખો. તેથી પરજ્ઞેય જણાતાં એવો ભ્રમ ન કરશો કે પરને જાણું છું; પણ પરજ્ઞેય સંબંધી જે જ્ઞાનાકાર થયો તેને જાણું છું અર્થાત્ જ્ઞાનાકાર જ્ઞાન જણાય છે ને તે જ્ઞાન જ્ઞાયકનું હોવાથી જ્ઞાયક જ જણાઈ રહ્યો છે એમ લક્ષ કરો. જેમ સફેદાઈ દેખતાં સફેદાઈનું પણ લક્ષ છોડીને ખડીને દેખવાની છે તેમ પરજ્ઞેય સંબંધી જે જ્ઞાનાકાર જ્ઞાન જણાયું તેનું પણ લક્ષ છોડીને જ્ઞાયક જ જણાઈ રહ્યો છે તેમ જ્ઞાયકનું લક્ષ કરો.— આમ, હું પરને જાણું છું એવા વ્યવહારકથનનો આશ્રય છોડીને, જ્ઞાનાકાર જ્ઞાનને જાણ્યું છે એવા અંશરૂપ વ્યવહારનું લક્ષ છોડીને, જ્ઞાયક જ જણાય છે એમ જ્ઞાયકનું લક્ષ કરો એમ અદ્ભુત પ્રયોજનભૂત વાત અહીં સમજાવી છે જે પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રતાપે આત્માર્થીને લક્ષમાં આવી છે.

અનાદિથી પરજ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવના કારણે, પરજ્ઞેયને જાણવાના કાળે થતું જ્ઞાન કે જે ખરેખર જ્ઞાનાકારરૂપ હોવા છતાં અજ્ઞાની તેને જ્ઞેયાકારરૂપ માનતો થકો, જ્ઞાન પોતાના જ્ઞાનકલ્લોલને જાણે છે તેમ તે નહીં માનતો થકો, જ્ઞેયને જાણું છું તેમ અજ્ઞાનીને ભ્રમ ઊભો થાય છે. તેથી તે વાતનું અહીં ખંડન કર્યું છે કે પરજ્ઞેયને જાણવાકાળે "જ્ઞાયક પરદ્રવ્યોને જાણે છે–એમ વ્યવહારથી જ માનવામાં આવે છે, નિશ્ચયથી જ્ઞાયક તો બસ જ્ઞાયક જ છે."(—શ્લોક : ૨૧૪.)

## [ગાથા : ૩૭૨]

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે માટી ઘડારૂપે ઊપજતી થકી શું કુંભારના સ્વભાવે ઊપજે છે કે માટીના સ્વભાવે ઊપજે છે? જો કુંભારના સ્વભાવે ઊપજતી હોય તો જેને ઘડો બનાવવાની ઇચ્છા છે અને જેનો હાથ ઘડો બનાવવાના વ્યાપારમાં–ક્રિયામાં જોડાય છે એવા તે કુંભારના શરીરના આકારે ઘડો થવો જોઈએ. પરંતુ ઘડો કુંભારના શરીરના આકારે ઊપજતો નથી કારણ કે કોઈ દ્રવ્યના સ્વભાવે અન્ય કોઈ દ્રવ્યનો ઉત્પાદ થવો અશક્ય છે. આમ, માટી પોતાના સ્વભાવે ઘડારૂપ પરિણમતી હોવાથી તેમાં કુંભાર નિમિત્ત હોવા છતાં, કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહીં કેમ કે માટી કુંભારને નહીં સ્પર્શતી થકી સ્વયં ઘડારૂપ ઊપજતી થકી, પોતે જ ઘડાનો કર્તા છે, અન્ય નિમિત્તભૂત દ્રવ્યો અકિંચિત્કર છે.

**સિદ્ધાંત** :—તેવી રીતે સર્વ દ્રવ્યો પોતાના પરિણામભાવરૂપે ઊપજતા થકા જો નિમિત્તભૂત અન્ય દ્રવ્યો વડે ઊપજતા હોત તો તે સર્વ દ્રવ્યો નિમિત્તભૂત અન્ય દ્રવ્યોના

સ્વભાવે–આકારે ઊપજવા જોઈએ. પરંતુ એમ તો બનતું નથી કે કોઈ દ્રવ્ય પોતાના સ્વભાવને છોડીને નિમત્તભૂત અન્ય દ્રવ્યના સ્વભાવે ઊપજે! કારણ કે સર્વ દ્રવ્યો પોતાના સ્વભાવને નહીં ઉલ્લંઘતા થકા, અન્ય નિમિત્તભૂત દ્રવ્યોના સ્વભાવને નહીં સ્પર્શતા થકા, પોતાના સ્વભાવથી પોતાના પરિણામરૂપે ઊપજે છે. આમ હોવાથી, જીવમાં અજ્ઞાન વડે ઊપજતાં રાગ-દ્વેષ-મોહાદિ પરિણામનો કર્તા જીવ સ્વયં હોવાથી, નિમિત્તભૂત પરદ્રવ્યો પર કોપ શી રીતે કરીયે!–કે કર્મ મને રખડાવે છે કે કુદેવ-કુગુરુ મને રખડાવે છે! જીવ પોતાના અજ્ઞાનભાવે રખડી રહ્યો છે તેમાં નિમિત્તભૂત અન્ય દ્રવ્યો અકિંચિત્કર છે.

**વિશેષ** :—અહીં, કોઈ અજ્ઞાની એમ માનતો હોય કે મારો સ્વભાવ તો વીતરાગ સ્વરૂપ છે પરંતુ કર્મો મને રાગાદિરૂપ પરિણમાવે છે તો તે વાતનું ખંડન કર્યું છે.

બીજી રીતે વિચારીએ તો, કુદેવાદિ મને મિથ્યાત્વરૂપ પરિણમાવે છે એમ માનનારો જૈનસિદ્ધાંતની બહાર છે—જૈનમતની બહાર છે; કેમ કે પોતાના પરિણામનો કર્તા અન્ય દ્રવ્ય હોવાનું તેની માન્યતા છે. તેવી જ રીતે વીતરાગી પરમદેવ-ગુરુ મને સમ્યક્ત્વરૂપ પરિણમાવશે–એવી જેને અંદરમાં ઊંડે ઊંડે પણ જો માન્યતા છે તો તે પણ વીતરાગમાર્ગની બહાર જ છે; જેમ કોઈ સૂર્યકીર્તિનો જયજયકાર ૪-૪ ફૂટ ઊંચે કુદીને બોલે પણ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત નિશ્ચયમોક્ષમાર્ગના મૂળભૂત સિદ્ધાંતને તો સ્વીકારે નહીં તો તે ગુરુદેવના મતની બહાર છે તેમ. વળી વીતરાગી દેવ-ગુરુ મને તારી દેશે એવી માન્યતા કુદેવ-દેવલાને માનવા જેટલી જ નુકશાનકર્તા છે એવી દૃઢતા જ્યાં સુધી થશે નહીં ત્યાં સુધી વીતરાગી દેવ-ગુરુમાંથી લાભબુદ્ધિ છૂટશે નહીં; અને પરદ્રવ્યમાં લાભ-નુકશાનબુદ્ધિ જ સંસારભ્રમણનું કારણ હોવાથી, સંસાર તરવામાં નિમિત્તભૂત વીતરાગી દેવ-ગુરુને તે અજ્ઞાની જીવ સંસારભ્રમણમાં નિમિત્ત બનાવે છે!

## [ગાથા : ૩૭૩-૩૮૨]

**દૃષ્ટાંત (ટીકામાંથી)** :—જેવી રીતે દેવદત્ત નામનો પુરુષ યજ્ઞદત્ત નામના પુરુષને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ ઘટપટાદિ બાહ્યપદાર્થો દીવાને તે પદાર્થોને પ્રકાશવાના કાર્યમાં જોડતા નથી કે 'તુ મને પ્રકાશ'. વળી, જેમ લોહચુંબકથી ખેંચાઈને લોખંડની સોઈ પોતાનું સ્થાન છોડી લોહચુંબક પાસે જાય છે તેમ દીવો કાંઈ પોતાનું સ્થાન છોડીને તે ઘટપટાદિ બાહ્યપદાર્થોને પ્રકાશવા જતો નથી. પરંતુ દીવો તો જેમ તે ઘટપટાદિ બાહ્યપદાર્થોની અસમીપતામાં પણ પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે તેમ તે ઘટપટાદિ બાહ્યપદાર્થોની

સમીપતામાં પણ પોતાના સ્વરૂપથી જ પ્રકાશવામાં સમર્થ છે એવા દીવામાં, મનોહર કે અમનોહર ઘટપટાદિ બાહ્યપદાર્થો જરાય વિક્રિયા ઉત્પન્ન કરતા નથી.

**સિદ્ધાંત** :—તેવી રીતે, જેમ દેવદત્ત યજ્ઞદત્તને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ જગતના બાહ્યપદાર્થો—શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ તથા ગુણ ને દ્રવ્ય—કાંઈ આત્માને સ્વજ્ઞાનમાં—શબ્દ આદિને જાણવાના કાર્યમાં—જોડતાં નથી કે 'તું મને જાણ'. વળી, લોહચુંબકથી ખેંચાયેલી સોય પોતાના સ્થાનથી ચ્યુત થઈને લોહચુંબક પાસે જાય છે તેમ આત્મા કાંઈ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તે શબ્દ આદિ બાહ્યપદાર્થોને ગ્રહવા-જાણવા જતો નથી. પરંતુ આત્મા જેમ શબ્દાદિ બાહ્યપદાર્થોની અસમીપતામાં પણ પોતાના સ્વરૂપથી તેને જાણે છે તેમ તે પદાર્થની સમીપતામાં પણ પોતાના સ્વરૂપથી જ તેને જાણે છે. આમ, પોતાના સ્વરૂપથી જ જાણતા એવા આત્માને જગતના મનોહર કે અમનોહર શબ્દ-રૂપ-ગંધ આદિ પદાર્થો જરાય વિક્રિયા ઉત્પન્ન કરતા નથી.

આ રીતે, જેમ જગતના બાહ્યપદાર્થોને પોતાના સ્વરૂપથી જ પ્રકાશતો દીવો તે પદાર્થો પ્રત્યે સદાય ઉદાસીન છે તેમ જગતના બાહ્યપદાર્થોને—શબ્દ, રૂપ, ગંધ આદિને પોતાના સ્વરૂપથી જ જાણતો એવો આત્મા તે શબ્દાદિ પ્રત્યે સદાય ઉદાસીન—સંબંધ વગરનો તટસ્થ છે—એવી વસ્તુસ્થિતિ છે તોપણ અરેરે! શબ્દ આદિને જાણતા ઉદાસીન રહેવાને બદલે જીવ રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે તે અજ્ઞાનનો જ મહિમા છે!

**વિશેષ** :—બહુ પ્રકારના નિંદાના કે પ્રશંસાના વચનોરૂપે પુદ્‌ગલો પરિણમે છે ત્યાં અજ્ઞાની જીવ 'મને કહ્યું' એમ માનીને ક્રોધ કરે છે કે ખુશ થાય છે. પરંતુ નિંદા કે પ્રશંસાના શબ્દો કાંઈ તેને એમ કહેતાં નથી કે 'તું મને સાંભળ' અને આત્મા પણ પોતાના સ્વરૂપને છોડીને શબ્દોને ગ્રહણ કરવા પણ જતો નથી. તો હે અજ્ઞાની જીવ! શબ્દોએ તને કાંઈ કહ્યુ નથી છતાં તું તેને સારા-નરસા માનીને શા માટે રાગ-દ્વેષ કરે છો? તેવી રીતે રૂપ નથી કહેતું કે હે જીવ તું મને જો; ગંધ કહેતી નથી કે તું મને સૂંઘ; રસ કહેતો નથી કે તું મને ચાખ; સ્પર્શ કહેતો નથી કે તું મને સ્પર્શ, ગુણ કે દ્રવ્ય કહેતા નથી કે તું મને જાણ, છતાં પણ જીવ તેને ગ્રહવાનું મન કરીને સારા-નરસા માનતો થકો રાગ-દ્વેષ આદિ કરે છે તે અજ્ઞાનનું જ માહાત્મ્ય છે! માટે હે જીવ તે અજ્ઞાનને છોડ! છોડ!

## પરિશિષ્ટ

અંતમાં, કળિકાળસર્વજ્ઞ આચાર્ય શ્રી કુંદકુંદદેવ દ્વારા રચિત, જગતના અદ્વૈત ચક્ષુ સમાન, પરમ અધ્યાત્મગ્રંથાધિરાજ સમયપ્રાભૃતની આત્મખ્યાતિ નામની સંસ્કૃત ટીકાની પૂર્ણતા કરતાં ટીકાકાર આચાર્ય અમૃતચંદ્રદેવ અંતિમ કળશ ૨૭૮ દ્વારા પોતાની અંતર્મુખી પરિણતિનું જોર જાહેર કરતાં કહે છે કે હે ભવ્ય શ્રોતાઓ! આ ટીકાની રચના એકલા પુદ્ગલ–શબ્દોનું કાર્ય જાણજો; આ કાર્યમાં સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરીને અકિંચિત્કર માનજો! વ્યવહારથી એમ કહી શકાય કે અહીં આચાર્યદેવ નિરાભિમાનતા વ્યક્ત કરે છે! તોપણ ભાઈ! આખી ટીકામાં ઠેરઠેર "વર્ણાદિથી માંડીને ગુણસ્થાનાંતભાવો"ને પુદ્ગલનું કાર્ય હોવાનું સમજાવનાર સ્વયં શું આ શબ્દ-રચનાને કે તે સંબંધીના વિકલ્પને પોતાનું કાર્ય માનીને નિરાભિમાનતા વ્યક્ત કરતા હશે! કોઈ કાર્ય સંબંધી નિરાભિમાનતા તો ત્યારે વ્યક્ત કરી શકાય કે જ્યારે તે કાર્ય પોતે કર્યાનો સ્વીકાર વર્તતો હોય! માટે હે શ્રોતા! આ ઉત્કૃષ્ટ રચનાના કર્તા અમૃતચંદ્રસૂરિ હતા એવું લાંછન અમને ના લગાડતો ! એમ કહીને શ્રોતાને કહે છે કે તું પણ પરદ્રવ્યના કોઈપણ કાર્યમાં 'હું નિમિત્ત તો હતો ને !'—એમ ક્યારેય કર્તાપણાના મિથ્યાત્વનું પોષણ ન કરતો.

ખરેખર તો તેઓએ આખી ટીકામાં જેને પુદ્ગલનું કાર્ય કહેલ છે તેના ઉપર અહીં કળશ ચઢાવ્યો છે કે અમે તમને જે સમજાવી ગયા તે વિષયનું અમને એટલું જોર વર્તે છે કે અમને આ રચનામાં અને તે સંબંધી વિકલ્પમાં એકલા પુદ્ગલનું જ કર્તૃત્વ જણાય છે; અને એવું જાણતાં છતાં અમે તો અમારા સ્વરૂપમાં જ ગુપ્ત છીએ અને હે ભવ્યોત્તમ શ્રોતાજનો! આ રચનાના કર્તા શબ્દબ્રહ્મનું જે વાચ્ય છે એવા આત્મબ્રહ્મને ઓળખીને તમે પણ સ્વરૂપગુપ્ત પરમાત્મા બની જાઓ!—એવા મંગલ આશીર્વાદપૂર્વક આત્મખ્યાતિની પૂર્ણતા કરેલ છે.



# એક ચિંતન : ક્રમબદ્ધ અને પુરુષાર્થ

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! ગુરુને નમું હું.

**''જીવની જેવી ભવિતવ્યતા (એટલે કે પર્યાયની ક્રમબદ્ધતા) હોય છે તેવી જ તેની બુદ્ધિ થાય છે અને તે વ્યવસાય અર્થાત્ પુરુષાર્થ પણ તેવો જ કરે છે અને સહાયક કે નિમિત્ત પણ તેવા જ મળી જાય છે.''**—આચાર્ય અકલંકદેવ, અષ્ટસહસ્રી

(તાત્પર્ય : જીવનો પુરુષાર્થ જીવની બુદ્ધિ અનુસાર હોય છે અને જીવની બુદ્ધિ પર્યાયની ક્રમબદ્ધતા અનુસાર જ હોય છે. એ રીતે જીવની બુદ્ધિ અને પુરુષાર્થ કદી પણ પર્યાયની ક્રમબદ્ધતાને ઉલ્લંઘતા ન હોવાથી જીવના ધાર્યા પ્રમાણે—ભાવના પ્રમાણે કરવામાં આવતો સઘળોય પુરુષાર્થ જીવ પોતાની ક્રમબદ્ધતા અનુસાર જ કરે છે–કરી શકે છે; પરંતુ પોતાના પુરુષાર્થ અનુસાર ક્રમબદ્ધતા કરી શકતો નથી.)

**ક્રમબદ્ધ અને પુરુષાર્થ!—આ પરસ્પર વિરોધાભાસી લાગતા શબ્દો, જો પૂજ્ય ગુરુદેવશ્રીને સર્વાંગપણે સમર્પિત બુદ્ધિ વડે વિચારવામાં આવે તો ક્રમબદ્ધના કોયડાની ગૂંચ ઉકલી જતાં, ક્રમબદ્ધના સ્વીકારનું જ નામ પુરુષાર્થ છે તેમ સમજાતાં, આ બે શબ્દોમાં ક્યાંય વિરોધાભાસીપણું દેખાશે નહીં.**

પૂજ્ય ગુરુદેવશ્રી ક્રમબદ્ધનો મહિમા ગાતા થાકતા ન હતા; શા માટે? ક્રમબદ્ધમાં અકર્તાપણાનો પ્રધાન ધ્વનિ પ્રગટે છે, જ્યારે પુરુષાર્થમાં અનાદિની કર્તૃત્વબુદ્ધિવશ કર્તાપણાનો પ્રધાન ધ્વનિ પ્રગટે છે. જેમ માતા અને પિતાની પત્ની બન્ને એક જ વાત હોવા છતાં, માતા શબ્દમાં માતૃત્વનો ભાવ–પૂજ્યપણાનો ભાવ પ્રધાનપણે સમજાય છે; જ્યારે પિતાની પત્ની શબ્દમાં સંસારવર્ધક સંબંધની જાહેરાતનો ભાવ મુખ્યપણે ફલિત થાય છે; ત્યાં પૂજ્યપણાની મુખ્યતાનો ભાવ પ્રગટ થતો નથી. એક જ વાત દર્શાવતા આ બન્ને શબ્દોના અર્થ દેખીતી રીતે તો વિરોધાભાસી ન લાગવા છતાં, કહેનાર અને સાંભળનાર સાંસારિક

જીવ હોવાથી, બન્ને જીવોને માતા શબ્દમાં માતૃત્વનો ભાવ આવે છે ને પિતાની પત્નીમાં પત્નીત્વની ગંધ ભાસે છે; વીતરાગી સંતોને તો બન્ને શબ્દોમાં માત્ર સ્ત્રીપણું જ જણાય છે. તેવી રીતે ક્રમબદ્ધ અને પુરુષાર્થ શબ્દોનું તાત્પર્ય જ્ઞાતાદૃષ્ટા થવાનું જ હોવાથી, બન્ને સમાન પ્રયોજન-પ્રેરક શબ્દો હોવા છતાં, અનાદિથી માત્ર કર્તૃત્વ જ જેના ભાવભાસનમાં રહ્યું છે તેવા અજ્ઞાની જીવને—સાંભળનારને પુરુષાર્થ શબ્દ વડે કર્તૃત્વપણું જ મુખ્યપણે લક્ષગત્ થાય છે, પરંતુ ક્રમબદ્ધ શબ્દ વડે તેનાથી ઉલટું અકર્તાપણું જ લક્ષગત્ થાય છે; જ્યારે કહેનાર જ્ઞાનીને તો બન્નેમાં જ્ઞાતાદૃષ્ટાપણું જ પ્રતિભાસિત થાય છે.

આ વાત ઉપરથી એક વાત તો એ સિદ્ધ થઈ કે પૂજ્ય ગુરુદેવશ્રી ક્રમબદ્ધની પ્રરૂપણા વિશેષ કરે ને પૂજ્ય બહેનશ્રી પુરુષાર્થની પ્રરૂપણા વિશેષ કરે તો બન્ને જ્ઞાનીઓનો તો જ્ઞાતાદૃષ્ટા થઈ જવાનો જ સમાન ઉપદેશ છે એટલે કે કહેનાર જ્ઞાનીઓને કોઈ શબ્દથી કાંઈ ફેર પડતો નથી. પરંતુ સાંભળનાર મુમુક્ષુને જો કાંઈ ફેર પડતો હોય તો તેણે પોતે ફેર મટાડવો રહ્યો!

હવે રહી વાત કહેનાર એવા વક્તાઓની પ્રરૂપણાની—કે જેઓ હજુ સમ્યક્ત્વ પામ્યા નથી. અર્થાત્ તેઓની પ્રરૂપણા સાંભળનાર શ્રોતાએ પોતે પોતાના માટે સૂક્ષ્મતાથી વિચાર-મંથન કરવું રહ્યું કે કઈ જાતની પ્રરૂપણાને અનુસારવાથી પોતાની પરિણામધારા કઈ તરફ જાય તેવી છે. દા.ત. પોતે જેવો પુરુષાર્થ કરે તે પ્રકારની જ પર્યાયની ક્રમબદ્ધતા હોય છે અને જે પ્રકારની પર્યાયની ક્રમબદ્ધતા હોય છે તેવો જ પોતાનો પુરુષાર્થ હોય છે—તેમ કોઈ કહે. આ બન્ને વાત દેખીતી રીતે "આ બાપનો આ દીકરો છે" અથવા તો "આ દીકરાનો આ બાપ છે"—એવા સમાન ભાવ જેવું જ લાગે. પણ સૂક્ષ્મતાથી વિચારીએ તો, જેમ 'આ બાપનો આ દીકરો' તે વાક્યમાં બાપુજીની મુખ્યતા પ્રગટે છે અને બીજા વાક્યમાં પુત્રની મુખ્યતા પ્રગટે છે. તેવી રીતે "પુરુષાર્થ કરે" તે પ્રકારની જ પર્યાયની ક્રમબદ્ધતા હોય છે તેમાં 'પુરુષાર્થ કરે' શબ્દમાં કર્તૃત્વનું જ ઊંડે ઊંડે ઘૂંટણ થાય છે. પોતે પુરુષાર્થ કરે તેવી પર્યાયની ક્રમબદ્ધતા કહેતાં ક્રમબદ્ધતા સાવ પાંગળી હોય—મહત્વ જ ન હોય અને હું પુરુષાર્થપૂર્વક ધારું તેમ કરી શકું છું તેવો કર્તાપણાનો અહંકાર ભાવ જ ઘૂંટાય છે; જ્યારે બીજા વાક્યમાં—જે પ્રકારની ક્રમબદ્ધતા હોય છે તેવો જ પોતાનો પુરુષાર્થ "હોય" છે—આ વાક્યમાં, પુરુષાર્થ હોય છે—'હોય' છે પણ 'કરે' છે તેમ વજન ન હોવાથી, અકર્તાપણાનો ભાવ ઘૂંટાય છે; ક્રમબદ્ધતા હોય તેવો પુરુષાર્થ હોય—તે શબ્દમાં 'રીમોટ-કંટ્રોલ' ક્રમબદ્ધના પક્ષમાં રહે છે તેથી પોતે અકર્તા-જ્ઞાયક જ છે પર્યાયનો, અરે! પુરુષાર્થનો પણ કર્તા નથી કેમકે ક્રમબદ્ધતા અનુસાર પુરુષાર્થ હોય છે—હોય જ છે, કરવો પણ પડતો નથી!

પહેલાં વાક્યમાં રીમોટ "પુરુષાર્થ કરે છે"–તેના પક્ષમાં હોવાથી કર્તાપણું ઘૂંટાય છે અને એ વાત વધુ રુચે પણ છે કારણ કે અનાદિથી કર્તૃત્વ જ પોષ્યું છે ને!

કરવું અને હોવું—આ બે વાતના સ્વીકારમાં એકમાં કર્તાપણાની મીઠાશ છે અને બીજામાં અકર્તાપણાની મીઠાશ છે અને જેને જેમાં મીઠાશ રુચે તેને જ તે પોષે છે. પોતાને અકર્તાપણું રુચે છે કે કર્તાપણું રુચે છે એ તો પોતે વિચારવું. માટે પુરુષાર્થ કરે તે પ્રકારની પર્યાયની ક્રમબદ્ધતા હોય છે—એવી પ્રરૂપણા જ્ઞાયક લક્ષગત્ કરવાની ભાવનાવાળાએ અનુસરવી યોગ્ય નથી, કેમ કે તેમાં ક્રમબદ્ધ નિર્બળ હોય તેવી પ્રરૂપણા છે.

શ્રી સમયસાર ગાથા–૩૨૦ (પ્રવચન નં. ૩૮૮) મા તો પૂજ્યશ્રીએ કહ્યું કે **જે જે કાળે જે પર્યાય હોય છે તેને તે તે કાળે જ્ઞાન જાણે છે, જાણવું એ જ પુરુષાર્થ.** મોક્ષને પણ જાણે, મોક્ષને કરે નહીં! અરે! જાણવાની પર્યાયને પણ કરે નહીં!—આટલી હદે તો કર્તૃત્વનો નિષેધ કરે ત્યારે પરિણમનની ધારા જ્ઞાતા તરફ ઢળે છે.

સામાન્ય રીતે પ્રશ્ન થાય કે સમજીને પુરુષાર્થ ઉપર વજન આપીએ તો!–કેમકે ક્રમબદ્ધતા હોવા છતાં ક્રમબદ્ધમાં શું છે તેની તો આપણને ખબર નથી...આના ઉત્તરમાં પહેલાં એક કથાને યાદ કરી લઈએ. મૈના સુંદરીને પુણ્યની અડગ શ્રદ્ધા હતી અને તેના પિતાને પોતાના પુરુષાર્થની ખૂબ શ્રદ્ધા હતી. શરૂઆતમાં તો એમ જ લાગે કે રાજાએ "ધાર્યું તેમ કર્યું" પણ આખી કથા પૂરી થતાં ખુદ રાજાને પણ પોતાની ભૂલ સમજાઈ...મૈના સુંદરીને તેના પિતાએ કોઢવાળા રાજા સાથે પરણાવી એટલું તો પિતાએ ધાર્યું કર્યું ને!–કે ના, મૈના સુંદરી ખૂબ સુંદર હતી અને તેનો પતિ જે કોઢવાળો હતો તે જ નિશ્ચિત હતો. પરંતુ જો મૈનાએ પુણ્યની શ્રદ્ધાની જાહેરાત ન કરી હોત તો! તો પિતાએ બીજો જ સુંદર રાજકુમાર શોધ્યો હોત ને! પરંતુ કોઢીયા વરનું જ જમાઈ બનવાનું ક્રમબદ્ધ હતું તેથી પુરુષાર્થના બહાને પિતા–રાજાને છેતરીને ક્રમબદ્ધ અનુસાર કોઢીયો જમાઈ પસંદ કરાવ્યો. કોણે પસંદ કરાવ્યો? કે ક્રમબદ્ધતાએ પુરુષાર્થના અહંકાર દ્વારા કોઢીયાને જ પસંદ કરાવ્યો. એ કથાને ક્રમબદ્ધતા અને પુરુષાર્થ એ બેના સંદર્ભમાં વિચારતાં સમજાશે કે પુણ્યની શ્રદ્ધાવાળી મૈનાને ભલે પોતાના ક્રમબદ્ધમાં કોણ વર છે તે ખબર ન હતી, તેમ છતાં ક્રમબદ્ધતા પોતે એટલી જોરદાર છે કે પુરુષાર્થે તેના અનુસારે જ પરિણમવું પડ્યું. બીજી રીતે કહીએ તો ક્રમબદ્ધતાએ પુરુષાર્થના અહંકાર દ્વારા ક્રમબદ્ધ અનુસાર જ પુરુષાર્થ કરાવ્યો. પુરુષાર્થ અનુસાર ક્રમબદ્ધતા થતી નથી પણ ક્રમબદ્ધતા અનુસાર પુરુષાર્થ પરિણમતો હોય છે. હા, એટલું ખરું કે મૈના સુંદરીનો વર કોણ નિશ્ચિત છે તેવું નહીં જાણતો અહંકારી પિતા 'પોતે

ધાર્યું કર્યું ને!'—એવો અહંકાર પોષી શકે છે પણ વાસ્તવિકતા એ છે કે ક્રમબદ્ધતાએ અહંકારી પાસે ક્રમબદ્ધ અનુસાર કરાવ્યું છે.

**તાત્પર્ય એ છે કે પોતાના ક્રમમાં શું છે એ તો હું જાણતો નથી માટે હું તો પુરુષાર્થ દ્વારા સાધના કરું ને! એમ માનનારનું પરિણમન પણ ખરેખર તો ક્રમબદ્ધતાનું જ સંચાલન હોય છે**—મૈના સુંદરીના પિતાના દૃષ્ટાંતે. માટે, પોતાની ક્રમબદ્ધતા શું છે એવું નહીં જાણવા છતાં પરિણમનધારા જ્ઞાતા–જ્ઞાયક તરફ ઢળે તે માટે એટલો તો દૃઢ નિર્ણય હોવો જ જોઈએ કે મારા દરેક સમયના પુરુષાર્થનું સંચાલકબળ ક્રમબદ્ધતા જ છે. આમ, ક્રમબદ્ધતાનું આધિપત્ય–અધિકારપણું નિર્ણયમાં આવતાં પુરુષાર્થનું સહજ પરિણમન જ્ઞાતા તરફનું જ હશે; પુરુષાર્થ કરવો નહીં પડે પણ ક્રમબદ્ધતાના આધિપત્યમાં પુરુષાર્થનું પરિણમન સવળું જ હશે.

કોઈ માનશે કે "કોઈપણ પર્યાય તેની ક્રમબદ્ધતા અનુસાર જ પ્રગટતી હોવા છતાં તે પુરુષાર્થ વગર હોતી નથી ને તેથી પુરુષાર્થને જ આધિન હોય છે. કોઈપણ પર્યાયનું સંચાલકબળ અને નિશ્ચયકારણ પોતાનો સ્વાધીન પુરુષાર્થ જ છે..." આ વાતમાં લાગે એમ કે ક્રમબદ્ધતા સ્વીકારી તો છે! પણ ના, ક્રમબદ્ધતા નિર્બળ પ્રેક્ષક છે ને પુરુષાર્થ સબળ સંચાલકબળ છે—એવી માન્યતા પ્રગટ કરી છે જે તદ્દન ઉલટી વાત છે. જેમ નિમિત્તની હાજરી જરૂર હોય પણ ઉપાદાન જ નિશ્ચયકારણ ને સંચાલકબળ છે તેની જેમ ક્રમબદ્ધતા હોય છે (નિમિત્તની જેમ નિર્માલ્ય–નિર્બળ!) પણ પુરષાર્થ જ સંચાલકબળ છે (ઉપાદાનની જેમ!)—આમ કહીને પોતાને એવું લાગે છે કે ક્રમબદ્ધતા ભલે હો (કેમકે ના પાડું તો સર્વજ્ઞને નથી માનતો!) પણ પુરુષાર્થપૂર્વક હું ધારું તેમ કરું છું, કરી શકું છું, પરિણતિનો દોર મારા હાથમાં છે, ધારું તેમ પુરષાર્થ વડે પરિણતિ કરી શકું છું! ભાઈ! ભાવનાના જોરમાં તથા ઉપદેશભાષામાં કહેવાય ખરું; પરંતુ જો ધારું તેમ પુરુષાર્થ વડે પરિણતિ કરી શકાતી હોત તો મુનિદીક્ષા ગ્રહણ કરીને અંતર્મુહૂર્તમાં બધા મોક્ષે! મુનિધર્મની હયાતી જ ન હોત!—વાસ્તવિકતા એ છે કે ક્ષપકશ્રેણિનો પુરુષાર્થ ઉપાડવાની ભાવના હોવા છતાં ક્ષપક કે ઉપશમ કઈ શ્રેણિએ ચઢશે તે તો ક્રમબદ્ધતાને જ આધીન છે; અરે! કેવા પ્રકારનો કેટલો પુરુષાર્થ ઉપડવો તે પણ ક્રમબદ્ધતાને જ આધીન છે. અરે! સ્થૂળ શુભ ને અશુભ ભાવ પણ તારી ભાવના પ્રમાણે–ધાર્યા પ્રમાણે નથી થતાં ત્યાં...! અરે! તારો પુરુષાર્થ પણ તેના કાળક્રમથી વહેલો કે અધિક ઉપડતો નથી ત્યાં ધારું તેમ શું કરી શકે!!

—તો શું ક્રમબદ્ધ સામું જોઈને બેસી રહેવું ને!

અરે ભાઈ! ક્રમબદ્ધતા એક મહાન સંચાલકબળ તો છે જ પણ તે એટલું બધું વ્યવસ્થિત છે કે તારે "પુરુષાર્થ તો કરું ને!"—એટલી પણ ઓછપ, અધૂરાશ કે અવ્યવસ્થાનો અવકાશ રહેતો નથી એવો હું કોઈ આશ્ચર્યકારી મહિમાવંત પરિપૂર્ણ જ્ઞાયક છું એવો વિશ્વાસ, એ ક્રમબદ્ધતાની દૃઢતામાં ઘૂંટાતા ઘૂંટાતા તારી ભાવના ફળીભૂત થઈ જશે. ક્રમબદ્ધતાની દૃઢતાને પર્યાયના ક્રમ સામે જોવાનો પણ અવકાશ નથી, **ક્રમબદ્ધતાની દૃઢતા અકર્તાપણાને ઘૂંટાવતી ઘૂંટાવતી જ્ઞાયકના ભાવભાસન સુધી પહોંચાડીને જ રહે છે.**

બાકી, રોગ આવે ત્યારે દવા કરે કે ડૉક્ટર માટે દોડાદોડી કરે એટલે ક્રમબદ્ધતાનો વિશ્વાસ નથી એવું ન મનાય. કેમકે વિકલ્પનું કાર્ય અને અંદર શ્રદ્ધાના પ્રયત્નનું કાર્ય જુદું જુદું જ હોય; જો રોગ આવે ત્યારે દવા માટે વિકલ્પો કરે તો ક્રમબદ્ધતા બેઠી નથી એમ કહીએ તો દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યેના શુભભાવમાં જોડાય તેણે શુભ ને અશુભ સમાન માન્યા નથી એમ માનવું પડશે ને! તેઓ પ્રત્યેની ભક્તિવાળો પરદ્રવ્યથી લાભ થતો નથી એમ માનતો નહીં હોય ને! અરે ભાઈ! વિકલ્પના ચાળા—નાટકને શ્રદ્ધાના અંતરના પ્રયત્ન સાથે ગૂંચવાય નહીં.

દુઃખદ આશ્ચર્ય તો એ વાતનું છે કે પૂજ્ય ગુરુદેવશ્રીએ છેલ્લા કેટલાક વર્ષો ક્રમબદ્ધપર્યાય માટે ઢોલનગારા પીટીપીટીને જાણે કે શંખનાદ ફૂંક્યો હતો તેની સામે આજે પુરુષાર્થ....પુરુષાર્થ...કરી કરીને શું સિદ્ધ કરવું છે? ક્રમબદ્ધતા એ તો દરેક દ્રવ્યના દરેક ગુણની દરેક પર્યાયની વ્યવસ્થા શું હોય છે તે દર્શાવે છે. તો પછી વીર્યગુણની વર્તમાન પર્યાયની—પુરુષાર્થની વ્યવસ્થા શું છે?— કે અનાદિ સમયથી અને અનંત સમય સુધીની પુરુષાર્થપર્યાય વ્યવસ્થિત—નિશ્ચિત જ છે; બસ! તો પછી પુરુષાર્થ કરું કરું એ પ્રશ્નને સ્થાન જ ક્યાં છે? પોતપોતાના સ્વ-અવસરે પ્રગટ થતી તે તે પર્યાય છે જ; તે તે સમયે તે તે પર્યાય છે જ તો તારે કરું કરું ક્યાં રહ્યું?—એમ ક્રમબદ્ધતા દર્શાવે છે.

પરંતુ જિજ્ઞાસુને જિજ્ઞાસુભૂમિકાનુસાર ભાવના ખૂબ પ્રવર્તતી હોય છે કે ક્યારે સમ્યક્ત્વ પામું! ક્યારે મુનિદશા લઉં...વિગેરે પુરુષાર્થની ભાવના ખૂબ હોય છે અને તેવા જિજ્ઞાસુઓને ઉપદેશભાષામાં કહેવામાં પણ આવે કે પુરુષાર્થ કર...પુરુષાર્થ વડે તું અંદરમાં ધારે તેમ કરી શકે છો માટે પુરુષાર્થ કર...પરંતુ આ ઉપદેશભાષાને જીવ સિદ્ધાંત માની બેસતા, ફરીથી કર્તૃત્વની ચુંગલમાં જ ફસાઈ જઈને, મારે કાંઈ કરવાનું બાકી નથી એવો હું સદાય પરિપૂર્ણ જ્ઞાતાદૃષ્ટાસ્વભાવી જ્ઞાયક જ છું—એ મહાન સત્યનો તેને અંતરથી સ્વીકાર આવવાને બદલે, મારામાં કાંઈક અધૂરાશ છે, અપૂર્ણતા છે, ઓછપ છે માટે પૂરણતા પ્રગટ

કરું—એમ શ્રદ્ધામાં ઘૂંટાયા કરવાથી, હું વર્તમાનમાં જ પરમાત્મા છું એ વાત શ્રદ્ધામાં આવતી જ નથી. એ રીતે ભાવનાના જોરમાં, જિજ્ઞાસુ હોવા છતાં, પરિપૂર્ણતાના ભાવભાસનના પ્રયત્નને બદલે અધૂરાશને—પામરતાને જ સ્વીકારતો થકો, "પુરુષાર્થ કરવો જોઈએ" તેવા ઉપદેશવાક્યને ઓળંગી જવાને બદલે તેમાં ઊભો રહી જઈને, કર્તૃત્વના અનાદિના સંસ્કારને જ ઘૂંટતો રહે છે. તેથી જ પૂજ્ય ગુરુદેવશ્રીએ અદ્‌ભુત એવા ક્રમબદ્ધપર્યાયનો સિંહનાદ કરીને આપણને "મૈં વર્તમાનમેં હી ભગવાન હૂઁ, ભગવાન હોના ભી ક્યા!"—એવું ભાવભાસન કરાવ્યું છે— ભાવભાસનની કાર્યપદ્ધતિ સમજાવી છે.

**પુરુષાર્થ અનુસાર ક્રમબદ્ધતા હોય છે—તેમ વિચારીએ તો ત્યાં પ્રશ્ન એમ થાય કે પુરુષાર્થ તો વર્તમાન સમયે પ્રગટતી અવસ્થા છે અને ક્રમબદ્ધતા તો અનંતકાળ પહેલાંથી દરેક પર્યાયની નિશ્ચિતતા દર્શાવે છે. તો પછી જે પર્યાયની અનંતકાળ પહેલાંથી નિશ્ચિતતા છે તે પર્યાય વર્તમાન પ્રગટ થતી પુરુષાર્થપર્યાય અનુસાર હોય? કે નિશ્ચિતતા અનુસાર વર્તમાન પ્રગટતી પર્યાય હોય! જો વર્તમાન પ્રગટતી પર્યાય અનુસાર ક્રમબદ્ધતા થતી હોય તો ક્રમબદ્ધતામાં નિશ્ચિતતા જ ન રહી! તો ક્રમબદ્ધતા અનંતકાળથી નિશ્ચિતતાને દર્શાવનાર ન રહેતાં એકલી અનિશ્ચિતતા—અવ્યવસ્થિતતા જ રહેશે. માટે, પોતે ક્રમબદ્ધતામાં આગામી પર્યાયો કેવી–કેવી હશે તે જાણતો ન હોવાથી, પોતાના પુરુષાર્થ અનુસાર ક્રમબદ્ધતા થતી હોય છે એવો ભ્રમ ઊપજવા છતાં, જે અનાદિ–અનંત પર્યાયોની નિશ્ચિતક્રમરૂપ વ્યવસ્થા—ક્રમબદ્ધતા છે તે વર્તમાન નવી પ્રગટતી દશા અનુસાર થઈ ન શકે પરંતુ ક્રમબદ્ધતા અનુસાર જ નવી પ્રગટતી દશા હોઈ શકે એ નિઃસંદેહ વાત છે.**

ક્રમબદ્ધતા અનુસાર પુરુષાર્થ હોય છે એમ સ્વીકારીએ તો પુરુષાર્થ સાવ લંગડો—નિર્માલ્ય—નિર્બળ થઈ જશે તેમ ડર લાગે છે, કારણ કે **પુરુષાર્થની ગહન પરિભાષાને કહાનગુરુ પ્રતિ સમર્પિત ભાવના વિના સમજવી દુષ્કર હોવાથી,** ક્રમબદ્ધતાના જોરમાં પુરુષાર્થનું ખંડન થવાનું કલ્પી બેસાય છે. વાસ્તવિકતા એ છે કે પુરુષાર્થ એટલે અનાદિના કર્તૃત્વનો સંપૂર્ણકક્ષાએ વિધ્વંશ—કે જેમાં મિથ્યાત્વ ટાળું, સમ્યક્ત્વ કરું, પુરુષાર્થ કરું, શુદ્ધતા કરું એવા એક પણ કર્તૃત્વની ગંધ પણ રહેતી નથી (જેમ સિદ્ધને દુઃખની ગંધ પણ હોતી નથી તેમ). આટલી હદે કર્તૃત્વનો સંપૂર્ણકક્ષાએ વિધ્વંશ કરનારો પુરુષાર્થ પ્રગટે કઈ વિધિએ?—કે ક્રમબદ્ધતાની અતિ ગહનતાને પહોંચવા જતાં, હું તો સદાય સંપૂર્ણ વ્યવસ્થિત પરિપૂર્ણ જ્ઞાયકતત્ત્વ છું એવું ભાવભાસન પ્રગટ થતાં તેમાં પુરુષાર્થની વિધિ પણ આવી ગઈ ને પુરુષાર્થનું ફળ પણ આવી ગયું.

ટૂંકમાં, પુરુષાર્થ એટલે સંપૂર્ણકક્ષાએ કર્તૃત્વનો વિધ્વંશ; અને એટલી હદે અકર્તાપણાનું ભાવભાસન ત્યારે થાય કે જ્યારે ક્રમબદ્ધતાની શ્રદ્ધામાં અડગ જોર આવે—કે જેમાં એકલો અકર્તા પરિપૂર્ણ જ્ઞાયક જ છું તેમ સ્વીકાર આવે.

તેથી જ જેમ આ કાળે પૂજ્ય ગુરુદેવશ્રી એક અદ્‌ભુત અણમોલ રત્ન હતું, તેમ તેઓશ્રીના ઉપદેશનું અદ્‌ભુત અણમોલ રત્ન ક્રમબદ્ધતા છે—એમ સમજી શકાય છે.

અરે ભાઈ! જે પુણ્યશાળીના ઘરમાં—ધંધામાં—જીવનવ્યવહારમાં બધું સુવ્યવસ્થિત ચાલતું હોય તેને વ્યવસ્થિત વ્યવસ્થા કરવા સંબંધી વિકલ્પો જ ઉદ્‌ભવતા ન હોવાથી કેટલી શાંતિ—શાતા વેદાય છે! તો, હું સંપૂર્ણકક્ષાએ કર્તૃત્વના અભાવસ્વરૂપ માત્ર પરિપૂર્ણ પરમેશ્વર વર્તમાનમાં જ છું—એવો નિઃસંદેહ નિર્ણય થતાં કેવી અલૌકિક શાંતિ વેદાતી હશે તે અનુમાનથી સમજી શકાય છે અને ક્રમબદ્ધતાની ગહનતાને સમજવા જતાં એવી નિઃસંદેહતા પ્રગટી જાય છે. કોટિ વંદન હો આવા મહાન સિદ્ધાંતબોધિદાતા ગુરુવરકહાનને.

**ક્રમબદ્ધતા અને પુરુષાર્થ એક સિક્કાની બે બાજુઓ નથી. અનંત ગુણોની અનંતકાળની અનંતી પર્યાયોની વ્યવસ્થિત વ્યવસ્થાનો અકાટ્ય-અભેદ્ય સિદ્ધાંત એટલે ક્રમબદ્ધતા અને તે ક્રમબદ્ધતા અનુસાર વર્તમાન વ્યવસ્થિતપણે પ્રગટ થતી અનંતા ગુણોની વર્તમાન પર્યાયોમાંથી એક વીર્યગુણની વ્યવસ્થિત પર્યાયનું નામ છે પુરુષાર્થ.**

પોતપોતાના સ્વ-અવસરે નિશ્ચિતક્રમમાં પલટાતાં રહેવું—પ્રગટ થતાં રહેવું તેવો પર્યાયનો અનાદિસિદ્ધ સહજ સ્વભાવ હોવાથી પર્યાયને કરું, પર્યાયને ફેરવું, અરે! જ્ઞાન કરું કે શ્રદ્ધા ફેરવું—એવા કર્તૃત્વની જ્યાં કોઈ ગુંજાઈશ જ નથી ત્યાં કર્તૃત્વના આ કોલાહલ શીદને? પરિપૂર્ણતા હોય ત્યાં અધૂરાશ ન હોય અને અધૂરાશ ન હોય ત્યાં કાંઈ કરવાપણું ન હોય, તો પછી તારે પુરુષાર્થ દ્વારા કરવું છે શું? કર્તૃત્વના અભાવ વિના પરિપૂર્ણતાનું ભાવભાસન અશક્ય છે અને પરિપૂર્ણતાના સ્વીકારમાં અધૂરાશનો અભાવ હોવાથી, પુરુષાર્થ વડે કાંઈક કરું એવા કર્તૃત્વભાવનો જ અસદ્‌ભાવ વર્તે છે. માટે, ભૂમિકાનુસાર પુરુષાર્થની ભાવના હોવા છતાં, પુરુષાર્થના બહાને પરિપૂર્ણતામાં સંદેહપણું પ્રસિદ્ધ ન કરો. "મૈં વર્તમાનમેં હી પરિપૂર્ણ હૂઁ, કરના હી ક્યા હૈ"—એવી શ્રદ્ધાની દૃઢતા વધતી રહેવી તે જ કર્તવ્યરૂપ છે.

અકલંકદેવ અષ્ટસહસ્રીમાં કહે છે કે જીવની જેવી ક્રમબદ્ધતા હોય છે, પુરુષાર્થ પણ તેવો જ કરે છે. તેનો અર્થ એ થયો કે ભાઈ! તું ધારે તેવો કે તું ધારે તેટલો પુરુષાર્થ કરતો

નથી પણ તારી જે ક્રમબદ્ધતા હોય છે તેવો ને તેટલો જ તું પુરુષાર્થ કરે છો અર્થાત્ ક્રમબદ્ધતા અનુસાર જ જીવનો પુરુષાર્થ હોય છે.

તો શું જીવના અધિકારમાં કાંઈ નહીં?

અરે ભાઈ! જીવ કેવો છે એ તેં જાણ્યું છે ખરું? પહેલાં જીવના પરમાર્થ સ્વરૂપને ઓળખ તો ખરો! જીવના પરમાર્થ સ્વરૂપને ઓળખતાં, 'હું તો એક જ્ઞાયકભાવ છું'—એવો યથાર્થ નિર્ણય થતાં, અકર્તાપણું એ જ જીવનો અધિકાર છે તેમ અનુભવાશે.

કોઈ ભી પરિણામ—

લાને સે નહીં આતા, ધક્કે સે નહીં જાતા;

આનેવાલા આતા, જાનેવાલા જાતા;

યે બાત સમજનેવાલા સ્વયં ભગવાન બન જાતા.

✻ પાંચ પાંડવો ધ્યાનસ્થ હતા, ઉપસર્ગ આવી પડ્યો, ત્રણે ક્ષપકશ્રેણિ માંડી ને બે નાના ભાઈઓ ત્રણ મુનિરાજોના (-ત્રણ મોટા ભાઈઓના) શુભ વિકલ્પમાં રોકાયા. શું બે મુનિરાજને તે ખબર ન હતી કે શુભનું ફળ માત્ર સંસાર જ છે! શા માટે અંતર્મુખ થવાને બદલે વિકલ્પમાં આવ્યા! ઉપસર્ગ વખતે અંતર્મુખ થઈને ધ્યાનારૂઢ થઈને સાધના પૂર્ણ કરવાનો સુકાળ છે તેમ જાણવા છતાં શુભ વિકલ્પમાં કેમ આવ્યા!-કે ક્રમબદ્ધતા અનુસાર જ પુરુષાર્થ 'થાય' છે. પુરુષાર્થ 'કરે' છે તેમ કહેવાની ભાષા છે, ખરેખર તો 'હોય' છે.

✻ સમયે સમયે તીર્થંકરગોત્ર બાંધી રહેલાં, ક્ષાયિક સમકિતી, પોતે સ્વયં મહાવીરસ્વામીના પ્રધાનશ્રોતા હોવા છતાં, પોતાની અધોગતિના જ્ઞાતા હોવા છતાં, પુત્ર દ્વારા ઉપસર્ગના ભય વખતે વૈરાગ્યચિંતવનને બદલે આત્મહત્યાના પરિણામ કેમ?-કે ક્રમબદ્ધતા અનુસાર જ પુરુષાર્થ હોય છે.

✻ મારિચની અવદશા જાણવા છતાં, શાસન વિરુદ્ધ અધોગતિનો નવો ધર્મ શરૂ કરતાં અટકાવવા પિતા-ચક્રવર્તીએ કેમ કાંઈ ન કર્યું? લાખો જીવોને અધોગતિમાં લઈ જનારો નવો કુધર્મ શરૂ કરતાં કેમ ન અટકાવ્યા?-કે ક્રમબદ્ધતા અનુસાર જ પુરુષાર્થ હોય છે.

✻ સીમંધરસ્વામીના સમવસરણમાં પોતે ભાવિ સૂર્યકીર્તિ તીર્થંકર હોવાનું શ્રવણ કરીને વિશેષ પુરુષાર્થ કેમ ન કરી શક્યા? ભરતક્ષેત્રમાં જન્મવા યોગ્ય ઓછા શુભભાવ કેમ કર્યા? ભગવાનની વાણી અને મહા મુનિરાજોના સત્સમાગમ છતાં સ્વર્ગે જવા જેવા

શુભભાવ પણ કેમ ન કર્યા?—કે ક્રમબદ્ધતા અનુસાર જ પુરુષાર્થ હોય છે.

❋ ક્ષપકશ્રેણિ ને ઉપશમશ્રેણિ એવા બે ભેદ શું સૂચવે છે?—ક્રમબદ્ધતા અનુસાર પુરુષાર્થ હોવાથી બે ભેદ હોય છે. પુરુષાર્થપૂર્વક ધારે તેમ કરી શકાતું હોય તો ઉપશમશ્રેણિ જ ન હોત!

❋ સવારે દીક્ષા લઈને રાત્રિ પહેલાં મોક્ષે જનારા અનેક મહાપુરુષાર્થી જીવો થઈ ગયા; પરંતુ અનંતકાળમાં એક પણ એવો વિરલો પાક્યો નહીં કે જે છ માસ ને આઠ સમયમાં ૬૦૮ જીવ મોક્ષે ગયા તો પોતે મહાપુરુષાર્થ વડે ૬૦૯ મો મોક્ષને પામ્યો હોય!—આમ કેમ? કાળે રોક્યો નથી પરંતુ તેટલા કાળમાં ૬૦૮ જીવના જ ક્રમબદ્ધમાં મોક્ષને યોગ્ય પુરુષાર્થ હોય છે; તો મહાપુરુષાર્થી ૬૦૯ મો જીવ પોતાની ક્રમબદ્ધતામાં ન હોય એવો મોક્ષનો પુરુષાર્થ કરે શી રીતે?

❋ તીર્થંકરોને જન્મથી અવધિજ્ઞાન હોવા છતાં ને પોતે સાગરોપમ સ્વર્ગના સુખ ભોગવ્યા હોવાનું જાણતા હોવા છતાં પાંચ સિવાયના ૧૯ તીર્થંકરોએ લગ્ન કર્યા; તેમાંથી ત્રણે તો ૯૬ હજાર રાણીઓ કરી; અંદરમાં મુનિપણાની નિરંતર ભાવના વર્તતી હોય છે તેમ છતાં મુનિદશા લેવામાં હજારો ને લાખો વર્ષો નીકળી જાય! આદિનાથ તીર્થંકરને તો માંડ ૧ થી ૧। ટકા જેટલું આયુષ્ય બાકી રહ્યું ત્યાં સુધી રાજ્યભોગ ન છોડ્યો! કારણ શું?—કે ક્રમબદ્ધતાથી વિરુદ્ધ કે વહેલો-મોડો પુરુષાર્થ સંભવતો જ નથી. ક્રમબદ્ધતા અનુસાર જ પુરુષાર્થ હોય છે.

❋ હજારો લાખો વર્ષોના જીવન દરમ્યાન અનેક લડાઈઓમાં હજારો લાખો પશુ ને માનવોનો સંહાર દેખવા છતાં અને અંદરમાં ક્યારે અમને મુનિપણું હો! એવી ભાવના નિરંતર ઘૂંટતા રહેવા છતાં દીક્ષિત નહીં થઈ શકનારા શલાકા પુરુષો માત્ર સફેદ વાળ દેખીને, કપાળમાં કરચલી દેખીને, આકાશમાં તારો ખરતો દેખીને કે નૃત્ય કરતી નિલાંજનાનું આયુ પૂર્ણ થતું દેખીને મુનિપણું ધારણ કરી લે છે. કારણ શું? હજારો આકરા પ્રસંગોથી કે પોતાના યુવાન પુત્રો મુનિ થઈ જવા છતાં મુનિપણું ધારણ ન કરી શકનારા મહાપુરુષો સામાન્ય ક્ષણિક વિરક્તિના પ્રસંગથી મુનિપણાની ઉગ્ર વૈરાગ્યધારા ઉછાળી શક્યા. આમ કેમ?—કે ક્રમબદ્ધતા અનુસાર પુરુષાર્થ હોય છે.

❋ જીવના પરિણામની અનાદિ-અનંત સ્થિતિ દર્શાવતો એ અફર નિયમ આપણે સૌ સારી રીતે જાણીયે છીએ કે અર્ધપુદ્‌ગલપરાવર્તનથી કિંચિત્ ન્યૂનકાળ જીવને સંસારમાં રહેવાનો બાકી રહે ત્યારે જ તેને સમ્યક્ત્વ ઊપજવાને યોગ્ય પુરુષાર્થ સંભવિત હોય છે.

અર્થાત્ કાળલબ્ધિ વિના કોટિ ઉપાય કરે છતાં જીવ સમ્યક્ત્વરૂપ પરિણમનને યોગ્ય નથી એવો નિયમ છે. બીજી રીતે વિચારીયે તો અર્ધપુદ્ગલપરાવર્તનથી વિશેષ કાળ જે જીવને સંસારમાં રહેવાનું હોય છે તે જીવોની ક્રમબદ્ધતામાં સમ્યક્ત્વ-પ્રાપ્તિ-યોગ્ય પુરુષાર્થ હોતો જ નથી; હોઈ શકતો જ નથી, તો પુરુષાર્થ ઊપજે ક્યાંથી? પુરુષાર્થ કરે શી રીતે? **જીવની ક્રમબદ્ધતામાં જે સમયે પુરુષાર્થ નિશ્ચિત હોય તે સમય કરતાં વહેલો પુરુષાર્થ થવો અસંભવિત છે એવો નિયમ છે; તેથી જ કહ્યું છે કે સમ્યક્ત્વ યત્નસાધ્ય નથી, સહજરૂપ છે.**

એક પ્રશ્ન ઊઠવો સ્વાભાવિક છે કે કર્મ-નોકર્મ-ગતિ આદિમાં—બહારમાં ક્રમબદ્ધ અનુસાર લઈએ, પરંતુ પોતાના પરિણામ ઉપર પુરુષાર્થનું આધિપત્ય લઈએ તો કેમ? ભાઈ! પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃતનો એ બોલ તો આબાળ-ગોપાળ સૌને સુવિદિત જ છે કે કુદરત તારા પરિણામ સાથે બંધાયેલી છે (વચનામૃત નં. ૨૧). એટલે જો પુરુષાર્થપૂર્વક જેવા પરિણામ કરવા હોય તેવા કરે અને કુદરત અર્થાત્ કર્મની વ્યવસ્થા, નોકર્મની વ્યવસ્થા, ગતિની વ્યવસ્થા તો ક્રમબદ્ધપણે નિશ્ચિત જ છે એટલે તું પરિણામમાં ગમે તેવા ફેરફાર કરે પણ કર્મ આદિ વ્યવસ્થા તો પહેલેથી અનાદિસિદ્ધ ક્રમબદ્ધ જે છે તે જ રહેશે. આમ તારા પરિણામ અને કુદરત બંધાયેલા નહીં રહી શકે ને? અથવા તો તું તારા પરિણામમાં જેવા જેવા ફેરફાર કરે તે-પણે કુદરત બંધાયેલી હોવાથી કર્મ-નોકર્મ-ગતિ આદિની વ્યવસ્થા પણ બદલાતી રહેશે ને! તો બહારમાં ક્રમબદ્ધ ક્યાં રહ્યું? બહારમાં પણ કાંઈ નિશ્ચિત ન રહ્યું. તેથી કર્મ-નોકર્મ-ગતિ આદિ પણ અવ્યવસ્થિત અને સર્વજ્ઞનું જ્ઞાન પણ અવ્યવસ્થિત! પરંતુ તારા પરિણામ સાથે તો કુદરત બંધાયેલી છે જ અને બહારનું— કર્મ-નોકર્મ-ગતિ આદિની વ્યવસ્થા—ક્રમબદ્ધ જ છે તેથી તે વ્યવસ્થા જેનું નિમિત્તપણું પામે છે તે પરિણામ પણ ક્રમબદ્ધ જ હોઈ શકે; આમ, જીવનું પોતાના પરિણામ ઉપર આધિપત્ય હોવા છતાં, તે-તે પરિણામને વહેલા-મોડા, આઘા-પાછા આદિ કાંઈ પણ કરવાનો અવકાશ જ નથી, ગૂંજાયશ જ નથી અને લેશમાત્ર જરૂરીયાત પણ નથી જ.

ખરેખર તો, આરસના સ્થંભમાં ભૂતકાળના ને ભવિષ્યના ૨૪ તીર્થંકરોના ચિત્રો જેમ કોતરાયેલા હોય છે તેમ કેવળજ્ઞાનમાં તારા ભૂતકાળના પરિણામોની જેમ જ તારા ભવિષ્યકાળના અનંતા પરિણામો પણ કોતરાયેલા હોવાથી, તું તારા એક પણ પરિણામને પુરુષાર્થપૂર્વક ફેરવવા સમર્થ નથી. અરે! મનઃપર્યયજ્ઞાની પણ તારા મનમાં કેટલાક વર્ષો પછી ક્યા સમયે મનનો કેવો વિચાર હશે તે જાણે છે એટલે કે વર્ષો પછીના તારા મનનો વિચાર પણ નિશ્ચિત હોવાથી તું તે વિચારને વહેલો-મોડો કરવા કે ન કરવા પણ સમર્થ નથી. આમ, ક્રમબદ્ધતાની ગહનતામાં જતા તને "હું રાગનો તો અકર્તા છું જ પણ સ્વ-અવસરે

પ્રગટતી અનંતી પર્યાયોનો પણ અકર્તા હોવાથી માત્ર જ્ઞાયક જ છું"—એમ જ્ઞાયકભાવ જ દૃષ્ટિમાં તરવરવા લાગશે.

તેથી જ જ્ઞાનીઓ કહે છે કે પરિણામમેં ફેરફાર કરના મુજ ચૈતન્યખાન(ખાણ)કા સ્વભાવ નહીં હૈ. બહુ આકરી ભાષામાં કહી શકાય કે જેમ અનાદિ—સુનિશ્ચિત સ્થાને રહેલાં અસંખ્ય પ્રદેશોનો સ્વામી એવું દ્રવ્ય જેમ તે પ્રદેશોને આડા—અવળા કે આઘા—પાછા કરવા સમર્થ નથી તેમ અનાદિ—સુનિશ્ચિત ક્રમમાં બંધાયેલી એવી અનંતી પર્યાયોના ક્રમમાં ફેરફાર કરવાને—વહેલી-મોડી કરવાને ન તો દ્રવ્ય સમર્થ છે, ન તો તેનો ગુણ સમર્થ છે કે ન તો તે પર્યાય પોતે પણ સમર્થ છે! સ્વ-અવસરે પ્રગટ થવાની યોગ્યતા ધરાવતી ક્રમબદ્ધપર્યાયોના ક્રમમાં ફેરફાર કરવા સમર્થ એવો ક્યો પુરુષાર્થ હોઈ શકે? અને જો એવો કોઈ સમર્થ પુરુષાર્થ હોઈ શકે તો પરદ્રવ્યનું કાર્ય કરવામાં પણ સમર્થ એવો કોઈક પુરુષાર્થ શા માટે ન હોઈ શકે? આમ, આચાર્ય અકલંકદેવના શબ્દોની ગંભીરતા સમજી શકાય છે કે જીવની જેવી ક્રમબદ્ધતા હોય છે તેવો પુરુષાર્થ કરે છે (—થાય છે, ધાર્યા પ્રમાણે કરાતો નથી પણ થવા યોગ્ય હોય તેવો થાય છે) અને સહાયક કે નિમિત્ત પણ તેવા જ મળી જાય છે.

હવે પ્રશ્ન એમ થાય કે ક્રમબદ્ધતા અનુસાર પુરુષાર્થ થવાનો હોય તો તો જેમ શ્વેતામ્બર મત કહે છે કે કર્મ અનુસાર રાગાદિ થાય છે—તેમ આપણે ક્રમબદ્ધતા અનુસાર પુરુષાર્થ માનીયે તો શ્વેતામ્બરમતની જેમ જીવ તો લાચાર જ રહ્યો! સમ્યક્ત્વ પામવાનો કે મોક્ષ પામવાનો અધિકારી જ ન રહ્યો!! અરે ભાઈ! શ્વેતામ્બર મત તો જીવના પરિણામ ઉપર કર્મનું આધિપત્ય માને છે અને અહીં તો જીવના પરિણામના ફેરફાર માટે જીવ પણ અધિકારી નથી તેમ સમજાવીને પરિણામમાત્રના ફેરફારની દૃષ્ટિ છોડાવીને સ્વભાવના સામર્થ્યનો—જ્ઞાતાપણાનો વિશ્વાસ ઉપજાવ્યો છે. કર્તાપણાની ગુલામી છોડાવીને અકર્તાપણાની—જ્ઞાતાપણાની બાદશાહી સિદ્ધ કરી છે કે તું એવો પરિપૂર્ણ પરમેશ્વર છો કે તારે કાંઈ કરવાપણાની જરૂર પણ નથી ને અવકાશ પણ નથી. તું તો એવો આશ્ચર્યકારી અદ્ભુત જ્ઞાતાદૃષ્ટા છો કે તારે કાંઈ કરવાની તો જરૂર નથી પણ કાંઈ મેળવવાની—પામવાની પણ જરૂર નથી.... "પણ આવું સમજીને અમારે કરવાનું કાંઈ ખરું?"—કે કાંઈ નહીં કરવાનું!.... કાંઈક કરવાનું ન હોય તો ચેન ન પડે એવા અપલખણ પડી ગયા છે ને! જેમ ઉમરાળાના ભાવસારને નાકનો મેલ ચાખે નહીં ત્યાં સુધી ચેન પડતું નહીં તેમ!! ભાઈ! કરવાનું શું?—કે ક્રમબદ્ધતાના ઊંડાણ સુધી જ્ઞાનને પહોંચાડીને શ્રદ્ધામાં યથાર્થપણે અકર્તાપણાનું ભાવભાસન કરવું ઈ કરવાનું છે! જોકે તેવું ભાવભાસન થાય છે તો ક્રમબદ્ધતા અનુસાર જ. પરંતુ તારે તો સમજણ દ્વારા એ ક્રમબદ્ધતાનો વાસ્તવિક સ્વીકાર જ કરવાનો

છે; એ સિવાય કાંઈ નહીં... "પણ આવો સ્વીકાર આવતાં નિષ્ક્રિય થઈ જવાશે ને!"—હા, પર્યાયના કર્તૃત્વથી નિષ્ક્રિય થઈ જવાશે ને પરિપૂર્ણ પરમેશ્વર જ છું એવો અંદરથી વિશ્વાસ જાગ્રત થતાં ધન્યતા અનુભવાશે.

પરિણતિની ધારા પરસન્મુખ કેમ રહે છે?—કે કર્તૃત્વના બોજાને લઈને. જ્યારે પરથી માંડીને છેક પુરુષાર્થની પર્યાય સુધીના કર્તૃત્વના કોલાહલ છૂટી જશે ત્યારે પરિણતિની ધારા સહજપણે અકર્તાસ્વરૂપ જ્ઞાયકદેવની સન્મુખ થયા વિના રહેશે જ નહીં. પરિણતિ કર્તૃત્વના કોલાહલથી ખસી કે જ્ઞાયકમાં વસી! બસ, બીજું કરવું પણ છે શું?—ને બીજું જોઈએ છે પણ શું? અલમ્...અલમ્...અસ્તુ!

સ્વ-અવસરે સ્વયં કર્તા થઈને ક્રમબદ્ધતા અનુસાર સહજપણે પરિણમતિ પર્યાયની ઉદ્ધત (—કોઈના ફેરવવાથી ફરે નહીં એવી) સ્વતંત્રતાનો સ્વીકાર આવ્યા વિના દ્રવ્યની સન્મુખતા સંભવિત નથી અને એવો સ્વીકાર આવતાં પર્યાય દ્રવ્ય-સન્મુખ ઢળ્યા વિના રહેતી નથી. પર્યાય દ્રવ્ય-સન્મુખ વળવાની (—વાળવાની નહીં પણ સહજ વળવાની)—ઢળવાની આ વિધિ ને પદ્ધતિ છે.

વાહ! હું કેવો ચૈતન્યબાદશાહ કે ન તો મારે મંત્રીઓને કોઈ સૂચના આપવી પડે કે ન તો કોઈ સેવકોને સૂચના આપવી પડે! બધું જ વ્યવસ્થિત ચાલ્યા કરે ને હું રાજ્યસુખ ભોગવ્યા કરું! અર્થાત્ જેમ સ્વયં સુવ્યવસ્થિત સંચાલિત રાજ્યવ્યવસ્થામાં રાજાને ન તો કોઈ પ્રકારની આજ્ઞા કરવાની જરૂર પડે કે ન તો કોઈ સૂચના કરવાની જરૂર પડે ને રાજા માત્ર એકલા રાજ્યસુખને ભોગવ્યા કરે, તેની જેમ હું એવો ચૈતન્યબાદશાહ છું કે સુવ્યવસ્થિત સ્વયં સંચાલિત પર્યાયવ્યવસ્થામાં મારે ન તો કોઈ પ્રકારે કરવાપણાની જરૂર પડે કે ન તો કોઈ પ્રકારના ફેરફાર કરવાની જરૂર પડે, હું તો માત્ર જ્ઞાતાદૃષ્ટાપણે મારા જ્ઞાયકપણામાં જ સુસ્થિત રહું છું.

બીજી રીતે વિચારીયે તો "ઉત્પાદ-વ્યય બિનાકા આત્મા વો હી વાસ્તવિક આત્મા હૈ" અર્થાત્ "ઉત્પાદ-વ્યય વિનાના જીવને જિનવરદેવ જીવ કહે છે"—એટલે કે હું એવો જીવ છું કે જેમાં ઉત્પાદ-વ્યય નથી અને ઉત્પાદ-વ્યય ન હોવાથી એવા મને (જીવને) સવળો પુરુષાર્થ કરું—એવા પર્યાયના કર્તૃત્વની ગંધ પણ નથી તો પુરુષાર્થના કર્તૃત્વની તો વાત પણ ક્યાં રહી!! ખરેખર તો આખો સંસાર કર્તૃત્વપણાના કારણે ઊભો થયો છે—ચાહે તો પરદ્રવ્યનું કર્તૃત્વ હો કે ચાહે તો રાગનું કર્તૃત્વ હો કે ચાહે તો પુરુષાર્થ-પર્યાયનું કર્તૃત્વ હો! કર્તૃત્વમાં ઊભો છે માટે સંસાર છે; જ્ઞાતૃત્વમાં આવ્યો ત્યાં સિદ્ધત્વ છે. કહ્યું છે ને કે એક ક્ષણ પણ સિદ્ધથી જુદો પડ્યો એટલે મિથ્યાત્વમાં ગયો! કારણ કે સહજ પરિણમનશીલ પરદ્રવ્યને તારા

કર્તૃત્વની અપેક્ષા નથી, સહજ પરિણમતા રાગને તારા કર્તૃત્વની અપેક્ષા નથી ને સહજ ક્રમબદ્ધતા અનુસાર પરિણમતિ પુરુષાર્થ આદિ અનંત પર્યાયોને તારા કર્તૃત્વની જરૂર નથી છતાં તું પરાણે તેનો કર્તા થવા જાય છે તેથી કર્તા નહીં હોવા છતાં કર્તાપણાનો તને ભ્રમ ઊભો થાય છે અને તે ભ્રમનું નામ મિથ્યાત્વ છે.

અરે! જ્યાં કેવળજ્ઞાનની પર્યાયને પણ દૃષ્ટિમાં સ્થાન આપવામાં આવતું નથી ત્યાં નીચલી ભૂમિકાની પુરુષાર્થ આદિ પર્યાય તો ક્યાંય રહી! હું તો સદાય નિશ્ચલ-અચલ-ધ્રુવ ચૈતન્યચમત્કારિક મહાદેવ છું; મને કોઈ પણ પ્રકારનું કર્તૃત્વ સોંપવું-કલ્પવું તે ચક્રવર્તીને ઝાડું કાઢવાનું સોંપવા જેવું છે—એમ અંદરથી ચૈતન્યનો મહિમા ત્યારે જ ઊછળી શકે જ્યારે સંપૂર્ણકક્ષાએ અકર્તૃત્વનો સ્વીકાર આવે.

✻ ક્રમબદ્ધ સહજસ્વભાવી વસ્તુકી સ્વતંત્રતા સમજી તો જ્ઞાનકી યથાર્થતા પ્રગટી! અર્થાત્ કર્તૃત્વ છે ત્યાં સુધી અજ્ઞાનતા છે.

ક્રમબદ્ધમાં જ્ઞાયકદ્રવ્યની વિશેષતા છે. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરીને જ્ઞાયકપણું બતાવવું છે. **ક્રમબદ્ધમાં સહજ સ્વયં સુવ્યવસ્થિત પરિણમતા પુરુષાર્થનું અકર્તાપણું સમજાવીને જ્ઞાયકપણું બતાવ્યું છે.** "ભાઈ, બાપુ! વ્યવહારનયના કથનો બધાં એવા છે કે એમાં તું છેતરાઈ જતો નહીં." પૂજ્યશ્રી કહેતા કે પુરુષાર્થ કરો, પુરુષાર્થ કરશે તે તરશે, પુરુષાર્થ કરવો તે તારા હાથની વાત છે વિગેરે; એ તો ઉપદેશબોધ છે અને ક્રમબદ્ધતા એ સિદ્ધાંતબોધ છે, વસ્તુસ્થિતિ છે. **ક્રમબદ્ધતા પર્યાયની અટલ મર્યાદાને સિદ્ધ કરીને અકર્તાપણાની ચરમસીમાએ પહોંચાડનારો સિદ્ધાંતબોધ છે.** ક્રમબદ્ધતા કાંઈ એકલા પુરુષાર્થના કર્તૃત્વના ખંડન માટે જ છે એમ નથી પણ ઊંડે ઊંડે પુરુષાર્થના બહાને કર્તૃત્વ રહી જતું હોવાથી તથા જાણે કે ક્રમબદ્ધતાથી પુરુષાર્થ ઊડે છે એવો ભય લાગતો હોવાથી પુરુષાર્થ અને ક્રમબદ્ધતાની આ ચર્ચા-છણાવટ છે. બાકી તો શ્રી સમયસારમાં પ્રધાનપણે રાગને પુદ્ગલનું કાર્ય કહીને જીવને અકર્તા બતાવ્યો છે તે રાગનું અકર્તાપણું ક્રમબદ્ધતાના સિદ્ધાંત વડે પણ સારી રીતે સમજી શકાય છે. જોકે જ્ઞાયકને લક્ષગત્ કરવા માટે ક્રમબદ્ધતા કાંઈ એકમાત્ર સિદ્ધાંત નથી, દ્રવ્યદૃષ્ટિપ્રેરક કોઈપણ સિદ્ધાંતનું ભાવભાસન કરવાથી જ્ઞાયક લક્ષગત્ થઈ શકે છે. પરંતુ ક્રમબદ્ધતા એક એવો આશ્ચર્યકારી સિદ્ધાંત છે કે તેના મર્મ સુધી પહોંચતા—તેને સારી રીતે સમજતાં જીવને સહેલાઈથી અકર્તાપણાની પરાકાષ્ટા સમજી શકાય છે. વળી ધર્મપિતાના અંતઃકરણમાંથી સ્વયંસ્ફુરિત આ સિદ્ધાંત હોવાથી તેમના ઉપદેશધ્વનિનો આ પ્રધાન સૂર (TONE) હોવાથી બહુ ઊંડા ચિંતનપૂર્વક સમજવા જેવો છે.

જોકે પુરુષાર્થ અનુસાર ક્રમબદ્ધતા હોય છે—તેમ કહેવામાં દેખીતી રીતે કાંઈ દોષ લાગતો નથી પરંતુ તેમાં જાણે કે પુરુષાર્થ અનુસાર ક્રમબદ્ધતા થઈ જતી હોય, પુરુષાર્થ અનુસાર ક્રમબદ્ધતામાં ફેરફાર થઈ જતો હોય તેવો ધ્વનિ ઊઠે છે અને એ રીતે કર્તૃત્વ ઉપર જોર રહી જવાનો સ્પષ્ટ અવકાશ રહે છે. માટે પુરુષાર્થ અનુસાર ક્રમબદ્ધતાને બદલે ક્રમબદ્ધતા અનુસાર પુરુષાર્થ હોય છે તેમ કહેવું ને માનવું લાભપ્રદ છે.

જીવના ચારિત્રગુણની વિપરીત દશા એટલે રાગ. તે તે સમયે પોતાની ક્રમબદ્ધતા અનુસાર રાગ હોય છે; હોય છે તેને જીવ કરે શું? ને જે હોય છે તેને જીવ ટાળે શું? જીવ તો ક્રમબદ્ધતા અનુસાર હોતા—થતા રાગનો માત્ર જ્ઞાતા છે, કર્તા નથી! ક્રમબદ્ધતા અનુસાર તે તે કાળે થતા રાગાદિનો હું તો અકર્તા છું—જ્ઞાતા છું—એમ શ્રદ્ધામાં સ્વીકાર આવતાં રાગનું સ્વામીપણું પણ છૂટી જાય છે ને કર્તાપણું પણ છૂટી જાય છે. પછી ભલે ને ''રાગ હોતા ફિરો''—ભલેને રાગ થતો દેખાય!—પણ તે હવે અલ્પજીવી જ હશે. એ રીતે ક્રમબદ્ધતામાં જ્ઞાતાપણું બહુ સ્પષ્ટપણે તરવરે છે—ભાસે છે; માટે જ તો પૂજ્ય ગુરુદેવશ્રીએ ક્રમબદ્ધ ઉપર ખૂબ જોર આપ્યું છે.

એ વાત નિર્વિવાદ છે કે ક્રમબદ્ધતાનું ધ્યેય ક્રમબદ્ધતામાં ઊભા રહેવાનું નથી જ. ક્રમબદ્ધતાની સાચી સમજણ જીવને જ્ઞાતૃત્વ લક્ષગત્ કરાવે છે તે વિશેષતા છે.

કાળા વાળ ધોળા થવા લાગે તો આમ કેમ થયું એવી આકૂળતા થતી નથી. શા માટે?—કે અજ્ઞાનમાં પણ એટલો સત્યનો સ્વીકાર છે કે કાળા-ધોળા વાળ થવા ઉપર મારી ઈચ્છાનો કોઈ અધિકાર નથી, મારા વિકલ્પનું એ કાર્યક્ષેત્ર નથી અને તેથી આકૂળતા થતી નથી. પરંતુ જ્યાં પોતાની ઈચ્છા અનુસાર થઈ શકે છે એવું માન્યું છે ત્યાં જો ઈચ્છા મુજબ ન થાય તો આકૂળતા કરે છે. તેનો અર્થ એ કે જ્યાં જ્યાં પોતાનું કર્તાપણું માન્યું છે—જ્યાં જ્યાં પોતાનો અધિકાર માન્યો છે ત્યાં જીવને દુઃખી થવું પડે છે પણ જ્યાં પોતાનો અધિકાર માન્યો નથી ત્યાં કર્તાપણું ખડું થતું ન હોવાથી દુઃખી થવાનો પ્રસંગ જ આવતો નથી. આમ કર્તાપણાની ભ્રમણાવશ જીવ દુઃખી થઈ રહ્યો છે.

ભવિતવ્યતા આદિ પાંચે સમવાય સાથે જ હોય છે પણ તેનું કથન કોઈ એક સમવાયની મુખ્યતાથી કરાય—કોઈ વાર કાળલબ્ધિની, કોઈ વાર પુરુષાર્થની તો કોઈ વાર નિમિત્તની મુખ્યતાથી કથનો કરાય છતાં પાંચેય સમવાય સાથે જ હોય છે. ખરેખર તો કોઈ પણ કાર્ય થવામાં પાંચેય સમવાય સાથે જ હોય છે તેથી કોઈ પણ કાર્ય થવા કાળે 'સહજ પુરુષાર્થ' હોય જ છે; જેમ બીજા ચારેય સમવાય હોય છે તેમ સહજ પુરુષાર્થ પણ હોય જ છે એટલે કે કાર્ય કરવા માટે પુરુષાર્થ કરું—તેમ નહીં પણ તે તે કાર્ય વખતે તેને યોગ્ય સહજ

પુરુષાર્થ પણ હોય જ છે. ઉપદેશમાં અને શાસ્ત્રમાં કથનપદ્ધતિ તો પુરુષાર્થની મુખ્યતાથી જ આવે પરંતુ જે કાર્ય થવાનો કાળ પાક્યો ન હોય તે સમયનો પુરુષાર્થ માત્ર વિકલ્પાત્મક પુરુષાર્થ હોય છે—અયથાર્થ પુરુષાર્થ હોય છે—સહજ પુરુષાર્થ હોતો જ નથી. તેથી જે ક્રમબદ્ધતાને ગૌણ કરીને નકાર કરે છે તે વિકલ્પાત્મક પુરુષાર્થને સહજ પુરુષાર્થ માની રહ્યો છે અથવા તો પુરુષાર્થના સ્વરૂપને કે ક્રમબદ્ધના સ્વરૂપને જ ખરેખર સમજી શક્યો નથી.

જિજ્ઞાસુ ભૂમિકામાં જીવને ક્યારે સમ્યગ્દર્શન કરું, ક્યારે રાગ ટાળું, ક્યારે શુદ્ધતા પ્રગટ કરું, ક્યારે પુરુષાર્થ કરું–એવી ભાવના ન હોય તેમ તો બને જ નહીં; પરંતુ તે ભાવના અનુસાર કાર્ય થતું દેખાય નહીં ને વર્ષો વીતી જાય એટલે જીવને એમ રહ્યા કરે કે ઝટ પુરુષાર્થ કરું, ખૂબ પુરુષાર્થ કરું—આમ, કાર્ય તરફ મીટ મંડાયેલી હોવાથી, જેમાં કારણકાર્યનો અભાવ છે એવો હું સિદ્ધ પરમાત્મા જ છું એવો વિશ્વાસ દૃઢતર બનવાને બદલે, અરેરે! પુરુષાર્થ ઉપડતો નથી, કાર્ય થતું નથી–એમ અંદરમાં પામરતા... પામરતા...ઘૂંટાયા કરે છે. તેથી ''જેવા જીવો છે સિદ્ધિગત્ તેવા જીવો સંસારી છે'' અર્થાત્ હું પોતે જ પરમાત્મા છું, મારામાં ને પરમાત્મામાં ફેર છે જ ક્યાં?–એ વિશ્વાસનું જોર જ આવતું નથી. પરંતુ જીવ હતાશ થયા વિના જો સમજણ કરે કે જે આ રાગાદિ જણાય છે, જે આ પુરુષાર્થની કચાશ જણાય છે તે બધુંય ક્રમબદ્ધતા અનુસાર હોય છે અને ક્રમબદ્ધતા અનુસાર જે જે હોય છે તે તે થયા કરે છે, હું તો પરિણામમાત્રનો અકર્તા-જ્ઞાતાદ્રષ્ટા છું—એમ, જ્ઞાનમાં પહેલાં જે કર્તૃત્વબુદ્ધિથી રાગાદિ ટાળવાનું કે પુરુષાર્થ કરવાનું લક્ષ બંધાઈ જતું હતું તે હવે ક્રમબદ્ધતા અનુસાર જ બધું 'હોય' છે, મારે કાંઈ કરવાનું હોતું જ નથી, હું તો માત્ર જ્ઞાતાદૃષ્ટા સ્વભાવી જ્ઞાયક જ છું–એમ, જ્ઞાનમાં જ્ઞાતાપણાનું લક્ષ બંધાવા લાગે છે અને એ રીતે ક્રમબદ્ધતાના વિશ્વાસના જોરમાં એને જ્ઞાનમાં જ્ઞાતાપણાનું લક્ષ બંધાતા બંધાતા ભાવભાસન થઈ જાય છે.

ટૂંકમાં, જિનવાણીમાં જેનો સીધો ઉલ્લેખ નથી છતાં ધર્મપિતાએ પોતાના મંથન દ્વારા જિનવાણીના ગર્ભમાં અદૃશ્ય રહેલા સિદ્ધાંતનું સંશોધન કરીને જગત સમક્ષ મૂકેલા ક્રમબદ્ધતાના જહાજમાં બેસીને જે જિજ્ઞાસુ મુસાફરે સફર શરૂ કરી છે તે મુસાફર પોતાની મંઝિલે પહોંચશે...પહોંચશે ને પહોંચશે જ કેમ કે આ કોલકરાર સ્વયં પૂજ્ય ગુરુદેવશ્રીએ કરેલ છે.

**''ફેરફાર કરનેકી ભાવનાસે બઢકર દૂસરા કોઈ જગમેં પાપ નહીં હૈ ।''**

આખા વિશ્વને સ્હેજ પણ વિચલિત થવા દીધા વિના સંપૂર્ણપણે મર્યાદામાં બાંધી રાખનાર નિયમનું (-કાયદાનું) નામ છે : ક્રમબદ્ધતા (ક્રમબદ્ધપર્યાય) અને એ કાયદાના સ્વીકારનું નિશ્ચિત ફળ છે મોક્ષ!

બહુ ઉઘાડી ભાષામાં કહીયે તો ક્રમબદ્ધતાથી બહાર ચાહે તેમ પુરુષાર્થ કરવો જીવના અધિકારમાં નથી. પરિણામમાત્રનો જીવ માલિક જરૂર ભલે હો, પણ પરિણામમાત્રનું પરિણમન જીવના અધિકારમાં નથી. જેમ શેઠ ફેક્ટરીનો માલિક હોવાથી દરેક મશીનરીનો માલિક હોવા છતાં, મશીનરીનો ધારે તેવો ઉપયોગ કરવાનો—મશીનરીની યોગ્યતાની મર્યાદા બહારનો ધારે તેવો ઉપયોગ કરવાનો—શેઠને અધિકાર નથી. તેમ દ્રવ્ય પોતાની અનંતી પર્યાયોનો માલિક હોવા છતાં પર્યાયના પરિણમનને ધારે તેમ પરિણમાવવાનો–પરિણામની ક્રમબદ્ધતાથી બહાર ધારે તેમ પરિણમાવવાનો—જીવને અધિકાર નથી. કારણ કે જો એમ ન હોય તો કોઈ ચોથા કાળનો સમ્યગ્દૃષ્ટિ બીજા ભવે સંસારમાં હોય જ નહીં, મોક્ષે જ હોય. તેથી જ કહ્યું છે કે **પરિણામમાત્રકો પરદ્રવ્યકી માફિક હોતા દીખો, કર્તા મત દીખો.** જેવી રીતે પરદ્રવ્યના પરિણામનો જીવ કર્તા નથી તેવી રીતે ક્રમબદ્ધતા અનુસાર જ થતાં પોતાના પરિણામનો જીવ કર્તા નથી; જેમ પરદ્રવ્યનો જ્ઞાતા છે તેમ સ્વપરિણામનો જ્ઞાતા છે. સ્વચ્છંદતા પોષવા માટેની વાત નથી, વસ્તુસ્થિતિ અટલ મર્યાદાથી સુસ્થિત હોવાથી આમ જ છે. બાકી જેની ક્રમબદ્ધતામાં સ્વચ્છંદની જ યોગ્યતા હશે તે તો, 'શુભ ને અશુભમાં ભેદ પાડશે તે ઘોર સંસારમાં રખડશે,' 'પર જીવને હું મારી-જિવાડી શકતો જ નથી'–ઇત્યાદિ કોઈ પણ સિદ્ધાંત દ્વારા સ્વચ્છંદપણું પોષશે જ. માટે ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતથી સ્વચ્છંદ પોષાશે એવો ભ્રમ ઉપજાવવો વ્યાજબી નથી.

અરે! જગતના જડ પદાર્થોનું સ્થૂળ પરિણમન—વરસાદ, વાવાઝોડું, વંટોળીયો, ધરતીકંપ વિગેરે વિગેરે—જુઓ તો કેટલું સ્વયં સંચાલિત છે? છે કોઈ જડનો કર્તા? છતાં ક્યારેય ચોમાસુ પછી ઉનાળો ને પછી શિયાળો આવ્યો છે ખરો! જડનું સ્થૂળ પરિણમન પણ જ્યાં ક્રમબદ્ધતા અનુસાર પરિણમી રહ્યું છે ત્યાં જ્ઞાનસ્વરૂપી જ્ઞાયકને પરિણમનમાં કાંઈક કરવાની—ફેરવવાની ઉપાધિ હોય જ કેમ? જો જડનું પરિણમન ક્રમબદ્ધતા અનુસાર થઈ જ રહ્યું છે તો શું જીવનું પરિણમન ક્રમબદ્ધતા અનુસાર નહીં પરિણમે કે જેથી જીવે કાંઈક કરવાની જરૂરત પડે! જેમ અટલ વિશ્વ-મર્યાદા સમજતું જ્ઞાન સારાયે વિશ્વના કર્તૃત્વથી ખસી પોતાના તરફ વળ્યા વિના નહીં રહે તેમ અટલ પર્યાય-મર્યાદા સમજતું જ્ઞાન સારાયે પરિણમનના કર્તૃત્વથી ખસી જ્ઞાયક તરફ નહીં વળે તો જશે ક્યાં? ક્રમબદ્ધતા સ્વીકારતું જ્ઞાન જ્ઞાયકમાં જ ઢળી જશે અને તેનું નામ જ પુરુષાર્થ છે અથવા તો તે જ ક્રમબદ્ધના સ્વીકારનું ફળ છે.

ક્રમબદ્ધમાં માનનારો રસ્તો જોઈને ક્રોસ કરે, વહેલું-મોડું થાય તો આકુળતા કરે, બિમાર પડે તો ડોક્ટર પાસે જાય—એમ કેમ? જો ક્રમબદ્ધમાં વિશ્વાસ છે તો આંખો બંધ

કરીને રોડ ક્રોસ કરો ને? એવો પ્રશ્ન ઊઠે ખરો! ક્યારેય એવો પ્રશ્ન ઊઠે છે કે વીતરાગી દેવ-ગુરુ મારું કાંઈ હિત કરી દેતા નથી, મને તારી દેવાના નથી, છતાં હું કેમ દોડી દોડીને દેવ-ગુરુનો લાભ લેવા જઉં છું? કુદેવ-દેવલા મારું કિંચિત્ અહિત કરવા સમર્થ નથી તો ક્યારેય કુદેવને નમવા કેમ જતો નથી? હકીકત એમ છે કે શ્રદ્ધા એવી હોય કે ગુરુ મને તારી દેતા નથી અને વિકલ્પ એવો જ હોય કે ક્યારે ગુરુનો લાભ લઉં? જીવને શ્રદ્ધાનું કાર્ય શું હોઈ શકે અને વિકલ્પનું કાર્ય શું હોઈ શકે તેનો વિવેક નહીં હોવાથી ભ્રમ ઊપજે છે કે ક્રમબદ્ધની શ્રદ્ધાવાળાએ શા માટે સાવધાનીથી રોડ ક્રોસ કરવો જોઈએ? સાવધાનીનો ભાવ એ વિકલ્પનું—નિમિત્ત સંબંધી વિવેકનું—કાર્ય છે અને અંદર ક્રમબદ્ધની શ્રદ્ધાનું કાર્ય જુદું જ હોય છે. જિજ્ઞાસુ તો ઠીક, સમ્યગ્દૃષ્ટિ—ચોથા-પાંચમા ગુણસ્થાનવાળા—તેને પણ અંદર શ્રદ્ધાનું કાર્ય જુદું અને વિકલ્પનું કાર્ય જુદું! માટે વિકલ્પના કાર્ય ઉપરથી ક્રમબદ્ધતાની શ્રદ્ધાને માપી ન શકાય.

લક્ષમાં રાખવા જેવી વાત તો એ છે કે ક્રમબદ્ધતામાં ક્રમબદ્ધપરિણમનની મહત્તા નથી સમજાવવી; ક્રમબદ્ધતામાં જ્ઞાયકની વિશેષતા બતાવવી છે. ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત જીવને અકર્તાપણું સમજાવીને જ્ઞાયકપણું સમજાવે છે. ક્રમબદ્ધપર્યાયને સમજતું—સ્વીકારતું જ્ઞાન-શ્રદ્ધાનું પરિણમન અકર્તાપણાના જોરમાં જ્ઞાયક તરફ ઢળતું જતું હોવાથી ક્રમબદ્ધનું તાત્પર્ય સિદ્ધિ પામે છે, ક્રમબદ્ધનું પ્રયોજન ફળીભૂત થાય છે.

**✻ ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એ તો સર્વ આગમના મંથનનો સાર છે. આ વાત અહીંથી (પૂજ્ય ગુરુદેવશ્રીથી) બહાર આવી છે, એ પહેલાં હિન્દુસ્તાનમાં ક્યાંય ન હતી. ક્રમબદ્ધ એ પરમ સત્ય છે. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ થાય છે. આના સંસ્કાર પાડ્યા હશે તે સ્વર્ગમાં જશે ને ત્યાંથી સમકિત પામશે.**

**✻ ક્રમબદ્ધપર્યાયની જે જીવ શ્રદ્ધા કરે છે તે જીવ તો ''નજીક મુક્તિગામી'' જ હોય.....ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં દ્રવ્યની શ્રદ્ધા છે** અને દ્રવ્યની શ્રદ્ધામાં કેવળજ્ઞાનથી ઊણી દશાની પ્રતીતિ જ નથી. માટે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં કેવળજ્ઞાન જ છે.

✻ દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે. દરેક જીવ કે જડની પર્યાયનો જે જન્મક્ષણ છે તે જ સમયે તે પર્યાય ક્રમબદ્ધ થાય છે, તેને ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. આહાહા! જીવ એકલો જ્ઞાતા છે. અહીં અકર્તાપણાની ઉત્કૃષ્ટતા બતાવે છે કે ઈશ્વર જગતનો કર્તા છે એ વાત તો જૂઠી છે જ અને એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે એ પણ જૂઠું છે અને તે તે દ્રવ્ય તેની પોતાની પર્યાયને કે જે તેના જન્મક્ષણે—સ્વકાળે ક્રમબદ્ધ

થવાની છે તેને આડી-અવળી કે આઘી-પાછી કરી શકે એમ પણ નથી. જે સમયે જે પર્યાય ક્રમબદ્ધ થવાની છે તેને અન્ય નિમિત્તની અપેક્ષા તો નથી જ પણ એના દ્રવ્યની પણ અપેક્ષા નથી. આવી વસ્તુની સ્થિતિ છે.

❃ ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઊડી જાય એવો અજ્ઞાનીને ડર લાગે છે પણ ખરેખર તો ક્રમબદ્ધ માને તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. એમાં જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ માનતાં ફેરફારની દૃષ્ટિ છૂટી જાય ને સામાન્યદ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય એ જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ નક્કી કરવા જાય ત્યાં હું પરનું કરી દઉં, વ્યવહારથી નિશ્ચય થાય એ બધું ઊડી જાય ને અંદર ઠરી જવાનો રસ્તો થાય.

❃ જીવને જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય અને જે પર્યાય થાય તેનો તે ઉત્પત્તિનો કાળ છે, તે જન્મક્ષણ છે, તે કાળલબ્ધિ છે. જે પર્યાય થાય તેને વ્યયની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી ને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી, પર્યાયના ષટ્કારકો વડે તે પર્યાય સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. તેથી તારી જે સમયે જે પર્યાય થાય, બાપુ! તેનો તું કર્તા કેમ થાય છે? એક પછી એક ક્રમે અને નિશ્ચયથી (—ક્રમબદ્ધ) જે પર્યાય થવાની હોય તે જ થાય, બીજે સમયે જે પર્યાય થવાની હોય તે થાય, એમ અનાદિ અનંત ક્રમસર નિશ્ચિતપણે (—ક્રમબદ્ધ) પર્યાયો થાય છે.

**—ક્રમબદ્ધબોધિદાતા પૂજ્ય ગુરુદેવશ્રી**

નોંધ :—તો હવે કહો જોઈએ કે ક્રમબદ્ધ કઈ અપેક્ષાએ ગૌણ કરવાયોગ્ય છે? ભાવાર્થ એમ છે કે ક્રમબદ્ધ કોઈ પણ અપેક્ષાએ ગૌણ કરવાયોગ્ય નથી.

પર્યાયોના સ્વતંત્ર પરિણમનનો વિચાર કરતાં તેની પરાકાષ્ટાનો ખ્યાલ આવશે. જ્ઞાન સમ્યકરૂપ પરિણમે ત્યાં શ્રદ્ધા-ચારિત્ર આદિ અનંતી પર્યાયો પોતપોતાની યોગ્યતારૂપ અંશે સમ્યકરૂપે-શુદ્ધપણે પરિણમે છે. ત્યાં જો જ્ઞાનના સમ્યક્ત્વથી બીજા ગુણોની શુદ્ધિ થઈ તેમ માનવામાં આવે તો પ્રશ્ન થાય કે બધી પર્યાયો સમાન અંશે શુદ્ધ કેમ થતી નથી? અરે! જ્ઞાન સમ્યકરૂપે પરિણમે ત્યારે જ્ઞાન સ્વયં અંશે શુદ્ધ થાય છે-ક્ષયોપશમ આદિરૂપે અને શ્રદ્ધાની પર્યાય પૂરણ શુદ્ધરૂપે-ક્ષાયિક સમ્યગ્દર્શનરૂપે પણ પરિણમી જાય છે. અરે! જ્ઞાન સમ્યક્ત્વરૂપે પલટતાં શ્રદ્ધા અને ચારિત્ર પલટે છે અને તેમ છતાં પહેલાં શ્રદ્ધા ને પછી ચારિત્ર સંપૂર્ણ શુદ્ધપણે પરિણમે છે ને જ્ઞાન સ્વયં છેલ્લે સંપૂર્ણ શુદ્ધરૂપે પરિણમે છે!! બીજી આશ્ચર્યની વાત તો એ છે કે શ્રદ્ધા-ચારિત્ર-વીર્ય આદિ કોઈ ગુણમાં જાણવાની શક્તિ નથી તો તેને કેમ ખબર પડી કે જ્ઞાન સમ્યક્ત્વ થયું માટે હું પણ અંશે શુદ્ધરૂપે પરિણમી જાઉં!! એટલે એનો અર્થ એ થયો કે પર્યાયોના સ્વતંત્ર પરિણમનની કોઈ ગહન ગંભીરતા છે કે જ્ઞાન

સાથે બધા ગુણોનું પરિણમન નિયમબદ્ધ પરિણમવા છતાં જ્ઞાનગુણ કે જ્ઞાનપર્યાય તેના નિયામક કે સંચાલક નથી. અનંતી પર્યાયો સ્વતંત્રરૂપ તે તે કાળે પરિણમવાની સહજ યોગ્યતા ધરાવે છે, તેમને કોઈના હોવાપણાની—કારણપણાની જરૂર જ નથી!

આ જ ગંભીરતાને પુરુષાર્થના સંદર્ભથી વિચારીયે તો :—વીર્યગુણનું પરિણમન એટલે પુરુષાર્થ. એ પુરુષાર્થની પર્યાય વડે શ્રદ્ધા ગુણ, જ્ઞાન ગુણ, ચારિત્ર ગુણ આદિ પરિણમે છે કે દરેક પર્યાય સ્વતંત્ર યોગ્યતાથી પરિણમે છે! જ્ઞાન સમ્યક થતાં બીજા ગુણો સમ્યક્પણે થતાં હોવાથી કદાચિત્ સમ્યગ્દર્શનમાં જ્ઞાનને કારણ કહો તો કહો; પણ પુરુષાર્થની પર્યાય તો સ્વયં જ્ઞાનના સમ્યક્ત્વથી 'સવળો પુરુષાર્થ' એવું નામ પામે છે—એવું પરિણમન પામે છે. વળી સમ્યક્ત્વ અને પુરુષાર્થ બન્નેનો એક જ કાળ હોવાથી પુરુષાર્થ વડે સમ્યગ્દર્શન પામ્યો વિગેરે કથન કરવાની શાસ્ત્રમાં પદ્ધતિ છે તોપણ પુરુષાર્થ કરું—એવા કથન કરતાં, સમજણ કરું એ કથન વધુ વજનીય ગણી શકાય; કારણ કે (૧) જ્ઞાનના સમ્યક્પણાથી બીજા ગુણો સુલટે છે—શુદ્ધરૂપે પરિણમે છે. માટે જ્ઞાન કરું અર્થાત્ સમજણ કરું એ કથન વધુ વજનીય છે. (૨) સમજણ કરું અને પુરુષાર્થ કરું—એ બે શબ્દપ્રયોગમાં સમજણ કરું શબ્દમાં સમજણ ઉપર જોર જવાથી કર્તૃત્વભાવ પોષાતો નથી, જ્યારે પુરુષાર્થ કરું—એ શબ્દમાં કરું ઉપર જોર જવાથી કર્તૃત્વભાવ અવ્યક્તપણે પણ પોષાવાની શક્યતા પ્રબળ રહે છે. જોકે પુરુષાર્થ એ પણ પોતાની જ પર્યાય છે માટે તેનો નિષેધ ન જ હોય, માત્ર પુરુષાર્થના નામે કર્તૃત્વ ન પોષાય તે માટે આ વિચારણીય છે, નહીં કે પુરુષાર્થના નિષેધ માટે.

જેમ રોગ અનેક પ્રકારના હોય, ખાવાની દવા અનેક પ્રકારની હોય પણ બધી દવા મોઢેથી લેવાય...દવા ખાવાનો માર્ગ એક જ! તેમ મિથ્યાત્વને ટાળવાનો માર્ગ-મુખ-સમજણ એક જ! શું?—કે સમજ દ્વારા સમજનું સ્વરૂપ સમજવું એટલે કે સમજ-જ્ઞાન દ્વારા ક્રમબદ્ધતા અનુસાર પરિણમતા પરિણમનના જ્ઞાતા એવા જ્ઞાયકદ્રવ્યને સમજવો એટલે કે તેમાં જ અહમ્પણું કરવું—આટલું જ કરવાનું છે.

સહજ સ્વયં પલટનશીલ પર્યાયના પરિણમનને ન તો નિમિત્તની અપેક્ષા છે, ન તો સ્વદ્રવ્ય-ગુણની અપેક્ષા છે કે ન તો બીજા ગુણોની પર્યાયની અપેક્ષા છે કે ન તો પૂર્વપર્યાયની અપેક્ષા છે! એટલે કે શ્રદ્ધાગુણની સમ્યક્ત્વરૂપ પર્યાયના પરિણમનને ન તો દર્શનમોહનીયકર્મના ઉપશમની અપેક્ષા છે, ન તો પોતાના દ્રવ્ય-ગુણની અપેક્ષા છે કે ન તો વીર્યગુણની પુરુષાર્થપર્યાયની અપેક્ષા છે કે ન મિથ્યાત્વપર્યાયના વ્યયની અપેક્ષા છે, અર્થાત્ **ક્રમબદ્ધતા અનુસાર પરિણમતા પરિણમનનું સંચાલકબળ સ્વયં તે પર્યાય પોતે જ છે. આવો, પર્યાયના આશ્ચર્યકારી સામર્થ્યનો—સ્વતંત્રતાનો સ્વીકાર આવશે ત્યારે જ દ્રવ્યના**

**આશ્ચર્યકારી સામર્થ્યનો સ્વીકાર આવશે. માટે જ પંડિત આશાધરજીએ કહ્યું છે કે જો કદી સદ્ગુરુના ઉપદેશ દ્વારા જિનશાસનના રહસ્યને તમે બરાબર નક્કી કર્યું હોય–નિશ્ચય કર્યો હોય–સમજ્યા હો–તો ''હું કરું છું'' તેવા અહંકારપૂર્ણ કર્તૃત્વની ભાવનાનો ત્યાગ કરો અને 'ભગવતી ભવિતવ્યતાનો' આશ્રય કરો.**

એક વિચાર એમ આવ્યો કે સારાય વિશ્વની એટલી અટલ સુવ્યવસ્થિત વ્યવસ્થા છે કે અન્યમતના જીવોને તો ઈશ્વરકર્તા વિના આટલી વ્યવસ્થિત વ્યવસ્થા અશક્ય જ લાગે! જો વિશ્વમાં કોઈ વ્યવસ્થિત વ્યવસ્થા ન હોત તો કોઈ ઈશ્વરકર્તાવાદ સંભવિત જ ન હોત! તેમ વીતરાગ માર્ગ પામ્યા પછી જીવે જોયું કે શરીરથી માંડીને વિશ્વના કોઈ કાર્યનો હું કિંચિત્‌માત્ર કર્તા હોઈ જ ન શકું, કારણ કે ભિન્ન ભિન્ન દ્રવ્યોની ભિન્નતા તો જ સંભવે. પરંતુ જેમ અટલ સુવ્યવસ્થિત વિશ્વ-વ્યવસ્થાના કારણે ઈશ્વરકર્તાવાદ પેદા થયો તેમ અટલ સુવ્યવસ્થિત પર્યાય અને પર્યાયફળ-વ્યવસ્થાના કારણે અંદરમાં કર્તૃત્વવાદ પેદા થયો અને તેને રૂડું નામ આપ્યું પુરુષાર્થ!–જેવા ભાવ કરવા ધારે તેવા થતા દેખાય–અનુભવાય! ટી.વી. છોડીને સ્વાધ્યાયનો ભાવ કરે તો થાય! સ્વાધ્યાય છોડીને જમવાનો ભાવ કરે તો થાય! જેવા ભાવ ફેરવવા માગે તેવા ભાવ થાય! એમાં કોઈને પૂછવા જવું પડે તેમ નથી...અનુભવગોચર આ વાત છે. એ રીતે પરિણમનની વ્યવસ્થા પોતાના અધિકારમાં હોવાનો વિશ્વાસ ઊપજતાં અંદરમાં કર્તૃત્વવાદ પેદા થયો! અને તેને કર્તાવાદી થવું નહીં હોવાથી હું પુરુષાર્થવાદી છું એવા ભ્રમથી સંતુષ્ટ થયો! કેવળી-શ્રુતકેવળીના શરણમાં ઉગ્ર પુરુષાર્થ કરે ને ક્ષાયિક સમ્યગ્દર્શન ન થાય એમ બને ખરું? સાતમે ગુણસ્થાને અંતર્મુહૂર્ત નિર્વિકલ્પતાનો પુરુષાર્થ કરે ને શ્રેણિ ન માંડે એવું બને ખરું? ઈત્યાદિ પરિણમનફળ પણ સુવ્યવસ્થિત! આમ, પરિણમન અને પરિણમનફળની સુવ્યવસ્થિત વ્યવસ્થા જીવના ધાર્યા પ્રમાણે થતી દેખાતા પોતે બની ગયો પુરુષાર્થવાદી! આમ અટલ સુવ્યવસ્થિત વ્યવસ્થાએ ખડો કર્યો કાં તો કર્તાવાદ (ઈશ્વરકર્તા) ને કાં તો પુરુષાર્થવાદ!!... તો હવે કરવું શું!!

**સૌ પ્રથમ તો પોતાની બુદ્ધિ અલ્પ છે અને અકારણ કરુણાસાગર પૂજ્ય ગુરુદેવશ્રી સીધા સ્વર્ગે જતાં પહેલાં અહીં થતાં ગયા હોવાથી, તેઓશ્રીના ભાવપ્રધાન સિદ્ધાંતબોધ પ્રત્યે સમર્પિતબુદ્ધિ તૈયાર કરવી; જેથી, આચાર્યોના કથનોની પેલે પાર છૂપાયેલાં ગૂઢ મર્મને તેઓશ્રીએ સમજાવ્યા તે ભાવોમાં આપણને અંદરથી જ સર્વાંગીય હકાર આવે, શ્રદ્ધા ઊપજે.** તે ભાવપ્રધાનદૃષ્ટિની મુખ્યતા રાખતા શીખીને પછી સ્વતંત્રપણે—કોઈ વક્તામાં દોરવાયા વિના—વિચારમંથનથી નિર્ણય કરવો. આમ કરવાથી સમજાશે કે જો હું જ્યારે જેવો શુભભાવ કરવા ધારું તેવો ભાવ થતો જ હોય તો હું

જીવનનિર્વાહ સિવાયનો અશુભભાવ ક્યારેય થવા જ કેમ દઉં? અને આમ તીવ્ર અશુભભાવનો વિશ્વમાં અભાવ સર્જાતા નરકાદિ ગતિ પણ ન હોત! અરે! હું શુદ્ધભાવથી ઓછું—શુભભાવ પણ—થવા જ ન દઉં ને!—એ રીતે પુરુષાર્થપૂર્વક બધાય ધારે તેમ શુદ્ધતા જ કરત તો સ્વર્ગાદિ ગતિ પણ ન હોત! કેવળી—શ્રુતકેવળીના શરણમાં તીવ્ર પુરુષાર્થ કરે ને ક્ષાયિક સમ્યગ્દર્શન થયા વિના ન રહે તે વાત બધા જ સમ્યગ્દષ્ટિને ખબર હોવા છતાં બધા સમ્યગ્દષ્ટિ ક્ષાયિક સમ્યગ્દર્શન કાં નહીં પામતા હોય! તેવી જ રીતે બધા મુનિઓ કાં ક્ષપકશ્રેણિએ આરુઢ થતા નહીં હોય!! ભાઈ! આ તો શરીરના સેંકડો કાર્યો પોતાની ઈચ્છા પ્રમાણે થતાં દેખીને કર્તાપણાનો ભ્રમ ઊપજે છે પણ એ નથી વિચારતો કે નાડીના ધબકારા જેવું મહેનત વિનાનું કાર્ય મારા અધિકારમાં કેમ નથી!! જેમ ઈચ્છાનો કાળ અને શરીરના કાર્યનો કાળ એક દેખી કર્તાપણાનો ભ્રમ ઊપજે છે તેમ જિજ્ઞાસુને પોતાની ભાવના અનુસાર પરિણમન દેખાતાં, ભાવનાનો કાળ અને અંદર પરિણતિનો કાળ એક જ હોવાથી જાણે પોતે ધારે તેમ પોતાના પરિણામ ફેરવી શકે છે એવો ભ્રમ ઊપજે છે. જો તે એમ નક્કી કરે કે જેમ અગ્નિનું પરિણમન અને પાણીમાં ઉષ્ણપણાના પરિણમનનો એક કાળ હોવા છતાં બન્ને સ્વતંત્રપણે પરિણમી રહ્યા છે તેમ વીર્યગુણની પર્યાયનો પુરુષાર્થનો કાળ અને સમ્યક્ત્વ આદિ પરિણમનનો એક જ કાળ હોવા છતાં દરેક ગુણની પર્યાયનું સ્વતંત્રપણે પરિણમન પરિણમી રહ્યું છે ત્યાં હું પુરુષાર્થ કરું કે પુરુષાર્થ વડે ધારું તેમ કરું ઈત્યાદિને કોઈ અવકાશ જ ક્યાં છે?—એમ કર્તૃત્વપણું મંદ પડતું જાય અને આવો ચમત્કારિક ચૈતન્યપદાર્થ હું છું એવો અંદરમાં વિશ્વાસ ને મહિમા આવવા લાગે.—એ રીતે વિધિનો જે ક્રમ છે તે માર્ગનું ગ્રહણ થતાં ગુરુકહાનની અસીમ કરુણા સફળતાને પામશે.

કેવું આશ્ચર્ય! જેમ સમ્યગ્દર્શન થવામાં પણ ભગવાન આત્મા કારણ અને મિથ્યાદર્શનમાં પણ ભગવાન આત્મા કારણ (ભગવાન આત્મા જેવો છે તેવી પ્રતીતિ વડે સમ્યગ્દર્શન થાય છે અને ભગવાન આત્મા જેવો નથી તેવી પ્રતીતિ વડે મિથ્યાત્વ થાય છે; એ રીતે બન્નેમાં કારણરૂપ એ ભગવાન આત્મા જ છે ને?), તેમ ઈશ્વરકર્તાવાદ ખડો થવામાં પણ અટલ સુવ્યવસ્થિત વિશ્વવ્યવસ્થા કારણ અને પુરુષાર્થવાદ (કર્તાવાદ) ખડો થવામાં પણ અટલ સુવ્યવસ્થિત પરિણમન-વ્યવસ્થા કારણ!! અને જો જીવ એ અટલ સુવ્યવસ્થિત પરિણમન-વ્યવસ્થાના ઊંડાણનો તાગ પામે તો જ્ઞાયકવાદ ખડો થવામાં પણ તે જ કારણ!!!

"અહા! જુઓ તો ખરા! ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં કેટલી ગંભીરતા છે! દ્રવ્યની પર્યાય પરથી ફરે છે એ તો વાત છે જ નહીં પણ દ્રવ્ય પોતે પોતાની પર્યાયને આડીઅવળી ફેરવવા માંગે તોય ફરે નહીં. જેમ ત્રિકાળી દ્રવ્ય પલટીને બીજારૂપે થતું નથી તેમ તેનો એકેય

સમયનો અંશ-પરિણામ પણ પલટીને બીજા અંશરૂપે થતો નથી.'' —પૂજ્ય ગુરુદેવશ્રી

''પુરુષાર્થ કરું...જ્ઞાન કરું...—યહ અભિપ્રાય ભી હટા દે. તું વર્તમાનમેં હી પુરુષાર્થકી ખાન હૈ.'' —પૂજ્ય સોગાનીજી

''જીવનો પર્યાય સ્વકાળે સ્વતંત્ર પરિણમે છે અને એ ક્રમબદ્ધ જ છે એવો નિર્ણય કરે તે અકર્તા થાય અને અકર્તા થયો તે જ પુરુષાર્થ છે.'' —પૂજ્ય ગુરુદેવશ્રી

વિશ્વમર્યાદા એટલે સ્વપર-પરિણમનની મર્યાદા.

અટલ વિશ્વમર્યાદા એટલે ક્રમબદ્ધતા.

અટલ વિશ્વમમર્યાદાનો સ્વીકાર એટલે ક્રમબદ્ધતાનો સ્વીકાર.

જે 'સમજ' અટલ વિશ્વમર્યાદાનો સ્વીકાર કરે તે 'સમજ'નું બીજું નામ છે પુરુષાર્થ.

* ક્રમબદ્ધનું મૂળ સર્વજ્ઞ છે અર્થાત્ સર્વજ્ઞતા વિના ક્રમબદ્ધતા સિદ્ધ થતી નથી. તેથી ક્રમબદ્ધતાનો સ્વીકાર આવશે કોને?—કે જેના જ્ઞાનમાં સર્વજ્ઞનો સ્વીકાર આવશે તેને હું પણ સર્વજ્ઞસ્વભાવી છું એવા વિશ્વાસના જોરમાં હું સર્વજ્ઞસ્વભાવી હોવાથી જ્ઞાતાપણું સમજાતાં ક્રમબદ્ધતાનો સ્વીકાર આવે છે. પુરુષાર્થ કરું...કરું...એમ પર્યાયના જોરવાળાને કર્તૃત્વભાવના જોરમાં હું જ્ઞાતા છું—એવા વિશ્વાસનું જોર નહીં આવવાથી ક્રમબદ્ધતાને સ્વીકારવામાં સ્વચ્છંદતાનો ભય ઊપજે છે.

* ચોથા ગુણસ્થાનવાળા દરેક સમકિતીને ઉગ્ર પુરુષાર્થની ભાવના હોય છે, પુરુષાર્થ ઉગ્ર નહીં થઈ શકવાનો ખેદ પણ હોય છે કે અરે! ક્યારે વિશેષ પુરુષાર્થ કરું! ...તેમ છતાં તેઓ દુઃખી દુઃખી નથી થઈ જતા; કારણ શું?—કે તેઓ સહજ પુરુષાર્થની પરિભાષા સમજતા હોવાથી દુઃખી દુઃખી નથી થઈ જતાં.

* જો જ્ઞાની એમ જ એકાંતે માનતા હોત કે ધારું તેમ પુરુષાર્થથી કરી શકું, તો સમ્યગ્દૃષ્ટિ સ્ત્રીને કે નરકે જનારા ક્ષાયિક સમકિતીને કેટલી આકૂળતા થતી હોત કે હું ધાર્યા પ્રમાણે પુરુષાર્થ કરી શકું છતાં મુનિદશાને યોગ્ય અંદરમાં પરિણતિ મને કેમ થતી નથી?

* જે પરિણતિ થવા યોગ્ય નથી તેને કરવી કે જે પરિણતિ મોડી થવા યોગ્ય છે તેને વહેલી કરવી તેનું નામ પુરુષાર્થ નથી, તે તો માત્ર કર્તૃત્વ જ છે; પરંતુ જ્ઞાનમાં જ્ઞાતાપણું વર્તવું કે પરિણામમાત્ર ક્રમબદ્ધતા અનુસાર થયા કરે છે હું તો માત્ર જ્ઞાયક જ છું—એમ જ્ઞાનમાં જ્ઞાતાપણું વર્તવું, ટકવું ને વૃદ્ધિગત્ થવું તેનું નામ પુરુષાર્થ છે અને પુરુષાર્થની આવી

સમજણવાળાને વિશ્વથી માંડીને પરિણામમાત્રમાં કર્તૃત્વપણું ભાસતું જ નથી, જ્ઞાતાપણું જ વર્તે છે.

❀ અનાદિથી નિગોદમાં રહેલો જીવ ત્યાંથી નીકળી મમુલો-બેઈન્દ્રિય થઈ મનુષ્ય થઈને મોક્ષે જતો રહે છે. ત્યાં એવો ભ્રમ પડી જાય છે કે મનુષ્ય થઈને કેવો ઉગ્ર પુરુષાર્થ કરી લીધો એટલે બીજા મુનિઓ કરતાં વહેલો મોક્ષે જતો રહ્યો! પણ ભાઈ! નિગોદમાંથી બહાર નીકળવા તેણે ક્યો પુરુષાર્થ કરેલો? બે–ઈન્દ્રિયમાંથી ચક્રવર્તીના પુત્ર થવામાં શું પુરુષાર્થ કરેલો?–કે **યોગ્યતા સર્વત્ર શરણમ્!**–એ દ્રવ્યની સહજ એવી જ યોગ્યતાથી એમ થયું. તો આ જ સિદ્ધાંત મનુષ્ય થયા પછી કેમ નથી લગાડતો; મનુષ્ય થયો એટલે જાણે પુરુષાર્થથી ઝટ મોક્ષ સાધી લીધો!! પુરુષાર્થ હોય જ; પુરુષાર્થનો નિષેધ નથી પણ પુરુષાર્થની સાથે રહેલ 'યોગ્યતા સર્વત્ર શરણમ્'–સહજ અકર્તાપણાની મુખ્યતા કેમ સમજાતી નથી?– કે પુરુષાર્થના નામે કાંઈક કરી લેવાની લાલસા હજુ છૂટી નથી ને! એટલે.

❀ આવા કાળે આવા મહાન ગુરુ મળ્યા, વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુ મળ્યા ને જીવ જો પુરુષાર્થ નહીં કરે તો કરશે શું? માટે જીવે પુરુષાર્થ કરવો જ જોઈએ, પરંતુ એ પુરુષાર્થ અકર્તૃત્વમાં બેસીને કરવામાં આવે છે; કર્તૃત્વમાં ઊભો રહે છે તે તો અવળો પુરુષાર્થ છે, કારણ કે અકર્તાપણાનું જોર દ્રવ્યદૃષ્ટિ સાધે છે માટે તે સવળો પુરુષાર્થ છે અને કર્તાપણાનું જોર પર્યાયદૃષ્ટિ સાધે છે માટે તે અવળો પુરુષાર્થ છે.

❀ ક્રમબદ્ધ અને પુરુષાર્થ સંબંધી આટલી વિચારણા શા માટે?–કે પૂજ્ય બહેનશ્રી સૌ પ્રથમ પોતાને સમકિત થયાની વાત કહેવા પૂજ્ય ગુરુદેવશ્રી પાસે ગયા ત્યારે પૂજ્ય બહેનશ્રીનું પૂજ્ય ગુરુદેવશ્રી સમક્ષ પહેલું વાક્ય નીકળ્યું "આત્મા અકર્તા થઈ ગયો; કર્તૃત્વ છૂટી ગયું ને જ્ઞાતા થઈ ગયો." ખરેખર તો 'મને જ્ઞાયકનો અનુભવ થઈ ગયો'–એમ વાત છે, પરંતુ જ્ઞાયક તો સદાય જ્ઞાયકપણે મૌજુદ હોવા છતાં કર્તૃત્વના કારણે પર્યાયદૃષ્ટિ જ બની રહેલી હોવાથી જ્ઞાયકનો અનુભવ નહોતો થતો; જ્યાં અકર્તા થઈ ગયો ત્યાં દ્રવ્યદૃષ્ટિ જ પરિણમી ગઈ એટલે જ્ઞાયકનો અનુભવ થઈ ગયો. તેથી 'આત્મા અકર્તા થઈ ગયો' તેમ કહેલું. આમ, અનાદિની કર્તૃત્વદૃષ્ટિ જ જીવને જ્ઞાયકસન્મુખતા થવામાં બાધક હોવાથી ક્રમબદ્ધ અને પુરુષાર્થ સંબંધી જ્ઞાનમાં ચોખવટ અત્યંત જરૂરી છે.

❀ ક્રમબદ્ધતાની જેને વિશેષતા સમજાય છે તેને શું પુરુષાર્થ નહીં હોય? અરે! તેને અનંત પર્યાયોના સહજ પરિણમન સાથે પુરુષાર્થ પણ જરૂર હોય જ છે. પરંતુ વિશેષતા એ છે કે ક્રમબદ્ધતાના જોરવાળાને પુરુષાર્થનું લક્ષ હોતું નથી, સહજ પુરુષાર્થ હોય છે.

પુરુષાર્થના જોરવાળાને શુદ્ધતા કરું...કરું એમ કર્તૃત્વનું લક્ષ બંધાયેલું રહેવાથી અનાદિની જે પર્યાયદૃષ્ટિ છે તે પર્યાયદૃષ્ટિ ક્રમબદ્ધતાના જોરવાળાને ન હોવાથી શુદ્ધતા કરું...કરું એવી પર્યાયની દૃષ્ટિ છૂટતી જતી હોય છે—એમ ક્રમબદ્ધતાવાળાની એટલી વિશેષતા છે; અને તેને જ અકર્તાપણાનો સવળો પુરુષાર્થ હોય છે.

✻ હવે, જેમ ક્રમબદ્ધનું મૂળ સર્વજ્ઞ છે તેમ ક્રમબદ્ધનું ફળ અકર્તાપણું-દ્રવ્યદૃષ્ટિપણું છે; તેથી જેમ સર્વજ્ઞના સ્વીકાર વિના ક્રમબદ્ધતાની સિદ્ધિ નથી તેમ અકર્તાપણા વિના ક્રમબદ્ધતાનો સ્વીકાર આવ્યો નથી. એટલે જેમ મૂળ છે તો વૃક્ષ છે ને મૂળ સહિત વૃક્ષ છે તો ફળ પણ હોવું જ જોઈએ ને! તેમ સર્વજ્ઞના સ્વીકાર વડે ક્રમબદ્ધતા છે તો ક્રમબદ્ધતાનું ફળ–અકર્તાદૃષ્ટિ હોવી જ જોઈએ. ફળ વિનાના વૃક્ષની શી આવશ્યકતા! વળી, જેમ પુરુષાર્થના નામે જીવને કરું...કરું એમ પર્યાયદૃષ્ટિ રહી જાય છે તેમ જો ક્રમબદ્ધતાના નામે જીવને 'પર્યાયો ક્રમબદ્ધ થાય છે માટે જે થવાની હશે તે થશે'–એમ કરીને પર્યાયનું જ લક્ષ વર્ત્યા કરે તો તે જીવ **"ઉલમાંથી ચૂલમાં"**!!....આમ ક્રમબદ્ધતા એ બહુ ગંભીર સિદ્ધાંત છે.

✻ પૂજ્ય ગુરુદેવશ્રીએ ક્રમબદ્ધપર્યાય સમજાવવામાં ક્યાંય કચાશ રાખી નથી, તેમ છતાં જો આ કોયડાની ગૂંચ આપણે ઉકેલી ન શકીએ તો તે આપણી જ ખામી ગણાય. પાત્ર શિષ્યની શ્રીગુરુ પ્રત્યે સર્વાંગીય સમર્પિતતા કેવી હોય?—આના સંદર્ભમાં પૂજ્ય બહેનશ્રી-બેને વર્ષો પહેલાં માત્ર બહેનોના વાંચનમાં કહેલી વાત બહુ વિચારણીય છે કે–પૂર્વે થઈ ગયેલા કોઈ એક આચાર્યે જાણવાના વિષયની કોઈ એક વાત એવી લખી કે તેની પહેલાં થઈ ગયેલા આચાર્યે લખેલી વાતથી જુદી પડે...અને તે બન્ને આચાર્યોની વાત ત્યાર પછીના થયેલા આચાર્યના ખ્યાલમાં આવતાં, એક વાત બરાબર છે ને બીજી એકમાં ફેર છે તેમ ખ્યાલમાં આવવા છતાં તે આચાર્ય કહે છે કે અમારી જીભ કઈ રીતે ઉપડે કે ક્યા આચાર્યની વાતમાં ફેર છે!–આવો તો ગુરુ પ્રત્યે સમર્પિત શિષ્ય હોય!! ત્યાં તો શિષ્ય-આચાર્યને પૂર્વના બન્ને આચાર્યોના પ્રત્યક્ષ દર્શન પણ થયા ન હતા છતાં આટલી સમર્પણતા!! તો પછી આપણા માટે જે અનંત તીર્થંકરવત્ પરમ ઉપકારી છે, પ્રત્યક્ષ ઉપકારી છે એવા પૂજ્ય ગુરુદેવશ્રીના અતિ વજનીય (વજનદાર) અતિ પ્રિય મહાસિદ્ધાંત– ક્રમબદ્ધપર્યાય—કે જેમાં જિનવાણી અપેક્ષાએ કાંઈ પણ ફેર ન હોય એવા ક્રમબદ્ધપર્યાયના ગહન સિદ્ધાંતના મર્મને પહોંચી વળવા, જિજ્ઞાસુભૂમિકામાં રહેલાં (અર્થાત્ સમ્યગ્દર્શન નહીં પામેલા) શિષ્યે, ક્રમબદ્ધપર્યાયના સ્વીકારમાં જ યથાર્થ પુરુષાર્થ સમાયેલો છે એવા નિર્ણય વડે ગુરુ-દેશનાને સાર્થક કરવી જોઈએ.

✻ ક્રમબદ્ધતાની જેને વિશેષતા સમજાતી નથી તેઓ પં. ટોડરમલજીનો આધાર લ્યે છે કે કાળલબ્ધિ અને ભવિતવ્યતા કોઈ વસ્તુ નથી! જોકે પૂજ્ય ગુરુદેવશ્રીએ તા ૨૩-૧૧-૬૫ના શ્રી કળશટીકા ઉપરના પ્રવચનમાં કરુણાપૂર્વક કહ્યું છે કે "એ કોઈ વસ્તુ નથી એટલે એ કોઈ જુદી ચીજ નથી એમ કહેવું છે. અર્થ ન સમજે તો....! જે કાળમાં કાર્ય બને છે તે જ કાળલબ્ધિ અને જે કાર્ય થયું તે ભવિતવ્ય...જે કારણથી કાર્યસિદ્ધિ અવશ્ય થાય તે કારણનો ઉદ્યમ કરે ત્યાં તો અન્ય કારણો અવશ્ય મળે જ. કાળલબ્ધિનું કારણ તો ભેગું છે જ. આમ પુરુષાર્થ કરે છે ત્યારે કાળલબ્ધિનું કારણ ભેગું છે જ; ભવિતવ્યનું પણ ભેગું છે જ; નથી એમ નથી—એમ કહ્યું છે. એ શૈલી એવી કરી છે....જે મોક્ષનો પુરુષાર્થ કરે છે તેને તો કાળલબ્ધિ અને ભવિતવ્ય થઈ ચૂક્યા. થઈ ચૂક્યા એટલે એમાં છે જ. નથી એમ ત્યાં નથી કહ્યું. આ આત્મા શુદ્ધ છે એમ જ્યાં સ્વભાવ તરફનો પુરુષાર્થ કર્યો ત્યારે એ પુરુષાર્થનું કાર્ય એનું છે એમ ત્યાં બતાવે છે, પુરુષાર્થનું કાર્ય એના કાળે થયું છે એમ એને બતાવવું નથી; કેમ કે કાળે થવું એ તો વસ્તુમાં એક સ્થિતિ છે જ, આ બાજુમાં પુરુષાર્થ કરે તે વખતે ત્યાં કાળલબ્ધિ છે જ, ભવિતવ્ય છે જ, પુરુષાર્થ છે જ, સ્વભાવ છે જ, કાર્યનો અભાવ પણ છે જ. કાળલબ્ધિ અને ભવિતવ્યનો ત્યાં નિષેધ નથી કર્યો પણ કોઈ વસ્તુ જુદી નથી એમ ત્યાં કહેવું છે. એના પરિણામમાં આ વાત ન બેસે ત્યાં સુધી વાંધા...વાંધા!!" (અરે! એમણે તો ભવિતવ્યનું સમર્થન કરતાં એમ કહ્યું છે કે "....ઇનકી સિદ્ધિ ઇનકે કિયે ઉપાયનિંકે આધીન નાહીં; ભવિતવ્યકે આધીન હૈ....બહુરી ઉપાય બનના ભી અપને આધીન નાહીં; ભવિતવ્યકે આધીન હૈ.") પં. ટોડરમલજીનો આધાર લઈને પોતાની કર્તૃત્વબુદ્ધિ પોષવા કાળલબ્ધિ-ભવિતવ્યતા ઉડાડનારને ઠપકો આપ્યો છે. બાકી, જો ક્રમબદ્ધતા-ભવિતવ્યતા 'ગધેડાના શીંગડા' હોત તો આચાર્ય અકલંકદેવને એ કહેવાની જરૂરત ઊભી જ ન થાત કે—"જીવની જેવી ભવિતવ્યતા એટલે કે પર્યાયની ક્રમબદ્ધતા હોય છે તેવી જ તેમની બુદ્ધિ થાય છે અને તે વ્યવસાય અર્થાત્ પુરુષાર્થ પણ તેવો જ કરે છે અને સહાયક કે નિમિત્ત પણ તેવા જ મળી જાય છે."

✻ કઈ એવી યુવાન પુત્રી સમજતી નથી હોતી કે મારા પુણ્ય અનુસાર જ વર મળવાનો છે! છતાં કેમ કોઈ પુત્રી પોતાના પિતાને સારો જમાઈ શોધવાનો પ્રયત્ન કરવાની ના પાડતી નથી? તો પછી બુદ્ધિશાળી મૈના સુંદરીએ પોતા પ્રત્યે અત્યંત વ્હાલ ધરાવતા પિતા સાથે વિવાદ કરીને કોઢીયો વર પિતા શોધે એવું દુઃસાહસ કેમ કર્યું? આચાર્ય અકલંક સ્વામી કહે છે કે જીવોની બુદ્ધિ પણ ક્રમબદ્ધતા અનુસાર જ હોય છે! મૈના સુંદરીની કથાને માત્ર પુણ્યની શ્રદ્ધાની કથા પૂરતી મર્યાદિત વિચારવાને બદલે, ક્રમબદ્ધતાના વિશાળ ફલક પર

જઈને વિચારીયે તો—વ્હાલસોઈ પુત્રીને રાજા-પિતા કોઢીયા વર સાથે કોઈ કાળે પણ પરણાવવા સંમત થાત જ નહીં. કેમ કે કોઈ પિતા પોતાની વ્હાલસોઈ પુત્રીને ભયંકર ગળત કોઢવાળા સાથે પરણાવે જ નહીં. પરંતુ તેની ક્રમબદ્ધતામાં ગળત કોઢીયો વર જ નિશ્ચિત હતો, અને મહાબળવાન રાજાને કોઈ પણ પ્રકારના દબાણથી દબાવીને પણ કોઢીયો વર પસંદ કરાવી શકાય તેમ ન હતું. તો શું ક્રમબદ્ધતા ખોટી પડે? (—જો કદી ક્રમબદ્ધતા ખોટી પાડી શકાતી હોત તો દ્વારિકાનો નાશ ને શ્રીકૃષ્ણના મૃત્યુનું કારણ જાણવા છતાં કેમ અટકાવી શકાયું નહીં?)...ત્યારે મૈના સુંદરીને કોઢીયા વર સાથે પરણાવવી શી રીતે? કે જીવોની ભવિતવ્યતા અનુસાર બુદ્ધિ હોય છે એટલે ડાહી મૈના સુંદરી વ્હાલા પિતા સાથે વિવાદ સર્જી બેઠી! અને ક્રમબદ્ધતા અનુસાર થઈને રહ્યું!—આ કથા આ રીતે વિચારવા જેવી છે. પુરાણની બધી કથાઓ આ સંદર્ભમાં વિચારણીય છે.

❋ કાંઈક કરવું કે કાંઈક ન કરવું એનું નામ નથી પુરુષાર્થ કે નથી ક્રમબદ્ધતા! સુનિશ્ચિત થવાયોગ્ય પરિણતિના સહજ પરિણમનનો સ્વીકાર તે જ પુરુષાર્થ અને સુનિશ્ચિત સહજ પરિણમનની વ્યવસ્થાનું નામ છે ક્રમબદ્ધતા!!

ક્રમબદ્ધતાના ઐશ્વર્યનો ઊંડાણથી વિચાર કરવામાં આવે તો બહુ આશ્ચર્ય થાય તેવું છે. દા. ત.—

❋ ભગવાન નેમીનાથસ્વામીને જો પૂછવામાં જ ન આવ્યું હોત કે દ્વારિકાનો નાશ અને શ્રીકૃષ્ણનું મરણ કઈ રીતે થશે—તો શું થાત! તીવ્ર રાગવશ મોટાભાઈ બળદેવે આ પ્રશ્ન પૂછ્યો ને શાંતિથી ઘરે રાજમા બેઠેલા જરતકુમારે અને દ્વીપાયન મામાએ ઘર છોડી જંગલમાં નિવાસ કર્યો જેના કારણે એવી રીતે જ નાશ થઈને રહ્યો! આ તો બકરીએ પોતાના પગ વડે જમીન ખોદીને છરી ગોતી આપી જેના વડે કસાઈએ તે જ બકરીનો વધ કર્યો—તેના જેવું થયું કે જો બળદેવે પ્રશ્ન જ ન કર્યો હોત તો જરતકુમાર ઘરમાં જ રહ્યા હોત એટલે બાણ મારવાનો વારો જ ન આવત! મામા પણ દીક્ષિત થયા ન હોત એટલે આહારક-પૂતળું જ શરીરમાંથી નીકળવાનું સામર્થ્ય ઊભું ન થાત તો આખી નગરી બળત શી રીતે? અરે! મદિરાબંધીની રાજ-આજ્ઞા જ થવા પામી ન હોત એટલે મદિરા નહીં કરનારા રાજકુમારોને જંગલમાં વાવડીનું પાણી પીવા છતાં નશો જ ચઢત નહીં તો મુનિની મશ્કરી પણ થવા પામત નહીં ને! તો આનો અર્થ શું સમજવો? અરે ભાઈ! બહુ રાગ હોવાથી બળદેવે ભલે પૂછી પણ નાખ્યું! પણ બહુ રાગ હતો તો દેવો સેવક હતા તેને દ્વારિકા બચાવવાની આજ્ઞા તો કરવી હતી? અરે એ તો ક્યાંય રહ્યું, પણ કોના હાથે મરશે ને કોના હાથે બળશે તે જાણવા

મળ્યું તો સાથોસાથ પૂછી તો લેવું હતું કે કઈ ગેરસમજથી ભાઈ શ્રીકૃષ્ણને મારશે ને કઈ ગેરસમજથી મામા દ્વારિકા બાળશે!—કારણ કે તે બન્નેને તો શ્રીકૃષ્ણ માટે ખૂબ પ્રેમ છે. પ્રખર બુદ્ધિશાળી બળદેવે આટલું જાણ્યું કેમ નહીં? કહો જોઈએ!! ભાઈ, જો એમ જાણી લીધું હોત તો ક્રમબદ્ધતા ખોટી જ પડત ને? અને જો ખોટી પડે તો તેને ક્રમબદ્ધતા કહી શકાય ખરી!! આમ કેમ થયું કે આમ કેમ ન થયું—તેનો માસ્ટર કી-આન્સર-ઉત્તર એક જ છે કે જીવની જેવી ક્રમબદ્ધતા તેવી જ બુદ્ધિ ને તેવો જ પુરુષાર્થ!! **ક્રમબદ્ધતાનું અટલ સંચાલન તો જુઓ! કે જીવ ધારે તેવો પુરુષાર્થ કરાતો નથી, ક્રમબદ્ધતા અનુસાર પુરુષાર્થ હોય છે અને જે હોય છે તેને ઉપદેશ ભાષામાં 'કરે છે'—એમ કહેવાય છે.** જે આ ગંભીરતાને પકડે છે તેની ક્રમબદ્ધતામાં જે પુરુષાર્થ હોય તેને સવળો પુરુષાર્થ કહેવાય છે.

❀ આખા લોકને ઉલટો કરવાનું સામર્થ્ય ધરાવતો ઈન્દ્ર, ૬૫ દિવસો સુધી ગૌતમને સમવસરણમાં લઈ આવવા કેમ અસમર્થ હતો! ૬૫-૬૫ દિવસો સુધી ઈન્દ્ર-નરેન્દ્ર ને દેવતાગણ સમવસરણમાં બેઠા રહ્યા, આવતા જતા રહ્યા, હમણાં દિવ્યધ્વનિ છૂટશે—એમ ધારી ભગવાન સામે ટગટગ જોતા રહ્યા! ત્યારે કોઈએ અવધિજ્ઞાનથી જોયું નહીં હોય ને કે કોણ ગણધર થનાર છે? ને ક્યારે આવશે? બધાએ કર્યું શું?—કે એવો વિકલ્પ જ આવ્યો નહીં હોય કે કાંઈક કરે! કારણ? ક્રમબદ્ધ!!

❀ પ્રદ્યુમ્નનું અપહરણ થયું! ત્રણ ખંડનો ધણી લાચાર! કોણ ક્યાં ઉપાડી ગયું તેનાથી સૌ અજાણ! અંતે નારદજી છેક શ્રી સીમંધરપ્રભુના સમવસરણમાં જઈને ખબર લાવ્યા કે ૧૬મે વર્ષે આવશે! અરે ભલા માણસ! ફરીથી જાઓ અને ક્યાં છે? અમે અત્યારે જ પાછા લાવવા ચઢાઈ કરીશું; માટે જાણીને આવો—એવો ભાવ ન તો શ્રીકૃષ્ણને આવ્યો કે ન તો પુત્રવિયોગે ઝુરતી માતાને પણ આવ્યો! આમ કેમ! ૧૬ વર્ષના આગમનની પ્રતિક્ષા સ્વીકાર્ય! કાંઈ ઉદ્યમ કરવા કેમ ધાર્યું નહીં હોય!—કે ક્રમબદ્ધ!!

❀ શ્રીકૃષ્ણનું મૃત્યુ ૧૨ વર્ષ બાદ જરતકુમારના હાથે થશે તેવું જાણીને, ઋદ્ધિ જેવી ૧૬-૧૬ અદ્ભુત વિદ્યાના ધારક પુત્રે પિતાને બચાવવા વિદ્યાને કેમ આજ્ઞા નહીં કરી કે વિદ્યાઓ તમે જરતકુમારને આવું કરતા અટકાવજો!—કારણ કે ક્રમબદ્ધતામાં અતૂટ શ્રદ્ધા હોવાથી, આવું સાંભળતાં કાંઈક કરી બતાવું એવા ઉછાળા મારવાને બદલે વિરક્તી પામ્યા, દીક્ષિત થયા ને મુક્તિ પામ્યા! પિતાને તેના હોનહાર ઉપર છોડી દીધા!

❀ અંજનાને ગર્ભ પ્રગટ થતાં સાસુએ લડવા ગયેલા પુત્ર પવનકુમારને જાણ કરવા-

પૂછવા–ખાતરી કરવા ગુપ્તચરને કેમ ન મોકલ્યો? પ્રાણથી પ્યારી પુત્રીને સાસુએ કલંકિત જાહેર કરીને પિયર મોકલાવતાં, પુત્રીની વાત સાચી છે કે કેમ તે જાણવા પિતાએ જમાઈ પાસે કેમ કોઈ ગુપ્તચરને નહીં મોકલ્યો? કારણ કે જીવની ક્રમબદ્ધતા અનુસાર બુદ્ધિ ને પુરુષાર્થ હોય ને!! જો ગુપ્તચરને પવનકુમાર પાસે મોકલ્યો હોત તો અંજનાજીના અશાતા કર્મનું શું થાત? હનુમાનજીના જંગલના નિશ્ચિત જન્મસ્થાનનું શું થાત!

❀ પ્રત્યેક પરિણમનમાં–કાર્યમાં પાંચેય સમાવાય સાથે જ હોય. સ્વભાવ તો સદાય હોય જ છે, નિમિત્તની હાજરી પણ સદ્ભાવ કે અભાવરૂપ હોય જ છે, જે પરિણમન થયું તે હોવારૂપ–થવારૂપ ભવિતવ્યતા છે અને જે કાળે પરિણમન થયું તે કાળલબ્ધિ છે, પાંચમો સમવાય પુરુષાર્થ! ત્યાં વિચારીયે કે પુરુષાર્થે શું કર્યું? જે પરિણમન હોવારૂપ–થવારૂપ ન હતું તેને પુરુષાર્થે કર્યું? જે પરિણમનનો જે કાળ હતો તે કાળ કરતાં વહેલો-મોડો કાળ પુરુષાર્થે કર્યો! કર્યું શું? કે જે પરિણમનનું હોવારૂપ–થવારૂપ હોનહાર ભવિતવ્યતા હતા અને તેનો જે કાળ હતો તેને અનુકૂળ પુરુષાર્થનું પરિણમન પણ હતું જ. જો પુરુષાર્થ વડે ધારે તેમ પરિણમન કરી શકતા હોય તો કાં તો જે કાળે જે પરિણમનનું થવાપણું જ ન હતું તેને પુરુષાર્થે કર્યું! એનો અર્થ કે સર્વજ્ઞે જ્ઞાનમાં તે કાળે જે પરિણમન થવાનું જાણેલ ન હતું તે પરિણમનને પુરુષાર્થ વડે કરાયું! અર્થાત્ સર્વજ્ઞના જ્ઞાનમાં એટલી ખામી રહેતી હોવી જોઈએ કે તેના જ્ઞાનમાં ન હોય તેવું પરિણમન પુરુષાર્થ વડે કરાયું! અરે ભાઈ! જેમ પ્રત્યેક ઉપાદાનકાર્યમાં તેને અનુકૂળ નિમિત્તની હાજરી હોય છે તે હાજરી અનિવાર્યપણે હોય જ છે તોપણ તે કાર્યમાં નિમિત્ત અકિંચિત્કર છે, તેમ કર્મબદ્ધતા અનુસાર પરિણમતા પ્રત્યેક પરિણમનના કાળે પુરુષાર્થ અવશ્યપણે હોય જ છે છતાં પુરુષાર્થ તે તે પરિણમનમાં ફેરફારકર્તા કિંચિત્માત્ર નથી. **પ્રત્યેક પરિણમન વખતે પુરુષાર્થ અવશ્ય હોવા છતાં ક્રમબદ્ધતાને ફેરવવા તે સમર્થ નથી.**

❀ એક વાતનું આશ્ચર્ય થાય કે ક્રમબદ્ધ અને પુરુષાર્થની આટલી ચર્ચાની જરૂરત કેમ? જો પરસ્પર વિરોધાભાસી લાગવાથી ચર્ચા જરૂરી બની હોય તો તો સૌ પ્રથમ અધ્યાત્મ અને આગમ જેટલા વિરોધાભાસી કથનો કયા હોઈ શકે? અધ્યાત્મ અપનાવવા માટે છે, નહીં કે માત્ર સમજવા માટે અને આગમ સમજવા માટે છે, નહીં કે અપનાવવા માટે! બન્નેની કાર્યસીમા વિરોધાભાસી–ક્રમબદ્ધ અને પુરુષાર્થની જેમ–લાગે છે ને! છતાં બન્ને એકબીજાના પૂરક છે, નહીં કે વિરોધી. આગમની સમજ હોય અને અધ્યાત્મમાં અપનાપન હોય, બન્ને હોય, તેમ છતાં અધ્યાત્મને માત્ર જાણી લ્યે ને આગમમાં જ ઊભો રહી જાય તો બન્નેના કાર્યક્ષેત્રથી વિપરીત પરિણતિ છે. બસ, આવી જ રીતે ક્રમબદ્ધ અને પુરુષાર્થ

પરસ્પર વિરોધી નથી, બન્ને સાથે જ હોય પરંતુ બન્નેની કાર્યસીમાથી વિપરીત સમજ ઊભી થવાથી વિરોધાભાસ કલ્પી બેસાય છે. **હકીકતમાં ક્રમબદ્ધનો નિર્ણય તે જ પુરુષાર્થ હોવાથી વિરોધાભાસની કલ્પના પણ અસ્થાને છે.**

ક્રમબદ્ધતામાં પુરુષાર્થ સમર્પિત હોવાનું ગાજી-ગાજીને પૂજ્યશ્રીએ સમજાવવા છતાં, અનાદિનો જે કર્તૃત્વનો અધ્યાસ થઈ ગયો છે તેના વશે જીવ ક્રમબદ્ધની ગૌણતા રાખીને પુરુષાર્થ પુરુષાર્થ કર્યા કરે છે. પરંતુ જેમ શુભની મીઠાશબુદ્ધિ છોડતાં કાંઈ શુભ છૂટીને અશુભમાં જતો નહીં રહે, શુભ તો રહેવાનો જ, માત્ર મીઠાશબુદ્ધિ છૂટવાની. તેવી રીતે ક્રમબદ્ધતાના સ્વીકારમાં કાંઈ પુરુષાર્થ ઊડી નથી જવાનો, પણ કર્તૃત્વબુદ્ધિ છૂટી જવાથી સાચો—સહજ પુરુષાર્થ પ્રગટશે. માટે ક્રમબદ્ધતા ને પુરુષાર્થની ચર્ચાઓ.....!! પણ અરેરે! જીવની જેવી ક્રમબદ્ધતા-ભવિતવ્યતા-હોય, બુદ્ધિ પણ તેવી જ હોય! ત્યાં બીજું શું થઈ શકે!!

જે અધ્યાત્મતત્ત્વજ્ઞાન અંધારે ડૂબેલું હતું તેને પ્રકાશમાં લાવનાર, પુરુષાર્થીના ભવ સર્વજ્ઞે જોયા નથી એવું જોરશોરથી કહેનાર પ્રખર પુરુષાર્થી પૂજ્ય ગુરુદેવશ્રીએ ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતની ગહનતા જગત સમક્ષ પ્રસિદ્ધ કરવામાં કાંઈ કચાશ રાખી નથી; પરંતુ આ ગહન સિદ્ધાંત ઊંડા આત્માર્થ વિના સમજાય તેવો નથી. જેની "ભલી હોનહાર" હશે તેને જ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થઈ શકશે.

છેલ્લે, રાગના નાટકને અને સ્વભાવના સામર્થ્યને જુદા પાડીને જોતાં શીખું, દુર્લભ યોગ અને ગુરુકૃપાને સાર્થક કરીને જીવન ધન્ય બનાવું એવી પોતાની ભાવના દિન પ્રતિ દિન પ્રબળ બને તેવા જાગ્રતભાવમાં જીવન વીતાવું—એ જ અભ્યર્થના.

શ્રોતા :—એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ અને દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ જ થાય એ ઉપર આપ બહુ ભાર આપો છો તો એ સમ્યગ્દર્શનનું કારણ છે?

પૂજ્ય ગુરુદેવ :—હા, એ તો મૂળ ચીજ છે. આ બે વાતનો નિર્ણય થતાં દૃષ્ટિ દ્રવ્ય તરફ વળે છે. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

### ક્રમબદ્ધના સંદર્ભમાં

# પુરુષાર્થ અને નિમિત્ત

કોઈપણ કાર્ય થવામાં પાંચેય સમવાયનું સંપૂર્ણ યોગદાન હોવું અનિવાર્ય છે—એવો અકાટ્ય સિદ્ધાંત નિર્વિવાદ છે, સર્વમાન્ય સિદ્ધાંત છે. તેથી, જીવના પુરુષાર્થ વિના જીવનું કોઈ કાર્ય સંભવતું નથી ને સંભવી શકે નહીં. જીવ પોતાના પુરુષાર્થ વડે પોતાના પરિણામ કરવા સંપૂર્ણ સક્ષમ છે અને તેને તેમ કરતો અટકાવવા કોઈ સમર્થ નથી તે પરમ સત્ય છે.

ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે તો ક્રમબદ્ધના અકાટ્ય—અફર મહાસિદ્ધાંતનું શું? જીવના પ્રત્યેક સમયના પરિણામ તેના ક્રમબદ્ધ અનુસાર જ થાય છે, થઈ શકે છે અને તેને અન્યથા કરવા ઈન્દ્ર-નરેન્દ્ર તો સમર્થ નથી પણ સ્વયં જીવદ્રવ્ય પોતે પણ સમર્થ નથી તો પછી પુરુષાર્થનું શું? એટલે કે સમવાયની વાત કરવા જતાં પુરુષાર્થ અને ક્રમબદ્ધનો કોયડો ખડો થઈ જાય છે.

આ કોયડાને ઉકેલવા પાંચ સમવાયમાં રહેલ યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિ વિશે થોડું વિચારણીય છે :—

પૂજ્ય ગુરુદેવશ્રીનો મહાન પ્રતાપ છે કે કોઈ પણ મુમુક્ષુને ભરનિદ્રામાંથી જગાડીને પણ પૂછવામાં આવે તો કહેશે કે નિમિત્ત અકિંચિત્કર છે, નિમિત્તથી કાર્ય થતું જ નથી અર્થાત્ કોઈ પણ કાર્ય થવામાં પાંચ સમવાયમાં સંમિલિત યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિ હોવા છતાં નિમિત્ત અકિંચિત્કર છે. યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિ વિના કાર્ય સંભવતું ન હોવા છતાં તે નિમિત્ત અકિંચિત્કર છે. ગજબ વાત છે ને! હાજરી વિના કાર્ય અસંભવિત છતાં પણ તે અકિંચિત્કર!

એક વાત ચોક્કસ છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરતું નથી, કેમ કે બે દ્રવ્યો વચ્ચે વજ્રની દીવાલ છે! એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું જ નથી તો તેનું કાર્ય કરે શી રીતે? અર્થાત્ નિમિત્તથી અન્ય દ્રવ્યનું કાર્ય થતું જ નથી અને થઈ શકે જ નહીં. માટે, યોગ્ય નિમિત્તની હાજરી હોવા છતાં તે તે કાર્ય થવામાં નિમિત્ત અકિંચિત્કર છે તે નિર્વિવાદ છે.

જો નિમિત્ત અકિંચિત્કર જ છે તો પછી તેની ઉપસ્થિતિની અનિવાર્યતાને ગૌણ કરી દઈએ કે જાણે તેની હાજરી ન હોવા બરાબર હોય છે અર્થાત્ કોઈ પણ કાર્ય પુરુષાર્થપૂર્વક જ થાય છે અને તેમાં યોગ્ય નિમિત્ત અકિંચિત્કર હોવાથી તે નિમિત્તની ઉપસ્થિતિને ન-ગણ્ય કરી દઈએ તો શું થાય?—કે :—

પોતાના પુરુષાર્થપૂર્વક સ્વભાવના આશ્રયે જીવ સમ્યગ્દર્શનનું કાર્ય કરે છે અને તે વખતે યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિને ન-ગણ્ય કરી હોવાથી તે કાર્ય થયું તે વખતે તેની શ્રદ્ધા-ભક્તિ કુદેવ-કુગુરુની વર્તતી હોય તોપણ સમ્યગ્દર્શનનું કાર્ય થઈ જાય અર્થાત્ વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિ હોવી જરૂરી નથી, કેમ કે દેવ-ગુરુની વાણી તો નિમિત્ત છે!

અરે! સ્ત્રી-પર્યાય હોય ને સ્વભાવના આશ્રયે ઉગ્ર પુરુષાર્થપૂર્વક મોક્ષ પામી શકશે! અરે! સર્વાર્થસિદ્ધિથી સિદ્ધશીલા જરાય દૂર નથી એટલે ત્યાં રહેલો જીવ ઉગ્ર પુરુષાર્થ વડે ત્યાંથી જ મોક્ષ પામી શકશે! મનુષ્યગતિ હોવી જરૂરી નહીં રહે! અર્થાત્ ચારેય ગતિમાંથી જીવ ઉગ્ર પુરુષાર્થ વડે મુક્તિ પામી શકશે!

અરે! એ બધી સિદ્ધાંતિક વાતને બાજુમાં રાખીયે પણ સામાન્ય વ્યવહારનો વિચાર કરીએ તો, નિમિત્તની હાજરી ન-ગણ્ય કરીને સર્વથા ઉપેક્ષિત માનીયે તો, ઘરમાં ડબ્બામાં ભરેલા ચોખા રાંધેલા ચોખારૂપે પણ હોઈ શકશે! એટલે બાર માસ માટે એકીસાથે ચોખા લેવાનું જોખમ! અરે! ફ્રીઝમાંથી પીવા માટે લીધેલું પાણી ઉકળતું પાણી પણ હોઈ શકશે! એટલે ફ્રીઝ વસાવવાનું જોખમ! ગેસ ઉપર ગરમ કરવા મૂકેલું બદામ-કેસરવાળું દૂધ આઈસ્ક્રીમ પણ હોઈ શકશે! સવારે ન્હાઈને તૈયાર થવા માટે અરીસા સામે ઊભા રહીને તમારું પ્રતિબિંબ જોવા જશો ત્યાં તે પ્રતિબિંબ કોઈ અન્યનું પણ હોઈ શકશે! તારંગાથી સોનગઢ જતી ટ્રેઈનમાં બેસીને તમારી ક્રિયાવતી શક્તિ વડે તમે પહોંચી શકશો જયપુર! કારણ કે નિમિત્ત અકિંચિત્કર હોવાથી ન-ગણ્ય છે અને જીવ પોતાના પુરુષાર્થપૂર્વક કાર્ય કરવામાં સંપૂર્ણ શક્તિવાન છે એટલે નિમિત્તની હાજરીની ઐસી કી તૈસી!

આવા તો લાખો પ્રસંગો ને કાર્યો વિચારી શકાય કે નિમિત્ત અકિંચિત્કર હોવાથી તેની હાજરીને સર્વથા ઉપેક્ષિત કરવાથી શું શું થઈ જાય! પરંતુ એમાનું કશું જ સંભવતું નથી, બધું જ નિયમ અનુસાર જ સંભવતું જોવા મળે છે, કેમ કે પુરુષાર્થ વડે જ થતાં બધા કાર્યો વખતે યોગ્ય નિમિત્તની હાજરી અવશ્ય હોય જ છે એટલે કે યોગ્ય નિમિત્તની હાજરી ન હોય અને પુરુષાર્થપૂર્વક કાર્ય પરિણમે એમ બનવું અસંભવ છે, અશક્ય છે!

એકબાજુ કહીયે પુરુષાર્થપૂર્વક જ કાર્ય થાય છે અને તે કાર્ય થવામાં નિમિત્ત અકિંચિત્કર છે! અને પાછું કહો કે નિમિત્તની હાજરી ન હોય અને પુરુષાર્થપૂર્વક કાર્ય થઈ જાય એમ બનવું તદ્દન અશક્ય છે! આ તો પુરુષાર્થ ને ક્રમબદ્ધ કરતાં પણ મોટો કોયડો ખડો થઈ ગયો! પુરુષાર્થપૂર્વક કાર્ય થાય કે યોગ્ય નિમિત્તની હાજરીથી કાર્ય થાય!

યુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રીના યુગમાં જ્યારે તેઓશ્રીએ ઘોષણા કરી કે પુરુષાર્થપૂર્વક

થતાં કાર્યમાં ઉપસ્થિત રહેલ યોગ્ય નિમિત્ત અકિંચિત્કર છે ત્યારે દિગમ્બર જૈન સમાજમાં જાણે કે ધરતીકંપ સર્જાઈ ગયો હતો! પરંતુ અંતે, વિરોધ કરનારા વિદ્વાનોએ જાહેરમાં સ્વીકાર કરવો પડ્યો કે કાનજીસ્વામી યોગ્ય નિમિત્તની હાજરીને સ્વીકારે છે પરંતુ નિમિત્તથી કાર્ય થતું નથી, કાર્ય તો પોત-પોતાના ઉપાદાનથી પુરુષાર્થપૂર્વક જ થાય છે–એમ તેઓ કહે છે તે પરમ સત્ય છે.

એનો અર્થ એ થયો કે કોઈ પણ કાર્ય થવામાં પોતાનો પુરુષાર્થ જ અનિવાર્ય છે; પુરુષાર્થપૂર્વક જ કાર્ય થાય છે ત્યારે ઉપસ્થિત રહેલ નિમિત્ત અકિંચિત્કર છે; તોપણ અકિંચિત્કર એવા નિમિત્તની ઉપસ્થિતિ સર્વથા અનિવાર્ય છે એટલે કે જેમ પુરુષાર્થ વિના કાર્ય સંભવતું નથી, પુરુષાર્થ અનિવાર્ય છે, તેમ યોગ્ય નિમિત્તની માત્ર ઉપસ્થિતિ વિના પણ કાર્ય સંભવતું નથી, ચાહે કરોડો ઉપાયે પુરુષાર્થ કરવામાં ભલે આવે!

સવાલ એ ખડો થાય છે કે કાર્ય થવામાં જેમ પુરુષાર્થ અનિવાર્ય છે તેમ યોગ્ય નિત્તિની ઉપસ્થિતિ પણ અનિવાર્ય છે—ભલે અકિંચિત્કર હો તોપણ–નિમિત્તની ઉપસ્થિતિ તો છે અનિવાર્ય જ! તો પછી, પૂજ્ય ગુરુદેવશ્રીએ જીવનપર્યંત પુરુષાર્થપૂર્વક જ કાર્ય થાય છે તેની દુંદુભિ વગાડી પણ નિમિત્તની ઉપસ્થિતિની અનિવાર્યતાને ક્યારેય યાદ શુદ્ધા કેમ ન કરી? અરે! નિમિત્તની હાજરીની અનિવાર્યતાને યાદ કરવી તો દૂર રહી, બલ્કે નિમિત્ત અકિંચિત્કર હોવાથી પુરુષાર્થનું રણશીંગૂ ફૂંકીફૂંકીને જાણે કે નિમિત્તને યાદ કરવા જેવું પણ નથી એમ સમજાવતાં રહેલાં! આમ કેમ!

બસ, અહીં જ જ્ઞાનીની મહાનતા સિદ્ધ થાય છે, પ્રસિદ્ધિ પામે છે! પાંચ સમવાયમાંના એકનો પણ જો નિષેધ કરવામાં આવે તો કાર્ય જ પ્રગટ નહીં થાય, તેથી એટલી જ અનિવાર્યતા છે યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિની જેટલી અનિવાર્યતા છે પુરુષાર્થની! તોપણ...શું તોપણ?–કે પુરુષાર્થપૂર્વક જ કાર્ય થતું હોવાથી પુરુષાર્થ કરો...પુરુષાર્થ કરો એમ જીવનપર્યંત ઉપદેશ દેતાં રહેલાં!–કારણ કે તેઓશ્રી જાણતાં હતા કે જેમ આળસુ બાળકને પોતાના હાથેથી કોળિયો મોઢામાં મૂકવાની પણ આળસ આવે છે; મા મારા મોઢામાં કોળિયો મૂકે તો સારું!–એમ, અજ્ઞાની જીવોને અનાદિનો એવો અભ્યાસ થઈ ગયો છે કે મારે પુરુષાર્થ કરીને સમ્યગ્દર્શન કરવાનો પ્રયત્ન કરવો પડે તેના કરતાં યોગ્ય નિમિત્ત–દેવ-ગુરુ–મને સમ્યગ્દર્શન કરાવી દે તો સારું! પર નિમિત્તની હાજરી વિના મારું કાર્ય તો થવાનું નથી એટલે પર નિમિત્ત જ ભલે ને મારું કાર્ય કરી દ્યે! આવી અનાદિની માન્યતા તો અજ્ઞાનીને પડેલી જ છે તેમાં જો નિમિત્તની ઉપસ્થિતિ અનિવાર્ય છે તે વાત સમજાવતા રહે તો તો અનાદિની માન્યતા જ દઢ કરતો રહેશે કે નિમિત્તથી જ કાર્ય થાય છે.

અગ્નિની હાજરી વિના પાણી ગરમ ન થાય, પેટ્રોલની હાજરી વિના ગાડી ન ચાલે વિગેરે વિગેરે કાર્યકાળે નિમિત્તની રહેલ ઉપસ્થિતિને જ જો ગાજીવાજીને કહેતા રહેવામાં આવે તો નિમિત્તથી જ કાર્ય થતું હોવાનું દઢપણે ભાસવા લાગશે! નિમિત્તાધીન દૃષ્ટિ છોડાવવી છે એટલે તો નિમિત્તની હાજરીની અનિવાર્યતાને યાદ કરવા જેવી નથી એમ સમજીને જ તેઓશ્રીએ પુરુષાર્થનો ઢંઢેરો પીટેલો.

સારાંશ એ કે નિમિત્તાધીન દૃષ્ટિ છોડવી હોય તો યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિની અનિવાર્યતાને ગૌણ કર્યે જ છૂટકો! જો 'હાજરીની અનિવાર્યતા તો છે ને!' એટલું પણ મુખ્ય કરવા જશો તો નિમિત્ત તરફ લક્ષ રહ્યા કરશે, નિમિત્ત તરફ જ લક્ષ ગયા કરશે એટલે નિમિત્તને ગોતતો ફરશે અને સરવાળે નિમિત્તથી જ મારું કાર્ય થાય છે તેવી ભાષા નહીં બોલવા છતાં તેવી જ માન્યતા દઢ કરતો રહેશે. માટે, નિમિત્તને જ ગૌણ કરવું રહ્યું!

બસ, આ દૃષ્ટાંતથી પુરુષાર્થ અને ક્રમબદ્ધના કોયડાની ગૂંચ પણ સહેલાઈથી ઊકેલી શકાય તેવી છે!

જીવ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવના આશ્રયનો પુરુષાર્થ કરે તો જ સમ્યગ્દર્શન થાય, ત્રિકાળી જ્ઞાયક સ્વભાવના આશ્રય વિનાનો ગમે તેટલો પુરુષાર્થ કરે તોપણ સમ્યગ્દર્શન ન જ થાય, અર્થાત્ જ્ઞાયક સ્વભાવ પ્રધાન ભૂમિકામાં હોવા છતાં પુરુષાર્થ કરવાનો જ ઉપદેશ કેમ!–કે જ્ઞાયક સ્વભાવ તો સદાય છે જ, પરંતુ તેના આશ્રયનો પુરુષાર્થ જીવે કદી કર્યો નથી માટે પાંચ સમવાયમાં પુરુષાર્થને પ્રાધાન્ય અપાય છે. વળી, દર્શનમોહનીયકર્મના ઉપશમની કાળલબ્ધિ પાકે છે ત્યારે જ્ઞાયક સ્વભાવના આશ્રયનો પુરુષાર્થ યથાર્થ પુરુષાર્થરૂપે હોય છે; કેમ કે કર્મના ઉપશમરૂપ નિમિત્તની હાજરી છે તોપણ કર્મના ઉપશમરૂપ નિમિત્તની હાજરી અકિંચિત્કર હોવાથી પુરુષાર્થ કરવાનો ઉપદેશ હોય છે. કારણ કે જેવી રીતે જીવ સ્વભાવના આશ્રયનો પુરુષાર્થ કરી શકે છે તેવી રીતે દર્શનમોહનીયકર્મના ઉપશમનો પુરુષાર્થ તો કરી શકતો જ નથી, કેમ કે તે તો ભિન્ન દ્રવ્ય છે. તેથી એક માત્ર પુરુષાર્થ કરવાનો ઉપદેશ જ્ઞાનીઓએ કર્યો છે.

આમ, નિમિત્તની હાજરી અનિવાર્ય હોવા છતાં નિમિત્ત અકિંચિત્કર હોવાથી, અનાદિની જીવની નિમિત્તાધીન દૃષ્ટિ છોડાવવા, પુરુષાર્થ વડે સ્વાધીનતા સમજાવી છે. પરંતુ, અજ્ઞાનની પ્રાબલ્યતા એટલી બધી છે કે જ્યાં પરદ્રવ્યરૂપ નિમિત્તની દૃષ્ટિ છોડાવવા પુરુષાર્થ કરવાની પ્રેરણા કરી ત્યાં જીવ પોતાની પર્યાયને વહેલી મોડી કરવારૂપ પર્યાયના ફેરફારકર્તાપણાનો પુરુષાર્થ કરવા લાગ્યો! કેમ કે કાંઈ કરે નહીં તો ચેન પડે નહીં એટલે

પોતાના કાર્યમાં પરદ્રવ્યના કર્તાપણાથી છોડાવ્યો તો પોતે પર્યાયના ફેરફારકર્તાપણાને વળગ્યો ! અકર્તા-જ્ઞાયક-સ્વભાવના આશ્રયનો પુરુષાર્થ કરવા ઉપદેશ કર્યો તો સ્વભાવના આશ્રયને બદલે પુરુષાર્થને સર્વસ્વ માની પુરુષાર્થ કરું.....કરું...કરતો થકો 'કાળલબ્ધિ અને ભવિતવ્ય કોઈ વસ્તુ નથી'—એવા કથનનું પોતાની મતિકલ્પના અનુસાર અર્થઘટન કરીને, પુરુષાર્થના નામે પર્યાયના ફેરફારકર્તાપણાને પુરુષાર્થ માનીને પર્યાયના કર્તૃત્વમાં લાગી ગયો !

આમ, પોતાનું કાર્ય થવામાં નિમિત્તની હાજરી અનિવાર્ય હોવા છતાં નિમિત્ત તો પરદ્રવ્ય હોવાથી પોતાના કાર્યનું કર્તા નિમિત્ત નહીં હોવાનું સમજાવવું તો સરળ બન્યું; પરંતુ કાર્ય પોતાના પુરુષાર્થપૂર્વક જ થતું હોવાથી પુરુષાર્થદૃષ્ટિ—કર્તૃત્વપણું છોડાવીને સ્વભાવદૃષ્ટિ કઈ રીતે કરાવવી ? પોતાનું કાર્ય તો પુરુષાર્થપૂર્વક જ થતું હોવાથી પુરુષાર્થની પ્રેરણા કરવા જતાં પુરુષાર્થને જ અર્થાત્ મિથ્યાત્વ ટાળીને સમ્યગ્દર્શન પ્રગટ કરવાના કાર્યરૂપ પર્યાયના કર્તાપણાને જ પોષવા લાગ્યો એટલે કે ઉલમાંથી ચૂલમાં પડ્યો ! અર્થાત્ જ્ઞાયક સ્વભાવને લક્ષમાં લેવાને બદલે પર્યાયના કરવાપણાનું લક્ષ બંધાઈ ગયું.

અજ્ઞાનવશ અનાદિથી જીવને કર્તૃત્વનો જ અધ્યાસ થઈ ગયો હોવાથી જ્યાં પુરુષાર્થ કરવાનો ઉપદેશ કર્યો ત્યાં સમ્યગ્દર્શન કરવું એ મારા અધિકારમાં હોવાથી ધારું ત્યારે પુરુષાર્થ વડે સમ્યગ્દર્શન કરી શકું છું—ઈત્યાદિ પ્રકારે પુરુષાર્થની વ્યાખ્યા જ ઉલટી સમજી બેઠો ! હું તો સદાય અકર્તા-જ્ઞાયક સ્વભાવી છું, પર્યાયમાત્રનો અકર્તાસ્વભાવી જ્ઞાયક છું— એમ જ્ઞાનમાં જ્ઞાતાપણું ભાસવું તેનું નામ યથાર્થ પુરુષાર્થ છે, બાકીનો બધો વિકલ્પરૂપ ઊંધો પુરુષાર્થ છે એમ સમજવાને બદલે પર્યાયના કર્તૃત્વને જ પુરુષાર્થ માનવા લાગ્યો !

નિમિત્તાધીનદૃષ્ટિ છોડાવી ત્યાં પુરુષાર્થના નામે પર્યાયના કર્તૃત્વની દૃષ્ટિ થઈ ગઈ તો હવે તેને પર્યાયદૃષ્ટિ છોડાવી અકર્તાસ્વભાવની દૃષ્ટિ કરાવવી કઈ રીતે ? એટલે શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે ક્રમબદ્ધને આધાર બનાવીને અકર્તાપણું સમજાવ્યું. પરંતુ થયું એવું કે અકર્તાપણું સમજાવવા જે ક્રમબદ્ધનો આધાર લીધો તે ક્રમબદ્ધથી તો કોયડો વધુ ગૂંચવાયો ! ક્રમબદ્ધ અનુસાર પુરુષાર્થ હોય છે—એમ જ્યાં પુરુષાર્થનું કર્તૃત્વ છોડાવવા ગયા ત્યાં જાણે કે જીવનો અધિકાર જ છિનવાઈ ગયો હોય તેમ અજ્ઞાનીને લાગ્યું !

અજ્ઞાનીને એમ લાગવા માંડ્યું કે પુરુષાર્થપૂર્વક જીવ પોતાના પરિણામ ફેરવી શકે એવો જીવનો અધિકાર છે તે ક્રમબદ્ધ દ્વારા છિનવી લેવાય છે. પરંતુ જીવ તો અકર્તા-જ્ઞાતાસ્વભાવી છે તેથી જીવનો અધિકાર અકર્તારૂપ રહેવાનો હોય કે કર્તા થવાનો હોય ? જીવના અધિકારની ચિંતા થતી હોય તો પહેલાં જીવનો સ્વભાવ શું છે તે તો સમજવું પડશે

ને! જીવનો સ્વભાવ તો, ક્રમબદ્ધ અનુસાર પોતાના જન્મક્ષણે સ્વતંત્રપણે પર્યાયના ષટ્કારકથી પરિણમતા પરિણામમાત્રનો, જ્ઞાતાદૃષ્ટા રહેવાનો છે; ફેરફારકર્તા થવાનો તો સ્વભાવ છે જ નહીં; —એમ જીવનો સ્વભાવ સમજતાં, જીવનો અધિકાર તો અબાધિત અખંડિત જ રહેવાનું સમજાતા, જીવનો અધિકાર ક્રમબદ્ધના આધિપત્યથી છિનવાઈ જવાની અજ્ઞાનતા દૂર થઈ શકે છે. માટે જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ભવ્ય જીવોને પુરુષાર્થના બહાને કર્તૃત્વથી બચાવી લેવા ક્રમબદ્ધનો સિંહનાદ કર્યો છે.

એ રીતે એમ ફલિત થયું કે જેમ કોઈ પણ કાર્ય થવામાં યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિ અનિવાર્ય હોવા છતાં નિમિત્તાધીન દૃષ્ટિ છોડાવવા પુરુષાર્થનો ઉપદેશ કર્યો, તેમ કોઈ પણ કાર્ય પુરુષાર્થપૂર્વક જ થતું હોવા છતાં કર્તૃત્વરૂપ પુરુષાર્થ છોડાવવા એટલે કે પર્યાયના કર્તૃત્વની બુદ્ધિ છોડાવીને સ્વભાવની દૃષ્ટિ કરાવવા ક્રમબદ્ધના સિદ્ધાંતનું પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રખર પ્રતિપાદન કર્યું છે, કેમ કે અકર્તાસ્વભાવી જ્ઞાયકની દૃષ્ટિ તો જ થાય જો કર્તૃત્વરૂપ પુરુષાર્થ છૂટે; એટલે કે સહજ પુરુષાર્થવડે જ્ઞાયકની દૃષ્ટિ થાય અને ક્રમબદ્ધના સ્વીકાર વડે સહજ પુરુષાર્થ પ્રગટે છે. માટે જ પૂજ્ય ગુરુદેવશ્રી ક્રમબદ્ધનો સિદ્ધાંત પોતાના આગમના મંથન વડે અંતરમાંથી આવેલો અદ્‌ભુત અફર મહા સિદ્ધાંત હોવાની અનેકવાર પ્રસન્નતા વ્યક્ત કરતા રહ્યા હતા.

આમ, જેમ નિમિત્તાધીન દૃષ્ટિ છોડવા માટે, યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિની અનિવાર્યતાને ગૌણ કરવી પડે છે અને તેની ગૌણતા ત્યારે જ થઈ શકે છે કે જ્યારે પુરુષાર્થ ઉપર વજન જાય છે; તેમ પુરુષાર્થપૂર્વક જ પરિણામ થતા હોવા છતાં, પર્યાયના ફેરફારરૂપ કર્તૃત્વની દૃષ્ટિ છોડવા માટે, પુરુષાર્થ કરું કરું એ ગૌણ કરવું જ પડશે અને એ ગૌણતા ત્યારે જ થશે જ્યારે ક્રમબદ્ધ અનુસાર જ પુરુષાર્થ થાય છે—એમ ક્રમબદ્ધનો સ્વીકાર આવે. કારણ કે ક્રમબદ્ધના સ્વીકાર દ્વારા સહજ પુરુષાર્થ પ્રગટે છે, કર્તૃત્વરૂપ ઊંધો પુરુષાર્થ ટળે છે અને અકર્તા થઈ જાય છે. તેથી જ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે અકર્તાપણું સમજાવવા ક્રમબદ્ધનો આધાર લીધો છે અને તેથી જ પૂજ્ય ગુરુદેવશ્રીએ અકર્તાસ્વભાવી જ્ઞાયકને લક્ષગત્ કરાવવા ક્રમબદ્ધની ધોધમાર વર્ષા વરસાવી છે.

એ રીતે, ક્રમબદ્ધનો સ્વીકાર એ જ વાસ્તવિક પુરુષાર્થ હોવાનું સિદ્ધ કરનારો ક્રમબદ્ધપર્યાયનો આ મહાન સિદ્ધાંત કે જેના શંખનાદથી સમસ્ત પ્રકારના કર્તૃત્વરૂપી સૈન્યને અકર્તૃત્વની શરણાગતિ સ્વીકારી લેવી પડે છે તે સિદ્ધાંત વડે સહજ પુરુષાર્થથી જ્ઞાતાદૃષ્ટાપણે પરિણમવા સક્ષમ બનીએ એવી ભાવના..

# ક્રમબદ્ધની કમાલ

જગત્-પ્રસિદ્ધ મહા શૂરવીર પાંડવ મુનિઓના પાવન ચરણોથી ધન્ય બનેલી ભૂમિમાં એક હતું નાનકડું છતાં સુંદર ગામ જ્યાં વસતા સજ્જનોની ધાર્મિક પ્રવૃત્તિથી ગામનું નામ પડ્યું હતું 'ધાર્મિકનગરી.' એ ગામમાં ન હતી હોટલો કે ન હતી સિનેમાઓ; જ્યાંથી જુઓ ત્યાંથી નજરે ચઢતા ગગનચુંબી જિનાયતનોના શિખરો! ત્યાંનો સૂર્યોદય જાણે કે જ્ઞાનીઓની ધાર્મિક દેશનાથી ઊગતો! ત્યાં વસતા સજ્જનો દિનરાત અધ્યાત્મની ચર્ચાની મસ્તી વડે જ જાણે કે જીવિત રહેતા હતા.

એવી એ નગરીમાં બે હતા મિત્રો : જ્ઞાનચંદ અને ધરમચંદ; બંનેને હતો અધ્યાત્મનો રંગ. જીવનભર બન્નેને અધ્યાત્મની ચર્ચાઓ થતી રહે. શાસ્ત્રોના શબ્દની અંદર છૂપાયેલા ગૂઢ ભાવોના રહસ્યો ઉકેલવામાં જ તેમને હતો રસ.

એક દિવસ બંને મિત્રો ક્રમબદ્ધ અને પુરુષાર્થની ચર્ચા કરતા હતા—

જ્ઞાનચંદ : ભાઈ ધરમચંદ! પૂજ્ય ગુરુદેવશ્રી કહેતાં કે સર્વજ્ઞના જ્ઞાન અનુસાર જ પર્યાયો ક્રમબદ્ધ થાય છે,—તે વાત તદ્દન સાચી છે. પરંતુ આપણને ક્યાં ખબર છે કે આપણને સમ્યગ્દર્શન આ ભવમાં થવાનું છે કે આવતા ભવમાં! ભલે, સર્વજ્ઞએ જાણ્યું છે તેમ ત્યારે જ થશે; પરંતુ આપણને ખબર નથી માટે આપણે તો પુરુષાર્થ કરવો જોઈએ, કાંઈ ક્રમબદ્ધ સામું જોઈને બેઠા ન રહેવાય!

ધરમચંદ : ભાઈ જ્ઞાનચંદ! તમારી વાત સાચી કે આપણને ખબર નથી કે આપણને ક્યારે સમ્યગ્દર્શન થવાનું છે તેથી આપણે તો પુરુષાર્થ જ કરવો જોઈએ. જેને સમ્યગ્દર્શન કરવું છે તેને ભાવના તો પુરુષાર્થની જ હોય તેમ છતાં સમ્યગ્દર્શનનો કાળ પાક્યા પહેલાં મુખ્યપણે જીવ પુરુષાર્થની ઓથમાં પર્યાયમાં ફેરફાર કરવાની, પર્યાયમાં વહેલું કરવાની કર્તૃત્વબુદ્ધિનું જ પોષણ કરતો હોય છે. એ રીતે પર્યાયબુદ્ધિ દઢ કરવારૂપ અવળો પુરુષાર્થ કરતો રહે છે. વળી જિનવાણીમાં ઠેર ઠેર પુરુષાર્થ કર...કર...એવા ઉપદેશવચનોના વિશેષ જાણપણાને કારણે પુરુષાર્થના નામે જીવ પર્યાયનું કર્તૃત્વ ઘૂંટતો રહે છે. તેથી ૬૪ પહોરી તીખાશ મેળવવા લીંડીપિપરને બદલે કોલસો ઘૂંટતો રહેવાની જેમ જીવ અકર્તાસ્વભાવનું લક્ષ કરવા માટે પર્યાયનું કર્તૃત્વ જ પુરુષાર્થના નામે કરતો રહેતો હોય છે. આમ, તે

અકર્તાસ્વભાવનું ભાવભાસન કરવા પર્યાયનું કર્તૃત્વ કરતો રહે છે ને માને છે કે પુરુષાર્થ કરું છું, તેથી સમ્યગ્દર્શન પામતો નથી.

વળી જે ક્રમબદ્ધની સામું જોઈને બેસી રહે તે તો નથી સમજ્યો ક્રમબદ્ધને કે નથી સમજ્યો પુરુષાર્થને! ખરેખર તો ક્રમબદ્ધને સમજનાર, પુરુષાર્થથી માંડીને સઘળીય પર્યાયો પોતપોતાના સ્વ-અવસરે પોતાના ષટ્કારકથી નિરપેક્ષપણે પરિણમ્યા જ કરે છે, હું તેનો કર્તા નથી, માત્ર જ્ઞાતા છું—એમ પર્યાયનું કર્તૃત્વ છોડીને જ્ઞાતા સ્વભાવમાં અહમ્પણું કરતો થકો સમ્યક્ત્વ પામી જાય છે. બીજી રીતે કહીએ તો ક્રમબદ્ધનો યથાર્થ સ્વીકાર કરનારની કાળલબ્ધિ પાકી ગઈ હોય છે તેથી તેને અકર્તાપણાનો સહજ પુરુષાર્થ ઊપડે છે ને સ્વ-અવસરે કાર્ય આવીને ઊભું રહે છે!

જ્ઞાનચંદ : જેને પુરુષાર્થ કરવો નથી તે ક્રમબદ્ધના નામે તમારી જેવી ઉપરોક્ત માન્યતા ભલે કરે! રોગ આવે તો દૂર કરવાનો પુરુષાર્થ કરે; પૈસા કમાવવાનો પુરુષાર્થ કરે અને સમ્યગ્દર્શન માટે પુરુષાર્થ કરવાની વાત આવે તો પં. રાજમલજીને યાદ કરે કે કોટિ ઉપાય કરવા છતાં સમ્યગ્દર્શન યત્નસાધ્ય નથી સહજસાધ્ય છે. (કળશટીકા, કળશ-૪) જો યત્નસાધ્ય નથી, સહજસાધ્ય છે એમ માનશો તો જીવના અધિકારનું શું? જીવ પોતાના પરિણામ ધાર્યા પ્રમાણે ન કરી શકે?

ધરમચંદ : તમે કહ્યું કે રોગ આવે તો દૂર કરવાનો પુરુષાર્થ કરે; પૈસા કમાવવાનો પુરુષાર્થ કરે—પણ ભાઈ એવા વિકલ્પનો કાળ હતો માટે એવો વિકલ્પ ઊઠશે ને એવો પ્રયત્ન કરશે જ. પરંતુ એક વાત ચોક્કસ માનજો કે રોગ દૂર કરવાના લાખ વિકલ્પો કે પ્રયત્નો કરે, એનો દૂર થવાનો કાળ પાક્યા વિના દૂર થશે નહીં; પૈસા કમાવવાના લાખ વિકલ્પો કે ઉદ્યમો કરે, પૈસા પ્રાપ્ત થવાનો કાળ પાક્યા વિના પૈસા પ્રાપ્ત થશે નહીં. બસ તેવી જ રીતે, આત્માર્થીને પુરુષાર્થની ભાવના રહેવાથી પુરુષાર્થ કરવા છતાં જેને સમ્યક્ત્વનો કાળ પાકી ગયો હશે તે સહજસાધ્યના સ્વીકાર વડે અકર્તૃત્વનું ઘોલન કરતાં કરતાં સમ્યક્ત્વ પામી જશે અને જ્યાં સુધી યત્નસાધ્ય છે એવું જેને જ્ઞાન-શ્રદ્ધાન રહેશે ત્યાં સુધી તેને પુરુષાર્થના નામે પર્યાયનું કર્તૃત્વ જ ઘૂંટાતું રહેશે.

વળી જીવનો અધિકાર શું?—કે જીવનું સ્વરૂપ સમજવામાં જ જીવ ભૂલ કરી બેસે છે. જીવનું સ્વરૂપ તો અકર્તા-જ્ઞાયક સ્વરૂપ છે. જીવ કર્તાભોક્તા નથી પણ અકર્તા-જ્ઞાતા છે એટલે પુરુષાર્થથી માંડીને સઘળીય પર્યાયનો અકર્તા થવું એ જીવનો અધિકાર છે. તેથી સહજસાધ્યના સ્વીકારમાં તો જીવનો અધિકાર અકબંધ જળવાય રહે છે; ઉલટાનું પુરુષાર્થના

બહાને કરું કરું વડે કર્તાપણું ઘૂંટવાથી જીવનો અધિકાર છિનવાઈ જાય છે, માટે તો સમ્યક્ત્વ થતું નથી.

ભાઈ! બહુ ગંભીરતાથી ક્રમબદ્ધના સિદ્ધાંતનું ભાવભાસન કરવા જેવું છે. પૂજ્ય બહેનશ્રીને સમ્યક્ત્વ થયું તે વાત સૌથી પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રીને કહી ત્યારે તેમના સહજ શબ્દો એ હતા કે "આત્મા અકર્તા થઈ ગયો; કર્તૃત્વ બધું છૂટી ગયું ને જ્ઞાતા થઈ ગયો!' અર્થાત્ અકર્તાસ્વભાવનો સ્વીકાર આવવો–ભાવભાસન થવું તે જ સમ્યક્ત્વ છે અને એવું ભાવભાસન ક્રમબદ્ધના ઊંડાણમાં ઊતરીને પર્યાયમાત્રના અકર્તા થવાથી થઈ શકે છે.

જો જીવ ધાર્યા પ્રમાણે પોતાના પરિણામને કરી શકે, પુરુષાર્થથી ફેરવી શકે તો આટલા વર્ષના તમારા શાસ્ત્રના ઊંડા અભ્યાસ છતાં કેમ પરિણામ ધાર્યા પ્રમાણે નથી કર્યા?–કે પછી સમ્યક્ત્વનો પુરુષાર્થ કરવાનું તમે ધાર્યું જ નહોતું!!

ભાઈ જ્ઞાનચંદ! એક વાત સમજી લો કે ૬૫ દિવસ સુધી ઈન્દ્ર ઈન્દ્રભૂતિને સમવસરણમાં લાવવા અસમર્થ હતો! લોકને ઉલટો કરવાની શક્તિવાળો ઈન્દ્ર કાળલબ્ધિ પાક્યા વિના ઈન્દ્રભૂતિને લાવવા પંગૂ હતો!! સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે ક્રમબદ્ધના સિદ્ધાંતના ભાવભાસન વડે ક્રમબદ્ધ પરિણમતિ પુરુષાર્થની પર્યાયથી માંડીને સઘળીય પર્યાયનો અકર્તા જ્ઞાતા થવું એ જ યથાર્થ પુરુષાર્થ છે અને તેનું નામ સહજસાધ્ય છે અને તે વડે જ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

ભાઈ જ્ઞાનચંદ! ક્રમબદ્ધ પુરુષાર્થનો ઘાતક છે એવો ભ્રમ છોડી દ્યો; ક્રમબદ્ધ તો કર્તૃત્વરૂપ પુરુષાર્થનો ઘાતક છે ને યથાર્થ પુરુષાર્થનો દ્યોતક છે, સહજ પુરુષાર્થનો પ્રણેતા છે. ક્રમબદ્ધનું યથાર્થ સ્વરૂપ સમજાતાં સઘળાય કર્તૃત્વનો બોજો ઊતરી જશે ને જ્ઞાન જ્ઞાતાપણામાં ઠરી જશે.

આમ, બંને સજ્જન મિત્રો પોતાના નાનકડા ઘરમાં ખુરશીમાં બેઠા બેઠા ચર્ચાવાર્તા કરતા હતા ત્યાં તેમના એક જૂના જ્યોતિષમિત્ર આવી ચઢ્યા. તેમનું જ્યોતિષનું જ્ઞાન એટલે અવધિજ્ઞાન જેવું સચોટ જ્ઞાન! તેઓ જેવું ભવિષ્ય ભાખે તે ક્યારેય મિથ્યા ન બને! તે જ્યોતિષમિત્ર એકાએક ગંભીર થઈ ગયા. ખૂબ દુઃખદર્દથી તેઓએ પેલા યજમાન મિત્ર જ્ઞાનચંદને કહ્યું કે "દોસ્ત! આવતી કાલે બપોરે ૪ વાગે તમે ખુરશીમાં બેઠા હશો ને તમારા પગે સર્પ ડંખ મારશે ને તમે મરણ પામશો"—આટલું કહેતાં જ્યોતિષમિત્ર ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યો! બંને મિત્રોએ તેને ખૂબ સાંત્વના આપી. ત્યાર બાદ જ્યોતિષ મિત્ર પોતાના ઘરે ગયો.

જ્ઞાનચંદ : ભાઈ ધરમચંદ! આપણે જાણીએ છીએ કે આપણા આ જ્યોતિષ મિત્રની

વાત ક્યારેય ખોટી પડતી નથી. પરંતુ હું તેની આ વાત ખોટી પાડીને જ રહીશ. આવતી કાલે ૩ વાગ્યાથી મારે ત્યાં કુશળ મદારીને મારી સામે જ બેસાડી દઈશ ને હું ૩ વાગ્યાથી પલોઠીવાળીને બેસી જઈશ.

ધરમચંદ જ્ઞાનચંદની પીઠ થપથપાવીને હસતા હસતાં પોતાને ઘરે ગયો.

ધરમચંદ ગયા બાદ જ્ઞાનચંદે ફરી વિચાર્યું કે આ નાનું ગામ છે, અહીં સર્પોનો ઉપદ્રવ છે તેથી હું અત્યારે જ બાજુના શહેરમાં મારા જૂના મિત્ર લક્ષ્મીચંદને ત્યાં બે દિવસ રહેવા જતો રહું! તુરત જ્ઞાનચંદ પોતાના તે ધનાઢ્ય મિત્ર લક્ષ્મીચંદના બંગલે—બાજુના શહેરમાં—રહેવા પહોંચી ગયા. પોતાનો મિત્ર ઘણા સમયે પોતાને ત્યાં આવ્યો હોવાથી ઘણી વાતો કરીને બંને મિત્રો સૂઈ ગયા. બીજા દિવસે મહેમાન મિત્ર જ્ઞાનચંદની એટલી બધી સરભરા કરવામાં આવી કે તેઓ જ્યોતિષની વાત જ જાણે કે ભૂલી ગયા! બપોરે આરામ કરીને લક્ષ્મીચંદના બંગલામાં આવેલ બગીચામાં અદ્યતન ખુરશી પર બંને મિત્ર બેઠા હતા; આવેલ જ્ઞાનચંદ લક્ષ્મીચંદને આ મળેલા દુર્લભ મનુષ્ય ભવમાં પુરુષાર્થ કરીને આત્મહિત કરી લેવા સમજાવતાં હતા; તેવામાં બગીચાની ઝાડીમાંથી એકાએક સર્પ આવ્યો ને બે મિત્રોના ચાર પગ ઝૂલતા હતા તેમાંના એક પગે સર્પે ડંખ માર્યો! અને તે પગ હતો મહેમાન જ્ઞાનચંદનો!

લક્ષ્મીચંદે તાત્કાલિક વૈદ્ય હકીમોને ભેગા કર્યા ને બચાવવા અથાગ પ્રયત્નો કરવા લાગ્યા. આ બાજુ સર્પદંશથી મૃત્યુશૈયાએ પડેલો જ્ઞાનચંદ વિચારવા લાગ્યો કે હું પુરુષાર્થપૂર્વક ક્રમબદ્ધને ખોટું પાડવા ઘર છોડીને શહેરમાં આવ્યો. અરેરે! ભવિષ્યમાં શું થવાનું છે એ જાણીને મેં કર્યું શું? ઊલટાનું એ હોનહાર થઈને રહે તેવો પુરુષાર્થ કર્યો! જ્યોતિષમિત્રે મને સ્થળ તો કહ્યું ન હતું કે તમારા ઘરે સર્પ ડંખ મારશે કે મિત્રના ઘરે! આ કરતાં જો જ્યોતિષમિત્રે વાત જ ન કરી હોત તો હું મારા ઘરે બેઠો હોત ને સર્પથી બચ્યો હોત! ક્રમબદ્ધ અનુસાર જે થવાનું હોય તે પ્રમાણે જ જીવ પુરુષાર્થ કરતો હોય છે તે વાત સાચી છે! અરેરે! પુરાણમાં પ્રસંગો છે કે ભવિષ્યમાં દ્વારિકા કોનાથી બળશે ને શ્રીકૃષ્ણનું કોના હાથે મરણ થશે તે અગાઉથી જાણવાથી ઊલટાનું ઘરમાં બેઠેલા જરત્કુમારે અને દ્વિપાયને ઘર છોડીને હોનહારની સિદ્ધિ કરી હતી, તેવું જ મેં કર્યું. તેનો અર્થ કે ક્રમબદ્ધ અનુસાર જ બુદ્ધિ થાય છે ને તે પુરુષાર્થ પણ તેવો જ કરે છે—ક્રમબદ્ધમાં શું છે તે અગાઉથી જાણવા મળે તોપણ હોનહારને ફેરવી ન શકાય, ઊલટાનું તે હોનહાર મુજબ થઈને રહે તેવો પ્રયત્ન સૂઝે. અગાઉથી

હોનહાર જાણવા મળે તેથી તે જે કાંઈ પ્રયત્ન કરે તે તો મોહજન્ય રાગનું કાર્ય છે; વિકલ્પ તો એવો આવે, ઉદ્યમ તો એવો જ કરે પણ એવું કરે માટે હોનહાર ફરી ન જાય અને વિકલ્પજન્ય એ કાર્ય થવાનું પણ તેના ક્રમબદ્ધમાં હતું તેથી થયું છે. તેનો અર્થ એ કે હું તે વિકલ્પજન્ય કાર્યવડે પુરુષાર્થ દ્વારા બાહ્ય ઉદયમાં કે મારા પરિણામમાં ધારું તેમ ફેરફાર કરી શકું તેમ માનતો હતો તે મિથ્યાત્વની જ પુષ્ટિ હતી. માટે, ગુરુવાણીએ કરેલ 'ક્રમબદ્ધપર્યાય'ના શંખનાદને સમજીને અકર્તાવાદી બનજો એટલું કહીને જ્ઞાનચંદ દેહવિલય પામ્યો.

ધરમચંદે જ્યારે જ્ઞાનચંદના સ્વર્ગવાસની વિગત જાણી ત્યારે બહુ દુઃખી થયો કે અરેરે! જ્ઞાનચંદને આટલો શાસ્ત્ર-અભ્યાસ હોવા છતાં પુરુષાર્થ વડે ક્રમબદ્ધને ખોટો પાડવા બહારગામ ગયો ને ત્યાં મર્યો! ઓહોહો! હોનહાર શું કામ કરે છે!

તે વિચારવા લાગ્યો કે :—

❀ ક્રમબદ્ધના કોયડાની ગૂંચ નહીં ઉકેલી શકવા છતાં, જ્ઞાનચંદ જેવો પુરુષાર્થવાદી પણ અવ્યક્તપણે ક્રમબદ્ધ અનુસાર જ પુરુષાર્થ થતો હોવાનું માનતો હોય છે. તેથી જ પોતે ઘરમાં બેસી રહેવાને બદલે બહારગામ જવાનો ઉદ્યમ કરે છે. જો ક્રમબદ્ધતામાં ન માનતો હોત તો પોતાના ઘરમાં જ બેસી રહ્યો હોત ને!

❀ ભવિષ્યમાં શું થવાનું છે તે વર્તમાનમાં જાણવા મળે તો ભવિષ્યમાં થનાર કાર્યને ખોટું પાડી શકાય એવી માન્યતા તદ્દન ભ્રમણાયુક્ત છે. અગાઉથી જાણવા મળી જાય તો ઊલટાનું ભવિષ્યમાં જે થવાયોગ્ય હોય તે થઈને જ રહે તેવો પુરુષાર્થ તેને સૂઝે છે. દા.ત. જો જ્યોતિષમિત્રે સર્પદંશની વાત જ ન કરી હોત તો? તો પોતાના ઘરમાં સર્પદંશનું કાર્ય શી રીતે બનત? એટલે અગાઊથી જાણવા મળતા હોનહાર થઈને જ રહે તે માટે બહારગામ જવાનો ઉદ્યમ કર્યો ને!—હોનહારને યોગ્ય પુરુષાર્થ કર્યો ને!

❀ ભવિષ્યનું જાણતા હો કે ન જાણતા હો, તમારો પુરુષાર્થ તો હોનહારની પૂર્તિ માટેનો જ હોય છે; હોનહારમાં ફેરફાર કરનારો પુરુષાર્થ અસંભવિત છે, અશક્ય છે અર્થાત્ પોતાની ક્રમબદ્ધતા અનુસાર જ બુદ્ધિ હોય છે, તે બુદ્ધિ અનુસાર જ પુરુષાર્થ થાય છે—એવું સમજાતા ક્રમબદ્ધ અને પુરુષાર્થમાં કોયડો જ ઉદ્ભવતો નથી.

❀ ખરેખર તો ભવિષ્યનું વર્તમાનમાં જાણપણું એટલે થતું હોય છે કે જેના લીધે ભવિષ્યનું હોનહાર થઈને જ રહે. દા.ત. શ્રીકૃષ્ણના મરણસંબંધી અગાઉ જાણપણું થવાથી હોનહાર થવામાં અનુકૂળ ઉદ્યમ કર્યો. પરંતુ ભવિષ્યનું અત્યારે જાણવાથી જો તેમાં ફેરફારનો

પ્રયત્ન થાય તેવો પુરુષાર્થ થવાની શક્યતા હોય તો ભવિષ્યનું જાણપણું અત્યારે થતું નથી. દા.ત. કુમાર પારસનાથે અવધિજ્ઞાન વડે જાણ્યું કે લાકડામાં સર્પ-દંપતિ છે પણ એ જાણવામાં ન આવ્યું કે આ વાત તાપસને કહેવાથી તે કુહાડી વડે લાકડું ફાડશે ને સર્પ-દંપતિ મરણ પામશે! જો આ વાત અવધિજ્ઞાનમાં અગાઉ જણાઈ હોત તો કુમાર પારસનાથ લાકડું ફાડવા દેત ખરા? અને તો શું થાત? અર્થાત્ અવધિજ્ઞાનમાં પણ એટલું જ જણાય કે જેથી હોનહાર થવામાં અનુકૂળ ઉદ્યમ બને! મતલબ કે જાણપણું અગાઉથી થવું કે ન થવું તે પણ ભવિષ્યમાં થનાર કાર્યની ક્રમબદ્ધતાને અનુરૂપ જ હોઈ શકે છે. અગાઉથી જાણપણું થવું કે ન થવું તે પણ ક્રમબદ્ધતા અનુસાર નિશ્ચિત!! છે ને ક્રમબદ્ધની કમાલ!!

આ પ્રસંગ ઉપર ચિંતન કરીને ધરમચંદે ક્રમબદ્ધ અને પુરુષાર્થ સંબંધી પોતાની ડાયરીમાં લખ્યું કે :—

પુરુષાર્થ કરવો એ જીવનો અનાદિસિદ્ધ સ્વભાવ હોવા છતાં, જે કાંઈ પુરુષાર્થ થતો હોય છે તે પોતાની ક્રમબદ્ધતાને અનુરૂપ જ થતો હોય છે, ભલેને ક્યારે કેવા પરિણામ થવાના છે તે અગાઉથી જાણતો હોય કે ન પણ જાણતો હોય; પરંતુ પોતાની ક્રમબદ્ધતાથી વિરુદ્ધ પુરુષાર્થ કરવા કોઈ પણ દ્રવ્ય સમર્થ નથી. કર્તૃત્વબુદ્ધિવશ ભલે જીવ માને કે હું પુરુષાર્થપૂર્વક ધાર્યા પ્રમાણે મારા પરિણામમાં ફેરફાર કરી શકું છું તોપણ પરસંબંધી કે સ્વસંબંધી જે કોઈ પરિણામ થતાં હોય છે તે માત્ર ક્રમબદ્ધતા અનુસાર જ થતું હોય છે અર્થાત્ અકર્તા થવું એ જ જીવનો અધિકાર છે, એ જ જીવનો સ્વભાવ છે એવો નિર્ણય થતાં કર્તૃત્વબુદ્ધિ છૂટે છે ને જ્ઞાતાદૃષ્ટાનો સહજ પુરુષાર્થ પરિણમે છે અને ફળસ્વરૂપે 'હું તો અકર્તા થઈ ગયો'—એવો અનુભવ થાય છે.

પુદ્‌ગલ-પરિણામનું જ્ઞાન એટલે કે રાગ-દ્વેષના જે પરિણામ થયા તે કાળે, સ્વને જાણતાં સ્વ-પરપ્રકાશકજ્ઞાન વડે રાગ-દ્વેષને જાણે છે, તે રાગ-દ્વેષ સંબંધીનું જ્ઞાન જીવનું કર્મ છે અને જ્ઞાનના પરિણામનો આત્મા કર્તા છે. ખરેખર તો પુદ્‌ગલ-પરિણામનું જ્ઞાન નથી પણ જે પ્રકારના પરિણામ છે તે પ્રકારનું તે સંબંધીનું પોતાનું જ્ઞાન છે, તેને કર્તાપણે જીવ કરે છે અને તે જ્ઞાન જીવનું કાર્યરૂપ કર્મ છે, પણ રાગના પરિણામનો જીવ કર્તા નથી. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**જેમ ચારિત્રના બે ભેદ : વીતરાગચારિત્ર અને સરાગચારિત્ર (નિશ્ચયચારિત્ર અને વ્યવહારચારિત્ર)**

**તેમ પુરુષાર્થના બે ભેદ : યથાર્થ પુરુષાર્થ અને ભાવનારૂપ પુરુષાર્થ** અર્થાત્

# અકર્તૃત્વરૂપ પુરુષાર્થ અને કર્તૃત્વરૂપ પુરુષાર્થ

જેવી રીતે નિશ્ચયચારિત્ર સાથે ભૂમિકાયોગ્ય જે પ્રશસ્ત રાગ હોય છે તેને સરાગ–વ્યવહારચારિત્ર કહેવાય છે, કેમ કે સાતમા ગુણસ્થાનરૂપ નિશ્ચયચારિત્ર હોય તો છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય સાથે વ્યવહારચારિત્ર હોય જ. જો ન હોય તો તેને નિશ્ચયચારિત્ર હોતું જ નથી, તેથી રાગવાળી દશાને વ્યવહારચારિત્ર નામ મળે છે. પરંતુ જો નિશ્ચયચારિત્ર ન હોય ને એકલો છઠ્ઠાને યોગ્ય માત્ર પ્રશસ્ત રાગ–વ્યવહાર હોય તો તેને વ્યવહારચારિત્રનું નામ પણ લાગુ પડતું નથી. વળી નિશ્ચયચારિત્ર સાથે ભૂમિકાયોગ્ય જે વ્યવહારચારિત્ર હોય છે તે હોતું થકું પણ નિશ્ચયચારિત્રનું ઘાતક-દુષ્ટ-અનિષ્ટ ને બાધક જ છે અને છતાં સાથે હોય છે. આવી આશ્ચર્યકારી નિશ્ચયચારિત્ર-વ્યવહારચારિત્રની દશા હોય છે.

તેવી રીતે જે જીવની ક્રમબદ્ધતામાં–ભવિતવ્યતામાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો કાળ હોય છે તેને અકર્તૃત્વરૂપ પુરુષાર્થની સાથે ભૂમિકાયોગ્ય ભાવનારૂપ પુરુષાર્થ અવશ્ય હોય જ છે. સમ્યક્ત્વની ભાવનારૂપ પુરુષાર્થ ન હોય અને એકલો અકર્તૃત્વરૂપ પુરુષાર્થ હોય એમ બને નહીં. તેથી સમ્યગ્દર્શન જેને થાય છે તેને અકર્તૃત્વરૂપ યથાર્થ પુરુષાર્થની ભૂમિકામાં સાથે ભાવનારૂપ કર્તૃત્વરૂપ પુરુષાર્થ પણ હોય છે, તોપણ જ્યાં સુધી તે ભાવનારૂપ કર્તૃત્વના પુરુષાર્થની મુખ્યતા–અધિકતા વર્તે છે ત્યાં સુધી અકર્તૃત્વરૂપ યથાર્થ પુરુષાર્થ પ્રગટ થતો જ નથી અને તેથી ત્યાંસુધી તે ભાવનારૂપ પુરુષાર્થ ખરેખર તો પુરુષાર્થ નામ પણ પામતો નથી, ત્યાંસુધી તે પુરુષાર્થને માત્ર કર્તાબુદ્ધિરૂપ મિથ્યાત્વ જ કહેવાય છે. જેને યથાર્થ પુરુષાર્થ અર્થાત્ અકર્તૃત્વરૂપ પુરુષાર્થ પ્રગટીને સમ્યગ્દર્શન થાય છે તેને પૂર્વભૂમિકામાં સાથે જે ગૌણપણે ભાવનારૂપ પુરુષાર્થ હોય છે તે કર્તૃત્વરૂપ પુરુષાર્થને ભાવનારૂપ પુરુષાર્થનું નામ મળે છે–કહેવાય છે તોપણ, વ્યવહારચારિત્રની માફક, જો ભાવનારૂપ પુરુષાર્થનું અધિકપણું રહે તો તે યથાર્થ પુરુષાર્થનો બાધક છે–અકર્તૃત્વરૂપ પુરુષાર્થનો બાધક છે.

તેથી, જેમ નિશ્ચયચારિત્ર સાથે રહેલો પ્રશસ્ત રાગ બાધક હોવા છતાં વ્યવહારચારિત્ર નામ પામે છે, તેમ અકર્તૃત્વરૂપ પુરુષાર્થની મુખ્યતામાં ગૌણપણે સાથે રહેલો 'પુરુષાર્થ કરું'રૂપ કર્તૃત્વની ભાવનારૂપ પુરુષાર્થ પણ પુરુષાર્થ નામ પામવા છતાં અકર્તૃત્વરૂપ યથાર્થ પુરુષાર્થમાં બાધક છે—એવું લાગશે નહીં ત્યાં સુધી કર્તૃત્વબુદ્ધિ છૂટશે નહીં, અકર્તૃત્વરૂપ યથાર્થ પુરુષાર્થ પ્રગટશે નહીં એવો નિર્ણય હોવો જોઈએ. ✻✻✻

# સમજાણું કાંઈ !!

ભગવાનનું જ્ઞાન પોતાને જાણે છે એ નિશ્ચય છે. અહીં પણ ખરેખર તો પોતે પોતાને જ જાણે છે. પરને જાણવું એ તો એક વ્યવહાર કહેવામાં આવે છે. પર-સંબંધીનું જ્ઞાન પોતાનું, પોતાના જ્ઞાનને જાણે એ નિશ્ચય છે, પરને જાણવું કહેવું એ ઉપચારથી વ્યવહાર છે. ભગવાનને પણ એમ છે. નિશ્ચયથી આત્મા સહજ પરમાત્મા પોતાનો ત્રિકાળસ્વભાવ, એને દેખે છે. ભગવાન તો પોતાના આત્માને દેખે છે કે જે પોતે એકસ્વરૂપે પરમાત્મા એમાં આ બીજો લોકાલોકનો ભેળસેળ નથી એમ કહે છે. કેવળજ્ઞાન કેવું હોય એની વ્યાખ્યા છે.

સ્વભાવથી મહાન એવા આત્મામાં વ્યવહાર-પ્રપંચ નથી. અહીં તો કહે છે ભગવાન આત્મા પોતાનો ને ભગવાન આત્માનો એ પોતાના સ્વભાવની મહિમાથી તે સ્વાત્મામાં વ્યવહાર-પ્રપંચ નથી, પરને જાણવું એમાં નથી એ કહે છે. આવો આત્મા એ અનુભવે, જાણે એને સમ્યગ્દર્શન થાય. જે આત્મા પોતાના સ્વરૂપમાં જ છે, સહજ સ્વભાવથી મહાન છે, એ પુણ્ય ને પાપ, શરીરાદિથી તો રહિત છે પણ પરના જાણવાથી પણ રહિત છે. પરનું જાણવું એટલે કે ‘આ છે’ એ તો વ્યવહાર છે. એ સંબંધી પોતાનું જ્ઞાન ને પોતા સંબંધી પોતાનું જ્ઞાન એને ઈ જાણે ઈ નિશ્ચય છે.

સ્વભાવથી મહાન એવા તે આત્મામાં વ્યવહાર-પ્રપંચ નથી, પરને જાણવું ઈ એનામાં છે નહીં. પોતાનો સ્વભાવ સર્વજ્ઞ છે એમાં એને જાણે છે, પરને જાણે છે એ તો વ્યવહાર, એવો પ્રપંચ એમાં નથી. અર્થાત્ નિશ્ચયથી આત્મામાં લોકાલોકને દેખવારૂપ વ્યવહાર-વિસ્તાર નથી.

શું કહ્યું આ ? લોકાલોકને જાણતો નથી ને આત્મા? એમ કીધું ને ? નથી જાણતો એનો અર્થ કે લોકાલોક ‘આ છે’ એમ જાણતો નથી, એ લોકાલોક ને પોતાનું જે જ્ઞાન પોતામાં, એને જાણતા લોકાલોક જણાય જાય છે એવા ભગવાન આત્મામાં લોકાલોકનો વ્યવહાર-વિસ્તાર નથી. શ્રીમદ્‌માં પણ એમ આવે છે કે ‘કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન’—એ નિશ્ચયથી વાત કરી છે. એથી લોકાલોકને નથી જાણતા એમ નહીં. લોકાલોકને આમ જાણવું ઈ પર છે, એને જાણવું કહેવું એ વ્યવહાર છે પણ લોકાલોક ને પોતે જે સ્વરૂપે છે એનું જ્ઞાન પોતામાં પોતાથી પોતામાં થાય છે એને જાણે એનું નામ નિશ્ચય છે. એથી કેવળી લોકાલોકને જાણતા નથી એમ નથી પણ વ્યવહારે જાણે છે એનો અર્થ! પરને તન્મય થઈને જાણતા નથી ને તેથી તેને વ્યવહાર કહેવામાં આવે છે પણ એ સંબંધીનું પોતાનું જ્ઞાન

તન્મય થઈને પોતાને જાણે છે એવા લોકાલોકનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી પોતામાં પોતાને કારણે આવી જાય છે.

અહીં તો પરને જાણે એમ કહેવું એ પરની અપેક્ષા આવે છે ને! એથી એને વ્યવહાર કહેવાય અને સ્વને જાણતા સ્વની અપેક્ષા આવે એટલે નિશ્ચય કહેવાય. સ્વના જ્ઞાનમાં–સર્વજ્ઞમાં બધું જણાઈ ગયું છે પણ એ સર્વજ્ઞની પર્યાય પોતાની છે એને જાણે છે એ નિશ્ચય છે. આ તો તત્ત્વની વાત ઝીણી છે.

અંતર આત્મા આ જ્ઞાન જ્ઞાનને જાણે. એ જ્ઞાનમાં રાગ-શરીરાદિ શું છે એવું આમાં જ્ઞાન પોતાના સ્વપરપ્રકાશકના સામર્થ્યમાં આવી જાય છે. છતાં એને દેખે ઈ કહેવું વ્યવહાર છે અને પોતાનું સ્વપરપ્રકાશક જાણવાનું સામર્થ્ય એને દેખે ઈ નિશ્ચય છે. જાણવામાં પણ વ્યવહાર ને નિશ્ચય! આચરણમાંય વ્યવહાર ને નિશ્ચય! શ્રદ્ધા-જ્ઞાનમાંય વ્યવહાર-નિશ્ચય! ચારિત્રયમાં વ્યવહાર ને નિશ્ચય! કઈ અપેક્ષાએ વાત છે ઈ સમજાવી જોને ને!

આત્મા પોતાના સ્વરૂપને, શુદ્ધ અખંડ અભેદને શ્રદ્ધે તે સમ્યગ્દર્શન નિશ્ચય સ્વ-આશ્રિત છે અને પરને શ્રદ્ધે—દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ—એ વ્યવહાર વિકલ્પ છે. એમ આત્મા પોતાને જાણે એ સમ્યગ્જ્ઞાન છે, શાસ્ત્રને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. એમ આત્મા પોતાના સ્વરૂપમાં આનંદમાં રમે તે નિશ્ચય-ચારિત્ર છે ને એમાં પંચ મહાવ્રતાદિ વિકલ્પ ઊઠે તે વ્યવહાર-ચારિત્ર ! એટલે નથી તેને કહેવું તેનું નામ વ્યવહાર! એમ લોકાલોકને જાણે એમ કહેવું એ વ્યવહાર છે કેમ કે લોકાલોકનું જ્ઞાન નથી, અહીં તો જ્ઞાન પોતાનું છે.

અરે! આત્માની વાત જ એણે કોઈ દી પ્રેમથી સાંભળી નથી. જગતના થોથા કરી કરીને મરી ગયો! આત્મા કેટલો સામર્થ્યવાળો! સર્વજ્ઞ પરમેશ્વરે, પરમાત્મા તીર્થંકરદેવે કહ્યો એ આત્મા હો!

અહીં તો ભગવાન આત્મા કહે છે એ પોતે જ્ઞાનની દશા, પોતાના સ્વભાવના આશ્રયથી ધ્યાનથી પ્રગટ કરી એ જ્ઞાનમાં એ જ્ઞાન સ્વ-આત્મા પરમાત્માને જ જાણે છે. પરમાત્માનું જ્ઞાન પોતાના પરમાત્માને જાણે છે. પરમાત્માનું જ્ઞાન પરને જાણે એમ કહેવું એમાં પરની અપેક્ષા એટલે વ્યવહાર છે પણ પરસંબંધીનું જ્ઞાન પોતામાં નથી એમ નહીં. ઈ પરસંબંધીનું પોતાનું જ્ઞાન છે. સર્વજ્ઞપણું એ આત્મજ્ઞ છે. ઈ સર્વજ્ઞપણું પરને લીધે છે એમ નથી. ત્યાંય વ્યવહાર ને નિશ્ચય! નીચેય વ્યવહાર ને નિશ્ચય!

ભગવાન આત્મા પોતાનો જ્ઞાન ને આનંદ સ્વભાવ, એને અંતરમાં અનુભવીને જે

સમ્યગ્દર્શન થાય અને એને જાણીને જે જ્ઞાન થાય અને એમાં રમણતા કરીને ચારિત્ર થાય એ નિશ્ચય કહેવાય છે કેમ કે સ્વને આશ્રયે થયું એ સાચું જ્ઞાન-દર્શન ને ચારિત્ર છે અને પરને આશ્રયે જેટલું કહેવાય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ રાગ કહેવાય, એ વ્યવહાર કહેવાય, એ સાચું ન કહેવાય. નિશ્ચય તે સત્યાર્થ છે, વ્યવહાર તે અસત્યાર્થનો અર્થ પરને જાણે તે અસત્યાર્થ છે. પરને જાણવું એ યથાર્થમાં નથી.

પોતાનો ભગવાન આત્મા પોતાના જ્ઞાન-દર્શન-આનંદને અને આત્માને જાણે એ સ્વને જાણે એ યથાર્થ છે. નીચે નિશ્ચય ને વ્યવહાર તે ઠેઠ કેવળજ્ઞાન સુધી લઈ ગયા. આવું સ્વરૂપ સર્વજ્ઞ વીતરાગ સિવાય ક્યાંય હોઈ શકે નહીં. *(ગુરુ કહાન : દૃષ્ટિ મહાન, ભાગ-૫ માંથી)*

—સૂક્ષ્મતત્ત્વ-રહસ્ય-ઉદ્‌ઘાટક પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

## પૂજ્ય ગુરુદેવશ્રીના હૃદયોદ્‌ગાર

* તું એક ચૈતન્ય છો કે નહીં? છો; તો તારો સ્વભાવ જાણવું એ છે કે નહીં? એ જાણવું છે તો જાણવું સ્વપરપ્રકાશકપણે છે કે એકલા સ્વપણે જ છે? જ્યારે સ્વપરપ્રકાશકપણે જાણવું છે તો એ પરને પ્રકાશે છે કે પોતાને પ્રકાશે છે? સ્વપર-પ્રકાશકપણું પોતાને પ્રકાશે છે. આહાહા! ચૈતન્ય પ્રભુ આત્મા એ દયા, દાન, રાગનો કર્તા તો નહીં પણ એનો જાણનાર પણ નહીં. આહાહા! ખરેખર તો એ પોતાના જ્ઞાનને પ્રકાશે છે. સ્વપરપ્રકાશક પોતાની શક્તિ છે એને વિસ્તારે છે, એ રાગાદિને વિસ્તારતો નથી. ચૈતન્યનો સ્વપરપ્રકાશક વિસ્તાર પોતાના જ્ઞાનને વિસ્તારે છે, પરવસ્તુને—જ્ઞેયને વિસ્તારતો નથી, આહાહા!

* દીવો ઘટ-પટને પ્રકાશે છે એમ નહીં, દીવો દીવાના પ્રકાશને—દ્વિરૂપતાને પ્રકાશે છે. દીવો દીવાને પ્રકાશે છે અને દીવો ઘટ-પટનું પ્રકાશવું જે છે એ પ્રકાશને પ્રકાશે છે. એમ આત્મા પણ પરને પ્રકાશતો નથી, એના સ્વ અને પરને જાણવાનો જે પ્રકાશ પોતાનો છે તે દ્વિરૂપતાને પ્રકાશે છે, પરને નહીં, આહાહા! ભગવાન આત્મા પરને જાણવામાં પરને પ્રકાશે છે એમ નહીં, સ્વ અને પરને પ્રકાશતી દ્વિરૂપતાને પ્રકાશે છે—જ્ઞાનની દ્વિરૂપતાને પ્રકાશે છે, પરને નહીં, લોકાલોકને નહીં, આહાહા!

* ભગવાન જ્ઞાનસ્વરુપ ચૈતન્યજ્યોત વસ્તુ એ પરમાં કાંઈ ફેરફાર કરે એ વાત તો છે જ નહીં પણ પરને જાણવું એમ કહેવું એ પણ વ્યવહાર છે. જે પર છે તે સંબંધીની જ્ઞાનની પર્યાય પોતાની પોતામાં જ્ઞાનકલ્લોલપણે—તરંગપણે પરિણમી છે તેને જ્ઞાન જાણે છે. *ગુરુ કહાન : દૃષ્ટિ મહાન (ભાગ-૧)માંથી*

### પૂજ્ય ગુરુદેવશ્રીએ સમજાવેલ પ્રયોજનભૂત મહાસિદ્ધાંત

## જ્ઞાયકસ્વભાવ

### જ્ઞેયાકાર અવસ્થા હો કે સ્વરૂપ-પ્રકાશન અવસ્થા હો જ્ઞાન તો સદાય પોતાના જ્ઞાયક સ્વભાવમાં જ રમે છે—જ્ઞાયકસ્વભાવની જ પ્રસિદ્ધિ કરે છે

પૂજ્ય ગુરુદેવશ્રી પોતાના જીવનકાળ દરમ્યાન હજારોવાર મુમુક્ષુસમાજ સમક્ષ—ચાહે તે સોનગઢ હો, રાજકોટ હો, મુંબઈ-મદ્રાસ-અમદાવાદ હો કે કલકત્તા-નાઈરોબી હો,—હજારોની સંખ્યાની મુમુક્ષુસભામાં અત્યંત ઉલ્લાસથી ગાથા–૧૭-૧૮ના આ વિષયને વિસ્તૃત ચર્ચા વડે સમજાવતાં કે—"અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી."

(અનુભૂતિ સ્વરૂપ) જેનો સ્વભાવ જ પોતાના જ્ઞાનમાં જણાતાં રહેવાનો છે તેવા સ્વરૂપવાળો (ભગવાન આત્મા) જે હું તે પરમાત્મા અને પરમાત્મા તે હું એવો આત્મા (આબાળ-ગોપાળ) બાળકથી માંડીને વૃદ્ધ અથવા તો અજ્ઞાનીથી માંડીને સિદ્ધ પર્યંત (સૌને) સર્વે જ્ઞાની-અજ્ઞાની જીવોને (સદાકાળ પોતે જ) જેનો સ્વભાવ સમયે સમયે જાણનારી પર્યાયમાં જણાયા જ કરવાનો છે તે પોતે (અનુભવમાં આવતો હોવા છતાં) જાણવાની પર્યાયમાં જણાઈ રહ્યો હોવા છતાં (પર સાથેના એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને) જાણવાની પર્યાયમાં નિમિત્ત થતાં પરદ્રવ્યોમાં પોતાપણાની ભ્રમજનિત માન્યતાથી જે અજ્ઞાની થયો છે તેને ('આ અનુભૂતિ છે તે જ હું છું') સમય સમયની પ્રગટ જ્ઞાનપર્યાયમાં જે જણાઈ રહ્યો છે તે જ હું છું (એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી) જાણવાની પર્યાયમાં હું જણાઈ જ રહ્યો છું એવું જાણપણું થવું તે આત્મજ્ઞાન તે અજ્ઞાનીને પ્રગટ થતું નથી.

ચૈતન્યનો ચમત્કાર! અજબ-ગજબના તમાશા! જાણવું...જાણવું....ને જાણવું...એ જેનો સ્વભાવ છે એવા જ્ઞાન સાથે તન્મય રહેલો જ્ઞાયક...હર સમય જણાયા જ કરે ને! ગળપણ...ગળપણ જેનો સ્વભાવ અને તેની સાથે તન્મય એવી સાકર...જો ગળપણના સ્વાદમાં સાકર ન અનુભવાય તો તે ગળપણ જ નહીં! જો જ્ઞાનમાં જ્ઞાયક ન જણાય તો તે જ્ઞાન જ ન હોય—જડપણું હોય! આવું હોવા છતાં અજ્ઞાનીને કેમ જણાતો નથી! કે—

જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે એટલે કે જ્ઞાનમાં સમયે સમયે સ્વને જાણવા ઉપરાંત પર જેમાં નિમિત્તભૂત છે એવા જ્ઞેયાકારરૂપ પોતાના જ્ઞાનાકારને જાણવું એ તેનો સ્વભાવ છે. તેથી જ્ઞાનપર્યાય સ્વ એવા જ્ઞાયકને જાણવા સાથે પર જેમાં નિમિત્ત થાય છે એવા પરસંબંધી પોતાના જ જ્ઞાનાકારને જાણે છે. આમ હોવા છતાં અજ્ઞાનીને અનાદિથી પરદ્રવ્યોમાં એકત્વ-મમત્વ-કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપ અધ્યવસાન હોવાના કારણે, પરસંબંધી પોતાના જ જ્ઞાનાકારને જાણતી વખતે તેમાં જે પરદ્રવ્યો નિમિત્ત થવા પામે છે તે પરદ્રવ્યોને હું જાણું છું—એમ પોતાના જ્ઞાનાકારને ભૂલીને, પરમાં પોતાપણાની માન્યતાને દૃઢ કરતો થકો, જ્ઞેયાકાર અવસ્થા વખતે પોતાના જ જ્ઞાનાકારમાં જ્ઞાન સાથે તન્મય એવો જ્ઞાયક મને જણાય રહ્યો છે એવું જ્ઞાન અજ્ઞાનીને ઉદિત થતું નથી અર્થાત્ 'જાણનારો જણાઈ રહ્યો છે' એમ અજ્ઞાનીને ભાસતું નથી.

હે શ્રોતા! સ્વપરપ્રકાશક તારો સ્વભાવ છે માટે મુદિત થા! પ્રસન્ન થા કે તારા સ્વપરપ્રકાશક સ્વભાવને લીધે તને સદાય સ્વ—શુદ્ધ ચૈતન્માત્ર એવો હું—જણાઈ જ રહ્યો છું! અને પરપ્રકાશક સ્વભાવને લીધે પર નહીં, પર જેમાં નિમિત્ત બને છે એવા મારા જ જ્ઞાનાકારને પણ હું જાણું છું. માટે પર જેમાં નિમિત્ત છે એવું જ્ઞાનાકાર તે જ્ઞેય, તેને જાણનારું તે જ્ઞાન અને તેમાં તન્મય રહેલો જ્ઞાતા—એમ ત્રણેયની અભેદતાને કારણે હું જ જ્ઞાતા, હું જ જ્ઞાન ને હું જ જ્ઞેય—એમ તમે અનુભવો.

સ્વપરપ્રકાશક સ્વભાવ છે અને સ્વભાવમાં કદી દોષ ન હોય, છતાં અજ્ઞાનીને સ્વ કેમ જણાતો નથી?—જ્ઞાની હો કે અજ્ઞાની હો, સ્વભાવમાં કોઈને દોષ ઉદ્ભવે નહીં પરંતુ અજ્ઞાનીને સ્વ જણાતો નથી તેમાં દોષ છે લક્ષનો! ગુરુ દ્રોણાચાર્યે બાણ ચલાવ્યા વિના અર્જુનને બાણાવલિ જાહેર કર્યો ને અન્યને ન કર્યા, કેમ? કે—અર્જુને બાણનું લક્ષ્ય સાધવામાં ન તો વૃક્ષને દેખ્યું કે ન તો ડાળીને દેખી, અરે! ન તો પક્ષીને દેખ્યું કે ન તો આંખને દેખી! એક માત્ર કાળી કીકીને જ દેખી! લક્ષની જ બધે બોલબાલા છે! જ્ઞાનીને પરસંબંધી જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાનાકારરૂપ જ્ઞાન જણાય છે પરંતુ અજ્ઞાનીને પરસંબંધી જ્ઞેયાકાર અવસ્થામાં 'પર મને જણાય છે'—એમ પરનું લક્ષ કરતો થકો પોતાને પરરૂપ માનવા લાગે છે તેથી 'જાણનારો જણાય છે' એમ સ્વનું લક્ષ કરતો ન હોવાથી અજ્ઞાનીને સ્વ જણાતું નથી. અજ્ઞાની પણ સ્વપરપ્રકાશક સ્વભાવે જ પરિણમી રહ્યો છે તોપણ જ્ઞેયાકાર અવસ્થામાં જે પરરૂપ રાગાદિ નિમિત્ત બને છે તેનું લક્ષ કરતો થકો, 'હું રાગી છું' ઈત્યાદિ પરરૂપ પોતાને માનતો થકો, સ્વને જાણવાનું લક્ષ ચૂકી જાય છે.

સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી સ્વ તો જણાઈ રહ્યો જ છે—ચાહે જ્ઞાની હો કે અજ્ઞાની હો. પરંતુ જ્ઞાનીની પરિણતિની ધારા સ્વસન્મુખ હોવાથી, પરપ્રકાશનમાં નિમિત્તભૂત પરદ્રવ્યોમાં એકત્વરૂપ લક્ષ કરતો નથી તેથી તેને સદાય સ્વ જણાઈ રહ્યો છે. જ્યારે અજ્ઞાનીને અનાદિના પરના એકત્વના અધ્યાસથી પોતાના પરસંબંધી જ્ઞાનાકારમાં જે પરદ્રવ્યો નિમિત્તપણું પામે છે તેમાં જ તે એકત્વ કરી દેતો થકો, 'હું રાગી' ઈત્યાદિ માનતો થકો, પર મને જણાય છે ને સ્વ જણાતો નથી એમ અનુભવે છે. અજ્ઞાનીને પણ જણાય છે તો સ્વ, પણ પર મને જણાય છે—એમ પરના લક્ષે પરમાં એકત્વ કરતો હોવાથી સ્વને જાણતો નથી.

આચાર્યમહારાજે આ ચૈતન્ય-ચમત્કારને છઠ્ઠી ગાથામાં જ પ્રસિદ્ધ કરતાં કહ્યું હતું કે 'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ, કર્તાકર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે.' અહીં ગજબની વાત તો એ કહી છે કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે જ સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં જણાય છે તેમ કહીને સ્વપરપ્રકાશકપણામાં જ્ઞાયકની જ પ્રસિદ્ધિ થઈ રહ્યાનું કહેલ છે. વળી આશ્ચર્યની વાત તો એ છે કે જ્ઞેયાકાર અવસ્થામાં પર જણાય છે તેમ નથી કહ્યું! જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયક જ જણાય છે એમ કહ્યું છે. ગજબ વાત છઠ્ઠી ગાથામાં મૂકી છે ને! તું કેવો છો? કે નથી પ્રમત્ત કે નથી અપ્રમત્ત, એક જ્ઞાયકભાવ છો અને તે જ્ઞાયક જ્ઞેયાકાર અવસ્થામાં પણ એવો જણાય રહ્યો છે કે જેવો સ્વરૂપપ્રકાશન અવસ્થામાં જણાય રહ્યો છે! અર્થાત્ ભગવાન આત્મા આબાલ-ગોપાલ સૌને સદાકાળ પોતે જ જણાય રહ્યો છે, ચાહે તો જ્ઞેયાકાર અવસ્થા હો કે સ્વરૂપપ્રકાશન અવસ્થા હો! ચાહે તો અજ્ઞાની હો કે ચાહે તો જ્ઞાની હો! જેમ ઘટપટાદિના પ્રકાશનકાળે ઘટપટાદિ દીપકની પ્રસિદ્ધિ કરે છે તેમ જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયક જણાતો હોવાથી સ્વપરપ્રકાશકસ્વભાવ બન્ને અવસ્થામાં પોતાના જ્ઞાયકને જ પ્રસિદ્ધ કરે છે, નહીં કે પરની પ્રસિદ્ધિ કરે છે.

૧૭-૧૮ ગાથાના આ મહાસિદ્ધાંતના સંદર્ભમાં વિચારીએ તો—

આચાર્ય મહારાજે પંદરમી ગાથામાં લવણના દૃષ્ટાંતથી આ જ વાત સિદ્ધ કરી છે કે જ્ઞેયલુબ્ધ અજ્ઞાની જીવ ભિન્નભિન્ન જ્ઞેયોના લક્ષે ઊપજતા જ્ઞાનના વિશેષાકારોને (જ્ઞેયાકારોને) તો અનુભવે છે પરંતુ તે જ્ઞેયોના લક્ષરહિતપણાથી ઊપજતા જ્ઞાનના સામાન્ય આકારોને—જ્ઞાનાકારોને તે નથી અનુભવતો. અર્થાત્ અનાદિના પરજ્ઞેયમાં એકત્વ-અધ્યાસના કારણે, જ્ઞેયો જેમાં નિમિત્ત થાય છે એવા જ્ઞેયાકાર જ્ઞાનને પરનું જ્ઞાન હોવાપણે અજ્ઞાની જાણે છે, પરંતુ પરના સંગરહિતપણારૂપે અર્થાત્ પોતાના જ્ઞાનાકાર જ્ઞાનરૂપે તેને જાણતો નથી.

પરસંબંધી જે જ્ઞેયાકાર જ્ઞાન છે તેને પોતાનું જ્ઞાનાકાર જ્ઞાન નહીં માનવાથી, તે જ્ઞાનાકાર જ્ઞાનમાં રહેલા સામાન્ય જ્ઞાનને અને તેની સાથે તન્મય એવા જ્ઞાયકને અજ્ઞાની જાણી શકતો નથી.

જેમ છઠ્ઠી ગાથામાં કહ્યું કે જ્ઞેયાકાર અવસ્થામાં જે જ્ઞાયક જણાયો, સ્વરૂપપ્રકાશન અવસ્થામાં પણ તે જ્ઞાયક જ જણાય છે; તેમ પંદરમી ગાથામાં કહ્યું કે "પરમાર્થથી વિચારીયે તો તો, જે જ્ઞાન (જ્ઞાન સાથે તન્મય એવો જ્ઞાયક) વિશેષના આવિર્ભાવથી (જ્ઞેયાકાર અવસ્થામાં) અનુભવમાં આવે છે તે જ જ્ઞાન (જ્ઞાન સાથે તન્મય એવો જ્ઞાયક) સામાન્યના આવિર્ભાવથી (સ્વરૂપપ્રકાશન અવસ્થામાં) અનુભવમાં આવે છે." આમ હોવા છતાં, જેમ સ્વાદલોલુપી જીવ ખાટા,, તીખા, કડવા વ્યંજનના સંગમાં રહેલા લવણને જુદા-જુદા સ્વાદયુક્ત અનુભવે છે—વ્યંજનરસ-રહિતપણારૂપ એકલી ખારાશને જાણતો નથી, તેમ અનાદિના પરજ્ઞેયોના એકત્વના અધ્યવસાનથી અજ્ઞાનીજીવ જ્ઞેયાકાર અવસ્થામાં જે જે જ્ઞેયો જ્ઞાનમાં નિમિત્ત થાય છે તે તે જ્ઞેયોમાં એકત્વ કરતો થકો, તે જ્ઞેયાકારમાં રહેલા પોતાના એકાકાર જ્ઞાનને નહીં જાણતો થકો, જાણનારો જણાઈ રહ્યો છે એવું જ્ઞાન અજ્ઞાનીને ઉદિત થતું નથી.

૩૩મા કળશમાં આચાર્યદેવ જ્ઞાન કેવું છે તે જુદી જુદી વિશેષતાથી સમજાવતાં કહે છે કે—'જેમાં અનંત જ્ઞેયોના આકારો આવીને ઝળકે છે તોપણ પોતે પોતાના સ્વરૂપમાં જ રમે છે.' અર્થાત્ જ્ઞેયાકાર અવસ્થા વખતે પણ જ્ઞાન જ્ઞાનાકારપણે જ રહ્યું થકું જ્ઞાયકની જ પ્રસિદ્ધિ કરે છે.

૪૯મી ગાથામાં અવ્યક્તના પાંચમાં બોલમાં કહ્યું કે—'વ્યક્તપણું અને અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે'. ત્યાં અવ્યક્તપણું સિદ્ધ કરતાં કહ્યું કે વ્યક્તપણું અને અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે પ્રતિભાસી રહ્યા છે. તેનો અર્થ કે વ્યક્ત—પ્રગટ એવો જ્ઞાનાકાર—ચાહે તો પરસંબંધી જ્ઞેયાકાર અવસ્થારૂપે હો કે ચાહે તો સ્વરૂપપ્રકાશનસંબંધી જ્ઞાનાકાર અવસ્થારૂપ હો—તેની સાથે અવ્યક્ત એવો જ્ઞાયક ભેળો મિશ્રિતરૂપે તેને પ્રતિભાસી જ રહ્યો છે. અર્થાત્ વ્યક્ત એવી જ્ઞેયાકાર અવસ્થામાં અવ્યક્ત એવો જ્ઞાયક જ્ઞાનની સમય સમયની પર્યાયમાં પ્રતિભાસ પામી જ રહ્યો છે, તોપણ જ્ઞેયલુબ્ધપણાને કારણે—પરમાં એકત્વના મૂઢપણાને કારણે—

અજ્ઞાની 'આ પર મને જણાય છે' એમ પરને જાણતો થકો, અવ્યક્ત એવો જ્ઞાયક મને જણાઈ રહ્યો છે તેવું જ્ઞાન તેને ઉદિત થતું નથી.

૨૭૦મી ગાથામાં કહ્યું કે જેવી રીતે ‘હું પરને હણું છું’ તે અધ્યવસાન છે, તેવી રીતે ‘હું પરદ્રવ્યને જાણું છું’ એ પણ અધ્યવસાન છે કેમ કે પરદ્રવ્ય જેમાં નિમિત્ત છે એવું જ્ઞેયાકાર જ્ઞાન તો પોતાનું જ્ઞાનાકાર જ્ઞાન છે અને તે જ્ઞાન તો જ્ઞાયકની પ્રસિદ્ધિ કરે છે, એ રીતે પરજ્ઞેયો તો જ્ઞાનની પ્રસિદ્ધિ કરતા હોવા છતાં અજ્ઞાની માને છે કે ‘હું પરને જાણું છું’ તે તેનો અનાદિનો અધ્યવસાન હોવાથી, જાણનારો જણાતો હોવા છતાં તેને જણાતો નથી.

૨૯૪મી ગાથામાં કહ્યું કે—‘જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો) દીપકના પ્રકાશપણાને જ જાહેર કરે છે—ઘટાદિપણાને નહિ, તેમ (આત્મા વડે) ચેતવામાં આવતા રાગાદિક (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિભાવો) આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે—રાગાદિપણાને નહિ.’’ એટલે કે રાગાદિ પરજ્ઞેયો તને જણાતા નથી પણ પરજ્ઞેયો તારા જ્ઞાનની જ પ્રસિદ્ધિ કરે છે. તેથી પરસંબંધી જ્ઞેયાકાર અવસ્થામાં જાણનારો જ જણાઈ રહ્યો છે—એમ ૬ઠ્ઠી તથા ૧૭-૧૮મી ગાથામાં કહેલ માર્મિક વાતને જ ફરીથી અહીં વધુ દૃઢ કરી છે કે આબાળગોપાળ સૌને સદાકાળ, સ્વરૂપપ્રકાશન અવસ્થાની જેમ જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયક જ જણાઈ રહ્યો છે.

૨૧૪મા કળશના ભાવાર્થમાં પં. જયચંદજી છાબડા કહે છે કે—‘પરદ્રવ્યરૂપ જ્ઞેય પદાર્થો તેમના ભાવે પરિણમે છે અને જ્ઞાયક આત્મા પોતાના ભાવે પરિણમે છે; તેઓ એકબીજાને પરસ્પર કાંઈ કરી શકતા નથી. માટે ‘‘જ્ઞાયક પરદ્રવ્યને જાણે છે’ એમ વ્યવહારથી જ માનવામાં આવે છે; નિશ્ચયથી જ્ઞાયક તો બસ જ્ઞાયક જ છે.’’

સેટિકાની ગાથા ૩૫૬–૩૬૫મા આ જ મર્મને આચાર્ય મહારાજે ઘૂંટાવ્યો છે કે—

ખડી ભીંતને સફેદ કરે છે એમ વ્યવહારે કહેવાય છે છતાં પરમાર્થથી વિચારતાં ખડી ભીંતને સ્પર્શતી જ નથી ત્યાં સફેદ કરે શી રીતે? ભીંત ભીંતમાં છે ને સફેદાય તો ખડીમય છે. ત્યાં સ્વ-સ્વામીરૂપ અંશોના ભેદનું લક્ષ છોડી દ્યો તો ખડી ખડી જ છે.

આ દૃષ્ટાંતથી એમ સમજાવાયું છે કે જ્ઞાયક પરજ્ઞેયને જાણે છે એમ વ્યવહારે કહેવાય છે તોપણ પરમાર્થે વિચારતાં જ્ઞાયક પરજ્ઞેયને જાણતો જ નથી ને! પરજ્ઞેય તો પરજ્ઞેયમાં છે ને તેને જાણતું જ્ઞાન તો જ્ઞાયકમય છે એટલે કે પરસંબંધીનું જે જ્ઞેયાકાર જ્ઞાન છે તે ખરેખર તો જ્ઞાનાકાર જ્ઞાન છે તે જ્ઞાયકનું જ જ્ઞાન છે. અર્થાત્ જ્ઞાયક પરજ્ઞેયને જાણે

છે તેમ કહેવાનો વ્યવહાર હોવા છતાં ખરેખર જ્ઞાયક પરદ્રવ્યને જાણતો જ નથી. જેમ ખડી ભીંતને સફેદ કરતી જ નથી, સફેદાય તો ખડીરૂપ જ છે તેમ પરજ્ઞેયસંબંધી જ્ઞેયાકાર

જ્ઞાન પરને જાણતું જ નથી. તે જ્ઞેયાકાર જ્ઞાન વાસ્તવમાં જ્ઞાનાકાર જ્ઞાનરૂપ હોવાથી જ્ઞાયકનું જ જ્ઞાન છે. અને એ બે અંશોના ભેદરૂપ વ્યવહારનું લક્ષ છોડી દ્યો તો જ્ઞાયક તો જ્ઞાયક જ છે એ નિશ્ચય છે; પરમાર્થ છે.

ખડીની સફેદાય વડે સફેદરૂપે દેખવામાં આવતી ભીંત અને સફેદાય બન્ને ભિન્ન-ભિન્ન પદાર્થો હોવાથી, સફેદાય કદી ભીંતરૂપ થતી જ નથી, સફેદાય તો હંમેશા ખડીરૂપ જ રહેલ છે. તેથી જાણકાર પુરુષોને સફેદાય દેખતાં ખડી જ જણાય છે, ભીંત નહીં. તેવી રીતે જ્ઞાન વડે જાણવામાં આવતા પરજ્ઞેયો અને જ્ઞાન બંને ભિન્ન-ભિન્ન તત્ત્વો હોવાથી, જ્ઞાન કદી પરજ્ઞેયરૂપ થતું જ નથી. જ્ઞાન તો હંમેશા જ્ઞાયકરૂપ જ રહેલ છે. તેથી જ્ઞેયાકાર જ્ઞાનને જાણતાં તે જ્ઞાનાકાર જ્ઞાન જ્ઞાયકમય હોવાથી જ્ઞાયકની પ્રસિદ્ધિ કરતું પ્રગટ થાય છે, નહીં કે પરદ્રવ્યની પ્રસિદ્ધિ કરે છે! જેમ ઘટપટાદિ દીવાને જાહેર કરે છે તેમ જ્ઞેયાકાર કહેવાતું જ્ઞાનાકાર જ્ઞાન જ્ઞાયકને જાહેર કરે છે.

એ રીતે અહીં આચાર્યદેવે સ્પષ્ટ કર્યું છે કે આત્મા પરદ્રવ્યને જાણે છે એ વ્યવહારકથન છે, આત્મા પોતાને જાણે છે—એમ કહેવામાં પણ સ્વ-સ્વામી અંશરૂપ વ્યવહાર છે; જ્ઞાયક જ્ઞાયક જ છે એ નિશ્ચય છે.

વધુ વિચારતાં, આત્મા પોતાને જાણે છે—એમ લક્ષ કરતાં પણ ભેદ ઊભો થતાં અભેદનું લક્ષ થતું જ ન હોય ત્યાં 'પરને જાણું છું' એ વાતથી શું સિદ્ધિ? આત્મા પોતાને જાણે છે એટલો ભેદ પણ અભેદના લક્ષમાં બાધક છે ત્યાં હું પરને જાણું છું, પરને જાણવું એ મારો સ્વભાવ છે—એમ પરને જાણવાનો જે લોભ છે તે જીવને અભેદનું લક્ષ થવામાં સ્થૂળ બાધકપણું છે તેમ આ ગાથાઓથી સમજી શકાય છે.

વળી સફેદ ભીંતને દેખતાં ખરેખર તો ભીંત જણાઈ જ નથી, સફેદાય જ જણાય છે; તોપણ તે સફેદાયની વર્તમાન સ્થિતિ ભીંતરૂપે છે? દરવાજારૂપે છે? કે મોટરગાડીરૂપે છે? તેમ જાણવું હોય તો સફેદાય ભીંતરૂપે છે તેમ વ્યવહારકથન હોય છે. ખરેખર તો તે વખતે પણ સફેદાય ભીંતરૂપે હોતી જ નથી, સફેદાય તો ખડીરૂપ જ હોય છે, તેથી તેમ લક્ષ કરવા જતાં સફેદાયને દેખતાં ખડી જ લક્ષમાં આવે છે અને ભીંત દેખવામાં જ નથી આવતી. તેવી રીતે પરને જાણવાના કાળે ખરેખર તો પર જણાતું જ નથી, પરસંબંધી જે જ્ઞાન છે તે જ્ઞાન જ જણાય છે; તોપણ તે જ્ઞાનની વર્તમાન સ્થિતિ શું છે? જ્ઞાનનો વર્તમાન આકાર શું છે? તે જાણવું હોય તો તે જ્ઞાનને જ્ઞેયાકાર વડે કહેવાનો વ્યવહાર છે. ખરેખર તો તે વખતે પણ જ્ઞાન જ્ઞેયાકાર થયું જ નથી, જ્ઞાનાકારરૂપ જ રહ્યું થકું જ્ઞાનમય જ છે તેમ લક્ષ કરવા જતાં

જ્ઞાનાકાર જ્ઞાન વડે જ્ઞાયક તરફ જ લક્ષ જાય છે. આમ, તે જ્ઞાયકને પ્રસિદ્ધ કરતું જ્ઞાનાકાર જ્ઞાન છે, નહીં કે પરને જાણતું જ્ઞેયાકાર જ્ઞાન છે! તેમ છતાં અજ્ઞાનીને જ્ઞેય-જ્ઞાયકના ભેદજ્ઞાનના અભાવને લીધે જ્ઞેયાકાર જ્ઞાનને જાણતાં જ્ઞાનને જ્ઞેયરૂપ માનતો થકો પરજ્ઞેય જણાય છે એવી ભ્રાંતિ ઊભી થાય છે.

શ્રી કળશટીકામાં ૨૭૧મા કળશમાં પણ કહ્યું છે કે પર મારું જ્ઞેય અને હું તેનો જ્ઞાતા એવી અનાદિની જીવને ભ્રાંતિ છે; પોતે જ જ્ઞેય, પોતે જ જ્ઞાન ને પોતે જ જ્ઞાતા છે. એ સિદ્ધાંત અહીં આચાર્યદેવે ખડીના દૃષ્ટાંતથી સમજાવ્યો છે. સફેદાઈ દેખતાં એવો ભ્રમ ન કરો કે ભીંત દેખાય છે; સફેદાઈ દેખતાં ખડીને દેખો. તેથી પરજ્ઞેય જણાતાં એવો ભ્રમ ન કરશો કે પરને જાણું છું; પણ પરજ્ઞેયસંબંધી જે જ્ઞાનાકાર થયો તેને જાણું છું અર્થાત્ જ્ઞાનાકાર જ્ઞાન જણાય છે ને તે જ્ઞાન જ્ઞાયકનું હોવાથી જ્ઞાયક જ જણાઈ રહ્યો છે એમ લક્ષ કરો. જેમ સફેદાઈ દેખતાં સફેદાઈનું પણ લક્ષ છોડીને ખડીને દેખવાની છે તેમ પરજ્ઞેયસંબંધી જે જ્ઞાનાકાર જ્ઞાન જણાયું તેનું પણ લક્ષ છોડીને જ્ઞાયક જ જણાઈ રહ્યો છે તેમ જ્ઞાયકનું લક્ષ કરો.—આમ, હું પરને જાણું છું એવા વ્યવહારકથનનો આશ્રય છોડીને, જ્ઞાનાકાર જ્ઞાનને જાણ્યું છે એવા અંશરૂપ વ્યવહારનું લક્ષ છોડીને, જ્ઞાયક જ જણાય છે એમ જ્ઞાયકનું લક્ષ કરો એમ અદ્ભુત પ્રયોજનભૂત વાત અહીં સમજાવી છે જે પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રતાપે આત્માર્થીને લક્ષમાં આવી છે.

અનાદિથી પરજ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવના કારણે, પરજ્ઞેયને જાણવાના કાળે થતું જ્ઞાન કે જે ખરેખર જ્ઞાનાકારરૂપ હોવા છતાં અજ્ઞાની તેને જ્ઞેયાકારરૂપ માનતો થકો, જ્ઞાન પોતાના જ્ઞાનકલ્લોલને જાણે છે તેમ તે નહીં માનતો થકો, પરજ્ઞેયને જાણું છું તેમ અજ્ઞાનીને ભ્રમ ઊભો થાય છે. તેથી તે વાતનું અહીં ખંડન કર્યું છે કે પરજ્ઞેયને જાણવાકાળે "જ્ઞાયક પરદ્રવ્યોને જાણે છે—એમ વ્યવહારથી જ માનવામાં આવે છે, નિશ્ચયથી જ્ઞાયક તો બસ જ્ઞાયક જ છે."—શ્લોક ૨૧૪.

તો....પર જણાય છે કે નહિ?

અરેરે! જ્ઞેયલુબ્ધ જીવોને પરસંબંધી જ્ઞેયાકાર જ્ઞાન તે તારું પોતાનું જ જ્ઞાનાકાર જ્ઞાન હોવાથી જ્ઞાન જણાય છે તેમ સમજાવવા છતાં પરની એકતાબુદ્ધિવશ, પરની સામે જોવાની મીઠાસબુદ્ધિની હોંશમાં, જાણનારો જણાઈ રહ્યો છે તેમ સ્વસન્મુખતા થતી નથી.

પરની સન્મુખતા છોડાવવા અને સ્વસન્મુખતા કરાવવાના પ્રયોજનથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રવચનમાં સ્પષ્ટ કહ્યું છે કે : "પરને જાણું છું એમ જે માને છે તે દિગંબર જૈન

નહીં.'' ''પરનું કરું છું—એ મિથ્યા દૃષ્ટિ છે અને પરને જાણું છું—એ પણ મિથ્યા દૃષ્ટિ છે.'' ચિદ્‌વિલાસમાં પંડિત દીપચંદજી કાસલીવાલ કહે છે કે ''જ્ઞાન જ્ઞેયોને જાણે છે તે અસદ્‌ભૂત ઉપચારનયથી છે.'' પંડિત રાજમલજી કહે છે કે ''વ્યવહારમાત્રથી જ્ઞાન સમસ્ત જ્ઞેયને જાણે છે, નિશ્ચયથી જાણતું નથી'' (શ્રી કળશટીકા કળશ-૨૭૪). આચાર્ય શ્રી જયસેનસ્વામી શ્રી પ્રવચનસાર ગાથા-૨૦૦ની ટીકામાં કહે છે કે ''નિશ્ચયથી જ્ઞેયજ્ઞાયકસંબંધ નથી.'' આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવ લઘુતત્ત્વસ્ફોટમાં કહે છે કે કેવળી ભગવાન પાંચ દ્રવ્યોને અચેતનરૂપ જાણતા નથી પણ ચેતનરૂપ જાણે છે!— કેમકે તેઓ પાંચ દ્રવ્યોને જાણતા નથી પરંતુ તે સંબંધી પોતાના જ્ઞાનાકારોને જાણે છે ને તે જ્ઞાનાકાર તો ચેતનરૂપ છે માટે પાંચ દ્રવ્યોને ચેતનરૂપ જાણે છે તેવો અલંકાર કરીને કેવળી ભગવાન પરજ્ઞેયરૂપ લોકાલોકને જાણતા નથી પણ પરજ્ઞેયોના પ્રતિબિંબરૂપ પોતાના જ્ઞાનની આકૃતિને—જ્ઞાનાકારને જાણે છે તેમ સમજાવ્યું છે.

હવે સૌ પ્રથમ વિચારીયે કે પાણી ગરમ થાય છે તે પોતાથી થાય છે કે અગ્નિથી! પાણી પોતાની યોગ્યતાથી ભલે ગરમ થાય પણ એ કહો કે પાણી અગ્નિથી ઉષ્ણ થાય છે કે નહીં! અરે ભાઈ! પોતાથી જ ઉષ્ણ થાય છે અને તે વખતે નિમિત્ત તરીકે અગ્નિ હોય જ; અગ્નિ હાજર ન હોય અને પાણી પોતાથી ગરમ થાય એમ પણ ન હોય. થાય પોતાથી જ છતાં અકિંચિત્કરપણે નિમિત્તરૂપે અગ્નિની હાજરી અવશ્ય હોય.

તેવી રીતે જ્ઞેયાકાર અવસ્થામાં જે જ્ઞાનાકાર છે તેને જ્ઞાન જાણે છે, પરને જાણતું નથી તોપણ જ્ઞેયાકાર અવસ્થામાં પરજ્ઞેય નિમિત્તરૂપે હોય પણ શકે છે. તેથી પરને જાણે છે એવું વ્યવહારકથન છે, જેમ અગ્નિથી પાણી ગરમ થાય એવું વ્યવહારકથન છે તેમ. વળી જેમ અરીસામાં જેવું પ્રતિબિંબ પડે છે તેવું જ બિંબ સામે નિમિત્તરૂપ હોય જ; છતાં પ્રતિબિંબ એ માત્ર અરીસાની સ્વચ્છતાનું કાર્ય છે; બિંબ અરીસામાં જણાતું જ નથી, પ્રતિબિંબ જ અરીસામાં જણાય છે. ખરેખર તો પ્રતિબિંબ અરીસાની જ પ્રસિદ્ધિ કરે છે પરંતુ અનાદિના અજ્ઞાનવશ પ્રતિબિંબ બિંબને પ્રસિદ્ધ કરે છે એવો ભ્રમ ઊપજે છે. બે ભિન્ન-ભિન્ન દ્રવ્યો હોવાના કારણે બિંબ પ્રતિબિંબનું કાંઈ કરી શકતા ન હોવાથી બિંબનું પ્રતિબિંબ છે એવું માત્ર વ્યવહારકથન છે.

આવું જ પરને જાણવાના સંબંધમાં સમજવું એટલે કે જ્ઞાન-અરીસામાં જે જ્ઞેયાકાર-પ્રતિબિંબ ઊપજે છે તે જ્ઞાન-અરીસાની જ પ્રસિદ્ધિ કરતું હોવા છતાં તેમાં નિમિત્તભૂત જ્ઞેય-બિંબની ઉપસ્થિતિ દેખીને જ્ઞેય જણાય છે તેવું વ્યવહારકથન છે.

આમ, જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાનની જ પ્રસિદ્ધિ થતી હોવાથી અને જ્ઞાનમાં જ્ઞાયક તન્મય હોવાથી, જ્ઞાયકની જ પ્રસિદ્ધિ થઈ રહી હોવાથી, આબાળગોપાળ સર્વને સદાકાળ ભગવાન આત્મા પોતે જ જણાઈ રહ્યો છે એ અદ્ભુત ચૈતન્ય-ચમત્કાર છે.

પરને જાણતો નથી—એ શબ્દ આગમદૃષ્ટિએ અપ્રમાણિક હોય તેવું લાગે. તેથી પરસંબંધી પોતાના જ્ઞાનાકારને જ્ઞાન જાણે છે તેમ કહેવાથી તે પ્રમાણિક શબ્દપ્રયોગ લાગે. અરે ભાઈ! વિજ્ઞાન કહે છે કે આંખ વડે જે પદાર્થ દેખવામાં આવે છે તે પ્રતિબિંબને આંખ સીધેસીધી દેખતી જ નથી, તે પદાર્થનું પ્રતિબિંબ આંખના પડદા ઉપર પડે છે અને તેને આંખ જાણે છે. તેમ પરને જાણવાકાળે જ્ઞાન પોતાના જ્ઞેયાકારરૂપ પ્રતિબિંબને જાણે છે અને તે વખતે તેમાં નિમિત્ત તરીકે તેવું જ પરદ્રવ્ય ઉપસ્થિત હોય છે. કોઈપણ સમયે એવું ન જ બને કે જ્ઞાન પોતાના જ્ઞેયાકારને જે રૂપે જાણે તેનાથી અન્ય પ્રકારનું પરજ્ઞેય નિમિત્ત તરીકે હોય.

ભાઈ! અરીસાની સ્વચ્છતામાં આકાર બને મોરનો ને સામે નિમિત્ત તરીકે હોય ઢેલ એવું બને ખરું! જડ-અરીસાની સ્વચ્છતાનો જો આવો ચમત્કાર હોય તો જ્ઞાન-અરીસાના અદ્ભુત ચમત્કારની શી વાત!

કેવળી લોકાલોકપ્રકાશક છે કે નહીં! 'છે' એ વ્યવહારકથન છે. વાસ્તવિકતા તો એ છે કે કેવળજ્ઞાનની દિવ્ય-શક્તિના કારણે તેમાં છ દ્રવ્યસ્વરૂપ લોકસંબંધી જ્ઞાનના અદ્ભુત તરંગો—જ્ઞાનાકારો બન્યા જ કરે છે ને તેને જ્ઞાન જાણે છે અને તે તે સમયે તેમાં નિમિત્તરૂપે નિયમથી છ દ્રવ્યસ્વરૂપ એવો જ લોક જ્ઞેય હોય જેવો કેવળજ્ઞાનના જ્ઞાનાકારમાં કેવળીને જણાયો હોય!

જેમ કેવળીએ પોતાના જેવા જેવા જ્ઞાનાકારોને જાણ્યા હોય તેવું જ કથન તેમની દિવ્યધ્વનિમાં આવે. કેવળી જાણે કાંઈક ને કથનમાં આવે કાંઈક અન્યથા—એવું ત્રણ કાળમાં ન બને. તેમ કેવળી જેવા જેવા પોતાના જ્ઞાનાકારોને જાણે ત્યારે જ્ઞેય તરીકે છદ્રવ્યસ્વરૂપ તેવું જ લોકાલોક હોય, અન્યથા ન હોય; છતાં કેવળીના જ્ઞાનમાં જણાતા જ્ઞાનાકારો લોકાલોકના કારણે નથી. જો લોકાલોકને કારણે એ જ્ઞાનાકારો થતા હોય તો અનંતકાળ પછીના ભવિષ્યના ચિતરામણને વર્તમાનમાં પ્રત્યક્ષવત્ જાણે શી રીતે? જે ભવિષ્યમાં થનાર છે તેને વર્તમાનમાં જાણે એનો અર્થ જ એ થયો કે પોતાના જ્ઞાનાકારોને જ કેવળી જાણે છે, પરને નહિ; કેમકે વર્તમાનમાં તે પરજ્ઞેય તો છે પણ નહીં!

મારિચીના ભવમાં મહાવીરને જાણે તે જ્ઞાન કોને જાણે છે? પોતાના દિવ્ય જ્ઞાનાકારને જાણે છે કે જેની હજુ હયાતી જ નથી એવા મહાવીરને જાણે છે? પણ જો પરને જાણતો નથી

તો પ્રમેયત્વ ગુણનું શું? –કે બીજાના જ્ઞેયાકારરૂપ જ્ઞાનાકારમાં પોતે નિમિત્તરૂપ જ્ઞેય તરીકે ઝળકે તે પ્રમેયત્વગુણના કારણે છે, પરંતુ પોતાને બીજાનું જ્ઞાન જાણે એવું તેનું સ્વરૂપ નથી. બીજાના જ્ઞાનાકાર વખતે તેમાં નિમિત્તરૂપે ઉપસ્થિત થવાની પોતાની યોગ્યતા છે તેનું કારણ છે પ્રમેયત્વગુણ. ધર્માસ્તિના ગતિહેતુત્વગુણનું કાર્ય શું?—કે જીવ-પુદ્‌ગલ સ્વયં ગતિ કરે ત્યારે તેમાં નિમિત્ત તરીકે ઉપસ્થિત હોય તે ધર્માસ્તિકાયના વિશેષગુણનું કાર્ય છે; પરંતુ ગતિહેતુત્વનું કાર્ય જીવ-પુદ્‌ગલને ગતિ કરાવવાનું નથી. તેમ દરેક દ્રવ્યના પ્રમેયત્વગુણનું કાર્ય શું?—કે અન્ય જીવો સ્વયં જે જે જ્ઞેયાકાર જ્ઞાનરૂપે પરિણમે તે તે જ્ઞેયાકાર જ્ઞાનમાં નિમિત્ત તરીકે–પરજ્ઞેય તરીકે જણાતા રહેવું તે પ્રમેયત્વગુણનું કાર્ય છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ કળશટીકાના ૨૭૧મા કળશના પ્રવચનમાં કહ્યું કે પ્રમેયત્વ–એ બધું વ્યવહારની વાતો છે. ખરેખર તો પ્રમેય પોતે, પ્રમાણ પણ પોતે અર્થાત્ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતા બધું પોતે જ છે એ નિશ્ચય છે.

આમ, ખરેખર તો બે દ્રવ્યો વચ્ચે અત્યંત અભાવ હોવાથી જ્ઞાન પોતાનામાં રહીને નિશ્ચિતક્રમમાં સમયે સમયે ઊપજતા જ્ઞાનાકારોને જાણતું પ્રવર્તે છે—એવો નિર્ણય થતાં જાણનારો જણાઈ રહ્યો છે એવું જ્ઞાન ઉદિત થઈ જાય છે.

એ રીતે જ્ઞેયાકાર અવસ્થામાં અને સ્વરૂપ-પ્રકાશનકાળે જ્ઞાયક જ જણાઈ રહ્યો હોવાથી આબાળ-ગોપાળ સૌને સદાકાળ જ્ઞાયક જણાઈ રહ્યો છે તે વાત અહીં અનેક ગાથાઓ દ્વારા શ્રોતાને સમજાવ્યું છે. આમ મૂઠ્ઠીમાં રાખેલ સુવર્ણની જેમ જ્ઞાનમાં જ્ઞાયકની જ પ્રસિદ્ધિ થઈ રહી હોવા છતાં લક્ષ જ્ઞાયકની સન્મુખ કેમ થતું નથી? શું સૂક્ષ્મ દોષ રહી જાય છે? તે પણ પૂજ્ય ગુરુદેવશ્રીએ બહુ સ્પષ્ટપણે સમજાવ્યું છે કે–

સ્વપરપ્રકાશક સ્વભાવના કારણે 'પર મને જાણાય છે' એ તારો ભ્રમ છે; પરપ્રકાશકપણામાં પર તને જણાતા નથી પણ પરસંબંધી તારા જ્ઞાનાકારો તને જણાય છે એટલું તને સમજાવવાથી, પર તને જણાતું નથી પણ પરસંબંધી જ્ઞાનપર્યાય જણાય છે એટલા સ્વીકાર છતાં જ્ઞાનપર્યાયમાં જ તું ઊભો હોવાથી, તારી પર્યાયબુદ્ધિ જ રહી છે, તેથી હવે એ પરસંબંધી જ્ઞેયાકાર મારા પોતાના જ્ઞાનાકાર હોવા છતાં, તે જ્ઞાનાકાર પરની જ પ્રસિદ્ધિ કરી રહ્યા હોવાથી તેઓ ખરેખર પરજ્ઞેય છે તેથી તે જ્ઞેયાકારરૂપ જ્ઞાનાકારની મારામાં નાસ્તિ છે એમ નિર્ણય કરવાનો છે. પરપ્રકાશકપણું એ ભલે મારા સ્વપરપ્રકાશકપણાનું પરિણમન છે તોપણ તે પરપ્રકાશકપણામાં પરની પ્રસિદ્ધિ થતી હોવાથી તે ખરેખર પરજ્ઞેય છે તેથી તે પરપ્રકાશકપણાની મારા જ્ઞાનસ્વભાવમાં નાસ્તિ છે એમ પરપ્રકાશકપર્યાયનું લક્ષ છોડવાનું છે.

કળશટીકાકાર શ્રી પં. રાજમલજી કહે છે કે "જેટલો સમસ્ત વસ્તુનો (પરજ્ઞેયોનો) છે આધારભૂત પ્રદેશપુંજ તેને જાણે છે જ્ઞાન, જાણતું થકું તેની આકૃતિરૂપે(—પ્રતિબિંબરૂપે—જ્ઞેયાકારરૂપે) પરિણમે છે જ્ઞાન, એનું નામ પરક્ષેત્ર છે, તે ક્ષેત્રને જ્ઞાનનું ક્ષેત્ર માને છે એકાંતવાદી મિથ્યાદૃષ્ટિ જીવ." (કળશ-૨૫૪) એટલે કે પરજ્ઞેયોના ક્ષેત્રના પ્રતિબિંબરૂપ પરિણમેલું પોતાનું જ્ઞાન પરજ્ઞેયોના ક્ષેત્રની પ્રસિદ્ધિ કરે છે, સ્વક્ષેત્રની પ્રસિદ્ધિ નથી કરતું તેથી પરક્ષેત્રસંબંધી જ્ઞેયાકારરૂપ પોતાના જ્ઞાનને જ અહીં પરક્ષેત્ર કહ્યું છે, પરજ્ઞેયોના ક્ષેત્રની તો વાત જ નથી લીધી, અહીં તો પરસંબંધી પોતાના જ્ઞાનાકારને જ પરજ્ઞેય હોવાનું કહ્યું છે. માટે પરપ્રકાશકજ્ઞાનરૂપ પર્યાય-અંશની મારમાં નાસ્તિ છે, આટલો નિર્ણય કરે છે ત્યારે લક્ષ પરસન્મુખતા છોડીને સ્વપ્રકાશકપણાની સન્મુખતા સાધી શકે છે.

અહીં એક પ્રશ્ન ઊઠવો સંભવિત છે કે સ્વપરપ્રકાશક મારો સ્વભાવ છે તો પરપ્રકાશકપણાની મારામાં નાસ્તિ હોવાનું કઈ રીતે માની શકાય?—કે ભાઈ! જેમ શ્રી સમયસારની ૧૧મી ગાથામાં વ્યવહારને અભૂતાર્થ હોવાથી અસત્યાર્થ કહીને, ગૌણ કરાવીને, હેય કરાવ્યો છે કેમકે નિશ્ચયના ઉપાદેયપણાનું પ્રયોજન છે; તેવી રીતે અહીં સ્વપ્રકાશકપણાની સન્મુખતાનું પ્રયોજન હોવાથી, પ્રયોજનસિદ્ધિ અર્થે પરપ્રકાશકપણાનું લક્ષ છોડાવવા માટે, પરપ્રકાશકપણું જ્ઞાનનું પરિણમન હોવા છતાં તેનું નાસ્તિપણું સ્વીકારતા ઉપયોગ પરસન્મુખતા છોડી સ્વસન્મુખ થઈ શકે છે, તેથી પરની સન્મુખતાના કારણરૂપ પરપ્રકાશકપણાની નાસ્તિ હોવાનું કહેલ છે.

વળી પ્રશ્ન ઊઠી શકે છે કે છઠ્ઠી ગાથામાં કહ્યું છે કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાઈ રહ્યો છે અને પંડિત રાજમલજી કહે છે કે જ્ઞેયાકાર અવસ્થા પરજ્ઞેય હોવાથી મારામાં નાસ્તિરૂપ છે; તો જે નાસ્તિરૂપ છે તેમાં જ્ઞાયક કઈ રીતે જણાય? ભાઈ! પંડિત રાજમલજીએ તો કળશના માધ્યમથી શ્રી અમૃતચંદ્રાચાર્યનું હાર્દ પ્રગટ કર્યું છે, તેમના અંતર્મર્મને પ્રસિદ્ધ કર્યો છે. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાઈ રહ્યો છે એનો મર્મ શું છે? કે જ્ઞેયાકાર અવસ્થામાં એટલે જ્ઞેયાકાર અવસ્થા વખતે ઉપયોગ તેની સન્મુખતા છોડીને સ્વસન્મુખતા કરતાં જ્ઞાયક જણાય છે; જ્ઞેયાકાર અર્થાત્ પરની પ્રસિદ્ધિ કરતાં જ્ઞાનમાં એકાગ્રતા કરતાં જ્ઞાયક જણાય એમ ન બને, પરંતુ પરની પ્રસિદ્ધિ કરનાર જ્ઞેયાકાર વખતે જ ઉપયોગ તેની સન્મુખતા છોડીને, જ્ઞાયકની પ્રસિદ્ધિ કરનાર સ્વસંબંધી જ્ઞેયાકારની (—સ્વપ્રકાશકપણાની) સન્મુખ થતાં તેમાં જ્ઞાયક જણાય છે તેમ કહેવું છે. જેમ બંને નયોના યથાર્થ શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહેવાનો અર્થ એમ છે કે બંને નયોનું જેવું સ્વરૂપ છે તેવું જાણીને જે હેયરૂપ છે તેને હેય કરવું અને જે ઉપાદેયરૂપ છે તેને ઉપાદેય કરવું તે સમ્યક્ત્વ છે; તેમ

સ્વપરપ્રકાશક પરિણમનમાં જે પરની પ્રસિદ્ધિ કરે છે એવા પરપ્રકાશકપણાથી ઉપયોગને પાછો વાળી સ્વપ્રકાશકપણાની સન્મુખ કરવાથી 'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે' તેમ કહેવાનો અર્થ છે.

મૂળ વાત એમ છે કે અવ્યક્તના પાંચમાં બોલમાં કહ્યું તેમ જ્ઞેયાકાર અવસ્થા અને જ્ઞાયક ભેગાં મિશ્રિતપણે પ્રતિભાસી રહ્યા હોવા છતાં, પરની પ્રસિદ્ધિ કરનાર પરપ્રકાશક જ્ઞેયાકાર ઉપર અજ્ઞાનીનું લક્ષ જતાં, તેમાં નિમિત્તભૂત પરજ્ઞેયમાં અહમ્ કરી લેતો હોવાથી, જે સ્વપ્રકાશકપણામાં જ્ઞાયક પણ તે જ વખતે પ્રતિભાસી રહ્યો છે તેના તરફ તેનું લક્ષ જતું નથી. તેથી, જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાઈ રહ્યો હોવા છતાં અજ્ઞાનીને તે જણાતો નથી, તોપણ સ્વરૂપપ્રકાશનમાં જે જ્ઞાયક જણાય છે તે જ્ઞેયાકાર અવસ્થામાં પણ જણાઈ રહ્યો છે કેમકે જ્ઞેયાકાર અવસ્થા અને જ્ઞાયક ભેગાં મિશ્રિતપણે પ્રતિભાસી રહ્યા છે—એવો જ જ્ઞાનપરિણમનનો અદ્‌ભુત સ્વભાવ છે તેમ છઠ્ઠી ગાથામાં કહેવું છે.

આમ, સ્વપરપ્રકાશક મારા જ્ઞાનનું પરિણમન હોવા છતાં પરપ્રકાશકપણું મારા જ્ઞાયકસ્વભાવની પ્રસિદ્ધિ નહીં કરતું હોવાથી તેની મારામાં નાસ્તિ હોવાથી જે સ્વપ્રકાશકપણું છે તેમાં જે સ્વજ્ઞેયરૂપ (જ્ઞાયકની) આકૃતિ બને છે તે જ્ઞાનાકારનું પણ લક્ષ છોડીને, તેમાં જેનું પ્રતિબિંબ બન્યું છે એવો જે જ્ઞાયક તેનું લક્ષ કરીને, આ જ્ઞાયક તે જ હું એમ તેમાં અહમ્‌પણું સ્થાપિત કરતાં આ જાણનારો જણાઈ રહ્યો છે તે જ હું છું એવું જ્ઞાન ઉદિત થાય છે.

એક વખત એક વિશેષ વ્યક્તિએ મને કહેલ કે ''જિતુ! અરીસામાં જો ત્યારે તને અરીસો દેખાવો જોઈએ, તારું મોઢું નહીં—આ કળા શીખી જા તો તારું કામ થઈ જશે.''—અર્થાત્ ચૈતન્ય-અરીસામાં જો ત્યારે તેના સ્વપરપ્રકાશપણામાં પરસંબંધી જે પ્રતિબિંબ જણાય તેનું લક્ષ છોડી, તેમાં જણાતા જ્ઞાયકને જોવાની કળા શીખી જા તો તારું કામ (સમ્યગ્દર્શન) થઈ જશે—એમ તેમનું કહેવાનું હતું; આ વાત ઉપરના વિશ્લેષણથી સમજી શકાય છે.

સર્વે નજીકમુક્તિગામી સાધર્મીઓ, ચૈતન્ય—અરીસાના સ્વપરપ્રકાશકપણામાં પ્રતિબિંબિત પરસંબંધી જ્ઞાનાકારનું લક્ષ છોડી, તેમાં જણાતાં જ્ઞાયકને જોવાની કળા શીખીને, જાણનારો જણાઈ રહ્યો હોવાનો પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપદેશ સાર્થક કરે એવી ભાવના સહ—

# પૂજ્ય ગુરુદેવ જો ન હોતે તો ક્યા હોતા? તત્ત્વકા સૂર્ય અસ્ત હો ગયા હોતા.

કૃપાસિંધુ પૂજ્ય કહાનગુરુદેવનો ભવ્ય જીવો પર કેટલો ઉપકાર છે તે ઉપરના હેડિંગથી જ સમજાય જાય તેવું છે. તેમ છતાં તેઓશ્રીના પરમ ઉપકારનું થોડું સ્મરણ કરી લઈએ.

આ જીવ અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છતાં 'કેવળી આગળ રહી ગયો કોરો'! તેથી મહાવીર-શાસનના સમર્થ આચાર્ય શ્રી કુંદકુંદસ્વામી આદિ આચાર્યોના કેડાયત ગુરુકહાને કોરા રહી ગયેલા ભવ્ય જીવોને ભીંજવવામાં કાંઈ કચાશ જ રાખી ન હતી.

તેઓશ્રીએ જોયું કે (૧) પરદ્રવ્યોનું કર્તૃત્વ, (૨) પોતાની પર્યાયમાં ફેરફાર કરવાની કર્તાબુદ્ધિ અને (૩) જાણે કાંઈક અને માને કાંઈક—એ ઉક્તિ અનુસાર જણાઈ રહ્યો છે સ્વ અને માને છે કે હું પરને જાણું છું—આવા કેટલાક અધ્યવસાનો અનાદિના મિથ્યાત્વના મૂળમાં રહ્યા હોવાથી જીવ 'કેવળી આગળ રહી ગયો કોરો !'

તેથી તેઓશ્રીએ સેંકડો દૃષ્ટાંત વડે સિદ્ધાંતના રહસ્યને પીંખી-પીંખીને સમજાવ્યું કે—

(૧) એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું જ નથી, ચૂંબતું જ નથી તો એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે શું? જ્યાં બે દ્રવ્યો વચ્ચે વજ્રની દીવાલ ખડી હોય અર્થાત્ બે વચ્ચે અત્યંત અભાવ વર્તતો હોય ત્યાં એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે શું?—ઈત્યાદિ અત્યંત છણાવટપૂર્વક પરદ્રવ્યોનાં કર્તાપણાનું ખંડન કર્યું.

(૨) પોતાના પરિણામમાં ફેરફાર કરવો એ તો જીવનો અધિકાર છે...જીવ ધારે ત્યારે પુરુષાર્થપૂર્વક અશુભભાવ ટાળી શુભભાવ કરી શકે; મંદ શુભભાવને તીવ્ર કરી શકે, પરદ્રવ્યના પરિણામને ન ફેરવી શકે પરંતુ પોતાના પરિણામને તો ધાર્યા મુજબ ફેરવવા એ તો જીવનો અધિકાર છે—ઈત્યાદિ પ્રકારે જીવને પર્યાયબુદ્ધિ ઘૂંટાયા કરતી દેખીને તેઓશ્રીએ પોતાના આગમ-અધ્યાત્મના મંથનવડે ક્રમબદ્ધપર્યાયના અમોઘમંત્ર દ્વારા પર્યાયના કર્તૃત્વનું ખંડન કરતા સમજાવ્યું કે અનંતા કેવળીઓએ અનંતકાળપૂર્વે જીવના અનંત પરિણામની ક્રમધારા જોયેલી હોવાથી, ક્રમબદ્ધતા અનુસાર થવાયોગ્ય પરિણામ જ થતા હોય છે, તેના ક્રમમાં ફેરફાર કરવા સ્વયં જીવદ્રવ્ય પણ સમર્થ નથી. જો ધાર્યા પ્રમાણે પરિણામને ફેરવી શકાય તો અનંતા કેવળીઓએ કેવળજ્ઞાનમાં જાણેલ ક્રમધારા ખોટી પડે અર્થાત્ કેવળજ્ઞાને

જાણ્યું કાંઈક અને થયું કાંઈક! આદિનાથ ભગવાને મારિચના જીવને ૨૪મા તીર્થંકર તરીકે જાણ્યા ને મારિચનો જીવ તેમાં ફેરફાર કરીને ૧૬મા તીર્થંકર થઈ જાય!—એવું બને. વળી જો ધાર્યા પ્રમાણે જીવ પર્યાયમાં ફેરફાર કરી શકે તો જીવનો અધિકાર ભંગ થઈ જાય. કેમ કે જીવનો અધિકાર તો અકર્તાસ્વભાવ છે; અકર્તાપણે રહે તો જ જીવનો અધિકાર જળવાય છે; પર્યાયમાત્રનો ફેરફારકર્તા થવા જાય તો અધિકાર ભંગ થઈ જાય છે. જીવ તો કેવળ ક્રમબદ્ધતા અનુસાર થઈ રહેલા પરિણામોનો જાણનાર-દેખનાર જ્ઞાતા જ છે.—એ રીતે ક્રમબદ્ધપર્યાયના વિસ્તૃત સચોટ ઉપદેશ વડે કર્તૃત્વનું ખંડન કર્યું.

(૩) જીવ તો કેવળ અકર્તાસ્વભાવી જ્ઞાયક છે એમ જ્યાં પરદ્રવ્યના કર્તૃત્વથી છોડાવ્યો ત્યાં, ભલે હું પરનો અકર્તા છું પરંતુ પરને જાણું તો છું ને !—એમ પરને જાણવાના લોભમાં, પરસન્મુખતા કરતો થકો, સદાકાળ જાણનારો જ જણાઈ રહ્યો હોવા છતાં તેને જાણવો રહી જવાથી, અધ્યાત્મના અનેક આધારો વડે તેઓશ્રીએ સમજાવ્યું કે—જે દીવાના પ્રકાશથી તને અન્ય પદાર્થો દેખાયા તે પ્રકાશ વડે તને દીવો જ ન દેખાય એ તારો કેવો અંધાપો !—અર્થાત્ સ્વપરપ્રકાશક સ્વભાવી જ્ઞાનવડે તને જાણનારો જણાઈ રહ્યો હોવા છતાં તને જાણનારો જ ન જણાય એ તારું કેવું અજ્ઞાન !—એમ કહીને સ્વસન્મુખતા વડે જ્ઞાયક સુધી પહોંચવા મિથ્યાત્વના મૂળમાં રહેલા બધા જ મૂળભૂત અધ્યાવસાનો છોડાવીને કેવળી આગળ કોરા રહી ગયેલા ભવ્યોને મોક્ષના પંથે ચઢાવી દીધા એ તેઓશ્રીના પરમ પરમ ઉપકારને પ્રસિદ્ધ કરે છે.

આહાહા! જીવનો જ્ઞાનસ્વભાવ કોઈ એવો જ અદ્ભુત, અચિંત્ય ને મહિમાવંત છે કે—તેમાં જેટલા ઊંડા ઊતરીયે—જેટલું ઊંડું મંથન કરીએ તેટલી મહિમા વિશેષ ભાસે છે. એક જ સમયમાં એકીસાથે બે જુદા જુદા પ્રકારના જ્ઞાનાકારરૂપે પરિણમવાનો જ્ઞાનનો સ્વભાવ છે. ત્યાં જે જ્ઞાનાકારમાં પ્રતિભાસપણે સ્વજ્ઞેયની ઉપસ્થિતિ હોય છે તે જ્ઞાનાકારને સ્વપ્રકાશક કહેવાય છે અને જે જ્ઞાનાકારમાં પ્રતિભાસપણે પરજ્ઞેયની ઉપસ્થિતિ હોય છે તે જ્ઞાનાકારને પરપ્રકાશક કહેવાય છે. જ્ઞાનના સ્વતઃ સામર્થ્યથી પરિણમતા પોતાના આ બન્ને જ્ઞાનાકારોને જાણતું થકું જે પરિણમે છે તેનું નામ છે જ્ઞાનનું સ્વપરપ્રકાશકપણું. આમ, પરજ્ઞેયના પ્રતિભાસપણે પરિણમતા પોતાના જ્ઞાનાકારોને જ જ્ઞાન જાણતું થકું, તે જ્ઞાનાકારોમાં નિમિત્તભૂત એવા પરજ્ઞેયોને નહીં જાણતું હોવાથી, જ્ઞાન પરને જાણતું જ નથી. પરંતુ આનંદની વાત તો એ છે કે સ્વપ્રકાશક જ્ઞાનાકારમાં સ્વજ્ઞેયરૂપ જ્ઞાયક સદાય પ્રતિભાસી જ રહ્યો હોવાથી જાણનારો સદાય જણાઈ રહ્યો છે. કરવાનું એટલું જ છે કે જેમ અનાદિથી પરસન્મુખ લક્ષ કરી રહ્યો હોવાથી પર જણાઈ રહ્યાનો આભાસ થવાથી તું પરમાં

જ એકત્વ કરી રહ્યો છો તો હવે સ્વસન્મુખ લક્ષ કર એટલે સ્વજ્ઞેયરૂપ જ્ઞાયક જણાઈ રહ્યાનો તને અહેસાસ થવાથી તું સ્વજ્ઞેયરૂપ જ્ઞાયકમાં એકત્વ કરશે કે આ જે જાણનારો જણાઈ રહ્યો છે તે જ હું છું.

સ્વપરપ્રકાશકપણામાં સ્વ જણાઈ રહ્યો હોવા અંગે કોઈ તર્કવિતર્ક ઊઠતાં નથી, પરંતુ પરપ્રકાશકપણામાં નિમિત્તભૂત એવા પરજ્ઞેયોમાં એકત્વ હોવાથી, પર જણાઈ રહ્યાનું મનાઈ રહ્યું હોવાથી, 'પર જણાતો નથી' એ વાતનો સ્વીકાર કરતાં મુંઝવણ અનુભવાય છે. તેથી આ બહુ પ્રયોજનભૂત વિષય સંબંધી વિસ્તૃત ચર્ચા ઉપયોગી થઈ શકશે.

## સ્વ-પરપ્રકાશક સ્વભાવ

જેવી રીતે ગોળ-ઘી-લોટ-પાણીને અગ્નિ દ્વારા શેકવાથી શીરો બને છે તોપણ શીરાનો સ્વાદ માણતી વખતે અગ્નિને તદ્દન ભૂલી જવી પડે છે, ભૂલી જાય ત્યારે જ મીઠાશ માણી શકે છે. કારણ?—કારણ કે ચાર સામગ્રી ભોગ્ય છે ને પાંચમી સામગ્રી અગ્નિ અભોગ્ય છે—ત્યાજ્ય છે, પણ કોઈ કહેશે કે અગ્નિ વડે જ શીરો થાય છે માટે તેને શા માટે ભૂલવી? ભાઈ! પ્રથમ તો અગ્નિની ઉપસ્થિતિ અનિવાર્ય હોવા છતાં શીરો તો ચાર સામગ્રીનો જ બન્યો છે; વળી અગ્નિ વડે શીરો બન્યો જ નથી કેમ કે અગ્નિની ઉપસ્થિતિ હોવા છતાં ચાર સામગ્રીને અગ્નિની આંચ ન લાગી જાય તેથી વચ્ચે વાસણરૂપી આવરણ—આડશ મૂકવામાં આવે છે; નહીં તો અગ્નિ ચારેય સામગ્રીને બાળી નાખે! એનો અર્થ કે શીરો બનવામાં અગ્નિની ઉપસ્થિતિ અનિવાર્ય હોવા છતાં શીરો તો પોતાની ચાર સામગ્રીથી જ બન્યો છે. માટે શીરો ખાતી વખતે અગ્નિને ભૂલી જવામાં આવતી હોવાથી શીરાનો મીઠો સ્વાદ માણી શકાય છે. જો શીરો આસ્વાદતી વખતે અગ્નિને યાદ કરતા રહેવામાં આવે તો અગ્નિના સ્વરૂપના વિકલ્પ આડે શીરાનો સ્વાદ માણવો રહી જાય છે. માટે, જેની હાજરી અનિવાર્ય છે છતાં તે પરસ્વભાવથી હોવાથી તેને જ હાજરી ન હોવા જેટલી હદે ભૂલ્યેથી જ વસ્તુના સ્વરૂપને અનુભવી શકાય છે. કેમ કે પરસ્વભાવીનું લક્ષ છૂટ્યા સિવાય સ્વ-સ્વભાવનું લક્ષ કે તેનો યથાર્થ અનુભવ થવો અશક્ય છે.

તેવી રીતે જીવના કોઈ પણ પરિણામ થાય ત્યારે પાંચેય સમવાયપૂર્વક જ થતાં હોવા છતાં, જે પરસ્વભાવી સમયવાય છે એવું નિમિત્ત કે જેની માત્ર ઉપસ્થિતિ જ હોય છે, તેને એટલી હદે ગૌણ કરવું પડે છે કે જાણે તેની હાજરી પણ ન હોય!—આટલી હદે ગૌણ કરે ત્યારે જ જીવમાં થતાં પરિણામ પોતાની સ્વાધીનતાથી પોતે કર્યાનો વિશ્વાસ ઊપજી શકે છે. શીરાનો સ્વાદ માણવો હોય તો અગ્નિને યાદ કરવા જેવી નથી ભાઈ! તેમ તારા સ્વભાવની

સ્વાધીન સ્વતંત્રતા માણવી હોય તો પરસ્વભાવી નિમિત્તની ઉપસ્થિતિને યાદ પણ કરતો નહીં. કેમ કે પરસ્વભાવીની હાજરીને યાદ કરતો રહીશ તો પરસ્વભાવનું જ લક્ષ રહ્યા કરશે, અને જ્યાં સુધી પરસ્વભાવનું લક્ષ રહેશે ત્યાં સુધી સ્વ-સ્વભાવનું લક્ષ થશે નહીં. માટે, પરસ્વભાવના લક્ષથી છૂટવું હોય તો તેની ઉપસ્થિતિ જાણે હોતી જ નથી એટલી હદે ભૂલી જા એટલે તારું લક્ષ સ્વ-સ્વભાવ તરફ વળી જશે.

જેમ શીરાના દૃષ્ટાંત વડે પાંચ સમવાયમાં સંમિલિત પરસ્વભાવી નિમિત્તની ઉપસ્થિતિનું લક્ષ છોડતાં સ્વસ્વભાવના લક્ષની પદ્ધતિ સમજાય છે, તેમ આ બંનેને દૃષ્ટાંતરૂપે લઈને 'સ્વપરપ્રકાશક સ્વભાવ'—એ વિષયને સમજવાથી વસ્તુસ્થિતિ સરળતાથી સમજી શકાય છે.

શીરાના દૃષ્ટાંતમાં અગ્નિને તદ્દન ગૌણ શા માટે કરવી પડી !—કે શીરાના સ્વાદની મીઠાશ માણવા માટે.

પાંચ સમવાયમાંના નિમિત્તની હાજરીની તદ્દન ઉપેક્ષા શા માટે કરવી પડી!—કે પરસ્વભાવીનું લક્ષ છોડ્યા વિના સ્વસ્વભાવનું લક્ષ થતું નથી માટે અર્થાત્ સ્વ-સ્વભાવનું લક્ષ કરવા માટે.

બરાબર તેવી જ રીતે પરને જાણું તો છું ને! પરને જાણવું એ તો મારો સ્વપરપ્રકાશક સ્વભાવ છે માટે પરને જાણું છું—એમ જ્યાં સુધી પરસ્વભાવીને જાણવાનો અધિકાર અબાધિત રાખવા જાય છે ત્યાં સુધી પરનું લક્ષ છૂટતું જ નથી ને પરનું લક્ષ છૂટે નહીં ત્યાં સુધી સ્વનું લક્ષ થતું નથી. જેમ શીરાનો સ્વાદ માણવા અગ્નિનું લક્ષ છોડે છે, સ્વકાર્યની સ્વાધીનતા માણવા પરસ્વભાવી નિમિત્તની હાજરીનું લક્ષ છોડે છે, તેમ સ્વસ્વભાવી જ્ઞાયકનું લક્ષ કરવા માટે પરસ્વભાવી પરનો જાણનારો છું એવું લક્ષ છોડવું પડશે. કેમ કે જ્યાં સુધી પરનો જ્ઞાયક—જાણનાર—બન્યો રહેશે ત્યાં સુધી સ્વનો—જ્ઞાયકનો જાણનાર થઈ શકાતું જ નથી. માટે, પરને જાણું તો છું ને!—એ ભૂલ્યે જ છૂટકો!

જેમ ઊંચામાં ઊંચા શુભભાવો કર્યા કરે પણ જો તેનાથી મુક્તિ પ્રાપ્ત થતી ન હોય તો એ શુભભાવો શા કામના? પ્રયોજનની સિદ્ધિ ન થાય એવા કાર્ય કરવાથી શું લાભ? તેમ જગતના પદાર્થોને જાણ્યા જ કરું જાણ્યા જ કરું પણ તેનાથી જાણનારો જાણવામાં ન જ આવે તો એ પર પદાર્થોનો જાણનાર થવાથી શું લાભ?...પણ પર પદાર્થોને જાણવામાં નુકશાન શું?—કે પર પદાર્થોને જાણવા જતાં ઉપયોગ પર સન્મુખ જ રહ્યા કરશે, ઉપયોગ સ્વસન્મુખ થવાનો અવકાશ જ નહીં રહે.

પરંતુ સ્વપરપ્રકાશક તો મારો સ્વભાવ છે, તેથી જેમ સ્વને જાણવું તે મારો સ્વભાવ છે તેમ પરને જાણવું તે પણ મારો સ્વભાવ છે અને સ્વભાવથી ક્યારેય નુકશાન ન થાય માટે પરને હું જાણું છું. અરે ભાઈ! પરને જાણવાના રસમાં રોકાઈશ તો પર તરીકે આખું જગત તારી સામે મૌજુદ છે. આટલા બધા પરને જાણવાના રસમાં તારો જ્ઞાનોપયોગ એટલો બધો સ્થૂળ થઈ જશે કે સ્વ જણાઈ રહ્યો હોવા છતાં તને જણાશે જ નહીં એટલે તારા સ્વપ્રકાશક સ્વભાવનું શું થશે? રૂ-પિંજારાએ છાપામાં વાંચ્યું કે રૂનો પાક એટલો બધો થયો છે કે સેંકડો ગોદામ ભરાઈ ગયા છે. તે વાંચતા ‘આટલું બધું રૂ હું ક્યારે પિંજીશ!’ એવા બોજા વડે ચિત્તભ્રમ થઈ ગયો. પરંતુ ચાર દિવસે ફરી વાંચ્યું કે ભિષણ આગ લાગતાં બધું રૂ બળીને ભસ્મ થઈ ગયું....ત્યાં રૂ-પિંજવાનો બોજો મટી જતાં સ્વસ્થચિત્ત થઈ ગયો. તેમ આટલા બધા પરપદાર્થોને જાણવાનો રસ રાખીશ તો ઉપયોગ તદ્દન સ્થૂળ થઈ જશે, પરંતુ હું તો પ્રત્યેક સમયે થતા મારા જ્ઞાનાકારને જ જાણું છું, પરને જાણતો નથી—એમ પરને જાણવાનો રસ છૂટી જતાં ઉપયોગ સૂક્ષ્મ થઈને જ્ઞાનાકારમાં જણાતા સ્વને જાણવાનું સરળ બનશે.

પરંતુ....!! હું પરને જાણું તો છું; આ બધું પ્રત્યક્ષ જાણી રહ્યો તો છું—છતાં હું પરને જાણતો નથી એમ બને જ શી રીતે? અરે ભાઈ! પાણી અગ્નિથી ઉષ્ણ થયાનું પ્રત્યક્ષ જણાય છે કે નહીં! છતાં તું શું માને છે? તું માને છો કે પાણી અગ્નિથી ઉષ્ણ થયું જ નથી! બે વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ભલે અનિવાર્યપણે હો, પરંતુ પાણી સ્વયં પોતાના ઉપાદાનથી ઉષ્ણ થયું છે અને તે વખતે અગ્નિની ચોક્કસપણે હાજરી હોય જ છે, હાજરી ન હોય તેમ પણ બનતું નથી.

બસ તેવી જ રીતે, પરપદાર્થો પ્રત્યક્ષ જણાવાનું લાગતું હોવા છતાં તે વખતે જ્ઞાન-ઉપયોગ સ્વયં જ્ઞેયાકારરૂપ પરિણમે છે અને તે પરિણમેલા પોતાના જ્ઞેયાકારને જ્ઞાન જાણતું રહે છે. જ્ઞાનનો જ એવો અદ્‌ભુત સ્વભાવ છે કે સ્વયં જ્ઞેયાકારરૂપ પરિણમતું થકું જ્ઞાન તે જ્ઞેયાકારને જાણી લ્યે છે અને તે જ્ઞેયાકારમાં પર પદાર્થો નિમિત્ત તરીકે સ્વયં હાજર જ હોય છે. સ્વયં ઉષ્ણ થતાં પાણી અને અગ્નિની માફક, સ્વયં જ્ઞેયાકારરૂપ પરિણમતા જ્ઞાનાકારને અને પરજ્ઞેયોને એવો જ સહજ નિમિત્ત-નૈમિત્તિકરૂપ જ્ઞેયજ્ઞાયકસંબંધ છે કે સમયે સમયે થતાં જ્ઞેયાકારો વખતે સામે પરજ્ઞેયો ચોક્કસપણે ઉપસ્થિત હોય જ છે, પરજ્ઞેયોની હાજરી ન હોય તેમ પણ બનતું નથી, છતાં સ્વયં થયેલા જ્ઞેયાકાર જ્ઞાન માટે પરજ્ઞેય અકિંચિત્કર છે.

અરીસાના દૃષ્ટાંતથી વિચારીયે કે—

અરીસાની સ્વચ્છતાનું પ્રતિસમયનું કાર્ય શું? કે–

(૧) સ્વચ્છતાના દળને–અરીસાને–સતત એકધારાપ્રવાહે પ્રદર્શિત કરતાં રહેવું.

(૨) સ્વચ્છતામાં પ્રતિસમય નીપજતાં ચિત્રવિચિત્ર આકારોને (–પ્રતિબિંબોને) પ્રદર્શિત કરતાં રહેવું.

છતાં અરીસામાં પોતાનું મોઢું જોનાર શું કરે છે? કે–

(૧) અરીસાની સ્વચ્છતાના પૂંજને–દળને–અરીસાને તો પોતે ક્યારેય દેખવાનું યાદ પણ કરતો નથી ત્યાં સ્વચ્છતાના દળનું લક્ષ કરવું તો ક્યાંય રહ્યું!

(૨) અરીસામાં જણાતાં આકારને–પ્રતિબિંબને–જોતાં 'મારું મોઢું દેખાય છે' તેમ માને છે, પરંતુ પોતાનું મોઢું તો ક્યારેય જોઈ શકતો જ નથી.

તેવી જ રીતે, જ્ઞાનનું પ્રતિસમયનું કાર્ય શું? કે–

(૧) જ્ઞાનના પૂંજને–જ્ઞાયકને–સતત એકધારાપ્રવાહે જ્ઞાત કરતાં રહેવું અને

(૨) જ્ઞાનાકારમાં ઉપજતાં ચિત્ર-વિચિત્ર જ્ઞાનતરંગોને જ્ઞાત કરતા રહેવું.

છતાં અજ્ઞાની શું કરે છે? કે–

(૧) જ્ઞાનાકારને દેખતા છતાં જ્ઞાનના પૂંજને–જ્ઞાયકને દેખવાનું તો ક્યારેય યાદ પણ કરતો નથી ત્યાં જ્ઞાયકનું લક્ષ કરવું તો ક્યાંય રહ્યું!

(૨) જ્ઞેયાકારરૂપ જ્ઞાનાકારને જાણતાં તેમાં નિમિત્તભૂત પરજ્ઞેયો જણાય છે તેમ માને છે.

કોઈ એક વખત કોઈ વિચિક્ષણ વ્યક્તિએ ટકોર કરેલી કે 'અરીસામાં તારું મોઢું જોતી વખતે બીજું બધું દેખવું છોડીને અરીસાને દેખતા શીખી જા!'–તેમના કહેવાનો મર્મ હતો કે જ્ઞેયાકારને દેખતાં બીજું બધું દેખવું છોડીને જ્ઞાયકને દેખતા શીખી જા!

કેટલાક વર્ષો પહેલાં એક વક્તાએ લાઠી (સૌરાષ્ટ્ર)માં પ્રવચનમાં એક સરસ દૃષ્ટાંતથી સમજાવ્યું હતું કે—

અહીં જે ત્રણ ફોટાઓ છે તે શું છે?–કે તે ત્રણેય માત્ર કાગળ અને કલરના મિશ્રણરૂપ ચિત્ર છે. તોપણ તે ફોટા સંબંધી વાત કરવી હોય–કોઈને સમજાવવું હોય તો ત્રણેયમાં ભેદ પાડીને કહેવાય કે આ આચાર્યશ્રીનો ફોટો છે, આ ગુરુદેવશ્રીનો ફોટો છે, આ

બહેનશ્રીનો ફોટો છે. સમજાવવા માટે ભેદ પાડીને આવું કહેવાની પદ્ધતિ હોવા છતાં એ પરમ સત્ય છે કે તે ત્રણેયમાં નથી આચાર્યશ્રી, નથી ગુરુદેવશ્રી કે નથી બહેનશ્રી; એ તો માત્ર કાગળ અને કલરનો સંયોગ જ છે—મિશ્રણ જ છે.

તેવી જ રીતે, પરપ્રકાશકજ્ઞાનમાં જે કોઈ જ્ઞેયાકારો જણાય છે તે માત્ર પરજ્ઞેયસંબંધી પોતાના જ્ઞાનાકારો જ છે, પરજ્ઞેયાકારો છે જ નહીં. તોપણ સમજાવવા માટે પરજ્ઞેયની સાપેક્ષતાથી કહેવાય છે કે આ જ્ઞાનાકાર છે તે જ્ઞેયાકાર છે. પરજ્ઞેયની સાપેક્ષતાથી આવું કહેવાની પદ્ધતિ હોવા છતાં ત્યાં તો માત્ર પોતાના જ્ઞાનાકારો જ છે ને તેને જ્ઞાન જાણતું થકું પરિણમે છે. તાત્પર્ય એ છે કે પરજ્ઞેયની સાપેક્ષતાથી જ્ઞેયાકાર કહેવાનો ઉપચાર ભલે હો તોપણ પરજ્ઞેયસંબંધી જ્ઞેયાકારો માત્ર પોતાના જ્ઞાનાકારો જ છે અને તે જ્ઞાનાકારોને જ્ઞાન જાણે છે, નહીં કે પરજ્ઞેયોને અર્થાત્ પરને જાણતું જ નથી.

પરંતુ...!! સ્વપરપ્રકાશક મારો સ્વભાવ છે તો પરપ્રકાશક સ્વભાવ નિરર્થક ગયો!! અરે ભાઈ! સ્વભાવ કોઈ દિ' નિરર્થક હોય જ નહી. પરંતુ આત્માના આવા અચિંત્ય સ્વભાવનું ખૂબ ખૂબ ઊંડાણપૂર્વક વિચાર-મંથન કરીને તેનો તાગ મેળવવો જોઈએ.

સ્વપરપ્રકાશક મારો સ્વભાવ.....સ્વભાવ હંમેશા સ્વ-રૂપે સ્વમાં રહેલો હોય, ક્યારેય પરરૂપે કે પરમાં હોય નહીં. કેમ કે તે સ્વનો ભાવ છે. માટે, પરપ્રકાશક એવો સ્વભાવ પણ સ્વમાં જ સંભવે અને તે સ્વભાવ પોતાના સ્વ-રૂપે જ સંભવે, નહીં કે પર-રૂપે. તેનો અર્થ એ કે પરપ્રકાશકપણું એ પોતાના જ્ઞાનરૂપ જ હોઈ શકે અર્થાત્ જેને આપણે પરપ્રકાશકપણું કહીએ છીએ તે પણ ખરેખર તો પોતાના જ્ઞાનનું જ રૂપ છે, જ્ઞાનનો જ આકાર છે, નહીં કે પરનો. પરંતુ તે જ્ઞાનાકારમાં નિમિત્ત પરજ્ઞેયો થયેલા હોવાથી પરજ્ઞેયની સાપેક્ષતાથી પરપ્રકાશક એવું નામ પામે છે તોપણ પરપ્રકાશકપણાનું નામ પામેલ જ્ઞેયાકાર વાસ્તવમાં તો પોતાના જ્ઞાનનો જ જ્ઞાનાકાર છે અને એ જ્ઞેયાકારરૂપ જ્ઞાનાકારને પ્રકાશવું તે જ્ઞાનનો જ સ્વભાવ છે. આમ, સ્વપરપ્રકાશકપણામાં સ્વ અને પરસંબંધી પોતાના જ્ઞાનાકારને જ જ્ઞાન જાણે છે, પરને નહીં.

કોઈ કહે કે જીવનનો મહદ્કાળ પૂજ્ય ગુરુદેવશ્રીની છત્રછાયામાં જ વીતાવ્યો હોવાથી ધારો કે હું જ્યારે પણ આંખ બંધ કરું છું ત્યારે મને પૂજ્ય ગુરુદેવશ્રીના સાક્ષાત્ પ્રત્યક્ષ દર્શન થઈ જતા હોય તો પછી મારે પૂજ્યશ્રીના દર્શન માટે વિડિયો જોવાની જરૂરિયાત જ ઉત્પન્ન ન થતી હોવાથી હું વિડિયો જોતો નથી. તેવી રીતે, મારા સ્વપરપ્રકાશક જ્ઞાનસ્વભાવને લીધે જ્ઞાનમાં ઊપજતાં પોતાના અનેકવિધ વિવિધ જ્ઞેયાકારોને જ્ઞાનવડે જાણ્યા જ કરતો હોવાથી

તેમાં યોગ્ય નિમિત્ત તરીકે ઉપસ્થિત રહેતા પરજ્ઞેયોના આકારોને જાણવાની જરૂરિયાત જ ન રહેતી હોવાથી હું પરજ્ઞેયોને જાણતો જ નથી. કેમ કે મારા પોતાના જ્ઞેયાકારો જાણ્યા પછી નિમિત્તભૂત પારકા જ્ઞેયના આકારોને શા માટે જાણું?—એ રીતે પણ હું પરને જાણતો નથી એમ તર્કથી પણ સમજાય તેવું છે.

જ્યારથી પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપદેશ સમજતા થયા છીએ ત્યારથી સાંભળતાં આવ્યા છીએ કે પરજ્ઞેયથી જ્ઞાન થતું નથી, પોતાની તત્ સમયની યોગ્યતાથી જ્ઞાન થયું છે. અર્થાત્ પરપ્રકાશકજ્ઞાનના સમય સમયના જ્ઞેયાકારો પોતાનાથી થાય અને જ્ઞાન જાણે પરજ્ઞેયને! આવી વિપરીતતા સંભવે ખરી! તારા જ્ઞેયાકારોની પ્રસિદ્ધિ અર્થે જ પરજ્ઞેયોની ઉપસ્થિતિ હોય છે નહીં કે પરજ્ઞેયોને જાણવા માટે; જેમ રાજાના આગમનની પ્રસિદ્ધિ અર્થે જ છડીદારની ઉપસ્થિતિ હોય છે, નહીં કે છડીદારની પ્રસિદ્ધિ અર્થે. આમ, જે જ્ઞેયાકારો પરજ્ઞેયથી તદ્દન નિરપેક્ષપણે થઈ રહ્યા છે તેને જ્ઞાન જાણે કે છડીદાર જેવા પરજ્ઞેયને જાણે?—એ રીતે પણ હું મારા જ્ઞેયાકાર જ્ઞાનને જ જાણું છું પણ પરને જાણતો નથી એમ તર્કથી સમજી શકાય તેવું છે.

પરને જાણતો નથી એ આટલું બધું તર્કસંગત હોવા છતાં પરને જાણું છું—એમ જ કેમ લાગ્યા કરતું હશે?—કે એ જ તો અજ્ઞાનનું માહાત્મ્ય છે! જાણવું કાંઈક અને માનવું કાંઈક એનું નામ અજ્ઞાન! અરીસાની સામે ઊભા રહીને જોવે છે પોતાનું પ્રતિબિંબ પણ માને છે શું?—કે હું અરીસામાં દેખાવ છું; પ્રતિબિંબ દેખાય છે તેવું ક્યારેય પોતે વિચારતો—માનતો નથી. હું દેખાવ છું કે અરીસાની સ્વચ્છતાનું સામર્થ્ય જણાય છે! એટલે જો શાંતિથી આગ્રહ છોડીને વિચારે તો સમજાય કે જ્ઞેયાકાર જ્ઞાનને જાણતો થકો હું પરને જાણતો જ નથી.

પરંતુ આ બધું ત્યારે જ સમજાય જ્યારે નિમિત્તાધીન દૃષ્ટિ છોડીને સ્વભાવ-સમીપ જઈને જોવે. જ્યાં સુધી સ્વભાવ-સમીપ જઈને જોવાની દૃષ્ટિ નહીં કેળવે ત્યાં સુધી કમલિનીપત્ર પાણીથી ભીંજાયેલું જ દેખાશે, ક્યારેય પાણીથી અસ્પર્શાયેલું દેખી જ નહીં શકે, તેની જેમ અહીં પણ સમજવું.

તેથી જ કોઈકે ક્યાંક લખ્યું છે કે "જણાય છે સ્વ અને માને છે કે હું પરને જાણું છું તે અનંત દુઃખનું કારણ છે. આ ગુપ્ત રહસ્ય જગતને ખ્યાલમાં આવવું ઘણું જ કઠિન છે, ખ્યાલમાં આવે તેનો મોક્ષ નિકટ છે." અંતર્મુખ થવા માટે આ વાત અત્યંત મનનીય છે.

વિશેષ વિચારીએ તો, જે કાંઈ સ્વભાવ હોય તેનું પરિણમન પોતાના સ્વ-રૂપે જ

પરિણમે, તે ક્યારેય પર-રૂપે પરિણમે જ નહીં. હવે જો પરપ્રકાશક સ્વભાવ પરને જાણે છે એમ કહીએ તો ઉપલકદૃષ્ટિથી તો બરાબર લાગે; પરંતુ અરીસામાં જણાતા મોરનો આકાર અરીસાના મોરનો આકાર છે, નહીં કે મોરનો. તેવી રીતે પરપ્રકાશન દ્વારા પર જણાતું હોવાનું ભાસે છે ત્યાં વિચારીએ કે તે પરનો આકાર જણાય છે કે જ્ઞાનનો આકાર જણાય છે! જો અરીસામાં જણાતા મોરનો આકાર અરીસાની સ્વચ્છતાનો આકાર હોવાનું માનતા હોઈએ તો જ્ઞાન-અરીસામાં ઝલકતાં પરજ્ઞેયસંબંધીના આકારો પણ જ્ઞાનની સ્વચ્છતાના જ આકાર માનવા પડશે, નહીં કે પરજ્ઞેયના! ખરેખર તો પરપ્રકાશક એ જ્ઞાનનો સ્વભાવ છે અને સ્વનો ભાવ હોવાથી તે સ્વના આકારે જ પરિણમે, નહીં કે પરના. માટે, પરપ્રકાશકપણામાં પણ જ્ઞાન પરસંબંધી થતાં સ્વ-આકારરૂપ જ્ઞાનને જ જાણતું પરિણમતું હોવાથી તે પરને જાણતું નથી એમ સિદ્ધ થાય છે.

જો પરપ્રકાશકપણામાં પણ પર જણાતું નથી, સ્વ જણાય છે તો પછી સ્વ-પર (પ્રકાશક) એવા બે ભિન્ન શબ્દો શા માટે? ભાઈ! જ્ઞાનસ્વભાવની અચિંત્ય દ્વિરૂપતાની પ્રસિદ્ધિ અર્થે બે ભિન્નભિન્ન શબ્દોનું વિધાન છે. જેમ દીવાના પ્રકાશમાં દ્વિરૂપતા છે—પ્રકાશ દીવાને પણ પ્રકાશે અને પરપદાર્થોને પ્રકાશતા પ્રકાશને પણ પ્રકાશે; જેમ અરીસાની સ્વચ્છતામાં દ્વિરૂપતા છે—અરીસાને પણ દર્શાવે અને પરપદાર્થના આકારને દર્શાવતા પ્રતિબિંબને પણ દર્શાવે, તેમ જ્ઞાનસ્વભાવમાં પણ દ્વિરૂપતા છે—સ્વજ્ઞેયને પણ પ્રકાશે અને પરજ્ઞેયસંબંધીના પોતાના જ્ઞાનાકારને પણ પ્રકાશે. આમ, જ્ઞાનસ્વભાવની અચિંત્ય દ્વિરૂપતાની પ્રસિદ્ધિ અર્થે સ્વ-પર (પ્રકાશક) એવા બે ભિન્નભિન્ન શબ્દો વડે સ્વભાવને વર્ણવ્યો છે.

અરે ભાઈ! સ્વ ને પર વચ્ચે તો વજ્રની દીવાલ છે—અત્યંત અભાવ છે, તેથી સ્વને પર સાથે શું લેવા કે દેવા? પર સાથે શું પ્રયોજન કે તેને જાણવા જાય? સ્વ તો હર સમય પોતાના સ્વભાવમાં રહ્યો થકો સ્વને અનુભવ્યા કરે—જાણ્યા કરે! પણ અરેરે! જ્ઞેયજ્ઞાયકસંબંધની કોઈ એવી વિચિત્રતા છે કે જ્ઞાનમાં જેવા જ્ઞાનાકાર થાય તેવા પરજ્ઞેયોની ઉપસ્થિતિ હોય જ, તેથી જીવને ભ્રમ પડી જાય છે કે પરને જાણું છું! જેમ ફોટામાં પોતાનો આકાર જણાય ત્યાં 'આ હું છું' એમ આકર્ષાઈ જાય છે ને! તેમ પોતાનો જ્ઞાન આકાર જ્યાં પરજ્ઞેય જેવો જણાય ત્યાં જ્ઞાન પરને જાણે છે તેમ પર તરફ આકર્ષાઈ જતાં, મારો જ્ઞાનાકાર જણાય છે તેવું જ્ઞાન ઉદિત થતું નથી.

પાંચેય સમવાયનો એકીસાથે યોગ ભજે ત્યારે કાર્ય સંપન્ન થાય છે. જ્ઞાનસ્વભાનું કાર્ય છે સમયે સમયે વિવિધ જ્ઞાનાકારે પરિણમવું. તેથી વિવિધ જ્ઞાનાકારરૂપ કાર્યના

પરિણમન વખતે યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિ અર્થાત્ પરજ્ઞેયોની હાજરી—અવશ્ય હોય જ. જીવના અનાદિના અજ્ઞાનના કારણે તેને પરપદાર્થોની ઓશીયાળી વિના ચેન પડતું નથી એટલે જ્ઞાનના વિવિધ જ્ઞાનાકાર વખતે જે કોઈ યોગ્ય નિમિત્ત—પરજ્ઞેયની હાજરી હોય છે તેને જ્ઞાનાકારનો કર્તા માની બેસે છે કે પરજ્ઞેયના કારણે જ્ઞાન થયું. પરજ્ઞેયની ઉપસ્થિતિ અનિવાર્ય હોવાથી અજ્ઞાનીને ભ્રમ પડી જાય છે કે જેવા પરજ્ઞેયને જાણે તેવું જ્ઞાન થાય છે માટે હું પરને જાણું છું. પરંતુ ભાઈ! જ્ઞાન પોતાના સ્વાધીન સ્વભાવ વડે વિવિધ જ્ઞાનાકારરૂપ પરિણમે છે અને તે પરિણમનમાં પરદ્રવ્યની—જ્ઞેયોની બિલકુલ પરાધીનતા સંભવતી નથી છતાં તેવા જ્ઞાનાકાર પરિણમન વખતે યોગ્ય નિમિત્તની—પરજ્ઞેયોની ઉપસ્થિતિ હો તો હો!—તેમાં જ્ઞાનના સ્વતંત્ર સામર્થ્યને જરાય આંચ આવતી નથી. આમ, સ્વતંત્રપણે પોતાના વિવિધ જ્ઞાનાકારે પરિણમતા જ્ઞાનના પરિણમનમાં પરજ્ઞેયો અકિંચિત્કર હોવાથી, પરજ્ઞેયોના કારણે તેવું જ્ઞાન થાય એ માત્ર ભ્રાંતિ જ છે. તેથી પરપ્રકાશકજ્ઞાન પરને જાણતું જ નથી પરંતુ તે સમયના જ્ઞાનાકાર જ્ઞાન-પરિણમનકાળે યોગ્ય નિમિત્ત—પરજ્ઞેયની ઉપસ્થિતિ હોવાથી તેને પરપ્રકાશક કહેવાય છે. ખરેખર તો પરપ્રકાશકજ્ઞાન પણ જ્ઞાનનો તે સમયનો સ્વ-આકાર છે; તે કાંઈ પરનો આકાર નથી. માટે, પરપ્રકાશકજ્ઞાન પણ પોતાના જ્ઞાનની જ પ્રસિદ્ધિ કરે છે.

પરની પ્રસિદ્ધિ કરતો દીવાનો પ્રકાશ ક્યા સમયે દીવાને જાહેર ન કરતો હોય! ક્યા સમયે દીવાની પ્રસિદ્ધિ ન કરતો હોય! પ્રકાશ જ એને કહેવાય કે જે સૌથી પહેલાં પોતાના દીવાની પ્રસિદ્ધિ કરે! તેમ પરજ્ઞેયના આકારે પરિણમતું જ્ઞાનાકાર જ્ઞાન ક્યા સમયે જ્ઞાયકની પ્રસિદ્ધિ કર્યા વિના રહેતું હશે? અરે! પરસંબંધી જ્ઞેયાકાર જ્ઞાન હો કે સ્વસંબંધી જ્ઞાનાકાર જ્ઞાન હો—જ્ઞાન જ એને કહેવાય કે જે જ્ઞાયકને જાણતું પરિણમે. પરંતુ જીવને અનાદિના અજ્ઞાનવશ પરને જાણવાનો એટલો બધો મોહ વર્તે છે કે તેને જાણનારો જણાઈ રહ્યો હોવા છતાં જણાતો નથી. તેથી હવે સ્વપરપ્રકાશકપણા વડે તો જણાઈ રહેલા જાણનારને જાણી લે!—એમ કહેવું છે.

આશ્ચર્યની વાત એ છે કે જીવને પરનું લક્ષ છોડવું ગમતું જ નથી. સ્વભાવની વાત આવે તો તેમાંથી પણ પરના પ્રતિપાદનનો આધાર લઈને પરનું જ લક્ષ કરે! અરે ભાઈ! અચિંત્ય મહિમાવંત સ્વભાવ વડે તને સ્વ જણાઈ જ રહ્યો છે તેમ સ્વનું લક્ષ કરાવીએ ત્યાં પણ પરનું લક્ષ કરવા મથે છો ! સ્વપરપ્રકાશક સ્વભાવ કહેતાં, પહેલી વાત તો સ્વપ્રકાશકપણાની આવી એટલે તેને અંદરથી કેટલો ઉમંગ-ઉછળવો જોઈએ કે મારો

સ્વજ્ઞાયક મારા સ્વપ્રકાશક જ્ઞાનસ્વભાવમાં જણાઈ જ રહ્યો છે! વાહ રે વાહ! મારા જ્ઞાનમાં મારો જ્ઞાયક ઝળકી જ રહ્યો છે! આબાળ-ગોપાળને સદાય જ્ઞાયક જ જણાઈ રહ્યો છે કેમ કે સ્વપ્રકાશક તો જીવનો સ્વભાવ છે ને!–એમ ઉલ્લસીત વીર્યથી જાણનારને જાણી લેવાને બદલે પરપ્રકાશ સ્વભાવની ઓથ લઈને પરને જાણું છું–એમ પરનું જ લક્ષ કાં કરતો રહે છો? સ્વપરપ્રકાશક સ્વભાવવડે જાણનારો જ્ઞાયક સદાય જ્ઞાનમાં જણાય જ રહ્યો હોવાથી તેને જાણને !

આપણે પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી–સાક્ષાત્ તેમ જ ટેપના માધ્યમથી–સેંકડો વાર સાંભળ્યું કે–'કેવળી લોકાલોકને જાણે છે એમ ઉપચારથી કહેવાય છે, ખરેખર તો કેવળી લોકાલોકને જાણતાં જ નથી'; એટલે કે જેને શ્રદ્ધાજ્ઞાનમાં આ વાત બેસી જાય કે–'હું પરને જાણું છું એમ ઉપચારથી કહો તો ભલે કહો, ખરેખર હું પરને જાણતો નથી',–તેને પરિણતિ અંતર્મુખ ઢળીને જાણનારો જણાઈ રહ્યાનો અનુભવ થઈ જશે. તેથી જ પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મની અસ્તિની મસ્તીનાં જોરમાં "પરને હું જાણું છું એમ જે માને છે તે દિગમ્બર જૈન નથી"–એમ કહીને પરસન્મુખતા છોડીને સ્વસન્મુખ થવાનો ઉપદેશ આપ્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ જીવનભર, શ્રી સમયસારજીની ૧૭-૧૮મી ગાથાના માધ્યમથી, જાણનાર જણાઈ જ રહ્યો છે તે વાત સમજાવી છે; અને સ્વપરપ્રકાશક સ્વભાવ પણ, જાણનારો જણાઈ જ રહ્યો હોવાની પ્રસિદ્ધિ કરી રહ્યો છે. માટે તું જણાઈ રહેલાને જાણ!

સારાંશ :–સ્વપરપ્રકાશકજ્ઞાનના જ્ઞાનાકારોમાં પ્રતિભાસતા પરજ્ઞેયોને તો હું જાણતો જ નથી પરંતુ તે પરજ્ઞેયોસંબંધી જે જ્ઞેયાકાર જ્ઞાન છે તેનું લક્ષ છોડીને; સ્વજ્ઞેયરૂપ જ્ઞાયક જેમાં સદાય પ્રતિભાસી રહ્યો છે એવા જ્ઞાનાકાર જ્ઞાનનું પણ લક્ષ છોડીને, તેમાં જે સદાય પ્રતિભાસી રહ્યો છે તે સ્વજ્ઞેયરૂપ જ્ઞાયકના લક્ષવડે 'આ જે જાણનારો જણાઈ રહ્યો છે તે જ હું છું'—એમ જ્ઞાયકમાં અહમ્પણું સ્થાપવું તે સ્વપરપ્રકાશકજ્ઞાનની ઉપલબ્ધિ છે.

શ્રી ગુરુનો ઉપદેશ આપણા સૌનું આત્મકલ્યાણ કરો એવી ભાવનાપૂર્વક....

# સ્વપરપ્રકાશક છતાં પરનો અપ્રકાશક

જ્ઞાનગુણ એ આત્માનો એક અચિંત્ય મહિમાવંત વિશિષ્ટ ગુણ છે અને તે ગુણની વર્તમાન પર્યાય એક છે છતાં એ એક પર્યાયમાં જાણવાની વિધિના પ્રકાર બે છે :– સ્વસંબંધીનું જાણપણું અને પરસંબંધીનું જાણપણું; ત્યાં સ્વસંબંધીનું જાણપણું આત્માને અતીન્દ્રિય આનંદની અનુભૂતિનું કારણ છે અને પરસંબંધીનું જાણપણું જ્ઞાનની શક્તિ-સામર્થ્યની પ્રસિદ્ધિ કરનાર છે. કઈ રીતે?–કે જે ત્રણ લોકની સામે જોવું કે જાણવું નથી તે ત્રણ લોકસંબંધી જ્ઞાનાકારે થઈને તેને જાણવાની જ્ઞાનમાં શક્તિ-સામર્થ્ય હોવાની પ્રસિદ્ધિ કરે છે. આવા વિશિષ્ટ સામર્થ્યરૂપ સ્વપરપ્રકાશક સંબંધી વિચારી શકાય કે—

"પરને જાણતો નથી, પરસંબંધી પોતાના જ્ઞાનને જાણે છે."—આ, પૂજ્ય ગુરુદેવશ્રીનું સૂત્ર છે.

આ સૂત્રની સામે તેઓશ્રીના એક કથનને યાદ કરીએ કે "રાગાદિનું (પરનું) જે જ્ઞાન થયું તે રાગાદિથી થયું નથી."

ઉપલક દૃષ્ટિથી વિચારતાં એમ થાય કે જાણે બન્ને વિરોધાભાસી પ્રરૂપણા છે. પરંતુ ભાઈ! શું જ્ઞાની વસ્તુસ્વભાવનું નિરૂપણ બે વિરોધાભાસી પ્રરૂપણા વડે કરે ખરા! કદાપિ નહીં. તો પછી એનો અર્થ એ થયો કે આપણને તેના ગૂઢ રહસ્યની સમજ ન પડવાથી બન્ને પ્રરૂપણા વિરોધાભાસી હોવાનો ભ્રમ ઊપજે છે. જેમ કે "પાણી અગ્નિથી ઉષ્ણ થતું નથી."—આ એક સિદ્ધાંત છે અને 'અગ્નિથી ગરમ થયેલું પાણી અગ્નિના કારણે ઉષ્ણ થયું નથી.' ઉપરના બન્ને વાક્યનો વિચાર કરીએ. શું પહેલાં વાક્યમાં જે સિદ્ધાંત કહ્યો તેનો નિષેધ બીજા વાક્યમાં છે? બીજા વાક્યમાં સ્પષ્ટ રીતે સ્વીકાર કર્યો છે કે 'અગ્નિથી ઉષ્ણ થયેલું પાણી.' અરે ભાઈ! બીજા વાક્યમાં લોકવ્યવહારની ભાષાથી કહ્યું કે અગ્નિથી ઉષ્ણ થયેલું પાણી! પરંતુ લોકવ્યવહારથી પ્રરૂપણા એટલે કરી કે તને એ લોકવ્યવહાર નજરમાં છે; ખરેખર તો લોકવ્યવહારની ભાષામાં એ વાક્ય કહીને તેનું ખંડન કર્યું છે કે 'તે પાણી અગ્નિથી ઉષ્ણ થયું નથી,' જેમ ઘીનો ઘડો છે તે ઘીનો નથી પણ માટીમય છે—એમ સમજાવાય છે તેમ. તાત્પર્ય એ કે બીજા વાક્યનો પહેલો ભાગ તારી માન્યતા મુજબ કહીને તારી તે માન્યતા ખોટી છે તે તને સમજાવવા માટે કહ્યું છે; નહીં કે પહેલાં ભાગની સ્વીકૃતિ

માટે! જો પહેલાં ભાગને સત્ય માની લઈએ કે પાણી અગ્નિથી ઉષ્ણ થયેલું છે તો આગળ બીજા ભાગનું કાંઈ પ્રયોજન જ રહેતું નથી.

અરે ભાઈ! નિમિત્તાધીન દૃષ્ટિ છોડાવવા નિમિત્તની અપેક્ષાથી કથન કરીને નિમિત્ત અકિંચિત્કર છે તેમ સમજવાની એક પદ્ધતિ છે. નિમિત્તની અપેક્ષાનું કથન કરવા પાછળ મજબૂત પ્રયોજન એ છે કે નિમિત્તથી થતું દેખાવા છતાં નિમિત્તથી થતું જ નથી એમ સિદ્ધ કરવું છે.

બસ, પરને જાણવા સંબંધીના ઉપરોક્ત બંને વાક્યોને આ દૃષ્ટાંતથી વિચારીએ તો સમજાશે કે પ્રથમ સૂત્ર છે તે વસ્તુસ્વભાવનું નિરૂપણ કરે છે અને બીજું વાક્ય છે તે તારી અનાદિની અજ્ઞાનજન્ય જે માન્યતા છે કે 'રાગાદિને જાણે છે' તેને યાદ કરીને તને એ સમજાવાયું છે કે રાગાદિના કારણે જ્ઞાન થયું ન હોવાથી તે જ્ઞાન રાગાદિનું નથી પણ તે જ્ઞાન જ્ઞાનનું જ છે, કેમ કે ગાથા-૬૮ મુજબ 'જવપૂર્વક જે જવ થાય તે જવ જ હોય' અથવા તો ગાથા-૩૫૬-૩૬૫ મુજબ 'જેનું જે હોય તે તે જ હોય'—એ ન્યાયે, રાગાદિના કારણે નહીં થયેલું તે જ્ઞાન, જ્ઞાનની વર્તમાન પર્યાયગત્ યોગ્યતાથી થયેલું હોવાથી તે જ્ઞાન જ્ઞાનનું જ હોય; નહીં કે રાગાદિનું!

જો એમ કહેવામાં આવે કે રાગાદિને (પરને) નહીં જાણતું જ્ઞાન રાગાદિથી થયું નથી તો! તો એમ લાગશે કે એમાં શું નવાઈ! રાગાદિને જાણતું ન હોય ત્યારે રાગાદિથી જ્ઞાન ન થવાની વાત જ ક્યાં આવી? અરે ભાઈ! રાગાદિનું જ્ઞાન રાગાદિથી થયું નથી એમ કહેવામાં મૂળભૂત એ પ્રયોજન સમાયેલું છે કે રાગાદિસંબંધી જે જ્ઞાન થયું તે જ્ઞાનનું જ જ્ઞાન છે, તે જ્ઞાન રાગાદિનું છે જ નહીં, તે જ્ઞાન રાગાદિને જાણતું જ નથી પણ તે જ્ઞાન પોતાના જ્ઞાનના જ કલ્લોલો છે ને તેને તે જ્ઞાન જાણતું પરિણમે છે.

ખરેખર તો 'પરને જાણતો નથી' એમ કહેતાં જ્ઞાનમાત્ર જીવવસ્તુની મર્યાદા-સીમા હદ બતાવી છે કે તું તારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની બહાર જતો જ નથી, તું તારા દ્રવ્ય-ગુણ-પર્યાયની બહાર જઈ શકતો જ નથી, તેથી તું પરની સીમામાં પ્રવેશી શકતો ન હોવાથી પરને જાણતો નથી; એ તો ઠીક પણ તારા વિશિષ્ટ ગુણનું હર સમયે જે કાર્ય થાય છે તેની પ્રસિદ્ધિ અર્થે કદાચિત્ જ્ઞેયની ઉપસ્થિતિ હો તો ભલે હો, તોપણ તે કારણ અને તારું જ્ઞાન-પરિણમન કાર્ય એવો કર્તાકર્મસંબંધ પણ નથી; ભલે ને તે જ્ઞાનકલ્લોલો પરસંબંધીના હો તોપણ પરની સાથે કર્તાકર્મસંબંધ પણ નથી અને તેને જાણતું પણ નથી—એમ બે દ્રવ્યો વચ્ચેની સીમાને નહીં ઉલ્લંઘતો એવો વસ્તુસ્વભાવ સમજાવીને જ્ઞાનમાત્ર જીવવસ્તુનો મહિમા સમજાવ્યો છે.

જાણવાના સંદર્ભમાં જ્ઞાની પંડિત શ્રી જયચંદજી છાબડાનું મંતવ્ય બહુ માર્મિક છે તેને યાદ કરીએ. તેઓ કહે છે કે "બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં જ છે, જ્ઞાનમાં પેસતાં નથી; જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતા જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે. તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાનવડે જણાય છે." (શ્રી સમયસાર, શ્લોક–૨૭૧, ભાવાર્થમાંથી)

શ્રી પ્રવચનસારની ગાથા–૩૯ના આધારે વિચારીએ તો જે પર્યાયો વિદ્યમાન નથી એવા ભૂત-ભવિષ્યના પરના પરિણમનને વર્તમાનવત્ જાણી લેતું જ્ઞાન પોતાના જ્ઞાનસ્વભાવની અદ્ભુત મહિમા પ્રસિદ્ધ કરે છે કે પર-પરિણમનની હયાતિ ન હોવા છતાં પરસંબંધીના પોતાના જ્ઞાનને જાણતું હોવાથી પરને જાણતું પણ નથી તેમ જ પરથી થતું પણ નથી.

ફરીથી મૂળ વિષય ઉપર આવીએ કે 'રાગાદિનું અહીં જે જાણપણું થયું તે રાગાદિથી થયું નથી'—એમ પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે. શું અહીં તેઓશ્રી એમ સિદ્ધ કરવા માગે છે કે રાગાદિને જાણે છે?—કે એમ સિદ્ધ કરવા માગે છે કે રાગાદિથી જ્ઞાન થતું જ નથી. અરે ભાઈ! રાગાદિને જાણે છે એ વાત સિદ્ધ કરવી નથી બલ્કે રાગાદિને જાણતું નથી એ વાત સિદ્ધ કરવા કહ્યું છે કે રાગાદિથી જ્ઞાન થયું નથી કેમ કે જે જ્ઞાન જેનાથી થયું ન હોય તે જ્ઞાન તેનું ન હોય! રાગાદિથી જ્ઞાન થયું નથી તેથી તે જ્ઞાન રાગનું નથી પણ તે જ્ઞાન પોતાની યોગ્યતાથી થયું હોવાથી તે જ્ઞાન જ્ઞાનનું જ છે. અર્થાત્ "રાગાદિનું અહીં જે જાણવું થયું તે રાગાદિને જાણતું નથી પણ તે જ્ઞાન પોતાના તત્સમયના જ્ઞાનાકારને જ જાણતા પરિણમે છે કેમ કે તે જ્ઞાન જ્ઞાનથી જ થયું છે, રાગાદિથી થયું નથી." આટલું લાંબુ કથન ન કરવા માટે 'રાગાદિનું અહીં જાણપણું થયું તે રાગાદિથી થયું નથી'—એમ ટૂંકાવીને કહ્યું છે. પણ અરેરે! અનાદિનો પરને જાણવાનો જે રસ પડ્યો છે ને! તેના કારણે 'રાગાદિને જાણે છે' તેમ ખેંચી કાઢે છે. હિત-અહિતના વિવેકરહિત બાળકને પારકી માને ધાવવામાં મીઠાશબુદ્ધિ થઈ જવાથી પોતાની માને ધાવવાનું ક્યાંથી ગોઠે? પૂજ્ય ગુરુદેવશ્રીએ હજાર વારથી વધુ વાર પ્રવચનમાં કહ્યું કે 'પરને જાણતો નથી' છતાં બાળકબુદ્ધિ અજ્ઞાનીને 'તન્મય થઈને જાણતો નથી તોપણ જાણે છે તો પરને જ'—એમ પરનો રસ છૂટતો ન હોવાથી, પરસંબંધીના જ્ઞાનને જાણતું જ્ઞાન પોતાના જ્ઞાયકની જ પ્રસિદ્ધિ કરે છે—એમ પોતાના જ્ઞાયકનું લક્ષ કરવું તેને ગોઠતું નથી.

સ્વભાવને સમજાવવા માટે પરની અપેક્ષાથી કથન કરવું ભલે પડે, તોપણ સ્વભાવ એને જ કહેવાય કે જે સ્વભાવ વડે સ્વભાવરૂપે જ પરિણમે; જેના પરિણમનમાં પરની

ગંધમાત્ર પણ ન હોય. સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી, સ્વ અને પરના પ્રકાશન વખતે જો તેમાં પરની ગંધમાત્ર ભળી જાય અથવા પરનું પ્રકાશવું થઈ જાય તો સ્વભાવમાં દોષ આવી પડે! પરનું પ્રકાશવું તો દૂર રહ્યું પણ પરથી પણ પ્રકાશવું થાય તો સ્વભાવ પરાધીન થઈ જાય!—એટલે કે તેને સ્વભાવ જ કહી ન શકાય. સ્વજ્ઞેય અને પરજ્ઞેયસંબંધી પોતાના વિવિધ જ્ઞાનાકારોરૂપે જ્ઞાનવડે જ્ઞાન પરિણમતું રહે તો જ તેને સ્વપરપ્રકાશક સ્વભાવ કહી શકાય.

જ્ઞાનસ્વભાવ એટલો અચિંત્ય મહાન સામર્થ્યવાળો છે કે પરજ્ઞેયની ઉપસ્થિતિ વર્તમાનમાં હોય જ નહીં પણ ભવિષ્યમાં તે પરજ્ઞેયની ઉપસ્થિતિ નિશ્ચિતરૂપે હોવાની જ હોય તેવા પરજ્ઞેયને જ્ઞાન વર્તમાનવત્ જાણી લ્યે છે. આદિનાથ ભગવાને સમવસરણમાં બેઠેલા મારિચને જાણવા સાથે ભગવાન મહાવીરની દિવ્યધ્વનિ છૂટતી પણ જાણી હતી ને! પરજ્ઞેયરૂપ ભગવાન મહાવીરનું તો હજી અસ્તિત્વ જ નહોતું ને! તો આદિનાથે કોને જાણ્યા? મહાવીર તો હજુ મારિચ છે! અરે ભાઈ! આદિનાથે પોતાના જ્ઞાનને જ જાણ્યું છે, કેમ કે મહાવીરની ઉપસ્થિતિ ન હોવાથી મહાવીરના કારણે જ્ઞાન થયું છે કે મહાવીરને જાણે છે એ બંને વાત સંભવતી જ નથી. તેથી સિદ્ધ એમ થાય છે કે જ્ઞાન પરથી થતું જ નથી અને પરને જાણતું પણ નથી. આ જ તો જ્ઞાનનો અચિંત્ય સ્વભાવ છે અને એવો જ્ઞાનસ્વભાવી હું જ્ઞાયક છું—એમ જ્ઞાયકનું લક્ષ પૂજ્ય ગુરુદેવશ્રી કરાવવા માગે છે.

પરને જાણવા સંબંધી કોઈનું એવું મંતવ્ય છે કે જાણવું એ કાંઈ દોષ નથી, જાણવું એ તો તારો સ્વભાવ છે. વળી ક્યા સમયે ક્યા જ્ઞેયને તું જાણશે એ પણ ક્રમબદ્ધ હોવાથી તારે ક્યા જ્ઞેયને જાણવું એ પણ ચિંતા કરવાની નથી. માટે, માથા પરથી પરને જાણવાનો બોઝો ઉતારી દે ને તારા જાણવાના સ્વભાવની મહિમા વડે જ્ઞાયકને જાણી લ્યે ઇત્યાદિ. તો અહીં પ્રશ્ન એ ઉદ્ભવે કે પરને જાણતો નથી એની ચર્ચા છે કે આત્મા જાણતો નથી એની ચર્ચા છે? વક્તાના ઉક્ત મંતવ્યમાં તો આત્માના જાણવાના સ્વભાવનો કોઈ નિષેધ કરતો હોય તેને સમજાવતા હોય તેમ લાગ્યું! અરે ભાઈ! જાણવું એ તો આત્માનો સ્વભાવ છે, જો જાણપણું ન હોય તો પાંચને બદલે છએ દ્રવ્યો અચેતન હોવા જોઈએ ને! અહીં જાણપણાનો નિષેધ છે જ નહીં. જાણવાનો સ્વભાવ હોવાથી જાણે જ છે પણ કોને જાણે છે? પરને જાણે છે કે પરસંબંધી પોતાના જ્ઞાનને પોતે જાણે છે? તેની ચર્ચા છે. ત્યાં જાણવું એ તો સ્વભાવ છે એમ કહીને પરને જાણે છે એમ તેઓ સમજાવવા માગતા હતા. જોકે તે વક્તા સ્વયં કહે છે કે જ્ઞેયની સાપેક્ષતાથી જ્ઞેયાકાર કહેવાની કથન પદ્ધતિ હોવા છતાં ખરેખર જ્ઞેયાકાર છે જ નહીં, તે તો જ્ઞાનાકાર જ છે અને તે જ્ઞાનાકાર જ્ઞાન વડે થાય છે ને જ્ઞાન પોતાના તે જ્ઞાનાકારને

જાણે એવો જ્ઞાનનો અચિંત્ય સ્વભાવ છે. અરે ભાઈ! તો પછી પરને જાણું છું એ વાત ક્યાં રહી?

પરને જાણતો નથી તો પ્રમેયત્વ ગુણનું શું?–કે બીજાના જ્ઞેયાકારરૂપ જ્ઞાનાકારમાં પોતે નિમિત્તરૂપ જ્ઞેય તરીકે ઝળકે તે પ્રમેયત્વગુણના કારણે છે, પરંતુ પોતાને બીજાનું જ્ઞાન જાણે એવું તેનું સ્વરૂપ નથી. બીજાના જ્ઞાનાકાર વખતે તેમાં નિમિત્તરૂપે ઉપસ્થિત થવાની પોતાની યોગ્યતા છે તેનું કારણ છે પ્રમેયત્વગુણ. ધર્માસ્તિના ગતિહેતુત્વગુણનું કાર્ય શું?—કે જીવ-પુદ્ગલ સ્વયં ગતિ કરે ત્યારે તેમાં નિમિત્ત તરીકે ઉપસ્થિત હોય તે ધર્માસ્તિકાયના વિશેષ ગુણનું કાર્ય છે; પરંતુ ગતિહેતુત્વનું કાર્ય જીવ-પુદ્ગલને ગતિ કરાવવાનું નથી. તેમ દરેક દ્રવ્યના પ્રમેયત્વગુણનું કાર્ય શું?—કે અન્ય જીવો સ્વયં જે જે જ્ઞેયાકાર જ્ઞાનરૂપે પરિણમે તે તે જ્ઞેયાકાર જ્ઞાનમાં નિમિત્ત તરીકે–પરજ્ઞેય તરીકે ઉપસ્થિત રહેવું તે પ્રમેયત્વગુણનું કાર્ય છે.

ખરેખર તો 'જ્ઞાન ત્રણ કાળમાં કદીય જ્ઞેયાકારરૂપ પરિણમતું જ નથી; જ્ઞાન તો સદાય જ્ઞાનાકારરૂપ જ પરિણમે છે'—આ સૂત્રની ગહનતામાં ઊંડો ઊતરે તો પર જણાય છે એવું સ્વપ્નેય ભાસશે નહીં! જેમ પાણી ઉષ્ણ થાય અને તે વખતે અગ્નિનું નિમિત્તપણું હોવા છતાં નિમિત્ત અકિંચિત્કર હોવાથી અગ્નિની ઉષ્ણતા પાણીમાં પેસતી નથી, તેમ જ્ઞાનના સમય સમયના વિચિત્ર કલ્લોલો કે જે જ્ઞાનાકારરૂપ છે તેના પરિણમનકાળે જ્ઞેયની હાજરી હોય તોપણ જ્ઞાન જ્ઞાનાકારપણું છોડતું નથી, તેથી જ્ઞેયનું જ્ઞાન થતું નથી પણ જ્ઞાનાકારનું જ જ્ઞાન થાય છે. ઉપાદાન-નિમિત્તની વ્યવસ્થામાં તો ઉપાદાનથી થતા કાર્યકાળે નિમિત્તની ઉપસ્થિતિ અનિવાર્ય છે પરંતુ જ્ઞાનાકાર પરિણમનની વ્યવસ્થામાં જ્ઞેયની ઉપસ્થિતિ હો તો હો, ન પણ હો! તોપણ જ્ઞાન સ્વતંત્રપણે જ્ઞાનાકારરૂપ પરિણમે છે, કેમ કે ઉપાદાન-નિમિત્ત એ તો છએ દ્રવ્યોની પરસ્પર સાપેક્ષ વ્યવસ્થા છે પરંતુ જ્ઞાનાકારરૂપ પરિણમવું એ તો આત્માનો નિરપેક્ષ અચિંત્ય વિશિષ્ટ સ્વભાવ હોવાથી તેને જ્ઞેયની ઉપસ્થિતિ હોવા – ન હોવા સાથે કાંઈ લેવાદેવા નથી; તેથી જ સમવસરણમાં મારિચને દેખતી વખતે પણ ભગવાન આદિનાથ મહાવીરને જોવે છે ને! એ જ જ્ઞાનના નિરપેક્ષ અચિંત્ય સ્વભાવની પ્રસિદ્ધિ કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો એકાગ્રતાથી સાંભળતા ખ્યાલ આવશે કે દરેક પ્રવચનમાં સૂક્ષ્મ ન્યાયની વાત વારંવાર કરવાને બદલે ક્યારેક ક્યારેક સૂક્ષ્મ વાત કહી દેતાં. જેમ કે શ્રી સમયસાર ૧૯મી વખતમાં સેટીકા-ખડીની ગાથાઓમાં પ્રવચન ૪૦૯-૪૧૦ સાંભળતા ખ્યાલમાં આવશે કે પરનું-રાગાદિનું જે જાણવું થયું તે રાગાદિના કારણે થયું નથી અથવા તો લોકાલોકનું જે જ્ઞાન થાય છે તે લોકાલોકથી થયું નથી કેમ કે કેવળી તેમાં તન્મય થતા નથી

એ વાત વારંવાર કરીને, પ્રવચનમાં વચ્ચે વચ્ચે અને છેલ્લે સ્પષ્ટ કહે છે કે ખરેખર પરને જાણતો જ નથી, પરસંબંધી જે જ્ઞાન થાય છે તે જ્ઞાનનું જ્ઞાન છે. તેઓશ્રીની એક વિશેષતા એ રહી છે કે એકદમ ઊંડાણ સુધીનો ન્યાય દરેક વખતે કહેવાને બદલે વચ્ચે વચ્ચે ઈશારારૂપ કહેતા રહેવું. પરનું જાણવું થયું તે પરથી થયું નથી એમ કહીને બે દ્રવ્યો વચ્ચે કર્તાકર્મપણું નથી એટલો ન્યાય કહે. પછી તન્મય થઈને જાણતા નથી એમ કહીને બે દ્રવ્યો વચ્ચેના એકત્વનો નિષેધ કરવા સુધીનો ન્યાય કહે અને પ્રવચનમાં વચ્ચે વચ્ચે પરને જાણતો જ નથી છતાં પરને જાણે છે એમ વ્યવહારથી કહેવાય પણ એ વ્યવહાર જૂઠો છે એમ બે દ્રવ્યો વચ્ચે જ્ઞેયજ્ઞાયકસંબંધના નિષેધના છેક ઊંડા સૂક્ષ્મ ન્યાય સુધીની વાત કહીને, પરદ્રવ્યો અને સ્વદ્રવ્ય વચ્ચે સઘળાય સંબંધના અભાવરૂપ બે દ્રવ્યોની સર્વથા ભિન્નતા બતાવીને, પરની સંપૂર્ણ ઉપેક્ષા વડે જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતાની અભેદ દૃષ્ટિની વિધિ સમજાવી દે. માટે આપણે પૂજ્યશ્રીની દેશનાની ગહનતા સુધી પહોંચીને તેઓશ્રી જે ન્યાયના ઊંડાણ સુધીની વાત ઈશારારૂપે કહી દેતાં તેનું ગ્રહણ કરવાની પદ્ધતિ અપનાવવાની જરૂર છે જેથી પરને જાણે છે કે નહીં એવી દ્વિધા ઉદ્ભવે જ નહીં ને પ્રયોજન સુધી પહોંચી શકાય.

હવે પ્રતિભાસ અને જાણવું એ સમજવા માટે જ્ઞાનની વર્તમાન પર્યાયના સામર્થ્યને સમજવા જેવું છે. અરીસાના દૃષ્ટાંતથી વિચારીએ કે ડ્રેસિંગરૂમમાં ૩'x ૬'ના એક અરીસા સામે શ્રૃંગાર સજીને ઊભેલી એક સ્ત્રી પોતાના કપાળમાં કરેલો ચાંદલો બરાબર ગોળમટોળ તો છે ને? એ અરીસાના પ્રતિબિંબમાં નીરખી રહી છે; તે વખતે અરીસાની પ્રગટ સ્વચ્છતામાં તે સ્ત્રીનું સંપૂર્ણ રૂપ અને તે સ્ત્રીની પાછળ રહેલી દીવાલ, દીવાલમાં લટકતા વસ્ત્રો આદિ બધું જ પ્રતિબિંબિત થઈ રહ્યું છે અને સાથોસાથ અરીસાની સ્વચ્છતાનું દળ પણ પ્રસિદ્ધ થઈ રહ્યું છે. આ બધું થવું તે અરીસાની વર્તમાન સ્વચ્છતાનું સ્વરૂપ છે. પરંતુ તે વખતે સ્ત્રીને માત્ર પોતાના કપાળમાં રહેલ ચાંદલો જ દેખાય છે, જાણે કે અરીસામાં ચાંદલા સિવાય બીજું કાંઈ ન હોય અને તેથી તેને અરીસો પણ જણાતો નથી. અરીસાની સ્વચ્છતાની પ્રગટ અવસ્થામાં તેની સામે જે કાંઈ હોય તે ઝળકે છે અને જોનારને જેનું લક્ષ હોય તે જ દેખાય છે. અર્થાત્ બધું પ્રતિબિંબિત થવું તે છે પ્રતિભાસ અને લક્ષપૂર્વક જેને દેખે છે તેનું નામ છે જાણવું. જ્ઞાનની વર્તમાન પર્યાયનું એટલું સામર્થ્ય છે કે પ્રત્યેક સમયે એકીસાથે સ્વજ્ઞેયરૂપ જ્ઞાયક અને પરજ્ઞેયો બન્નેનું ઝળકવું થયા જ કરે છે એટલે કે જ્ઞાનની પ્રત્યેક સમયની પર્યાયમાં આબાળ-ગોપાળ સર્વેને જ્ઞાયકનો પ્રતિભાસ થઈ રહ્યો છે—જ્ઞાયક ઝળકી જ રહ્યો છે ને સાથોસાથ પરજ્ઞેયોનો પણ પ્રતિભાસ થઈ જ રહ્યો છે. પરંતુ અજ્ઞાનીને માત્ર પરનું જ લક્ષ હોવાથી, જ્ઞાનની વર્તમાન પર્યાયમાં જ્ઞાયક પણ પ્રતિભાસતો હોવા છતાં તેનું

લક્ષ કરતો ન હોવાથી, માત્ર ચાંદલો જ અરીસામાં જણાતો હોય તેમ અજ્ઞાની માત્ર પરને જ જાણું છું એમ માનતો રહે છે. જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય જ એવું છે કે તેમાં સ્વજ્ઞેય ને પરજ્ઞેયનો પ્રતિભાસ—ઝલકન—ઝલકવું હર સમયે થઈ જ રહ્યું છે અને જે જીવ લક્ષપૂર્વક જેને દેખે તે તેના જ્ઞાનમાં જણાય છે. જ્ઞાનીને જ્ઞાયકસંબંધી જ્ઞાનાકાર જણાય છે ને અજ્ઞાનીને પરસંબંધી જ્ઞેયાકારરૂપ જ્ઞાનાકાર જણાય છે. સારાંશ એ કે વર્તમાન જ્ઞાનપર્યાયમાં પ્રતિભાસ બેનો : સ્વજ્ઞેયસંબંધી અને પરજ્ઞેયસંબંધી; જાણવું એકનું : સ્વજ્ઞેયસંબંધી અથવા પરજ્ઞેયસંબંધી; કેવળીને બન્નેનું જાણવું એકીસાથે.

હવે, અરીસાના પ્રતિબિંબમાં ચાંદલો દેખતી સ્ત્રી કોને દેખે છે? પોતાના કપાળમાં રહેલા ચાંદલાને?—કે ના; તો? —કે પ્રતિબિંબમાં રહેલા ચાંદલાને દેખે છે. અરીસામાં પ્રતિબિંબ માત્ર ચાંદલાનું જ છે કે ઘણાનું પ્રતિબિંબ છે?—કે ઘણા બધાનું પ્રતિબિંબ છે, તો પછી સ્ત્રીને માત્ર પ્રતિબિંબિત થઈ રહેલો ચાંદલો જ કેમ દેખાય છે?—કે પ્રતિબિંબિત થઈ રહેલા ચાંદલામાં એકાગ્ર થઈને દેખતી હોવાથી તેને દેખાય છે માત્ર પ્રતિબિંબરૂપ ચાંદલો, પરંતુ નથી દેખાતી સ્વયં સ્ત્રી કે નથી દેખાતા અન્ય પ્રતિભાસિત પ્રતિબિંબો. તેનો અર્થ કે અરીસામાંના જે કોઈ પ્રતિબિંબમાં એકાગ્ર થઈને દેખે તે પ્રતિબિંબ જ દેખાય છે; એકાગ્ર થયા વિના બીજું કોઈ પ્રતિબિંબ દેખાતું નથી અને તે પ્રતિબિંબને દેખવા છતાં સામે રહેલા બિંબને પણ દેખતો નથી કેમ કે એકાગ્રપણે બિંબ સામે જોતો નથી પણ એકાગ્રપણે પ્રતિબિંબને જોવે છે.

તેવી રીતે કેવળી લોકાલોકને જાણતા નથી પણ તે સંબંધી પોતાના જ્ઞેયાકારરૂપ જ્ઞાનાકારને જાણે છે. કેમ લોકાલોકને જાણતા નથી?—કે તેમાં તન્મય થતાં નથી માટે. પોતાના જ્ઞાનાકાર જ્ઞાનમાં તન્મય થઈને જ્ઞાનાકારને જાણતા હોવાથી, જેમાં તન્મય થતાં નથી એવા લોકાલોકને જાણવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. તેથી કેવળી લોકાલોકને જાણતા નથી તોપણ લોકાલોકસંબંધી પોતાના જ્ઞાનાકારમાં લોકાલોકની પરજ્ઞેયરૂપ ઉપસ્થિતિ હોવાથી લોકાલોકને જાણે છે તેમ ઉપચારથી કહેવાય છે.

કોઈ એક વક્તાના પ્રવચનમાં સાંભળવા મળેલું કે લઘુતત્ત્વસ્ફોટમાં આચાર્ય અમૃતચંદ્રદેવે એમ કહ્યું છે કે કેવળી પાંચે અચેતન દ્રવ્યોને ચેતનરૂપ જાણે છે. કેમ?—કે કેવળી પાંચેય અચેતન દ્રવ્યો સંબંધી પોતાના જ્ઞાનાકાર જ્ઞાનને જાણે છે અને તે જ્ઞાન તો ચેતનરૂપ હોવાથી તેમને ચેતનરૂપ જાણે છે અર્થાત્ જો પાંચેય દ્રવ્યરૂપ પરને જાણતા હોત તો તેમને અચેતનરૂપ જાણત, પરંતુ પરને જાણતા નથી, પરસંબંધી પોતાના જ્ઞાનને જાણે છે માટે

તેમને ચેતનરૂપ જાણે છે એવો ત્યાં અલંકાર કર્યો છે.

જેમ સ્ત્રી અરીસામાંના ચાંદલાને એટલે કે ચાંદલાસંબંધી પ્રતિબિંબને જ દેખે છે, વાસ્તવિક ચાંદલાને એટલે કે તેમાં નિમિત્તભૂત બિંબને નહીં, તેમ અજ્ઞાની પણ પરજ્ઞેયસંબંધી જ્ઞેયાકારને જ જાણે છે પણ તેમાં નિમિત્તભૂત જ્ઞેયને એટલે કે પરને જાણતો નથી, કેમ કે જ્ઞાનનો સ્વભાવ પરમાં તન્મય થવાનો છે જ નહીં, માત્ર પોતાના જ્ઞેયાકારરૂપ જ્ઞાનમાં જ તન્મય થઈને તેને જાણે એવો જ્ઞાનનો સ્વભાવ હોવાથી અજ્ઞાની પરને જાણતો નથી અને કેવળી લોકાલોકને જાણતા નથી. તન્મય થવું અર્થાત્ તેમાં એકાગ્ર થવું, તેમાં લક્ષ કરવું. જ્ઞાનમાં જે કાંઈ ઝળકે છે—પ્રતિભાસિત થાય છે તેમાંથી જેનું લક્ષ કરે, જેમાં એકાગ્ર થાય, જેમાં તન્મય થાય તેને જ્ઞાન જાણે છે, પરંતુ પ્રતિભાસમાં નિમિત્તભૂત પરજ્ઞેયોમાં જ્ઞાન તન્મય થઈ શકતું જ નથી કેમ કે બે ભિન્ન-ભિન્ન દ્રવ્યો છે. તેથી પરમાં તન્મય નહીં થઈ શકતું જ્ઞાન પરને જાણતું નથી. આમ, જ્ઞાનમાં હર સમયે થઈ રહેલા પ્રતિભાસમાં જેમાં તન્મય થાય તેને જ્ઞાન જાણે છે પરંતુ તેમાં નિમિત્તભૂત જ્ઞેયને જાણતું નથી. સ્વ અને લોકાલોકસંબંધી પર બન્નેના પ્રતિભાસમાં કેવળી એકીસાથે તન્મય થતાં હોવાથી સ્વને અને લોકાલોકસંબંધી જ્ઞાનને બન્નેને એકીસાથે જાણે છે અને અજ્ઞાની સ્વ અને પરસંબંધી બન્ને પ્રતિભાસમાંથી એકલા પરસંબંધી જ્ઞેયાકારરૂપ જ્ઞાનમાં તન્મય થતો હોવાથી પરસંબંધી જ્ઞાનાકારને જાણે છે; પરંતુ પરને તો નથી જાણતો અજ્ઞાની કે નથી જાણતા કેવળી.

એ રીતે પરના કારણે જ્ઞાન થયું નથી માટે પરને જાણતો નથી તથા તન્મય થઈને જાણતા નથી માટે કેવળી લોકાલોકને જાણતા નથી એવી દલીલ પૂજ્યશ્રી વારંવાર આપે છે તે પરને ખરેખર જાણતો નથી તેની સિદ્ધિ કરવા કહે છે. પરંતુ પરના કારણે પરને જાણતો ન હોવા છતાં પોતાના કારણે પરને જાણે છે અથવા તો તન્મય થતાં ન હોવાથી કેવળી લોકાલોકને જાણતા ન હોવા છતાં તન્મયપણારહિતપણે લોકાલોકને જાણે છે એમ પૂજ્યશ્રીનું કહેવું છે જ નહીં.

પૂજ્ય ગુરુદેવશ્રીની ખૂબ સૂક્ષ્મ શૈલીના આધારે વિચારીયે તો (શ્રી સમયસાર ૧૯મી વખતના પ્રવચન નંબર–૩૭૪ મુજબ) ખરેખર તો જ્ઞાન પોતાના સ્વજ્ઞેયરૂપ જ્ઞાયકસંબંધીના જ્ઞાનાકારને જ જાણે છે, જ્ઞાયકસંબંધીના જ્ઞાનાકાર જ્ઞાનને જાણવા છતાં પણ જ્ઞાયકને જાણતું નથી ત્યાં પરને જાણવું તો ક્યાંય દૂર રહી ગયું! સ્વજ્ઞેયરૂપ જ્ઞાયક અને પરજ્ઞેયરૂપ પર તે સંબંધી જ્ઞાનની વર્તમાન પરિણતિમાં જે જ્ઞાનાકારો ઉત્પન્ન થાય છે તેને જાણતું જ જ્ઞાન પરિણમતું હોવાથી જ્ઞાન પરને જાણતું જ નથી એ નિર્વિઘ્ને નિર્વિવાદ સિદ્ધ થાય છે.

'પરને જાણતો નથી' એવું નક્કી કરવાનું પ્રયોજન શું?—ક્યાંક 'ખોદયો ડુંગર ને નીકળ્યો ઉંદર' તેની જેમ માત્ર વિદ્વત્તા જ હાંસલ કરવી નથી ને?—કે ના ભાઈ ના! આ વિષય તો, 'ખોદયો ડુંગર ને પામ્યો સોનાની ખાણ' જેવો છે. પરને જાણતો નથી પણ પરસંબંધી મારા જ્ઞાનને જ જાણું છું એવો નિર્ણય થતાં, તેનું ભાવભાસન થવાથી, પરને જાણવાની મીઠાસબુદ્ધિ છૂટે છે, મીઠાશબુદ્ધિ છૂટતાં, પ્રત્યેક સમયે મારું જ્ઞાન જ જણાઈ રહ્યું છે એમ જ્ઞાનસ્વભાવનો મહિમા ભાસતા ઉપયોગ પરસન્મુખતા છોડી સ્વસન્મુખ થઈ શકે છે અને સ્વસન્મુખ થયેલો એ ઉપયોગ જ્ઞાનમાં ઝળકી રહેલા જાણનારને જાણવા સક્ષમ બને છે. અર્થાત્ હું પરને જાણતો નથી પણ જ્ઞાયકને જ જાણું છું એવું જ્ઞાન-શ્રદ્ધાન ઉદિત થતાં સાધ્યની સિદ્ધિ થાય એવા આ સૂત્રના મર્મને સમજવા માટે પોતાની વિદ્વતાને વિસારીને પ્રયોજનના પ્રલોભક બનવું અતિ આવશ્યક છે.

સારાંશ એ કે જેમ કરોળિયો પોતાની જ લાળના જાળામાં ગૂંચવાઈ જાય છે તેમ પૂજ્ય ગુરુદેવશ્રીના સીધા સાદા શબ્દોનું વિદ્વતતા વડે જાતજાતનું વિદ્વતતાપૂર્ણ પિષ્ટપેષણ કરવા જતાં મૂળ ભાવ સમજવો રહી જાય છે. માટે, વિશેષ જાણપણું લબ્ધિજ્ઞાનમાં સુષુપ્ત રાખીને, મૂળ પ્રયોજનના ગ્રહણમાં ઉપયોગ લગાડવાથી, પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત બધાય સૂક્ષ્મ ન્યાયો બહુ સરળતાથી સમજવામાં આવી શકશે અને પ્રયોજનની સિદ્ધિ સમ્પન્ન થઈ જશે—એવી નિઃશંકતાપૂર્વક આત્મસાધનામાં આપણા સૌનું જીવન વ્યતીત થાય એવી ભાવના સહ—

વ્યવહારરત્નત્રયનો રાગ આવ્યો તેને જ્ઞાને જાણ્યું, ત્યાં જ્ઞાન પોતાની પર્યાયને જાણે છે, રાગને નહીં. જાણનાર સ્વને જાણતાં પરને જાણવાપણે પરિણમે છે તોપણ તેને જ્ઞેયકૃત જ્ઞાન થયું છે તેમ નથી પણ તેને જ્ઞાનકૃત જ્ઞાન છે. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીને રાગનું જ્ઞાન થયું તે રાગના લઈને થયું નથી પણ સ્વપરપ્રકાશક શક્તિને લઈને જ્ઞાન જ્ઞાનને જાણે છે, જ્ઞેયને જાણે છે તેમ કહેવું એ તો વ્યવહાર છે. રાગને જાણતાં જે જ્ઞેયાકારે જણાયો તે આત્મા જણાયો છે, રાગ જણાયો નથી, કેમ કે તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# નિર્વિવાદ સિદ્ધાંત

***કોઈપણ દ્રવ્યના કોઈપણ ગુણમાં જે કાર્ય–પરિણમન થાય તે કાર્ય પોતામાં થાય છે–પરમાં થતું નથી, તે કાર્ય પોતાથી થાય છે–પરથી થતું નથી, તે કાર્ય પોતાનું થાય છે–પરનું થતું નથી.***

ધ્યાન રહે : જ્ઞાનગુણના કાર્યને "જાણવું" કહેવાય છે.

લોકમાં રહેલાં છએ દ્રવ્યો પોતપોતાના સામાન્ય-વિશેષાત્મક અનંતાગુણો વડે સમયે સમયે સ્વતંત્ર, ક્રમબદ્ધ અને પોતાના ઉપાદાનની યોગ્યતા અનુસાર સમાનવિધિએ કાર્ય કરી રહ્યા છે—પરિણમી રહ્યા છે. દરેક ગુણોમાં સમય સમયનું જે કાર્ય થાય છે તે કાર્ય પોતામાં થાય છે, તે કાર્ય પોતાથી થાય છે ને તે કાર્ય પોતાનું થાય છે પણ તે કાર્ય પરમાં થતું નથી, પરથી થતું નથી અને પરનું થતું નથી; ચાહે તે સામાન્યગુણોનું કાર્ય હોય કે વિશેષગુણોનું કાર્ય હોય; ચાહે તે આકાશાદિ પાંચેય અચેતનદ્રવ્યનું કાર્ય હોય કે ચેતનદ્રવ્યનું કાર્ય હોય પરંતુ કાર્યની–પરિણમનની વિધિ સમાન હોય છે એટલે કે ધર્માસ્તિકાયના અસ્તિત્વગુણનું કાર્ય હોય કે ગતિહેતુત્વગુણનું કાર્ય હોય કે જીવદ્રવ્યના અસ્તિત્વગુણનું કાર્ય હોય કે વીર્યગુણનું કાર્ય હોય કે જ્ઞાનગુણનું કાર્ય હોય, બધાય દ્રવ્યોના બધાય ગુણોનું કાર્ય ઉપર જણાવ્યું તેમ સમાનવિધિએ થતું હોય છે. તેથી, જેમ અસ્તિત્વગુણમાં જે કાર્ય થાય તે કાર્ય પોતામાં થાય છે, તે કાર્ય પોતાથી થાય છે ને તે કાર્ય પોતાનું થાય છે, તેમ વીર્યગુણ અને જ્ઞાનગુણમાં જે કાર્ય થાય તે કાર્ય પણ પોતામાં થાય છે, તે કાર્ય પોતાથી થાય છે અને તે કાર્ય પોતાનું થાય છે. વીર્યગુણના કાર્યનું નામ છે 'કરવું'–'રચવું' અને જ્ઞાનગુણના કાર્યનું નામ છે 'જાણવું'. તેથી, જેમ વીર્યગુણમાં 'કરવું' પોતામાં થાય છે–પરમાં થતું નથી, પોતાથી થાય છે–પરથી થતું નથી, પોતાનું થાય છે–પરનું થતું નથી; તેમ જ્ઞાનગુણમાં પણ 'જાણવું' પોતામાં થાય છે–પરમાં થતું નથી, જાણવું પોતાથી થાય છે–પરથી થતું નથી, જાણવું પોતાનું થાય છે–પરનું થતું નથી. માટે, 'જાણવું' ચાહે સ્વજ્ઞેયસંબંધીનું હોય કે રાગાદિ પરજ્ઞેયસંબંધીનું હોય, તે જાણવું અર્થાત્ જ્ઞાનગુણમાં સમય સમયનું જે કાર્ય થાય તે કાર્ય પણ, બધાય દ્રવ્યોના બધાય ગુણોના સમય સમયના કાર્યની સમાનવિધિએ થતું હોવાથી, રાગાદિ પરદ્રવ્યોસંબંધી જે જાણવું થાય છે તે રાગાદિ પરજ્ઞેયોમાં થતું નથી, રાગાદિ પરદ્રવ્યોસંબંધી જે જાણવું થાય છે તે પરજ્ઞેયોથી થતું નથી અને રાગાદિ પરદ્રવ્યો-સંબંધી જે જાણવું થાય છે તે પરજ્ઞેયોનું થતું નથી એટલે કે રાગાદિ પરજ્ઞેયોને જાણતો નથી.

પાંચેય અચેતનદ્રવ્યોના કોઈપણ ગુણમાં થતું કાર્ય શું પરમાં થાય છે ? શું પરથી થાય

છે? શું પરનું થાય છે? એ રીતે જીવદ્રવ્યના કોઈપણ ગુણમાં થતું કાર્ય શું પરમાં થાય છે? શું પરથી થાય છે? શું પરનું થાય છે? અર્થાત્ જ્ઞાનગુણમાં જે કાર્ય થાય તે પણ જો પરમાં થતું નથી, તે કાર્યપણ જો પરથી થતું નથી તો પછી તે કાર્ય પરનું કેમ થાય? એટલે કે જાણવું જો પરમાં થતું નથી, જાણવું જો પરથી થતું નથી તો પછી જાણવું પરનું કેમ થાય? માની લઈએ કે છ દ્રવ્યોમાં જીવદ્રવ્ય એકમાત્ર ચેતનદ્રવ્ય છે અને તેના અનંતા ગુણોમાં જ્ઞાન એકમાત્ર જાણવાનું અચિંત્ય સામર્થ્ય ધરાવતો ગુણ છે માટે જ્ઞાનગુણ પરને જાણે છે!...જો જીવ ચેતનદ્રવ્ય હોવાથી તેનામાં પરને જાણવાનો આવો વિશેષ ગુણ હોવાનું માની શકાય તો જીવ સમજદાર દ્રવ્ય હોવાથી પરમાં કાંઈ કરી શકે એવો એક અસાધારણ ગુણ શા માટે ન હોઈ શકે? અને જો એવો વિશિષ્ટ ગુણ હોય તો શું વાંધો? અરે ભાઈ! જો પરમાં કાંઈને કાંઈ કરી શકાય એવો વિશેષ દરજ્જો—અધિકાર જીવને દેવા જઈશું તો બીજા પાંચેય દ્રવ્યના વિશેષ ગુણમાં પણ પરમાં કર્તા કે ભોક્તા આદિ થવાનો કોઈને કોઈ પ્રકારનો વિશેષ દરજ્જો—અધિકાર કલ્પવો પડશે ને! તો છએ દ્રવ્યોની વસ્તુ-વ્યવસ્થા જ તૂટી પડશે ને! માટે, 'છએ દ્રવ્યોના બધાય ગુણોમાં પોતાનું કાર્ય થાય છે પરંતુ પરનું કાર્ય થતું નથી' એ ન્યાયે, જ્ઞાનગુણમાં જાણવું પણ પોતાનું થાય છે પરંતુ પરનું થતું નથી અર્થાત્ પરને જાણતો નથી એમ ફલિત થયા વિના રહેતું નથી.

ખરેખર વસ્તુ-વ્યવસ્થા શું છે?—કે જીવદ્રવ્યનો એક વિશિષ્ટ ગુણ છે તે જ્ઞાનગુણ છે અને તેનું પ્રત્યેક સમયે જે પરિણમન થાય છે તે તેનો જ્ઞાનાકાર છે ને તેને તે જાણે છે, તે જ્ઞાનાકારમાં ઝળકતાં જ્ઞેયોના કારણે તેમાં દ્વિરૂપતા થાય છે; જે જ્ઞાનાકારમાં સ્વજ્ઞેય ઝળકે છે તે સ્વજ્ઞેયરૂપ જ્ઞાનાકાર છે ને જે જ્ઞાનાકારમાં પરજ્ઞેય ઝળકે છે તે પરજ્ઞેયરૂપ જ્ઞાનાકાર છે. દરેક જીવને પોતાના પ્રત્યેક સમયના જ્ઞાનમાં આ બન્ને જ્ઞાનાકારો જણાય છે—આ બંને જ્ઞાનાકારોને જ્ઞાન જાણે છે. જે જીવ સ્વજ્ઞેયાકારરૂપ પોતાના જ્ઞાનાકારને જાણતાં તેમાં પ્રતિભાસતાં સ્વજ્ઞેયનું લક્ષ કરીને તેમાં અહમ્ કરે છે તે જ્ઞાની છે અને તેને પરજ્ઞેયરૂપ જ્ઞાનાકારમાં પરજ્ઞેયો ઝળકતાં હોવા છતાં તેને પરજ્ઞેયનું લક્ષ હોતું નથી. જે જીવ પરજ્ઞેયરૂપ પોતાના જ્ઞાનાકારને જાણતાં તેમાં પરજ્ઞેયનું લક્ષ કરીને તેમાં અહમ્ કરે છે તે અજ્ઞાની છે અને તેને જ્ઞાનાકારમાં સ્વજ્ઞેય ઝળકતું હોવા છતાં સ્વજ્ઞેયનું લક્ષ હોતું નથી તેથી—આબાળ-ગોપાળ સર્વને સદાકાળ જાણનારો જણાઈ રહ્યો હોવા છતાં અજ્ઞાનીને—તે જણાતો નથી.

આવી વસ્તુ-વ્યવસ્થા હોવા છતાં, 'પરને જાણું છું'—એવી માન્યતા કેમ છૂટતી નથી?—કે અનાદિના અજ્ઞાનનું કોઈ ગહન આધિપત્ય હોવાથી, સમયે સમયે જે જાણવું થાય છે તે જાણવું મારામાં થાય છે, મારાથી થાય છે ને મારું જાણવું થાય છે અર્થાત્ પરને જાણતો નથી એવું જ્ઞાન ઉદિત થતું ન હોવાથી 'પરને જાણું છું' એ માન્યતા છૂટતી નથી.

## હાથીની અંબાડીએ ફૂલ લઈ જવા જેટલું

# સુલભ કાર્ય

સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવતા હતા કે હાથીને અંબાડી ઉપર ફૂલ ઊંચકીને લઈ જવા જેટલું સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું સહેલું છે. આપણને પ્રોત્સાહિત કરવા માટે આવું કહ્યું હશે કે ખરેખર આટલું સહેલું લાગ્યું હશે માટે કહ્યું હશે? જેટલા-જેટલા જીવો સમ્યગ્દર્શન પામ્યા છે તેમને જો સહેલું લાગ્યું હોય તો જે સમ્યગ્દર્શન ત્રાજવે મેરુ તોળવા જેવું મહા પુરુષાર્થથી પ્રાપ્ત થાય તેવું છે તેને આટલું સહેલું માનવાનું—કહેવાનું કાંઈ કારણ તો હોવું જ જોઈએ ને? વિચારીએ—

ગ્રંથાધિરાજ શ્રી સમયસારમાં આચાર્યદેવે આત્માને ઠેરઠેર જ્ઞાનમાત્ર કહીને શુદ્ધાત્માનું વર્ણન કર્યું છે. અનંતધર્મોના અધિષ્ઠાતા આત્મામાં એક અદ્‌ભુત અચિંત્ય ચમત્કારિક જ્ઞાનગુણ છે કે જે સમયે સમયે સ્વજ્ઞેયરૂપ જ્ઞાયકની તેમ જ પરજ્ઞેયરૂપ રાગાદિ પરદ્રવ્યોની પ્રસિદ્ધિ કરી રહ્યો છે. જ્ઞાનગુણની પરિણતિમાં એક અદ્‌ભુતતા એ રહેલી છે કે તે પ્રતિ સમય સ્વજ્ઞેયસંબંધી જ્ઞાનાકારે અને પરજ્ઞેયસંબંધી જ્ઞેયાકારરૂપ જ્ઞાનાકારે પરિણમી જ રહ્યો છે એટલે કે તે પ્રતિ સમય પોતાના જ્ઞાનમાં જ્ઞાયકની પણ પ્રસિદ્ધિ કરી જ રહ્યો છે ને પરજ્ઞેયોની પણ પ્રસિદ્ધિ કરી જ રહ્યો છે. જ્ઞાનગુણના પ્રતિ સમયના પરિણમનની એ જ અદ્‌ભુતતા છે કે તે પ્રતિ સમય સ્વ અને પરના જ્ઞાનાકારને જાણતું જ પરિણમે છે; જ્ઞાન સ્વપરપ્રકાશકપણે જ પરિણમી રહ્યું હોવાથી આબાળ-ગોપાળને જેમ પરજ્ઞેયો જાણવામાં આવી રહ્યા છે તેમ જ્ઞાયક પણ સાથોસાથ જાણવામાં આવી જ રહ્યો છે.

તેનો અર્થ એ થયો કે જે પ્રતિ સમય જ્ઞાનમાં જણાઈ જ રહ્યો છે એવા જ્ઞાયકને જાણવો-માનવો-અનુભવવો તે હાથીની અંબાડી ઉપર ફૂલ ઊંચકીને લઈ જવા જેટલું જ સહેલું ગણાય ને!

જો આટલું બધું સહેલું હોય તો ત્રાજવે મેરુ તોળવા જેટલું અઘરું કેમ કહ્યું? કે ભાઈ! ખરેખર તો સહેલું જ છે, અઘરું છે જ નહીં. જ્ઞાન પ્રત્યેક સમયે જ્ઞાયકને જાણતું જ પરિણમતું હોવા છતાં સાથોસાથ પરની પણ પ્રસિદ્ધિ કરતું પરિણમતું હોવાથી, પોતાના જ્ઞેયાકારરૂપ જ્ઞાનાકારમાં જે જે જ્ઞેયો નિમિત્ત બને છે તે તે જ્ઞેયોને જ હું જાણું છું એમ જાણતો થકો, અનાદિના અધ્યવસાનવશ, તે જ્ઞેયોમાં એકત્વ કરી બેસે છે તેથી તે જ જ્ઞાન-પરિણતિમાં—તે જ જ્ઞાનાકારમાં સ્વજ્ઞેય પણ પ્રસિદ્ધિ પામી રહ્યો છે તેને અજ્ઞાની જાણતો

નથી માટે અઘરું કહેવાય છે. જેમ જ્ઞેયાકારમાં નિમિત્તભૂત પરજ્ઞેયોને હું જાણું છું—એમ જાણે છે, તેમ જો જ્ઞાનાકારમાં જે જ્ઞાયક જણાય તેને હું જાણું છું—એમ જાણે તો જે જણાઈ રહ્યો છે તે જ્ઞાયક જ હું છું એમ શ્રદ્ધાન ઉદિત થઈ જાય છે. માટે સમ્યગ્દર્શન સહેલું છે, અઘરું નથી.

જ્ઞાન એ આત્માનો ગુણ છે અને એ ગુણના કાર્યની એ જ તો વિશેષતા છે કે પ્રત્યેક સમયે સ્વજ્ઞેયની પ્રસિદ્ધિપૂર્વક જ પરજ્ઞેયની પ્રસિદ્ધિ કરે છે. તેથી જેમ પરની પ્રસિદ્ધિ દ્વારા પરનું લક્ષ કરી બેસે છે તેમ જો સ્વજ્ઞેયની પ્રસિદ્ધિ દ્વારા સ્વનું લક્ષ કરે તો આત્માનું જ્ઞાન ઉદિત થઈ જાય છે. સ્વપરપ્રકાશકપણાથી જેમ અજ્ઞાની મિથ્યાત્વને સહેલાઈથી સાધી લ્યે છે તેમ નિકટભવી જીવ સ્વપરપ્રકાશકપણાથી સમ્યક્ત્વને સહેલાઈથી સાધી લ્યે છે. માટે હાથીની અંબાડી ઉપર ફૂલ લઈ જવા જેટલું સહેલું આ કાર્ય છે.

દર્પણ પ્રતિબિંબની પ્રસિદ્ધિ ત્યારે જ કરી શકે છે કે જ્યારે તેની વર્તમાન સ્વચ્છતા પ્રગટ હોય; જો વર્તમાન સ્વચ્છતા ધૂંધળી હોય તો તે પ્રતિબિંબની પ્રસિદ્ધિ કરી શકતું નથી. અર્થાત્ દર્પણ જે કોઈ પ્રતિબિંબને પ્રસિદ્ધ કરે છે ત્યારે દર્પણની વર્તમાન સ્વચ્છતાની પ્રસિદ્ધિ થઈ રહી જ હોય છે. પરંતુ પ્રતિબિંબને જાણવાના લોભીને માત્ર પ્રતિબિંબ જ દેખાય છે, તેને દર્પણની સ્વચ્છતા ભાસતી જ નથી, દેખાતી જ નથી, તે તરફ તેનું લક્ષ જતું જ નથી, તેથી તેને ન તો દર્પણની સ્વચ્છતા દેખાય છે કે ન તો દર્પણ!

તેવી રીતે જ્ઞાન-દર્પણ સ્વપરપ્રકાશકપણા વડે પરજ્ઞેયોની પ્રસિદ્ધિ જ્યારે કરતું હોય છે ત્યારે તેમાં સ્વની પ્રસિદ્ધિ થઈ જ રહી હોય છે. જ્ઞાનદર્પણનો એવો જ કોઈ અદ્ભુત સ્વભાવ છે કે પરની પ્રસિદ્ધિકાળે સ્વની પ્રસિદ્ધિ કરતું જ રહે. પરંતુ પરજ્ઞેયલુબ્ધ જીવોને—પરને જાણવાના લોભી જીવોને પરની પ્રસિદ્ધિ તરફ જ લક્ષ જતું હોવાથી સ્વની પ્રસિદ્ધિ તરફ લક્ષ જતું જ નથી. તેથી જાણનારો જણાઈ રહ્યો છે તે હું છું એમ જ્ઞાન-શ્રદ્ધાન ઉદિત થતું નથી. પરંતુ જો જીવ જ્ઞાનના સ્વપરપ્રકાશકપણાની અદ્ભુતતાના ઊંડાણમાં જાય તો આહાહા! પ્રત્યેક સમય મારા જ્ઞાનમાં હું જણાઈ રહ્યો છું ને! ગજબ વાત છે!—એમ અંદરથી ઉલ્લસિત વીર્ય ઉછળતા આ જાણનારો જ્ઞાયક જણાઈ રહ્યો છે તે હું જ છું એમ જ્ઞાન-શ્રદ્ધાન ઉદિત થયા વિના રહે નહીં.

સ્વપરપ્રકાશકપણાની વિશેષતા સમજવા જેવી છે. જે જીવનો સંસારસમુદ્રનો કિનારો અતિ અતિ દૂર છે તે જીવને સ્વપરપ્રકાશકપણામાં જે પરપ્રકાશકપણું થઈ રહ્યું છે તેમાં જે જે જ્ઞેયો નિમિત્ત બને છે તેમાં તે અહમ્પણું કરી બેસે છે અને જે જીવનો

સંસારસમુદ્રનો કિનારો અતિ નિકટ છે તે જીવને સ્વપરપ્રકાશકપણામાં જે સ્વપ્રકાશપણું થઈ રહ્યું છે તેમાં જે જ્ઞાયક જણાઈ રહ્યો છે તેમાં તે અહમ્ કરી લ્યે છે કે આ જાણનારો જણાય છે તે જ હું છું! સંસારસમુદ્રમાં ડૂબ્યા રહેવું પણ સહેલું ને સંસારસમુદ્ર તરી જવો પણ સહેલો!

બે મિત્રોને દૂધ પીવાની ઈચ્છા થતાં બન્નેને કાચના ગ્લાસમાં અડધો-અડધો ગ્લાસ દૂધ પીવા આપ્યું. એક મિત્ર ગ્લાસમાં રહેલા દૂધનું લક્ષ કરીને મને દૂધ પીવા મળ્યું તેમ પ્રસન્ન થાય છે ને બીજો મિત્ર અડધા ખાલી ગ્લાસનું લક્ષ કરીને અરેરે! મને દૂધ પીવા ન મળ્યું એમ દુઃખી થાય છે. બન્નેને સરખું મળવા છતાં લક્ષથી સંતોષ ને લક્ષથી દુઃખી! તેવી રીતે સ્વપરપ્રકાશકપણામાં સ્વજ્ઞેય પણ જણાઈ રહ્યો છે ને પરજ્ઞેયની પણ પ્રસિદ્ધિ થઈ રહી છે. જે જીવ સ્વજ્ઞેયનું લક્ષ કરે છે તેને જ્ઞાયક જણાતાં હું તે જ્ઞાયક જ છું એમ આનંદની અનુભૂતિ થાય છે અને જે જીવ પરજ્ઞેયનું લક્ષ કરે છે તેને પર જણાતાં હું પરજ્ઞેયરૂપ છું એમ દુઃખરૂપ અનુભૂતિ થાય છે. લક્ષની બોલબાલા છે. જેને સુખી થવું હોય, અતીન્દ્રિય આનંદને અનુભવવો હોય તેણે લક્ષ ફેરવવાનું છે કે આ જાણનારો જણાઈ જ રહ્યો છે તે જ હું જ્ઞાયક છું. જ્યાં સુધી પર જણાઈ રહ્યા છે તેમ પરનું લક્ષ કરતો રહેશે ત્યાં સુધી અનંત દુઃખી રહેશે. લક્ષ ફેરવવાનું છે કે સ્વપરપ્રકાશકપણા વડે પ્રત્યેક સમય જાણનારો જણાઈ રહ્યો જ છે તે જ હું છું. જ્ઞાનના નિર્ણયમાં એટલું જોર આવવું જોઈએ, એટલો વિશ્વાસ ઉપજવો જોઈએ કે મારા સ્વપરપ્રકાશકપણામાં હું જણાઈ રહ્યો જ છું—આવું જોર આવતાં, જે લક્ષ પરજ્ઞેયો જણાઈ જ રહ્યા હોવા તરફ હતું તે લક્ષ પલટીને સ્વજ્ઞેય તરફ વળી જાય છે. માટે, આ કાર્ય સહેલું છે એમ જ્ઞાનીઓ કહે છે તે કાંઈ ઉપચારમાત્ર નથી પરંતુ વાસ્તવિકતા છે.

વિશેષ વિચારીયે—પ્રમાણના લોભમાં ને નિશ્ચયાભાસના ડરથી જેમ જીવ વ્યવહારનું અવલંબન છોડી શકતો નથી તેમ સ્વપરપ્રકાશક તો મારો સ્વભાવ છે ને! એટલે હું પરને જાણું છું; જો 'હું પરને જાણતો નથી' તો મારા સ્વભાવનો મેં અસ્વીકાર કર્યો—એમ પરનું લક્ષ છોડી શકતો નથી. પરંતુ જેમ એકવાર નિશ્ચયાભાસનો ડર છોડીને નિશ્ચયનું અવલંબન લ્યે તો કાર્યસિદ્ધિ અવશ્ય થઈ જાય; તેમ એકવાર સ્વપરપ્રકાશક સ્વભાવ વડે હું સ્વને જ જાણું છું, પરને જાણતો નથી—એમ, પરને જાણવાનો લોભ છોડીને સ્વ જણાઈ રહ્યો છે એવા નિર્ણયપૂર્વક સ્વનું લક્ષ કરે તો કાર્યસિદ્ધિ થઈ જાય. પરંતુ જેમ વ્યવહાર છે તો ખરો ને! એમ જ્યાં સુધી રહેતું હોય ત્યાં સુધી વ્યવહારનો પક્ષ છૂટીને નિશ્ચયમાં આવી શકતો નથી; તેમ પરપ્રકાશકપણું છે તો ખરું ને!—એમ પરપ્રકાશકપણાના પક્ષ વડે પરનું લક્ષ રહેતું હોવાથી પરનું લક્ષ છોડી શકતો નથી.

ભાઈ! પરપ્રકાશકપણું પણ સ્વભાવ છે એટલે કે સ્વપ્રકાશપણું જેમ સ્વનો ભાવ છે તેમ પરપ્રકાશકપણું પણ સ્વનો પોતાનો જ ભાવ છે. સ્વપ્રકાશકપણું અને પરપ્રકાશકપણું બંને જ્ઞાનના જ આકારો છે; જ્ઞાન-પરિણતિના ઉપાદાન વડે જ તે આકારો બન્યા છે, પરંતુ સ્વના આકારમાં જેવો સ્વજ્ઞેય–જ્ઞાયક છે તેવો આકાર બન્યો છે ને પરના આકારમાં જેવા પરજ્ઞેયો નિમિત્તભૂત છે તેવો આકાર બન્યો છે. અર્થાત્ પરપ્રકાશકપણામાં પરજ્ઞેયના નિમિત્તપણામાં જ્ઞાનનો જે આકાર બન્યો તે જ્ઞાનનો પોતાનો જ આકાર હોવાથી પરપ્રકાશકપણામાં પણ સ્વનો ભાવ જ પરિણમ્યો છે, જ્ઞાનની જ પ્રસિદ્ધિ થઈ છે, જ્ઞાન જ જણાઈ રહ્યું છે, જ્ઞેયાકારરૂપ જ્ઞાનાકાર જ જણાઈ રહ્યો છે; પર જણાય છે તે તો નિમિત્તની અપેક્ષાએ કથન કરાય છે, ઉપાદાન તરફથી કથન કરીએ તો પરપ્રકાશકપણું એ જ્ઞાનનો જ આકાર હોવાથી જ્ઞાનાકાર જણાય છે, પર જણાતું જ નથી.

પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી તો ઘણી સૂક્ષ્મતા સુધી લઈ જવા માગે છે. પરપ્રકાશકપણામાં પણ મારા જ્ઞાનની પર્યાય જ જણાય છે, પર જણાતું નથી એટલે સુધી આવ્યો છતાં તે હજી જ્ઞેયાકારરૂપ જ્ઞાનપર્યાયમાં જ ઊભો છે એટલે કે તે પણ હજી પર્યાયબુદ્ધિમાં જ ઊભો હોવાથી મિથ્યાદૃષ્ટિ છે. પરને જાણું છું એમ પરની સન્મુખતાવાળો તો ક્યાંય દૂર રહ્યો પણ પરસંબંધી જ્ઞાનાકાર જ્ઞાન જણાય છે એટલે સુધી આવ્યો છતાં પર્યાયમાં જ ઊભો હોવાથી તે હજી મિથ્યાદૃષ્ટિ છે. અરે! સ્વપરપ્રકાશકપણામાં સ્વજ્ઞેયરૂપ જ્ઞાયકનો જે આકાર જણાય છે તે મારો જ્ઞાનાકાર છે ને હું તેને જાણું છું એમ સ્વજ્ઞેયસંબંધી જ્ઞાનાકાર જ્ઞાનનો સ્વીકાર કરીને જ્ઞાનાકારમાં જ ઊભો છે ત્યાં સુધી પણ પર્યાયબુદ્ધિ હોવાથી મિથ્યાદૃષ્ટિ જ છે. જેમ પરસંબંધી જ્ઞેયાકારરૂપ જ્ઞાનાકારના સ્વીકારમાં ઊભો છે તેમ સ્વજ્ઞેયસંબંધી જ્ઞાનાકારના સ્વીકારમાં ઊભો છે—તે બન્નેમાં ઊભો છે ત્યાંસુધી પર્યાયનો જ સ્વીકાર હોવાથી પર્યાયદૃષ્ટિ હોવાથી મિથ્યાદૃષ્ટિ છે.

પ્રાથમિક નિર્ણયમાં પરપ્રકાશકપણામાં પરસંબંધી જ્ઞેયાકારરૂપ જ્ઞાનાકાર જણાય છે, પર જણાતું નથી—એમ પરથી ખસીને જ્ઞાનાકારનો સ્વીકાર આવે છે તથા સ્વપરપ્રકાશકપણામાં સ્વજ્ઞેયસંબંધી જ્ઞાનાકારનો સ્વીકાર આવે છે. આટલો સ્વીકાર આવ્યા બાદ, સ્વજ્ઞેયસંબંધી જ્ઞાનાકાર જ્ઞાનમાં જેનો આકાર જણાય રહ્યો છે તે સ્વજ્ઞેયરૂપ જ્ઞાયક તે જ હું છું, સ્વજ્ઞેયસંબંધી જ્ઞાનાકાર તે હું નથી—એમ જ્ઞાનાકારરૂપ પર્યાયબુદ્ધિ છૂટીને, તેમાં જેનો આકાર થઈ રહ્યો છે એવો જ્ઞાયક તે જ હું છું–એમ સ્વજ્ઞેયમાં અહમ્‌બુદ્ધિ કરે છે ત્યારે જાણનારો જણાય છે તે જ હું છું એવી સમ્યગ્દૃષ્ટિ પ્રગટ થાય છે.

સ્વપરપ્રકાશક પર્યાયમાં જેમ પરસંબંધી જ્ઞાન જણાય છે તેમ સ્વસંબંધી જ્ઞાન જણાય છે, તે પર્યાયમાં જેમ પર આવતું નથી તેમ તે પર્યાયમાં સ્વ-જ્ઞાયક આવતો નથી. આટલો નિર્ણય કરીને તે પર્યાયમાં જે સ્વ-જ્ઞાયકસંબંધી જ્ઞાન થાય છે તે પર્યાય તે હું નથી પણ તે પર્યાયમાં જેનું જ્ઞાન થાય છે એ જ્ઞાયક તે હું છું એમ જ્ઞાયકમાં અહમ્ કરે તો સમ્યક્ત્વ! અને તે પર્યાયમાં પરસંબંધી જે જ્ઞાન થાય છે તે જે જ્ઞેયનું જ્ઞાન થાય છે તે પરજ્ઞેય તે હું છું એમ પરમાં અહમ્ કરે તો મિથ્યાત્વ! એ રીતે સ્વપરપ્રકાશકસ્વભાવના અચિંત્ય સામર્થ્યના ચિંતન-મનન વડે આપણે સૌ જ્ઞાયકમાં અહમ્‌પણું સ્થાપીએ એવી ભાવના સહ....

✍ જ્ઞાનની જે વર્તમાન પર્યાય છે એ પર્યાયનો સ્વભાવ જ સ્વ-પરપ્રકાશક છે. ચાહે તો અજ્ઞાન હો કે જ્ઞાન હો! એ પર્યાયમાં આત્મા જ જણાઈ રહ્યો છે કેમ કે સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી જ્ઞાનની પર્યાયમાં સ્વ-વસ્તુ છે એ જ જાણવામાં, અનુભવમાં આવી રહી છે. પર્યાયમાં દ્રવ્ય જ જણાય છે.

✍ જાણવાની પર્યાયમાં છ દ્રવ્ય જણાયા એ છ દ્રવ્યનું જ્ઞાન પોતાની જ્ઞાનની પર્યાયરૂપે થયું છે. છ દ્રવ્યના આકારે ભલે કહેવાય, પણ છે બધી જ્ઞાનની જ પર્યાય. સમજાય છે કાંઈ? છ દ્રવ્ય જણાય છે એમ નહિ એમ અહીં કહે છે. છ દ્રવ્ય સંબંધીની જ્ઞાનની પર્યાય પોતાને જણાય છે એ જ્ઞાન પોતે જ્ઞેય છે, પોતે જ્ઞાન છે અને પોતે તેનો જ્ઞાન દ્વારા જાણનારો જ્ઞાતા છે.

✍ જાણવાની અવસ્થામાં બાહ્ય જ્ઞેયોનું જેવું સ્વરૂપ છે તેવું ત્યાં જાણવામાં જાણવાની પર્યાય થાય, છતાં એ જાણવાની પર્યાયથી જણાવા યોગ્ય પદાર્થો તદ્દન જુદાં છે, સમજાણું આમાં? આ શરીર, વાણી, મન જ્ઞાનની પર્યાયમાં જણાય છે? (તો) એ જ્ઞેય જણાય છે?—ના. એ તો જ્ઞાનની પર્યાય જણાય છે. જ્ઞાનની પર્યાય, એ જ્ઞેયો જેમ છે તેનું જ્ઞાનરૂપે જ્ઞાનનું જાણવું અહીંયા પરિણમન થાય છે. એ જ્ઞાનની ક્રિયા જ પોતે પોતાને જાણે છે.

**—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી**

# પરદ્રવ્યો મને દેખાય છે પ્રત્યક્ષ અને મારે માનવું કે પર મને જણાતું નથી !!

પંડિત શ્રી ટોડરમલજી સાહેબનું વાક્ય યાદ આવી ગયું કે ''જૈનદર્શનમાં આવી અનીતિ સંભવે નહીં!''—જ્યારે વાંચવા મળ્યું કે ''પરને જાણતો નથી!''

બહુ આશ્ચર્ય થાય છે કે જગતના પદાર્થો મને પ્રત્યક્ષ જણાય છે છતાં મારે માનવાનું કે 'પરને હું જાણતો નથી!' જો પર મને પ્રત્યક્ષ જણાતું ન હોય તો એવું ન બને કે હું માનતો હોઉં કે વીતરાગી જિનદેવના દર્શન કરું છું ને દર્શન થતાં હોય કુદેવના! કેમ કે પરને જાણતો જ નથી એટલે પરદ્રવ્ય કાંઈ ને કાંઈ હોઈ શકે ને! દુનિયામાં કોઈ વ્યક્તિ એમ કહેનાર હશે ખરી કે પર પદાર્થ મને જણાતો નથી! હા; અંધ વ્યક્તિ કહી શકે ખરી! પ્રત્યક્ષ દેખાય છતાં કહેવું કે પરને જાણતો નથી. આ તે કેવો ગજબનો ભ્રમ છે! કોઈ મહાન વૈજ્ઞાનિક કદાચ નાની-મોટી બિલાડી માટે પીંજરામાં નાનો-મોટો દરવાજો કરાવવાની ભૂલ કરી શકે પરંતુ પ્રત્યક્ષ દેખાઈ રહેલા પર પદાર્થોને દેખવા છતાં હું પરને જાણતો નથી એવું કહેનારો કોઈ સંભવી ન શકે.

અરે! લૌકિક વાતનો આધાર જવા દો; જૈનદર્શનના આધારે વિચારીયે તોપણ જાણવું એ તો જ્ઞાનનો અનાદિસિદ્ધ સ્વભાવ છે અને તે પણ એકલા સ્વને જ નહીં પણ સ્વ અને પર બન્નેને જાણવાનો સહજ સ્વભાવ છે છતાં પરને જાણતો નથી એમ માનવું!!

—આવું જો ઊંડેઊંડે રહેતું હોય તો તેનું સમાધાન આ પ્રમાણે છે :—

શ્રી ટોડરમલજી સાહેબે જે કહ્યું છે તે બહુ જ વિચારણીય છે કે કરે દોષ પોતે અને માને કે કર્મ કરાવે છે, હું તો મહંત—નિર્દોષ—છું! માટે એવી અનીતિ જૈનદર્શનમાં ન સંભવે. તેનો વ્યાપક અર્થ સમજવા જેવો છે કે જેમ દોષ કરે પોતે ને માને પર કરાવે છે તેમ જ્ઞાન જાણે પોતાને ને માને કે પરને જાણું છું એટલે કે પોતાનું હોય ને પરનું માનવું, ચાહે તે દોષ હોય કે જાણવું હોય, જે પોતાનું હોય તેને પોતાનું સ્વીકારવાને બદલે પરનું માને—આવી અનીતિ જૈનદર્શનમાં સંભવે નહીં—એમ શ્રી ટોડરમલજીના કથનને વિશાળ ફલકમાં સમજવા જેવું છે.

રહી વાત 'પ્રત્યક્ષ જણાવાની !' પરદ્રવ્યો પ્રત્યક્ષ જણાય છે ને છતાં માનવું કે પર જણાતું નથી! ભાઈ સા'બ પ્રત્યક્ષ જે ''જણાઈ'' રહ્યો છે તે સ્વને જોવાની દરકાર નથી તેથી પર પદાર્થ પ્રત્યક્ષ દેખાતા હોવાનું ભાસે છે તેમાં કેટલો ભ્રમ છે તે વિચારવા કેટલાક દૃષ્ટાંત જોઈએ :—

જાદુગર કે. લાલ સેંકડો વ્યક્તિની સમક્ષ યુવાન છોકરીને કાપી નાખે છે તે પ્રત્યક્ષ જણાય છે કે નહીં? રોજ રોજ કે. લાલે છોકરીને કાપી નાખી હશે તો આજ સુધીમાં કેટલી

છોકરીઓના ખૂનનો મુકદમો તેના ઉપર ચલાવવો પડશે! એક ખાલી ગ્લાસને બાલદીમાં ઊંધો વાળતાં ગ્લાસમાંથી પાણીની ધાર એટલી થાય છે કે બાલદી છલકાઈ જાય તોપણ ખાલી ગ્લાસનું પાણી ખૂટે નહીં! ભાવલિંગી મુનિરાજને આહાર દેતાં ચક્રવર્તીનું સૈન્ય જમે તોય આહાર ખૂટે નહીં તેમ એક ખાલી ગ્લાસમાંથી આટલું પાણી નીકળતું પ્રત્યક્ષ દેખાય છે ને! તે ખરેખર તેમ જ હોય તો પહેલાંના જમાનામાં તો કે. લાલથી પણ મોટા જાદુગર થઈ ગયેલા એટલે સં. ૫૬મા જે દુષ્કાળ પડ્યો તે દુષ્કાળ પડ્યો જ ન હોત! અને અત્યારે સારા ચોમાસાની રાહ જોવી પડે છે—ભય રહે છે કે ચોમાસુ કેવું હશે? તે ભય જ ન રહેત ને! જાદુગરને કહો એટલે ગંગા-યમુના તમારા ગામમાં! ખાલી ગ્લાસમાંથી પાણી અખૂટ વહેતું પ્રત્યક્ષ જોયેલું કે નહીં? તો જે પ્રત્યક્ષ દેખાય તેમ માનવું કે નહીં?

આ તો લૌકિક વાતોના આધારે વિચાર્યું; જૈનદર્શનના આધારે વિચારીયે તો :—

પાણી અગ્નિથી ઉષ્ણ થાય છે તે પ્રત્યક્ષ દેખાય છે ને! આપણી કાર-ગાડી પેટ્રોલ ખૂટી જતા રસ્તામાં ઊભી રહી જાય છે? કે પેટ્રોલ વિના દોડતી રહે છે? ગૌતમ ગણધરની ઉપસ્થિતિ થવાથી ૬૬મે દિવસે મહાવીરસ્વામીની દિવ્યધ્વનિ છૂટી હતી એમાં બેમત છે ખરો? શરીર સ્ત્રીનું હોય તો મુક્તિ થતી નથી, પુરુષનું શરીર હોય તો મુક્તિ થાય છે. ગુરુદેવશ્રીના શબ્દો નીકળે કે પુણ્યથી ધર્મ ન થાય અને શ્રોતા સાંભળે પણ એમ જ કે પુણ્યથી ધર્મ ન થાય! આમ, જે બધું પ્રત્યક્ષ થાય છે તે પ્રમંણે તેના કારણે થાય છે એમ અંપણે મંનીએ છીએ ખરં?

ભાઈ! જગતની રચના જ અસત્યની પ્રેરણા કરાવવાવાળી છે એટલે ઉપર જણાવ્યા તેવા સેંકડો દૃષ્ટાંતો વિચારતાં એમ જ લાગશે કે પ્રત્યક્ષ જણાય છે ને! છતાં ક્યો મુમુક્ષુ ઉપરના દૃષ્ટાંતમાં જે પ્રત્યક્ષ જણાય છે તેમ માનતો હશે? પ્રત્યક્ષ જણાય છે તેમ કોઈ પણ નહીં માનતો હોય!

પ્રત્યક્ષ જણાવા છતાં તેમ હોતું નથી એ વાત માટે એક લૌકિક માસ્ટર કી વાપરવા જેવી છે. આપણે તારંગાથી ટ્રેઈનમાં બેસીને સોનગઢ આવતા હોઈએ ત્યારે દોડતી ટ્રેઈનની બારીમાંથી બહાર જોતા હશું ત્યારે (૧) આપણને પ્રત્યક્ષ દેખાતું હશે કે સેંકડો વૃક્ષો તારંગાની દિશામાં દોડ્યે જાય છે; (૨) આપણને અનુભવાતું હશે કે હું તો સ્થિર બેઠો છું ને સામે જણાતી જમીન ને વૃક્ષો તારંગા તરફ સ્થળાંતર કરતાં રહે છે? એટલે કે હું તો જ્યાં છું ત્યાં જ છું તો શું સોનગઢ સ્થળાંતર કરીને તારંગા પહોંચશે? અર્થાત્ પ્રત્યક્ષ જણાય છે કે વૃક્ષો દોડ્યે જાય છે ને પ્રત્યક્ષ અનુભવાય છે કે હું શાંતિથી બેઠો છું—સ્થળાંતર નથી કરતો! છતાં માનીએ છીએ શું? બસ, આ દૃષ્ટાંતને માસ્ટર કી તરીકે લગાડીને પ્રત્યક્ષ જણાય છે છતાં તે, શ્રીમદ્જી કહે છે તેમ 'સૃષ્ટિની રચના અસત્યની પ્રેરણા કરાવે તેવી છે' તેમ, પ્રત્યક્ષ જણાય તેમ હોતું નથી એ વાત સમજી લેવાની છે.

જોકે આટલું તર્કબદ્ધ હોવા છતાં પરને જાણું તો છું ને!—એ વાત નીકળતી કેમ નહીં હોય! કે કેરોસીન ભરેલા ડબ્બાને ખાલી કરીને ગમે તેટલો સાફ કરીએ તોપણ તેની ગંધ તુરત જતી નથી, ગંધ દૂર થતા ઘણો સમય લાગે છે ને! જેમ ગુરુના ઉપદેશથી જ્ઞાન થતું નથી એવું વર્ષો સુધી સમજતા રહેવા છતાં ઊંડેઊંડે તો, ગુરુ મળ્યા પહેલાં ક્યાં આવું જ્ઞાન હતું! માટે ગુરુથી જ મને આ જ્ઞાન થયું છે—એવી માન્યતા રહેતી હોય છે ને! તેમ, જ્ઞેય છે તેથી જ્ઞાન થયું છે એવી જે માન્યતા પડી છે તે 'જ્ઞેયને જાણતો નથી'—એવું માનવા દેતી નથી! આપણને એમ થાય છે કે આ પરદ્રવ્યો પ્રત્યક્ષ દેખાય છે ને! જો પરને જાણતો ન હોઉં તો રૂમમાંથી બહાર નીકળતાં ભીંત સાથે કેમ ભટકાતો નથી? ને દરવાજામાંથી કેમ બહાર નીકળું છું? માટે પ્રત્યક્ષ જણાય છે તે જ સત્ય છે—એમ રહ્યા કરે છે.

અરે ભાઈ! પ્રત્યક્ષ દેખાય તે સાચું જ હોય તેમ આપણે માનીએ છીએ ખરા? વૃક્ષની ડાળી પર ચકલી બેઠી ને એ જ વખતે ડાળી તૂટી પડી એવું આપણને પ્રત્યક્ષ જણાય છે ને! તો શું માનીએ છીએ? ચકલીના વજનથી ડાળી તૂટી ગયાનું માનીએ છીએ ખરા? મૃગજળ પ્રત્યક્ષ જણાય છે છતાં જળરૂપ માનીએ છીએ ખરા!—આમ ઘણીવાર આપણને અનુભવાયું હશે જ કે પોતાની આંખે જોયેલું ને પોતાના કાને સાંભળેલું હોય તોપણ તે તદ્દન ખોટું હોય છે! આપણને જે પ્રત્યક્ષ દેખાય છે તે સંયોગદષ્ટિથી જોવાની આદતથી દેખાતું હોવાથી આપણને ખોટું સમજાય છે. શ્રી સમયસારની ૧૪મી ગાથામાં આ જ વાત સમજાવી છે કે તને જે બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો અનુભવાય છે—જણાય છે તે સંયોગદષ્ટિથી સત્ય હોવા છતાં, તું સ્વભાવ-સમીપ જઈને જોઈશ—અનુભવીશ તો પ્રત્યક્ષ જણાતાં તે બધાય ભાવો અસત્યાર્થ છે—અભૂતાર્થ છે એમ તને અનુભવાશે. આ જ સિદ્ધાંતથી વિચારતાં, પરપદાર્થ પ્રત્યક્ષ જણાતો હોવાનું સંયોગદષ્ટિથી આપણને લાગવા છતાં, સ્વભાવ-સમીપ જઈને જોતાં, પ્રયોજનની સિદ્ધિની પ્રધાનતાથી વિચારતાં, પર જણાય છે તે અભૂતાર્થ છે એવું સમજાઈ જશે.

પરંતુ....!!

ગુરુકૃપાથી ઉપાદાન-નિમિત્તની વ્યવસ્થા તો સહેલાઈથી સમજાય જાય છે, ક્રમબદ્ધ અને પુરુષાર્થનો કોયડો પણ પૂજ્યશ્રીના પ્રતાપે ઉકેલી શકાયો છે પરંતુ પરજ્ઞેયસંબંધી જ્ઞેયાકાર જ્ઞાન ને તેમાં નિમિત્તભૂત પરજ્ઞેયો અર્થાત્ જ્ઞેયાકાર જ્ઞાન ને પરજ્ઞેયની વસ્તુ-વ્યવસ્થા સમજવી કઠિન લાગે છે; વળી પરજ્ઞેય તો જણાય છે પણ પરજ્ઞેયસંબંધી જ્ઞેયાકાર જણાતા હોવાનું પકડાતું નથી તો પરજ્ઞેય જણાય છે કે જણાતું નથી એ વિષયમાં ઉતરવાની શી જરૂર છે?—કે ભાઈ! પરજ્ઞેયોમાં આ ઈષ્ટ અને આ અનિષ્ટ એવી ભેદબુદ્ધિના કારણે રાગ-દ્વેષ કરી કરીને સંસારમાં રખડતો રહ્યો હોવાથી, જ્ઞેયમાં ઉપજતી ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ છોડવા આ વિષય

સમજવો અત્યંત જરૂરી છે. પરજ્ઞેયસંબંધીના મારા જ્ઞેયાકાર જ્ઞાનને જ હું જાણું છું, પરજ્ઞેયને જાણતો નથી તેની જો ખરેખર પ્રતીતિ ઊપજે તો, પરજ્ઞેયને જાણતો જ નથી ત્યાં મારા માટે પરજ્ઞેય ઇષ્ટ કે અનિષ્ટ ક્યાં રહ્યું?—એમ મોહજન્ય ઇષ્ટ-અનિષ્ટબુદ્ધિ છૂટી જાય તે માટે આ વિષય સમજવાની જરૂર છે.

ખરેખર તો સ્વપરપ્રકાશક સ્વભાવ દ્વારા પરને જાણતો નથી પરંતુ પરપ્રકાશકપણામાં પરસંબંધી જ્ઞેયાકારરૂપ પોતાના જ્ઞાનાકાર જ્ઞાનને જાણે છે તેમ નિર્ણય કરીને પણ પરજ્ઞેયસંબંધી પોતાની જ્ઞાનપર્યાયમાં જ જ્યાં સુધી ઊભો રહે છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ જ છે. તેથી પરને જાણતો નથી પરંતુ પરસંબંધી મારી જ્ઞાનપર્યાયને જ જાણું છું એટલો નિર્ણય કરીને, તે જ્ઞેયાકાર જ્ઞાનપર્યાયનું લક્ષ છોડીને, સ્વપરપ્રકાશકપણામાં સ્વજ્ઞેયરૂપ જ્ઞાયકનું જે પર્યાયમાં જ્ઞાન થાય તે જ્ઞાનપર્યાયનું પણ લક્ષ છોડીને, તે જ્ઞાનપર્યાયમાં જે સ્વજ્ઞેયનું—જ્ઞાયકનું જાણપણું થાય છે તે જ્ઞાયકનું લક્ષ કરે છે ત્યારે પ્રયોજનની સિદ્ધિ થાય છે અર્થાત્ પરને જાણનારો તો હું નથી પણ જ્ઞાયકને જાણનારો—જાણવાની પર્યાયરૂપ—પણ હું નથી, હું તો જે જણાઈ રહ્યો છે તે જ્ઞાયક જ હું છું—એમ, જાણવાની પર્યાયનું લક્ષ છોડીને જ્ઞાયકમાં અહમ્‌પણું સ્થાપવું તે સ્વપરપ્રકાશક સ્વભાવનું પ્રયોજન છે.

ચિદ્‌વિલાસમાં પં. શ્રી દીપચંદજી કાસલીવાલ તો કહે છે કે "જ્ઞાન જ્ઞેયોને જાણે છે તે અસદ્‌ભૂત-ઉપચરિતનયથી છે." વ્યવહારનય અને તેના ચાર ભેદમાં અસદ્‌ભૂત ઉપચરિત દ્વારા થતાં કથનમાં કેટલું ભૂતાર્થપણું સંભવી શકે છે તે કહેવાની જરૂર નથી ને! શ્રી સમયસારની ૧૧મી ગાથામાં સઘળાય વ્યવહારને અસત્યાર્થ કહ્યો છે ને! અહીં શ્રી દીપચંદજી કહે છે કે જ્ઞાન જ્ઞેયોને જાણે છે તે અસદ્‌ભૂત-ઉપચરિત!—ત્યાં, પરને જાણું છું એ વાત......!

માટે, જે કોઈ પરજ્ઞેયો પ્રત્યક્ષ જણાય ત્યારે વિચારવું કે આ તો દોડતી ટ્રેઈનની અંદર બેસીને બારીની બહાર જોતાં, વૃક્ષો દોડતા પ્રત્યક્ષ દેખાય છે તેવું પ્રત્યક્ષ છે! ભાઈ! નજર સામે સમુદ્ર હોવા છતાં આંખ આડે ચાર ઈંચનો પડદો રાખીને દેખતા જાણે સમુદ્ર છે જ નહીં એવો જે ભ્રમ ઊપજે છે તેવો 'પરને જાણવા' સંબંધી ગહન ભ્રમ છે. "ખરેખર તો જણાઈ રહ્યો છે સ્વ અને માને છે કે પર મને જણાઈ રહ્યું છે!—આ ગુપ્ત રહસ્ય એને જ સમજાય છે જેના માથે ગુરુકહાનનો કૃપાપૂર્ણ હાથ ફર્યો હોય છે! ધન્ય છે એ ગુરુને જેમણે આવા ગહન રહસ્યને પ્રત્યક્ષ કરીને આપણને સમજાવ્યું !

# જ્ઞાન-સ્વભાવ

(મૂળ લેખક : શ્રી 'યુગલ', એમ. એ. સાહિત્યરત્ન, કોટા)

જ્ઞાન આત્માનો સાર્વકાલિક સ્વભાવ છે, તે આત્માની એક અસાધારણ શક્તિ તથા લક્ષણ પણ છે. અનંત જડ-ચેતન તત્ત્વોના સમુદાય સ્વરૂપ એવા આ વિશ્વમાં જ્ઞાનથી જ ચેતનની ભિન્ન ઓળખાણ થાય છે. તે આત્માનો એક મુખ્ય ગુણ છે જે વિશ્વનું સવિશેષ સાર્વકાલિક પ્રતિભાસન કરે છે. આત્માના અનંત ગુણ તથા ધર્મ પણ જ્ઞાનમાં જ પ્રતિબિંબિત થાય છે, જાણે કે જ્ઞાનમાં જ આત્માનું સર્વસ્વ સમાઈ રહ્યું હોય.

શ્રી સમયસાર પરમાગમમાં આત્માને જ્ઞાનમાત્ર જ કહ્યો છે. લોકમાં પણ કોઈ એક એવી વિશેષતાની અપેક્ષાએ કોઈ વ્યક્તિને સંબોધિત કરવાની પદ્ધતિ છે કે જે તેનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરી શકે. જેમ કોઈ વ્યક્તિને ન્યાયાધીશના નામથી સંબોધવામાં આવે છે. ન્યાયાધીશપણું તેની એક એવી વિશેષતા છે કે જેથી બધા મનુષ્યોથી ભિન્ન ઓળખાઈ આવે છે. જોકે તેનામાં અન્ય સામાન્ય મનુષ્યો જેવી તથા વ્યક્તિગત પોતાની અનેક વિશેષતાઓ પણ છે. તે કેવળ ન્યાયાધીશ જ નથી પરંતુ ન્યાયાધીશ સંજ્ઞામાં તેનું સંપૂર્ણ સામાન્ય-વિશેષ વ્યક્તિત્વ ગર્ભિતપણે આવી જાય છે. તેથી ન્યાયધીશ શબ્દ તેનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરે છે અર્થાત્ તે વ્યક્તિ જે કાંઈ છે તે બધું ન્યાયાધીશપણામાં સમાઈ ગયું છે. એ જ રીતે જ્ઞાન આત્માના અનંત ગુણધર્મો સમાન જોકે આત્માનો એક વિશેષ ગુણ જ છે પરંતુ તેના વિના આત્મા ઓળખાતો જ નથી. જ્ઞાનનો વ્યાપાર પ્રગટ અનુભવમાં આવે છે. અન્ય શક્તિઓમાં એ વિશેષતા નથી. તેથી 'उपयोगो लक्षणम्'ની છાયામાં અનંત પદાર્થોના સમુદાયરૂપ એવા આ મિશ્રિત વિશ્વમાં જ્ઞાનથી જ આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ અને વ્યક્તિત્વ સિદ્ધ થાય છે. કેવળ આત્માના જ નહિ પરંતુ જગતના અસ્તિત્વની જ સિદ્ધિ પણ જ્ઞાન જ કરે છે. જ્ઞાન જગતના નિગૂઢતમ રહસ્યોનું ઉદ્‌ઘાટન કરે છે. તેથી જ્ઞાન જ આત્માનું સર્વસ્વ છે અને તેના વિના આત્મા સંજ્ઞાવાળા કોઈ ચેતનતત્ત્વની કલ્પના જ વ્યર્થ છે. જ્ઞાનનો સ્વભાવ હૃદયંગમ કરી લેતાં સંપૂર્ણ આત્મસ્વભાવની સમજણ જ સુલભ થઈ જાય છે. તેથી પ્રજ્ઞાવંત આચાર્ય કુંદકુંદે પોતાના સમયસાર પરમાગમમાં આત્માને જ્ઞાનમાત્ર જ કહ્યો છે. જ્ઞાનમાત્ર કહેવામાં આત્માના માત્ર જ્ઞાનગુણની જ નહિ, પરંતુ અનંત ગુણધર્મોના સમુદાયરૂપ એક અખંડ જ્ઞાયક

આત્માની જ પ્રતીતિ થાય છે. જ્ઞાનની સ્મૃતિમાત્રમાં જ અખંડ ચેતનતત્ત્વ પોતાની અનંત વિભૂતિઓ સાથે દૃષ્ટિમાં આવે છે. જ્ઞાનના એક સમયના પરિણમનને જુઓ, તેમાં આત્માનું સર્વસ્વ જ પરિણમેલું છે, તેથી આત્મા જાણે કે જ્ઞાન જ છે, અન્ય કાંઈ નહિ. આ રીતે ગુણ–ગુણીની અભેદદૃષ્ટિમાં જ્ઞાન આત્મા જ છે.

આ જ્ઞાન આત્માનો ત્રૈકાલિક સ્વભાવ છે. જે સ્વભાવ ત્રૈકાલિક હોય છે તેનો વસ્તુથી કદી અભાવ નથી થતો અને વસ્તુની જેમ તે સદા પૂર્ણ, અખંડ અને શુદ્ધ હોય છે. વસ્તુ તે જ સ્વભાવની જ બનેલી હોય છે. તેથી સ્વભાવ કદી તેનાથી જુદો કરી શકાતો નથી. જેમ ઉષ્ણતા અગ્નિનો સ્વભાવ છે. ઉષ્ણતા રહિત અગ્નિ કોઈ વસ્તુ જ નથી, તેથી ઉષ્ણતા અગ્નિનું સર્વસ્વ જ છે.

જ્ઞાનનો સ્વભાવ જાણવું અર્થાત્ વસ્તુના સર્વાંગનું પ્રતિભાસન કરવું છે, કેમ કે સ્વભાવ અસહાય, અકૃત્રિમ અને નિરપેક્ષ હોય છે. તેથી જ્ઞાન પણ જગતથી પૂર્ણ નિરપેક્ષ અને અસહાય રહીને પોતાનો અનાદિ અનંત જાણવાનો વ્યાપાર કર્યા કરે છે. પોતાના જાણવાના કાર્યનું સંપાદન કરવા માટે જ્ઞાનને જગતથી કાંઈ પણ આદાન-પ્રદાન નથી કરવું પડતું. દર્પણ સમાન જ્ઞાનની વસ્તુને જાણવાની રીત એ છે કે તે સદા પોતાના એકરૂપ અખંડ સ્વરૂપને સુરક્ષિત રાખીને જ્ઞેયાકારે પરિણમ્યા કરે છે. જ્ઞેયાકાર પરિણતિ જ્ઞાનનો વિશેષ ભાવ છે અને તે જ્ઞેયાકાર પરિણતિમાં જ્ઞાનત્વનો અન્વય તેનો સામાન્ય ભાવ છે. જેમ દર્પણ પોતાના સ્વચ્છ સ્વભાવથી વસ્તુઓને પોતાનામાં પ્રતિબિંબિત કરે છે. દર્પણમાં વસ્તુઓના અનેક આકાર-પ્રકાર રચાયા–ભુંસાયા કરે છે પરંતુ દર્પણ પ્રત્યેક પરિવર્તનમાં અક્ષુણ્ણ રહે છે. વસ્તુઓના અનેક આકાર–પ્રકારના સંગઠન અને વિધાન (રચના)માં દર્પણની એકરૂપતા અપ્રભાવિત રહે છે, સાથોસાથ તે આકાર–પ્રકારોથી દર્પણની સ્વચ્છતાને આંચ આવતી નથી. જેમ દર્પણમાં અગ્નિ પ્રતિબિંબિત થાય છે પરંતુ દર્પણમાં અગ્નિના પ્રતિબિંબથી ન તો દર્પણ તૂટે છે કે ન ગરમ થાય છે કેમ કે દર્પણમાં જે અગ્નિ દેખાય છે, તે સાક્ષાત્ અગ્નિ નથી પરંતુ તે તો દર્પણની પોતાની અગ્નિ છે, તે દર્પણની પોતાની પર્યાય છે. તેથી વાસ્તવમાં તે દર્પણ જ છે. દર્પણમાં પ્રતિબિંબિત અગ્નિની રચનાનું નિયામક ઉપાદાન દર્પણનું પોતાનું સ્વતંત્ર છે. પોતાની અગ્નિની રચનામાં દર્પણે બહારની અગ્નિથી કાંઈ પણ સહયોગ લીધો નથી. આ અગ્નિ દર્પણની પોતાની સ્વતંત્ર સૃષ્ટિ અને સંપત્તિ છે. દર્પણની અગ્નિનો આકાર બહારની અગ્નિ જેવો હોવા છતાં પણ બહારની અગ્નિ તેમાં રંચમાત્ર કારણ નથી તથા બહાર અગ્નિ બળી રહી છે તેથી દર્પણમાં અગ્નિ પ્રતિબિંબિત

થઈ રહી છે એ પણ નિતાંત અસત્ય છે. જો તેને સત્ય માની લેવામાં આવે તો વસ્તુઓને પ્રતિબિંબિત કરવાનો દર્પણનો સ્વભાવ નહિ રહે. દર્પણનો સ્વભાવ અગ્નિ સાપેક્ષ હોઈને 'સ્વભાવ' એવી સંજ્ઞા જ ખોઈ બેસશે. વાસ્તવમાં દર્પણના સ્વચ્છ સ્વભાવમાં જો અગ્નિ–આકારના પરિણમનની શક્તિ અને યોગ્યતા ન હોય તો આખું વિશ્વ એકત્ર થઈને પણ તેને અગ્નિના આકારે કરી શકે નહિ અને જો સ્વયં દર્પણમાં અગ્નિ-આકારે થવાની શક્તિ અને યોગ્યતા છે તો પછી તેને અગ્નિની શી અપેક્ષા છે? જે શક્તિશૂન્ય છે તેને શક્તિ આપી શકાતી નથી અને જે શક્તિમય છે તેને પોતાની શક્તિના પ્રયોગમાં કોઈ બીજાની અપેક્ષા હોતી નથી. જગતની કોઈ પણ વસ્તુ પર સાપેક્ષ રહીને પોતાનું અસ્તિત્વ રાખી શકતી નથી. જો દર્પણમાં પ્રતિબિંબિત અગ્નિનું કારણ બહારની અગ્નિ હોય તો પાષાણમાં પણ અગ્નિ પ્રતિબિંબિત થવી જોઈએ, પરંતુ એમ થતું નથી. તેથી પોતાની અગ્નિની રચનાની સંપૂર્ણ સામગ્રી દર્પણના પોતાના અક્ષય કોષમાં જ પડી છે, તેને કોઈ પાસેથી કાંઈ ઉધાર નથી લેવું પડતું.

આ ચર્ચામાં એવો પણ તર્ક રજૂ કરવામાં આવે છે કે જો બહારની અગ્નિ દર્પણની અગ્નિનું કારણ ન હોય અને દર્પણમાં તે સમયે અગ્નિ–આકાર પરિણામ થવા જોઈએ અથવા અગ્નિ સામે હોવા છતાં પણ દર્પણમાં અગ્નિ પ્રતિભાસિત ન થતાં બીજું કાંઈક પ્રતિભાસન થવું જોઈએ. વિચિત્ર તર્ક છે કે જે દર્પણના સ્વભાવની સ્વતંત્રતા ઉપર એક સીધો પ્રહાર છે. જો દર્પણની સમક્ષ અગ્નિ હોય અને તે તેવી ને તેવી દર્પણમાં પ્રતિબિંબિત ન થાય તો પછી આપણે દર્પણ કઈ વસ્તુને કહીશું? વસ્તુ જેવી હોય તેવી જ તેને પ્રતિબિંબિત કરે તેને જ દર્પણ કહે છે. વળી જો અગ્નિના અભાવમાં પણ દર્પણમાં અગ્નિ પ્રતિબિંબિત થાય અથવા અગ્નિની સમક્ષતામાં દર્પણમાં અગ્નિના સ્થાને ઘટ પ્રતિબિંબિત થાય તો દર્પણની પ્રામાણિકતા જ શું કહેવાશે? તેથી અગ્નિનું પણ હોવું અને દર્પણમાં પણ સાંગોપાંગ તે જ પ્રતિબિંબિત થવું એ જ વસ્તુસ્થિતિ છે અને એ જ વસ્તુસ્વભાવગત્ અનાદિનિધન નિયમ પણ છે, એમાં પારસ્પરિક કારણ-કાર્યભાવથી ઉત્પન્ન કોઈ પરતંત્રતા અથવા સાપેક્ષતાને માટે રંચમાત્ર અવકાશ નથી. આ રીતે દર્પણ અને તેનો અગ્નિ–આકાર અગ્નિથી સર્વથા જુદો તથા નિર્લિપ્ત જ રહી જાય છે.

દર્પણની જેમ જ્ઞાન પણ જ્ઞેયથી અત્યંત નિરપેક્ષ રહીને પોતાના જ્ઞેયાકારના ઉત્પાદ-વ્યય કરે છે. જ્ઞાનના આ જ્ઞેયાકારને જ્ઞાનનો 'અતત્' સ્વભાવ કહે છે. બીજા અનેક જ્ઞેયોના આકારે પરિણમીને પણ પ્રત્યેક જ્ઞેયાકારમાં જ્ઞાનત્વની ધારાવાહિકતાનો કદી ભંગ

થતો નથી અર્થાત્ જ્ઞાનનો પ્રત્યેક જ્ઞેયાકાર પરિણામ જ્ઞાન–સામાન્યનો અન્વય અખંડ તથા અપરિવર્તિત છે. જ્ઞાનના પ્રત્યેક જ્ઞેયાકારમાં જ્ઞાન જ પ્રતિધ્વનિત થાય છે, તેને આગમમાં જ્ઞાનનો 'તત્' સ્વભાવ કહ્યો છે. પોતામાં અનંત લોકાલોકરૂપ ચિત્ર–વિચિત્ર જ્ઞેયાકાર નિયત સમયમાં ઉત્પન્ન કરવામાં જ્ઞાન અત્યંત સ્વતંત્ર છે. આમાં તેને લોકાલોકની કોઈ અપેક્ષા નથી. ન તેને લોકમાંથી કાંઈ લેવું પડે છે કે ન કાંઈ દેવું પડે છે. જ્ઞાનમાં જે લોકાલોક પ્રતિબિંબિત થાય છે, જ્ઞાનના તે જ્ઞેયાકારની રચના જ્ઞાનની ઉપાદાન સામગ્રીથી થાય છે, લોકાલોકરૂપ નિમિત્તનું તેમાં જરાય કારણપણું નથી. તેથી જ્ઞાન લોકાલોકને જાણે છે એ કથન વ્યવહાર જ છે. વાસ્તવમાં જ્ઞાન જ્ઞેયોન્મુખ ન હોતાં સ્વતંત્રરૂપે પોતાના જ્ઞેયાકારોને જ જાણે છે. જેમ આપણે કોઈ મહેલની કલ્પના કરીએ છીએ. મહેલ તો પાષાણનો બનેલો હોય છે પરંતુ આપણી કલ્પનાનો મહેલ તો આપણી કલ્પનાથી જ બન્યો છે, પાષાણથી નહિ.

એ જ રીતે જ્ઞાનના જ્ઞેયાકાર સર્વ જ્ઞાનની જ સૃષ્ટિ છે અને તે જ્ઞેયથી અત્યંત ભિન્ન જ રહે છે તથા જગતમાં જ્ઞેય છે તેથી જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે એ તર્ક જ ભ્રમમૂલક છે કે જે જ્ઞાનની અપ્રતિહત શક્તિની અવહેલના કરીને જ્ઞાનના નપુંસકપણાની ઘોષણા કરે છે. જ્ઞેય જેવો આકાર જ્ઞાનમાં જાણવાનો એવો અર્થ તો કદાપિ થઈ શકતો નથી કે જ્ઞાનનું તે કાર્ય જ્ઞેયની કૃપાથી નિષ્પન્ન થયું છે. એ તો જ્ઞાનની સ્વછતા તથા પ્રામાણિકતાનું જ પ્રતીક છે. જગતમાં સદૃશ કાર્ય તો અનેક થાય છે, પરંતુ કોઈની કૃપાની તેમાં અપેક્ષા નથી હોતી. જેમ કે આપણા પાડોશીને ઘેર ભાત બનાવવામાં આવે અને આપણે ત્યાં પણ ભાત બનાવવામાં આવે તો આપણે પાડોશીનું અનુકરણ કરીને અથવા પાડોશી પાસેથી કાંઈ લઈને તો આપણા ભાત બનાવ્યા નથી, આપણા ભાત સ્વતંત્રરૂપે પોતાના નિયત સમયે આપણી સંપત્તિથી બન્યા છે અને એ જ રીતે પાડોશીના પણ. બન્નેમાં કોઈ સંબંધ જ બનતો નથી. હા, સાદૃશ્ય તો બંનેમાં છે, પરંતુ સંબંધ કાંઈ પણ નથી. એ જ રીતે જ્ઞાનમાં કોઈ જ્ઞેય અથવા ઘટ પ્રતિબિંબિત થાય છે તો જ્ઞાનનો ઘટાકાર તો જ્ઞાનની પોતાની શક્તિથી પોતાના નિયત સમયે ઉત્પન્ન થયો છે, માટીના ઘટના કારણે નહિ; કારણ કે માટીનો ઘટ તો પહેલાં પણ વિદ્યમાન હતો પરંતુ જ્ઞાનનો ઘટ પહેલાં ન હતો. જ્ઞાને પોતાના ક્રમબદ્ધપ્રવાહમાં પોતાનો ઘટ હવે બનાવ્યો છે અને તે ઘટાકારની રચનામાં જ્ઞાને માટીમય ઘટનું અનુકરણ નથી કર્યું પણ જ્ઞાનનો ઘટાકાર માટીમય ઘટાકારથી નિતાંત પૃથક્ જ્ઞાનનો પોતાના સમયનો સ્વતંત્ર નિરપેક્ષ ઉત્પાદ છે. જ્ઞાનમાં

ઘટાકારની રચના, જ્ઞાનના અનાદિ અનંત પ્રવાહક્રમમાં નિયત ક્ષણમાં જ થઈ શકે છે. એની એક ક્ષણ પણ આગળ-પાછળની કલ્પના એકાંત મિથ્યા છે. 'જ્ઞાનની સામે ઘડો છે' તેથી ઘડો જ પ્રતિબિંબિત થયો–એ વાત તર્ક અને સિદ્ધાંતની કસોટીએ પણ સિદ્ધ નથી. જો એને સિદ્ધાંતથી સ્વીકારી લેવામાં આવે તો પછી લોકાલોક તો સદાય વિદ્યમાન છે, કેવળજ્ઞાન કેમ નથી થતું? વળી જો પદાર્થ જ્ઞાનનું કારણ હોય તો પછી છીપને જોતાં ચાંદીની ભ્રાંતિ કેમ થઈ જાય છે? અથવા વસ્તુ ન હોવા છતાં પણ વાળ મચ્છરાદિનું જ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થઈ જાય છે? તથા ભૂત અને ભાવી પર્યાયો તો વર્તમાનમાં વિદ્યમાન નથી તેમનું જ્ઞાન કેવી રીતે થઈ જાય છે? તેથી જ્ઞેયથી જ્ઞાનની સર્વાંગી નિરપેક્ષતા નિર્વિવાદ છે.

આ લોકમાં જ્ઞાનનો એવો અદ્‌ભુત સ્વભાવ છે અને આ નિરપેક્ષ, નિર્લિપ્ત, નિરાવરણ જ્ઞાનસ્વભાવની પ્રતીતિ અને અનુભૂતિ ભવ-વિનાશિની છે. જ્ઞાની જાણે છે કે જે સમયે જે જ્ઞેય મારા જ્ઞાનમાં પ્રતિબિંબિત દેખાય છે તે બધો જ્ઞાનનો જ આકાર છે. તે બધું હું જ છું અને તે પ્રતિબિંબ મારો જ સ્વભાવ છે. જ્ઞાનનો તે આકાર જ્ઞેયથી તદ્દન ખાલી છે. તેમાં જ્ઞેયનો એક અવિભાગ પ્રતિચ્છેદ પણ પ્રવેશેલો નથી અને તે આકાર મારા જ્ઞાનના નિયત સ્વકાળે મારા જ્ઞાનથી જ ઉત્પન્ન થયો છે અને તે જ ઉત્પન્ન થવા યોગ્ય પણ છે, અન્ય પરિણામને તે સમયે મારા જ્ઞાનના પ્રવાહમાં ઉત્પન્ન થવાનો અવકાશ અને અધિકાર નથી. આમાં 'આ કેમ' આવ્યું અને અન્ય 'કેમ નહીં' એ પ્રશ્ન જ રહેતો નથી. જ્ઞાનમાં પ્રતિબિંબિત જ્ઞેયાકારના સંબંધમાં જેને 'કેમ' એવો વિષમભાવ ઉત્પન્ન થાય છે તે વાસ્તવમાં જ્ઞાનના જ્ઞેયાકાર, જ્ઞાનસ્વભાવ અને આત્માનો જ અભાવ ચાહે છે. જ્ઞાનસ્વભાવની આ પ્રતીતિ નિર્ભયતા અને નિઃશંકતાને જન્મ આપે છે. જ્ઞાની આ પ્રતીતિમાં સદાય નિશ્ચિત જ છે કે મારી જ્ઞાન-પરિધિમાં જગતનો પ્રવેશ જ નિષિધ છે. તેથી અનેકાકાર થઈને પણ જ્ઞાન નિર્મળ જ રહે છે અને તે અનેકાકાર પણ જ્ઞાનના જ વિશેષો હોવાના કારણે જ્ઞાન જ છે. જ્ઞાનના આ વિશેષો કોઈ વ્યવસ્થાની વસ્તુ નથી પરંતુ સહજ જ પોતાના નિયત સમયે જ્ઞાનસામાન્યમાંથી ઉત્પન્ન થયા કરે છે. તેથી જ્ઞાની આ વિશેષોનો પણ તિરોભાવ કરીને જ્ઞાનસામાન્ય પર જ પોતાની દૃષ્ટિ કેન્દ્રિત કરે છે અને નિરંતર શુદ્ધ જ્ઞાન જ તેની અનુભૂતિમાં અવતરે છે.

આનાથી વિપરીત અજ્ઞાની સદાય જ્ઞાનમાં જ્ઞેયાકારોના પ્રવેશની ભ્રાંતિથી આકુલિત રહે છે. તેને એવું લાગે છે કે આ ઇન્દ્રિયોના વિષય મારી અંદર જ આવી રહ્યા છે.

વાસ્તવમાં તો ઇન્દ્રિયવિષય જ્ઞાનમાં પ્રતિબિંબિત માત્ર થાય છે. જ્ઞાનના પ્રતિબિંબને અજ્ઞાની સાક્ષાત્ જ્ઞેય જ સમજે છે. તેથી તેને સદા જ્ઞેયમિશ્ર જ્ઞાનની અશુદ્ધ અનુભૂતિ જ થાય છે. શ્રી સમયસાર પરમાગમની ૧૫ મી ગાથાની ટીકામાં આચાર્ય શ્રી અમૃતચંદ્ર એનું અત્યંત માર્મિક વિવેચન કરે છે :—

'અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યના તિરોભાવ અને વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું (વિશેષભાવરૂપ, ભેદરૂપ, અનેકાકારરૂપ) જ્ઞાન તે અજ્ઞાની, જ્ઞેયલુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે પરંતુ અન્ય જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ અને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં આવતું નથી; વળી પરમાર્થથી વિચારીએ તો–તો, જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. અલુબ્ધ જ્ઞાનીઓને તો, જેમ સૈંધવની ગાંગડી અન્ય દ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે. તેમ આત્મા પણ પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.'

વાસ્તવમાં જ્ઞાનસામાન્યની વિસ્મૃતિ કરી દેવાથી જ્ઞાનના અનેકાકારની સૃષ્ટિ ન બનતાં જ્ઞેયની સૃષ્ટિ બની જાય છે અને શાક તથા લવણના મિશ્રણની જેમ, અજ્ઞાનીને સદાય 'આ દેહ હું જ છું, આ જ્વર મને જ છે,' એવો મિશ્ર સ્વાદ આવે છે; પરંતુ જ્ઞાનીને તો સદાય જ્ઞાનસામાન્યની જ સ્મૃતિ છે. 'મારું જ્ઞાન જ્વર તથા દેહાકાર પરિણમવા છતાં પણ હું દેહ તથા જ્વરથી ભિન્ન જ્ઞાન જ છું, જ્ઞાનને દેહ નથી અને જ્ઞાનને કદી જ્વર ચડતો જ નથી.' તેથી જ્ઞાનના જ્વરાકાર અને દેહાકાર પરિણામ પણ જ્ઞાનીને દેખાતા નથી. આમાં એ તર્ક પણ અપેક્ષિત નથી કે જો નિરંતર જ્ઞાનસામાન્યની જ દૃષ્ટિ રહે તો પછી જ્ઞાનના વિશેષોનું શું થશે? વાસ્તવમાં જ્ઞાન તો સહજ જ જ્ઞેય–નિરપેક્ષ રહીને અનેકાકાર પરિણમ્યા કરે છે, કોઈ પ્રબંધ વિના જ તે અનેકાકાર જ્ઞાનમાં થયા કરે છે. જેમ આપણા ઘરમાં ઝૂલતા દર્પણમાં પાડોશીનાં મકાન, મનુષ્ય આદિ સહજ મૌનભાવે પ્રતિબિંબિત થયા કરે છે, આપણે તેમની વ્યવસ્થા નથી કરતા અને દર્પણના તે ખંડભાવ (પ્રતિબિંબ) આપણા પ્રયોજનની વસ્તુ પણ નથી. જોકે તે આપણા જાણવામાં અવશ્ય આવે છે પરંતુ આપણી અવિરલ દૃષ્ટિ તો આપણા અખંડ દર્પણ પર જ કેન્દ્રિત રહે છે. જો આપણી દૃષ્ટિ તે ખંડભાવો અને

પ્રતિબિંબો ઉપર કેન્દ્રિત થઈ જાય અને આપણે દર્પણની અખંડતાને વિસ્મૃત કરી દઈએ તો આપણને લાગશે કે આપણા દર્પણમાં તો કોઈ મનુષ્ય અથવા મકાન પ્રવેશી ગયું અને તેથી આપણે વિહ્વળ થઈ જઈશું; પરંતુ આ અનેકાકારોમાં પણ દર્પણ તો જેમનું તેમ વિદ્યમાન છે. આ દૃષ્ટિ અને પ્રતીતિ નિરાકુળતાને જન્મ દે છે.

અજ્ઞાની માને છે કે 'મને ધન મળ્યું,' પરંતુ વાસ્તવમાં અજ્ઞાનીના જ્ઞાનને પણ ધનનો એક આકાર માત્ર મળ્યો છે, ધન તો મળ્યું જ નથી. અજ્ઞાની ધન મળવાની કલ્પનાથી જ હર્ષિત થયા કરે છે. એ જ રીતે અગ્નિના સંયોગમાં અજ્ઞાની માને છે કે 'હું બળી રહ્યો છું,' પરંતુ વાસ્તવમાં અગ્નિની જ્વાળા જ્ઞાનમાં બિંબિતમાત્ર થઈ રહી છે, જ્ઞાન તો બળી રહ્યું નથી. જો અગ્નિથી જ્ઞાન બળવા માંડે તો અગ્નિની ઉષ્ણતાને કોણ જાણશે? પરંતુ અજ્ઞાની 'હું બળી રહ્યો છું,' આ કલ્પનાથી જ વિહ્વળ થઈ જાય છે. વાસ્તવમાં જ્ઞાનને જ્ઞેય પાસેથી તો કાંઈ પણ મળતું નથી, તે તો પોતાના તે જ્ઞેયાકારોમાં પણ એટલું ને એટલું જ રહે છે. આપણા દર્પણમાં પ્રતિબિંબિત કોઈ મહેલથી આપણે આપણને લાભ મળ્યો હોવાનું માનતા નથી અને તે મહેલ દર્પણમાંથી અદૃશ્ય થઈ જતાં આપણે શોકાતુર પણ ક્યાં થઈએ છીએ? આ પરિસ્થિતિમાં હર્ષ કે શોક તો કોઈ બાળક (અજ્ઞાની)નું જ કાર્ય હોઈ શકે, પરંતુ આ દૃષ્ટિ તો આપણને નિરંતર જ વર્તે છે. આપણા ઘરમાં સ્વચ્છ દર્પણ ઝૂલી રહ્યું છે અને આપણે એ પણ જાણીએ છીએ કે તે દર્પણમાં જગતના અનેક પદાર્થ પણ પ્રતિબિંબિત થાય છે. પરંતુ આપણા દર્પણમાં શું પ્રતિબિંબિત થાય છે એ આપણી દૃષ્ટિનો વિષય નથી હોતો પરંતુ તે પ્રતિબિંબો પ્રત્યે સદા આપણો ઉદાસીન ભાવ જ પ્રવર્તે છે. જે કાંઈ પ્રતિબિંબિત થતું હોય, તે દર્પણનો સ્વભાવ છે. દર્પણના સ્વચ્છ સ્વભાવનો વિશ્વાસ આપણને એ વિકલ્પ પણ ઊઠવા દેતો નથી કે તેમાં શું શું પ્રતિબિંબિત થાય છે? કેમ કે તે આપણા વિકલ્પ અથવા વ્યવસ્થાનો વિષય ન હોતાં દર્પણનો અકૃત્રિમ સ્વભાવ જ છે. તેમાં જે કાંઈ પ્રતિબિંબિત થાય છે તે બધું વ્યવસ્થિત જ છે, વ્યવસ્થા યોગ્ય નથી તથા તે પ્રતિબિંબ મમતા કરવાયોગ્ય પણ નથી, કારણ કે તે પ્રતિબિંબોની મમતા ક્લેશકારિણી છે. દર્પણમાં તે પ્રતિબિંબોના આગમનથી જેવા આપણે હર્ષિત થઈશું તેવા જ તેમનો દર્પણમાંથી વિલય આપણને શોક-સાગરમાં ડૂબાડી દેશે.

તેથી દર્પણ–વિશેષની દૃષ્ટિથી ઉત્પન્ન કલ્પિત હર્ષ-શોકનો અંત દર્પણ–સામાન્યની દૃષ્ટિથી જ સંભવ છે, અન્ય કોઈ રસ્તો નથી. આ જ પ્રમાણે જ્ઞાનમાં પ્રતિબિંબિત અનેક જ્ઞેયાકારરૂપ જ્ઞાનના વિશેષોમાં જોકે જ્ઞાન–સામાન્યની જ વ્યાપ્તિ છે, જ્ઞેયની વ્યાપ્તિ નથી;

પરંતુ જ્ઞાનના તે વિશેષ વાસ્તવમાં આત્માને માટે જાણવામાત્ર સિવાય, અન્ય કોઈ પણ પ્રયોજનની વસ્તુ નથી. જ્ઞાનમાં તે સ્વતઃ સહજભાવે નિર્મિત થયા કરે છે. જેમ કે જ્ઞાનમાં જે ઘડો પરિણમ્યો તે ઘટાકાર સ્વયં જ્ઞાન જ છે પરંતુ આત્મા તે ઘટાકાર જ્ઞાનનું શું કરે? તેથી નિરંતર 'હું તો જ્ઞાન જ છું, ઘટ નથી'—આ સામાન્યની દૃષ્ટિ અને અનુભૂતિ જ શાંતિ આપનાર છે.

જ્ઞાનસ્વભાવની પ્રતીતિ અનંત પ્રશ્નો, અગણિત ઘટનાચક્રો તથા અસંખ્ય પરિસ્થિતિઓનું એકમાત્ર સમાધાન છે. તે દૃષ્ટિમાં શુદ્ધ અખંડ એકરૂપ જ્ઞાન સિવાય આત્મામાં કાંઈ ભાસતું જ થી. 'હું તો જ્ઞાનનો ધ્રુવતારો છું.' આમાં આત્માની સાથે દેહ, કર્મ અને રાગનો સંબંધ પણ ક્યાં રહ્યો? રાગ તો આત્મા અને કર્મની સંયોગી દૃષ્ટિમાં ભાસિત થાય છે. જેમ જળને કાદવ સહિત દેખતાં મલિનપણું અનુભવમાં આવે છે પરંતુ શુદ્ધ જળ-સ્વભાવની સમીપ જઈને જોઈએ તો જળમાં કાદવ ક્યાં છે? જળ તો કાદવ સાથે પણ જળ જ છે. આ રીતે કર્મ અને આત્માની સંયોગી દૃષ્ટિમાં આત્મામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ દૃષ્ટિગોચર થાય છે પરંતુ શુદ્ધ જ્ઞાનસ્વભાવની સમીપતામાં જ્ઞાનમાં ન રાગ છે, ન દ્વેષ છે, ન પુણ્ય છે, ન પાપ છે, ન દેહ છે કે ન મન-વાણી છે. કર્મ અને દેહના વિવિધ અણધાર્યા (–અપ્રત્યાશિત) પરિણામ જ્ઞાનનો સ્પર્શ પણ કરી શકતા નથી. પ્રલયકાળના ભયંકર વિનાશ વચ્ચે જ્ઞાની તો અનુભવ કરે છે કે મારા જ્ઞાનમાં પ્રલય થયો નથી. હું તો પ્રલયનો પણ જ્ઞાતા જ છું. પ્રલયના દ્રવ્ય જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે પરંતુ જ્ઞાન પ્રલયાકાર હોવા છતાં પણ જ્ઞાનમાં પ્રલયનો પ્રવેશ થતો નથી. જેમ સાગરને સમર્પણ કરાયેલો પુષ્પ-હાર અથવા પ્રહાર સાગરની છાતી ઉપર ચિત્રિતમાત્ર થઈને રહી જાય છે અને સાગર રોષ અથવા તોષની વિષમ અનુભૂતિઓથી શૂન્ય એકરૂપ જ રહે છે. એ જ રીતે વિશ્વનું સર્વસ્વ જ્ઞાનમાં પ્રતિબિંબિત થવા છતાં પણ જ્ઞાની તે સંપૂર્ણ વિશેષોનો તિરોભાવ કરીને 'હું ત્રિકાળ જ્ઞાન જ છું; વિશ્વ નથી.' આ શુદ્ધ જ્ઞાનનું જ ચિરંતન સંચેતન કરે છે. જગતની ભયંકર પ્રતિકૂળતાઓ અને સાતમી નરકની યાતનાઓમાં પણ જ્ઞાનીને શુદ્ધ જ્ઞાનનું આ સંચેતન અબાધિત રહે છે. જ્યાં જ્ઞાનને દેહ જ નથી ત્યાં પ્રતિકૂળતાનું અસ્તિત્વ જ્ઞાનીની દુનિયામાં જ ક્યાં રહ્યું? પ્રતિકૂળતા અને નરકની યાતનાનો જ્ઞાનમાં પ્રવેશ જ નથી, તો પ્રતિકૂળતા અને યાતના જ્ઞાનને કેવી? આ રીતે જ્ઞાનના વજ્ર-કપાટોનું ભેદન કરીને કોઈ (પદાર્થ) જ્ઞાનસ્વભાવમાં પ્રવેશી જ નથી શકતો. તેથી જ્ઞાન ત્રિકાળ શુદ્ધ, એકરૂપ જ રહે છે. આ જ જ્ઞાનના શુદ્ધ એકત્વમાં પ્રતિષ્ઠિત થઈને જ્ઞાની શુદ્ધ અનુભૂતિના બળથી વિકાર

અને કર્મોનો ક્ષય કરતો થકો મુક્તિના પાવન પથ પર આગળ વધતો જાય છે અને અંતે મુક્તિ તેને વરી લે છે.

વાસ્તવમાં જ્ઞાનીને મુક્તિની પણ ચાહ નથી. જ્ઞાન તો ત્રિકાળ મુક્ત જ છે. તેને નવી મુક્તિ અથવા સિદ્ધદશાની પણ અપેક્ષા નથી. જ્ઞાન તો જગતનાં દ્રવ્ય-ક્ષેત્રના સ્વભાવથી સદાય મુક્ત પડ્યું છે. જ્ઞાન તો નરકમાં પણ મુક્ત જ છે. તે સદા જ્ઞાયક જ તો છે. તેના સિવાય અન્ય કાંઈ પણ કલ્પના તેના પ્રત્યે કરવી વ્યર્થ છે. તેને આસ્રવ અને બંધ પણ નથી, પરિણામે સંવર, નિર્જરા અને મોક્ષ પણ તેને નથી; કારણ કે જે પહેલાં બંધાયો હોય, તેને જ તો છુટવાનો પ્રસંગ બની શકે છે. જે કદી બંધાયો જ નથી તેની મુક્તિની વાત જ વ્યર્થ છે. જ્ઞાનને બાંધવાનો પ્રયાસ કરનાર સ્વયં જ્ઞાનસાગરમાં ડૂબી જાય છે. તે અવિલંબ જ્ઞાનમાં પ્રગટ થાય છે (–જણાય છે) પણ જ્ઞાન તો સંપૂર્ણપણે અપ્રભાવિત જ રહે છે. લોકની દરેક પરિસ્થતિમાં 'હું તો જ્ઞાન જ છું' એ દૃષ્ટિ તથા જ્ઞાનનું આ શુદ્ધ સંચેતન ભવના દ્વારોનું ભેદન કરીને મુક્તિના પાવન દ્વારનું ઉદ્‌ઘાટન કરે છે. આ જ દૃષ્ટિ લોકમાંગલ્યની અધિષ્ઠાત્રી છે. જેમાં પર્યાયદૃષ્ટિના સંપૂર્ણ ક્લેશનો અંત આવી જાય છે. વિષમતમ પરિસ્થિતિમાં પણ આનંદના મોતી વેરતો, ભવથી ઉત્પન્ન થયેલ ચિર-દારિદ્ર્યનો અંત કરીને, શાંતિનો ખજાનો ખોલી દેનારી શુદ્ધ જ્ઞાનની આ પ્રતીતિ અને અનુભૂતિ ચિર જયવંત વર્તો, ચિર જયવંત વર્તો.

[સાભાર : ગુજરાતી આત્મધર્મ, વર્ષ-૩૩, અંક-૩૯૬, ઓક્ટોબર, ૧૯૭૬]

આહાહા! જે પર્યાયો થઈને ગઈ છે અને જે થઈ નથી એવી ભૂત-ભવિષ્યની પર્યાયોને સર્વજ્ઞ દ્રવ્યમાં યોગ્યતારૂપ જાણે છે એમ નહિ પણ તે તે પર્યાયો વર્તમાનવત્ પ્રત્યક્ષ હોય તેમ જાણે છે. એ સર્વજ્ઞના જ્ઞાનની દિવ્યતા છે. ભૂત-ભવિષ્યની અવિદ્યમાન પર્યાયો કેવળજ્ઞાનમાં વિદ્યમાન છે. આહાહા! એક સમયની કેવળજ્ઞાનની પર્યાયની આવી વિસ્મયતા અને આશ્ચર્યતા છે. આખા દ્રવ્યના સામર્થ્યની વિસ્મયતા અને આશ્ચર્યતાનું કહેવું શું?

–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# સર્વત્ર કાર્યકરણક્ષમ ઇસ યોગ્યતાકા હી સામ્રાજ્ય દિખલાઈ દેતા હૈ.

—જૈનતત્ત્વ-મીમાંસા, પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી

✍ જિસ કાર્યકા જો સ્વકાલ હોતા હૈ ઉસકે પ્રાપ્ત હોને પર હી ઇન પાંચકા સમવાય હોતા હૈ ઔર તભી વહ કાર્ય હોતા હૈ.

✍ પ્રત્યેક કાર્ય અપને અપને સ્વકાલકે પ્રાપ્ત હોને પર હી હોતા હૈ.

✍ પ્રત્યેક કાર્ય અપને સ્વકાલમેં અપની અપની યોગ્યતાનુસાર હી હોતા હૈ ઔર જબ જો કાર્ય હોતા હૈ તબ અન્ય નિમિત્ત ભી તદનુકૂલ મિલ જાતે હૈં.

✍ પ્રત્યેક કાર્ય સ્વકાલમેં હોતા હૈ ઐસી યથાર્થ શ્રદ્ધા હોને પર ''પરકા મૈં કુછ ભી કર સકતા હૂઁ'' ઐસી કર્તૃત્વબુદ્ધિ તો છૂટ જાતી હૈ, સાથ હી ''મૈં અપની આગે હોનેવાલી પર્યાયમેં કુછ ભી ફેરફાર કર સકતા હૂઁ'' ઇસ અહંકારકા ભી લોપ હો જાતા હૈ. ઉક્ત કર્તૃત્વબુદ્ધિ છૂટકર જ્ઞાતાદૃષ્ટા બનનેકે લિયે ઔર અપને જીવનમેં વીતરાગતાકો પ્રગટ કરનેકે લિયે ઇસ સિદ્ધાંતકો સ્વીકાર કરનેકા બહુત બડા મહત્વ હૈ.

✍ જો મહાનુભાવ સમજતે હૈં કિ ઇસ સિદ્ધાંતકે (—પ્રત્યેક કાર્ય અપને અપને સ્વકાલકે પ્રાપ્ત હોને પર હી હોતા હૈ—ઇસ સિદ્ધાંતકે) સ્વીકાર કરનેસે અપને પુરુષાર્થકી હાનિ હોતી હૈ, વાસ્તવમેં ઉન્હોંને ઇસે ભીતરસે સ્વીકાર હી નહીં કિયા ઐસા કહના હોગા. ઇસલિયે ઇસે સ્વીકાર કરનેસે પુરુષાર્થકી હાની હોતી હૈ ઐસી જૂઠી શ્રદ્ધાકો છોડકર ઇસકે સ્વીકાર દ્વારા માત્ર જ્ઞાતાદૃષ્ટા બને રહનેકે લિયે સમ્યક્ પુરુષાર્થ જાગૃત કરના ચાહિએ.

✍ ધ્યાન દેનેયોગ્ય હૈ કિ શાસ્ત્રમેં જહાઁ જહાઁ કાલાદિ લબ્ધિકા ઉલ્લેખ કિયા હૈ વહાઁ ઉસકા આશય મુખ્યતયા આત્માભિમુખ હોનેકે લિયે હી હૈ, અન્ય કુછ આશય નહીં હૈ.

✍ ઉપાદાનગત યોગ્યતાકે કાર્યભવનરૂપ વ્યાપારકે સન્મુખ હોને પર હી વહી કાર્ય હોતા હૈ, અન્યથા નહીં હોતા. ઐસે પરિણમનકી ક્ષમતા પ્રત્યેક દ્રવ્યમેં હોતી હૈ. જીવકે ઇસ પરિણમન કરનેરૂપ વ્યાપારકો પુરુષાર્થ કહતે હૈં.

✍ પ્રત્યેક દ્રવ્યમેં આંતરિક યોગ્યતાકા સદ્‌ભાવ સ્વીકાર કિયે બિના કોઈ ભી કાર્ય નહીં હો સકતા. ઉસમેં ભી જિસ યોગ્યતાકા જો સ્વકાલ (-સમર્થ ઉપાદાનક્ષણ) હૈ ઉસકે પ્રાપ્ત હોને પર હી વહ કાર્ય હોતા હૈ, અન્યથા નહીં હોતા.

✍ જીવકી સમર્થ ઉપાદાન શક્તિકા નામ હી ભવિતવ્ય હૈ.

✍ જો હોનેયોગ્ય હો ઉસે ભવિતવ્ય કહતે હૈં ઔર ઉસકા ભાવ ભવિતવ્યતા કહલાતી હૈ.

✍ જિસે હમ યોગ્યતા કહતે હૈં ઉસીકા દૂસરા નામ ભવિતવ્યતા હૈ.

✍ દ્રવ્યકી સમર્થ ઉપાદાન શક્તિ કાર્યરૂપસે પરિણત હોનેકે યોગ્ય હોતી હૈ ઈસલિયે સમર્થ ઉપાદાન શક્તિ, ભવિતવ્યતા ઔર યોગ્યતા તીનોં એક હી અર્થકો સૂચિત કરતે હૈં.

✍ પ્રત્યેક કાર્યકી કાલલબ્ધિ હોતી હૈ ઈસમેં સંદેહ નહીં પર વહ કિસી જીવકો સમ્યક્ પુરુષાર્થ કરનેસે રોકતી હો ઐસા નહીં હૈ.

✍ સ્વકાલલબ્ધિ ઔર યોગ્યતા યે દોનોં ઉપાદાનગત વિશેષતાકે હી દૂસરે નામ હૈ.

✍ જિસ 'સમય' જિસ કાર્યકા સમ્યક્ પુરુષાર્થ હુઆ વહી ઉસકી કાલલબ્ધિ હૈ, ઈસકે સિવાય અન્ય કોઈ કાલલબ્ધિ હો ઐસા નહીં હૈ.

✍ જિતને ભી કાર્ય હોતે હૈ વે અપની મૂલભૂત સામગ્રીકે સ્વભાવકો નહીં ઉલ્લંઘન કર અપને અપને નિયત સમય પર હી ઉત્પન્ન હોતે હૈં.

✍ સ્વકાલ ઉપાદાનકી વિશેષતા હોનેસે ભવિતવ્યતામેં ગર્ભિત હૈ હી.

✍ ભવિતવ્યતા ઉપાદાનકી યોગ્યતાકા દૂસરા નામ હૈ.

✍ "પ્રત્યેક કાર્યકી ઉત્પત્તિમેં નિશ્ચય ઉપાદાનગત યોગ્યતાકા(—ભવિતવ્યતાકા) સ્થાન સર્વોપરિ હૈ." (કાલલબ્ધિ ભવિતવ્યતામેં ગર્ભિત હી હૈ.)

✍ જૈસે કર્તાકા સ્વરૂપ સ્વતઃસિદ્ધ હૈ ઔર કર્મકા સ્વરૂપ સ્વતઃસિદ્ધ હૈ. યદિ પરસ્પરકો ઈનકા સ્વરૂપ માના જાતા હૈ તો દોનોંકા અભાવ પ્રાપ્ત હોતા હૈ.

✍ વસ્તુ તો સ્વરૂપસે સ્વયં ઔર નિરપેક્ષ હી હોતી હૈ.

✍ પર્યાયકી ઉત્પત્તિમેં જો સ્વભાવ આદિ પાંચ કારણ બતલાયે હૈં ઉનકા સમવાય હોને પર હી કોઈ પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઐસા નિયમ હૈ.

✍ સમ્યક્ નિયતિકા વાસ્તવિક અર્થ હૈ કિ બાહ્ય દ્રવ્યાદિકી નિયત અવસ્થિતિકે સાથ જો કાર્ય

જિસ નિશ્ચય ઉપાદાનસે હોનેવાલા હૈ વહ ઉસ સ્થિતિમેં હી હોગા અન્યસ્થિતિમેં નહીં હોગા.

✍ યદિ કોઈ ચાહે કિ જો કાર્ય જિસ નિશ્ચય ભવિતવ્ય ઉપાદાનસે હોનેવાલા હૈ ઉસકે સ્થાનમેં અન્ય નિમિત્તસે ઉસ કાર્યકી ઉત્પત્તિ અપને પુરુષાર્થ દ્વારા કી જા સકતી હૈ તો ઉસકા ઐસા સોચના ભ્રમ હૈ.

✍ સમ્યક્ નિયતિ કોઈ સ્વતંત્ર પદાર્થ ન હોકર પૂર્વોક્ત વિધિસે કાર્યકારણ પરંપરાકા એક અંગ હૈ ઐસા શ્રદ્ધાન કરકે હી ચલના ચાહિએ.

✍ કોઈ ભી કાર્ય પર્યાયનયકી અપેક્ષા સ્વયં હોકર ભી નૈગમ (વ્યવહાર)નયકી અપેક્ષાસે અપને નિશ્ચય ઉપાદાન ઔર બાહ્ય નિમિત્તકે બિના અપને આપ હોતા હૈ ઐસા નહીં હૈ.

✍ જિસ નિશ્ચય ઉપાદાનસે જો કાર્ય હોનેવાલા હૈ ઉસે હમ અપને તથાકથિત પ્રયત્ન યા બાહ્ય નિમિત્ત દ્વારા ત્રિકાલમેં ભી નહીં બદલ સકતે હૈં.

✍ પ્રત્યેક દ્રવ્યકા પરિણમન અપને અપને નિયત ઉપાદાનકે અનુસાર ક્રમનિયમિત હી હોતા હૈ.

✍ કાર્યોત્પત્તિમેં નિશ્ચય ઉપાદાનગત યોગ્યતાકા (કાલલબ્ધિગર્ભિત ભવિતવ્યકા) અપના મૌલિક સ્થાન હૈ.

✍ જબ કિસી ભી કાર્યકા કાર્યોત્પાદક નિશ્ચય ઉપાદાનકા સ્વકાલ આતા હૈ તબ અવ્યવહિત ઉત્તર સમયમેં વહ કાર્ય નિયમસે હોતા હૈ ઔર અસદ્ભૂત વ્યવહારનયસે તદ્નુકૂલ બાહ્ય સામગ્રીકા યોગ ભી બનતા રહતા હૈ. કહીં વહ સાધન સામગ્રી અનાયાસ મિલતી હૈ ઔર કહીં વહ પ્રયત્નપૂર્વક મિલતી હૈ, પર યહ મિલતી અવશ્ય હૈ. જહાઁ પ્રયત્નપૂર્વક મિલતી હૈ વહાઁ ઉસકો નિમિત્તકર હોનેવાલે ઉસ કાર્યમેં પ્રયત્નકી મુખ્યતા કહી જાતી હૈ ઔર જહાઁ બિના પ્રયત્ન મિલતી હૈ વહાઁ દૈવકી—પુરાતન કર્મ ઔર યોગ્યતાકી—મુખ્યતા કહી જાતી હૈ.

✍ સર્વત્ર કાર્યકરણક્ષમ ઇસ યોગ્યતાકા હી સામ્રાજ્ય દિખલાઈ દેતા હૈ.

પર્યાયના પરિણમનના પરિપ્રેક્ષ્યમાં :

# ક્રમબદ્ધપર્યાય = કાળલબ્ધિ + ભવિતવ્ય

કળિકાળને ધર્મકાળમાં પરિવર્તીત કરનાર પૂજ્ય ગુરુદેવશ્રીએ જ્યાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ ફૂંક્યો ત્યાં પર્યાયના ફેરફારકર્તારૂપી કર્તૃત્વના સૈન્યમાં ખળભળાટ મચી ગયો ને પરદ્રવ્યના કર્તૃત્વરૂપી સૈન્યમાં ભાગાદોડી મચી ગઈ! અરે, ખરેખર કહો તો ગુરુ કહાનના આ ક્રમબદ્ધપર્યાયના શંખનાદથી સમસ્ત કર્તૃત્વરૂપી સૈન્યે અકર્તાપણાની શરણાગતિ સ્વીકારી લીધી—એ તેઓશ્રીના જીવનનો એક આધ્યાત્મિક અચંબો છે, જેમ તેઓશ્રી સ્વયં આ કળિકાળનો એક અચંબો છે તેમ!

પૂજ્ય ગુરુદેવશ્રી જે શાસ્ત્રને માટે 'સર્વજ્ઞનો વિરહ ભૂલાવનારું શાસ્ત્ર' કહે છે તે ગ્રંથાધિરાજ શ્રી સમયસારમાં ગાથા–૩૦૮ થી ૩૧૧ની ટીકામાં અકર્તાપણાની સિદ્ધિ માટે જે 'ક્રમનિયમિત'ને ઉદાહરણના રૂપમાં પ્રસ્તુત કરેલ છે તે 'ક્રમબદ્ધપર્યાય'નો જિનવાણીમાં પ્રાયઃ અન્ય કોઈ સ્થાને ઉલ્લેખ સુદ્ધા જોવા મળતો નથી, તે 'ક્રમબદ્ધપર્યાય' છે શું?—કે જે શબ્દ કાને પડતાં, વિરોધીઓને ન ઈચ્છવા છતાં કહાનગુરુ નજરે તરવરવા લાગે છે! જે શબ્દનો પ્રયોગ જિનવાણીમાં શોધ્યો મળતો ન હતો તે શબ્દ આજે ચારે અનુયોગમાં છવાઈ ગયેલો અનુભવાઈ રહ્યો છે, તે ક્રમબદ્ધપર્યાય છે શું? તે સમજવા તે સિદ્ધાંતના ગહન ચિંતન વિના ગુરુવર કહાનના ઉપદેશનું ભાવભાસન અસંભવિત!

પ્રસ્તુત વિષયની મીમાંસાનું તાત્પર્ય એ છે કે પાંચ સમવાયમાં સમાહિત કાળલબ્ધિ અને ભવિતવ્ય શું છે તે સમજાવનાર સિદ્ધાંતનું નામ છે ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત! આ સિદ્ધાંતનું ઉપનામ છે કાનજીસ્વામી! કેમ કે કાનજીસ્વામી વિના એ સિદ્ધાંતને સમજવો તો બહુ દૂર રહ્યો, તેઓશ્રી વિના એ શબ્દના શ્રવણનું સૌભાગ્ય પણ અશક્ય! તેથી એ સિદ્ધાંતનું થોડું મંથન કરીએ.

'સર્વજ્ઞે દીઠું હશે તેમ થશે, સર્વજ્ઞે આપણો મોક્ષ જોયો હશે ત્યારે થશે, આપણે પુરુષાર્થથી શું કરી શકીએ?'—એમ કહેનાર પ્રતિ, 'જેણે સર્વજ્ઞને માન્યા છે તેના ભવ ભગવાને દીઠા જ નથી' અર્થાત્ જે સર્વજ્ઞ અનુસાર પુરુષાર્થ કરે છે તેને ભવનો અભાવ થવાનો હોવાથી ભગવાને તેના ભવ જોયા જ નથી એમ કડક શબ્દોમાં પ્રતિકાર કરનાર પ્રખર

પુરુષાર્થી કહાનગુરુએ આગમમાં છૂપાયેલ ક્રમબદ્ધપર્યાયના ગૂઢ સિદ્ધાંતને ઉજાગર કર્યો કેમ? કેમ કે ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એટલે જાણે કે પુરુષાર્થનો ઘાતક! તેથી જીવનભર પુરુષાર્થની દુંદુભી વગાડનાર કાનજીસ્વામીએ પુરુષાર્થનો ઘાતક એવા ક્રમબદ્ધપર્યાયનો આવિષ્કાર કર્યો કેમ? —એ જૈનદર્શનના મૂર્ધન્ય તત્ત્વચિંતકો માટે પણ ગહન કોયડા સમાન છે!

ક્રમબદ્ધપર્યાય એટલે જાણે કે પુરુષાર્થનો ઘાતક!! બસ આનું નામ છે મણમાં આઠ પાંચશેરીની ભૂલ! (મણ=૮ X ૫ શેર=૪૦ શેર = પૂરેપૂરી ભૂલ!) ખરેખર તો પરદ્રવ્યના કર્તૃત્વરૂપ અને પોતાની પર્યાયના ફેરફારના કર્તૃત્વરૂપ મિથ્યા પુરુષાર્થનો ઘાતક અને કાળલબ્ધિ પ્રાપ્ત થતા ભવિતવ્ય અનુસાર પરિણમતિ પર્યાયના જ્ઞાતાપણારૂપ સમ્યક્ પુરુષાર્થનો દ્યોતક છે ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત !—આટલું જો સમજાય તો ક્રમબદ્ધના સ્વીકારનું બીજું નામ છે સહજ પુરુષાર્થ—યથાર્થ પુરુષાર્થ એમ સમજાતાં, કહાનગુરુના આ મહાન સિદ્ધાંતના પ્રખર પ્રચારનો હેતુ સમજી શકાશે.

પ્રત્યેક પર્યાયનું પરિણમન, તે તે પર્યાયની કાળલબ્ધિ પાકતાં, તે તે પર્યાયના પાંચેય સમવાય ભેગા થઈને તે તે પર્યાયનું પરિણમન થાય એવો પર્યાયના પરિણમનનો અનાદિસિદ્ધ સહજ સ્વભાવ છે તો પછી ક્રમબદ્ધપર્યાય એટલે શું?—કે પ્રત્યેક દ્રવ્યની પર્યાયનું પરિણમન પોતપોતાના સુનિશ્ચિત કાળે સુનિશ્ચિત ક્રમમાં થવું—એ રીતે પર્યાય પોતાના કાળ અને ક્રમ સાથે બંધાયેલ છે એવી વ્યવસ્થાનું નામ છે ક્રમબદ્ધપર્યાય ! પોતાની પર્યાયના પરિણમનના આ સુનિશ્ચિત ક્રમમાં ન તો કોઈ બાહ્ય નિમિત્ત ફેરફાર કરવા સમર્થ છે કે ન તો સ્વયં તેનું દ્રવ્ય તેના ક્રમમાં ફેરફાર કરવા સમર્થ છે એવી પર્યાયના પરિણમનની પ્રમાણિક સમર્થ વ્યવસ્થાનું નામ છે ક્રમબદ્ધપર્યાય ! એ રીતે ક્રમબદ્ધપર્યાય એ નથી કોઈ દ્રવ્ય, નથી કોઈ ગુણ કે નથી કોઈ પર્યાય. આમ, પ્રત્યેક પર્યાયની કાળલબ્ધિ પાકતાં તે સમયે જે પર્યાયનું ભવન થવું સુનિશ્ચિત છે એવા ભવિતવ્ય અનુસાર તે પર્યાયનું પરિણમન થવામાં પોતાના અનાદિ-અનંતકાળના સુનિશ્ચિત ક્રમ સાથે પર્યાય બંધાયેલ છે એમ પ્રસિદ્ધ કરતાં નિયમનું નામ છે ક્રમબદ્ધપર્યાય !!

સિદ્ધાંત : પ્રત્યેક પર્યાયનું પરિણમન ક્રમબદ્ધ જ થાય.

આમ, ક્રમબદ્ધ એટલે પ્રત્યેક પર્યાયનું પરિણમન પોતાના સુનિશ્ચિતકાળે સુનિશ્ચિત ક્રમપૂર્વક જ થવું.

એટલે કે પોતાના સ્વકાળે સુનિશ્ચિત ક્રમમાં તે ભાવનું ભવન થવું.

અર્થાત્ સ્વકાળ તે કાળલબ્ધિ અને ભાવનું ક્રમસર ભવન તે ભવિતવ્ય.

આમ, ક્રમબદ્ધ એટલે કાળલબ્ધિ + ભવિતવ્ય.

તેથી, ક્રમબદ્ધના સંદર્ભમાં ભવિતવ્ય અને કાળલબ્ધિ સંબંધી કેટલાક અવતરણો જોઈએ—

❀ પ્રત્યેક દ્રવ્યમેં કાર્યક્ષમ ભવિતવ્યતા હોતી હૈ ઈસકા સમર્થન કરતે હુએ સ્વામી સમંતભદ્ર આચાર્ય અપને સ્વયંભૂસ્તોત્રમેં કહતે હૈં—

આપને (જિનદેવને) યહ ઠીક હી કહા હૈ કિ હેતુદ્વયસે ઉત્પન્ન હોનેવાલા કાર્ય કિ જિસકા જ્ઞાપક હૈ ઐસી યહ ભવિતવ્યતા અલંઘ્ય શક્તિ હૈ, ક્યોંકિ સંસારી પ્રાણી 'મૈં ઈસ કાર્યકો કર સકતા હૂઁ' ઈસ પ્રકારકે અહંકારસે પીડિત હૈ યહ ઉસ (ભવિતવ્યતા)કે બિના અનેક પ્રકારકે અન્ય કારણોંકા યોગ મિલને પર ભી કાર્યોંકે સમ્પન્ન કરનેમેં સમર્થ નહીં હોતા.

❀ ભવિતવ્યતાકી મુખ્યતાકો બતાતે હુએ આચાર્ય સમન્તભદ્રને(આપ્તમીમાંસા)/ આચાર્ય અકલંકદેવસ્વામીને(અષ્ટશતિ)/ આચાર્ય વિદ્યાનંદસ્વામીને અષ્ટસહસ્રીમેં કહા હૈ કિ—

જિસ જીવકી જૈસી ભવિતવ્યતા (હોનહાર) હોતી હૈ ઉસકી વૈસી હી બુદ્ધિ હો જાતી હૈ. વહ પ્રયત્ન ભી ઉસી પ્રકારકા કરને લગતા હૈ ઔર ઉસે સહાયક ભી ઉસીકે અનુસાર મિલ જાતે હૈં.

❀ ભવિતવ્યતાકા સમર્થન કરતે હુએ પંડિતપ્રવર ટોડરમલજી મોક્ષમાર્ગપ્રકાશકમેં લિખતે હૈં—

....સો ઈનકી સિદ્ધિ હોઈ તો કષાય ઉપશમનેતૈં દુઃખ દૂરિ હોઈ જાઈ, સુખી હોઈ, પરંતુ ઈનકી સિદ્ધિ ઈનકે કિયે ઉપાયનિંકે આધીન નાહીં, ભવિતવ્યકે આધીન હૈ. જાતે અનેક ઉપાય કરતે દેખિયે હૈ અર સિદ્ધિ ન હો હૈ. બહુરિ ઉપાય બનના ભી અપને આધીન નાહીં, ભવિતવ્યકે આધીન હૈ.

❀ સ્વામી કાર્તિકેય અપની દ્વાદશાનુપ્રેક્ષામેં કાલલબ્ધિકી સક્ષમતાકો સિદ્ધ કરતે હુએ કહતે હૈં—

સર્વ હી પદાર્થ કાલ આદિ લબ્ધિકર સહિત ભયે નાના શક્તિ સંયુક્ત હૈ વૈસે હી સ્વયં પરિણમે હૈ તિનકૂં પરિણમતે કોઈ નિવારનેકૂં સમર્થ નાહીં.

❀ શ્રી જયધવલામેં ભી કાલલબ્ધિકે સામર્થ્યકો પ્રસિદ્ધ કરતે હુએ કહા હૈ—

ભગવાન મહાવીરકી દિવ્યધ્વનિકો પૂરી તરહસે ગ્રહણ કરનેમેં સમર્થ ગણધરકે ન હોનેસે ૬૬ દિન તક દિવ્યધ્વનિ નહીં ખિરી. પુનઃ શંકા કી ગઈ કિ દેવેન્દ્રને ઉસી સમય

ગણધરકો લાકર ક્યોં નહીં ઉપસ્થિત કર દિયા? ઈસકા સમાધાન કરતે હુએ કહા ગયા કિ કાલલબ્ધિકે બિના દેવેન્દ્ર ઉસી સમય ગણધરકો ઉપસ્થિત કરનેમેં અસમર્થ થા.

❀ કર્તૃત્વરૂપ મિથ્યા પુરુષાર્થકે ખંડનકે લિયે કાલલબ્ધિકે સામર્થ્યકો સિદ્ધ કરતે હુએ પંડિત રાજમલજી પાંડે શ્રી સમયસાર કલશટીકાકે કલશ-૪મેં કહતે હૈં કિ—

યહ જીવ ઈતના કાલ બીતનેપર મોક્ષ જાયગા ઐસી નોંધ કેવલજ્ઞાનમેં હૈ. વહ જીવ સંસારમેં ભ્રમતે ભ્રમતે જભી અર્ધપુદ્ગલપરાવર્તનમાત્ર રહતા હૈ તભી સમ્યક્ત્વ ઉપજને યોગ્ય હૈ. ઈસકા નામ કાલલબ્ધિ કહલાતા હૈ. યદ્યપિ સમ્યક્ત્વરૂપ જીવદ્રવ્ય પરિણમતા હૈ તથાપિ કાલલબ્ધિકે બિના કરોડ ઉપાય જો કિયે જાયઁ તો ભી જીવ સમ્યક્ત્વરૂપ પરિણમન યોગ્ય નહીં ઐસા નિમય હૈ. ઈસસે જાનના કિ સમ્યક્ત્વ-વસ્તુ યત્નસાધ્ય નહીં, સહજરૂપ હૈ.

❀ કાળલબ્ધિકે સામર્થ્યમેં શંકા ઉઠાનેવાલેકો શ્રીધવલામેં આચાર્યદેવ કહતે હૈં કિ—

જબ કાળલબ્ધિકે બલસે હી સમ્યક્ત્વકી ઉત્પત્તિ હોતી હૈ તબ ક્ષયોપશમ આદિ પાંચ લબ્ધિયોંકા ઉપદેશ ક્યોં દિયા ગયા હૈ? ઈસ શંકાકા સમાધાન કરતે હુએ શ્રી ધવલામેં આચાર્યદેવ કહતે હૈં કિ પ્રતિસમય અનંતગુણહીન અનુભાગકી ઉદીરણા, અનંતગુણિત ક્રમસે વર્ધમાન વિશુદ્ધિ ઔર આચાર્યકા ઉપદેશ યહ સબ બાહ્ય સામગ્રીકી પ્રાપ્તિ એક કાળલબ્ધિકે હોનેપર હી હોતી હૈ.

ઉપરના અવતરણોથી સ્પષ્ટ ફલિત થાય છે કે પ્રત્યેક કાર્યની ઉત્પત્તિ પાંચ સમવાયપૂર્વક જ થવાનો નિમય છે તેમાં તે તે કાર્યની ઉત્પત્તિમાં ભવિતવ્ય અને કાળલબ્ધિનું સર્વોપરિ સ્થાન રહ્યું છે, કેમ કે પાંચ સમવાયમાં રહેલ નિમિત્ત તો પરદ્રવ્ય હોવાથી અન્યનું કાર્ય કરવાની તેનામાં ક્ષમતા જ હોતી નથી, પર્યાયની યોગ્યતારૂપ સ્વભાવ તો સદાય હોવા છતાં કાળલબ્ધિ વિના તેના ભવનરૂપ ભવિતવ્યના અભાવમાં તે સ્વભાવથી પણ કાર્યની ઉત્પત્તિ થતી નથી, તેમ જ તે કાર્યની કાળલબ્ધિના અભાવમાં તે કાર્ય કરવા માટે કરવામાં આવતો સઘળોય પુરુષાર્થ ઉલટો જ પુરુષાર્થ હોય છે-તે કાર્યની ઉત્પત્તિને અનુરૂપ પુરુષાર્થ હોતો જ નથી, તેથી કાર્યની ઉત્પત્તિ થતી નથી.

આ તથ્યને દૃષ્ટાંત વડે સમજીએ—

દહીંમાં માખણ થવાની યોગ્યતારૂપ સ્વભાવ છે. માખણરૂપ ભાવનું ભવન થવારૂપ ભવિતવ્યની કાળલબ્ધિ પાકતાં દહીંને વલોવવારૂપ પુરુષાર્થ વડે વલોણું, સ્ત્રીની આવડત ને ઈચ્છારૂપ બાહ્ય નિમિત્તની ઉપસ્થિતિમાં માખણ નીપજે છે. પરંતુ કાળલબ્ધિ પાક્યા પહેલાં

દહીંને વલોવવારૂપ પુરુષાર્થ કરવા છતાં તે વખતે વલોણું, સ્ત્રીની આવડત–ઇચ્છારૂપ બાહ્ય નિમિત્તની ઉપસ્થિતિ હોવા છતાં, દહીમાંથી માખણ નીપજતું નથી. કેમ કે દહીંમાં રહેલ માખણ થવાની પર્યાયની યોગ્યતાનું માખણરૂપ ભવન થવાની અર્થાત્ ભવિતવ્યની કાળલબ્ધિનો અભાવ હોવાથી, સ્વભાવ-પુરુષાર્થ અને યોગ્ય બાહ્ય નિમિત્ત હોવા છતાં માખણ નીપજતું નથી. અર્થાત્ કાળલબ્ધિ અને ભવિતવ્યના અસદ્ભાવમાં કાર્યની નિષ્પત્તિ થતી નથી.

આમ, જે કોઈ કાર્ય થતું હોય છે તે કાર્યની કાળલબ્ધિ પાકતાં પાંચેય સમવાયનો યોગ બને છે અને ત્યારે કાર્ય થાય છે, નહીં કે કાળલબ્ધિ અને ભવિતવ્યના અભાવમાં!

ઉપરોક્ત કથનનું તાત્પર્ય, પૂજ્ય ગુરુદેવશ્રીના ચૂસ્ત અનુયાયી, દિગમ્બર જૈન સમાજના માન્ય મૂર્ધન્ય પંડિત શ્રી ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રીના શબ્દો દ્વારા સમજવું વિશેષ સરળ બનશે. "પ્રત્યેક કાર્ય સ્વકાલમેં હોતા હૈ ઐસી યથાર્થ શ્રદ્ધા હોને પર "પરકા મૈં કુછ કર સકતા હૂઁ" ઐસી કર્તૃત્વબુદ્ધિ તો છૂટ હી જાતી હૈ, સાથ હી "મૈં અપની આગે હોનેવાલી પર્યાયોંમેં કુછ ભી ફેરફાર કર સકતા હૂઁ" ઇસ અહંકારકા ભી લોપ હો જાતા હૈ. ઉક્ત કર્તૃત્વબુદ્ધિ છૂટકર જ્ઞાતાદૃષ્ટા બનનેકે લિએ ઔર અપને જીવનમેં વીતરાગતાકો પ્રગટ કરનેકે લિએ ઇસ સિદ્ધાંતકો સ્વીકાર કરનેકા બહુત બડા મહત્વ હૈ. જો મહાનુભાવ સમજતે હૈં કિ ઇસ સિદ્ધાંતકે સ્વીકાર કરનેસે અપને પુરુષાર્થકી હાની હોતી હૈ, વાસ્તવમેં ઇન્હોંને ઇસે ભીતરસે સ્વીકાર હી નહીં કિયા ઐસા કહના હોગા. ઇસલિએ ઇસે સ્વીકાર કરનેસે પુરુષાર્થકી હાની હોતી હૈ ઐસી ખોટી શ્રદ્ધાકો છોડકર ઇસકે સ્વીકાર દ્વારા માત્ર જ્ઞાતાદૃષ્ટા બને રહનેકે લિએ સમ્યક્ પુરુષાર્થકો જાગૃત કરના ચાહિએ."

જોકે પ્રશ્ન ઊઠી શકે કે જ્ઞાની ધર્માત્મા શ્રીમદ્ રાજચંદ્રજીએ તો એમ કહ્યું છે કે—

**"જો ઇચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ,**
**ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહીં આત્માર્થ."**

શ્રીમદ્જીએ ઉક્ત કથન એવા જીવોને અનુલક્ષીને કર્યું છે કે જેઓને આત્મહિત માટે પુરુષાર્થ કરવો નથી એટલે કાળલબ્ધિ અને ભવિતવ્યતાનો આધાર લઈને પ્રમાદમાં વર્તતા થકા દુર્લભ મનુષ્યભવ વેડફી રહ્યા છે; તેમને જાગૃત કરવા માટે પુરુષાર્થ કરાવવા માટે ઉક્ત ગાથા કહી છે. પરંતુ શ્રીમદ્જીને ભવિતવ્ય કે કાળલબ્ધિ ઉડાડવાનો–તેનો નિષેધ કરવાનો આશય નથી. તેઓશ્રીએ સત્ય પુરુષાર્થ કરવા ઉપદેશ કર્યો છે એટલે કે 'સત્ય' ઉપર ઘણું વજન છે, કેમ કે ધર્મક્ષેત્રસંબંધી અનેક કાર્યોને જીવ કોઈને કોઈ પ્રકારે પુરુષાર્થ માની બેસતો

હોય છે. તેથી સત્ય પુરુષાર્થ કોને કહેવો તે પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસ વડે સમજવો જરૂરી છે.

ગુરુદેશના વિના એકલી પોતાની મતિકલ્પનાથી અર્થ સમજવા જતાં પ્રાયઃ જ્ઞાનીઓના મૂળ આશયને યથાર્થપણે નહીં સમજી શકવાનું જોખમ ઊભું થતું હોય છે. જેમ કે પંડિતપ્રવર શ્રી ટોડરમલજીએ નવમાં અધિકારમાં કહ્યું કે....કાળલબ્ધિ અને ભવિતવ્ય કોઈ વસ્તુ નથી. ત્યાં જીવને એમ લાગે કે તેઓશ્રી કાળલબ્ધિ અને ભવિતવ્યને ઉડાડવા માગે છે, નિષેધ કરવા માગે છે. તેથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રવચનમાં કહેલું કે...અરેરે ! અર્થ ન સમજે તો શું થાય !! ટોડરમલજી કાળલબ્ધિ અને ભવિતવ્યને ઉડાડવા માગતા નથી, પરંતુ તે કોઈ જુદી વસ્તુ નથી એમ કહેવા માગે છે. તું પુરુષાર્થ કરે છે ત્યારે કાળલબ્ધિ અને ભવિતવ્ય તો થઈ ચૂક્યા...થઈ ચૂક્યા એટલે કે છે જ—એમ તેમણે સ્થાપ્યા છે, ઉડાડ્યા નથી. પરંતુ તેમને ત્યાં એ બતાવવું છે કે જે કાર્ય થાય છે તેમાં તારો પુરુષાર્થ છે; ત્યાં પુરુષાર્થ બતાવવો છે. એનો આશય એમ નથી કે પુરુષાર્થ બતાવવા કાળલબ્ધિ અને ભવિતવ્યનો નિષેધ કર્યો છે. તું પુરુષાર્થ કરે છે ત્યારે કાળલબ્ધિ અને ભવિતવ્ય ભેગા છે જ, સ્વભાવ પણ છે અને નિમિત્તની ઉપસ્થિતિ પણ છે જ, બધું જ સાથે છે, એટલે તેમણે કાળલબ્ધિ અને ભવિતવ્યને સાથે રાખીને જ વાત કરી છે—એમ પૂજ્ય ગુરુદેવશ્રીએ સમજાવ્યું છે. એ રીતે, શ્રીમદ્જીના કથનમાં રહેલ 'સત્ય પુરુષાર્થ'ને પણ ગુરુદેશના વડે સમજવાની આવશ્યકતા છે.

અત્રે સૌ પ્રથમ તો એ સારી રીતે સમજી લેવાની જરૂર છે કે કોઈપણ યોગ્યતાને કાર્યરૂપ આકાર પુરુષાર્થ દ્વારા જ પ્રાપ્ત થતો હોવાથી, પ્રત્યેક કાર્યની ઉત્પત્તિમાં પુરુષાર્થ અનિવાર્ય છે. પાંચ સમવાયમાં અકિંચિત્કર એવું નિમિત્ત પણ કાર્યની ઉત્પત્તિમાં ઉપસ્થિત હોય છે તો ભવિતવ્યની કાળલબ્ધિ પાકતાં પર્યાયની યોગ્યતાના પરિણમનરૂપ કાર્યનો આકાર દેનારો પુરુષાર્થ તો સાથે હોય જ. પુરુષાર્થની ગેરહાજરીમાં તે કાર્યની ઉત્પત્તિ અશક્ય જ હોય.

પરંતુ અનાદિના અજ્ઞાનજન્ય અભ્યાસના કારણે જીવને પુરુષાર્થ શબ્દ કાને પડતાં માત્ર કર્તૃત્વરૂપ મિથ્યા પુરુષાર્થનું જ સ્મરણ થઈ આવે છે; પુરુષાર્થ એટલે કે પરદ્રવ્યમાં કાંઈ પણ કરી શકું અને પોતાની આગામી પર્યાયને આઘી-પાછી કે આડી-અવળી કરી શકું એવા કર્તૃત્વને જ પુરુષાર્થ માનતો થકો, એવો મિથ્યા પુરુષાર્થ કાર્યની ઉત્પત્તિમાં કારણરૂપ હોવાનું માનીને મિથ્યા શ્રદ્ધાને જ ગાઢ કરતો હોય છે.

કોઈ પણ કાર્ય થવામાં સહજ પુરુષાર્થની હાજરી અવશ્ય હોય છે, નહીં કે કર્તૃત્વરૂપ

મિથ્યા પુરુષાર્થની! અને એવો સહજ પુરુષાર્થ ત્યારે જ હોય છે જ્યારે તે કાર્ય થવાની કાળલબ્ધિ પાકી ગઈ હોય છે. સહજ પુરુષાર્થનું બીજું નામ છે અકર્તૃત્વરૂપ પુરુષાર્થ અને અકર્તૃત્વરૂપ એટલે નહીં કરવારૂપ પુરુષાર્થ વડે કાર્યની ઉત્પત્તિ થાય છે તેમ સમજતાં કર્તૃત્વરૂપ પુરુષાર્થનો પ્રશ્ન પ્રાયઃ નહીં ઉદ્‌ભવે!

ખરેખર તો "....તો પુરુષાર્થનું શું?"—એવા પ્રશ્નના ગર્ભમાં કર્તૃત્વ જ છૂપાયેલું હોય છે. તેથી જ પંડિત આશાધરજીએ બહુ સરળ ભાષામાં કહ્યું કે જો તમે સદ્‌ગુરુના ઉપદેશ દ્વારા જિનશાસનના રહસ્યને બરાબર સમજ્યા હો તો 'હું કરું છું' એવા અહંકારપૂર્ણ કર્તૃત્વની ભાવનાનો ત્યાગ કરો અને 'ભગવતી ભવિતવ્યતા'નો આશ્રય કરો.

વળી, અનાદિથી જીવે કર્યું છે શું?—કે પુરુષાર્થના નામે એકમાત્ર કર્તૃત્વનું જ પોષણ કર્યું છે, એ સિવાય ન તો કાંઈ કર્યું છે પરદ્રવ્યમાં કે ન તો કાંઈ ફેરફેર કર્યો છે પોતાની પર્યાયમાં! તેથી જીવને કર્તૃત્વની મિથ્યા માન્યતાથી છોડાવવા કાળલબ્ધિ અને ભવિતવ્યની પ્રાધાન્યતા વડે અકર્તૃત્વરૂપ જ્ઞાતાદૃષ્ટાપણું સમજાવવામાં આવેલ છે.

આમ, ક્રમબદ્ધના સંદર્ભમાં કાળલબ્ધિ અને ભવિતવ્યને સમજતાં એક વાત તો અત્યંત સ્પષ્ટ સમજાય છે કે પૂજ્ય ગુરુદેવશ્રીએ જે ક્રમબદ્ધપર્યાય વડે આપણને અકર્તૃત્વની પરાકાષ્ટાએ પહોંચાડ્યા એ ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતને આગમનું પ્રબળ પીઠબળ છે અથવા કહી શકાય કે સર્વાંગી સમર્થન હોવાનું સિદ્ધ થાય છે. ક્રમબદ્ધપર્યાયના અવરોધ માટે સૌથી મોટો પ્રશ્ન એ ખડો કરવામાં આવ્યો કે તો પુરુષાર્થનું શું? પૂજ્ય ગુરુદેવશ્રીએ બહુ સરળ ભાષામાં સમજાવ્યું કે ક્રમબદ્ધપર્યાયનો સ્વીકાર એ જ વાસ્તવિક પુરુષાર્થ છે, કેમ કે અકર્તાપણે પરિણમવું એ જ પુરુષાર્થનું પ્રયોજન છે અને ક્રમબદ્ધપર્યાયના સ્વીકાર દ્વારા સહજપણે એ પ્રયોજન સિદ્ધ થાય છે.

જે કાળે (કાળલબ્ધિ) જે ભાવનું ભવન (ભવિતવ્યતા) થવાનું નિશ્ચિત છે તે કાળે તે ભાવનું તે ભાવે ભવન થતું અટકાવવા ન તો પુરુષાર્થ સમર્થ છે કે ન તો તે વખતે ઉપસ્થિત બાહ્ય નિમિત્ત સમર્થ છે. એ રીતે, પાંચ સમવાયમાં કાળલબ્ધિ અને ભવિતવ્યની સર્વોપરિતા હોવા છતાં જીવને અનાદિના અજ્ઞાનજન્ય કર્તૃત્વના અભિપ્રાયના કારણે, પાંચ સમવાયમાં રહેલ પુરુષાર્થ દ્વારા બાહ્ય નિમિત્તોમાં ફેરફાર કરીને તે થવાયોગ્ય કાર્યના પરિણામમાં ફેરફાર કરવા પોતે સક્ષમ છે એમ અંદર શલ્ય રહ્યા જ કરે છે. પર્યાયના પરિણમનના કારણ એવા પાંચ સમવાયમાં રહેલ મારા પુરુષાર્થ દ્વારા હું મારી પર્યાયના પરિણમનને ફેરવી ન શકું?—એમ શલ્ય રહી જતું હોય છે. આમ, પાંચ સમવાયપૂર્વક જ પ્રત્યેક પર્યાયનું

પરિણમન થવાનો નિયમ હોવાનું આગમ કહેતું હોવા છતાં જીવનો મિથ્યા કર્તૃત્વનો અભિપ્રાય છૂટતો નથી.

તેથી, પ્રત્યેક પર્યાયનું પરિણમન ક્રમબદ્ધ અનુસાર જ થાય છે, થઈ શકે છે એમ જ્યાં પૂજ્ય ગુરુદેવશ્રીએ ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત આવિષ્કૃત કર્યો ત્યાં પર્યાયમાત્રના કર્તૃત્વનો ધ્વંસ થઈ ગયો! કેમ કે પાંચ સમવાયના નિયમમાં પુરુષાર્થ સામેલ હોવાથી ઉપર કહ્યા મુજબ, પુરુષાર્થના બહાને મિથ્યા કર્તૃત્વનું પોષણ કરતો હતો તે ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતના કારણે કર્તૃત્વરૂપ મિથ્યા પુરુષાર્થનો વ્યવચ્છેદ થઈ જતાં પર્યાયમાત્રનો અકર્તા-જ્ઞાતા થઈ જાય છે.

એ રીતે, પાંચ સમવાયનો નિયમ એ જ ક્રમબદ્ધનો નિયમ હોવા છતાં અર્થાત્ ભવિતવ્ય+કાળલબ્ધિ=ક્રમબદ્ધ=અકર્તૃત્વ હોવા છતાં ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત અકર્તૃત્વનો જડબેસલાક—અકાટ્ય—અફર સિદ્ધાંત હોવાનું સમજાય છે, અનુભવાય છે. સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીયે તો ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત અને ભવિતવ્ય+કાળલબ્ધિનો સિદ્ધાંત અકર્તૃત્વરૂપ પુરુષાર્થનો જ દ્યોતક હોવા છતાં, ભવિતવ્ય+કાળલબ્ધિનો સિદ્ધાંત મુખ્યપણે પોતાના પરિણામનો કર્તા અન્ય દ્રવ્ય નથી એમ પરદ્રવ્યના કર્તૃત્વનો નિષેધ કરતો હોવાનું પ્રતિપાદન કરતો હોવાનું ભાસે છે, જ્યારે ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત મુખ્યપણે પોતાના આધિપત્યમાં થતાં પોતાના પરિણામના ફેરફારકર્તારૂપ કર્તૃત્વનો નિષેધ કરતો હોવાનું પ્રતિપાદન કરતો હોવાનું સમજાય છે. એ રીતે, ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત સૂક્ષ્મ કર્તૃત્વને મૂળમાંથી ઉખેડીને અકર્તૃત્વની પરાકાષ્ટાએ પહોંચાડનારો ગજબનો સિદ્ધાંત હોવાનું ફલિત થાય છે.

પાંચ સમવાયના સંપૂર્ણ યોગદાનપૂર્વક જ પ્રત્યેક સમયની પર્યાયનું પરિણમન થતું હોય છે. આવો અનાદિસિદ્ધ સ્વતઃ સ્વભાવ હોવાનું આગમ કહે છે. પરંતુ જેમ નિમિત્ત-આધીન દૃષ્ટિવાળાને પાંચ સમવાયમાં અનુકૂળ નિમિત્તની ઉપસ્થિતિ મુખ્યરૂપે દેખાવાથી જાણે નિમિત્તથી તે પર્યાયનું પરિણમન થાય છે એવું પોતાનું શલ્ય દૃઢ કરે છે, તેમ પર્યાયના ફેરફારકર્તારૂપ પુરુષાર્થની મિથ્યા માન્યતાવાળાને પાંચ સમવાયમાં પુરુષાર્થ મુખ્યરૂપે દેખાવાથી પોતે પુરુષાર્થપૂર્વક ધારે તેમ પર્યાયને ફેરવી શકે છે એવું પર્યાયના ફેરફારરૂપ કર્તૃત્વનું શલ્ય ઘૂંટાતું રહે છે.

તેથી, પાંચ સમવાયના સંદર્ભમાં પુરુષાર્થ એટલે શું?—કે પર્યાયની યોગ્યતાના કાર્યભવનરૂપ વ્યાપારને પુરુષાર્થ કહે છે. વીર્યગુણની પર્યાયરૂપ પુરુષાર્થ પાંચ સમવાયમાં પુરુષાર્થ-સમાવાય ગણવામાં આવતો નથી પરંતુ પ્રત્યેક પર્યાયના પરિણમનકાળે પર્યાયની

યોગ્યતાના પરિણમન કરવારૂપ વ્યાપારને પુરુષાર્થ કહેવામાં આવે છે. જો પુરુષાર્થ એટલે વીર્યગુણની પર્યાય માનવામાં આવે તો અનંત ગુણોની અનંત કાળની અનંતાનંત પર્યાયનું એક સમવાય કારણ તો સદાય વીર્યગુણની પુરુષાર્થ પર્યાય સિદ્ધ થતાં અનંત ગુણોની અનંત પર્યાયના પરિણમનના પોતપોતાના સ્વતંત્ર ભિન્ન-ભિન્ન પાંચ સમવાય કારણો સિદ્ધ નહીં થાય. તેથી પુરુષાર્થ-સમવાય એટલે પર્યાયની યોગ્યતાનો પરિણમન કરવારૂપ વ્યાપાર તે પુરુષાર્થ હોવાનું સિદ્ધ થાય છે. પુરુષાર્થની આ પરિભાષા સમજાતાં પુરુષાર્થ વડે ધારું તેમ પર્યાયના ફેરફારકર્તારૂપી મિથ્યા કર્તૃત્વનું ખંડન થઈને અકર્તાપણાની પ્રતીત ઊપજે છે.

વિચારણીય બાબત તો એ છે કે પર્યાયનું પરિણમન પોતાના પાંચ સમવાયપૂર્વક થવાનો નિયમ છે તેમાં નિમિત્ત તો પરદ્રવ્યની અનુકૂળ પર્યાયની માત્ર ઉપસ્થિતિ જ હોવાથી તેના કર્તૃત્વની શંકા ઉપસ્થિત થવી જ સંભવિત નથી. બાકીના ચાર કારણો છે તે શું છે? પ્રત્યેક પર્યાયના પરિણમન માટેના તે ચાર કારણો છે તે પર્યાયરૂપ તો છે જ પરંતુ તે જુદા જુદા ગુણની પર્યાયરૂપ છે કે તે પર્યાય એક જ ગુણની પર્યાયરૂપ છે? જો જુદા જુદા ગુણની પર્યાયરૂપ માનીશું તો પ્રત્યેક પર્યાયનું પોતાના ષટ્કારકોથી સ્વતંત્ર પરિણમન થતું હોવાનો નિયમ ભંગ થઈ જશે! કેમ કે ભલે એક જ દ્રવ્યના પરંતુ એક ગુણ અન્ય ગુણના પરિણમનનો કર્તા હોવાનું માન્યો. તેથી તે ગુણની પર્યાયનું પરિણમન પોતાના ષટ્કારકથી સ્વતંત્ર થવાનું સિદ્ધ નહીં થાય.

પંડિત શ્રી રાજમલજી પાંડે શ્રી પંચાધ્યાયી-ઉત્તરાર્ધ, શ્લોક-૬૯૧મા કહે છે કે—

....જેમ પ્રત્યક્ષમાં દૈવયોગથી કોઈની આંખમાં પીડા થવા છતાં પણ કોઈ બીજાની આંખ પ્રસન્ન પણ રહી શકે છે. તેવી જ રીતે ચારિત્રમોહના ઉદયવશ ચારિત્રગુણમાં વિકાર થવા છતાં પણ તેથી આત્માના સમ્યક્ત્વગુણની કોઈ પ્રકારથી ક્ષતિ થતી નથી.

અહીં પંડિતજીએ એક જ દ્રવ્યના એક ગુણની પર્યાયમાં તેના બીજા ગુણની પર્યાય બાધા ઉપજાવતી નથી તેમ સમજાવવા બે જુદા જુદા જીવોની આંખનું ઉદાહરણ પ્રસ્તુત કરીને એક ગુણ બીજા ગુણના કાર્યમાં બિલકુલ નથી બાધક કે નથી સહાયક, બન્ને ગુણોનું પરિણમન અત્યંત નિરપેક્ષપણે સ્વતંત્રરૂપે થતું હોવાનું સમજાવેલ છે.

જો પાંચ સમયવામાં સમાહિત પુરુષાર્થ એટલે વીર્યગુણની પર્યાય માનવામાં આવે તો શ્રદ્ધાગુણની પૂર્ણ શુદ્ધતારૂપ ક્ષાયિક સમ્યક્ત્વ ચોથે ગુણસ્થાને પ્રગટે અને તેના કારણરૂપ પુરુષાર્થ પોતે અર્થાત્ વીર્યગુણની પૂરણતા—અનંતવીર્ય તેરમે ગુણસ્થાને પ્રગટે એમ કેમ બને? તેથી એમ સિદ્ધ થાય છે કે કોઈપણ દ્રવ્યના એક ગુણના પરિણમનમાં તે જ દ્રવ્યનો

અન્ય ગુણ અત્યંત અસહાયક છે, અત્યંત અબાધક છે અને અત્યંત અકારક છે એટલે કે પાંચ સમયવામાં સમાહિત પુરુષાર્થ એ વીર્યગુણની પર્યાય નથી પરંતુ પ્રત્યેક પર્યાયની યોગ્યતારૂપ સ્વભાવનું પરિણમન થવારૂપ પોતાનો વ્યાપાર છે—પોતાનો પુરુષાર્થ છે અને તેનું નામ પુરુષાર્થ-સમવાય છે.

તર્કથી પણ સમજી શકાય તેવું છે કે જીવના બધા ગુણો સ્વતંત્રપણે પરિણમતા હોવા છતાં બધા ગુણો વચ્ચે એવો જ કોઈ અદ્‌ભુત અવિનાભાવી સંબંધ છે કે બધા ગુણોનું પરિણમન જ્ઞાનગુણની સમજ અનુસાર જ થતું હોય છે. જ્ઞાનમાં યથાર્થ નિર્ણય થાય એટલે શ્રદ્ધાગુણ સમ્યક્ત્વરૂપ પરિણમે, વીર્યગુણ, ચારિત્રગુણ ઇત્યાદિ સર્વ ગુણો તદ્‌-અનુસાર પરિણમે છે. એ રીતે જ્ઞાનગુણ બધા ગુણોનો નિયામક કહી શકાય. તેથી જો પાંચ સમવાયમાં પુરુષાર્થ એટલે વીર્યગુણ હોવાનું માનવું હોય તો વીર્યગુણનો નિયામક જ્ઞાનગુણ હોવાથી પુરુષાર્થને બદલે જ્ઞાનગુણની પર્યાય હોવી વધુ ઉચિત ગણાય ને? એનો અર્થ એ થયો કે પાંચ સમવાયમાં પુરુષાર્થ છે તે વીર્યગુણની પર્યાય નથી પરંતુ તે તે પર્યાયની પોતાની યોગ્યતાનું પરિણમન થવાના વ્યાપારરૂપ પુરુષાર્થ છે. પાંચ સમવાયમાં સમાહિત પુરુષાર્થની આ પરિભાષા સમજાતાં, પુરુષાર્થ વડે ધારું તેમ પર્યાયનું પરિણમન કરું, ફેરફાર કરું—એવું કર્તૃત્વ જ ઉપસ્થિત થતું નથી! અને એ રીતે મિથ્યા કર્તૃત્વનો અભાવ થવો તેનું નામ જ ‘સત્ય પુરુષાર્થ’ છે.

આમ, સમ્યગ્દર્શનની પર્યાયની કાળલબ્ધિ પાકતાં પાંચે સમવાય ભેગા થઈને સમ્યગ્દર્શનરૂપ કાર્યની ઉત્પત્તિ કરે છે તે વખતે પાંચ સમવાયમાં રહેલા પુરુષાર્થપૂર્વક તે કાર્ય થયું હોવા છતાં તે પુરુષાર્થ વીર્યગુણની પર્યાય હોવાનું સિદ્ધ થતું નથી કેમ કે શ્રદ્ધાગુણની પર્યાયની ઉત્પત્તિમાં વીર્યગુણની પર્યાયનું કારણ પાંચ સમવાયમાં સમાહિત હોતું નથી. શ્રદ્ધાગુણની પર્યાયનું પરિણમન તેના પાંચ સમવાયપૂર્વક થયું છે. તેથી વીર્યગુણની પર્યાયરૂપ પુરુષાર્થ વડે શ્રદ્ધાગુણની પર્યાયરૂપ સમ્યક્ત્વનું પરિણમન થયું નથી એમ સિદ્ધ થયું.

થોડું વધુ વિચારીએ : પાંચ સમવાયમાં સમાહિત સ્વભાવ એટલે શું? ત્રિકાળી સ્વભાવ? જો ત્રિકાળી સ્વભાવ હોવાનું માનવામાં આવે તો અનંતી પર્યાયના પરિણમનના પાંચ કારણોમાં એક સ્વભાવ-કારણ તો એકનું એક જ હોવાનું સિદ્ધ થશે, કેમ કે ત્રિકાળી સ્વભાવ તો સદાય એકપણે જ હોય છે એટલે કે સિદ્ધપર્યાયના પરિણમનના કારણમાં જે ત્રિકાળી સ્વભાવ-સમવાય કારણરૂપ છે તે ત્રિકાળી સ્વભાવ-સમવાય મિથ્યાત્વની પર્યાયના પરિણમનના પાંચ કારણમાંનું એક કારણ બનશે. જોકે ચાહે સિદ્ધ પર્યાય હો કે મિથ્યાત્વ પર્યાય હો દ્રવ્યસ્વભાવ તો સદાય એકનો એક જ હોય; પરંતુ અહીં તો પર્યાયના પરિણમનના

પાંચ સમવાય-કારણની ચર્ચા ચાલે છે, તેથી જો ત્રિકાળી સ્વભાવને સ્વભાવ-સમવાય માનીશું તો સિદ્ધત્વમાં કારણરૂપ જે સ્વભાવ-સમવાય છે તે જ સ્વભાવ-સમવાય મિથ્યાત્વમાં કારણરૂપ હોવાનું સિદ્ધ થશે.

દૃષ્ટાંતથી વિચારીએ : પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તીર્થંકરનું દ્રવ્ય છે અર્થાત્ તેમનું દ્રવ્ય તીર્થંકરત્વ સ્વભાવવાળું છે. ત્યાં તીર્થંકરત્વનો સ્વભાવ એટલે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ માનીશું તો અનંતા જીવદ્રવ્યોનો સ્વભાવ પણ તીર્થંકરત્વયુક્ત સિદ્ધ થશે. તીર્થંકરત્વ સ્વભાવ એ તેમના દ્રવ્યની પર્યાયનો યોગ્યતારૂપ પર્યાયસ્વભાવ છે. ભવિષ્યમાં તીર્થંકરત્વના ભવનરૂપ ભવિતવ્યની કાળલબ્ધિ પાકતાં પાંચેય સમવાયથી પર્યાયમાં "તીર્થંકરપણું પ્રગટશે" એમ કહેવાય છે એટલે કે તીર્થંકરરૂપ પર્યાય પ્રગટશે, નહીં કે દ્રવ્યસ્વભાવ પ્રગટશે ! એ રીતે, પાંચ સમવાયમાં રહેલ સ્વભાવ-સમવાય એ દ્રવ્યરૂપ નથી પણ પર્યાયરૂપ છે એમ સિદ્ધ થાય છે.

વળી, ત્રિકાળી સ્વભાવને પાંચ સમવાયમાં સ્વભાવ-સમવાય માનવાથી પ્રત્યેક પર્યાય સત્ અહેતુક હોવાનું સિદ્ધ નહીં થાય કેમ કે પર્યાયનું કારણ ત્રિકાળી સ્વભાવ હોવાનું માન્યું છે. આમ, સ્વભાવ એટલે ત્રિકાળી સ્વભાવની પાંચ સમવાયમાં વાત નથી કેમ કે પર્યાયના પરિણમનના કારણો પર્યાયરૂપ હોય છે, ચાહે તે પર્યાયના પોતાના હો કે અન્ય નિમિત્તદ્રવ્યના નિમિત્તરૂપ હો! અર્થાત્ પર્યાયના પરિણમનના કારણરૂપ સ્વભાવ-સમવાય ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ન જ હોય શકે પરંતુ પર્યાયની યોગ્યતારૂપ સ્વભાવ-સમવાય હોઈ શકે તેમ ફલિત થયું.

સમવાયના સંદર્ભમાં સ્વભાવ એટલે શું?—કે પર્યાયની યોગ્યતારૂપ ઉપાદાનશક્તિ કે જે સ્વયં પરિણમે તો પર્યાયરૂપ પરિણમવાને યોગ્ય હોય! જેમ કે બાળકીનો જન્મ થતાં, માતૃત્વ એ તેની સ્ત્રીપર્યાયની યોગ્યતારૂપ ઉપાદાનશક્તિ છે કે જે સ્વભાવ-સમવાયરૂપ છે. અગર તે બાળકીનું હોનહાર અર્થાત્ ભવિતવ્ય માતા બનવાનું હશે તો કાળલબ્ધિ પાકતાં માતૃત્વસ્વભાવ-સમવાય સાથે અન્ય સમવાય અવશ્ય ભેગા થઈને માતા બનશે અને જો બાળકીનું હોનહાર અર્થાત્ ભવિતવ્ય માતા બનવાનું નહીં હોય તો સ્ત્રીપર્યાયની યોગ્યતારૂપ માતૃત્વસ્વભાવ-સમવાય હોવા છતાં, ભવિતવ્ય અને કાળલબ્ધિના અભાવમાં અનેક પ્રયત્નો છતાં તે માતા નહીં બને. માતૃત્વસ્વભાવ-સમવાય એ સ્ત્રીપર્યાયની યોગ્યતારૂપ ઉપાદાનશક્તિને સૂચવે છે કે જેનો પુરુષપર્યાયની યોગ્યતારૂપ ઉપાદાનશક્તિમાં—સ્વભાવ-સમવાયમાં અભાવ હોય છે.

હવે, કાળલબ્ધિ અને ભવિતવ્ય એટલે શું?

જે પર્યાયનું પરિણમનરૂપ કાર્ય જ્યારે થવાનું હોય તે કાળને સ્વકાળ કહે છે અને તેની

પ્રાપ્તિને—તે કાળની પ્રાપ્તિને કાળલબ્ધિ કહે છે તથા તે સમયે તે થવાયોગ્ય કાર્યને ભવિતવ્ય કહે છે અને તે કાર્યનું થવું તેને ભવિતવ્યતા કહે છે. પાંચ સમવાયમાં કાળલબ્ધિને કાર્યની સક્ષમ ઉપાદાનક્ષણ પણ કહેવાય છે અને ભવિતવ્યને સક્ષમ ઉપાદાનશક્તિ—ભાવ પણ કહેવાય છે. કારણ કે આગળ કેટલાક આચાર્યોના અવતરણો જોયા તે મુજબ કોઈ પણ પર્યાયના પરિણમનના પાંચ સમવાયમાં કાળલબ્ધિ અને ભવિતવ્ય એ સક્ષમ ઉપાદાનકારણ છે, સમર્થ ઉપાદાનકારણ છે, તેથી પાંચ સમવાયમાં તેનું મૌલિક સ્થાન છે—વિશેષ સ્થાન છે.

આગમ કહે છે કે દૂરાતિદૂરભવિ જીવને ક્યારેય ભવનો અભાવ થતો નથી; ભલે તેનામાં મોક્ષની યોગ્યતારૂપ સ્વભાવ-સમવાય તો સદાય છે, તોપણ ભવના અભાવરૂપ કાર્યની ભવિતવ્યતાના અને કાળલબ્ધિના અભાવના કારણે તેને મોક્ષને અનુરૂપ પુરુષાર્થ એટલે કે જે યોગ્યતારૂપ મોક્ષ છે તેનું ભવન-પરિણમન થવારૂપ વ્યાપાર થઈ શકવાનો જ ન હોવાથી તેનો કદીય મોક્ષ થતો નથી. આમ, પાંચ સમયવાયમાં કાર્યકરણક્ષમ ભવિતવ્ય અને કાળલબ્ધિનું જ સામ્રાજ્ય હોવાનું જણાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શ્રી સમયસારના ૧૯મી વખતના અવ્યક્તના એક પ્રવચનમાં કહ્યું છે કે આ માર્ગ ધીરજનો છે. કેટલી ધીરજનો?—કે સ્વયંભૂરમણ સમુદ્રના કિનારે બેસીને એક સળી વડે ઉલેચવાનો હોય તો કેટલી ધીરજ જોઈએ? ત્યાં ઝટ કરી લઉં એ કામ ન આવે... ધીરજનો ગૂઢ ભાવ પ્રસ્તુત ચર્ચા દ્વારા સમજી શકાય છે કે 'જિસ કાર્યકા જો સ્વકાલ હૈ ઉસકે પ્રાપ્ત હોને પર હી ઇન પાંચકા સમવાય હોતા હૈ ઔર તભી વહ કાર્ય હોતા હૈ' (—જૈનતત્ત્વ-મીમાંસા) અર્થાત્ તારા ઉતાવળાપણાથી એટલે કે કર્તૃત્વપણારૂપ ઉલટા પુરુષાર્થથી કાર્ય થવું તદ્દન અશક્ય છે, તારે તો ધીરજ જ ધરવાની છે એટલે કે તે કાર્ય તેની કાળલબ્ધિ પાકતાં તેના ભવિતવ્ય અનુસાર તે કાર્ય થઈને જ રહેતું હોવાથી તારે તે કાર્યના કર્તૃત્વનો વ્યામોહ છોડીને, તેનું લક્ષ છોડીને, માત્ર જ્ઞાતાદૃષ્ટા થવાનું છે,—અકર્તા-જ્ઞાતાસ્વભાવી જ્ઞાયકનું લક્ષ કરવાનું છે એમ સ્વયંભૂરમણ સમુદ્રના દૃષ્ટાંતથી ધીરજ અર્થાત્ અકર્તૃત્વરૂપ પુરુષાર્થ—સહજ પુરુષાર્થ વડે જ્ઞાતાદૃષ્ટા થવાય છે, નહીં કે ઝટ અર્થાત્ ફેરફારકર્તારૂપ અવળા પુરુષાર્થથી !—એમ પૂજ્ય ગુરુદેવશ્રીને ત્યાં ગૂઢ વાત કહેવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી આપણને સતત શ્રવણ કરવા મળે છે કે પ્રત્યેક સમયની પર્યાય પોતાના ષટ્કારકોથી સ્વતંત્રપણે થાય છે. પાંચ સમવાયથી વિચારીએ તો, નિમિત્ત-સમવાય તો અકિંચિત્કર છે જ, સ્વભાવ-પુરુષાર્થ-કાળલબ્ધિ અને ભવિતવ્ય એ ચારેય સમવાય તે પર્યાયના પોતાના પર્યાયરૂપ કારણો છે જેમાં દ્રવ્યસ્વભાવ કે અન્ય ગુણની

પર્યાયનું કારણપણું સંભવતું નથી અર્થાત્ પાંચેય સમવાયપૂર્વક પરિણમતિ પર્યાય દ્રવ્ય-ગુણથી નિરપેક્ષપણે પોતાના ષટ્કારકોથી સ્વતંત્રપણે પરિણમે છે એમ સિદ્ધ થાય છે.

તાત્પર્ય એ કે ચાહે રાગ-દ્વેષ-મોહના પરિણામ હો કે ચાહે મોક્ષમાર્ગના પરિણામ હો, પ્રત્યેક સમયનું તે તે પરિણમન પોતાના સુનિશ્ચિત જન્મક્ષણે(કાળલબ્ધિ) પોતપોતાના ષટ્કારક(પુરુષાર્થ) વડે પોતાની યોગ્યતા(સ્વભાવ) અનુસાર પરિણમે(ભવિતવ્ય) છે, તેને તેમ પરિણમવામાં નથી દ્રવ્ય-સ્વભાવની અપેક્ષા કે નથી અન્ય કોઈ ગુણનો (વીર્યગુણ-પુરુષાર્થ) પ્રભાવ; તે તે પર્યાય નિરપેક્ષ અહેતુકપણે ક્રમબદ્ધ પરિણમે છે—એમ પર્યાયની સ્વતંત્રતા સમજાતાં, પર્યાયના કર્તૃત્વની મિથ્યા માન્યતા છૂટી જતાં, પર્યાય દ્રવ્યસ્વભાવની સન્મુખતા સાધી લ્યે છે, ફળસ્વરૂપે આત્મ-અનુભૂતિની ઉપલબ્ધિ થાય છે.

પરંતુ આ વાત પાંચ સમવાયના માધ્યમથી સમજવી અઘરી છે, જ્યારે આ જ વાત ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંત વડે સહજમાત્રમાં સમજી શકાય છે, કેમ કે પ્રત્યેક પર્યાયનું પરિણમન ક્રમબદ્ધ હોય છે તેમ સ્વીકારતાં, પર્યાયમાત્ર પોતાના સ્વકાળે પોતાના નિશ્ચિત ક્રમમાં પરિણમે છે ત્યાં વચ્ચે કર્તૃત્વરૂપ મિથ્યા પુરુષાર્થનો ધ્વનિ જ ઊઠતો ન હોવાથી ક્રમબદ્ધમાં પર્યાયમાત્રનું અકર્તૃત્વ ભાસે છે અને પર્યાયમાત્રનો પોતે અકર્તા હોવાનું ભાસતાં, પર્યાય તરફનું લક્ષ છૂટીને જ્ઞાતાસ્વભાવ સન્મુખ લક્ષ થાય છે જે ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતના મૂળ પ્રયોજનને સફળ કરે છે, મૂળ પ્રયોજનની ઉપલબ્ધિ કરાવે છે.

આમ, ક્રમબદ્ધપર્યાય = કાળલબ્ધિ + ભવિતવ્યની પ્રસ્તુત મીમાંસા દ્વારા એટલું સ્પષ્ટ સમજી શકાય છે કે અનાદિના અજ્ઞાનની પ્રાબલ્યતાથી, કાર્યની નિષ્પત્તિમાં અનિવાર્ય એવા પાંચ સમવાયમાં સમાહિત પુરુષાર્થ અને નિમિત્તના કારણે, કાર્યકરણક્ષમ કાળલબ્ધિ અને ભવિતવ્ય દ્વારા પર્યાયના અકર્તૃત્વને સમજવામાં જે ગડમથલ રહેવા પામતી હતી તે ગડમથલ પૂજ્ય ગુરુદેવશ્રીએ ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંત વડે સચોટપણે દૂર કરી દીધી છે અર્થાત્ ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એ અકર્તૃત્વની પરાકાષ્ટાએ પહોંચાડનારો ગજબનો સિદ્ધાંત હોવાનું સિદ્ધ થાય છે.

એ રીતે, પાંચ સમવાયના અકર્તૃત્વના હાર્દને ચરિતાર્થ કરનારો, પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા આવિષ્કૃત ક્રમબદ્ધપર્યાયનો આ મહાન સિદ્ધાંત કે જેના શંખનાદથી સમસ્ત પ્રકારના કર્તૃત્વરૂપી સૈન્યને અકર્તૃત્વની શરણાગતિ સ્વીકારી લેવી પડે છે તે સિદ્ધાંત વડે સહજ પુરુષાર્થથી જ્ઞાતા-દૃષ્ટાપણે પરિણમવા સક્ષમ બનીએ એવી ભાવના સહ—

# કારણશુદ્ધપર્યાય : કાર્યનું વર્તમાન મોજૂદ કારણ

કરુણાસાગર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો મુમુક્ષુ ઉપર અનેક અનેકવિધ પરમ ઉપકાર છે. તેમાંનો એક પરમ ઉપકાર છે કારણશુદ્ધપર્યાયના સૂક્ષ્મ રહસ્યનો મર્મ પ્રકાશ્યો તે. જોકે કારણશુદ્ધપર્યાય પર્યાય હોવા છતાં તે ન તો વ્યવહારનયનો વિષય છે કે ન તે સ્વયં ઉત્પાદ-વ્યયયુક્ત છે. તે સ્વયં ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય-ગુણની માફક ઉત્પાદ-વ્યય રહિત ધ્રુવ પરિણતિ છે. તેથી આ ગહન વિષયને પૂજ્યશ્રીએ ઘણી જ ન્યાય-યુક્તિ ને દૃષ્ટાંતો વડે સમજાવ્યો છે.

શુદ્ધ, ઉત્પાદ-વ્યય રહિત, સદૃશરૂપ ઈત્યાદિ સ્વભાવરૂપ જેમ ગુણ છે તેમ તે તે ગુણના તેવા જ સ્વભાવરૂપ તેની કારણશુદ્ધપર્યાય છે; તો પછી ગુણમાં ને કારણશુદ્ધપર્યાયમાં ફેર શું? કે ગુણ છે તે ત્રિકાળી સામર્થ્યની પ્રસિદ્ધિ કરે છે જ્યારે કારણશુદ્ધપર્યાય છે તે વર્તમાન પ્રગટરૂપ—મોજૂદરૂપ કારણની પ્રસિદ્ધિ કરે છે. ગુણોનું સામર્થ્ય ત્રિકાળ કારણરૂપ છે અને કારણશુદ્ધપર્યાય વર્તમાન કારણરૂપ છે. દૃષ્ટાંતથી વિચારીએ—

રણમેદાનમાં ઊભેલો સૈનિક એમ પ્રસિદ્ધ કરે છે કે તેનામાં શત્રુ સામે લડવાનું સામર્થ્ય છે, સાથોસાથ તેનામાં વર્તમાનમાં લડવાનું શૂરાતન હાજરાહજૂર પડ્યું છે તેથી જ્યારે રણશીંગુ ફૂંકાય છે ત્યારે તે શક્તિશાળી સૈનિકમાં શૂરાતનથી લડવાનું જોશ ઊભરાય છે. તેથી આ શૂરાતન શત્રુ ઉપર તૂટી પડવાનું કારણ બને છે, તે જુસ્સાભેર લડે છે તેનું કારણ વર્તમાન શૂરાતન છે. શક્તિ-સામર્થ્ય તો ભરપૂર હતા જ પણ જુસ્સાભેર લડવાની પ્રવૃત્તિમાં કારણ છે તેનું વર્તમાન શૂરાતન.

તેવી રીતે મિથ્યાત્વનો નાશ કરવાની શક્તિ-સામર્થ્ય તો ગુણોમાં ત્રિકાળ ભરપૂર ભર્યા પડ્યા છે પણ કારણશુદ્ધપર્યાય એ મિથ્યાત્વના નાશ માટે વર્તમાન કારણરૂપ છે. કારણશુદ્ધપર્યાય એ વર્તમાનમાં મોજૂદ હાજરાહજૂર કારણરૂપ છે એવો વિશ્વાસ ઉપજતાં કાર્યપર્યાય પ્રગટ થાય છે. પ્રશ્ન એ થાય કે કારણનો વિશ્વાસ એટલે શું? દૃષ્ટાંતથી વિચારીએ—

લીંડીપિપર અને કોલસો. ક્યા એવા વિશ્વાસના જોરે લીંડીપિપરને પથ્થર ઉપર

લસોટીએ છીએ ને કોલસાને પથ્થર ઉપર લસોટતા—ઘસતા નથી? બન્નેના ત્રિકાળ દ્રવ્યો પુદ્‌ગલરૂપ સમાન છે. બન્નેમાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણરૂપ ત્રિકાળી ગુણ સમાન છે. બન્નેની વર્તમાન ઉત્પાદરૂપ પર્યાયો પણ રસ ને વર્ણ સહિત સમાન છે. બન્નેની વર્તમાન રસ પર્યાયમાં તીખાશનો અભાવ છે. નિમિત્ત પથ્થર અકિંચિત્‌કર છે. તો પછી કોલસાને લસોટતા નથી ને લીંડીપિપરને લસોટીએ છીએ એ પાછળ ક્યું પરિબળ કામ કરે છે? વિશ્વાસ! લીંડીપિપરને ઘસવાથી ૬૪ પહોરી તીખાશ ને લીલો રંગ પ્રગટ થવાના વિશ્વાસના કારણે તેને ઘસવામાં આવે છે. નરી આંખે લીલાશ દેખાતી નથી ને જીભથી ચાખતા તીખાશ અનુભવાતી નથી. છતાં લીંડીપિપરને જ ઘસવાનું—લસોટવાનું સાહસ કેમ? ત્રિકાળ સામર્થ્યરૂપ રંગ ને રસગુણ તો બન્ને પદાર્થોમાં સમાનપણે વર્તે જ છે છતાં લીંડીપિપરમાં વર્તમાનમાં કોઈ એવું કારણ મોજૂદ હોવાના વિશ્વાસ વડે લસોટવામાં આવતા કાર્ય પ્રગટ થાય છે. ત્રિકાળી કારણ સમાન હોવા છતાં વર્તમાનમાં હાજરાહજૂર જે કારણ છે તેના વિશ્વાસને લીધે લીંડીપીપરને લસોટવામાં આવે છે.—એનો અર્થ એ કે ત્રિકાળી કારણ ઉપરાંત કોઈ એવું વર્તમાન કારણ હાજરાહજૂર છે કે જે અદૃશ્ય ને અપ્રગટ હોવા છતાં તેના વિશ્વાસે લીંડીપીપરને લસોટીને કાર્ય પ્રગટ કરાય છે.

તેવી રીતે સમ્યગ્દર્શનના કાર્ય માટે કારણરૂપ કારણપરમાત્મા ત્રિકાળી શક્તિ સામર્થ્યરૂપ મોજૂદ હોવા ઉપરાંત તેના વર્તમાન કારણરૂપ જે હાજરાહજૂર છે તેનું નામ છે કારણશુદ્ધપર્યાય! અર્થાત્ મારા કાર્ય માટે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ઉપરાંત એક કારણશુદ્ધપર્યાયરૂપ કારણ વર્તમાનમાં હાજરાહજૂર છે એવો વિશ્વાસ ઉપજતાં વીર્યનો વેગ ઉછળે છે ને કાર્ય પ્રગટ થાય છે. જેમ લીંડીપિપરના વર્તમાનના કારણરૂપ સામર્થ્યના વિશ્વાસે કાર્ય સાધી લ્યે છે તેમ ત્રિકાળી કારણપરમાત્મા સાથે એકરૂપ એવી કારણશુદ્ધપર્યાયરૂપ વર્તમાન કારણ વડે કાર્ય સાધી લેવાય છે. અદૃશ્ય ને અપ્રગટ એવા વર્તમાન કારણના વિશ્વાસથી કાર્ય પ્રગટ થઈ જાય છે.

આ ગહન વિષયને વિશે હજુ વિચારીએ—

સોનગઢની બેંકના પોતાના ખાતામાં એક કરોડ રૂપિયા જમા છે ને આપણે સમ્મેદશિખરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ માટે ગયા છીએ. ત્યાં સાથે તો માંડ પાંચ-પચીશ હાજર હોવા છતાં આપણી પાસે એટીએમનું જે કાર્ડ છે તેના વિશ્વાસે પાંચ લાખ પણ ખર્ચી શકીએ છીએ. એટીએમ કાર્ડમાં એક રૂપિયો પણ નથી છતાં એ કાર્ડ આપણા માટે પ્રગટ બેંક બેલેન્સરૂપ છે—ચાહો તેટલા વાપરો! સોનગઢ બેંકનું આપણું ખાતું એટલે કાયમી

બેલેન્સ ને એટીએમ કાર્ડ એટલે પ્રગટ બેલેન્સ! એટીએમ કાર્ડમાં પ્રગટરૂપ એક રૂપિયો પણ ન હોવા છતાં તેનામાં પ્રગટરૂપ સામર્થ્ય કેટલું છે કે કાયમી બેંક બેલેન્સ જેટલું જ! ખીસ્સામાં રૂપિયા ન હોય તોપણ જેની હૂંફે જેના વિશ્વાસે પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવમાં ધન વાપરીએ છીએ તે છે એટીએમ કાર્ડ! કે જે વર્તમાન પ્રગટરૂપ બેંકનું ખાતુ છે.

તેવી જ રીતે કારણપરમાત્મા સાથે રહેલ કારણશુદ્ધપર્યાય અવ્યક્ત છતાં પ્રગટરૂપ-હાજરાહજૂરરૂપ વર્તમાન કારણરૂપ છે—એમ કારણશુદ્ધપર્યાયની સૂક્ષ્મતા સમજાતાં મારા કાર્યને માટે મારું વર્તમાન કારણ હાજરાહજૂર છે એવો વિશ્વાસ ઉપજતાં વીર્ય ઉછળીને કાર્ય પરિણમી જાય છે એમ પૂજ્ય ગુરુદેવશ્રી સમજાવવા માગે છે.

વળી, કારણશુદ્ધપર્યાયનો સ્વીકાર એટલે અનિવાર્ય છે કે દૃષ્ટિનો વિષય ખંડરૂપ ન હોય, અંશરૂપ ન હોય પણ અખંડ પૂરો હોય. ત્રિકાળ દ્રવ્ય ને ગુણો સાથે તેની પર્યાય હોય તો દૃષ્ટિનો વિષય અખંડ દ્રવ્ય બને. વર્તમાન પર્યાય તો અખંડને વિષય કરનારી હોવાથી વર્તમાન પર્યાય દ્રવ્યથી ભિન્ન રહી જાય છે તેથી દ્રવ્ય-ગુણની અખંડતા માટે તેની સાથે જે ઉત્પાદ-વ્યય રહિત એકરૂપ ધ્રુવરૂપ જે પર્યાય છે તે કારણશુદ્ધપર્યાય છે. પ્રગટ થતી પર્યાયના કારણરૂપ, દ્રવ્ય-ગુણની સાથે રહેલ ઉત્પાદ-વ્યય રહિત ધ્રુવરૂપ, પ્રગટ કારણરૂપ પર્યાય તે કારણશુદ્ધપર્યાય છે—આ ત્રણેના અભેદ અખંડ દ્રવ્યને દૃષ્ટિનો વિષય બનાવે ત્યારે કાર્ય પ્રગટ થાય છે.

તેથી જ, કારણશુદ્ધપર્યાય કદાચિત્ ક્ષયોપશમ જ્ઞાનમાં ન સમજાય તોપણ તેનો વિશ્વાસ-સ્વીકાર હોવો જરૂરી છે; કેમ કે જે જ્ઞાયકમાં અહમ્ કરવાથી કાર્ય પ્રગટે છે તે જ્ઞાયક સ્વયં ધ્રુવદ્રવ્ય, તેના અનંતા ધ્રુવગુણો અને તેની અનંતી ઉત્પાદ-વ્યય રહિત ધ્રુવપર્યાયોનું એકરૂપ છે.

એ રીતે, મારા કાર્યને માટે ત્રિકાળી કારણ તો સદાય મોજૂદ છે જ અને તેની સાથે વર્તમાન કારણરૂપ કારણશુદ્ધપર્યાય પણ સદાય મોજૂદ છે—એમ પ્રસન્નતાથી દ્રવ્યસ્વભાવનો સ્વીકાર કરીને તત્ત્વનિર્ણયની સફળતા સાધીયે એવી ભાવના સહ....

# આત્માર્થની કસોટી

**દ્રવ્યદષ્ટિપ્રધાન અધ્યાત્મયુગ સર્જનહાર પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપકાર ત્રાજવાના એક પલ્લામાં મૂકવામાં આવે ને બીજા પલ્લામાં મેરુને મૂકીને તોળવામાં આવે તો ઉપકારનું પલ્લું નીચે બેસી જાય એવો મહાન ઉત્કૃષ્ટ ઉપકાર જેમણે મુમુક્ષુ સમાજ ઉપર કર્યો છે તથા વર્તમાનમાં તેમ જ આગામી કાળમાં તેઓશ્રીના સીડી પ્રવચનો ભવ્યોને સંસાર-સમુદ્રથી પાર ઉતરવા નૌકા સમાન જીવન-આધારરૂપ છે એવા શ્રીગુરુએ દ્રવ્યદષ્ટિપ્રધાન ઉપદેશની સાથોસાથ આત્માર્થીની પાત્રતા સંબંધી જે સાવધાની કરાવી છે તેની ચર્ચા અત્રે પ્રસ્તુત કરીને, કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની મારી ભાવનાને નચાવવાનો એક વિનમ્ર પ્રયાસ કર્યો છે, જે વાંચીને વાચકવર્ગ પણ પોતાની જાગ્રતિપૂર્ણ ભક્તિ-અર્પણતાને વિશેષ દૃઢ કરશે એવી ભાવના સહ—**

જૈનદર્શનની આશ્ચર્યકારી અદ્ભુતતા બહુ જ વિચારણીય છે. જૈન દર્શન એટલે કે જાણે બે પરસ્પર પ્રતિસ્પર્ધી—બે પરસ્પર પ્રતિદ્વન્દી ભાવોના કોયડાની ગૂંચ ઉકેલીને આત્મહિતના પ્રયોજનની સિદ્ધિ કરાવનારું દર્શન! જેમ કે અધ્યાત્મ ને આગમ, નિશ્ચય ને વ્યવહાર, ઉપાદાન ને નિમિત્ત, ક્રમબદ્ધ ને પુરુષાર્થ, નિત્ય ને અનિત્ય, સ્વભાવ ને વિભાવ, મોક્ષ ને સંસાર, સ્વ ને પર, દ્રવ્યાનુયોગ (અકર્તૃત્વ) ને ચરણાનુયોગ (કરો...છોડો)... ઈત્યાદિ અનેક-અનેક પ્રતિદ્વન્દી ભાવોના કોયડાની ગૂંચ ઉકેલીને આત્મહિતના પ્રયોજનની સિદ્ધિ કરાવનારું દર્શન! અને તેની સમજાવવાની પદ્ધતિ પણ પરસ્પર પ્રતિસ્પર્ધી : સિદ્ધાંતબોધ ને ઉપદેશબોધ!

"તારે મુક્તિનું પ્રયોજન હોય તો પહેલાં આમ નક્કી કર કે 'હું જ પરમાત્મા છું." 'મૈં વર્તમાનમેં હી ભગવાન હૂઁ, ભગવાન હોના ભી ક્યા?'—આ છે સિદ્ધાંતબોધ.

આત્માની અનુભૂતિ કરવા માટે પાત્રતા—વ્યવહાર-આચરણ હોવું જોઈએ. જેમ સિંહણના દૂધ માટે સુવર્ણપાત્ર હોવું જોઈએ.—આ છે ઉપદેશબોધ; કેમ કે અહીં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે પાત્રતાની આવશ્યકતાનો બોધ છે.

ઉપદેશબોધ દ્વારા સિદ્ધાંત સુધી પહોંચાડવાનું પ્રયોજન હોય છે કેમ કે સિદ્ધાંતબોધના ઉપદેશક સદ્ગુરુનો આ કાળે સમાગમ મળવો દુર્લભ હોય છે; વળી સિદ્ધાંતબોધમાં કાંઈ કરવાનું ભાસતું નથી અને કાંઈ કર્યા વિના ચેન ન પડે એવા અનાદિના મિથ્યા સંસ્કાર હોવાથી તેને જ્યાં ઉપદેશબોધ દેનારનો સમાગમ મળી જાય ત્યાં, મારામાં તો દોષોની ખાણ ભરી પડી

છે, મારે તો હજુ ઘણું કરવાનું–છોડવાનું છે, વ્રત-ત્યાગ-શુદ્ધભોજન આદિ પાત્રતા વિના દ્રવ્યદૃષ્ટિની વાતો કરતા શીખી ગયો પણ પાત્રતા તો મારામાં છે નહીં ઈત્યાદિ પ્રકારે જીવ અનાદિના સંસ્કારવશ પાત્રતાના નામે કર્તૃત્વનું તેમ જ પામરપણાનું શ્રદ્ધાન દઢ કરતો જાય ને માને કે હું આત્માના હિતના માર્ગે આગળ વધું છું!

તેથી દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રણેતા પૂજ્ય ગુરુદેવશ્રીએ દ્રવ્યદૃષ્ટિને પહોંચી વળવા જરૂરી પાત્રતા સંબંધી પ્રરૂપણા પણ એવી સચોટ કરી છે કે પાત્રતાના નામે જીવ ત્યાગ-વ્રત-શુદ્ધ આહાર કે ક્રિયાકાંડનો આગ્રહી ન થઈ જાય. તેઓશ્રીએ પાત્રતા સંબંધી પોતાની પ્રરૂપણા પણ શ્રી સમયસારના આધાર વડે કરી છે. આત્મહિત ઝંખતા જિજ્ઞાસુ જીવોને પ્રશ્ન ઉદ્ભવવો સહજ છે કે નરમ ભૂમિમાં બીજ ઊગે, પથરાળ ભૂમિમાં નહીં, તેમ આત્મપ્રાપ્તિ માટે પાત્રતા કેવી હોવી જોઈએ?–તેથી તેઓશ્રીએ સમજાવ્યું કે પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો એમ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે શ્રી સમયસાર ગાથા ૧૭-૧૮મા કહ્યું છે. 'પ્રથમમાં પ્રથમ આત્મા જાણવો'–કોણે જાણવો?–કે જેને પોતે મિથ્યાત્વની ભૂમિકામાં હોવા છતાં કાંઈક વ્રત પાળું, ત્યાગ કરું, શુદ્ધભોજનનો નિયમ લઉં ઈત્યાદિ માન્યતા પ્રવર્તે છે તેણે પ્રથમ આત્મા જાણવો એમ નથી કહ્યું. પરંતુ જે આત્માર્થી છે, જેને એક માત્ર જિજ્ઞાસા આત્મ-અનુભૂતિની છે, જેને વ્રત-ત્યાગ-શુદ્ધભોજન આદિ આચરણની મીઠાશબુદ્ધિ નથી પણ એક માત્ર આત્માનો કામી છે એવા આત્માર્થીએ પ્રથમ આત્મા જાણવો જોઈએ–એમ તેઓશ્રીએ પાત્રતા સંબંધી ફરમાવ્યું છે.

અનાદિના શુભની મીઠાશબુદ્ધિના અભ્યાસને લઈને ઊંડે ઊંડે ભય રહી જતો હોય છે કે સિંહણના દૂધ માટે સુવર્ણનું પાત્ર તો હોવું જોઈએ ને! દ્રવ્યદૃષ્ટિની આટલી ઊંચી વાત ગ્રહણ કરવા સુવર્ણપાત્ર—બાહ્યત્યાગ–વ્રત–શુદ્ધભોજન (સોલાનો આહાર) આદિરૂપ પાત્રતા તો હોવી જોઈએ ને! તેનું સમાધાન કરાવતાં તેઓશ્રી ફરમાવતાં કે આત્મપ્રાપ્તિની સાચી જિજ્ઞાસા જાગવી, અંદરથી તાલાવેલી જાગવી એ પાત્રતા છે, એ સુવર્ણપાત્ર છે. જેમ સિંહણના દૂધ માટે સુવર્ણધાતુના પાત્રની જરૂર નથી પરંતુ ક્યાં છે સિંહણ! મારે તેનું દૂધ દોહવું છે–એવી શૂરવીરતા હોવી તે સુવર્ણપાત્ર છે, તેમ દ્રવ્યદૃષ્ટિને પહોંચી વળવા માટે મારે પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો છે એવી તાલાવેલી જાગવી તે જરૂરી પાત્રતા છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશની ગહનતામાં પહોંચ્યા ન હોય એવા જીવોને સિંહણના દૂધની ભાવના હોવા છતાં—અનુભૂતિની ભાવના હોવા છતાં, સુવર્ણપાત્રના નામે આમ કરવું જોઈએ, આમ ન કરવું જોઈએ ઈત્યાદિ કર્તૃત્વના માર્ગે ચઢી જાય છે. ત્યાં વિચારણીય બાબત એ છે કે—

આ જીવ અનંતવાર દ્રવ્યલિંગ ધારણ કરી કરીને અનંતવાર જન્મ ધારણ કરી ચૂક્યો છે ને! તો દ્રવ્યલિંગીની પાત્રતામાં શું કચાશ રહી ગયેલી! શુક્લલેશ્યાના પરિણામ સુધીની

પાત્રતા જીવે અનંતવાર કરી છતાં 'સિંહણનું દૂધ' દૂરથી પણ જોવા નથી પામ્યો ને! આપણા ઘરમાં સુવર્ણનું પાત્ર તો હોવું દુર્લભ ન હોઈ શકે છતાં સ્વપ્નેય સિંહણના દૂધની કલ્પના પણ થઈ શકી છે! એનો અર્થ સાવ સીધો સાદો છે કે સુવર્ણપાત્ર વિના સિંહણનું દૂધ ન ઝીલી શકાય એ બોધમાં પણ ખરેખર તો સિંહણના દૂધની જ દુર્લભતા ગર્ભિત રહેલી છે; સુવર્ણપાત્ર દ્વારા પણ ગર્ભિતપણે સિંહણદૂધની જ દુર્લભતાની પ્રસિદ્ધિ કરાઈ છે. પરંતુ એટલા ઊંડાણથી વિચારવાની જરૂર છે.

જીવને અનાદિના મિથ્યા સંસ્કાર એટલા દૃઢ છે કે શુભને ગ્રહુ ને અશુભને ત્યાગુ એવી જ ભાવના રહેતી હોય છે. પંડિત જયચંદજી શ્રી સમયસારની ૧૧મી ગાથાના ભાવાર્થમાં કહે છે તેમ—જિનવાણીમાં ઠેર ઠેર વ્યવહારનો જ ઉપદેશ હોય છે અને પરસ્પર ઉપદેશ દેનારા પણ વ્યવહારનું જ ગ્રહણ કરવાની ચર્ચા-વાર્તા કરતા હોય છે પણ તેના ગ્રહણનું ફળ સંસાર જ છે!! તોપણ અરેરે! આજે પણ કેટલાક અભ્યાસી જીવોને પણ સુવર્ણપાત્રની—વ્રત-ત્યાગ-શુદ્ધભોજન આદિ પાત્રતાની જ લાલસા–મુખ્યતા વર્તતી જોવા મળે છે! કદાચ એટલા માટે જ, જ્યારે કોઈએ પૂજ્ય ગુરુદેવશ્રીને પૂછેલ કે સમ્યગ્દર્શન માટેની પાત્રતા શું? ત્યારે ઉત્તર આપેલ કે 'પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો એ સમ્યગ્દર્શનની પાત્રતા છે'—પણ સુવર્ણપાત્રવાળી વાતસુદ્ધા નહોતી કરી!—વ્રત-ત્યાગ-શુદ્ધભોજન આદિ વ્યવહાર આચરણની વાતસુદ્ધા નહોતી કરી.

વર્ષો પહેલાં રાજકોટનિવાસી સ્વ. ડૉ. નવરંગભાઈ મોદીએ પૂજ્ય ગુરુદેવશ્રીને પૂછેલ કે સાહેબ! પાણી ગાળીને પીવું જોવે ને? તો પૂજ્યશ્રીએ કહ્યું કે પહેલાં આત્મા ગાળીને પીવો! (–મિથ્યાત્વ ટાળીને સમ્યક્ત્વને પહેલાં પીવો!—) પાણી ગાળીને જ પીવું જોઈએ એવું માનવા છતાં પૂજ્યશ્રીનો જવાબ પાણીને બદલે આત્મા સંબંધી કેમ આવ્યો?–કે જેને આત્મા પામવો છે તેને પાણી ગાળીને પીવા જેટલી યોગ્યતા તો હોય જ; પણ જો પાણી ગાળીને પીવાનો ઉપદેશ કરવામાં આવે તો ક્રિયાના આગ્રહમાં જ જતો રહેશે ને આખો આત્મા એકકોર રહી જશે! આ પ્રશ્ન-ઉત્તર પૂજ્યશ્રીએ સેંકડોવાર પ્રવચનમાં યાદ પણ કરેલ કેમ કે બહુ સામાન્ય લાગતાં આ પ્રશ્ન-ઉત્તરમાં ઘણી જ ગંભીરતા રહેલી છે. જીવને ધર્મની રુચિ થયા પછી પણ દ્રવ્યદૃષ્ટિના વિષય કરતાં ચરણાનુયોગના વિષયમાં રુચિ પોષાતી રહેતી હોય છે. તેથી પૂજ્યશ્રીએ ચરણાનુયોગ સંબંધી પ્રશ્નનો ઉત્તર દ્રવ્યાનુયોગ દ્વારા આપેલ હતો. પરંતુ આજકાલ કેટલાક ત્યાગી-વ્રતી-શુદ્ધભોજનવાળા વિદ્વાનો એવી પ્રરૂપણા કરે છે કે બીજ વાવવા માટે પ્રથમ ભૂમિ નરમ આદિ હોવા જોઈએ વિગેરે....અર્થાત્ પ્રથમ આત્માને જાણવો એ જ પાત્રતા....એ વાત તેઓને સમજાતી નથી. તેઓને એમ લાગે છે કે શિંગડા ગમે તેટલા સુંદર હોવાથી શું? ચાર પગ મજબૂત હશે તો જ સિંહ પાછળ પડશે ત્યારે બચવા દોડી

શકાશે, શિંગડા તો એ વખતે ઝાડીમાં અટવાઈ જશે તો સિંહ આવી પહોંચશે ને મારી નાખશે!

આ દૃષ્ટાંત ઉપલક દૃષ્ટિએ સારું લાગે તેવું છે; પરંતુ આ દૃષ્ટાંત તદ્દન વિપરીત દૃષ્ટિનું પ્રતિક છે કેમ કે આ દૃષ્ટાંત દ્વારા દ્રવ્યદૃષ્ટિ કરતાં વ્યવહાર-આચરણ—પાત્રતા જાણે કે સંસારથી ઉગરવાનું વિશેષ કારણ હોય એવો ભાવ તેમાં ગર્ભિત રહેલો છે તે વાત સમજવાની જરૂર છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ જૈનજગતમાં અધ્યાત્મની જે વર્ષા વરસાવી છે તેના પ્રતાપે આજે એકલા વ્યવહાર આચરણ—પાત્રતાની વાત મુમુક્ષુ સમાજમાં તો કોઈ સાંભળવા પણ તૈયાર નથી એટલે કેટલાક વક્તા પ્રવચનમાં શ્રી સમયસાર કે શ્રી નિયમસાર લ્યે છે, પ્રવચનમાં વચ્ચે વચ્ચે શાસ્ત્રના આધારે અધ્યાત્મની વાત ૧૦-૧૫ મિનિટ કરે ને બાકીનો બધો ટાઈમ આમ ન કરવું જોઈએ, આ ન હોવું જોઈએ, આ છોડવું જોઈએ, આ જ કરવું જોઈએ એમ ઉપદેશબોધનું જ—વ્યવહાર-આચરણનું જ પ્રવચન આપતા હોય છે; ફલતઃ શ્રોતાને એમ જ થઈ જાય કે અરેરે! અમારામાં તો દોષોની ખાણ ભરી પડી છે! ક્યારે દોષ ટાળીશ! વક્તા કેટલા મહાન છે ને હું કેટલો પામર છું—એમ પામરપણું જ વેદાયા કરે છે. જ્યારે, પૂજ્ય ગુરુદેવશ્રીના હજારો પ્રવચનો સાંભળો, બધામાં એક જ ધ્વનિ કે તું પરમાત્મા છો એમ નક્કી કર! પામરપણું સ્વીકાર્યે પામરપણું નહીં જાય....ભગવાન આત્મા છો–એક જ વાત! હું કાંઈક વિશેષ છું–મહાન છું ને તમે પામર છો એવી જરાય ગંધ પણ નહીં!–એવો ઈશારો પણ નહીં! તેથી શ્રોતાને પણ 'હું પરમાત્મા છું'–એમ પૂર્ણતાનું લક્ષ બંધાય છે પણ 'અરેરે! હું પામર છું' એમ નાસીપાસ થઈ જતો નથી.

જે મુમુક્ષુઓને અધ્યાત્મ-તત્ત્વજ્ઞાનની ઊંડી સમજ નથી તેઓ એવો પ્રચાર કરે છે કે સવારે વહેલાં ઊઠીને વૈરાગ્યપાઠનું સ્મરણ કરો! અરે ભાઈ! પૂજ્ય ગુરુદેવશ્રી સ્વયં સવારે ૪ વાગે ઊઠીને શ્રી સમયસાર આદિ અનેક આધ્યાત્મિકગ્રંથોની અનેક ગાથાઓ, ૪૭ શક્તિ-નય વિગેરે અનેક અધ્યાત્મતત્ત્વનું સ્મરણ કરતા હતા નહીં કે વૈરાગ્યપાઠનું. શા માટે? ભાઈ! અધ્યાત્મતત્ત્વનું સ્મરણ કરનારને પૂર્ણતાના લક્ષમાં મારું આચરણ કેવું હોવું જોઈએ તે સહજપણે સ્મરણમાં આવ્યા વિના નથી રહેવાનું ને! પણ સ્મરણ-મનન-ઘૂંટણ તો અધ્યાત્મતત્ત્વનું હોવું જોઈએ.

એકલા વૈરાગ્યપાઠથી અધ્યાત્મની રુચિ પુષ્ટ થતી હોત તો બૌદ્ધધર્મ સત્ય હોત ને! બુદ્ધને સંસારના વૈરાગ્યના પ્રસંગોથી એકલી વૈરાગ્ય-જાગ્રતિકા ઊપજવાથી રાજ્યપાટ છોડી દીધું ને બૌદ્ધધર્મના સ્થાપક બન્યા! ભાઈ! આત્માનું હિત કરી લેવું હોય તો અધ્યાત્મતત્ત્વની

રુચિ પુષ્ટ થાય તેવું આધ્યાત્મિક શ્રવણ-ચિંતવન ને ચર્ચા-વાર્તા કરવી પ્રયોજનભૂત ગણાય, કેમ કે કુંદકુંદસ્વામીએ કહ્યું છે કે જે કોઈ સિદ્ધ થયા ને થશે તે ભેદવિજ્ઞાનથી થયા છે; એ ભેદવિજ્ઞાન દ્રવ્યાનુયોગનો વિષય છે, અધ્યાત્મનું ફળ છે. વૈરાગ્યપાઠ આદિ તો મંદરુચિવાળા જીવો ધર્મમાર્ગથી વિચલિત ન થઈ જાય તથા તેમની રુચિ તત્ત્વજ્ઞાનમાં વળે તે માટે છે. વૈરાગ્યપ્રેરક અનેક ગ્રંથોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ અભ્યાસ કરેલો પરંતુ અશરીરી થવાનું શાસ્ત્ર તો સમયસારને જ કહેલ હતું ને!

પાંચમા આરાના અંત સુધી જૈનધર્મ ટકવાનો છે માટે બાળકોમાં જૈન-આચરણના સંસ્કાર દૃઢ કરવા ઈત્યાદિ પ્રચાર કરવામાં આવે છે. બાળકોમાં જૈન-આચરણના સંસ્કાર પડે તે અત્યંત પ્રશંસનીય છે. પરંતુ યાદ રહે કે ધર્મ ટકવાનો છે તેનો આધારસ્તંભ અધ્યાત્મ-તત્ત્વજ્ઞાન છે; આચાર્ય કુંદકુંદદેવ આદિ આચાર્યોના પરમ અધ્યાત્મગ્રંથોથી જેમ આજે જૈન સમાજ જાગ્રત બન્યો છે, તેમ ભવિષ્યનો આધારસ્તંભ પણ તે જ છે. માટે, બાળકોમાં પણ અધ્યાત્મના સંસ્કાર પડે તેવું કરવાની ભાવના પ્રબળ હોવી જોઈએ.

પૂજ્ય ગુરુદેવશ્રીએ તો તા. ૧૨-૪-૫૫ના શ્રી નિયમસાર ગાથા-૧૦૯ના પ્રવચનમાં કહ્યું છે કે કુંદકુંદ આચાર્યદેવે આલોચના–પ્રતિક્રમણ આદિ વ્યવહારની ઠેકડી ઉડાવી છે, મશ્કરી કરી છે કે હે મુનિ! તમારે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચયમાં સ્થિર થવાનું છે તેના બદલે આ શુભરાગમાં—વ્યવહાર આલોચના આદિમાં ક્યાં વર્તવા લાગ્યા! વિગેરે મુનિની ભૂમિકાને યોગ્ય વ્યવહારને પણ હેયરૂપ ગણાવ્યો છે ત્યાં ત્યાગ-વ્રત-શુદ્ધભોજન આદિનો આગ્રહ એ આત્માર્થીની ભૂમિકાની પાત્રતા ક્યાંથી હોય? આ તો 'ગાંડી કપડા પહેરે નહીં ને આભૂષણથી પોતાને શણગારે'–એવી લોકોક્તિની જેમ સમ્યક્ત્વના કપડા પહેર્યાં વિના શુદ્ધભોજન-વ્રત-ત્યાગ આદિ આભૂષણ વડે, પોતાને હું કાંઈક વિશેષ છું એવું દેખાડવા માગતી ગાંડી જેવું કાર્ય છે. માટે પહેલાં સમ્યક્ત્વનો પુરુષાર્થ કરવો જોઈએ.

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ગ્રંથાધિરાજ શ્રી સમયસારની રચના શરૂ કરતાં સૌ પ્રથમ ગાથા દ્વારા શ્રોતાને તું સિદ્ધ સમાન છો–એમ સિદ્ધપણાની તારામાં સ્થાપના કરીને અમારી વાત સાંભળજે એમ કહ્યું. પરંતુ એમ ન કહ્યું કે અમારી વાત સાંભળવા માટે તું પહેલાં શુદ્ધભોજનનો નિયમ લેજે, આટલા વ્રત ને ત્યાગ પાળજે! પણ એમ કહ્યું કે પ્રથમમાં પ્રથમ તને સિદ્ધ સમાન માનજે;—આવું માનનાર અમારી વાત સાંભળવાને પાત્ર છે! આ છે પાત્રતા!! પણ જે સાચો આત્માર્થી હોય છે તેને જ આ પાત્રતાની વિશેષતા સમજાય છે; શુદ્ધભોજન-વ્રત-ત્યાગ આદિરૂપ વ્યવહાર-આચરણના રસિયાને પાત્રતાની આ પરિભાષા સમજવી દુષ્કર છે!

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત અધ્યાત્મતત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરનારા કોઈને જો એમ પ્રશ્ન ઊઠે કે (૧) આટલા વર્ષો દ્રવ્યદૃષ્ટિપ્રધાન તત્ત્વનો અભ્યાસ કરવા છતાં કેટલાને સમ્યગ્દર્શન થઈ ગયું? (૨) મને આટલા તત્ત્વ-અભ્યાસ છતાં હું કેમ અનુભૂતિ કરી શક્યો નથી? માટે કાંઈક (—વ્યવહાર-આચરણ) રહી જતું હોવું જોઈએ ને! તો તે અંગે બહુ સમજવા જેવું છે કે—

(૧) આટલા વર્ષો દ્રવ્યદૃષ્ટિપ્રધાન તત્ત્વાભ્યાસ કરવા છતાં કેટલા પામી ગયા!—કે ભાઈ! વ્યવહાર-આચરણમાં મગ્ન રહેનારા એક પણ દ્રવ્યલિંગી આજ સુધીમાં ન તો સમ્યગ્દર્શન પામ્યા છે કે ન તો ભવિષ્યના અનંતકાળમાં પણ પામશે. જે કોઈ જ્યારે પણ પામશે ત્યારે દ્રવ્યાનુયોગ વડે જ પામશે.

(૨) આટલા વર્ષો અધ્યાત્મતત્ત્વના અભ્યાસ છતાં કોઈ ન પામ્યું હોય કે પોતે ન પામ્યો હોય તેનું કારણ સમજવું જોઈએ. સૌ પ્રથમ તો તેને પોતાને દ્રવ્યદૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનમાં નિઃશંકતાનો અભાવ હોવાથી આવો તર્ક ઉદ્ભવે છે. બીજું પ્રધાન કારણ એ છે કે પૂજ્યશ્રીએ "વર્તમાનમાં તું પરમાત્મા છો એમ નક્કી કર, પામરપણું ભૂલી જા'—એમ પ્રરૂપણા કરી હોવા છતાં તેની પોતાની નજર–લક્ષ "મને ક્યારે સમ્યગ્દર્શન થાય? હું કેમ સમ્યગ્દર્શન પામતો નથી?" ઈત્યાદિ અનેક પ્રકારની ભાવનાનું જ લક્ષ વર્તતું હોવાથી તથા પામરપણાનું એકત્વ ઘૂંટતો રહેતો હોવાથી પોતાને પૂરણતાનું લક્ષ બંધાતું નથી તેથી પામતો નથી. પૂજ્યશ્રીની તત્ત્વજ્ઞાનની પ્રરૂપણાને સમજવામાં પોતે ભૂલ્યો હોવાથી—અંતઃકરણમાં અવ્યક્તપણે પણ અનેક પ્રકારની પામરતામાં અહમ્બુદ્ધિ વર્તતી હોવાથી—પામ્યો નથી એ વાત પોતે જ્યાં સુધી નહીં સમજે ત્યાં સુધી મૂંઝવણ અનુભવે છે અને પરિણામે, જેમ કોઈ આકરી અશાતાના ઉદયવાળો મનુષ્ય તે અશાતાને દૂર કરવા અનેક પ્રયત્નો કરે છતાં અશાતા વધે ત્યારે મૂંઝાઈને શરાબનો આશ્રય લ્યે છે, તેમ પૂરણતાનું લક્ષ બંધાતું નથી ને કાર્ય થતું દેખાતું નથી ત્યારે મૂંઝાઈને ઉભયાભાસી ઉપદેશ તરફ આકર્ષાઈ જાય છે. તેને એમ થાય છે કે તત્ત્વજ્ઞાનનો યથાર્થ નિર્ણય તો થઈ ગયો છે પણ વ્યવહાર-આચરણમાં—વ્રત-ત્યાગ-શુદ્ધભોજન આદિ પાત્રતામાં કચાશ રહી ગઈ છે તેથી, જેમ કાચના મોટા ઢગલામાં રહેલા એકાદ હીરાને મેળવવા માટે હીરાની ચમકના કિરણના આધારે ઢગલામાંથી હીરો પ્રાપ્ત કરી લેવાને બદલે લાખો કાચના ટૂકડાઓને વીણી વીણીને દૂર કરવા લાગે છે, તેમ અનુભૂતિ પામવા માટે પરમેશ્વરતાને ગ્રહણ કરી લેવાને બદલે વ્યવહાર-આચરણ—પાત્રતા આવી હોવી જોઈએ, આટલા દોષોની ખાણ ભરી છે તેને વીણી વીણીને પહેલાં દૂર કરું ઈત્યાદિ તરફ વલણ થઈ જાય છે. તેથી જ પૂજ્ય ગુરુદેવશ્રી વારંવાર કહેતાં કે "વિકારને છોડવાની

આત્મામાં શક્તિ જ નથી; સ્વભાવને ગ્રહણ કરવાની જ આત્મામાં શક્તિ છે.'' ''અહો! સ્વભાવ જ એક આદરણીય છે એમ બધાય પડખાથી પાકું કરવું; બધાય પડખેથી સામાન્ય શક્તિ-સ્વભાવનો આદર થવો એ જ વીર્યને અંતર્મુખ ઢાળવાનો ઉપાય છે.'' અર્થાત્ વ્યવહાર-આચરણ—વ્રત-ત્યાગ-શુદ્ધભોજન આદિ પાત્રતાદિની ખામીના લઈને પામી શક્યો નથી એમ નથી પરંતુ સ્વભાવસંબંધી પોતાની સમજણના દોષે પામી શકતો નથી એ સમજવાની જરૂર છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્માર્થી ભવ્યોને પાત્રતાના નામે વ્યવહાર-આચરણથી છેતરાતા બચાવીને મહાન ઉપકાર કર્યો છે! ભાવલિંગી સંતોને છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય જે વ્યવહાર હોય છે તેની પણ મશ્કરી-ઠેકડી-ઉપહાસ દ્વારા હેયપણું સમજાવ્યું હોય ત્યાં મિથ્યાત્વની ભૂમિકાવાળા જીવોના વ્રત-ત્યાગ-શુદ્ધભોજન આદિ વ્યવહાર-આચરણ માટે સન્માનીયતા કે ઉપાદેયતા લાગવી તો ક્યાંય રહી!

'તું પરમાત્મા છો—એમ નક્કી કર! તું પરમાત્મા છો એમ નક્કી કર!'—એવો ગુરુ-આદેશ જાણ્યા પછી ને શુદ્ધાત્મતત્ત્વની ઊંચી વાત સાંભળવા મળ્યા પછી પણ હે શ્રોતા! પાત્રતાના નામે જો તને બાહ્યત્યાગ-વ્રત-શુદ્ધભોજન આદિની મીઠાશબુદ્ધિ વર્તતી હોય—મહિમા ભાસતી હોય તો વિચારવા જેવું છે કે (૧) ઇન્દ્રભૂતિ ગ્રહિત મિથ્યાદૃષ્ટિ હતા, જૈનદર્શન અનુસાર ખાનપાનનો વિવેક પણ નહોતો ને સમવસરણમાં પ્રવેશ કરતાં જ સમ્યગ્દર્શન પામી ગયા. (૨) રાજ્ય-આજ્ઞા વિરુદ્ધ પાડાનો પગ કાપનારે મૃત્યુદંડથી બચવા જિનદીક્ષા લીધી ને ૨૧મે દિવસે કેવળજ્ઞાન! (૩) શ્રેણિકના દેશ-નિકાલ પામેલ પાપી પુત્રે લગ્ન કરવા જઈ રહેલ રાજકન્યાને તલવાર વડે કાપી નાખી, સૈન્યથી બચવા ભાગતા ભાગતા જંગલમાં મુનિરાજને જોયા, મરણથી બચવા જિનદીક્ષા લઈ લીધી ને ત્રીજે દિવસે કેવળજ્ઞાન! (૪) અંજનચોર જેવો પાપી ઘડીકમાં ભગવાન! (૫) વેદનાભયથી સમકિત પામતો નારકી! (૬) મોઢામાં હરણનું માંસ છતાં મુનિરાજના ઉપદેશથી સમકિત પામતો સિંહ! આવા તો સેંકડો દૃષ્ટાંતો પુરાણમાં છે કે 'સો ચૂહે મારકર બિલ્લી હજકો ચલી' અર્થાત્ કાલનો પાપી આજે ભગવાન! કહેવાનું તાત્પર્ય એ કે એ બધા દૃષ્ટાંતો સ્વચ્છંદ પોષવા અર્થે નથી પરંતુ એ દૃષ્ટાંતોમાં સમ્યક્ત્વ પામતા તે જીવોનું પૂર્વનું વ્યવહાર-આચરણ સર્વથા નિંદનીય હોવા છતાં એક માત્ર સુખપ્રાપ્તિની ભાવનારૂપ પાત્રતાથી સમ્યક્ત્વ પામી ગયા. ધ્યાન રહે: શાકાહાર, જમીકંદ-કંદમૂળ આદિનો ત્યાગ, રાત્રિભોજનત્યાગ—એ બધું તો જૈનોનો સહજ લોકવ્યવહાર છે, તેથી તે હોય છે પરંતુ એ બધું હોવા છતાં એ કાંઈ આત્માર્થપોષક પાત્રતા નથી.

આમ, વ્યવહાર-આચરણ આદિ હોવા છતાં આદરણીય નથી, હોવા છતાં ભલા–ઉપાદેય જાણી કરવાયોગ્ય નથી એમ સમજીને તેનો મહિમા છોડવાયોગ્ય છે કેમ કે—

❊ વળી, જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે. *(શ્રી સમયસાર, ગાથા-૧૧ ભાવાર્થ)*

**❊ આચાર્ય કુંદકુંદસ્વામી રયણસારની ગાથા-૧૨૭મા કહે છે કે—**

પંચ મહાવ્રતનું પાલન કરવું, ગુપ્તિ સમિતિઓનું પાલન કરવું, બ્રહ્મચર્ય પાળવું, પરિષહો જીતવા, ચારિત્રનું પાલન કરવું, તપશ્ચરણ કરવું, છ આવશ્યકોનું પાલન કરવું, ધ્યાન કરવું, શાસ્ત્રનો અભ્યાસ કરવો—**આદિ બધું સમ્યગ્દર્શન વિના ભવનું બીજ સમજો.**

**❊ પં. શ્રી રાજમલજી કળશટીકામાં કહે છે કે—**

જેટલું શુભ-અશુભ ક્રિયારૂપ આચરણ અથવા બાહ્યરૂપ વક્તવ્ય અથવા સૂક્ષ્મ અંતરંગરૂપ ચિંતવન, અભિલાષ, સ્મરણ ઈત્યાદિ છે તે સમસ્ત અશુદ્ધત્વરૂપ પરિણમન છે, શુદ્ધ પરિણમન નથી; તેથી બંધનું કારણ છે; મોક્ષનું કારણ નથી. તેથી જેમ કામળાનો (-ચિત્રામ) સિંહ કહેવાનો સિંહ છે **તેમ આચરણરૂપ (ક્રિયારૂપ) ચારિત્ર કહેવાનું ચારિત્ર છે, પરંતુ ચારિત્ર નથી, નિઃસંદેહપણે એમ જાણો.** (કળશ-૧૦૭)

અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે–વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી **વિષય–કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે** એમ કહે છે—શુભ-અશુભરૂપ કરતૂત (કૃત્ય) નિષેધ્ય અર્થાત્ ત્યજનીય છે. (કળશ-૧૦૮)

સર્વજ્ઞ વીતરાગ, જેટલી શુભરૂપ વ્રત-સંયમ-તપ-શીલ-ઉપવાસ ઈત્યાદિ ક્રિયા, વિષય-કષાય-અસંયમ ઈત્યાદિ ક્રિયા તેને **એકસરખી દૃષ્ટિથી** બંધનું કારણ કહે છે. (કળશ-૧૦૩)

❊ પં. શ્રી રાજમલજી પંચાધ્યાયીમાં કહે છે કે–

બુદ્ધિની મંદતાથી આવી આશંકા ન કરવી કે—શુભોપયોગ એકદેશથી પણ નિર્જરાનું કારણ થાય છે. કારણ કે **શુભોપયોગ, અશુભને લાવનાર હોવાથી** તે નિર્જરાદિકનો હેતુ થઈ શકતો નથી તથા ન તો તે શુભ પણ કહી શકાય છે. (ભાગ-૨, ગાથા-૭૬૨)

જેમ દુષ્કાર્યના ઉત્પાદક હેતુને દુષ્ટ કહે છે તે જ પ્રમાણે **અનિષ્ટ ફળદાયી હોવાથી વ્રતક્રિયા ઇષ્ટાર્થરૂપ નથી, પરંતુ અનિષ્ટાર્થ જ છે.** (ભાગ-૨, ગાથા-૫૬૮)

❊ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ નિયમસારની ટીકા કરતાં કહે છે કે—

**સઘળુંય સુકૃત (શુભકર્મ) ભોગીઓના ભોગનું મૂળ છે;** પરમતત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર ભવથી વિમુક્ત થવા અર્થે તે સઘળાય શુભકર્મને છોડો અને સારતત્ત્વરૂપ એવા ઉભય સમયસારને ભજો એમાં શો દોષ છે? (શ્લોક-૫૯)

❊ આચાર્ય શ્રી અમિતગતિ યોગસાર-પ્રાભૃતમાં કહે છે કે—

જેઓ અજીવતત્ત્વને કે જે જીવતત્ત્વથી વિધિ દ્વારા વિભક્ત છે તેને યથાર્થરૂપે જાણતા નથી તેઓ ચારિત્રવાન હોવા છતાં—ચારિત્રનું અનુષ્ઠાન કરવા છતાં પણ તે વિવિક્ત—શુદ્ધ અને નિર્મળ—આત્માને પ્રાપ્ત થતા નથી કે જે દોષોથી રહિત છે.

(અજીવ અધિકાર, ગાથા-૫૦)

❊ .....જેમ જાણ્યા વિના ઔષધિનું સેવન કરે તો મરણ જ થાય, તેમ સમ્યક્ જ્ઞાન વિના ચારિત્રનું સેવન સંસાર વધારે છે.

પં. ટોડરમલજી, શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ગાથા—૩૮નો ભાવાર્થ

❊ ......મુમુક્ષુ જીવને બાહ્ય છ આવશ્યક ક્રિયાઓથી શું ઉપજ્યું? અનુપાદેય (-હેય, નાપસંદ કરવા જેવું, નહીં વખાણવા જેવું) ફળ ઉપજ્યું છે એવો અર્થ છે.

*(—શ્રી નિયમસાર ગાથા-૧૪૭માથી)*

❊ સમ્યક્ત્વરહિત વ્યવહાર-ધર્માચરણ ઘોડેકી લીંદ (લાદ) સમાન ઉપરસે ભલા ચિકનાઈ દિખાઈ દેને પર ભી વહ દુર્ગંધયુક્ત હોતા હૈ તથા અંદરસે વહ ભલા ચિકના કાંતિયુક્ત નહીં હોતા અતઃ **ઉસે ભગવતી આરાધનામેં સંસારકા કારણ કહા હૈ.**

તાત્પર્ય એ કે આ દુર્લભ માનવભવમાં મેરુ જેટલા પુણ્યના યોગ વડે પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મનો માર્ગ પામીને, દરિયો આખો તરી જઈને બહાર આવીને ખાબોચિયામાં (ગાયના ખૂરમાં) ડૂબી જવા જેવી દશા ન થાય તે માટે વ્યવહારના આગ્રહીઓના પ્રભાવમાં આવ્યા વિના જાગ્રત રહેવાની જરૂર છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેકવાર ફરમાવ્યું છે કે વ્યવહારનું ક્યારેય પૂરું જ નથી પડતું; જેમ ઘરમાં ચાર-પાંચ છોકરાઓમાં જે કજીયાળો છોકરો હોય તેના કજીયા પૂરા જ ન થાય, વાતે વાતે વાંધા કાઢતો રહે તેમ. દા.ત. પૂજ્યશ્રી પ્રવચન આપે ત્યારે બધાને કહેતા કે શાસ્ત્ર લીધું છે ને! શાસ્ત્રમાં આચાર્યદેવે શું કહ્યું છે તે તો જોવું જોઈએ ને! તો વ્યવહારનો પક્ષવાળો કહેશે કે સાહેબ! આપ ઊંચે બિરાજી રહ્યા છો (બધા શ્રોતા જોઈ શકે તેથી) ને જિનવાણી અમે રાખીએ તો અવિનય થાય ને! અરે ભાઈ! કોઈ વક્તા જિનવાણી—સમયસાર—નિયમસાર આદિ ઉપર વાંચન શરૂ કરે ને પૂરા કલાકમાં આચાર્યદેવ શું કહેવા માગે છે તે વાત માંડ ૧૦-૧૫ મિનિટ કહે ને આમ કરો, આમ ન કરો, આ છોડો આદિ એકલા

વ્યવહાર-આચરણ ને પાત્રતાની જ ૪૦-૪૫ મિનિટ વાતો કરે તો આચાર્યના કથનનો મહા અવિનય નથી થતો! પણ વ્યવહારલુબ્ધ જીવોને શાસ્ત્ર-વિનય-અવિનયના સાચા વિવેકની પણ ક્યાં સમજ હોય છે?

જિનવાણીમાં એમ તો આવે છે કે સુવર્ણપાત્રને પામીને અર્થાત્ વ્યવહાર-આચરણનું પાલન કરી કરીને આ જીવ સંસારમાં અનંતકાળથી રખડતો આવ્યો છે. પરંતુ ક્યાંય એમ આવે છે કે સિંહણના દૂધની પિપાસામાં અર્થાત્ અધ્યાત્મની જિજ્ઞાસાથી જીવ અનંતકાળ સંસારમાં ભટકી રહ્યો છે!

બહુ સમજવા જેવી વાત તો એ છે કે આજે મુમુક્ષુ જગતમાં ગામેગામ ને ઘરઘરમાં જિનવાણીનો સ્વાધ્યાય શરૂ થઈ ગયો છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે—સિંહણના દૂધના અનુપાન માટે—શું શાસ્ત્રસ્વાધ્યાયથી ઊંચું કોઈ સુવર્ણપાત્ર—વ્યવહાર-આચરણ—પાત્રતા છે ખરા? અને આ બધો પ્રતાપ છે કોનો?—કે પૂજ્ય ગુરુદેવશ્રીનો!

"ગુરુ ઔર આત્મા દોનોં ખડે, કિસકા કરું બહુમાન!
ગુરુકા કરું બહુમાન જિસને આતમ દિયો બતાય!"

—એવી ગુરુકહાન પ્રત્યે જ્યાં સુધી સમર્પિત ભાવના જાગ્રત નહીં થાય ત્યાં સુધી અધ્યાત્મના શબ્દોથી લપેટાયેલ વ્યવહાર-આચરણ—વ્રત-ત્યાગ-શુદ્ધભોજન આદિ પાત્રતાની મુખ્યતાવાળા ઉભયાભાસી ઉપદેશથી સાવધાન થવું ઘણું દુષ્કર છે. અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની આધ્યાત્મિક ક્રાંતિના પ્રતાપે અધ્યાત્મતત્ત્વજ્ઞાનની નાવમાં બેસીને સંસારસમુદ્રના કિનારા તરફ જઈ રહેલ હે જીવ! સુવર્ણપાત્રના લોભથી—વ્યવહાર-આચરણના પક્ષપાતથી પાછો સંસારસમુદ્રમાં ડૂબી ન જાય તેવી જો તને સાવધાની વર્તતી હશે તો જ તારા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપકાર હોવાનું સમજજે; અન્યથા આ ઉત્કૃષ્ટ ધર્મયોગ વિફળ ગયો સમજજે.

"વ્યવહારનો લોપ રુચિમાં કર્યા વિના સમ્યક્ત્વ નહીં પ્રગટે લે!" (—પૂજ્ય ગુરુદેવશ્રી; તા. ૧૦-૧-૬૩)—એવી નગ્ન સત્ય વાત સમજાવનાર, દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક, પરમ તારણહાર, ઉપકારી ગુરુકહાનની જ્યાં ગૌણતા થતી હોય ત્યાં અધ્યાત્મના નામે ગમે તેવી નિત-નવી વાતો સાંભળવા મળતી હોય તોપણ ત્યાં સાંભળવા જવાની સ્વપ્નેય પણ ભાવના ન થજો એવી ગુરુ પ્રતિ સમર્પિત ભાવના સહ—

# સામર્થ્યની બલિહારી છે

સવારે શ્રી નિયમસાર ગાથા-૧૧૦નું ૩-૨-૮૦નું પ્રવચન સાંભળ્યું. તું પરમાત્મા છો—એમ નિઃસંદેહ થવા ઉપર ખૂબ જોર હતું. ખાસ તો શરૂઆત જ સામર્થ્ય ઉપર જોરવાળી હતી. પ્રવચન સાંભળતાં એકદમ પ્રસન્નતા થઈ ગઈ કે પરમાત્મપણાનું જ તારું સામર્થ્ય છે, ને જે સામર્થ્યરૂપ છે તે પ્રગટ થઈને જ રહે છે, તેને પ્રગટ થતાં રોકવા જગતમાં કોઈની તાકાત નથી, જેમ ક્રમબદ્ધ પરિણમન અટકાવવા કોઈની તાકાત નથી તેમ. સામર્થ્ય એટલે શું ? કે રાજા આદિનાથના ઘરે જન્મેલ બાળક ભરત ચક્રવર્તીપણાનું સામર્થ્ય લઈને જન્મ્યો છે, ચક્રવર્તીપણાનું સામર્થ્ય હોવાથી તેના ચક્રવર્તીપણાને પ્રગટ થતું અટકાવવા છ ખંડમાં કોઈની તાકાત નથી; અરે ! ભાઈ બાહુબલીની પણ તાકાત નથી કે ભરતના ચક્રવર્તીપણાને પ્રગટ થતું અટકાવી શકે. સામર્થ્ય જ એને કહેવાય કે જેને પ્રગટ થતું અટકાવવા કોઈ સમર્થ ન જ હોય ને તે પ્રગટ થઈને જ રહે ! સામર્થ્ય હોય તે પ્રગટ થયા વિના રહે જ નહીં—તેને જ સામર્થ્ય કહેવાય.

ચરમશરીરીનું સામર્થ્ય લઈને જન્મેલ જીવ સિદ્ધપણું પ્રગટ કરીને જ રહે, તેના સિદ્ધપણાને પ્રગટ થતું અટકાવવા કોઈ સમર્થ ન હોય ! નવજાત બાળક હનુમાનનું સામર્થ્ય ચરમશરીરી હોવાથી વિમાનમાંથી નીચે પડતાં શીલાના સેંકડો ટૂકડા થઈ ગયા પણ નવજાત બાળકને કાંઈ ન થયું ! કેમકે તે ચરમશરીરીનું સામર્થ્ય લઈને જન્મેલું હોવાથી, સિદ્ધપણું લઈને રહેવાનું હોવાથી, તેના ચરમશરીરીપણાના સામર્થ્યનો ઘાત કરવાની વાત તો દૂર રહી, તેને હાની પહોંચાડનાર પણ કોઈ ન હોય !

ચરમશરીરી સામર્થ્ય લઈને જન્મેલ, શ્રીકૃષ્ણના પ્રિયપુત્ર નવજાત પ્રદ્યુમ્નને મારી નાખવા અપહરણ કરનાર દેવને બાળકને મારવાનો ભાવ પલટી ગયો ને વિદ્યાધર રાણીને ત્યાં જીવતો મૂકી દીધો ! આમ કેમ ? પૂર્વભવે પોતાની પ્રિય રાણીને ઉપાડી જઈને બળજબરીથી પોતાની રાણી બનાવનાર રાજા મધુના જીવ પ્રદ્યુમ્નને મારવાનો વિચાર પલટીને જીવતો રાખવાનો ભાવ કેમ થયો ?—કે ચરમશરીરીના સામર્થ્યનો પ્રભાવ ! ! પૂર્વભવે બળજોરીથી બનાવેલી રાણી—વિદ્યાધરરાણીએ નવજાત શિશુ પ્રદ્યુમ્નનું લાલન-પાલન કરીને પુત્રવત્ ઉછેર્યો, યુવાન પ્રદ્યુમ્ન પ્રતિ પૂર્વભવના પત્નીત્વના રાગવશ વિદ્યાધરીને વાસના

ઉદ્‌ભવી. જેનો પ્રદ્યુમ્ને નકાર કરતાં તેને મારી નાખવા માતાવત્ રાણીએ વિદ્યાઓ વડે ઘણો પ્રયત્ન કરવા છતાં કુમાર પ્રદ્યુમ્નને કાંઈ કરી ન શકી, અરે ! ૫૦૦ વિદ્યાધર કુમારોએ ભાઈ પ્રદ્યુમ્નને મારવાના અનેક પ્રયત્નો કરવા છતાં કાંઈ કરી ન શક્યા, કેમકે ગિરનારગિરિની ચોથી ટૂંકેથી સમશ્રેણીએ મુક્તિપ્રાપ્ત કરવાનું સામર્થ્ય લઈને જન્મેલ પ્રદ્યુમ્નને કોઈ શું કરી શકે ? સામર્થ્યની બલિહારી છે ને !

સામર્થ્ય શબ્દ પાછળ પૂજ્યશ્રીનું કેટલું જોર છે ! તેના ખૂબ વિચારો ચાલ્યા. તારામાં પરમાત્મપણું સામર્થ્યરૂપ છે એટલે ન તો એને પ્રગટ થતું કોઈ અટકાવી શકે અને ન તો પ્રગટ થયા વિના રહી શકે—એમ નિઃસંદેહ થા—એમ પૂજ્ય ગુરુદેવશ્રીને તું પરમાત્મા થવાને લાયક હોવાની નિઃસંદેહતા આ ગાથામાં સમજાવવી છે. તું પરમાત્મા છો—કેમકે તારામાં સામર્થ્ય છે અને તું પરમાત્મા થવાનો જ છો એમ નિઃસંદેહ થા, કેમકે સામર્થ્યપણું પ્રગટ થયા વિના રહી શકે નહીં ! સામર્થ્યના વિશ્વાસે જ સામર્થ્યપણું પ્રગટી શકે છે. પિતાપણું મારું સામર્થ્ય હોવાના વિશ્વાસે જ યુવાન લગ્ન કરતો હોવાથી પિતા બની શકે છે, નહીં કે નપુંસકપણાની કુશંકા હોય ? તેમ હું પણ પરમાત્મપણાનું સામર્થ્ય ધરાવતો હોવાથી પરમાત્મપણે પરિણમવાને લાયક જ છું એમ નિઃસંદેહ વિશ્વાસનું જોર લાવીને પરમાત્મપણું પ્રગટ કરી શકાય છે—એમ પૂજ્ય ગુરુદેવશ્રીનું કહેવું છે.

વિમાનમાંથી પડવું એ નવજાત હનુમાનને બાધારૂપ નથી, તેમ રાગાદિ કાંઈ તને નડતરરૂપ નથી એમ કહ્યું ! મારામાં પરમાત્મપણાનું સામર્થ્ય હોવાથી, જેમ બાળક ભરતમાં ચક્રવર્તીનું સામર્થ્ય હોવાથી ચક્રવર્તી થઈને રહેવાના તેમ, હું વર્તમાનમાં પરમાત્મા જ છું ને પરમાત્મપણું પર્યાયમાં પ્રગટ થયા વિના રહેશે નહીં એમ પ્રસન્નતાપૂર્વક વિશ્વાસથી નિઃસંદેહ થા ! ઓછા પુણ્ય કે રાગાદિ મને નડતરરૂપ નથી. નિશ્ચયાભાસનો ડર કાઢીને—બાહુબલીએ મને ત્રણ લડાઈમાં હરાવી દીધો માટે ચક્રવર્તીપણું નહીં પ્રગટે તો ! એવો ડર ભરતને ઉત્પન્ન થયો ન હતો ! તેમ, નિશ્ચયાભાસનો ડર કાઢીને નિઃસંદેહ થા !

અહીં તો એમ કહેવું છે કે મેરુ પર્વતની નીચે સુવર્ણ પડ્યું છે તે ઉપભોગ્ય નથી એટલે કે અભવિ છે તે કદીય અતીન્દ્રિય આનંદનો ભોગવટો કરનાર નથી, કેમકે યોગ્યતા નથી. પરંતુ જે નિત્યનિગોદનો જીવ છે કે જે ક્યારેય ત્રસપણું પામ્યો નથી તે જીવમાં પરમાત્મપણાનું સામર્થ્ય પડ્યું હોવાથી તે કોઈ એક કાળે કાળલબ્ધિ પાકતાં ત્રસપણું પામીને પરમાત્મપણું પ્રગટ કરશે. નિત્યનિગોદનો જીવ મેરુ પર્વત નીચેના સુવર્ણ જેવો અભવ્ય નથી, તેનામાં પરમાત્મપણાનું સામર્થ્ય છે અને પ્રગટવાની યોગ્યતા છે એટલે તે નિત્યનિગોદિયો

જીવ પણ પરમાત્મપણું પ્રગટ કરશે, તો તું તો અહીં સુધી આવ્યો છે એટલે કે જૈનદર્શનની વાત ભગવાનની તારા કાને પડી છે, દ્રવ્યનો પર્યાયસ્વભાવ ક્રમબદ્ધ છે તેના નિર્ણયથી જ્ઞાયકનો નિર્ણય કરી શકે એટલે સુધી તું આવ્યો છો તો અમે તને કહીએ છીએ કે તું પરમાત્મા છો એમ નિઃસંદેહ થા. તારામાં પરમાત્મપણાનું સામર્થ્ય છે માટે તું પરમાત્મા જ છો એમ નિઃસંદેહ થા, વિશ્વાસ કર. અમે તને કહીએ છીએ—અમે તને દેખીયે છીએ કે તું પરમાત્મા જ છો, તું પરમાત્મા થવાનો જ છો, કેમકે તારા સામર્થ્યના કારણે પર્યામયાં પ્રગટપણું થયા વિના રહેશે નહીં. માટે વિશ્વાસ લાવ, વિશ્વાસે વહાણ તરે છે, સામર્થ્યના વિશ્વાસે તું પરમાત્મા જરૂર થઈશ—એમ નિઃસંદેહ થા.

નિત્યનિગોદનો જીવ પરમાત્મા થવાને લાયક છે તો તું પણ કેમ પરમાત્મપણે ન હોઈ શકે?—એમ આચાર્યદેવ નિત્યનિગોદના જીવનો દાખલો આપીને તારા સામર્થ્યને ઢંઢોળીને તું પરમાત્મા જ છો—એમ નિઃસંદેહ થવાનો આદેશ કરે છે. કેમકે તારું સામર્થ્ય પરમાત્મારૂપ હોવાથી તેને પ્રગટ થતું કોણ રોકી શકે ? રાગાદિ હો તો હો, તે તેમાં નડતરરૂપ નથી એટલે કે તારું પરમાત્મપણું પ્રગટ થતું અટકાવવા રાગાદિ નડતરરૂપ નથી. નિત્યનિગોદના જીવનું પણ જો પરમાત્મપણું તેના સ્વકાળે પ્રગટ થતું અટકાવનાર કોઈ નથી તો તું અહીં સુધી પહોંચી ગયો છો માટે 'તું પરમાત્મા છો અને પરમાત્મા પર્યાયમાં થઈશ'—એમ નિઃસંદેહ થવાનું કહેલ છે.

આ ગાથામાં આત્મા પરમાત્મા હોવાનું જ જાહેર કરી દીધું છે—પરમાત્મા થવાની વાત પછીની છે, અત્યારે જ પરમાત્મા છો એમ જાહેરાત કરી દીધી છે. આહાહા ! ૯૨૦૦ પ્રવચનોમાં આ પ્રવચન શિરોમણિ છે ! એકવાર બીજું બધું ભૂલી જા, અરે ! મારે પરમાત્મા થવું છે એ પણ રહેવા દે ! તું પરમાત્મા જ છો—એમ નિઃસંદેહ થઈને તને દેખ એટલે પર્યાયમાં પણ પરમાત્મા પ્રગટ થશે જ ! વાહ ! વાહ !

મેઘલી રાતે જેલમાં જન્મેલ શ્રીકૃષ્ણને વાસુદેવ બનતા અટકાવનાર કોઈ ન હોઈ શકે, કેમકે વાસુદેવપણાનું સામર્થ્ય લઈને જેલમાં જન્મેલ છે તેથી તેને (વાસુદેવને) અનેક વિઘ્નો કરવા છતાં—કોઈની તાકાત નથી કે તેને અટકાવી શકે ! અરે ! જ્યાં નિત્યનિગોદીયો જીવ કાળલબ્ધિ પાકતાં તેના સ્વકાળે ત્રસપણું અને મનુષ્યપણું પામીને પરમાત્મપણું પ્રગટ કરી શકે છે તો તું નિઃસંદેહ થા કે હું પરમાત્મા જ છું ને પરમાત્મા થવાનો જ છું. સંદેહ ન કર, કેમકે મુનિરાજ ને ગુરુદેવ કહે છે કે આ તો ભગવાનની વાણી છે ! માટે નિઃસંદેહ થા.

અરે ! જ્યાં માતૃત્વને ધારણ કરવાના સામર્થ્ય સાથે જન્મેલી બાળકી સ્વ-અવસરે

માતા બની શકે છે તેમ, પરમાત્મપણાનું સામર્થ્ય ધરાવતો આ આત્મા પરમાત્મપણે ન પરિણમે કે તેને પરમાત્મપણે પરિણમતો કોઈ રાગાદિ અટકાવી શકી—એ વાતમાં શું માલ છે ! પૂજ્ય ગુરુદેવશ્રી તો કહે છે કે પરમાત્મપણે નહીં પરિણમે એવી વાત પણ સાંભળવા યોગ્ય નથી, કેમકે પરમાત્મપણાનું સામર્થ્ય ધરાવતો આત્મા નિઃસંદેહપણે પરમાત્મા થવાનો જ છે, આ જ તો સામર્થ્યની બલિહારી છે!!

નિત્યનિગોદનો ભવ્ય જીવ યોગ્યતા ધરાવે છે તો તારા સામર્થ્યની શી વાત ! ગરીબ ઘર, ઓછા પુણ્ય કે રાગાદિનું નડતર—એમ મોળી પાતળી વાતો સાંભળી રહેવા દેજે, કેમકે જેમ છ દ્રવ્ય સ્વરૂપ લોકમાં કોઈ દ્રવ્યની તાકાત નથી કે તેના પોતાના કે પરના ક્રમબદ્ધ પરિણમનને ફેરવી શકે, ક્રમબદ્ધ પરિણમન પરિણમીને જ રહેશે, તેમ તારા પરમાત્મપણાના સામર્થ્યને લઈને તારું પરમાત્મપણું પ્રગટ થઈને જ રહેવાનું છે. માટે તું પરમાત્મા જ છો ને પર્યાયમાં પરમાત્મા થવાનો જ છો—એમ નિઃસંદેહ થા.

નોંધ : મોળી-પાતળી વાત યાદ કરવાની મનાઈ છે, બસ યાદ કરો 'સામર્થ્યની બલિહારી ને.'

જગતની જે ચીજ જે કાળે જેમ પરિણમવાની છે તે તેમ જ પરિણમશે, તેનો તો જીવ કર્તા નથી પરંતુ જે પર્યાય થાય—નિર્મળ પર્યાય થાય તેનો પણ કર્તા નથી. તે પર્યાય પણ ક્રમબદ્ધ થાય છે. ચૈતન્યને જાણતું જે જ્ઞાન પ્રગટ થાય છે તે પણ ક્રમબદ્ધ થાય છે, તેનો કર્તા પણ ધ્રુવતત્ત્વ નથી. પોતે જ્ઞાનસ્વરૂપ છે એવી દૃષ્ટિ થતાં તે કાળે બાહ્યમાં જગતના જે પરિણામ થાય છે તે ક્રમબદ્ધ થાય છે તેમ તે જાણે છે ને તે જાણવાની પર્યાય પણ ક્રમબદ્ધ થાય છે, તેનો પણ ત્રિકાળી જીવ કર્તા નથી. જગતના પરિણામ—ક્રિયા તો ક્રમબદ્ધ છે જ પણ સ્વરૂપની દૃષ્ટિ કરતાં જગતના પરિણામને ક્રમબદ્ધ જાણનાર જ્ઞાનની જે પર્યાય થાય તે પણ ક્રમસર છે તેમ સમ્યગ્જ્ઞાની જાણે છે. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# રાગાદિ રહિત ભગવાન આત્મા

સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિનું શ્રવણ કરીને ગણધરદેવે બાર અંગ અને ચૌદ પૂર્વની રચના કરી તેમાં ક્યાંય એમ નથી આવ્યું કે તારા સ્વભાવમાં રાગાદિ છે. અરે! સ્વભાવમાં રાગાદિ હોવાનું તો નથી આવ્યું પણ રાગાદિની ગંધ પણ હોવાનું નથી આવ્યું! આહાહા! આવો ગજબ તારો સ્વભાવ છે! વાહ રે વાહ ચેતન! તું મુદિત થા, પ્રસન્ન થા કે ત્રિકાળ શુદ્ધતા ધરાવતા બીજા ચારેય અમૂર્તિક દ્રવ્યોની માફક તારામાં પણ રાગાદિ અશુદ્ધતા ન હોવાથી, તું પણ લોકમાં સર્વત્ર સુંદર છો!

આહાહા! ગજબ છે ને કે ગણધરદેવે આટલી વિશાળ શાસ્ત્રરચના કરી છતાં તેમાં ક્યાંય એમ નથી આવ્યું કે તારા સ્વભાવમાં રાગાદિ છે! આ વાત કહેતાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચનમાં કેટલા ભાવવિભોર થઈ ગયા હતા તે તો પ્રવચન સાંભળીયે ત્યારે જ સમજાય (જુઓ, ગુરુ કહાન : દૃષ્ટિ મહાન, ભાગ-૧૧). પણ અરેરે! મારી પર્યાયમાં તો રાગાદિ છે ને!–એ વાત ભૂલાતી જ નથી, અરે! એ વાત જ મુખ્ય કરતા રહેવાની આદત છૂટતી જ નથી. જેમ રાજાએ દાંતણ વેચતી વાઘરણને રાણી બનાવી તોપણ જમતાં પહેલાં, મહેલના એક ગોખલામાં બાજરાનો રોટલો મૂકીને હાથ જોડીને 'દેજો મા-બાપ બટકું રોટલો દેજો'–એમ માંગીને એક ટુકડો લઈને ખાઈ લેવાની વાઘરણની આદત છૂટતી નથી, તેમ ગણધરદેવે 'તારા સ્વભાવમાં રાગાદિ નથી' એમ કહ્યું છતાં એક સમયની પર્યાયમાં રાગાદિ છે તો ખરા ને!—એમ વાઘરણની જેમ પામરપણાની આદત છૂટતી જ નથી!

ગણધરદેવે સ્વભાવમાં રાગાદિ ન હોવાનું કહ્યું છે, પર્યાયમાં ન હોવાનું ક્યાં કહ્યું છે? માટે એક સમયની પર્યાયમાં રાગાદિ છે ખરા–એનું જ્ઞાન તો હોવું જ જોઈએ ને! અરે ભાઈ! રાણી લક્ષ્મીબાઈ દુશ્મન સૈનિકો સામે ઝઝૂમતી હતી તે વખતે હું સ્ત્રી છું—એમ યાદ કરતી રહેતી હશે ખરી?–અને તો દુશ્મન સામે લડી શકતી હશે ખરી? દુશ્મન સૈનિકો સામે લડતી ઝઝૂમતી વખતે તો 'હું સ્ત્રી છું' એ તદ્દન ભૂલી જઈને પુરુષ-સમોવડી થઈને લડતી હતી. 'હું સ્ત્રી છું'–એવી સુધબુધ પણ તેને રહેતી ન હતી, પોતે સરસેનાપતિ હોવાના ગર્વપૂર્વક લડતી હતી ને! તેમ એક સમયની પર્યાયમાં રાગાદિ છે તો ખરા ને!–એવી સુધબુધ વિના, સ્વસમય-પરસમયના વિસંવાદ રહિત, લોકમાં સર્વત્ર સુંદર એક જીવદ્રવ્ય તે જ હું છું–એમ અનુભવ કરવાનો છે.

પણ અરેરે! નજર સામે રહેલું તણખલું જ દેખાય છે પણ તેની પાછળ ગર્જતો-

ઘૂંઘવતો-ઊછળતો મહાસમુદ્ર તને દેખાતો નથી! અર્થાત્ એક સમયની પ્રગટ પર્યાયમાં રાગાદિ છે તો ખરા ને!—એમ રાગાદિ તને દેખાય છે પરંતુ એક સમયની એકાદ-બે-ચાર અશુદ્ધ પર્યાયની પાછળ રહેલો, સ્વ-સમય પરસમયની દ્વિવિધતા રહિત ત્રિકાળ શુદ્ધપણે સુસ્થિત એવો મહાપ્રભુ તને દેખાતો નથી—તો તારા દુર્ભાગ્યનું શું કહેવું?

કથાનુયોગમાં આવે છે કે અનેક રાણીઓ તથા વિશાળ રાજ્ય-સામ્રાજ્યને છોડીને, એક રાણીની આસક્તિથી રાજા જંગલમાં રહેવા જતો રહે છે ને પછી એની દુર્દશા થાય છે! તેમ અનાદિ-અનંત ત્રિકાળ શુદ્ધ-શુદ્ધપણે સુસ્થિત મહાપ્રભુનો તને મહિમા ન આવે અને એક સમયની પર્યાયમાં રહેલા રાગાદિમાં મારાપણું ઘૂંટાયા કરે તો તારી દુર્દશાનું શું કહેવું?—રખડતો રહે અનંત સંસારમાં!

ગણધરદેવ જેવા સમર્થ આચાર્યદેવે સ્વભાવનો મહિમા કરતા એક સમયના રાગાદિને યાદ પણ નથી કર્યો તો એવા રાગાદિના શા મૂલ્ય? એક સમયમાં અનંતાગુણોની અનંતી પર્યાયો—ગણી-ગાંઠી કેટલીક અશુદ્ધ પર્યાયો સિવાયની અનંતી પર્યાયો—ત્રિકાળ ધારાવાહિક શુદ્ધપણે પરિણમે, ત્યાં કેટલીક અશુદ્ધ પર્યાયની શી ગણતરી? માટે મારા સ્વભાવમાં તો તે છે જ નહીં પણ મારી પર્યાયમાં છે તો ખરી ને!—એ ભૂલી જા, તેને યાદ સુદ્ધા ન કર! પદ્મપ્રભમલધારીદેવ કહે છે કે ભવનો મને બિલકુલ પરિચય નથી, નથી!—તેમ ભવના કારણરૂપ રાગાદિનો મને બિલકુલ પરિચય નથી, નથી!—એમ ઉલ્લસિત થા.

પોતાના ઘરમાં દાખલ થતાં લસણની વાસ આવવા લાગી. 'અરે! આપણા ઘરમાં લસણની વાસ ક્યાંથી?' —ત્યારે પિતાજીએ કહ્યું કે બેટા, શાંત થા, આપણા ઘરમાં લસણ જ ન હોય ત્યાં લસણની વાસ ક્યાંથી હોય! આ તો પાડોશીના ઘરના લસણની વાસ છે. તેમ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે તારા સ્વભાવમાં—ઘરમાં રાગાદિ અશુદ્ધતા ન હોય, આ જે રાગાદિ જણાય છે તે તો પાડોશીના ઘરમાં—કર્મમાં થયેલા રાગાદિ છે, એ તારા નથી, એ તારામાં નથી પણ પુદ્ગલના છે. પુદ્ગલકર્મ તેનો સ્વામી છે—એમ તું નિઃશંક થા.

ભગવાન શ્રી સીમંધરસ્વામીની દિવ્ય દેશનાનું પ્રત્યક્ષ શ્રવણપાન કરીને આવેલા, કળિકાળ સર્વજ્ઞ સમા આચાર્ય શ્રી કુંદકુંદદેવ તો કહે છે કે અમે ભવલીન જીવોને—સંસારસમુદ્રમાં ડૂબેલાં જીવોને અશરીરી અને કેવળજ્ઞાનાદિ સહિતપણે દેખીએ છીએ; અરે! નિત્યનિગોદમાંથી નહીં નીકળેલા જીવને પણ, તેના પરમાત્મપણાને લીધે, પરમાત્મપણે

દેખીએ છીએ તો તું તને એક સમયના રાગાદિને દેખીને, હું રાગી છું—એમ કાં દેખે છો! અમે તને પરમાત્મપણે દેખીએ છીએ અને તું પણ તને પરમાત્મપણે દેખ—એમ કહીએ છીએ ત્યાં એક સમયના રાગાદિને તું ક્યાં દેખવામાં રોકાય છો? લાળે-લાંતરે પણ રાગાદિ તારામાં છે જ નહીં ને!—એમ નિઃશંક થા, નિઃશંક થા!

શ્રી સમયસારમાં તો ઊભય આચાર્યદેવોએ રાગાદિ ભાવકર્મને પુદગલમય કહ્યા છે, પુદ્‌ગલ તેનો સ્વામી—કર્તા-ભોક્તા હોવાથી તેઓ જીવના નથી, જીવમાં નથી એમ કહ્યું છે, તો તેઓ જીવની પર્યાયમાં કઈ રીતે હોય? અર્થાત્ એ પુદ્‌ગલમય પર્યાય જીવની કઈ રીતે હોય?—એમ રાગાદિ જીવની પર્યાયમાં પણ નથી એમ કહ્યું છે.

શ્રી સમયસાર કળશ : ૧૭૩ મા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે કે અધ્યવસાનમાં પરદ્રવ્યો આશ્રયભૂત હોવાથી તેને છોડાવ્યા છે તો અમે એમ સમજીએ છીએ કે પરદ્રવ્ય જેનો આશ્રય છે એવા સઘળાય વ્યવહારને છોડાવ્યો છે. તેમ ગણધરદેવે તારા સ્વભાવમાં રાગાદિ નહીં હોવાનું કહ્યું છે તો તું એમ સમજ કે તારા સ્વભાવમાં તો શું પણ તારી પર્યાયમાં પણ રાગાદિ નહીં હોવાનું સમજાવવા માગે છે, કેમકે સ્વભાવમાં રાગાદિનો સર્વથા અભાવ હોવાથી હું વર્તમાન સર્વજ્ઞ-સમ છું એમ મહિમા આવતાં તારી પર્યાયમાં રાગાદિ ઊભા જ નહીં રહે, જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકાર ઊભો નથી રહેતો તેમ! માટે મારા સ્વભાવમાં તો રાગાદિ નથી પણ મારી પર્યાયમાં પણ રાગાદિ નથી—એમ નિઃશંક થા.

શ્રી સમયસારની ગાથા : ૨૦-૨૧-૨૨ મા તો એમ કહ્યું કે—જે ભૂત-વર્તમાન-ભવિષ્યસંબંધી દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મનો સ્વામી થઈને કર્તા-ભોક્તા થાય છે તે મિથ્યાત્વને જ ગાઢ કરતો હોવાથી અપ્રતિબુદ્ધ અજ્ઞાની છે. તેનો અર્થ કે જે મારી પર્યાયમાં તો રાગાદિ છે ને !—એમ તેનો સ્વામી થાય છે તે અપ્રતિબુદ્ધ અજ્ઞાની છે. માટે, મારા સ્વભાવમાં જેમ રાગાદિનો અભાવ છે તેમ મારી પર્યાયમાં પણ નથી એમ જ્ઞાનમાં દૃષ્ટિપ્રધાન નિઃશંક નિર્ણય કરવો જોઈએ.

મારામાં રાગાદિ છે, હું રાગી છું—એવા અનાદિના મોહ-મિથ્યાત્વના નાશનો ઉપાય બતાવતાં ભગવાન શ્રી કુંદકુંદસ્વામી શ્રી પ્રવચનસારની ગાથા : ૮૦ મા સમજાવે છે કે જો તારે અનાદિના મિથ્યાત્વને ટાળવો હોય તો તું તને દ્રવ્ય-ગુણ-પર્યાયે અરિહંતના વર્તમાન દ્રવ્ય-ગુણ-પર્યાય જેવો માન, કેમકે બંનેમાં નિશ્ચયથી તફાવત નથી. અરિહંતદેવને તો વર્તમાન પર્યાયમાં રાગાદિ છે જ નહીં ને! તો મિથ્યાત્વના નાશ માટે મારે પણ વર્તમાનમાં

હું રાગાદિ રહિત છું—અરિહંતની પર્યાયની જેમ જ! —એમ માનું તો એ મિથ્યાત્વના નાશનો ઉપાય કહ્યો છે?—કે હા, કેમકે રાગાદિના નાશપૂર્વક કેવળજ્ઞાન અર્થાત્ પરસમય-સ્વસમયના ભેદ રહિત માત્ર જાણવું ને પરિણમવું એવા વર્તમાન પર્યાયસ્વભાવ યુક્ત અરિહંતદેવ છે અને મારી વર્તમાન પર્યાય પણ રાગાદિના સદ્ભાવ કે અભાવરૂપ પરસમય-સ્વસમયના વિસંવાદ રહિત પર્યાયસ્વભાવ યુક્ત છે. તેથી શ્રી અરિહંતદેવની વર્તમાન પર્યાય રાગાદિ રહિત છે તેમ મારી વર્તમાન પર્યાય પણ રાગાદિ રહિત છે—એમ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જેવો જ હું છું તેમ પોતાનો મહિમા આવવો તે જ મોહ-મિથ્યાત્વના નાશનો—પ્રયોજનસિદ્ધિનો ઉપાય હોવાનું કહ્યું છે.

...પરંતુ મારી વર્તમાન પર્યાયમાં રાગાદિ છે તો ખરા ને? તો પછી અરિહંતની વર્તમાન પર્યાય સાથે મારી પર્યાયની સમાનતા કઈ રીતે માનવી? અરે ભાઈ! એક બહેનને ડાયાબિટીસ ૩૫૦ આવ્યું, વૈદ્યે કહ્યું કે ૧૫ દિવસ લિંબડાનો 'ગળો'—એક ઈંચના પાંચ ટૂકડા —રોજ સવારે એક કપ પાણીમાં પલાળીને સાંજે પાણી પી જવું ને એ રીતે સાંજે પલાળીને સવારે પી જવું. ૧૫ દિવસ પછી બેને ચેક કરાવ્યું તો જરાય ફાયદો ન હતો! વૈદ્ય કહે કે બની જ ન શકે. તમે રોજ 'ગળો'નું પાણી પીધું જ નહીં હોય! છેવટે બેને કહ્યું કે બંને ટાઈમ 'ગળો'નું પાણી પીધું હતું પરંતુ કડવું લાગતું હતું એટલે બે-બે ચમચી સાકર નાખીને પીધું હતું!! લોહીમાંથી સાકર નાશ કરવાનો ઉપાય બતાવ્યો તો સાકર ભેળવીને ઉપાય કર્યો!! તેમ હું રાગી છું—એવા મિથ્યાત્વના નાશનો ઉપાય બતાવ્યો કે સર્વજ્ઞના વર્તમાન દ્રવ્ય-ગુણ-પર્યાય ને તારા વર્તમાન દ્રવ્ય-ગુણ-પર્યાય સમાન છે તેમ દૃઢ નિર્ણય કર! તો આપણે હું વર્તમાનમાં તો રાગી છું ને!—એમ સાકર ભેળવવાની જેમ—રાગાદિ સહિત સર્વજ્ઞ સાથે સમાનતા સમજવા પ્રયત્ન કરીએ તો ઉપાયનું ફળ શું આવે?

...પણ રાગાદિ મારી પર્યાયમાં છે ને?—તેનું શું? અરે ભાઈ! એક મિત્રે મને કહ્યું કે મારા લગ્ન થયા—સાત ફેરા ફરીને—ત્યારથી આજ સુધી મારી પત્નીએ તેના જૂના પ્રેમી સાથે જ શરીરસંબંધ કર્યો છે, મારી સાથે એકવાર પણ સંબંધ કર્યો નથી! સમાજ-કોર્ટની દૃષ્ટિએ તે મારી પત્ની છે જ, તોપણ શું તે ખરેખર મારી પત્ની છે ખરી?—કે ના, ભલે પતિનું નામ, રહેઠાણ ને રોટલા તે પતિના જ ભોગવતી હોવા છતાં ખરેખર તેની પત્ની નથી. તેવી જ રીતે મારી પર્યાયમાં રાગાદિ ઉત્પન્ન થતા હોવા છતાં મારી સામું ક્યારેય તેણે જોયું જ નથી, મારો સંગ તેણે કદી કર્યો જ નથી, તેણે સદાય પરનો જ સંગ કર્યો હોવાથી, ભલે આગમદૃષ્ટિએ રાગાદિ મારા જ છે તોપણ રાગાદિએ મારો સંગ કર્યો જ ન હોવાથી ખરેખર એક સમયની પર્યાયમાં જણાતા રાગાદિ મારા છે જ નહીં! માટે મારી

વર્તમાન પર્યાય અને અરિહંતની વર્તમાન પર્યાય રાગરહિતપણે સમાન જ છે—એમ નિઃશંકતા કરવી એ પ્રયોજનસિદ્ધિનો ઉપાય છે.

આટલું સમજવા છતાં, પોપટ ભૂંગળી પકડીને ઊંધો લટકે છે ત્યારે જો ભૂંગળી છોડીને ઊડી જાય તો આકાશમાં નિર્ભયપણે વિચરી શકે—ઊડી શકે, પરંતુ ભૂંગળી છોડતાં ભય લાગે છે કે નીચે પડી જઈશ તો? તેમ મારા દ્રવ્યસ્વભાવમાં તો રાગાદિ છે જ નહીં પણ મારી પર્યાયમાં પણ રાગાદિ નથી—જે રાગાદિ જણાય છે તે તો જેના લક્ષે છે તેના તે છે, મારી સામે જોઈને રાગાદિ થયા જ ન હોવાથી રાગાદિ મારામાં છે જ નહીં—એમ નિઃશંક થવાને બદલે, અરે! એક સમયની પર્યાયમાં તો છે ને! —એમ ભયભીત પોપટની માફક ભૂંગળી નહીં છોડવાની જેમ વર્તમાનમાં રાગાદિ હોવાનું નહીં છોડતો થકો, વર્તમાનમાં જ પરમાત્મા છું એવા પ્રયોજનની સિદ્ધિ પ્રાપ્ત કરવા અસમર્થ રહ્યો છો.

પૂજ્ય સોગાનીજીને પૂજ્ય ગુરુદેવશ્રીના એક જ સદુપદેશથી કે 'જ્ઞાન ને રાગ ભિન્ન છે'—તેની ધૂન ઊપડતાં સમ્યગ્દર્શન થયું હતું. જ્ઞાન ને રાગ ભિન્ન છે એનો અર્થ એવો તો ન જ કર્યો હોય ને કે જ્ઞાયકસ્વભાવથી રાગાદિ ભિન્ન છે ને મારી વર્તમાન પર્યાયમાં રાગાદિ હોવાથી પર્યાયમાં અભિન્ન છે! અરે! મારા સ્વભાવમાં રાગાદિ છે જ નહીં, હોઈ શકે જ નહીં—એમ અંદરથી મહિમાપૂર્વક જોર ઉછળતાં, રાગાદિનો મારામાં સર્વથા અભાવ છે, ત્રણેય કાળ અભાવ છે—એમ ભિન્નતાની ધારા ઉપડતાં ભેદજ્ઞાન પ્રગટે છે.

ભાઈ! કપૂતને ઘરમાંથી કાઢવો હશે તો, મેં નવ માસ મારા પેટમાં રાખ્યો તો હતો ને! મેં ઉછેર્યો તો હતો ને!—એમ યાદ કરવાનું પણ માતાએ ભૂલવું પડશે. તેમ રાગાદિ મારા સ્વભાવમાં તો નથી પણ મારી વર્તમાન પર્યાયમાં પણ નથી—એમ નિઃશંકતાપૂર્ણ જોર આવ્યા વિના કાર્યની પ્રાપ્તિ સંભવતી નથી, માટે હે ભાઈ! નિઃશંક થા, તારામાં રાગાદિ છે જ નહીં, હતા જ નહીં ને હવે હશે પણ નહીં એમ મુદિત થા.

જેઓ આગમના અભ્યાસપૂર્વક અધ્યાત્મના ઊંડા ન્યાયોના આસ્વાદ માટે મથ્યા રહેતા હોવાથી જેમને સ્વચ્છંદ થવાનો લેશમાત્ર અવકાશ નથી તેવા ભવ્યજીવોને અનેક આચાર્યોએ અનેક શાસ્ત્રો દ્વારા એક જ વાત સમજાવી છે કે તું વર્તમાનમાં જ સિદ્ધ છો, સર્વજ્ઞ છો, તારામાં ને સિદ્ધમાં કાંઈ ભેદ ન પાડ! શ્રી ધર્મદાસ ક્ષુલ્લકજી તો કહે છે કે જો તું સિદ્ધથી એક સમયમાત્ર ખસ્યો તો ગયો મિથ્યાત્વમાં! પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે "તું સિદ્ધની નાતનો ને જાતનો જ છો, જે સિદ્ધમાં તે તારામાં, જે નહીં સિદ્ધમાં તે નહીં તારામાં." સિદ્ધની વર્તમાન પર્યાયમાં શું રાગાદિ છે? તો તારી પર્યાયમાં રાગાદિ

ક્યાંથી હોય?–એમ રાગાદિનો તીવ્ર નિષેધ નહીં આવે ત્યાં સુધી તેની ભિન્નતા ભાસવી અસંભવિત છે.

'પરમાગમ ચિંતામણિ'ના શરૂઆતમાં અનેક બોલમાં તો અનેક આચાર્યોએ એકધારા પર્યાયમાં રાગાદિના હોવાપણાને યાદ કર્યા વિના એક જ વાત કહી છે કે : "જે સિદ્ધ ભગવાન દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ રહિત છે, કેવળજ્ઞાનાદિ અનંતગુણોથી પૂર્ણ છે તે જ હું સિદ્ધ છું, નિત્ય છું, એક છું અને નિરાલંબી છું." (શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા-૨૭). "ભલે ૧૧ અંગ સુધીના શાસ્ત્રો હંમેશા ભણ્યા કરે પણ જે આત્મતત્ત્વનો બોધ નથી કરતો તથા જિનદેવ સમાન નિજાકારને પોતામાં નથી દેખતો, તે જીવ કલ્યાણ-પ્રાપ્તિને માટે યોગ્ય નથી." (શ્રી નેમિશ્વર વચનામૃત શતક, શ્લોક-૫૨). "જોકે શુદ્ધોપયોગ લક્ષણવાળુંક્ષાયોપશમિકજ્ઞાન મુક્તિનું કારણ થાય છે તોપણ ધ્યાન કરનાર પુરુષે 'નિત્ય સકલ નિરાવરણ, અખંડ, એક, સંપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન જેનું લક્ષણ છે એવું પરમાત્મસ્વરૂપ તે જ હું છું, ખંડજ્ઞાનરૂપ (-રાગાદિરૂપ) નહીં–એવી ભાવના કરવી." (શ્રી નેમિચંદ્રસિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૩૪). –ઈત્યાદિ કહીને તારામાં ઓછપ-અધૂરાશ કે વિપરીતતા વર્તમાનમાં પણ નથી એવો તું છો એમ ઘૂંટાવ્યું છે. માટે, જેમ અંજન ચોરે સેંકડો છરા ભોંકાવાનો ડર છોડીને નિર્ભયપણે સીકું કાપ્યું હતું એમ તું પણ મારામાં રાગાદિ છે જ નહીં એમ નિઃશંકપણે આરાધના કર—એમ જ્ઞાનીઓ આપણને સમજાવે છે.

જ્ઞાનીઓ દ્વારા આટ-આટલું સમજાવવા છતાં હજી ઊંડે ઊંડે એમ રહ્યા કરે છે ને! કે પણ એક સમયની મારી પર્યાયમાં રાગાદિ છે તો ખરા ને! ચોવીશે કલાક રાગાદિ હોવાનો અનુભવ થતો હોવા છતાં તે છે જ નહીં—એમ વિશ્વાસ કેમ ઊપજે?–કે જે છે તેને નથી માનવો–અનુભવવો એ જ તો તારા સામર્થ્યની બલિહારી છે. તને જે 'છે' એમ અનુભવાય છે ને!–એ તો ભ્રમથી ઊપજેલો ભાવ છે, સંયોગી ભાવ છે, વાસ્તવિક ભાવ નથી. કઈ રીતે?–કે પ્રત્યેક સમયે જ્ઞાનનો ઉપયોગ પોતાના સ્વપરપ્રકાશકપણે ઉત્પન્ન થાય છે અને તે જ સમયે તે જ ક્ષેત્રે કર્મનો ઉદય પણ ઉત્પન્ન થાય છે. કર્મના એ સમયના ઉદયમાં રાગાદિનું ઊપજવું થાય છે અને તે વખતે ઉપયોગ પોતાના પરપ્રકાશકપણામાં કર્મના રાગાદિસંબંધી જ્ઞેયાકારરૂપ પોતાના જ્ઞાનાકારને જાણતો પરિણમે છે અને તે અનેકાકારને જાણવાની સાથે પોતે પણ તે-રૂપે–રાગાદિરૂપે હોવાનું ભ્રમથી માને છે. જેમ અરીસામાં ચકલીનું પ્રતિબિંબ દેખતા ભ્રમથી પોતાના જેવી ચકલી હોવાનું તે માની લે છે તેમ.

આમ, ઉપયોગમાં જણાય છે કે કર્મના રાગાદિસંબંધી પોતાનો જ્ઞાનાકાર અને ભ્રમથી માને છે કે રાગાદિ મારામાં છે, મારા છે, તેથી હું રાગી છું ઈત્યાદિ તોપણ એ રાગાદિ કર્મના ઉદયના લક્ષે થતા હોવાથી, જેના લક્ષે—જેના સંગે જે ભાવ ઊપજે તે ભાવ તેનો જ હોય એ ન્યાયે, રાગાદિ જીવના નહીં હોવાનું સિદ્ધ થતાં, મારી એક સમયની પર્યાયમાં છે તો ખરાને!—એ ક્યાં રહ્યું?

વળી, શ્રી સમયસારની ૧૪ મી ગાથામાં તો કહ્યું કે બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચેય ભાવો સંયોગદૃષ્ટિથી જોતા ભૂતાર્થ દેખાવા છતાં સ્વભાવ-સમીપ જઈને જોતાં એટલે કે સ્વભાવદૃષ્ટિથી જોતાં તે સર્વે ભાવો સંયોગરૂપ હોવાથી અભૂતાર્થ છે અને શ્રી બૃહદ્દ્રવ્યસંગ્રહની ગાથા-૪૮માં તથા શ્રી કળશટીકાના કળશ ૩૭ અને ૨૭૪મા તો રાગાદિની હયાતીને જ નિષેધી છે. આમ, બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચેય ભાવો અભૂતાર્થ હોવા છતાં મારી પર્યાયમાં છે તો ખરા ને?—એ ક્યાં રહ્યું? જીવ-અજીવ અધિકારમાં તો વર્ણાદિ પુદ્‌ગલની જેમ રાગાદિને પણ પુદ્‌ગલમય કહીને અજીવ કહ્યા હોવાથી, જીવની પર્યાયરૂપ ન હોવાથી, એક સમયની પર્યાયમાં છે તો ખરા ને!—એ વાત ક્યાં રહી?

આમ, રાગાદિ રહિત ત્રિકાળ શુદ્ધ સ્વભાવનું લક્ષ કરાવવાના પ્રયોજનની સિદ્ધિ અર્થે, શ્રી સમયસારની અનેક ગાથાઓમાં રાગાદિને પુદ્‌ગલમય હોવાનું કહીને, જીવથી જુદો-ભિન્ન હોવાનું સમજાવ્યું હોવાથી, મારી એક સમયની પર્યાયમાં છે તો ખરા ને?—એ વાતનો નિષેધ થાય છે. પર્યાયમાં કષાય હોવા છતાં કષાયરહિત છું, રાગાદિ હોવા છતાં રાગાદિ રહિત છું—એટલી હદે નિષેધ આવ્યા વિના, રાગાદિ રહિત ત્રિકાળ શુદ્ધ સ્વભાવ-સામર્થ્યનો મહિમા ભાસતો નથી અને સ્વભાવ-સામર્થ્યના મહિમા વિના પ્રયોજનની સિદ્ધિ સંભવતી નથી. તેથી, હું પણ અરિહંતદેવના દ્રવ્ય-ગુણ-પર્યાયની જેવો દ્રવ્ય-ગુણ-પર્યાયે સમાન હોવાથી રાગાદિ રહિત છું એમ નિઃશંક નિર્ણય કરવો જોઈએ.

શ્રી સમયસારની શરૂઆતમાં જ ત્રીજી ગાથામાં આચાર્યદેવ કહે છે કે અનાદિથી રાગાદિરૂપ પરસમયપણું હતું તેનો નાશ કરીને રાગાદિના અભાવરૂપ શુદ્ધતા—સ્વ-સમયપણું પ્રાપ્ત કર્યું છે—એવો જીવ લોકમાં સર્વત્ર સુંદર છે ને?—કે ના, કેમ?—કે સ્વસમયપ્રાપ્ત જીવ ભૂતકાળમાં પરસમયરૂપ હતો એટલું લાંછન તો રહ્યું ને? ભલે વર્તમાનમાં સ્વસમયરૂપ હો પરંતુ ભૂતકાળમાં તે જીવ પરસમયરૂપ હતો ને!—માટે એ જીવ લોકમાં સર્વત્ર સુંદર નથી. તો કેવો જીવ સુંદર છે?—કે જીવને પુદ્‌ગલકર્મનો સ્પર્શ જ થયો ન હોવાથી, તેને પરસમયપણું જ સંભવતું ન હોવાથી, પરસમયના નાશપૂર્વક સ્વસમયપણું પ્રગટ કર્યું—એવું

દ્વિવિધપણું જ જ્યાં સંભવતું નથી એવો જીવ તે લોકમાં સર્વત્ર સુંદર છે અર્થાત્ ભૂતકાળમાં રાગાદિ હતા—પરસમયરૂપ હતો—એ જીવ લોકમાં સુંદર નથી પરંતુ જે જીવ પરસમય—સ્વસમયપણાથી રહિત ત્રિકાળ શુદ્ધ છે તે લોકમાં સર્વત્ર સુંદર છે.

ઉપરોક્ત ત્રીજી ગાથામાંથી એમ ફલિત થયું કે ભૂતકાળમાં જેની વર્તમાન પર્યાયમાં રાગાદિ હતા તે જીવ લોકમાં સુંદર નથી અર્થાત્ સ્વભાવમાં રાગાદિ નથી તોપણ વર્તમાનમાં જેની પર્યાયમાં રાગાદિ છે એવો જીવ આરાધ્ય નથી. બીજી રીતે કહીયે તો વર્તમાનમાં મારામાં રાગાદિ હોવારૂપ માનનાર લોકમાં સર્વત્ર સુંદર છે એવા જીવના યથાર્થ સ્વરૂપને જ સમજતો નથી, માનતો નથી.

હજી પણ સંશય ઉપજી શકે કે—પણ આ રાગાદિ વર્તમાનમાં છે તો ખરા! તો તેના નિરાકરણ માટે સ્ફટિકના દૃષ્ટાંતથી વિચારીએ. સ્ફટિક સ્વભાવથી તો સદાય નિર્મળ જ છે, તેની વર્તમાન ચમક છે તેમાં લાલ-લીલી ઝાંય ઝલકે છે માટે વર્તમાન અશુદ્ધતા ખરી ને? ભાઈ! સ્ફટિકની વર્તમાન ચમકનું સ્વરૂપ સમજવા જેવું છે. વર્તમાન ચમક સ્ફટિકની નિર્મળતાને પ્રકાશે છે અને સ્ફટિક જેના સંગમાં રહ્યો છે એવા લાલ-લીલા ફૂલોને પણ પ્રકાશે છે. ચમકનું સ્વરૂપ માત્ર પ્રકાશવું—પ્રસિદ્ધ કરવું એટલું જ છે, નહીં કે પ્રકાશ્ય ફૂલોના રંગરૂપે સ્વયં પરિણમવું! ભલે લાલ-લીલી ઝાંય તેની ચમકમાં પ્રસરી ગઈ હોય તેવું દેખાય છે અને તેવું દેખાતા અબુધ બાળકને ચમક તો શું!—આખો સ્ફટિક જ રંગીન ભાસે છે અને તેવું ભાસવું તે જ બાળકનું અજ્ઞાન છે, કેમકે ન તો સ્ફટિક રંગીન થયો છે કે ન તો તેની વર્તમાન ચમક રંગીન થઈ છે. તો શું થયું છે?—કે ચમકમાં દેખાતી રંગીન ઝાંય એ ચમકની નિર્મળતા જ છે, તે રંગીન ચમક નથી. તેથી પારખું ઝવેરી ચમકની શુદ્ધ લાલાશ દેખીને સ્ફટિકની ચમક અત્યંત શુદ્ધ હોવાનું સમજીને તે આખો સ્ફટિક અત્યંત નિર્મળ હોવાનું સમજે છે.

તેવી જ રીતે જીવના સ્વભાવમાં રાગાદિ અશુદ્ધતા ન હોવાથી સ્વભાવ તો સદાય શુદ્ધ જ છે. પરંતુ વર્તમાનમાં રાગાદિ દેખાય છે ને?—કે એ રાગાદિ જેમાં દેખાય છે તે જ્ઞાન-ઉપયોગનું સ્વરૂપ સમજવું જરૂરી છે. જીવની વર્તમાન પર્યાયમાં જે જ્ઞાન-ઉપયોગ છે તેનું કાર્ય શું છે?—કે તે ઉપયોગ જીવની પ્રસિદ્ધિ કરે છે અને જીવ જેના સંગમાં રહ્યો છે એવા કર્મોદયભાવને—કર્મના રાગાદિ ભાવને પ્રસિદ્ધ કરે છે પરંતુ ઉપયોગ સ્વયં રાગાદિરૂપ પરિણમતો નથી, ભલે રાગાદિ જાણે કે ઉપયોગમાં વ્યાપી ગયા હોય તેમ જણાય તોપણ ઉપયોગ તો જ્ઞાનમય હોવાથી રાગાદિરૂપ થતો જ નથી. જો ઉપયોગ સ્વયં રાગાદિમય થઈ જાય તો ઉપયોગનું સ્વ-પર પ્રકાશવું જ નાશ પામે. તેમ છતાં અજ્ઞાનીને ઉપયોગ જેને પ્રસિદ્ધ

કરે છે એવા કર્મના ઉદયના રાગાદિરૂપ જ હોવાનું પ્રતિભાસે છે અને આવો પ્રતિભાસ જ સંસારનું બીજ છે એમ અમૃતચંદ્રાચાર્યદેવ પુરુષાર્થસિદ્ધિની ૧૪મી ગાથામાં કહે છે. એટલે તેનો અર્થ એ થયો કે વર્તમાન પર્યાયમાં ઉપયોગ જ વર્તી રહ્યો છે અને અજ્ઞાનીને લાગે છે કે રાગાદિ મારી વર્તમાન પર્યાયમાં વર્તે છે!

શ્રી સમયસારના બંધ-અધિકારમાં અજ્ઞાની કર્મથી કેમ બંધાય છે તે વિસ્તારથી દૃષ્ટાંતોપૂર્વક સમજાવતા કહ્યું છે કે ઉપયોગભૂમિમાં રાગાદિનું એકત્વ કરતો થકો અજ્ઞાની કર્મબંધનને પામે છે. વર્તમાન પર્યાયમાં ઉપયોગમાં રાગાદિ જણાતા મારામાં રાગાદિ છે, હું રાગી છું એવી મિથ્યા માન્યતા વડે અજ્ઞાની બંધાય છે. તેનો અર્થ કે વર્તમાન પર્યાયમાં જણાતા રાગાદિ જો પોતાના હોત, પોતામાં હોત તો તેની સાથે ઐક્યપણું કરવાથી બંધ ન થાત, પરંતુ બંધ થાય છે કેમકે વર્તમાન પર્યાયમાં રાગાદિ નથી છતાં માને છે કે મારામાં છે. તેથી એમ ફલિત થયું કે જેમ સ્વભાવમાં રાગાદિ નથી તેમ વર્તમાન પર્યાયમાં પણ રાગાદિ નથી એવા 'રાગાદિ રહિત ભગવાન આત્મા'માં દૃષ્ટિપૂર્વક અહમ્‌પણું કરવું.

સૂક્ષ્મ ભેદજ્ઞાનપૂર્વક વિચારીએ તો વર્તમાન પર્યાયમાં જણાય છે ઉપયોગનો પરસંબંધી અનેકાકાર—કર્મના ઉદયના રાગાદિસંબંધી જ્ઞેયાકાર પરંતુ અજ્ઞાનવશ માને છે એમ કે મારી પર્યાયમાં રાગાદિ હોવાથી હું રાગી છું ઇત્યાદિ. તેથી અહીં કહે છે કે જેમ સ્વભાવમાં રાગાદિ નથી તેમ પર્યાયમાં જાણવું ને પરિણમવું એ સિવાય કર્મજનિત રાગાદિ પણ નથી—એવો હું સદાય શુદ્ધ છું એમ નિઃશંક નિર્ણય કરવો.

જ્યાં સુધી શુદ્ધોપયોગ અંતર્મુહૂર્તથી વિશેષકાળ સુધી સ્વભાવમાં લીન નથી થઈ શકતો ત્યાં સુધી જીવને પોત-પોતાની ભૂમિકા અનુસાર વ્યવહાર હોયા વિના નહીં રહેવા છતાં, વ્યવહાર હોતો થકો દુષ્ટ, અનિષ્ટ ને ઘાતક હોવાથી વિષય-કષાયની માફક જ ત્યાજ્ય છે એવો તીવ્ર નિષેધ જ્ઞાનીના જ્ઞાનમાં વર્તતો હોય છે, તેવી જ રીતે રાગાદિ કોઈ પણ પ્રકારે મારામાં હોઈ જ ન શકે એમ જ્ઞાનમાં તીવ્ર નિષેધ થયા વિના રાગાદિથી ભેદજ્ઞાન થવું સંભવતું નથી. માટે એકવાર તો આગમજ્ઞાનને જ્ઞાનમાં ગર્ભિત રાખીને, મારા સ્વભાવમાં જેમ રાગાદિ અશુદ્ધતા નથી તેમ મારી પર્યાયમાં પણ રાગાદિ અશુદ્ધતા નથી એવો દૃઢ નિઃશંક નિર્ણય કરવો જોઈશે.

નિશ્ચયનયના વિષયને ગ્રહણ કરવારૂપ પ્રયોજનસિદ્ધિના ઉપાય તરીકે, શ્રી સમયસારજીની ૧૧મી ગાથામાં કહ્યું કે વ્યવહારનયનો વિષય (—રાગાદિ પર્યાયમાત્ર) હોવા છતાં તેને એટલી હદે ગૌણ કરવો કે જાણે તે વિષયની હયાતી જ ન હોય!—આટલી હદે

નિષેધ કરવાથી તે હેયરૂપ થતાં પ્રયોજનની સિદ્ધિ ઉપલબ્ધ થાય છે અર્થાત્ આટલી હદે રાગાદિનો નિષેધ કરવાનો હોય ત્યાં રાગાદિ મારી પર્યાયમાં છે તો ખરી ને ?—એ વાત ક્યાં રહી ?

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે "તું પરમાત્મા છો એમ નક્કી કર !" પણ સાહેબ ! પામરતા—રાગાદિ-અશુદ્ધતા ટાળીને પછી પરમાત્મા છું એમ નક્કી કરું ને ?—કે પામરતા હોવા છતાં પરમાત્મા છું એમ નક્કી કરવું ? ભાઈ ! પામરતા-રાગાદિ ટળી ગયા પછી પરમાત્મપણું જ પ્રગટ હોવાથી 'હું પરમાત્મા છું' એમ નક્કી કરવાનું જ ક્યાં રહ્યું ? પામરતા-રાગાદિ અશુદ્ધતા વખતે જ પરમાત્મા છું એમ નકકી કરવાનું છે, તને વર્તમાનમાં જે પામરતા-રાગાદિ જણાય છે ને ! તે તો પરના લક્ષે—પરના સંગે થયેલી પરની-કર્મની-પાડોશીની પામરતા-રાગાદિ અશુદ્ધતા હોવાથી તું પામર છો જ નહીં, માટે વર્તમાનમાં તું પરમાત્મા છો એમ નક્કી કર—એમ કહીને વર્તમાનમાં રાગાદિ પામરતા તારામાં છે જ નહીં, જેમ સ્વભાવમાં નથી તેમ.—એમ નક્કી કરવાનું કહેલ છે.

હજી પણ એક પ્રશ્ન ઊઠવો સંભવિત છે કે આપણે ત્રિકાળી દ્રવ્યસ્વભાવના આલંબનનો પુરુષાર્થ કરીએ છીએ અને એ પુરુષાર્થમાં પર્યાયમાત્રની ગૌણતારૂપ નિષેધ તો સહજ હોય છે, તો પછી મારી વર્તમાન પર્યાયમાં રાગાદિ નથી—એવી ચર્ચા-વિચારણાની શું જરૂર છે?

જેમ પૂજ્ય સોગાનીજી કહે છે કે અજ્ઞાની પરિણામમાં બેસીને એટલે કે અહમ્‌પણું રાખીને અપરિણામીનું ઘૂંટણ કરે છે એટલે દૃષ્ટિમાં અપરિણામીનો સ્વીકાર આવતો નથી, તેમ મારી વર્તમાન પર્યાયમાં રાગાદિ હોવાથી હું રાગી છું તેવો અભિપ્રાય રાખીને ત્રિકાળી દ્રવ્યસ્વભાવના આલંબનનો પુરુષાર્થ કરતા હોવાથી 'મૈં હી પરમાત્મા હૂં' —એવો નિર્ણય થતો ન હોવાથી, મારી પર્યાયમાં પણ રાગાદિ નથી—તેની ચર્ચા-વિચારણા યથાર્થ નિર્ણય માટે જરૂરી છે, કેમકે જ્યાં સુધી વિષ્ટાની ગોળી નાકમાં રાખીને ગુલાબના ફૂલની સુગંધ માણવાનો પ્રયત્ન કરવામાં આવશે ત્યાં સુધી વિષ્ટાની દુર્ગંધ જ માણવી પડે છે!

અહીં એક વાત સમજવી જરૂરી છે કે 'રાગાદિ રહિત ભગવાન આત્મા'ની જે ચર્ચા વિચારણા કરી છે તે માત્ર પ્રયોજનસિદ્ધિની મુખ્યતાપૂર્વક કરેલી છે. તેથી કાંઈ જ્ઞાનમાં રહેલી વાત—વર્તમાન પર્યાયમાં રાગાદિ છે તે વાત કાંઈ અપ્રમાણિક કે અમાન્ય થઈ જતી નથી. પર્યાયમાં રાગાદિ છે અને તેનાથી ભેદજ્ઞાનના ઉપાયરૂપે દૃષ્ટિપ્રધાન શૈલીથી ઉપરોક્ત

વિચારણા કરી છે, તેથી બીજી અપેક્ષાનો—જ્ઞાનપ્રધાન શૈલીવાળી વાતનો અહીં ઉલ્લેખ એટલે નથી કર્યો કે બીજી અપેક્ષા યાદ કરવા જતાં પ્રયોજનભૂત વાતનું વજન તૂટી જાય છે.

વળી, જેમ એન્જિનીયર થયેલ વ્યક્તિને ૧+૧=૨ આદિ બાળપોથીના અંકગણિતને યાદ કરવાની જરૂર નથી હોતી, કેમકે એ તો એના પાયામાં છે જ, પરંતુ એન્જિનીયરીંગને લગતા અંકગણિતમાં, પાયાના અંકગણિતને યાદ કરવા જતાં, જરૂરી ગણતરીમાં ક્ષતિ ઊભી થાય છે, બાધા પહોંચે, તેથી ૧+૧=૨ વાળા પાયાનું અંકગણિત જાણે કે એન્જિનીયરીંગને લગતા ગણિતમાં છે જ નહીં—એટલા અંશે ગૌણ કરવું પડે છે, ભૂલવું પડે છે એટલે કે જ્ઞાનમાં હોવા છતાં પ્રયોજનસર તેને યાદ પણ ન કરવાનું હોય.

તેવી જ રીતે હું રાગાદિ રહિત ભગવાન આત્મા છું—એવા નિર્ણયે પહોંચવા માટે મારી વર્તમાન પર્યાયમાં રાગાદિ છે એનું જ્ઞાન હોવા છતાં જાણે કે મારી વર્તમાન પર્યાયમાં રાગાદિ છે જ નહીં એટલી હદે એ પાયાના જ્ઞાનને ગૌણ કરવું પડે છે, ભૂલવું પડે છે કેમકે બીજા પડખાનું જ્ઞાન તો હોવું જોઈએ ને!—એમ બીજા પડખાને યાદ કર્યા કરવાથી મૂળ વિષયનું જોર આવતું નથી એટલે પ્રયોજનસિદ્ધિ થતી નથી.

અનાદિની મિથ્યા માન્યતા છે કે હું રાગી છું ઈત્યાદિ અને તેના નાશનો ઉપાય 'મારી પર્યાયામાં તો રાગાદિ છે ને!'—એમ રાગનો સ્વીકાર ઘૂંટતા રહેવો તે તો ન જ હોય ને! રાગાદિની હયાતીનો જ સંપૂર્ણ નિષેધ આવવો તે તેના નાશનો ઉપાય હોય. તેથી જેમ સૂર્યમાં અંધકારનો સર્વથા અભાવ છે માટે સૂર્યકિરણમાં પણ અંધકાર ન જ હોય તેમ મારા સ્વભાવમાં રાગાદિનો અભાવ છે એ વાત જ્ઞાનમાં આવતાં, મારી પર્યાયમાં પણ રાગાદિનો અભાવ છે એમ જ્ઞાનમાં જોર આવવું જોઈએ. અને તે માટે બીજા પડખાનું જ્ઞાન એટલી હદે ગૌણ કરવું પડશે કે જાણે બીજું પડખું હોય જ નહીં!—આટલું જ્ઞાનમાં જોર આવશે ત્યારે હું રાગી છું એવી મિથ્યા શ્રદ્ધા પલટીને 'રાગાદિ રહિત ભગવાન આત્મા છું'—એમ શ્રદ્ધામાં સ્વીકાર આવતાં, એવો ભગવાન આત્મા તે જ હું છું એમ સમ્યક્ શ્રદ્ધા થશે—અર્થાત્ પ્રયોજનની સિદ્ધિ અર્થે બીજી અપેક્ષાનું—બીજા પડખાનું જ્ઞાન હોતું થકું, અત્યંત ગૌણ કરવાયોગ્ય, હેયરૂપ છે તે વાત ઉપરોક્ત ચર્ચા-વિચારણાના સંદર્ભમાં ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

જેને રાગાદિના નાશનો ઉપાય કરવો છે તેને રાગાદિ છે તો ખરા ને?—એ વિચારવું પડે ખરું! હોય તેના નાશનો તો ઉપાય વિચારે છે, ત્યાં રાગાદિ છે તો ખરા ને!—એ વાતનો અવકાશ જ ક્યાં રહે છે? અરે! જ્યાં દ્રવ્યસ્વભાવનો મહિમા સમજાવવા આચાર્યદેવ એમ

કહેતા હોય કે 'પ્રમત્ત-અપ્રમત્ત રહિત એક જ્ઞાયકભાવ છું'—અર્થાત્ રાગાદિ અશુદ્ધતા તો શું પણ નિર્મળ પરિણતિથી પણ રહિત ભગવાન આત્મા તે હું છું એમ કહેતા હોય ત્યાં વર્તમાન પર્યાયમાં રાગાદિ છે તો ખરા ને!—એનું જ્ઞાન તો હોવું જોઈએ ને! એ યાદ કરવા જેવું પણ ક્યાં રહ્યું?

પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે "શુભ-અશુભભાવ (-રાગાદિ)ને જે મારા માને છે તે ચોર છે, ગુનેગાર છે, અપરાધ છે, જેલમાં જવાને પાત્ર છે."—તો હવે રાગાદિ મારી વર્તમાન પર્યાયમાં છે ખરા ને?—એ વિચારવાનો પણ અવકાશ ક્યાં રહ્યો !

"હું તો રાગના સંગ રહિત છું" (—પૂજ્ય ગુરુદેવશ્રી) સંગ એટલે શું?— કે જુદા જુદા દ્રવ્યોનું ભિન્નપણે સાથે રહેવું તે સંગ. અહીં તો પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે તારામાં રાગાદિ તો નથી પણ તેના સંગથી પણ તું રહિત છો! તો પછી મારી પર્યાયમાં તો છે ને?—એ યાદ કરવા જેવું પણ ક્યાં રહ્યું?

એક સમયની પર્યાયને પોતાની માને છે એ મૂઢ છે, તો રાગની ક્યાં માંડવી?

—પૂજ્ય ગુરુદેવશ્રી

માટે, પ્રયોજનની સિદ્ધિની મુખ્યતાપૂર્વક રાગાદિ મારી વર્તમાન પર્યાયમાં પણ નથી, જે રાગાદિ વર્તમાનમાં જણાય છે તે તો કર્મજનિત હોવાથી તેઓનો સ્વામી-કર્તા-ભોક્તા પુદ્ગલકર્મ છે, હું નથી, માટે રાગાદિ મારા સ્વભાવમાં નથી, તેથી મારી પર્યાયમાં પણ નથી—એવો રાગાદિ રહિત ભગવાન આત્મા તે જ હું છું—એવો અનુભવ કરીએ એ જ ભાવના.

આ આત્મા કર્મકૃત રાગાદિ અથવા શરીરાદિથી સંયુક્ત ન હોવા છતાં પણ અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે અને તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે. —શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ, પુરુષાર્થસિદ્ધિઉપાય, ગાથા-૧૪

(અર્થાત્ મારી વર્તમાન પર્યાયમાં તો રાગાદિ છે ને? —એ અજ્ઞાનીના અજ્ઞાનત્વની પ્રસિદ્ધિ છે.)

હું સિદ્ધ જેવો જ છું અને અરિહંત જેવો જ છું એવા વિશ્વાસમાં શુદ્ધ અસ્તિત્વનું જોર આપ્યું છે. જેવા અરિહંત—સિદ્ધ છે એવો જ હું છું એમ બેની સમાનતામાં શુદ્ધ—અસ્તિત્વના વિશ્વાસનું જોર છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

## તું પરમાત્મા છો એમ નક્કી કર!

**અરેરે! હું તો રાગી છું—એ વાત રહેવા દે ભાઈ!!**
**પર્યાયમાં વિકાર છે એ ભૂલી જા, કેમકે**
**પામરપણું સ્વીકાર્યે પામરપણું કદી નહીં જાય!**

**—પૂજ્ય ગુરુદેવશ્રી**

### રે દુરાત્મન્! હે દુષ્ટ આત્મા!! અરે તું શું માને છો!

રાગાદિને તારી ચીજ માને છો! રે દુરાત્મન્! હે દુષ્ટ આત્મા!! અરે તું શું માને છો! રાગથી ભિન્ન ચૈતન્ય ચમત્કાર તારી ચીજ છે તેને તો તું જાણતો ને માનતો નથી ને રાગાદિને તારી ચીજ માને છો! તારી દૃષ્ટિ મૂઢ છે. ૧.

### રાગના સ્વામીપણે નહીં થવું એ મિથ્યાત્વના ત્યાગની વિધિ છે

મારામાંથી જે નીકળી જાય છે અને પુદ્‌ગલદ્રવ્ય જેનો સ્વામી છે એવા રાગનો સ્વામી હું સદાય નહીં થતો હોવાથી મમત્વહીન છું. રાગના સ્વામીપણે નહીં થવું એ મિથ્યાત્વના ત્યાગની વિધિ છે. ૨.

### સંસાર-અવસ્થા છે ત્યાં સુધી જીવને રાગ સાથે તન્મયપણું છે એમ જ્યાં સુધી જીવ માને છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે

સંસાર-અવસ્થા છે ત્યાં સુધી જીવને રાગ સાથે તન્મયપણું છે એમ જ્યાં સુધી જીવ માને છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે. જો સંસાર-અવસ્થામાં પણ જીવ રાગાદિ સાથે તન્મય થઈ જાય તો જીવ રૂપી થઈ જાય, કેમ કે રાગાદિ અચેતન છે તેને પોતાના માને તો તેણે આત્માને અચેતન માન્યો છે. ૩.

### રાગાદિથી સહિત માનવો એ જ સંસારમાં રખડવાનું નરક—નિગોદનું મહાબીજ છે

દયા-દાન-પૂજા-ભક્તિ, શાસ્ત્ર-વાંચવા, સાંભળવા આદિના શુભભાવો અને ધંધો, સ્ત્રી-પુત્ર, ખાવા—પીવા આદિના અશુભભાવો તે બધા ભાવોથી આત્મા ત્રણે કાળે રહિત હોવા છતાં તેનાથી(-રાગાદિથી) સહિત માનવો એ જ સંસારમાં રખડવાનું નરક—નિગોદનું મહાબીજ છે. ૪.

## રાગ એ મારામાં છે એ દૃષ્ટિ જ મિથ્યા છે

રાગ એ મારામાં છે અને એને મારે ઘટાડવો છે—એ દૃષ્ટિ જ મિથ્યા છે. રાગનો હું કર્તા નથી. રાગ મારાથી ભિન્ન છે. રાગનો હું જ્ઞાતા છું એવી દૃષ્ટિ કરતાં રાગ ઘટી જાય છે. ૫.

## અરે આત્માઓ! તમે રાગી છો એમ ન માનો!

અરે આત્માઓ! તમે સાધારણ છો એમ ન માનો! જેને પૂર્ણ દશા પ્રગટી ગઈ છે એવા સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે અરે જીવો! તમે મારી નાતના ને જાતના પૂર્ણ પ્રભુ છો તેને તમે ઊણો કે હીણો ન માનો. અંતરમાં પૂરણ પ્રભુ છો એમ માનો! ૬.

## પ્રતિજ્ઞા કરો કે પુણ્ય-પાપ મારા નથી

શ્રોતા :—આપ પ્રતિજ્ઞા તો કાંઈ કરાવતા નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પ્રતિજ્ઞા કરો કે પુણ્ય-પાપ(—રાગાદિ) મારા નથી, પરની ક્રિયા હું કરી શકતો નથી, હું તો શુદ્ધ ચૈતન્ય છું, સમ્યગ્દર્શન મારી વસ્તુ છે, પુણ્ય-પાપ મારા નથી. આમ પહેલાં મિથ્યાત્વ ટાળવાની પ્રતિજ્ઞા થાય છે. ભાઈ! એકવાર નિયમ તો લે, સોગંદ તો લે કે આત્માના પૂર્ણ સ્વભાવ સિવાય બીજું કાંઈ મારે ખપતું નથી. ૭.

## શુભ વિકલ્પ તે જ હું તે તો નપુંસકતાથી પણ નપુંસકતા છે

શુભ વિકલ્પને ઉત્પન્ન કરવો એ જ એક તો નપુંસકતા છે અને વળી શુભ વિકલ્પ (—રાગ) તે જ હું તે તો નપુંસકતાથી પણ નપુંસકતા છે. ૮.

## વર્ણાદિ-રાગાદિ પુદ્‌ગલ જ છે

આ અનાદિના અવિવેકના નાટકમાં એટલે કે આનંદનો નાથ ચૈતન્યપ્રભુ આત્મા તથા રાગના એકપણાના અવિવેકના નાટકમાં પુદ્‌ગલ જ નાચે છે, જ્ઞાયકપ્રભુ તો જ્ઞાયકપણે જ રહ્યો છે. વર્ણાદિમાં પુદ્‌ગલ નાચે છે, રાગમાં પુદ્‌ગલ નાચે છે, અભેદ જ્ઞાનમાં પુદ્‌ગલ જ અનેક પ્રકારનું દેખાય છે. જીવ તો અભેદ એકાકાર છે. તેથી વર્ણાદિ-રાગાદિ પુદ્‌ગલ જ છે. ૯.

## મેરેમેં રાગાદિ હૈ હી નહીં, ઐસે અંતરસે નિર્ણય કરના ચાહિયે

મેરેમેં રાગાદિ હૈ હી નહીં, વિકલ્પોંકો મૈં લા સકતા હી નહીં, છોડ સકતા હી નહીં—ઐસે અંતરસે નિર્ણય કરના ચાહિયે. ઐસે ઐસે ઉપર ઉપરસે ન ચલે. ૧૦.

## રાગનું કર્તૃત્વ જ મિથ્યાદર્શન છે

જ્ઞાનમાં ખરેખર તો રાગ જણાય છે ત્યાં અજ્ઞાની માની બેસે છે કે મેં રાગ કર્યો; એ રાગનું કર્તૃત્વ જ મિથ્યાદર્શન છે. ૧૧.

## આત્માને રાગથી જરા મોકળો કરીને સાંભળવું

શ્રોતા :—કેવી રીતે સાંભળવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ...આત્માને રાગથી જરા મોકળો કરીને સાંભળવું. હું સિદ્ધ છું—એવું લક્ષ પ્રથમ કરીને સાંભળવું. આ તો ભાઈ! પરમેશ્વરની વાતો છે. પરમેશ્વર કેમ થવાય એની વાતો છે. ૧૨.

## રાગનો આદર છે તેને પુદ્‌ગલનો જ આદર છે

રાગનો, વ્યવહારનો આદર છે તેને પુદ્‌ગલનો જ આદર છે, પુદ્‌ગલનો પ્રવાહ એની સમીપ રહ્યા જ કરે છે. બાહ્યજ્ઞાનનો આદર કરે છે તે પણ પુદ્‌ગલનો જ આદર કરે છે. એને પુદ્‌ગલની જ સમીપતા રહેશે. ૧૩.

## રાગાદિ અત્યંત ભિન્ન દેખાય છે

શ્રોતા :—જ્ઞાનીને શરીર જેમ ભિન્ન દેખાય છે તેમ રાગાદિ ભિન્ન દેખાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્ઞાનીને શરીરની જેમ જ રાગાદિ ભિન્ન દેખાય છે, અત્યંત ભિન્ન દેખાય છે. ૧૪.

## મિથ્યાત્વના નાશનું કારણ

ભલે રાગાદિ હો પણ રાગથી ને પરથી ભિન્ન એવો વિદ્યમાન આ આત્મા છે તેને શ્રદ્ધવો, એ જ મિથ્યાત્વના નાશનું કારણ ને મોક્ષનું કારણ છે. ૧૫.

## મૈં ચૈતન્ય, રાગકો છુઆ હી નહીં

મૈં ચૈતન્ય, રાગકો છુઆ હી નહીં; અંતરકી દૃષ્ટિમેં રાગકા ત્યાગ હૈ. સંસારકા ઉદયભાવકો આત્મા કભી છુઆ હી નહીં. ઐસી ચીજ કો આત્મા કહતે હૈં. ૧૬.

## જેના જ્ઞાનમાં રાગ દ્વૈત છે, તેને કેવળજ્ઞાન જ થશે

જેના જ્ઞાનમાં રાગ દ્વૈત છે, જુદો છે, અનેક છે, એનાથી ભિન્નતા છે અને ચૈતન્ય એકલો જ છે એ વાત પ્રસન્નતાથી સાંભળે છે તેને કેવળજ્ઞાન જ થશે, મુક્તિ થશે જ. ૨૪.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# હે જીવો! નિઃસંદેહપણે જાણો! રાગાદિ ચિદ્‌વિકાર ચેતન નથી

રાગાદિ ચિદ્‌વિકારને (–ચૈતન્યવિકારોને) દેખી એવો ભ્રમ ન કરવો કે એ પણ ચૈતન્ય જ છે,...તેઓ ચેતન નથી, જડ છે. *—શ્રી સમયસાર, કળશ–૪૪ ભાવાર્થ*

## રાગાદિભાવો જીવના લક્ષણ છે જ નહીં

નિશ્ચયથી વર્ણાદિભાવો—વર્ણાદિભાવોમાં રાગાદિભાવો આવી ગયા—જીવમાં કદી વ્યાપ્તા નથી તેથી તેઓ નિશ્ચયથી જીવના લક્ષણ છે જ નહીં.*—શ્રી સમયસાર, કળશ–૪૨ ભાવાર્થ*

## ચૈતન્યના વિકારો પણ જીવ નથી, પુદ્‌ગલ છે

...પરનિમિત્તથી થતા ચૈતન્યના વિકારો, જોકે ચૈતન્ય જેવા દેખાય છે તોપણ, ચૈતન્યની સર્વ અવસ્થામાં વ્યાપક નહિ હોવાથી ચૈતન્યશૂન્ય છે–જડ છે. વળી, આગમમાં પણ તેમને અચેતન કહ્યા છે...પુદ્‌ગલપૂર્વક થતાં હોવાથી તેઓ (ચૈતન્યના વિકારો) નિશ્ચયથી પુદ્‌ગલ જ છે કેમ કે કારણ જેવું જ કાર્ય થાય છે.

આ રીતે એમ સિદ્ધ કર્યું કે પુદ્‌ગલકર્મના ઉદયના નિમિત્તથી થતા ચૈતન્યના વિકારો પણ જીવ નથી, પુદ્‌ગલ છે. *—શ્રી સમયસાર, ગાથા–૬૮ ભાવાર્થ*

## વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો પુદ્‌ગલની રચના જાણો

અહો જ્ઞાનીજનો! આ વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો છે તે બધાય એક પુદ્‌ગલની રચના જાણો; માટે આ ભાવો પુદ્‌ગલ જ હો, આત્મા ન હો;... *—શ્રી સમયસાર, કળશ–૩૯*

## ગુણસ્થાનપર્યંત ભાવો જીવના નથી

આ વર્ણથી માંડીને ગુણસ્થાનપર્યંત ભાવો સિદ્ધાંતમાં જીવના કહ્યાં છે તે વ્યવહારનયથી કહ્યાં છે; નિશ્ચયથી તેઓ જીવના નથી કારણ કે જીવ તો પરમાર્થે ઉપયોગસ્વરૂપ છે. —શ્રી સમયસાર, ગાથા–૬૦ ભાવાર્થ

## ગુણસ્થાનપર્યંત જે ભાવો છે તે નિશ્ચયથી જીવના નથી

...માટે વર્ણથી માંડીને ગુણસ્થાનપર્યંત જે ભાવો છે તે વ્યવહારથી જીવના છે અને નિશ્ચયથી જીવના નથી એવું (ભગવાનનું સ્યાદ્વાદવાળું) કથન યોગ્ય છે.

*—શ્રી સમયસાર, ગાથા–૫૬*

## રાગમોહાદિક ભાવો (આત્માથી) ભિન્ન છે

જે વર્ણાદિક અથવા રાગમોહાદિક ભાવો કહ્યા તે બધાય આ પુરુષથી (આત્માથી) ભિન્ન છે. —*શ્રી સમયસાર, કળશ–૩૭*

## તે બધાય પુદ્‌ગલજન્ય છે

આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો (વર્ણાદિકથી માંડીને ગુણસ્થાનપર્યંત) છે તે બધાય પુદ્‌ગલજન્ય છે—પુદ્‌ગલના જ છે. —*શ્રી સમયસાર, કળશ–૩૬*

## અશુદ્ધ પર્યાયો પુદ્‌ગલના ચિતરામણ જેવા છે એમ હે જીવો! નિઃસંદેહપણે જાણો

નિશ્ચયથી, વિદ્યમાન ગુણસ્થાન, માર્ગણાસ્થાન, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ઇત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે તે બધાય એકલા પુદ્‌ગલદ્રવ્યનું કાર્ય છે અર્થાત્ પુદ્‌ગલના ચિતરામણ જેવા છે એમ હે જીવો! નિઃસંદેહપણે જાણો. —*શ્રી કળશટીકા, કળશ–૩૯*

## વિભાવ પરિણામો જીવસ્વરૂપથી 'ભિન્ન' છે

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિભાવ પરિણામોને જીવસ્વરૂપથી 'ભિન્ન' કહ્યાં, ત્યાં 'ભિન્ન'નો ભાવાર્થ તો હું સમજ્યો નહિ. 'ભિન્ન' કહેતાં, 'ભિન્ન' છે તે વસ્તુસ્વરૂપ છે કે 'ભિન્ન' છે તે અવસ્તુરૂપ છે? ઉત્તર આમ છે કે અવસ્તુરૂપ છે. તે કારણે જ શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ છે જે જીવ તેને વિભાવ પરિણામ દૃષ્ટિગોચર નથી થતાં, ઉત્કૃષ્ટ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય દૃષ્ટિગોચર થાય છે. —*શ્રી રાજમલ્લજી, કળશટીકા કળશ-૩૭*

## કર્મ દ્વારા ઉપજાવવામાં આવતાં જીવના કષાયાદિક પરિણામ

જીવના કષાયાદિક જેટલા પરિણામ છે તે બધાં ચેતનાને નિમિત્તભૂત કરીને કર્મ દ્વારા ઉપજાવવામાં આવે છે, જેમ કુંભારનું નિમિત્ત પામીને માટીના પિંડ દ્વારા ઘટાદિક ઉપજાવવામાં આવે છે. —*શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, શ્લોક-૩૯*

## તે બધાં ચેતના રહિત અચેતન છે

જે ગુણ કર્મોના ઉદયથી ઉત્પન્ન થયેલાં ઔદયિક છે, કર્મોના ઉપશમજન્ય ઔપશમિક છે તથા કર્મોના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલાં ક્ષાયોપશમિક છે અને જે વિવિધ શાસ્ત્રસમૂહ દ્વારા વર્ણીત થયેલાં છે—અનેક શાસ્ત્રોમાં જેમનું વર્ણન છે—તે બધાં ચેતના રહિત અચેતન છે. —*શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિકાર-૨, શ્લોક-૪૯*

## શરીર અને આત્મા બન્નેને એક માનનાર મોહી જીવો દ્વારા રાગાદિને જીવ કહેવામાં આવે છે

શરીર અને આત્મા બન્નેને એક માનનાર મોહી જીવો દ્વારા આ ગુણસ્થાનને જીવ કહેવામાં આવે છે, પરંતુ ભેદજ્ઞાનમાં નિપુણ વિવેકીજનો દ્વારા નહીં–વિવેકી જીવ તેમને પુદ્‌ગલરૂપ અજીવ બતાવે છે.—*શ્રી અમિતગતિ આચાર્ય, શ્રી યોગસાર પ્રાભૃત, અધિકાર–૨, ગાથા–૩૮*

## રાગાદિકો પર હી સમજો

આત્માસે ભિન્ન જો અજીવ પદાર્થ હૈ, ઉસકે ઉક્ષણ દો તરહસે હૈ; એક જીવસંબંધી, દૂસરા અજીવસંબંધી. જો દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરૂપ હૈ વહ તો જીવસંબંધી હૈ ઔર પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યરૂપ અજીવ જીવસંબંધી નહીં હૈ, અજીવસંબંધી હી હૈ ઈસલિયે અજીવ હૈ, જીવસે ભિન્ન હૈ. ઈસ કારણ જીવસે ભિન્ન અજીવરૂપ જો પદાર્થ હૈં, ઉનકો અપને મત સમજો. યદ્યપિ રાગાદિક વિભાવપરિણામ જીવમેં હીં ઉપજતે હૈં, ઈસસે જીવકે કહે જાતે હૈં, પરંતુ વે કર્મજનિત હૈં, પરપદાર્થ (કર્મ)કે સંબંધસે હૈ, ઈસલિયે પર હી સમજો.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૧, ગાથા-૩૦)

## રાગાદિ અશુદ્ધપણું વિદ્યમાન જ નથી

જીવદ્રવ્યનો સ્વભાવમહિમા અર્થાત્ સ્વરૂપની મોટપ સર્વથી ઉત્કૃષ્ટ છે. કેવો છે મહિમા? આશ્ચર્યથી આશ્ચર્યરૂપ છે. તે શું છે આશ્ચર્ય? વિભાવપરિણામશક્તિરૂપ વિચારતાં મોહ-રાગ-દ્વેષનો ઉપદ્રવ થઈને સ્વરૂપથી ભ્રષ્ટ થઈને પરિણમે છે, એવું પ્રગટ જ છે, જીવનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ચેતનામાત્ર સ્વરૂપ છે, રાગાદિ અશુદ્ધપણું વિદ્યમાન જ નથી.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૨૭૪)

## અજ્ઞાનીને આત્મા કર્મકૃત રાગાદિથી સંયુકત જેવો પ્રતિભાસે છે તે પ્રતિભાસ જ સંસારના બીજરૂપ છે

આ આત્મા કર્મકૃત રાગાદિ અથવા શરીરાદિથી સંયુક્ત ન હોવા છતાં પણ અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે અને તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે.

—*શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ગાથા-૧૪*

## મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો

જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (–ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ) છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો કે—'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું; અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી. કારણ કે તે બધાંય મને પરદ્રવ્ય છે.' —*શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર ટીકા, શ્લોક-૧૮૫*

## જ્ઞાની સંતોની બેસતા વર્ષની બોણી........
# સમ્યગ્જ્ઞાન વિના ચારિત્રનું સેવન સંસાર વધારે છે

✍ પંચ-મહાવ્રતનું પાલન કરવું, ગુપ્તિ-સમિતિઓનું પાલન કરવું, બ્રહ્મચર્ય પાળવું, પરિષહો જીતવા, ચારિત્રનું પાલન કરવું, તપશ્ચરણ કરવું, છ આવશ્યકોનું પાલન કરવું, ધ્યાન કરવું, શાસ્ત્રનો અભ્યાસ કરવો આદિ બધું **સમ્યગ્દર્શન વિના ભવનું બીજ સમજો.**
*(શ્રી કુંદકુંદાચાર્ય, રયણસાર, ગાથા-૧૨૭)*

✍ અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે, તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે—વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે, **તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે** એમ કહે છે. શુભ-અશુભરૂપ કરતૂત(કૃત્ય) નિષેધ્ય અર્થાત્ ત્યજનીય છે. *(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૦૮)*

✍ આગમકે પદોંકો ઔરકા ઔર અર્થ કરકે જિન-આગમકે કથનકો છિપાના ચોરી જાનો તથા આત્મસ્વભાવમેં રમણ ન કરકે **આત્મજ્ઞાન રહિત અનેક વ્રતોંકો પાલના ભી ચોરી હૈ.** *(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૩૫૦)*

✍ જેમ જાણ્યા વિના ઔષધિનું સેવન કરે તો મરણ જ થાય, તેમ **સમ્યગ્જ્ઞાન વિના ચારિત્રનું સેવન સંસાર વધારે છે.**
*(પં. ટોડરમલજી, શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ગાથા-૩૮નો ભાવાર્થ)*

✍ **સમ્યક્ત્વરહિત વ્યવહાર ધર્માચરણ ઘોડેકી લીંદ (લાદ) સમાન** ઉપરસે ભલા ચિકાનાઈ દિખાઈ દેને પર ભી વહ દુર્ગંધયુક્ત હોતા હૈ તથા અંદરસે વહ ચિકના કાંતિયુક્ત નહીં હોતા અતઃ ઉસે ભગવતી આરાધનામેં **સંસારકા કારણ કહા હૈ.**

✍ જેટલું શુભ-અશુભ ક્રિયારૂપ આચરણ અથવા બાહ્યરૂપ વક્તવ્ય અથવા સૂક્ષ્મ અંતરંગરૂપ ચિંતવન, અભિલાષ, સ્મરણ ઈત્યાદિ છે તે સમસ્ત અશુદ્ધત્વરૂપ પરિણમન છે, શુદ્ધ પરિણમન નથી; તેથી બંધનું કારણ છે; મોક્ષનું કારણ નથી. તેથી જેમ કામળાનો સિંહ કહેવાનો સિંહ છે **તેમ આચરણરૂપ (ક્રિયારૂપ) ચારિત્ર, કહેવાનું ચારિત્ર છે, પરંતુ ચારિત્ર નથી, નિઃસંદેહપણે એમ જાણો.**
*(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૦૭)*

✍ મંદકષાયરૂપ ઉપશમભાવ, શાસ્ત્રાભ્યાસરૂપ જ્ઞાન, પાપના ત્યાગરૂપ ચારિત્ર અને અનશનાદિરૂપ તપ તેનું જે મહત્વ છે તે સમ્યક્ત્વ સહિતપણાને લઈને છે. **સમ્યક્ત્વ**

**વિના એ બધું પથ્થરની માફક ભારરૂપ છે.** એ જ ઉપશમ આદિ ભાવો સમ્યક્ત્વ સહિત હોય તો મહામણિ સમાન પૂજનીક થઈ પડે.

*(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૧૫)*

✍ સમ્યક્ત્વના માહાત્મ્યથી જ્ઞાન, તપશ્ચરણ, વ્રત, ઉપશમ, ધ્યાન વગેરે (પૂર્વે) મિથ્યારૂપ હોય તે પણ સમ્યક્ થઈ જાય છે અને તેના (—સમ્યક્ત્વના) વિના એ બધાં ઝેર સહિતના દૂધની જેમ વૃથા છે એમ જાણવું.

*(શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતિદેવ, બૃહદ્-દ્રવ્યસંગ્રહ, ગાથા ૪૧ની ટીકામાંથી)*

✍ જો કે ઔષધિ ગુણકારી હોય છે તોપણ જો તે વિષ-મિશ્રિત થઈ ગઈ હોય તો તે દોષિત થઈ જવાથી તેના સેવનથી મનુષ્યને નુકશાન થાય છે, તેવી જ રીતે **અહિંસાદિ ગુણ જ્યારે મિથ્યાત્વ સહિત હોય છે ત્યારે તે ગુણ હોવા છતાં સંસારમાં લાંબાકાળ સુધી પરિભ્રમણ કરાવવાવાળા દોષોને ધારણ કરે છે.**

*(શ્રી શિવકોટી આચાર્ય, મૂલારાધના, ગાથા-૬૩)*

✍ બુદ્ધિની મંદતાથી આવી આશંકા ન કરવી કે શુભોપયોગ એકદેશથી પણ નિર્જરાનું કારણ થાય છે. કારણ કે **શુભોપયોગ, અશુભને લાવનાર હોવાથી** તે નિર્જરાદિકનો હેતુ થઈ શકતો નથી તથા ન તો તે શુભ પણ કહી શકાય છે.

*(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા ૭૬૨)*

✍ જેઓ અજીવતત્ત્વને કે જે જીવતત્ત્વથી વિધિ દ્વારા વિભક્ત છે તેને યથાર્થરૂપે જાણતા નથી તેઓ ચારિત્રવાન હોવા છતાં—**ચારિત્રનું અનુષ્ઠાન કરવા છતાં પણ તે વિવિક્ત—શુદ્ધ અને નિર્મળ—આત્માને પ્રાપ્ત થતાં નથી** કે જે દોષોથી રહિત છે.

*(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અજીવ અધિકાર, ગાથા-૫૦)*

✍ **મુમુક્ષુ જીવને બાહ્ય છ આવશ્યકક્રિયાઓથી શું ઉપજ્યું?**—અનુપાદેય (—હેય, નાપસંદ જેવું, નહીં વખાણવા જેવું) ફળ ઊપજ્યું એવો અર્થ છે.

*(શ્રી નિયમસાર, ગાથા ૧૪૭માંથી)*

✍ જબતક જીવકો એક પરમ શુદ્ધ પવિત્ર ભાવકા જ્ઞાન નહીં હોતા, તબતક **વ્રત, સંયમ ઔર શીલ યે સબ કુછ ભી કાર્યકારી નહીં હોતે.** *(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૩૧)*

✍ જિસને આત્મજ્ઞાનમઈ **શ્રુતજ્ઞાનકે વિના અનેક પ્રકાર વ્રત, તપ, ક્રિયા કી વહ કેવલ માત્ર કષ્ટકો હી સહતા હૈ** ઉસકા રંજાયમાનપના મિથ્યા ઈન્દ્રિયોંકે વિષયોંમેં હૈ.

*(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૮૮)*

✍ વળી, જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે, **પણ એનું ફળ સંસાર જ છે.** *(શ્રી સમયસાર, ગાથા-૧૧નો ભાવાર્થ)*

✍ જિસકે ભીતર જ્ઞાનસ્વભાવી આત્માકા પ્રકાશ નહીં હૈ ઉસકા વ્રત કરના, તપ પાલના, ક્રિયા કરના, ઉપસર્ગ સહના નિષ્ફલ હૈ. આત્મજ્ઞાન સ્વભાવકે પ્રકાશ બિના **અન્ય અનેક પ્રકાર સર્વ હી ચારિત્ર નિંદાકે યોગ્ય હૈ.**

*(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૨૨૭)*

✍ **સઘળુંય સુકૃત (શુભકર્મ) ભોગીઓના ભોગોનું મૂળ છે.** પરમતત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર ભવથી વિમુક્ત થવા અર્થે તે સઘળાય શુભ કર્મને છોડો અને સારતત્ત્વરૂપ એવા ઉભય સમયસારને ભજો એમાં શો દોષ છે?

*(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૫૯)*

✍ જેમ દુષ્કાર્યના ઉત્પાદક હેતુને દુષ્ટ કહે છે, **તે જ પ્રમાણે અનિષ્ટ ફળદાયી હોવાથી વ્રતક્રિયા ઇષ્ટાર્થરૂપ નથી, પરંતુ અનિષ્ટાર્થ જ છે.**

*(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૫૬૮)*

✍ સર્વજ્ઞ વીતરાગ, જેટલી શુભરૂપ વ્રત-સંયમ-તપ-શીલ-ઉપવાસ ઈત્યાદિ ક્રિયા અથવા વિષય-કષાય-અસંયમ **ઇત્યાદિ ક્રિયા તેને એકસરખી દૃષ્ટિથી બંધનું કારણ કહે છે.** *(પં. શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૦૩)*

✍ એક દિવસમાં સો યોજન ગમન કરવાવાળો પુરુષ પણ જો પોતાના ઈષ્ટ સ્થાનથી એકદમ ઉલટી દિશામાં ગમન કરવા લાગી જાય તો તે કદી પણ પોતાના ઈષ્ટ સ્થાનને પ્રાપ્ત થશે નહિ. તેવી જ રીતે **મિથ્યાત્વથી સહિત અહિંસાદિ ગુણ જેને હોય તેવો પુરુષ પણ કદી મુક્તિપદને પ્રાપ્ત થવાનો નથી.** આ વાત નિશ્ચય સમજવી જોઈએ. *(શ્રી શિવકોટિ આચાર્ય, મૂલારાધના, ગાથા-૫૯)*

✍ દીપચંદજી કહે છે કે સમ્યક્ત્વ વિનાનું આચરણ કરનાર ગામમાં પશુ સમાન છે અને જંગલમાં રોઝ (નીલગાય) સમાન છે. *–પૂજ્ય ગુરુદેવશ્રી*

✍ વ્યવહાર પાપ છે; વ્યવહાર નિશ્ચયથી પાપ છે. *–પૂજ્ય ગુરુદેવશ્રી*

✍ મિથ્યાદૃષ્ટિનું વ્યવહાર-આચરણ પરંપરાએ તેને નરક ને નિગોદમાં લઈ જઈને રહેશે! *–પૂજ્ય ગુરુદેવશ્રી*

✍ વ્યવહારનો લોપ રુચિમાં કર્યા વિના સમ્યક્ત્વ નહીં પ્રગટે લે! *–પૂજ્ય ગુરુદેવશ્રી*

❀

# એક ચિંતન : જ્ઞાની સંતોની બોણીના સંદર્ભમાં—

'સંતોની બેસતાં વર્ષની બોણી'—વાંચ્યા પછી પણ જો કદાચ ઊંડે ઊંડે વિકલ્પ રહેતો હોય કે પૂજ્ય ગુરુદેવશ્રીના દ્રવ્યદષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનરૂપી બીજ માટે ફળદ્રુપ ભૂમિ તો હોવી જોઈએ ને?— તો તે સંબંધી વિચારી શકાય કે :—

ફળદ્રુપ ભૂમિ એ શું છે? શુદ્ધતારૂપ છે કે શુભભાવરૂપ છે? શુદ્ધતારૂપ તો નથી જ એટલે કે શુભભાવરૂપ છે. બીજ માટે ફળદ્રુપ ભૂમિ જોઈએ—એનો અર્થ કે તે જીવ મિથ્યાત્વની ભૂમિકામાં છે અને મિથ્યાત્વની ભૂમિકામાં ગમે તેટલી ઉત્કૃષ્ટ ફળદ્રુપ ભૂમિ હોય તોપણ તે માત્ર સંસારને જ વધારે છે તેમ પંડિત ટોડરમલજીએ કહ્યું. તેનો અર્થ કે સંસાર વધારનાર ભૂમિમાં દ્રવ્યદષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનરૂપી બીજ વાવવાથી તે બીજ સમ્યગ્દર્શનરૂપી વૃક્ષરૂપે ઊગશે ખરું? જો તે બીજ સમ્યક્ત્વરૂપે ફળે તો તો શુભરાગરૂપ વ્યવહારના પોષણ વડે નિશ્ચય રત્નત્રય પ્રગટ થશે એમ સિદ્ધ થશે. એટલે કે 'બોણી'માં જુદાં જુદાં આચાર્ય-સંતોએ જેને દુષ્ટ, અનિષ્ટ ને ઘાતક કહીને વિષય-કષાયની માફક ત્યજનીય કહ્યું એવા વ્યવહાર-આચરણ વડે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે એવી પોતાની અનાદિની મિથ્યા માન્યતા જ ઊંડે ઊંડે પોષાય છે એમ સિદ્ધ થાય છે.

હજી પણ આશંકા રહ્યા કરતી હોય કે,....'પણ ફળદ્રૂપ ભૂમિ વિના બીજ વાવવાથી શું થશે? ફળદ્રુપ ભૂમિ તો હોવી જોઈએ ને?' વાત સાચી કે બીજના વાવેતર માટે ફળદ્રુપ ભૂમિ તો હોવી જ જોઈએ, પરંતુ તત્ત્વજ્ઞાનરૂપી બીજ માટે ફળદ્રુપ ભૂમિ શું હોઈ શકે તે સમજવા જેવું છે. જે વ્યવહાર-શુદ્ધિને ફળદ્રુપ ભૂમિ માનતા આવ્યા હતા તેને તો જ્ઞાનીની 'બોણી'માં તીવ્ર નિષેધી છે, તો ફળદ્રુપ ભૂમિ એટલે શું?

વ્યવહારશુદ્ધિ—વ્યવહાર આચરણ—ફળદ્રુપ ભૂમિ એ ખરેખર તો શુભરાગ છે અને શુભરાગને અશુચિ, વિષકુંભ આદિ કહેલ છે. અશુચિ એટલે શું? ખાતા-ખાતા જેની સ્મૃતિ થઈ જાય તો ઉલટી થાય એવી ગંદકી એટલે અશુચિ! અને વિષકુંભ એટલે ઝેરનો ઘડો! જે ઝેરનું એક ટીપું પણ મરણ માટે પર્યાપ્ત હોય એવા ઝેરનો ઘડો તે ફળદ્રુપ ભૂમિ! શું આવી ફળદ્રુપ ભૂમિ વડે બોધિબીજના ફળની પ્રાપ્તિ થાય ખરી? ચક્રવર્તીના અનાજની ખેતી માટે ભૂમિને ફળદ્રુપ બનાવવા છાણ-વિષ્ટા આદિ ન વપરાય પણ તેને ફળદ્રુપ બનાવવા

હીરા-માણેક આદિની ભસ્મો વપરાય! કેમકે તે ભૂમિમાં ઉગનાર અનાજ ચક્રવર્તીના આહાર માટે હોય છે. તેમ ચૈતન્ય ચક્રવર્તીની અનુભૂતિની પ્રાપ્તિ માટે શુદ્ધાત્માને જાણવાની જિજ્ઞાસા-રુચિ તે એક માત્ર ફળદ્રુપ ભૂમિ હોઈ શકે, નહીં કે વ્યવહાર-આચરણ-વ્યવહાર-શુદ્ધિરૂપ અશુચિ વિષકુંભ તે ફળદ્રુપ ભૂમિ હોઈ શકે! કેમકે પૂજ્ય ગુરુદેવશ્રી તો દાંડી પીટીને કહે છે કે મિથ્યાદૃષ્ટિનું વ્યવહાર-આચરણ (ફળદ્રુપ ભૂમિ) પરંપરાએ એને નરક ને નિગોદમાં લઈ જઈને રહેશે!

ઘણા વર્ષો પહેલાં એક વ્યવહારના રસિયાભાઈએ પૂજ્ય ગુરુદેવશ્રીને પૂછ્યું કે સાહેબ! સમ્યક્ત્વની પાત્રતા શું? (–તે ભાઈને એમ કે વ્યવહાર-આચરણ–વ્યવહારશુદ્ધિ–ફળદ્રુપ ભૂમિ તે પાત્રતા એમ પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી એકવાર આવી જાય તો સારું) પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું કે **'આત્માને જાણવાની જિજ્ઞાસા તે એક જ પાત્રતા છે!'** અર્થાત્ તે સિવાય કોઈ ફળદ્રુપ ભૂમિ આદિ સમ્યક્ત્વ માટેની પાત્રતા નથી.

આચાર્ય અમૃતચંદ્રદેવે શ્રી સમયસારની ગાથા-૬ની ટીકા કરતાં ફળદ્રુપ ભૂમિ કેવી હોય તે બહુ જ માર્મિક ભાષામાં સમજાવી દીધું છે કે ''એવો શુદ્ધાત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ?''–અર્થાત્ **શુદ્ધાત્માનું સ્વરૂપ જાણવાની જિજ્ઞાસા એ જ જરૂરી ફળદ્રુપ ભૂમિ છે.** તે જ વાતને દૃઢ કરાવતાં ગાથા–૧૭-૧૮ની ટીકામાં કહ્યું કે જેને મોક્ષ પામવાની વાંછા–અભિલાષા છે એવા મોક્ષાર્થીએ પ્રથમ તો આત્માને જાણવો. એટલે કે આત્માને જાણવાની પ્રથમમાં પ્રથમ જિજ્ઞાસા હોય તે જિજ્ઞાસા-રુચિ સમ્યક્ત્વરૂપી બીજના વાવેતર માટે ફળદ્રુપ ભૂમિ છે, અન્ય નહીં.

જેને અંતઃકરણથી શુદ્ધાત્માને જાણવાની જિજ્ઞાસા છે એવા મોક્ષાર્થીને જૈનોનો વ્યવહાર સહજપણે સાથે હોઈ શકે છતાં એ વ્યવહાર સમ્યક્ત્વ માટે બિલકુલ સહાયક નથી એવી દૃઢતા વર્તવી જોઈએ. જો જૈનોનો વ્યવહાર રંચમાત્ર સહાયક હોવાનું માનવામાં આવે તો સાતમી નરકના નારકીને ક્યારેય તે વ્યવહારના અભાવમાં સમ્યક્ત્વ જ નહીં થાય! અને જો તે વ્યવહાર સહાયક હોય તો મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી સમ્યક્ત્વ પામી જ જવો જોઈએ! અર્થાત્ જૈનોનો વ્યવહાર બિલકુલ ફળદ્રુપ ભૂમિ નથી એવી નિઃશંકતા હોવી જોઈએ.

જ્ઞાની-સંતોની બેસતાં વર્ષની બોણીના એક-એક બોલનું બહુ ઊંડાણથી મનન-ચિંતન કરવા જેવું છે. ઊંચા પ્રકારના બીજની ખેતી માટે ફળદ્રુપ ભૂમિ હોવી અનિવાર્ય છે—એ લૌકિક દૃષ્ટાંતને ખરેખર તો બોધિબીજની ફળપ્રાપ્તિ માટે વિચારવા જેવું જ નથી. ફળદ્રૂપ ભૂમિ અથવા તો સિંહણ-દૂધ માટે જરૂરી સુવર્ણપાત્ર આદિ શબ્દો જીવને અનાયાસે

વ્યવહારમાં લપસાવનારા ભ્રામક શબ્દો છે, કેમકે એ શબ્દ કાને પડતાં જ વ્યવહાર-શુદ્ધિની અનિવાર્યતા હોવાનો ભ્રમ ઊપજે છે. શ્રી સમયસારમાં તો ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે અનેક ગાથાઓ દ્વારા સ્પષ્ટ ઘોષિત કર્યું છે કે વ્યવહાર છે તે નિશ્ચય વડે નિષિધ છે. શ્રી સમયસારની ૧૧મી ગાથાને તો પૂજ્ય ગુરુદેવશ્રી જૈનદર્શનનો પ્રાણ કહે છે. તે ગાથામાં આચાર્યદેવે વ્યવહારમાત્રને અસત્યાર્થ અભૂતાર્થ કહીને હેય કહ્યો છે. એટલે કે આપણે સમ્યક્ત્વ-બીજ માટે ફળદ્રુપ ભૂમિની—વ્યવહારશુદ્ધિની જે કલ્પના કરીએ છીએ તેને ત્યાં હેય કહ્યો છે. તે જ ગાથાના ભાવાર્થમાં તે ફળદ્રુપ ભૂમિનું ફળ સંસાર જ છે તેમ પંડિત શ્રી જયચંદજીએ કહેલ છે.

અરે ! આચાર્ય અમૃતચંદ્રદેવ તો આશ્ચર્ય પ્રગટ કરતાં અથવા તો ઠપકો આપતા હોય એમ શ્લોક-૧૭૩ (શ્રી સમયસાર)માં કહે છે કે અમને તો એમ લાગે છે કે "પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય જિનદેવે છોડાવ્યો છે" છતાં જીવો એક નિશ્ચયને નિષ્કંપપણે કેમ અંગીકાર કરતા નથી? એટલે કે જિનદેવે સઘળોય વ્યવહાર છોડાવ્યો હોવા છતાં, ફળદ્રુપ ભૂમિના નામે વ્યવહાર-શુદ્ધિ તો હોવી જોઈએ ને! —એમ જિન-આજ્ઞાનો ભંગ કરતાં જીવો કેમ ડરતાં નથી!

બહુ શાંતિથી વિચારણીય વાત છે કે પૂજ્ય ગુરુદેવશ્રી સકલ જૈન સમાજમાં (૧-૨) વ્યવહારથી નિશ્ચયની પ્રાપ્તિ થતી નથી, (૩-૪) નિમિત્તથી ઉપાદાનનું કાર્ય થતું નથી અને (૫) દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ થાય છે—આ પાંચ સિદ્ધાંતો માટે સુપ્રસિદ્ધ થઈ ગયા અને જો આપણે ઊંડે ઊંડે એમ માનતા રહીએ કે ફળદ્રુપ ભૂમિરૂપ વ્યવહારશુદ્ધિ તો હોવી જ જોઈએ તો એનો અર્થ એ થયો કે વ્યવહારથી નિશ્ચયની પ્રાપ્તિ થાય છે એમ, આપણે પૂજ્ય ગુરુદેવશ્રીથી વિપરીત માન્યતા ધરાવતાં થકા, પોતાને ગુરુદેવના અનુયાયી માની રહ્યા છીએ !

સમ્યક્ત્વ-બોધિબીજ માટે વ્યવહાર-આચરણરૂપ ફળદ્રુપ ભૂમિની અનિવાર્યતાની માન્યતા ધરાવનારાના સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ જે ટકોર કરેલી કે મૂળ તો એને ઊંડે ઊંડે વ્યવહારનો પક્ષ છૂટતો જ નથી—આ માર્મિક ટકોરનું ગહન ચિંતન કરવું જરૂરી છે; નહીં તો પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રતાપે દ્રવ્યદૃષ્ટિપ્રધાન તત્વજ્ઞાનનું ફળદ્રૂપ-બીજ જ્ઞાનમાં અવધારીને પણ—દરિયો આખો તરીને ગાયના ખૂરમાં ડૂબી મર્યાની જેમ—ફળદ્રુપ ભૂમિ–સુવર્ણપાત્ર—વ્યવહાર-આચરણની અનિવાર્યતાના વ્યામોહમાં સંસારસમુદ્રમાં ડૂબી મરવાનો વારો આવશે.

જણનારી (માતા)માં જોર હોય તો કાચી-પોચી સૂયાણી હો તોપણ શું! તે માતા બાળકને સહેલાઈથી જન્મ આપીને જ રહે છે. તેમ જેને દ્રવ્યદૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનની ગુરુવાણીની દેશનાના નાદથી “જે પરમાત્મા છે તે જ હું છું તથા જે હું છું તે પરમાત્મા છે. તેથી હું જ મારા વડે ઉપાસવા યોગ્ય છું, બીજો કોઈ ઉપાસ્ય નથી એવી વસ્તુસ્થિતિ છે.” (શ્રી પૂજ્યપાદ આચાર્ય, સમાધિતંત્ર, શ્લોક-૩૧) અર્થાત્ મારા પરમાત્મપણાની ઉપાસના માટે અન્ય કોઈ વ્યવહારશુદ્ધિ—ફળદ્રુપ ભૂમિ બિલકુલ મને સહાયક નથી—એમ અંતરમાં જેને વીર્યની સ્ફૂરણા પ્રગટી છે તે તો શુદ્ધાત્માને જાણવાની જિજ્ઞાસાના જોર વડે બોધિબીજના સમ્યક્ત્વ-ફળને પામીને જ રહે છે અને તેવા મુમુક્ષુને વ્યવહાર-આચરણ—ફળદ્રુપ ભૂમિ પ્રત્યે લલચાઈ જવાનો અવકાશ જ હોતો નથી.

પ્રથમાનુયોગનું વિહંગાવલોકન કરતાં અનેક કથાઓ મળી જશે કે કાલનો મહાપાપી આજનો ભગવાન! ત્રણ દિવસ પહેલાં કુંવારી રાજકન્યાને તલવારના એક ઝાટકે મારી નાખનાર, પોતે મરણથી બચવા મુનિ પાસે જઈને મુનિદીક્ષા ગ્રહણ કરનાર, ત્રીજે દિવસે મોક્ષ! પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે સો ચૂહા મારકે બિલ્લી હજકો ચલી એવી અહીં તો વાત છે! એટલે કે ઘડીક પહેલાં શ્વેતવાહન મુનિના સાતમી નરકને યોગ્ય પરિણામ ને ઘડીક પછી ક્ષપકશ્રેણી માંડીને કેવળજ્ઞાન!!—એવો ભગવાન આત્મા છે કોણ? એને મારે જાણવો છે—એવી તીવ્ર જિજ્ઞાસા જાગવી તે એક માત્ર ફળદ્રુપ ભૂમિ છે એમ નિઃશંકતા થવી તે જ પાત્રતા છે.

સારાંશ :—પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત દ્રવ્યદૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનનું રટણ-ઘોલન-ચિંતન ને પુરુષાર્થ કરવા છતાં કાર્યની સમીપતા નહીં જણાતાં, આટલું કરવા છતાં કાર્ય આવતું નથી માટે કાંઈક ત્રૂટિ રહી જાય છે, ફળદ્રુપ ભૂમિ—વ્યવહારશુદ્ધિ—વ્યવહાર આચરણમાં કચાશ રહી ગઈ હશે! એવી હતાશવૃત્તિ ન થઈ જાય તેની સાવધાની અર્થે સંતોની બેસતાં વર્ષની બોણી બહુ મનનીય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ‘તું પામર નથી પણ વર્તમાનમાં પૂરણ છો, પરમાત્મા છો’—એમ આપણને રટણ કરાવ્યું છે તેથી પરમાત્મપણાની નિઃશંકતા એક માત્ર કર્તવ્યયોગ્ય છે. તે સિવાય ભૂમિશુદ્ધિ આદિ વ્યવહાર કર્તવ્યયોગ્ય તો નથી પણ એવી વાત શ્રવણયોગ્ય પણ નથી—એમ બોણીના સંદર્ભે ગ્રહણ કરવાયોગ્ય છે.

# લૌકિક પ્રમાણિકતાના અભાવમાં આત્મા જ્ઞાનમાં પ્રમાણ થઈ શકે નહીં.

આપણા જેવા ભવ્ય જીવો અનંતવાર સમવસરણમાં જવા પામ્યા, અનંતવાર દિવ્ય દેશનાનું અમૃતપાન પણ પામ્યા—તે આપણું પરમ સૌભાગ્ય ગણાય. તેમ છતાં તે સૌભાગ્ય-પણાનું ફળ કેમ સુલભ બનવા ન પામ્યું તે એક ગંભીર વિચારણીય વિષય ગણી શકાય.

જોકે આપણું એ પરમ સૌભાગ્ય છે કે આવા વિષમકાળમાં આપણને કળિકાળ સર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ અને કળિકાળ ગણધર શ્રી અમૃતચંદ્રાચાર્યદેના કેડાયત ગુરુવર કહાનગુરુદેવનો સત્‌સમાગમ પ્રાપ્ત થયો, તેઓશ્રીની ભવવિનાશીની દેશનાનું શ્રવણ પ્રાપ્ત થવા પામ્યું, તેથી પોતે 'કેવળી આગળ રહી ગયો કોરો' કેમ!—એ વિચારવા, સમજવા આપણે સક્ષમ બન્યા છીએ.

मधुराधिपति सर्वम् मधुरम्—એવા પૂજ્ય ગુરુદેવશ્રીના મોક્ષમાર્ગપ્રકાશક ઉપદેશના પરમ પ્રતાપે આપણે નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત, ક્રમબદ્ધ આદિ જેવા ગહન સિદ્ધાંતોના કોયડાની ગૂંચ ઉકેલવામાં—સમજવામાં અધિકતમ્ સફળ રહ્યા છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આપણને દ્રવ્યની દૃષ્ટિ કેમ થાય તે કળા સમજાવી દીધી છે કે પર્યાય પર્યાયમાં હોવા છતાં પર્યાયને ગૌણ કરીને દ્રવ્યને મુખ્ય કરવાથી તેની દૃષ્ટિ થાય છે. ૪૫-૪૫ વર્ષો સુધી તેઓશ્રીએ આપણને આ વિષય એટલી બધી છણાવટપૂર્વક સમજાવ્યો છે કે તેનું ઘોલન-મનન-ચિંતન કરવાથી આત્માનુભૂતિ થશે જ એવી પ્રસન્નતા ઊપજે છે;.....તોપણ!!

તોપણ કેમ કાર્ય આવતું નથી?—તે ગંભીરપણે સંશોધનીય બાબત છે. જે પર્યાય હોવા છતાં અવિદ્યમાન હોય તેટલી હદે ગૌણ કરવી છે તે પર્યાય હોય કેવી?—તે ક્યારેક વિચારવું જોઈએ. તે પર્યાય કુદેવાદિને માનવારૂપ હોઈ શકે ખરી? તે પર્યાય ગૃહીત-અગૃહીત મિથ્યાત્વના વિવેક રહિત હોઈ શકે ખરી? સામાજિક સમન્વય સાધવા માટે દેશકાળને અનુસાર, જિન-આજ્ઞાથી ઉપરવટ, બાંધછોડ કરવારૂપ તે પર્યાય હોઈ શકે ખરી? ધર્મ-પ્રભાવનાના કાર્યો કરતાં રહેવા છતાં લોક-વ્યવહારમાં કે વ્યવસાયમાં અપ્રમાણિકતારૂપ તે પર્યાય હોઈ શકે ખરી? પર્યાયમાત્રને અવિદ્યમાન હોવારૂપ ગૌણ કરીને હેય જ કરવી છે તો તે પર્યાય ગમે તેવી હોય તો શું વાંધો ?

નિશ્ચય માટે વ્યવહાર અકિંચિત્કર છે; અરે! વ્યવહાર હોતો થકો દુષ્ટ, અનિષ્ટ ને ઘાતક હોવા છતાં, દ્રવ્યાનુસારી ચરણ જ હોય! નિશ્ચયની પ્રાપ્તિ સાથે વ્યવહાર પણ તેને યોગ્ય જ હોય–ગમે તેવો વ્યવહાર હોઈ શકે જ નહીં, ભલે તે અકિંચિત્કર હોય!

પૂજ્ય ગુરુદેવશ્રીએ જૈનજગતમાં શંખનાદ ફૂંકીને સમજાવ્યું છે કે શુદ્ધ સાધ્યની પ્રાપ્તિ માત્ર શુદ્ધ સાધન દ્વારા જ થઈ શકે...પૂર્ણ શુદ્ધ એવા મોક્ષની પ્રાપ્તિ શુદ્ધ મોક્ષમાર્ગ વડે જ થઈ શકે, અશુદ્ધ મોક્ષમાર્ગ વડે નહીં—વ્યવહાર મોક્ષમાર્ગ વડે નહીં અર્થાત્ નિશ્ચયની પ્રાપ્તિ વ્યવહાર વડે થઈ શકે નહીં, તોપણ, જેમ નિમિત્ત અકિંચિત્કર હોવા છતાં નિમિત્તની હાજરી અવશ્ય હોય છે, તેમ ધર્મની સાધનામાં લૌકિક પ્રમાણિકતા આદિ અકિંચિત્કર હોવા છતાં ધર્મના સાધકોના પરિણામમાં લૌકિક પ્રમાણિકતા આદિ અવશ્ય હોય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો સૂક્ષ્મતાથી અભ્યાસ કરવામાં આવે તો વ્યવહાર કર્તવ્યરૂપ છે એવું વજન ન સમજી બેસીએ તેવી રીતે તેઓશ્રી ઈશારારૂપ વ્યવહાર કેવો હોય તે જુદા જુદા દૃષ્ટાંતો વડે પ્રસંગોપાત પ્રવચનોમાં કહેતા રહેતા હતા. જેમકે તેઓ સ્વયં જ્યારે વ્યવસાયમાં જોડાયેલા હતા ત્યારે રેલ્વેમાં સામાનના લગેજચાર્જની ચોરી ન કરવી, વેપારીથી ચોરીછૂપીથી તેના માણસ પાસેથી ઓછા ભાવે સામાનની ખરીદી ન કરાય—ઈત્યાદિ પ્રમાણિકતાના પ્રસંગો વડે (મોક્ષાર્થીને આવી લૌકિક પ્રમાણિકતા તો હોય જ–તેના માટે ઉપદેશની શી જરૂર! તેમ માનવા છતાં) વારકવારે કોઈ કોઈ દૃષ્ટાંત યાદ કરી દેતા હતા કે રાજ્યનો દીવાન રાત્રે રાજ્યનું કામ કરે તો રાજ્યની મીણબત્તી વાપરે ને પોતાનું કામ કરે ત્યારે રાજ્યની મીણબત્તી ન વાપરે—પોતાની ઘરની મીણબત્તી વાપરે. આવી તો પ્રમાણિકતા અન્યમતિમાં પણ હોય અર્થાત્ મોક્ષાર્થીને તો સહજરૂપે હોય જ ને!–એમ માનતા ને કહેતા હતા.

**તેઓશ્રી પ્રમાણિકતા માટે કહેતા કે ''લૌકિક પ્રમાણિકતાના પણ જેને ઠેકાણાં ન હોય એને ધર્મ થઈ જાય ઈ ત્રણ કાળમાં ન બને. અનીતિથી જેને એક પાઈ પણ લેવાના ભાવ છે તેને અનુકૂળતા હોય તો આખી દુનિયાનું રાજ પચાવવાના ભાવ છે.''**

કોઈ વ્યક્તિએ કપડાં ફાટેલાં અને મેલાં પહેર્યાં હોય અને સોનાના ભારે દાગીના પહેર્યાં હોય તો તેના દાગીનાની શોભા નથી, તેમ લૌકિક પ્રમાણિકતા પણ જેનામાં ન હોય તેને ધર્મ શોભતો નથી. ''ધર્મ દાગીના સમાન છે અને નીતિ વસ્ત્ર સમાન છે.''

પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપરોક્ત હૃદયોદ્ગારને ખોલીને વિચારવા જેવું છે. ''લૌકિક પ્રમાણિકતાના પણ જેને ઠેકાણાં ન હોય.''—તે વાતમાં લૌકિક પ્રમાણિકતા સંબંધી પોતાના

હિત માટે તેનો તાગ મેળવવાની જરૂર છે. વર્તમાન ભૌતિકયુગમાં જ્યાં ભોગની પ્રબળતા વર્તે છે, તૃષ્ણા પૂરી કરવામાં પાપનો કોઈ ભય હોતો નથી તેવા યુગમાં અન્યોની પ્રવૃત્તિના સંગમાં પોતાના પરિણામમાં ક્યાંય અપ્રમાણિકતાના છાટાં ઊડ્યા તો નથી ને!–એની સાવધાની રાખવાની જરૂર લાગવી જોઈએ.

સામાન્ય રીતે અભક્ષ્યનું સેવન કરતો ન હોય, રાત્રિભોજન આદિનો ત્યાગ હોય, દેવ-દર્શન આદિ નિયમિત કરતો હોય છતાં 'ધંધામાં તો ખોટું કરવું પડે; અઢળક પૈસા કમાવા હોય તો સત્યવાદી થવું ન પાલવે; પાણીના પૂર કોઈ દી શુદ્ધ જળના જોયા છે? માટે ધંધાના કાર્યને ધરમ સાથે ન જોડાય; ધર્મ-પ્રભાવનામાં પણ પૈસા વાપરીયે જ છીએ ને! ''—ઇત્યાદિ વિચારસરણીથી જીવ છેતરાતો રહેતો હોય તો પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપરોક્ત હૃદયોદ્ગારનું ખૂબ મંથન કરવું જરૂરી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપદેશ પ્રતાપે સામાન્યપણે સર્વેને એક જ ભાવના વર્તતી હોય છે કે મારે ધરમ કરવો છે; તોપણ પોતે કેવી રીતે પોતાના પરિણામ દ્વારા છેતરાતો રહેતો હોય છે તે વિચારવાની જરૂર છે. પૈસાની તૃષ્ણામાં, સામી પ્રમાણિક વ્યક્તિને ભલે નુકશાન થાય, મને તો લાભ થાય છે ને!—એ વૃત્તિ જોર કરતી રહેતી હોવાથી, એ ભૂલી જવાય છે કે મને ૧૦૦ રૂપિયાનું નુકશાન થતું હોય તો ભલે થાય પણ હું સામી વ્યક્તિને ૧ રૂપિયાનું પણ નુકશાન પહોંચાડવાની અપ્રમાણિકતા નહીં કરું!

વ્યવસાય આદિમાં અપ્રમાણિકતા આદિ તો બહુ સ્થૂળ પાપ છે; જીવ વિચારે તો પોતે પણ સમજી શકે તેવું છે. તેવી રીતે ધાર્મિકક્ષેત્રમાં કે ઘરગૃહસ્થીમાં પણ કેવા કેવા પ્રકારે જાણ્યે-અજાણ્યે અપ્રમાણિકતા થઈ જતી હોય છે તે શાંતિથી વિચારવાથી સમજી શકાય તેવું છે.

ધાર્મિકક્ષેત્રમાં અપ્રમાણિકતા એટલે શું?–કે જેમ કે રાવણનો ત્રૈલોક્યમંડન હાથી પૂર્વભવમાં મુનિદશામાં આહાર લેવા ગયો, ત્યાં ગ્રામવાસીઓએ તેને અગાઉના કોઈ વિશેષ તપસ્વી મુનિરાજ સમજીને ઘણી ભક્તિ આદિ કર્યાં; આ મુનિ સમજી ગયા કે મને અન્ય વિશેષ તપસ્વી મુનિરાજ સમજીને વિશેષ ભક્તિ આદિ કરે છે છતા મૌન રહ્યા! ફળસ્વરૂપે ત્રૈલોક્યમંડન હાથી થયા! ધાર્મિકક્ષેત્રમાં અપ્રમાણિકતાનું ફળ તિર્યંચગતિ પામ્યા. તેવી રીતે કોઈ વ્યક્તિનું કોઈપણ પ્રકારનું ધાર્મિકકાર્ય પોતાના નામે પ્રસિદ્ધ કરવું એ તો મૌન રહેવા કરતાં પણ વિશેષ અપ્રમાણિકતા છે. માટે, આવા કોઈપણ પ્રકારોમાં ધાર્મિકક્ષેત્રે અજાણતાં પણ અપ્રમાણિકતા ન થઈ જાય તે માટે સાવધાન રહેવું જરૂરી છે, કેમ કે જો લૌકિક

પ્રમાણિકતાના અભાવમાં આત્મા જ્ઞાનમાં પ્રમાણ થઈ શકતો ન હોય તો ધાર્મિકક્ષેત્રની કોઈપણ પ્રકારની પ્રમાણિકતાના અભાવમાં કેટલાય ભવોપર્યંત આત્મા જ્ઞાનમાં જણાવો અસંભવિત જ હોય ને!

સ્વ. વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈ ચૂસ્ત શાકાહારી હોવાથી તેમને ઈચ્છા ન હોવા છતાં, માંસ-મત્સ્ય-મદિરાના ઉદ્યોગના વિકાસ માટે જે તે ખાતાની રચના અને જે તે ખાતા માટે પ્રધાનોની તેમણે નિમણુંક કરવી પડતી હતી; પોતે ચુસ્ત શાકાહારી હોવા છતાં ઉપરોક્ત કાર્ય દ્વારા થતી હિંસાના પાપમાં તેઓને પૂરેપૂરા ભાગીદાર બનવું પડતું હતું; તેથી, ખરેખર તો તેમણે તેવા પદાધિકારનો ત્યાગ કરી દેવો જોઈએ. આ દૃષ્ટાંતથી પોતે પોતાના માટે ઘણી સાવધાની વિચારવી જોઈએ.

વધુમાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું છે કે "અહીં તત્ત્વની બહુ ઊંચી વાત આવે એટલે હેઠલી વાતનું કાંઈ નહીં એમ ન હોય"—અહીં પૂજ્ય ગુરુદેવશ્રીએ એમ આદેશ કર્યો છે કે અમારી તત્ત્વની ઊંચી વાત સાંભળવાને તો જ તું પાત્ર છો જો તારો લૌકિક વ્યવહાર–વ્યવસાય આદિ ધર્મની શોભા વધારે તેવા હોય. "પાત્ર થવું કઠણ છે. વાતો કરતાં શીખી ગયો એટલે હું સમજી ગયો એમ માને તો એમ નથી. આ તો બાપુ! સમજવું બહુ દુષ્કર છે. કેટલી પાત્રતા...કેટલી સજ્જનતા...કેટલી લાયકાત હોય ત્યારે ઈ સમજવાને લાયક થાય."

"જૈનદર્શનમાં જેવો વ્યવહાર કહ્યો છે એવો વ્યવહાર ન માને તો ઈ નિશ્ચયાભાસી છે અને ઈ વ્યવહારને ધર્મ માને તો ઈ વ્યવહારાભાસી છે."

**"સ્વર્ગમાં જવાને યોગ્ય પરિણામના પણ હજું જેને ઠેકાણાં નથી; મનુષ્યમાં જવાને યોગ્ય પરિણામના પણ જેને ઠેકાણાં નથી અને ધર્મ પામવાને યોગ્ય પરિણામના તેને ઠેકાણાં હોય તેમ બને નહીં."**

પ્રશ્ન ઊઠવો સંભવિત છે કે લૌકિક પ્રમાણિકતાના સંદર્ભમાં આટલું બધું શા માટે વિચારવું? તત્ત્વ સંબંધી વિચારવામાં સમય ગાળવો જોઈએ. ભાઈ! તત્ત્વનિર્ણય એ જ સ્વાનુભૂતિનો એકમાત્ર ઉપાય હોવાથી પૂરું જીવન તત્ત્વવિચારમાં ગાળવું જોઈએ. તેમ છતાં જ્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ અપ્રમાણિકતા માટે આટલું કડક કહ્યું છે તો તેની પાછળ કાંઈક રહસ્ય તો હોવું જોઈએ ને! અપ્રમાણિકતામાં ઘણા મોટા દોષો છૂપાયેલા રહે છે. અપ્રમાણિકતા ત્યારે જ આચરી શકે જ્યારે (૧) તે વિષય સંબંધી તીવ્ર લોલુપતા હોય. જેમકે પૈસાના વ્યવહારમાં અપ્રમાણિકતા તો જ કરી શકે જો તેને પૈસાની તીવ્ર લોલુપતા હોય. (૨) અપ્રમાણિકતામાં સામી વ્યક્તિને છેતરવા માટે વિશેષ માયાચારી કરવી પડે. તીવ્ર

માયાચારીનું ફળ, આગમ અનુસાર, કાળક્રમે નિગોદ છે. (૩) અપ્રમાણિકતા વડે સામી વ્યક્તિને છેતરવાથી તે જીવને કેટલું દુઃખ થશે તે સમજતો હોવા છતાં તેના દુઃખને મારે જાણવું નથી એમ પોતાના જ્ઞાનને જ જાણવાનો નિષેધ કરીને આકરાં જ્ઞાનાવરણીય કર્મને નિમંત્રણ આપે છે. (૪) અપ્રમાણિકતા માયાચારીપૂર્વક જૂઠા વર્તન-વાણી સિવાય આચરી શકાતી ન હોવાથી તે સંબંધીનું જૂઠાણું સદાય સ્મરણમાં રાખવું પડે છે. (૫) પોતાની તીવ્ર લોલુપતા-તૃષ્ણા પૂરી કરવા જે અપ્રમાણિકતા આચરી શકે છે તેને જો અનુકૂળતા હોય તો અપ્રમાણિકતા વડે પોતાને મનગમતી બધી જ સામગ્રી મેળવી લેવાની તેની અંતરંગ ચાહના નિરંતર પોષાતી રહેતી હોય છે.......ઈત્યાદિ અનેક પ્રકારના દોષોનું નિવાસસ્થાન એટલે અપ્રમાણિકતા! તેથી જ પૂજ્ય ગુરુદેવશ્રીએ લૌકિક અપ્રમાણિકતા-વાળાને ત્રણ કાળમાં ધર્મ ન પામે એમ કહ્યું છે તે કાંઈ 'ચીભડાંના ચોરને ફાંસીની સજા' જેવું નથી, બલ્કે ફાંસીની સજા પણ જે ગુન્હા માટે બહુ ઓછી હોય એવો મોટો દોષ અપ્રમાણિકતાનો હોવાથી આટલું કડક કહ્યું છે, કેમ કે તેને અંતઃકરણમાં ખરેખર આત્માની મહત્તા—રુચિ નથી પણ તૃષ્ણાની મહત્તા—રુચિ પોષાતી હોય છે—ભલે ને તે દેવ-દર્શન-પૂજાદિ કરતો હોય કે ધર્મ પ્રભાવનાના કાર્યોમાં જોડાતો રહેતો હોય!

એક તર્ક ઉપજી શકે કે જો અપ્રમાણિકતા આટલા મોટા દોષરૂપ હોય, પાપનું કારણ હોય તો અપ્રમાણિકતા આચરે તેને તેનું ધાર્યું કાર્ય કેમ થાય છે? પાપના કાર્યથી અનુકૂળતા મળે એવું તો બનવું ન જોઈએ અને બને છે તો એવું કે બીજાને છેતરે—અપ્રમાણિકતા કરે ને પોતાની ઈચ્છા મુજબ ધાર્યું ફળ મળે છે. જેમ કે વ્યવસાયમાં બીજાને છેતરીને પૈસા બચાવી શકે છે કે વધુ પૈસા મેળવી શકે છે. તેથી એમ સિદ્ધ થયું કે અપ્રમાણિકતા એ પાપરૂપ નથી, દોષરૂપ નથી, પરંતુ જીવનવ્યવહારની આવડતનું કાર્ય છે, કુદરતી સ્વાભાવિક કાર્ય છે!! અભક્ષ્ય ભોજનના લોલુપી જીવની સમજ એવી હોય છે કે મને ભૂખની વેદના થતી હોય ને હું માંસ-મત્સ્ય આદિનો આહાર કરું છું ને મને તૃપ્તિ થાય છે, ભૂખની વેદના શમી જાય છે, માટે માંસનો આહાર પાપરૂપ ન હોઈ શકે પણ જે તે કૂળમાં ઉપજેલ જીવના જીવનનું કુદરતી સ્વાભાવિક કાર્ય છે.—તેના જેવો અપ્રમાણિકતા સંબંધી ઉપરોક્ત તર્ક છે કે અપ્રમાણિકતાના ફળમાં અનુકૂળતા મળે છે!

ક્ષુધાવેદના અશાતાનું કાર્ય છે, માંસભક્ષણથી ક્ષુધાવેદના શમતી નથી પરંતુ ક્ષુધાવેદના શાંત થવાનો કાળ પાકતા શાતાના ઉદયથી તે શાંત થાય છે ને માંસભક્ષણથી તો આગામી કાળ માટે પાપ બંધાય છે, પણ અજ્ઞાનીને શાતા-અશાતાના કાર્યકારણની સમજ ન હોવાથી, 'કાગડો બેસતા ઝાડની મોટી ડાળ તૂટવાનું' ભ્રમથી માનવાની જેમ માંસભક્ષણથી ક્ષુધાવેદના શાંત થયાનો ભ્રમ ઊપજે છે.

બસ, આવી જ રીતે અપ્રમાણિકતા આચરે ને અનુકૂળતાની પ્રાપ્તિ થતી હોવાનું ભ્રમથી ભાસે છે; ખરેખર તો શાતા ઉદયનો કાળ પાકતા અનુકૂળતા પ્રાપ્ત થાય છે અને તે વખતે આચરેલી અપ્રમાણિકતા માત્ર નવા પાપને બાંધવાનું કારણ બને છે. માટે, અપ્રમાણિકતા એ કાંઈ જીવનવ્યવહારની આવડતનું કાર્ય નથી પરંતુ આત્માને ઘોર અપાર સંસારમાં રખડાવનારો દોષ છે. તેથી જ અપ્રમાણિકતાવાળા ત્રણ કાળમાં ધર્મ ન પામી શકે એમ પૂજ્ય ગુરુદેવશ્રીએ કહેવું પડ્યું છે.

આનો અર્થ તો એ થયો કે અપ્રમાણિકતાથી બચવા ખૂબ મહેનત કરવી પડે! કે ના, બહુ સરળ છે. કઈ રીતે? કે–

સરદાર શહેરનિવાસી('અટલ વિશ્વ મર્યાદા'વાળા) શ્રી દીપચંદજી શેઠિયા દર વર્ષે નોરતામાં દસ-પંદર દિવસ સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીનો લાભ લેતા હતા. એક વખત તેઓને જે બંગલે નિવાસ કરાવેલ ત્યાં એક કૂતરી ખૂબ ભયભીત બનીને આમ-તેમ દોડાદોડ કરતી હતી; તે દેખીને તેઓએ મારા કાકા-બાપુજી(શ્રી ઉમેદભાઈ–શ્રી નાગરભાઈ)ને પૂછ્યું કે આમ કેમ? તેઓએ કહ્યું કે દર વર્ષે આ એકાંત નિર્ભયસ્થાનમાં તે કૂતરી બચ્ચાઓને જન્મ આપે છે; અત્યારે તેને પ્રસૂતિનો સમય નજીક છે ને અહીં માણસોની અવરજવર ખૂબ વધી જવાથી તેને ભય ઉપજ્યો છે, તેથી ભયથી દોડાદોડ કરે છે. શેઠિયાજીએ કહ્યું કે "દૂસરેકો દુઃખી કરનેકે લિયે હમારા ભવ હો હી નહીં સકતા!"

બસ, દરેક પ્રસંગ અને પ્રવૃત્તિમાં આ એક જ 'માસ્ટર કી' વાપરવાની છે કે "કોઈને દુઃખી કરવા માટેનો મારો આ ભવ નથી!" આટલું મુખ્ય રાખતા અપ્રમાણિકતા માઈલો દૂર જતી રહેશે–ઉદ્‌ભવશે જ નહીં, કેમ કે બીજાને દુઃખી કર્યા વિના તેની સાથે અપ્રમાણિકતા આચરી શકાતી જ નથી.

જોકે અપ્રમાણિકતાનો અભાવ હોય તો તે કાંઈ ધર્મ નથી, પરંતુ નિશ્ચય-મોક્ષમાર્ગના સાધક જીવને પોતાની ભૂમિકા અનુસાર આવું ભિંજાયેલું હૃદય સહજપણે હોય–એમ પૂજ્ય ગુરુદેવશ્રી નિશ્ચયની સાથે વ્યવહારધર્મની પ્રરૂપણા પ્રત્યે પણ સજાગ રહેતા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કરુણા કરીને હજારોવાર આપણને કહ્યું છે કે—

"આવા કાળે આવું તત્ત્વ સમજવા માંડ મનુષ્યદેહ મળ્યો છે તે ચાલ્યો જશે હો ! આ ભવ તો એક સ્વપ્ન જેવો છે. સ્વપ્ન પણ બહું મોટું કહેવાય, અનંતકાળના હિસાબે માણસના ૫૦-૬૦-૭૦-૭૫ વર્ષની ગણતરી શી? થોડો કાળ!–એમાં તારું આત્મહિત કરી લે બાપા! આગ્રહ છોડી દે ને સત્ય હોય તેનું શરણ લે; ફરી પાછા આવા ટાણા નહીં મળે!'

પંડિતપ્રવર ટોડરમલજીએ કરુણાપૂર્વક કહ્યું છે કે "બહુરિ ઈસ અવસર વિષૈં ભી

તત્ત્વનિર્ણય કરનેકા પુરુષાર્થ ન કરે, પ્રમાદતેં કાલ ગમાવૈ, કૈ તો મંદરાગાદિ લિએ વિષયકષાયનિકે કાર્યનિહીવિષૈ પ્રવર્તૈં, કૈ **વ્યવહારધર્મકાર્યોંમેં** પ્રવર્તૈં, તબ અવસર તો જાતા રહૈ, સંસારહીવિષૈ ભ્રમણ હોય....સો મુખ્યપને તો તત્ત્વનિર્ણય વિષૈં ઉપયોગ લગાવનેકા પુરુષાર્થ કરના, અબ સર્વ પ્રકાર અવસર આયા હૈ, ઐસા અવસર પાવના કઠિન હૈ.''

આના સંદર્ભમાં વિચારીએ તો તત્ત્વની સમજ પડ્યા પછી પણ; તત્ત્વની થોડી રુચિ જાગૃત થયા પછી પણ; ગુરુની કૃપાપૂર્ણ લાલબત્તી દેખવા છતાં પણ વ્યવસાય આદિ લૌકિક પ્રવૃત્તિથી નિવૃત્તિ નહીં લેવારૂપ પોતાની સાથે જે છેતરપિંડી કરે છે તે તો અનંતા ભવભ્રમણ વધારતો હોવાથી સૌથી મોટો અપ્રમાણિક છે. આવી અપ્રમાણિકતાથી સાવધાન થયા વિના આત્મહિતની સાધના અસંભવ !!

પૂજ્ય ગુરુદેવશ્રીની આધ્યાત્મિક દેશના જેમ અત્યંત માર્મિક હોય છે તેમ તેઓશ્રીની વ્યવહાર-આચરણની ટકોર પણ અત્યંત માર્મિક હોય છે. અત્રે અપ્રમાણિકતાની વિચારણા કરી તેવી રીતે તેઓશ્રીના અનેક વ્યવહાર-ઉપદેશના હાર્દને સમજવાની જરૂર છે. જેમકે તેઓશ્રી કહેતા કે મુમુક્ષુના ઘરમાં ૨૦-૨૫ વર્ષ ઉછરેલી દીકરીને તેના મા-બાપ પૈસાદિની મુખ્યતા કરીને અન્યમતમાં દીકરી પરણાવે છે તે મુમુક્ષુને ખરેખર તો આત્માની જિજ્ઞાસા તો ક્યાંય દૂર રહી, તેને ખરેખર તો વીતરાગધર્મની જ મહત્તા નથી એટલે કે તેને વીતરાગ જૈનદર્શનની જ શ્રદ્ધા નથી!! તેને તો લૌકિક માન-સન્માન-પૈસાદિની જ મહત્તા ને રુચિ છે! પૂજ્ય ગુરુદેવશ્રીના આ જ ન્યાયને અપ્રમાણિકતાના સંદર્ભમાં વિચારીએ તો પૈસાદિની તૃષ્ણાવશ કે માન-મોટાઈની લાલશાવશ જે અપ્રમાણિકતા આચરે છે તેને તે પ્રકારની તૃષ્ણાની અધિકતામાં ખરેખર તો તેને નથી આત્માની મહિમા કે નથી આત્માની દરકાર! તેને તો પોતાની તૃષ્ણામાં ને માન-મોટાઈમાં જ મીઠાશબુદ્ધિ વર્તે છે!!

પૂજ્ય ગુરુદેવશ્રીના આવા ઠપકાપૂર્ણ અનેક માર્મિક વ્યવહાર-વચનોનો તાગ મેળવીને પોતાના પરિણામ સાથે મેળવણી કરીએ તો તત્ત્વની ઊંચી વાત સાંભળવા છતાં પોતે કેવળી પાસે કેમ કોરો રહી ગયો! એ સમજી શકાય છે.

છેલ્લે, ઉપરોક્ત વિષય કોઈ વ્યક્તિ કે પ્રસંગના સંદર્ભમાં નહીં પરંતુ પોતાના આત્માર્થના પોષણ માટે હોવાનું સમજીને, બંધ બેસતી પાઘડી ન પહેરી લેવી—એમ નહીં, પણ પોતાના આત્મશ્રેય અર્થે બંધ બેસતી પાઘડી બરાબર પહેરી લેવી, સતત પહેરેલી રાખવી જેથી પોતે પોતાના પરિણામથી છેતરાતો ન રહે અને આત્મહિતના માર્ગમાં ઉન્નતિ સાધી શકે....એ જ ભાવના સહ—

Krambaddh Ek Chintan

પુરુષાર્થ

ક્રમબદ્ધ

સ્વપરપ્રકાશક